પુષ્ટિ સ્વાધ્યાય



પ્રકાશકઃ
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
-ગુજરાત પ્રદેશ-

સંપાદક : યોગેશ શાસ્ત્રી

"પુષ્ટિ સ્વાધ્યાય"

એકં શાસ્ત્રં દેવકીપુત્રગીતમ્
એકો દેવો દેવકીપુત્ર એવ
મંત્રોઽપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ
કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા

• પ્રકાશક •
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
- ગુજરાત પ્રદેશ -

• સંપાદક •
શ્રી યોગેશભાઈ શાસ્ત્રી

પ્રકાશક : **આં. પુ. વૈષ્ણવ પરિષદ, ગુજરાત પ્રદેશ**
આવૃત્તિ : **છઠ્ઠી** સંસ્કરણ - ૧૫૦૦, ૧૯૯૯ કુલ નકલ (૧૦૦૦)
સંપાદક : શ્રી યોગેશભાઈ શાસ્ત્રી, અમદાવાદ.
મુદ્રક : ગુજરાત ઓફસેટ વર્કસ,
ઓફસેટ હાઉસ, વટવા, અમદાવાદ. ફોન-૫૮૩૧૯૧૫

પરિષદ સાહિત્ય પ્રાપ્તિસ્થાન - ફક્ત રૂબરૂ ખરીદવા માટે જ

(૧) શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ પરીખ
'કૃષ્ણકુંજ' શાહીબાગ, પોલીસ સ્ટેડિયમ સામે,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન. (ઓ.) ૪૦૯૮૩૭ (ઘર) ૩૮૬૪૫૭

(૨) શ્રી ચીમનભાઈ એમ. શેઠ
૧૬૨-બી, શ્રેણીકપાર્ક, અકોટા સ્ટેડીયમ સામે, અકોટા,
વડોદરા - ૩૯૦ ૦૨૦. ફોન - ૩૩૩૧૦૮

(૩) પ્રા. ગોપાલભાઈ એસ. શાહ
મુખીનો ટેકરો, રેવનદાસની ખડકી પાસે,
મુ.પો. આણંદ-૩૮૮૦૦૧. ફોન-૨૪૮૬૩

(૪) શ્રી મનસુખભાઈ માવજીભાઈ રાણપરા
C/O. બાલકૃષ્ણ પુસ્તક ભંડાર, બાલકૃષ્ણ લાલજી હવેલી,
દરબારગઢ પાસે, મુ.પો.રાજકોટ. ફોન-૨૨૪૨૫૨

(૫) આં. પુ. વૈષ્ણવ પરિષદ કાર્યાલય
જી-૨, સીતારામ બિલ્ડીંગ, પલટન રોડ, પોલીસ ચોકી સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૧. ફોન - ૨૦૮૩૭૬૪

(૬) શ્રી દિનશા શાહ (કપડવંજ વાળા)
C/O. ચીરાગ એન્ટરપ્રાઈઝ, પ્રથમ માળે,
૩૮, બીબી ઝાન સ્ટ્રીટ, નાગદેવી, મુંબઈ - ૪૦૦૦૦૩
ફોન નંબર - ૩૪૩૦૭૬૧, ૩૪૨૮૯૧૯

(૭) શ્રીકૃષ્ણદાસ ચીમનલાલ પરિષદ ભવન
ઝવેરચંદ લક્ષ્મીચંદ શેઠ, શામળ બેચરની પોળ, માંડવી રોડ,
વડોદરા. (સાંજના ૪ થી ૭)

આમુખ

"પુષ્ટિ સ્વાધ્યાય" નું આ પુસ્તક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સૃષ્ટિ સમક્ષ મૂકતાં અમે ખૂબ જ આનંદ અને પ્રસન્નતાની લાગણી અનુભવીએ છીએ. વૈષ્ણવો, પુષ્ટિમાર્ગીય સ્વાધ્યાયના સ્વરૂપ વિષે, તેને માટે યોગ્ય સાહિત્ય માટે, અનેક વેળા પ્રશ્નો પૂછતા. જૂની પરિપાટીએ ગોઠવવાની પણ ઈચ્છા પ્રદર્શિત થતી હતી. પરિષદે, આ દિશામાં સતત ચિંતન પરિશીલન કરીને, આવું પુસ્તક તૈયાર કરવાની જવાબદારી, આપણા સંપ્રદાયના વિદ્વાન શાસ્ત્રીજી અને આં.પુ. વૈષ્ણવ પરિષદ, ગુજરાત પ્રાંતના ઉપપ્રમુખ તેમજ પુષ્ટિ પ્રચાર સેલના સંયોજક પૂ. યોગેશભાઈ શાસ્ત્રીજીને સોંપી. શ્રી યોગેશભાઈ શાસ્ત્રીજી પોતાની અનેક વ્યસ્તતાઓ વચ્ચે, આ કાર્યને પ્રાધાન્ય આપીને આ અંગે સતત વિચારતા રહ્યા અને અમારી લાગણીને આદર પૂર્વક સ્વીકારી, એ પરિષદનું ધનભાગ્ય છે આ પુસ્તકમાં એમની સાંપ્રદાયિક અભિરુચિ ઉપરાંત શ્રીમહાપ્રભુજીના દિવ્ય સિધ્ધાંતોનું સુંદર અને સરળ નિરૂપણ નિહાળી શકશો. પુષ્ટિમાર્ગ, ભક્તિ, શરણાગતિ, દીનતા, બ્રહ્મસંબંધ, સેવા, અનન્યતા જેવા અનેક તત્વો ૮૪-૨૫૨ વૈષ્ણવોના વાર્તા પ્રસંગો દ્વારા સમજાવવાનો સ્તુત્ય પ્રયાસ અહીં કરવામાં આવ્યો છે. સત્સંગ-સ્વાધ્યાયની દ્રષ્ટિથી ષોડષ ગ્રંથની અર્થ સહિત સમજૂતિ તેમજ શ્રીનાથજી સહિતના સુંદર ચિત્રજી પણ સ્વાધ્યાય કરવામાં પ્રેરણાદાયી બનશે એવી અમારી ભાવના છે, શ્રધ્ધા છે.

શ્રી પ્રભુની અનહદ કૃપા પૂ.ગો. આચાર્યશ્રીના આશીર્વાદ, વૈષ્ણવી સૃષ્ટિની સાહિત્ય-ભૂખ અને તે હેતુ અર્થે તેઓ દ્વારા અર્પવામાં આવેલી ઉદાર આર્થિક સેવા અને પૂ. યોગેશભાઈ શાસ્ત્રીજીનું સુંદર યોગદાન વગેરે ને કારણે, આ પુસ્તકનું પ્રકાશન થઈ રહ્યુ છે, એ ખૂબ જ પ્રસન્નતાની વાત છે. પ્રકાશનમાં જરૂર વિલંબ થયો છે, છતાં આજે આ પ્રકાશનથી અમે ગૌરવની લાગણી અનુભવીએ છીએ. પ્રકાશનમાં "ગુજરાત ઓફસેટ" અમદાવાદના શ્રી યોગેશભાઈ પરીખ તથા શ્રી જતીનભાઈનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો તેનો પણ સવિશેષ આનંદ છે. યુવાનો, બાળકો, સ્ત્રી-પુરુષો સૌ કોઈને, આ પુસ્તક હવે ઉપલબ્ધ બનતાં, દૈનિક સ્વાધ્યાયનો કાર્યક્રમ ગોઠવીને માર્ગીય સિધ્ધાંતોની સાચી સમજ કેળવશે એવી અપેક્ષા રાખીએ છીએ.

ઈન્દ્રકાન્તભાઈ ત્રિકમલાલ	ચીમનલાલ એમ. શેઠ	વી.પી. પરીખ
પ્રમુખ	સંગઠન મંત્રી	મંત્રી

(આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ગુજરાત પ્રદેશ)

શ્રી હરિઃ

શ્રી યોગેશભાઈ શાસ્ત્રી
અમદાવાદ.

પંચમાવૃત્તિ પ્રસંગે...

'પુષ્ટિ સ્વાધ્યાય' ગ્રંથ ભગવદીચ્છાથી અને ભગવત્કૃપાથી લખાયો. વૈષ્ણવો નિત્ય સ્વાધ્યાય કરી શકે અને શ્રીમહાપ્રભુજીથી માંડીને પ.ભ. શ્રી દયારામભાઈ સુધીની પુષ્ટિમાર્ગીય અભિવ્યક્તિઓ દ્વારા, સિદ્ધાંતોને સરળતાપૂર્વક સમજી / સમજાવી શકે એ હેતુથી આ ગ્રંથ રચાયો. આં.પુ.વૈષ્ણવ પરિષદ એમાં પ્રેરક અને નિમિત્ત બની.

આ ગ્રંથને વૈષ્ણવ સમાજે આવકાર્યો છે એનું પ્રમાણ એ કે આજ સુધી વિના પ્રયાસે અને વિના પ્રચારે એની આવૃત્તિઓ બહાર પડતી રહી છે. આજે જ્યારે એની પાંચમી આવૃત્તિ બહાર પડી રહી છે ત્યારે મારા માટે એ આનંદનો વિષય બની રહે છે.

વૈષ્ણવ સમાજની એવી પણ ફરિયાદ રહી છે કે આપણા સંપ્રદાયમાં, સંપ્રદાયના વ્યાપને જોતાં સંપ્રદાયના વિસ્તારને જોતાં સત્સંગ સાહિત્ય અને પ્રચાર સાહિત્ય ઓછું પ્રકટ થાય છે, એની સામે પ્રકાશકોની એવી પણ ફરિયાદ રહે છે કે વૈષ્ણવ સમાજની સત્સંગ-સાહિત્ય અને પ્રચાર-સાહિત્ય વસાવવા પ્રત્યે ઘણી ઉદાસીનતા છે. બંને પક્ષની ફરિયાદો અંશતઃ ઉચિત પણ છે. પરંતુ આં.પુ.વૈષ્ણવ પરિષદને લાગે વળગે છે ત્યાં સુધી આ વિષયમાં ઘણો સારો અનુભવ છે. પરિષદ દ્વારા પ્રકાશિત સાહિત્યને સમાજમાં ઘણો સારો આવકાર સાંપડયો છે. 'પુષ્ટિ સ્વાધ્યાય'ના આધારે પરિષદના માધ્યમથી ગામે ગામ સ્વાધ્યાય-સત્સંગ મંડળીની પ્રવૃત્તિ ચાલુ થઈ છે, સાંપ્રદાયિક પરીક્ષાઓમાં પણ આ ગ્રંથનો સંદર્ભ ગ્રંથ તરીકે ઉપયોગ થઈ રહ્યો છે અને સૌથી વિશેષ નોંધપાત્ર બાબત તો એ છે કે આ ગ્રંથનો હિન્દી ભાષામાં અનુવાદ થઈ ચુકયો છે અને ટુંક સમયમાં એની હિન્દી આવૃત્તિ પણ પ્રકાશિત થશે.

પંચમ આવૃત્તિના પ્રકાશન સમયે મને પ્રેરણા અને ઉત્સાહ આપનારા સૌ ગો. આચાર્ય મહાનુભાવોનો તથા સ્નેહી વૈષ્ણવ સમાજનો હું આભાર વ્યકત કરું છું અને આ પ્રકારની સેવા હજી પણ ભગવાન કરાવતા રહેશે, એવા વિશ્વાસ અને વિનંતી સાથે વિરમું છું.

યોગેશ શાસ્ત્રી
તા.૨૦-૧૨-૯૭ અમદાવાદ.

પુષ્ટિ પ્રસાર

(આં.રા. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની મણિનગર શાખા તરફથી પ.ભ. શ્રી યોગેશભાઈ શાસ્ત્રી જેઓ પરિષદના ગુજરાત પ્રદેશના ઉપપ્રમુખ પદે છે. તેમણે શ્રીબાલકૃષ્ણ લાલજી હવેલી મણિનગરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહના રસપાનનો વૈષ્ણવોને લાભ આપેલો. એ પ્રસંગે પૂ.ગો. શ્રી ઈન્દીરાબેટીજીએ પધારીને આપશ્રીના વચનામૃત દ્વારા નંદ મહોત્સવનો અનેરો આનંદ આપેલો. આ પ્રસંગે પરિષદના 'પુષ્ટિ પ્રસાર' વિભાગને અનેક વૈષ્ણવોએ આર્થિક સહયોગ આપ્યો હતો. આથી પરિષદને 'પુષ્ટિ પ્રસાર' પ્રવૃત્તિ માટે રૂ. ૫૧ હજારની સેવા પ્રાપ્ત થઈ હતી.

'પુષ્ટિ પ્રસાર' ની રચના પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તો, જ્ઞાન, ભક્તિ વિ. ના પ્રચાર માટેનું સાહિત્ય પ્રકટ કરવા માટે થયેલ છે. વૈષ્ણવોને ઉત્તમ અને ઉપયોગી સાહિત્ય પુરૂં પાડવાનો તેમજ વૈષ્ણવોની સેવા લઈને ઓછા મૂલ્યે પહોંચાડવાનો અમારો પ્રયાસ ભગવત્ કૃપાથી સફળ થયો છે.

પ્રથમ, શ્રીયોગેશભાઈ શાસ્ત્રી લિખિત 'વેણુર્મધુર' પુસ્તકનું પ્રકાશન થયું. બોડેલીના શ્રી ગાંધી પરિવારની આર્થિક સહાયતાના કારણે રૂ. ૧૮ નું આ પુસ્તક અમે વૈષ્ણવોને રૂ. ૧૦ માં આપી શકયા. આ પુસ્તકનું વિમોચન પૂ. જીજી દ્વારા કરાયેલ અને તેની બે હજાર પ્રતો છપાવવામાં આવેલ હતી.

બીજું શ્રી યોગેશભાઈ શાસ્ત્રી રચિત 'પુષ્ટિ રસબિંદુ' ની બે આવૃત્તિ છપાઈ. પ્રથમ આવૃત્તિમાં ૮૦૦ પુસ્તકો અને બીજીમાં ૧૫૦૦ પુસ્તકો છપાયા.

ત્યાર બાદ શ્રી મહાપ્રભુજી રચિત 'ષોડષ ગ્રંથો'નું પ્રકાશન કરાયું. શ્રી મૂળચંદભાઈ તેલીવાળાનું ૬૦ વર્ષ પહેલાંનું આ અપ્રાપ્ય પુસ્તક રૂ. ૧૩ માં પડ્યું હોવા છતાં વૈષ્ણવોને રૂ. ૧૦ માં સાંપડ્યું.

'પુષ્ટિ પ્રસારે' ત્યાર બાદ પૂ.પા.ગો.શ્રી વાગીશકુમાર મહોદય (કાંકરોલીવાળા) દ્વારા લિખિત, ખૂબ જ મનનીય એવા 'શુદ્ધા દ્વૈત ચિંતન' નું પ્રકાશન થયું. પૂ.ગો.શ્રી ઈન્દીરાબેટીજીએ તેમજ અનેક ગોસ્વામી મહારાજશ્રીઓ એ તેમજ વિદ્વાનોએ આ પુસ્તકને બિરદાવ્યું અને એનું પ્રત્યેક સત્સંગ મંડળોમાં વાંચન થાય એવી ભલામણ કરી. રૂ. ૧૩ માં પડેલું આ પુસ્તક અમે રૂ. ૧૦ માં વૈષ્ણવોને પહોંચાડ્યું.

તે પછી 'પુષ્ટિ પ્રસારે' પૂ. શ્રી યોગેશભાઈ શાસ્ત્રીજીના શ્રી મદ્ભાગવત અંતર્ગત 'કપિલ ગીતા'નું પ્રકાશન કર્યું. શ્રી ભોગીલાલ બાલાભાઈ પરિવાર તરફથી તેમજ શ્રી મદનમોહન રમણલાલ પરિવાર તરફથી મળેલી આર્થિક સેવાના પરિણામે રૂ. ૩૫ નો આ ગ્રંથ અમો વૈષ્ણવોને રૂ. ૨૦ માં પહોંચાડી શકયા.

'પુષ્ટિ પ્રસાર' હજી ઘણા પુસ્તકોનું પ્રકાશન કરવા ઈચ્છે છે. આજે ધર્મના પ્રચાર અને પ્રસારની ખૂબ જ આવશ્યક્તા છે. ઉત્તમ પુસ્તકનો સંગ પણ મોટો સત્સંગ છે. વૈષ્ણવોમાં જીજ્ઞાસા પણ ઘણી છે. અમારી વૈષ્ણવ જનતાને વિનંતી છે કે અમારી આ 'ઓછા મૂલ્યે-ઉત્તમ ધાર્મિક સાહિત્ય' ની સેવા પ્રવૃત્તિમાં અમને તન, મન અને ધનથી સહયોગ આપે.

સંયોજક
શ્રી વિજુ ભાઈ મોતીલાલ શાહ
'અનુગ્રહ' પુનિત માર્ગ.
એલ.જી. હોસ્પીટલ કોર્નર.
મણિનગર, અમદાવાદ. ૩૮૦ ૦૦૮

પુષ્ટિ સ્વાધ્યાય

અનુક્રમ

મંગલાચરણ
નિત્યપાઠ ૧

અ.નં.	સ્વાધ્યાય	પાન નં.	અ.નં.	સ્વાધ્યાય	પાન નં.
૧	શ્રીકૃષ્ણ	૧૭	૨૭	સેવાફલ	૧૯૭
૨	બ્રહ્મ	૨૩	૨૮	કથા	૨૦૪
૩	ભગવાન	૨૯	૨૯	શ્રીમદ્ ભાગવત	૨૧૧
૪	ભગવદ્ લીલા	૩૫	૩૦	સત્સંગ	૨૧૮
૫	ભગવાનનો અનુભવ	૪૦	૩૧	દુ:સંગ	૨૨૪
૬	ભગવદ્ અવતાર	૪૬	૩૨	અન્યાશ્રય	૨૩૧
૭	ભગવદીચ્છા	૫૪	૩૩	અનન્યતા	૨૩૬
૮	ભગવાનનો સ્વભાવ	૬૦	૩૪	જીવસ્વભાવ	૨૪૧
૯	શ્રી યમુનાજી	૬૭	૩૫	દાસ્ય	૨૪૮
૧૦	શ્રી મહાપ્રભુજી	૭૪	૩૬	દીનતા	૨૫૪
૧૧	માયા	૮૨	૩૭	સમર્પણ	૨૬૧
૧૨	બ્રહ્મવાદ	૮૯	૩૮	શરણાગતિ	૨૬૮
૧૩	જીવ	૯૫	૩૯	ષડ્વિધા શરણાગતિ	૨૭૫
૧૪	જગત	૧૦૫	૪૦	નિઃસાધનતા	૨૮૩
૧૫	ગુરૂ	૧૧૨	૪૧	શ્રદ્ધા	૨૯૦
૧૬	બ્રહ્મસંબંધ	૧૧૮	૪૨	વિરહ તાપ કલેશ	૨૯૭
૧૭	વૈષ્ણવ	૧૨૫	૪૩	સંયોગ વિપ્રયોગ	૩૦૪
૧૮	કૃપા (પુષ્ટિ)	૧૩૩	૪૪	ભાવ	૩૧૧
૧૯	પુષ્ટિમાર્ગ	૧૪૦	૪૫	મોક્ષ	૩૧૮
૨૦	પુષ્ટિ પુરૂષાર્થ	૧૪૭	૪૬	ચિંતા-ચિંતાનિવૃત્તિ	૩૨૫
૨૧	ભક્તિ	૧૫૪	૪૭	અપરાધ	૩૩૨
૨૨	પુષ્ટિ ભક્તિ	૧૬૨	૪૮	કર્મ	૩૩૮
૨૩	સેવા	૧૬૮	૪૯	વૈરાગ્ય	૩૪૫
૨૪	સેવા - ભગવત્સુખ	૧૭૬	૫૦	વિવેક	૩૫૨
૨૫	સેવા - ધર્મ	૧૮૩	૫૧	ધૈર્ય	૩૫૮
૨૬	સેવા - ભાવનાઓ	૧૯૦	૫૨	આશ્રય	૩૬૫

'પુષ્ટિ સ્વાધ્યાય' પ્રથમ આવૃતિનું વિમોચન

આાં. પૂ. વૈષ્ણવ પરિષદ - ગુજરાત પ્રદેશ દ્વારા પ્રકાશિત 'પુષ્ટિ સ્વાધ્યાય' ગ્રંથનું વિમોચન કરતા પૂ. ગો. શ્રી વાગીશ બાવાશ્રી (વડોદરા), અધ્યક્ષ સ્થાને પૂ. ગો. શ્રી વ્રજરાયજી મહારાજશ્રી (અમદાવાદ) તથા ગ્રંથના સંપાદક પૂ. શ્રી યોગેશભાઈ શાસ્ત્રી, પ્રમુખ શ્રી ઈન્દ્રકાન્તભાઈ ત્રિકમલાલ, પૂ. શ્રી કે. કા. શાસ્ત્રી, શ્રી નવનીતભાઈ શોધન (ટ્રસ્ટી, શ્રી વલ્લભસદન), સંગઠ્ઠન મંત્રી પ્રોફે. શ્રી ચીમનભાઈ શેઠ દ્રશ્યમાન છે.

સ્થળ : શ્રી વલ્લભ સદન, અમદાવાદ

તારીખ : ૨ જૂન, ૧૯૯૩

મંગલાચરણ

શ્રી ગોવર્ધનનાથપાદયુગલં હૈયંગવીનપ્રિયં
નિત્યં શ્રી મથુરાધિપં સુખકરં શ્રી વિઠ્ઠલેશં મુદા ।
શ્રીમદ્દ દ્વારવતીશ ગોકુલપતી શ્રીગોકુલેન્દું વિભું
શ્રીમન્મન્મથમોહનં નટવર શ્રીબાલકૃષ્ણં ભજે ॥૧॥

સુખકરં	: સુખ આપનારા,
શ્રીગોવર્ધનનાથ	: શ્રીનાથજીના બંને
પાદયુગલમ્	ચરણકમલને,
હૈયંગવીન પ્રિયમ્	: શ્રી નવનીત પ્રિયજીને,
શ્રી મથુરાધિપમ્	: શ્રી મથુરાધીશને,
શ્રી વિઠ્ઠલેશમ્	: શ્રી વિઠ્ઠલનાથજીને,
શ્રીમદ્ દ્વારવતીશ	: શ્રી દ્વારકાધીશજી અને
ગોકુલપતી	શ્રી ગોકુલેશ પ્રભુને,
વિભુમ્	: પ્રભુશ્રી
શ્રી ગોકુલેન્દું	ગોકુલચંદ્રમાજીને,
શ્રીમન્	
મન્મથમોહનમ્	: શ્રી મદનમોહનજીને,
નટવરમ્	: શ્રી નટવરલાલજીને,
શ્રી બાલ કૃષ્ણમ્	: શ્રી બાલકૃષ્ણ લાલજીને,
નિત્યં	: સદા
મુદા	: હર્ષથી
ભજે	: ભજું છું.

શ્રીમદ્દ વલ્લભવિઠ્ઠલૌ ગિરિધરં ગોવિંદરાયાભિધં,
શ્રીમદ્દ બાલકકૃષ્ણ ગોકુલપતી નાથં રઘૂણાંસ્તથા ।
એવં શ્રી યદ્દુનાયકં કિલ ઘનશ્યામં ચ તદ્દ વંશજાન્,
કાલિંદીં સ્વગુરૂં ગિરિં ગુરૂવિભૂન્ સ્વીયપ્રભૂંશ્ચ સ્મરેત્ ॥૨॥

શ્રીમદ્ વલ્લભ	: શ્રીમદ્દ વલ્લભાચાર્યજી
વિઠ્ઠલૌ	અને શ્રી વિઠ્ઠલનાથજીને
ગિરિધરમ્	: (તથા શ્રી ગુસાંઈજીના
૭ બાળકોને જેમકે)	શ્રી ગિરિધરજીને,
ગોવિંદરાયાભિધમ્	: શ્રી ગોવિંદરાયજીને,
શ્રીમદ્ બાલકકૃષ્ણ	: શ્રી બાલકૃષ્ણજી અને
ગોકુલપતી	શ્રી ગોકુલનાથજીને,
ગુરૂવિભુમ્ ચ	: શ્રીગુરૂદેવના શ્રી ઠાકોરજીને
તથા એવમ્	: અને એ પ્રમાણે
શ્રી યદ્દુનાયકમ્	: શ્રી યદ્દુનાથજીને,
કિલ	: વળી
ઘનશ્યામમ્	: શ્રી ઘનશ્યામલાલજીને,
ચ તદ્ વંશજાન્	: તેમજ તેમના વંશજોને,
કાલિંદીમ્	: શ્રી યમુનાજીને,
સ્વગુરૂમ્	: આપણા પોતાના દીક્ષાગુરૂને,
ગિરિમ્	: શ્રી ગિરિરાજજીને,
રઘૂણાં નાથમ્	: શ્રી રઘુનાથજીને,
સ્વીય પ્રભું	: આપણા પોતાના સેવ્ય સ્વરૂપ શ્રી ઠાકોરજીને,
સ્મરેત્	: સ્મરણ કરવા.

ચિંતાસંતાનહંતારો યત્પાદામ્બુજરેણવઃ ।
સ્વીયાનાં તાન્નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુઃ ॥૩॥

યત્ પાદ	: જેના ચરણકમળની	**તાન્ નિજ**	: તે પોતાના આચાર્ય શ્રી
અમ્બુજ રેણવ	રજકણો,	**આચાર્યાન્**	મહાપ્રભુજીને,
સ્વીયાનામ્	: પોતાના સેવકોની	**મુહુઃ મુહુઃ**	: વારંવાર
ચિંતા સંતાન	: ચિંતાના પરિવારોને	**પ્રણમામિ**	: પ્રણામ કરૂં છું.
હંતાર	નાશ કરે છે.		

યદનુગ્રહતો જંતુઃ સર્વદુઃખાતિગો ભવેત્ ।
તમહં સર્વદા વંદે શ્રીમદ્વલ્લભનંદનમ્ ॥૪॥

યદ્ અનુગ્રહત	: જેમની કૃપાથી	**ભવેત્**	: (સમર્થ) થાય છે.
જંતુ	: નિઃસાધન જીવ	**તં શ્રીમદ્**	: તેવા શ્રીમદ્ વલ્લભકુમાર
સર્વ દુઃખ અતિગ	: સર્વ દુઃખોને ઓળંગી	**વલ્લભનંદનમ્**	શ્રી ગુસાંઈજીને
	જવા,	**અહં સર્વદા વંદે**	: હું સદાય વંદન કરૂં છું.

અજ્ઞાનતિમિરાંધસ્ય જ્ઞાનાંજનશલાકયા ।
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમ; ॥૫॥

યેન	: જેણે	**જ્ઞાન અંજન**	: જ્ઞાનરૂપી અંજનની
અજ્ઞાન તિમિર	: અજ્ઞાનરૂપી	**શલાકયા**	સળી વડે
અંધસ્ય	અંધકારમાં અંધ થઈ	**ચક્ષુઃ ઉન્મીલિતમ્**	: નેત્રને ખોલી નાખ્યું.
	ગયેલા	**તસ્મૈ શ્રીગુરવે નમ**	: તે ગુરૂદેવને નમસ્કાર.

નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્ ।
લક્ષ્મી સહસ્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ॥૬॥

હૃદયે શેષે	: (મારા) હૃદયરૂપી શેષ	**લક્ષ્મી સહસ્રલીલાભિ**	: અનંત લક્ષ્મીઓ અનેક
	પર બિરાજમાન,	**સેવ્યમાનમ્**	લીલાઓ વડે જેની
લીલાક્ષીરઅબ્ધિ	: લીલારૂપીસેવા		કરી રહી છે તે
શાયિનમ્	ક્ષીરસાગરમાં શયન	**કલાનિધિમ્**	: સપૂર્ણ કલાઓના ભંડાર
			કરનારા, (એવા પ્રભુને)
		નમામિ	: (હું) નમસ્કાર કરૂં છું.

ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।
ષડ્ભિર્વિરાજતે યોસૌ પંચધા હૃદયે મમ ॥૭॥

યઃ અસૌ	: જે આ (પ્રકરણાર્થ રૂપ પ્રભુ)	ત્રિભિ	: (સાત્વિક પ્રકરણના) ત્રણ (અવાંતર પ્રકરણ) રૂપે
ચતુર્ભિઃચ	: (દશમસ્કંધના જન્મ પ્રકરણના) ચાર અધ્યાય રૂપે	તથા	: અને
		ષડ્ભિ	: (ગુણ પ્રકરણના) છ-(અધ્યાય) રૂપે
ચતુર્ભિઃ ચ	: (તામસ પ્રકરણના) ચાર (અવાંતર પ્રકરણ) રૂપે એમ	મમ હૃદયે વિરાજતે	: મારા હૃદયમાં બિરાજે છે. (તે પ્રભુને હું નમસ્કાર કરૂં છું.)
ચતુર્ભિઃ ચ	: (રાજસ પ્રકરણના) ચાર (અવાંતર પ્રકરણ) રૂપે		

●

-: શ્રી વલ્લભ સ્વરૂપ ધ્યાન :-

સૌન્દર્યં નિજહૃદ્ગતં પ્રકટિતં સ્ત્રીગૂઢભાવાત્મકં
પુંરૂપં ચ પુનસ્તદન્તરગતં પ્રાવીવિશત્સ્વપ્રિયે ।
સંશ્લિષ્ઠાવુભયોર્બભૌ રસમયઃ કૃષ્ણો હિ તત્સાક્ષિકં
રૂપં ત્રિતયાત્મકં પરમભિ ધ્યેયં સદા વલ્લભમ્ ॥૮॥

શ્રી મહાપ્રભુજી ત્રિતયાત્મક સ્વરૂપ છે. સ્ત્રીરૂપે, પુરૂષે અને ઉભયાત્મક રૂપના સાક્ષીરૂપે-એમ આપશ્રીનું ત્રિતયાત્મક રૂપ છે.

સ્વયં શ્રી ભગવાને પોતાના હૃદયમાં બિરાજમાન સ્ત્રીગૂઢ-ભાવાત્મક અને પુંભાવાત્મક સૌંદર્ય પ્રગટ તે, વળી શ્રી સ્વામિનીજીએ પોતાના હૃદયમાં બિરાજમાન સ્ત્રી-પુંભાવાત્મક સૌંદર્ય પુનઃ પ્રકટ કર્યું તે, (આમ બંને સ્થળોનું, બંને પ્રકારનું) સૌંદર્ય શ્રી મહાપ્રભુજીના હૃદયમાં પ્રવેશ કરીને, એક રૂપ થયું.

આ બંને પ્રકારના સ્ત્રી-પુંભાવનો સંયોગ થતાં જ રસાત્મક શ્રી કૃષ્ણ પોતાના પ્રિય સ્વરૂપની સાથે એકરસ થઈને શોભાયમાન થયા. આના સાક્ષી-પ્રભુની સર્વ નિત્ય લીલાના સાક્ષી દૃષ્ટા પણ શ્રીમહાપ્રભુજી છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સ્વરૂપનું ધ્યાન કરનારે, શ્રી સ્વામિનીજી અને ભગવાન શ્રી કૃષ્ણ જેમના હૃદયમાં બિરાજે છે તેવા શ્રી વલ્લભ એમ ત્રણરૂપે ધ્યાન કરવું.

●

શ્રી વિઠ્ઠલેશ સ્વરૂપ ધ્યાન

સાયં કુંજાલયસ્થાસનમુપવિલસત્ સ્વર્ણપાત્રં સુધૌતં
રાજદ્યજ્ઞોપવીતં પરિતનુવસનં ગૌરમમ્ભોજવક્ત્રમ્ ।
પ્રાણાનાયમ્ય નાસાપુટનિહિતકરં કર્ણરાજત્ દ્વિમુક્તં
વન્દેઽર્ધોન્મીલિતાક્ષં મૃગમદતિલકં વિઠ્ઠલેશં સુકેશમ્ ॥૯॥

સાયં કુંજઆલયસ્થ	: સાયંકાલે કુંજાલયમાં
આસનમ્	આસન પર બિરાજેલા,
સુધૌતં સ્વર્ણપાત્રં	: જેની સમીપમાં શુભ્ર
ઉપવિલસત્	સુવર્ણપાત્રો શોભે છે.
રાજત્ યજ્ઞોપવીતં	: જનોઈ તેમજ સૂક્ષ્મ
પરિતનુ વસનમ્	વસ્ત્ર ધારણ કરનારા,
ગૌરં અંભોજ	: ગૌર વર્ણના, કમલ
વક્ત્રમ્	સમાન મુખવાળા
પ્રાણાનાયમ્ય	: પ્રાણાયામ કરતાં નાસિકા
નાસાપુટનિહિતકરમ્	પર શ્રીહસ્ત રાખેલા.
કર્ણ રાજત્	: શ્રી કર્ણમાં શોભતાં
વિમુક્તમ્	ઉત્તમ કુંડળવાળા
અર્ધ ઉન્મીલિતાક્ષમ્	: અર્ધ બીડેલા નેત્રવાળા,
મૃગમદતિલકમ્	: કસ્તુરીનું તિલક કરેલા,
સુકેશમ્	: સુંદર કેશવાળા
વિઠ્ઠલેશમ્	: શ્રી વિઠ્ઠલેશ પ્રભુ (શ્રી ગુસાંઈજી)ને
વંદે	: હું વંદન કરૂં છું.

•

શ્રી યમુનાંષ્ટક

શ્રી યમુનાષ્ટક એ ષોડષગ્રંથનું મંગલાચરણ છે.

શ્રી મહાપ્રભુજીએ સં. ૧૫૪૯ માં શ્રાવણ સુદ ત્રીજના દિવસે શ્રી યમુનાજીના તટ પર શ્રી યમુનાજીના સાક્ષાત્ દર્શન કરતાં કરતાં આ યમુનાષ્ટક સ્તોત્રની રચના કરી છે.

આ સ્તોત્રમાં શ્રીમદાચાર્યજીએ શ્રી યમુનાજીના આધિભૌતિક, આધ્યાત્મિકઅને આધિદૈવિક સ્વરૂપોનું વર્ણન કર્યું છે.

શ્રી યમુનાષ્ટકમાં ૮ શ્લોકો તેમના એક એક ઐશ્વર્યનું નિરૂપણ કરવા માટે કરાયેલ છે.

શ્રી યમુનાષ્ટકના પ્રત્યેક શ્લોક મંત્ર છે શ્રીમદ્ આચાર્યચરણ એના ઋષિ છે, એનો છંદ પૃથ્વી છે, કાલિંદીએ દેવતા છે, રસબ્રહ્મ તેનું બીજ છે, વ્રજપતિની ભક્તિ પ્રાપ્ત કરવામાં એનો વિનિયોગ છે, અને રાસાદિલીલા પ્રસંગે ભગવાનના શ્રમજલબિંદુઓ સાથેનો સર્વગાત્ર સંબંધ એ શ્રી યમુનાષ્ટકની સિદ્ધિ છે.

નમામિ યમુનામહં સકલસિદ્ધિહેતું મુદા
મુરારિપદપંકજ સ્ફૂરદમન્દરેણૂત્કટામ્ ।

તટસ્થનવકાનન પ્રકટમોદ પુષ્પામ્બુના
સુરાસુરસુપૂજિતસ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્ ॥૧॥

સકલ સિદ્ધિહેતુમ્	: સમગ્ર સિદ્ધિઓના કારણ રૂપ.	**સુર અસુર સુપૂજિત સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્**	: (દૈન્યભાવ અને માન ભાવવાળાં) વ્રજભક્તોથી સારી રીતે પૂજાયેલા શ્રીકૃષ્ણના જેવી (શ્યામ) કાંતિ ધરાવતાં.
મુરારિપદપંકજ સ્ફૂરદ્ અમંદ રેણુ ઉત્કટામ્-	: મુરારિ (શ્રીકૃષ્ણ) ભગવાનના ચરણકમળ માં ચળકતાં પુષ્કળ રેણુઓ, રજકણોથી ભરેલાં.	**યમુનામ્**	: શ્રી યમુનાજીને
તટસ્થ નવ કાનન પ્રકટ મોદ પુષ્પ અમ્બુના	: કિનારા પરના નવાં વનોમાં પ્રકટ સુગંધવાળા પુષ્પો વડે સુંગંધિત જલ વડે.	**અહં મુદા નમામિ**	: હું હર્ષ પૂર્વક નમન કરૂં છું.
		(પ્રથમ ઐશ્વર્ય	: સકલસિદ્ધિઓના હેતુરૂપ.)

કલિન્દગિરિ મસ્તકે પતદમન્દપૂરોજ્જવલા
વિલાસગમનોલ્લસત્ પ્રકટગણ્ડશૈલોન્નતા ।
સઘોષગતિદન્તુરા સમધિરૂઢ દોલોત્તમા
મુકુન્દરતિવાર્ધિની જયતિ પદ્મબન્ધોઃ સુતા ॥૨॥

કલિન્દગિરિ મસ્તકે	: કલિંદ પર્વતના શિખર ઉપર.	**સમ્ અધિરૂઢ દોલા ઉત્તમા**	: જાણે ઉત્તમ પ્રકારના ઝૂલામાં સારી રીતે ઝુલતાં હોય એવાં
પતત્ અમન્દ પૂર ઉજ્જવલા	: પડતા ઘણા જળના પૂરથી ઉજળા લાગતાં	**મુકુન્દરતિ વર્ધિની**	: મુકુંદ (મુક્તિદાતા) શ્રીકૃષ્ણમાં પ્રીતિ વધારનારાં
વિલાસ ગમન ઉલ્લસત્ પ્રકટ ગણ્ડશૈલ ઉન્નતા	: વિલાસપૂર્વકની ગતિથી અત્યંત શોભતાં તેમજ પર્વતના ઊંચાનીચા શિખરો પરથી વહેતાં હોવાથીઊંચાનીચા લાગતાં,	**પદ્મબન્ધોઃ સુતા જયતિ**	: (કમળના મિત્ર) સૂર્યપુત્રી શ્રી યમુનાજી જય પામે છે.
		સઘોષ ગતિ દન્તુરા	: ખળખળ શબ્દથી વહેતાં હોવાથી વિકારયુક્ત લાગતાં
		(દ્વિતીય ઐશ્વર્ય	: મુકુંદરતિ વર્ધિની પ્રભુમાં ભક્તિ વધારનારાં છે.)

ભુવં ભુવનપાવની મધિગતામનેકસ્વનૈઃ
પ્રિયાભિરિવ સેવિતાં શુક મયૂર હંસાદિભિઃ ।
તરંગભુજકંકણ પ્રકટમુક્તિકા વાલુકા,
નિતમ્બ તટ સુંદરીં નમત કૃષ્ણતુર્યપ્રિયામ્ ॥૩॥

ભુવન પાવનીમ્ : સમસ્ત ભુવનને પવિત્ર કરનારાં,
ભુવં અધિગતામ્ : પૃથ્વી પર પધારેલાં
અનેક સ્વનૈઃ શુક મયૂર હંસ આદિભિ : વિવિધ પ્રકારનાં કલરવ કરતા શુક, મયૂર અને હંસ વિગેરેથી
પ્રિયાભિઃ સેવિતાં ઈવ : સખીઓથી સેવાતાં હોય જાણે !
તરંગભુજકંકણ પ્રકટઃ મુક્તિકા વાલુકા : તરંગો રૂપી કરકમલો માં ધારણ કરેલાં કંકણો માં જડેલાં મોતીઓ રૂપી રેતીવાળાં,
નિતમ્બતટ સુંદરીમ્ : નિતંબરૂપ બંને કિનારાઓથી સુંદર લાગતાં,
કૃષ્ણતુર્યપ્રિયાં નમત : શ્રીકૃષ્ણના ચતુર્થપ્રિયા શ્રીયમુનાજીને નમન કરો
(તૃતીય ઐશ્વર્ય : 'ભુવનપાવની' કૃપાપાત્ર એવા પુષ્ટિ જીવને ભગવાનના અનુભવ માટે આવશ્યક 'પુષ્ટિમાર્ગીય શુદ્ધિ' આપનારા છે)

અનન્ત ગુણભૂષિતે શિવવિરંચિદેવસ્તુતે
ઘનાઘનનિભે સદા ધ્રુવપરાશરાભીષ્ટદે ।
વિશુદ્ધમથુરાતટે સકલગોપગોપીવૃતે
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ॥૪॥

૧.**અનંત ગુણભૂષિતે** : અનેક ગુણોથી શોભતાં
૨.**શિવ વિરંચિદેવ સ્તુતે** : શિવ, બ્રહ્મ તથા ઈન્દ્ર વિ.દેવોથી સ્તુતિ કરાતાં
૩. **સદા ઘનાઘનનિભે** : નિત્ય ગાઢ મેઘના જેવી શ્યામ કાંતિવાળાં.
૪. **ધ્રુવ પરાશર અભિષ્ટદે** : ધ્રુવ તેમજ પરાશર મુનિને ઈચ્છિત વરદાન દેનારાં
૫.**વિશુદ્ધ મથુરા તટે** : વિશુદ્ધ મથુરાજી જેના કિનારે બિરાજે છે.
૬.**સકલ ગોપ ગોપીવૃતે** : સમસ્ત ગોપ-ગોપીજનો થી વીંટળાયેલાં
કૃપા જલધિ સંશ્રિતે : કૃપા સાગર (શ્રીકૃષ્ણ)નો આશ્રય કરનારાં એવાં શ્રી યમુનાજી
મમ મનઃ : મારાં મનના
સુખં ભાવય : સુખનું દાન કરો.

(ઉપરોક્ત ૬ સંબોધનો સમજીએ તો એ શ્રી યમુનાજીના ક્રમશઃ ઐશ્વર્ય, વીર્ય, યશ,શ્રી જ્ઞાન અને વૈરાગ્ય એમ ૬ ધર્મોનું નિરૂપણ થાય છે.

શ્રી મહાપ્રભુજીએ કુશળતાપૂર્વક શ્રી યમુનાજીના ષડ્ઐશ્વર્યની સાથોસાથ શ્રી ઠાકોરજીના ષડ્ એશ્વર્યનું નિરૂપણ પણ કરી દીધું છે. જો એ ૬ સંબોધનોને ૬ વિશેષણો (સાતમી વિભક્તિમાં) માનીએ તો એ બધાં જ પ્રભુનાં ષડ્ ઐશ્વર્ય બની જાય છે.

એક સાથે બંનેના ગુણગાન પણ થઈ ગયા અને બંનેના સમાનધર્મવાન્ હોવાનું પ્રતિપાદન પણ થઈ ગયું !)

(ચતુર્થ ઐશ્વર્ય-ભગવાન સાથે સમાન ધર્મ હોવાથી જીવને વિના શ્રમે ભગવાન સાથે સંબંધ કરાવે.)

યયા ચરણપદ્મજા મુરરિપોઃ પ્રિયં ભાવુકા,
સમાગમનતોભવત્ સકલસિદ્ધિદા સેવતામ્ ।
તયા સદશતામિયાત્ કમલજા સપત્નીવ યત્
હરિપ્રિયકલિંદયા મનસિ મે સદા સ્થીયતામ્ ।।૫।।

યયા સમાગમનત	: જે યમુનાજીના સંગમથી	તયા સદશતામ્	: તેવા શ્રી યમુનાજીની
ચરણ પદ્મજા	: શ્રી ગંગાજી	ઈયાત્	સમાનતા જો કોઈ મેળવી
મુરરિપો	: શ્રીકૃષ્ણનાં		શકે તો
પ્રિયં ભાવુકા	: પ્રિય કરનારાં થયાં,	યત્ સપત્ની કમલજા	: કદાચ સમાન સૌભાગ્ય
અભવત્		ઈવ	વતી લક્ષ્મી મેળવી શકે.
સેવતાં	: તેમજ સેવા કરનારને	હરિ પ્રિય કલિંદયા	: શ્રી હરિને પ્રિય એવાં
સકલસિદ્ધિદા	સર્વ સિદ્ધિઓ દેનારા થયાં		શ્રી કાલિંદીજી
(પાંચમું ઐશ્વર્ય	: ભક્તના દોષનું	મે મનસિ સદા	: મારા મનમાં
	નિવારણ કરવું.	સ્થીયતામ્	સદા બિરાજો.

નમોસ્તુ યમુને સદા તવચરિત્રમત્યદ્ ભુતં
ન જાતુ યમયાતના ભવતિ તે પયઃપાનતઃ ।
યમોપિ ભગિની સુતાન્ કથમુહન્તિ દુષ્ટાનપિ
પ્રિયો ભવતિ સેવનાત્ તવ હરેર્યથા ગોપિકાઃ ।।૬।।

યમુને ! સદા	: હે યમુનાજી આપને	દુષ્ટાન્ અપિ ઉ	: તેઓ દુષ્ટ હોય તો પણ
નમઃ અસ્તુ	સદા નમન હો.	કથમ્ હન્તિ	શું મારે ખરા ? ન જ મારે
તવ ચરિત્રં અતિ	: આપનું ચરિત્ર અત્યંત	તવ સેવનાત્	: આપની સેવાથી
અદ્ભુતમ્	અદ્ભુત છે.	ગોપિકાઃ યથા	: ગોપીજનોની માફક

તે પયઃપાનત	: આપના જલપાનથી
યમયાતના જાતુ	: યમપીડા કદીય
ન ભવતિ	થતી નથી.
યમઃ અપિ	: યમરાજ પણ બહેનનાં
ભગિની સુતાન્	સંતાનોને-ભાણેજોને
હરેઃ પ્રિયઃ ભવતિ	: (ભક્તો) શ્રી હરિના પ્રિય થાય છે.
(છઠ્ઠું ઐશ્વર્ય	: શ્રી યમુનાજીના સેવનથી જીવ વ્રજભક્તોની જેમ ભગવાનનો પ્રિય કૃપાપાત્ર થાય છે)

મમાસ્તુ તવ સન્નિધૌ તનુનવત્વમેતાવતા
ન દુર્લભતમા રતિર્મુરરિપૌ મુકુન્દપ્રિયે ।
અતોસ્તુ તવ લાલના સુરધુની પરં સંગમાત્
તવૈવ ભુવિ કીર્તિતા ન તુ કદાપિ પુષ્ટિસ્થિતૈઃ ॥૭॥

મુકુન્દ પ્રિયે !	: શ્રી મુકુંદ ભગવાનના પ્રિયા હે શ્રીયમુનાજી !
તવ સન્નિધૌ	: આપના સાન્નિધ્યમાં
મમ તનુનવત્વં	: મારૂં નવ તનુ (સેવા
અસ્તુ	યોગ્ય શરીર) બનો.
પુષ્ટિસ્થિતૈ	: પુષ્ટિમાર્ગીય જીવોએ તો
કદાપિ (કીર્તિતા)ન	: કદી પણ
અતઃ તવ	: આ કારણથી આપની
લાલના અસ્તુ	સ્તુતિ હો.
સુરધુની	: શ્રી ગંગાજી
પરં તવ એવ	: કેવળ આપના જ
સંગમાત્	સંગમથી
ભુવિ કીર્તિતા	: પૃથ્વીમાં કીર્તી પામ્યા છે
એતાવતા	: એટલા માત્રથી
મુરરિપો રતિઃ	: શ્રીકૃષ્ણમાં ભક્તિ થવી
દુર્લભતમા ન	દુર્લભ રહેતી નથી.
(સાતમું ઐશ્વર્ય	: ભગવાનની સેવામાં ઉપયોગી દેહનું સંપાદન કરવું.) એકલાં ગંગાજીની કીર્તી ગાઈ નથી.

સ્તુતિં તવ કરોતિ કઃ કમલજાસપત્નિ પ્રિયે
હરેર્યદનુસેવયા ભવતિ સૌખ્યમામોક્ષતઃ ।
ઈયં તવ કથાધિકા સકલ ગોપિકા સંગમ-
સ્મરશ્રમજલાણુભિઃ સકલગાત્રજૈ સંગમઃ ॥૮॥

કમલજા સપત્નિ	: શ્રી લક્ષ્મીજીના સમાન સૌભાગ્યશાળી !
(હરેઃ) પ્રિયે	: શ્રી હરિનાં પ્રિય એવાં શ્રી યમુનાજી !
તવ સ્તુતિં કઃ કરોતિ ?	: આપની સ્તુતિ કરવા કોણ સમર્થ છે ?
તવ ઈયં કથા	: પણ આપની આ ખ્યાતિ
અધિકા	તો સર્વથી અધિક છે કે
સકલ ગોપિકા	: સર્વ ગોપીજનોના
સ્મરશ્રમજલઅણુભિઃ	શ્રમના જલબિંદુઓ સાથે
સકલ ગાત્રજૈઃ	: શ્રી અંગોમાંથી ઉત્પન્ન થયેલાં

હરે:યદ્ અનુસેવયા	: શ્રી હરિની સેવા સાથે શ્રી લક્ષ્મીજીના અનુસેવનથી	**સંગમ**	: સંગમથી થયેલા
આમોક્ષતઃ સૌખ્યં ભવતિ	: મોક્ષ સુધીનું સુખ થાય છે.	**(આઠમું ઐશ્વર્ય**	: જેમાં પ્રભુનું શ્રમજલ મળેલું છે એવા પોતાના રસરૂપ જલ સાથે ભક્તને સંબંધ કરાવવો.)

તવાષ્ટમિદં મુદા પઠતિ સૂરસુતે સદા
સમસ્તદુરિતક્ષયો ભવતિ વૈ મુકુન્દે રતિઃ ।
તયા સકલસિદ્ધયો મુરરિપુશ્ચ સંતુષ્યતિ
સ્વભાવવિજયો ભવેત્ વદતિ વલ્લભઃ શ્રીહરેઃ ॥૯॥

સૂરસુતે	: હે સૂર્યપુત્રી !
તવ ઈદં અષ્ટકમ્	: આપના આ અષ્ટકનો
સદા મુદા પઠતિ	: (જે કોઈ) નિત્ય પ્રસન્નતાપૂર્વક પાઠ કરે
સમસ્ત દુરિત ક્ષયઃ ભવતિ	: (તેના) સમસ્ત પાપોનો નાશ થાય છે.
મુકુન્દે વૈ રતિ	: મુકુંદ ભગવાનમાં અવશ્ય પ્રીતિ થાય છે.
તયા સકલ સિદ્ધયઃ	: તેથી સકલ સિદ્ધિઓ મળે છે.
મુરરિપુઃ સંતુષ્યતિ	: શ્રી મુરારિ ભગવાન પ્રસન્ન થાય છે.
ચ સ્વભાવ વિજયો ભવેત્	: અને સ્વભાવ (ની દુષ્ટતા)બદલાય છે.
શ્રી હરેઃ વલ્લભઃ વદતિ	: (એમ) શ્રીહરિના પ્રિય શ્રી વલ્લભાચાર્યજી કહે છે.

શ્રી યમુનાજી નીચે પ્રમાણે અષ્ટ પુષ્ટિમાર્ગીય સિદ્ધિનું દાન કરે છે.

૧ સાક્ષાત્ ભગવાનની સેવામાં ઉપયોગી દેહની પ્રાપ્તિ.
૨ ભગવાનની રસમય સર્વ લીલાઓનું અવલોકન કરવાનું સામર્થ્ય
૩ ભગવાનનો રસાત્મક અનુભવ.
૪ સર્વાત્મભાવ (સર્વત્ર ભગવદ્ભાવ.)
૫ ભગવદ્ આવિષ્ટ દેહની પ્રાપ્તિ
૬ અંતર્મુખ ચક્ષુઓ વડે હૃદયસ્થ ભગવાનની લીલાનું અવલોકન કરવાની ક્ષમતા
૭ ભગવદ્ રસનો ભાવાત્મક રૂપે અનુભવ
૮ વિરહની તીવ્રતામાં સર્વાત્મભાવ, સર્વત્ર ભગવદ્ ભાવની અનુભૂતિ

॥ ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતં શ્રી યમુનાષ્ટક સ્તોત્રં સંપૂર્ણમ્ ॥

•

સિદ્ધાંત રહસ્ય

શ્રીમદ્ આચાર્યજીએ આગ્રંથ વિ.સ.૧૫૪૯માં શ્રાવણ સુદ એકાદશીની મધ્યરાત્રીએ રચ્યો.

શ્રીમદ્ વલ્લભને ગોકુલમાં ગોવિંદઘાટ પર શમીવૃક્ષના ચોતરા પાસે રાત્રે વિશ્રામ કરતાં, સદોષ જીવનો પૂર્ણ નિર્દોષ અને પરમ ગુણનિધાન પ્રભુ સાથે સંબંધ કઈ રીતે થશે ? એમ ચિંતા ઉપજી. ત્યારે વ્રજપતિ શ્રી ગોપીજનવલ્લભ ભગવાન શ્રીકૃષ્ણ પ્રકટ થઇને તેમને, જીવને નિર્દોષ બનાવવા માટે કૃપા માર્ગીય ઉપાય બતાવ્યો. સર્વ સમર્પણ રૂપી નામ તથા

નિવેદન મંત્રથી,-(બ્રહ્મસંબંધદીક્ષાથી) જીવ જો ભગવાનને શરણે સમર્પિત થશે તો પ્રભુ એને અંગીકાર પણ કરશે એટલું જ નહીં પણ એનો ત્યાગ કદી નહીં કરે એવી ખાત્રી સાક્ષાત્ ભગવાને આપી તે પ્રસંગે આ ગ્રંથની રચના થઈ.

શ્રાવણસ્યામલે પક્ષે એકાદશ્યાં મહાનિશિ ।
સાક્ષાદ્ ભગવતા પ્રોક્તં તદક્ષરશઃ ઉચ્યતે ॥૧॥

શ્રાવણસ્ય અમલે	: શ્રાવણ માસના	**સાક્ષાત્ ભગવત**	: પ્રકટ થઈને
પક્ષે	શુકલ પક્ષે	**પ્રોક્તમ્**	પોતે ભગવાને જ કહ્યું.
એકાદશ્યાં	: એકાદશી તિથિની	**તત્ અક્ષરશઃ**	: તે અક્ષરે
મહાનિશિ	મધ્ય રાત્રે.	**ઉચ્યતે**	અક્ષર કહેવાય છે,

બ્રહ્મસંબંધ કરણાત્ સર્વેષાં દેહજીવયોઃ ।
સર્વદોષ નિવૃત્તિર્હિ દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ ॥૨॥

બ્રહ્મસંબંધ કરણાત્	: બ્રહ્મસંબંધ (પુષ્ટિમાર્ગીય રીતે ભગવાનને સર્વ સમર્પણ) કરવાથી.	**સર્વદોષ નિવૃતિઃ હિ**	: સર્વદોષોની નિવૃત્તિ થાય છે એ નિશ્ચય છે.
સર્વેષાં દેહજીવયો	: સર્વના દેહ અને જીવાત્માના	**દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ**	: દોષો પાંચ પ્રકારના છે.

સહજા દેશ કાલોત્થા લોકવેદનિરૂપિતાઃ ।
સંયોગજાઃ સ્પર્શજાશ્ચ ન મંતવ્યાઃ કથંચન ॥૩॥

લોક વેદ	: લોક અને વેદમાં	**સંયોગજા (૪)**	: સંયોગથી થતા અને
નિરૂપિતા	નિરૂપણ કરાયેલાં (એવા આ પાંચ)	**સ્પર્શજાઃ ચ (૫)**	: સ્પર્શથી થનારા (દોષોને)
સહજા-(૧)	: દેહ સાથે ઉત્પન્ન થતા	**કથંચન**	: કોઈ રીતે
દેશ કાલ ઉત્થા (૨)	દેશથી ઉદ્ભવતા અને (૩) કાળથી થનારા	**ન મંતવ્યા**	: ન માનવા.

અન્યથા સર્વદોષાણાં ન નિવૃત્તિઃ કથંચન ।
અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્ વર્જનમાચરેત્ ॥૪॥

અન્યથા	: (નિવેદન કર્યા વિના) બીજી રીતે	**તસ્માત્**	: તેથી
કથંચન	: કોઈપણ પ્રકારે	**અસમર્પિત વસ્તુનાં**	: (પ્રભુને) અર્પણ ન કરાયેલ વસ્તુઓનો
સર્વદોષાણાં	: સર્વ દોષોની	**વર્જનં આચરેત્**	: ત્યાગ કરવો.
નિવૃત્તિઃ ન	: નિવૃત્તિ થતી નથી.		

નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ ।
ન મતં દેવદેવસ્ય સામિભુક્ત સમર્પણમ્ ।।૫।।

નિવેદિભિ	: બ્રહ્મસંબંધી વૈષ્ણવોએ તો	**દેવદેવસ્ય**	: દેવના ય દેવ (એવા
સમર્પ્યૈ એવ	:(પ્રભુને) સમર્પણ કરીને		શ્રી કૃષ્ણ) ને
સર્વં કુર્યાત્	: સર્વ (કાર્યો) કરવાં.	**સામિભુક્ત**	: અડધી ભોગવેલી
ઈતિ સ્થિતિ	: આમ (ભક્તિમાર્ગનો)	**સમપર્ણમ્**	વસ્તુનું સમર્પણ
	નિયમ છે.	**ન મતમ્**	: ન કરવું (ન થાય)

તસ્માદાદૌ સર્વકાર્યે સર્વવસ્તુ સમર્પણમ્ ।
દત્તાપહાર વચનં તથા ચ સકલં હરેઃ
ન ગ્રાહ્યમિતિ વાકયં હિ ભિન્નમાર્ગ પરં મતમ્ ।।૬।।

તસ્માત્ આદૌ	: માટે પ્રથમ તો	**તથા ચ હરેઃ**	: તથા શ્રીહરિનું સર્વકાંઈ
સર્વકાર્યે સર્વ વસ્તુ	: દરેક કાર્યમાં સર્વવસ્તુ	**સકલમ્**	છે તેથી (આપણાથી)
સમર્પણમ્	(પ્રભુને) સમર્પવી.	**ન ગ્રાહ્યં ઈતિ**	: ગ્રહણ ન થાય, એવું
દત્ત અપહાર	: (તેમજ પ્રભુને) અર્પણ	**વાક્યમ્**	વાક્ય
વચનમ્	કરેલ વસ્તુ ન લેવી	**ભિન્ન માર્ગ પરમ્**	: તે અન્ય માર્ગનો
	એવું વચન	**મતમ્**	: મત છે.
		(પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત નથી જ.)	

સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધયતિ ।।૭।।
કાર્યં તથા સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ ।

યથા લોકે	: જેવી રીતે લોકમાં	**સમર્પ્ય એવ કાર્યમ્**	: સમર્પણ કરીને જ
સેવકાનાં વ્યવહાર	: સેવકનો (સ્વામી		સર્વકાર્ય કરવું.
	પ્રત્યે) વ્યવહાર	**તત**	: તેથી
પ્રસિદ્ધયતિ	: ચાલે છે.	**સર્વેષાં બ્રહ્મતા**	: સર્વ વસ્તુઓને બ્રહ્મપણું
તથા	: તેવી રીતે (ભક્તે)		પ્રાપ્ત થશે.

ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિ વર્ણના ।।૮।।
ગંગાત્વેન નિરૂપ્યા સ્યાત્ તદ્વદત્રાપિ ચૈવ હિ ।।૮ ૧/૨।।

સર્વદોષાણામ્	: સર્વ પ્રકારના દોષ	**ગંગાત્વેન નિરૂપ્યા**	: ગંગાજીના સ્વરૂપથી જ
	(વાળા જલનું)	**સ્યાદ્**	નિરૂપણ કરાય છે.
ગંગાત્વમ્ ચ	: (ગંગાજીમાં મળતાં જ)	**તદવત્ એવ અત્ર**	: તે જ રીતે (બ્રહ્મસંબંધમાં)
	ગંગાપણું સિદ્ધ થઈ જાય છે	**અપિ હિ**	અહીં (સમજવાનું છે)
ગુણ દોષ આદિ	: ગુણદોષ		
વર્ણના	વિગેરેનું વર્ણન		

નવરત્ન

અનેક ઐહિક-પારલૌકિક ચિંતાઓમાં રહેવું એ મનુષ્યનો સ્વભાવ છે, લોકો કહે છે 'ચિંતા નથી કરવી' તો ય થઈ જાય છે ! મનની વ્યગ્રતા કઈ રીતે દૂર કરવી ? આ પ્રશ્ન ખેરાળુના શ્રી ગોવિંદ દૂબેને નિમિત્ત બનાવી ને શ્રી મહાપ્રભુજીએ આખા વિશ્વને વૈશ્વિક સમસ્યાનું સમાધાન સૂચવી દીધું !

સમજાય તો ઠીક, કિંતુ ન સમજાય તો ય અનન્યનિષ્ઠાથી પાઠ કરે તેના ચિત્તની સઘળી ચિંતા નષ્ટ થઈ જશે.

શ્રી મહાપ્રભુજીએ વિ.સં. ૧૫૫૮માં અડેલ મુકામે આ ગ્રંથ રચ્યો હતો.

ચિંતા કાપિ ન કાર્યા, નિવેદિતાત્મભિઃ કદાપીતિ ।
ભગવાનપિ પુષ્ટિસ્થો, ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ ॥૧॥

નિવેદિત આત્મભિઃ : આત્માનિવેદન કરી દીધું છે એવા (વૈષ્ણવે)
કદા અપિ ઈતિ : ક્યારે ય પણ આ પ્રકારે
કા અપિ : કશી પણ
ચિંતા ન કાર્યા : ચિંતા ન કરવી.
પુષ્ટિસ્થ : કૃપાલુ
ભગવાન્ અપિ : ભગવાન પણ (ભગવદીયની)
લૌકિકીં ગતિમ્ : લૌકિકી ગતિ
ન કરિષ્યતિ : નહીં કરે.

નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈર્જનૈઃ ।
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥૨॥

તાદશૈઃ જનૈ : ભગવદીય જનોની સાથે
નિવેદનં તુ : નિવેદન (સમર્પણ)ને તો
સર્વથા સ્મર્તવ્યમ્ : સર્વ પ્રકારે સ્મરણ કરવું જ
સર્વેશ્વરઃ : સર્વના નિયામક અને
સર્વાત્મા : સર્વના આત્મા (એવા પ્રભુ)
નિજ ઈચ્છાતઃ : પોતાની ઈચ્છાથી
કરિષ્યતિ : (સઘળું) કરશે.

સર્વેષાં પ્રભુ સંબંધો ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ ।
અતોન્ય વિનિયોગેઙપિ ચિંતા કા સ્વસ્ય સોપિ ચેત્ ॥૩॥

સર્વેષાં પ્રભુસંબંધ : સર્વનો ભગવાન સાથે સંબંધ છે.
પ્રતિ એકં ન : મુખ્યત્વે એકને જ નથી
ઈતિ સ્થિતિ એમ મર્યાદા છે,
સ્વસ્ય અપિ : પોતાનો પણ
અતઃ અન્ય : માટે અન્યના
વિનિયોગે અપિ વિનિયોગમાં પણ
ચિંતા કા : ચિંતા કેવી ?
સ્વસ્ય અપિ : પોતાનો પણ
સઃ ચેત્ : તે (અન્યમાં વિનિયોગ) હોય તો ય શું?

અજ્ઞાનાદથવા જ્ઞાનાત્ કૃતમાત્મનિવેદનમ્ ।
યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈસ્તેષાં કા પરિદેવના ॥૪॥

યૈઃ	: જેમણે	આત્મનિવેદનં કૃતમ્	: આત્મ સમર્પણ કર્યું છે.
અજ્ઞાનાત્ અથવા	: અજ્ઞાનથી અથવા	તેષાં કા	: તેઓને શી
જ્ઞાનાત્	: જ્ઞાનથી	પરિદેવના ?	: ચિંતા ?
કૃષ્ણસાત્કૃત પ્રાણૈઃ	: જેઓએ શ્રીકૃષ્ણને પ્રાણ સ્વાધીન કર્યા છે.		

તથા નિવેદને ચિંતા ત્યાજ્યા શ્રીપુરૂષોત્તમે ।
વિનિયોગેપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિઃ સ્વતઃ ॥૫॥

તથા શ્રીપુરૂષોત્તમે	: તેવી રીતે શ્રી પુરૂષોત્તમમાં (કરેલા)	વિનિયોગે અપિ	: (અન્ય) વિનિયોગમાં પણ
નિવેદને	: સમર્પણમાં	ત્યાજ્યા	: છોડી દેવી.
ચિંતા ત્યાજ્યા	: ચિંતા છોડી દેવી.	હિ	: કારણ કે.
સા	: તે ચિંતા	હરિઃ સ્વતઃ સમર્થ	: પ્રભુ પોતે સમર્થ છે.

લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ।
પુષ્ટિમાર્ગ સ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતાખિલાઃ ॥૬॥

હરિ	: શ્રી હરિ.	પુષ્ટિમાર્ગ સ્થિતઃ	: (તે) કૃપામાર્ગમાં રહેલા છે
લોકે તથા વેદે	: (ભક્તની) લોકમાં તેમજ વેદ (માર્ગ) માં	અખિલા	: (માટે) સર્વ (આ વિષયમાં)
યસ્માત્	: કારણ કે		
સ્વાસ્થ્યં ન કરિષ્યતિ	: સુખપૂર્વક સ્થિરતા નહીં થવા દે.	સાક્ષિણઃ ભવત	: સાક્ષીરૂપ (તટસ્થ) થાવ

સેવાકૃતિ ર્ગુરોરાજ્ઞા બાધનં વા હરીચ્છયા ।
અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્ ॥૭॥

ગુરોઃ આજ્ઞા	: ગુરૂની આજ્ઞાના (પાલન) સાથે	બાધનમ્	: (ગુરૂની આજ્ઞાનો) બાધ-ઉલ્લંઘન (પણ થાય)
સેવાકૃતિ	: ભગવત્ સેવા કરવી	અતઃ ચિત્તમ્	: માટે ચિત્તને
વા	: ક્યારેક, પ્રસંગો	સેવાપરં વિધાય	: સેવા પરાયણ કરીને
હરિ ઈચ્છયા	: શ્રી હરિની ઈચ્છાથી	સુખં સ્થીયતામ્	: નિશ્ચિંત થઈને રહેવું.

ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્યદ્યત્ કરિષ્યતિ ।
તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિંતા દ્રુતં ત્યજેત્ ॥૮॥

ચિત્ત ઉદ્વેગમ્	: ચિત્તનો ઉદ્વેગ	તસ્ય લીલા	: તેની લીલા (છે)
વિધાય અપિ	: કરીને પણ	ઈતિ મત્વા	: એમ માનીને

હરિઃ યત્ યત્	: ભગવાન જે જે	**ચિંતા**	: ચિંતાનો
કરિષ્યતિ તથા એવઃ	કરશે તે પ્રકારે	**દ્રુતં ત્યજેત્**	: જલ્દીથી ત્યાગ કરવો.

તસ્માત્ સર્વાત્મના નિ્ત્યં 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' ।
વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ॥૯॥

તસ્માત્	: માટે	**સતતં વદદ્ભિઃ એવ**	: સતત ઉચ્ચારતા જપતાં જ
સર્વાત્મના નિત્યમ્ઃ	સર્વાત્મભાવથી નિરંતર	**સ્થેયમ્**	: રહેવું.
'શ્રીકૃષ્ણઃ શરણં મમ'	: શ્રીકૃષ્ણ મારૂં શરણ છે (એમ)	**ઈતિ એવ મે મતિ**	: એમ જ મારી છે. સંમતિ છે.

●

શ્રી કૃષ્ણાશ્રય

લાહોરના બૂલા મિશ્રને નિમિત્ત બનાવી શ્રી મહાપ્રભુજીએ વિ.સં. ૧૫૭૦માં અડેલમાં નિવાસ દરમ્યાન આ સુંદર સ્તોત્રની રચના કરી છે.

શ્રીકૃષ્ણનો આશ્રય સર્વ સાધક છે. પરંતુ આ કૃષ્ણ-આશ્રય જીવને સાધનબળથી (સાધન કરવાથી) સાંપડતો નથી. શ્રીમહાપ્રભુજી નિજ જનને કૃપા કરીને તેનું દાન કરે છે તો જીવને કૃષ્ણાશ્રય સિદ્ધ થાય છે.

ભગવદ્ આશ્રય સિદ્ધ થવામાં આમ તો ઘણા બાધકો છે. જીવની સ્વભાવતઃ દુષ્ટતા, મનની ચંચલતા, બુદ્ધિની તર્ક પરાયણતા, દુઃસંગ. ભાવમાં અસંભાવના-વિપરીત ભાવનારૂપી દોષ, અહંકાર અને અન્યમાં આસક્તિ જેવા અનેક બાધકો છે. સુદુર્લભ એવા શ્રી કૃષ્ણના આશ્રયને સિદ્ધ કરવા માટે શ્રી મહાપ્રભુજીમાં દ્રઢ શ્રદ્ધા રાખીને આ સ્તોત્રનો પાઠ કરવો.

સર્વમાર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલધર્મિણિ ।
પાષંડ પ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ ॥૧॥

કલૌ	: કલિયુગ	**સર્વ માર્ગેષુ નષ્ટેષુ**	: (કલ્યાણના) સર્વમાર્ગો નષ્ટ થયેલા છે (માટે)
ખલધર્મિણિ ચ	: ખલ (દુષ્ટ) ધર્મવાળો છે અને	**કૃષ્ણઃ એવ**	: શ્રી કૃષ્ણ જ
લોકે	: લોક	**મમ ગતિ**	: મારો આશ્રય (છે.)
પાષંડ પ્રચુરે	:પાખંડ પરાયણ છે (વળી)		

મ્લેચ્છાક્રાંતેષુ દેશેષુ પાપૈકનિલયેષુ ચ ।
સત્પીડા વ્યગ્ર લોકેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૨॥

દેશેષુ મ્લેચ્છ આક્રાંતેષુ	: દેશ-પ્રદેશ મ્લેચ્છોથી ભરાયેલા છે.	**સત્પીડા વ્યગ્રલોકેષુ**	: સજ્જનોની પીડાને કારણે લોકો વ્યાકુળ થયા છે.
ચ પાપ એક નિલયેષુ	: અને કેવળ પાપીઓના નિવાસ બનેલ છે.	**કૃષ્ણઃએવ**	: (ત્યારે) શ્રી કૃષ્ણ જ
		મમ ગતિઃ	: મારો આશ્રય છે.

ગંગાદિતીર્થવર્યેષુ દુષ્ટૈરેવાવૃતેષ્વિહ ।
તિરોહિતાધિ દૈવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૩॥

ઈહ	: આ લોકમાં	**તિરોહિત આધિદૈવેષુ**	: તીર્થોના દેવ સ્વરૂપ અંતર્ધ્યાન થયેલ છે ત્યારે
ગંગા આદિ તીર્થ વર્યેષુ	: ગંગાજી વિ. ઉત્તમ તીર્થો		
દુષ્ટ એવ આવૃતેષુઃ	: દુષ્ટોથી જ ચારેબાજુથી ઘેરાયેલા છે.	**કૃષ્ણઃ એવ**	: શ્રી કૃષ્ણ જ
		મમ ગતિઃ	: મારી ગતિ છે.

અહંકારવિમૂઢેષુ સત્સુપાપાનુવર્તિષુ ।
લાભપૂજાર્થયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૪॥

સત્સુ અહંકાર વિમૂઢેષુ	: સત્પુરૂષા અહંકારથી વિમૂઢ બનેલ છે	**લાભ પૂજા અર્થ યત્નેષુ**	: ધનલાભ તેમજ પૂજાવાના હેતુથી પ્રયત્નશીલ છે. (માટે)
પાપ અનુવર્તિષુ	: પાપ અને પાપીઓને અનુસરનારા થયેલ છે	**કૃષ્ણઃ એવ**	: શ્રી કૃષ્ણ જ
		મમ ગતિ	: મારો આધાર છે

અપરિજ્ઞાનનષ્ટેષુ મંત્રેષ્વવ્રતયોગિષુ ।
તિરોહિતાર્થદેવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૫॥

મંત્રેષુ અપરિજ્ઞાન નષ્ટેષુ	: મંત્રો રહસ્ય જ્ઞાનના અભાવે નષ્ટપ્રાય થયેલા છે,	**તિરોહિત અર્થ દેવેષુ**	: મંત્રોના અર્થ તથા દેવતાઓ તિરોહિત થઇ ગયેલા હોવાથી
અવ્રત યોગિષુ	: વ્રત અને નિયમપૂર્વક મંત્રોનો ઉપયોગ ન થતો હોવાથી (તેમજ)	**કૃષ્ણઃએવ**	: શ્રીકૃષ્ણ જ
		મમ ગતિઃ	: મારી ગતિ છે.

નાનાવાદવિનષ્ટેષુ સર્વકર્મવ્રતાદિષુ ।
પાષંડૈક પ્રયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૬॥

સર્વ કર્મ વ્રત આદિષુ	: સર્વ કર્મો, વ્રતો વિગેરે	**પાષંડ એક પ્રયત્નેષુ**	: જે પ્રયત્ન થાય છે તે કેવળ પાખંડ માટે જ (ત્યાં)
નાનાવાદ વિનષ્ટેષુ	: વિવિધ પ્રકારના વાદવિવાદથી નાશ પામ્યા છે.	**કૃષ્ણઃ એવ**	: શ્રી કૃષ્ણ જ
		મમ ગતિઃ	: મારી ગતિ છે.

અજામિલાદિ દોષાણાં નાશકોઽનુભવે સ્થિતઃ ।
જ્ઞાપિતાખિલમાહાત્મ્યઃ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૭॥

અજામિલ આદિ	: અજામિલ	જ્ઞાપિત અખિલ	: (તે રીતે) સમગ્ર
દોષાણામ્	વિગેરેને દોષોના	માહાત્મ્ય	માહાત્મ્યને જણાવનારા
નાશકઃ અનુભવે	: નાશ કરનારા તરીકે	કૃષ્ણઃ એવ	: શ્રી કૃષ્ણ જ
સ્થિતઃ	અનુભવમાં આવેલા,	મમ ગતિઃ	: મારો આશ્રય છે.

પ્રાકૃતાઃ સકલા દેવા ગણિતાનંદકં બૃહત્ ।
પૂર્ણાનંદો હરિસ્તમાત્ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૮॥

સકલા દેવા	: સર્વ દેવતાઓ	હરિઃપૂર્ણ આનંદ	: (જ્યારે)શ્રી હરિ તો પૂર્ણ
પ્રાકૃતા	: પ્રકૃતિના કાર્યરૂપ પ્રાકૃત છે,		તો પૂર્ણ આનંદરૂપ છે.
બૃહત્ ગણિત	: અક્ષરત બ્રહ્મ ગણી શકાય	તસ્માત્ કૃષ્ણ એવ	: શ્રી કૃષ્ણ જ
આનંદકમ્	તેટલા આનંદવાળું છે	મમ ગતિઃ	: મારો આશ્રય છે.

વિવેક ધૈર્યભકત્યાદિ રહિતસ્ય વિશેષતઃ ।
પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણ એવ ગતિર્મમ ॥૯॥

વિવેક, ધૈર્ય, ભક્તિઃ	વિવેક, ધૈર્ય, ભકિત	દીનસ્ય	: સાધનહીન એવા
આદિ રહિતસ્યઃ	વિ. થી રહિત.	મમ કૃષ્ણઃ	: મારે શ્રી કૃષ્ણ
વિશેષત	: વિશેષે કરીને.	એવ ગતિ	: જ ગતિ છે.
પાપ આસક્તસ્ય	: પાપમાં આસક્તિવાળા		

સર્વ સામર્થ્ય સહિતઃ સર્વત્રૈવાખિલાર્થકૃત્ ।
શરણસ્થ સમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્ ॥૧૦॥

સર્વ સામર્થ્ય સહિત	: સર્વ સામર્થ્યવાળા,	શરણસ્થ સમ્	: શરણે રહેલાનો
સર્વત્ર એવ	: સર્વ બાબતોમાં	ઉદ્ધારમ્	ઉદ્ધાર કરનારા
અખિલ અર્થકૃત્	: સર્વ પુરૂષાર્થો સિદ્ધ કરનારા,	કૃષ્ણં અહં	: શ્રીકૃષ્ણને હું.
		વિજ્ઞાપયામિ	: વિનંતી કરૂં છું.

કૃષ્ણાશ્રયમિદં સ્તોત્રં યઃ પઠેત્ કૃષ્ણસંનિધૌ ।
તસ્યાશ્રયો ભવેત્ કૃષ્ણ ઈતિ શ્રીવલ્લભોબ્રવીત્ ॥૧૧॥

ઈદં કૃષ્ણાશ્રય	: આ કૃષ્ણાશ્રય	તસ્ય કૃષ્ણ	: તેનો શ્રીકૃષ્ણ
સ્તોત્રમ્	સ્તોત્રનો	આશ્રયઃ ભવેત્	: આશ્રય થાય છે.
યઃ કૃષ્ણસંનિધૌ	: જે શ્રી કૃષ્ણના	ઈતિ શ્રી વલ્લભઃ	: એમ શ્રી
પઠેત્	સાંનિધ્યમાં પાઠ કરે.	અબ્રવીત્	વલ્લભ વદે છે.

ચતુઃશ્લોકી

માનવ જીવનમાં સાધ્ય એવા ચાર પુરૂષાર્થ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ચારે પુરૂષાર્થો પુષ્ટિજીવને માટે ક્યા હોઈ શકે એ વિષયનું નિરૂપણ શ્રી મહાપ્રભુજીએ કર્યું છે.

સં. ૧૫૮૦ (અથવા ૮૨) માં શ્રી મહાપ્રભુજીએ આ ચતુઃશ્લોકીની રચના કરી. ગોધરાના રાણા વ્યાસ તેમજ રાજનગર પાસેના એક ગામના ભગવાનદાસ સાંચોર શ્રીમદાચાર્યચરણના મુખારવિંદથી ચતુઃશ્લોકી શ્રવણ કરીને ધન્ય બન્યા હતા.

શ્રી ભાગવતજીમાંય ચારે પુષ્ટિમાર્ગીય પુરૂષાર્થોનું નિરૂપણ વૃત્રાસુરના દ્વારા પ્રકટ થયું છે. ભગવદીયોના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેય પુરૂષાર્થો ભગવાન જ હોઇ શકે. માટે આ ચતુઃશ્લોકીના ચારે શ્લોકમાં ક્રમશઃ આ ચાર પુરૂષાર્થોનું નિરૂપણ છે.

સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ ।
સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃ કવાપિ કદાચન ॥૧॥

સર્વભાવેન	: સર્વ પ્રકારે, સર્વાત્મભાવથી	**સ્વસ્ય અયં એવ ધર્મ**	: પોતાનો જ ધર્મ (છે.)
સર્વદા	: નિરંતર	**હિ કવાપિ કદાચન**	: અવશ્ય, કોઈ પણ સ્થળે, કોઈ પણ કાળે
વ્રજ અધિપઃ	: વ્રજપતિ શ્રી કૃષ્ણને		
ભજનીય	ભજવા-સેવવા	અન્યઃ ન	: અન્ય (ધર્મ) નથી જ.

એવં સદા સ્મ કર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ ।
પ્રભુઃ સર્વસમર્થો હિ તતો નિશ્ચિંતતાં વ્રજેત્ ॥૨॥

સદા એવં કર્તવ્યમ્	: હમેશાં આ પ્રમાણે કરવું.	**કરિષ્યતિ સ્મ**	: કરશે. આ વાત પ્રસિદ્ધ છે.
પ્રભુઃ સર્વ સમર્થો	: ભગવાન સર્વ શક્તિમાન છે. (તે)	**તતઃ નિશ્ચિંતતાં વ્રજેત્**	: માટે ચિંતારહિત રહેવું.
સ્વયમેવ હિ	: પોતે જ જરૂરથી (ભક્તનું કાર્ય)		

યદિ શ્રી ગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ ।
તતઃ કિમપરં બ્રૂહિ લૌકિકૈર્વૈદિકૈરપિ ॥૩॥

યદિ શ્રીગોકુલ અધીશ	: જો શ્રી ગોકુલ પતિ શ્રીકૃષ્ણ	**લૌકિકૈઃ વૈદિકૈઃ**	: લૌકિકસુખથી અને વૈદિક (કર્મોના ફલરૂપ પારલૌકિક સુખ) થી
હૃદિ સર્વાત્મના ધૃત	: હૃદયમાં સર્વાત્મભાવથી ધારણ કર્યા.	**અપિ કિં અપરમ્ ?**	: પણ શું બીજું ઉત્તમ (મળશે ?)
તત	: તો પછી	**બ્રૂહિ**	: કહેને !

અતઃ સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વર પાદયોઃ ।
સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમિતિ મે મતિઃ ॥૪॥

અતઃ	: તેથી	**સ્મરણં ચ**	: સ્મરણ અને
સર્વાત્મના શશ્વત્	: સર્વાત્મભાવથી નિરંતર	**ભજનં અપિ**	: ભજન (સેવન) પણ
ગોકુલ ઈશ્વર	: શ્રી ગોકુલપતિ શ્રીકૃષ્ણ	**ન ત્યાજયમ્**	: ન ત્યજવું
પાદયો :	ના ચરણ યુગલનું	**ઈતિ મે મતિ**	: એમ મારો નિશ્ચય છે.

શ્રી સર્વોત્તમ સ્તોત્ર

પ્રાકૃતધર્માનાશ્રયમપ્રાકૃત નિખિલધર્મરૂપમિતિ ।
નિગમપ્રતિપાદ્યં યત્ તચ્છુદ્ધં સાકૃતિ સ્તૌમિ ॥૧॥

પ્રાકૃતધર્મ અનાશ્રયમ્: પ્રકૃતિના ગુણ ધર્મથી પર એવા,
અપ્રાકૃત નિખિલધર્મરૂપમ્ : અલૌકિક એવા અખિલ ગુણોથી ભરપૂર સ્વરૂપવાળા

ઈતિ નિગમ પ્રતિપાદ્યમ્ : આમ વેદોમાં જેનું પ્રતિવાદન-નિરૂપણ કરાયેલ છે
યત્ શુદ્ધં સાકૃતિ : જે શુદ્ધ સાકાર છે.
તત્ સ્તૌમિ : તે (પૂર્ણ પુરૂષોતમરૂપ શ્રી વલ્લભની હું) સ્તુતિ કરૂં છું.

કલિકાલતમચ્છન્નદૃષ્ટિત્વાદ્વિદુષામપિ ।
સંપ્રત્યવિષયસ્તસ્ય માહાત્મ્યં સમભુદ્ ભુવિ ॥૨॥

કલિકાલ તમચ્છન્નઃ દ્રષ્ટિત્વાત્ : કલિકાલના અજ્ઞાનરૂપી અંધકાર વડે દ્રષ્ટિ (બુદ્ધિ) ઢંકાઈ ગયેલી છે (માટે)

ભુવિ વિદુ ષાં અપિ અવિષય : જગતમાં વિદ્વાનોનેય અગમ્ય-ન સમજાય એવું

સમભુત્ : થઈ ગયું છે.

સંપ્રતિ તસ્ય માહાત્મ્યમ્ : હાલમાં તેમનું માહાત્મ્ય

દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્પ્રકટં હરિઃ ।
વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ ॥૩॥

યદા હરિઃ દયયા : જ્યારે દયાળુ શ્રી હરિએ

નિજ માહાત્મ્યં વાણ્યા : નિજ મહિમાને વાણી દ્વારા

પ્રકટં કરિષ્યન્ : પ્રકટ કરવા માટે (વિચાર્યું)

તદા હિ : ત્યારે જ

સ્વ આસ્યમ્ : પોતાના મુખ (મુખારવિંદ રૂપ શ્રી મહાપ્રભુજી)ને

પ્રાદુ ર્ભૂતં ચકાર : પ્રકટ કર્યું

તદુક્તમપિ દુર્બોધં સુબોધં સ્યાદ્યથા તથા ।
તન્નામાષ્ટોત્તરશતં પ્રવક્ષ્યામ્યખિલાઘહૃત્ ॥૪॥

તત્ ઉક્તં દુ ર્બોધમપિ : તેમનું (શ્રી મહાપ્રભુજીનું) કહેલું ન સમજાય એવું કઠિન-ગૂઢ લાગે તે પણ

યથા સુબોધં સ્યાત્ : જેના વડે સરળ-સુગમ થઈ જાય

તથા : તેવાં

અખિલ અઘહૃત્ : (જીવના) સમસ્ત પાપોનો નાશ કરનારાં,

તત્ અષ્ટ ઉત્તર શતં નામાનિ : તેમનાં એકસોને આઠ નામો

પ્રવક્ષ્યામિ : કહું છું.

ઋષિરગ્નિકુમારસ્તુ નામ્નાં છંદો જગત્યસૌ ।
શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારૂણિકઃ પ્રભુઃ ॥૫॥

અસૌ નામ્નામ્ : આ નામોના

તુ ઋષિઃ અગ્નિકુમાર : તો મંત્રદષ્ટા ઋષિ શ્રી અગ્નિકુમાર એટલે કે શ્રી વિઠ્ઠલેશ પ્રભુ-શ્રી ગુસાંઈજી છે.

જગતિ છંદ : જગતમાં પ્રસિદ્ધ એવો (અનુષ્ટુપ) છંદ છે.

ચ શ્રીકૃષ્ણ આસ્યં દેવતા : અને શ્રીકૃષ્ણના વદન અવતાર શ્રી મહાપ્રભુજી આના દેવતા છે.

કારૂણિકઃ પ્રભુઃ બીજમ્ : કરૂણામય પ્રભુ (આ નામમંત્રોનું) બીજ છે.

વિનિયોગો ભક્તિયોગપ્રતિબંધ વિનાશને ।
કૃષ્ણાધરામૃતાસ્વાદ સિદ્ધિરત્ર ન સંશયઃ ॥૬॥

વિનિયોગ : (આ સ્તોત્રનો) ઉપયોગ
ભક્તિયોગ પ્રતિબંધ વિનાશને :
ભક્તિયોગમાં આવતા વિઘ્નોનું નિવારણ કરવા માટે છે.

કૃષ્ણ અધર અમૃત આસ્વાદ સિદ્ધિ :
(આ સ્તોત્રની પાઠથી) શ્રીકૃષ્ણ પ્રભુના અધરામૃતની આસ્વાદરૂપી સિદ્ધિ છે.
અત્ર ન સંશય : એમાં સંશય નથી.

શ્રી મહાપ્રભુજીના ૧૦૮ નામ

આનંદઃ પરમાનંદ શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિઃ
દૈવોદ્ધારપ્રયત્નાત્મા સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ॥૭॥

૧ આનંદ : આનંદ સ્વરૂપ
૨ પરમ આનંદ : પરમ આનંદ સ્વરૂપ.
૩ શ્રી કૃષ્ણ આસ્યમ્ : શ્રીકૃષ્ણના મુખારવિંદ સ્વરૂપ
૪ કૃપાનિધિ : કૃપાના ભંડાર, કૃપાસાગર.
૫ દૈવ ઉદ્ધાર પ્રયત્નાત્મા : દૈવી જીવોના ઉદ્ધારમાં પ્રયત્નશીલ.
૬ સ્મૃતિ માત્ર આર્તિનાશન :
સ્મરણ માત્રથી (ભક્તોની)આર્તિ દૂર કરનાર.

શ્રી ભાગવતગૂઢાર્થ પ્રકાશન પરાયણઃ ।
સાકારબ્રહ્મવાદૈક સ્થાપકો વેદપારગઃ ॥૮॥

૭ શ્રી ભાગવત ગૂઢ અર્થ :
શ્રીભાગવતજીના ગૂઢ અર્થને
પ્રકાશન પરાયણ - પ્રકટ કરવા સદા તત્પર.
૮ સાકાર બ્રહ્મવાદ એક સ્થાપક : સાકાર બ્રહ્મવાદ (સિદ્ધાંત)ના એક માત્ર સ્થાપક-પ્રણેતા
૯ વેદ પારગ : વેદોના પારંગત

માયાવાદનિરાકર્તા સર્વવાદિનિરાસકૃત્ ।
ભક્તિમાર્ગાબ્જમાર્તંડઃ સ્ત્રીશુદ્રાદ્યુધૃતિક્ષમઃ ॥૯॥

૧૦ માયાવાદ નિરાકર્તા - માયાવાદનું નિરાકરણ કરનારા
૧૧ સર્વવાદિ નિરાસકૃત્ - સર્વવાદીઓને (અન્ય મતવાળાઓને) હરાવનારા.
૧૨ ભક્તિમાર્ગ અબ્જ માર્તંડઃ -
ભક્તિમાર્ગરૂપી કમળને ખિલવનારા સૂર્યરૂપ.
૧૩ સ્ત્રીશુદ્ર આદિ ઉદ્ધૃતિક્ષમઃ -
સ્ત્રી, શુદ્ર, વિ.નો ઉદ્ધાર કરવામાં સમર્થ.

અંગીકૃત્યૈવ ગોપીશ વલ્લભીકૃત માનવઃ ।
અંગીકૃતૌ સમર્યાદો મહાકારૂણિકો વિભુઃ ॥૧૦॥

૧૪ અંગીકૃત્ય એવ ગોપી ઈશ - અંગીકાર માત્રથી જ મનુષ્યને શ્રીગોપીજન વલ્લભના
વલ્લભીકૃત માનવઃ - વહાલા બનાવી દેનારા.

૧૫ અંગીકૃતૌ સમર્યાદ : અંગીકાર કરવામાં મર્યાદાવાળા
૧૬ મહાકારૂણિક : અતિ કરૂણાવાન (મહા દયાળુ)
૧૭ વિભુઃ સર્વ સમર્થ.

અદેયદાનદક્ષશ્ચ મહોદારચરિત્રવાન્ ।
પ્રાકૃતાનુકૃતિવ્યાજ મોહિતાસુરમાનુષઃ ॥૧૧॥

૧૮ અદેયદાનદક્ષઃ ચ - દુર્લભ (એવા શ્રીકૃષ્ણનું) દાન કરવામાં કુશળ.
૧૯ મહા ઉદાર ચરિત્રવાન્ - અત્યંત ઉદાર ચરિત્રવાળા
૨૦ પ્રાકૃત અનુકૃતિ વ્યાજ મોહિત - પ્રાકૃત (મનુષ્ય)ના આકારના રૂપમાં

અસુરમાનુષઃ - શ્રી મહાપ્રભુજી આસુરી મનુષ્યોને મોહ પમાડે છે. (આસુરી બુદ્ધિવાળા માનવોને ભ્રમ થાય છે કે શ્રીમહાપ્રભુજી મનુષ્ય છે.)

વૈશ્વાનરો વલ્લભાખ્યઃ સદ્રુપો હિતકૃત્ સતામ્ ।
જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃન્નિખિલેષ્ટદઃ ॥૧૨॥

૨૧ વૈશ્વાનરઃ અગ્નિસ્વરૂપ.
૨૨ વલ્લભ આખ્ય : 'વલ્લભ' એવા નામવાળા
૨૩ સદ્ રૂપઃ સત્ય સ્વરૂપવાળા.
૨૪ સતાં હિતકૃત્ : સંતોનું હિત કરનારા.

૨૫ જનશિક્ષાકૃતે કૃષ્ણ ભક્તિકૃત્ : મનુષ્યોને શિક્ષણ આપવા માટે કૃષ્ણ ભક્તિ કરનાર
૨૬ નિખિલ ઈષ્ટદઃ સર્વ પ્રકારના ઈષ્ટનું દાન કરનારા

સર્વલક્ષણ સંપન્નઃ શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરૂઃ ।
સ્વાનંદતુંદિલઃ પદ્મદલાયતવિલોચનઃ ॥૧૩॥

૨૭ સર્વલક્ષણ સંપન્નઃ સર્વ લક્ષણોથી સંપન્ન (સર્વગુણ સંપન્ન)

૨૯ ગુરૂઃ (અજ્ઞાનને દૂર કરનારા) ગુરૂ.
૩૦ સ્વ આનંદતુંદિલઃ પોતાના જ

૨૮ શ્રીકૃષ્ણજ્ઞાનદ-શ્રીકૃષ્ણના સ્વરૂપનું જ્ઞાન આપનારા.

(સ્વરૂપગત) આનંદથી પરિપુષ્ટ.
૩૧ પદ્મદલ આયત વિલોચનઃ-કમલ પત્ર સમાન વિશાલ નેત્રવાળા.

કૃપાદગ્વૃષ્ટિ સંહૃષ્ટદાસદાસી પ્રિયઃ પતિઃ ।
રોષદકૃપાત સંપ્લુષ્ટ ભક્તદ્વિટ્ ભક્તસેવિતઃ ॥૧૪॥

૩૨ કૃપાદક્ વૃષ્ટિ સંહૃષ્ટ દાસ દાસી પ્રિયઃ-કૃપામય દ્રષ્ટિની વૃષ્ટિથી પ્રસન્ન થયેલા દાસ દાસીઓના પ્રિય.
૩૩ પતિઃ (સ્વકીયજનોના અલૌકિક) પતિ, સ્વામી, ભર્તા.

૩૪ રોષદકૃપાત સંપ્લુષ્ટ ભક્તદ્વિટ્-રોષ દ્રષ્ટિથી ભક્તદ્વેષીઓને બાળનારા.
૩૫ ભક્ત સેવિત-ભક્તજનોથી સેવાતા.

સુખસેવ્યો દુરારાધ્યો દુર્લભાંઘ્રિસરોરૂહઃ ।
ઉગ્રપ્રતાપો વાક્સીધુપૂરિતાશેષસેવકઃ ॥૧૫॥

૩૬ સુખસેવ્યઃ-જેની સેવા સુખથી થઈ શકે છે.
૩૭ દુરારાધ્યઃ-(સાધન દ્વારા) આરાધના મુશ્કેલ છે.
૩૮ દુર્લભ અંઘ્રિસરોરૂહઃ જેમના ચરણકમળની પ્રાપ્તિ દુર્લભ છે.

૩૯ ઉગ્ર પ્રતાપઃ- પુષ્કળ પ્રતાપશાળી
૪૦ વાક્ સીધુપૂરિત અશેષ સેવકઃ પોતાના વચનામૃતોથી સર્વ ભક્તો ને અંદર બહારથી તરબોળ કરી દેનારા.

શ્રી ભાગવતપીયૂષ સમુદ્રમથન ક્ષમઃ ।
તત્સાર ભૂતરાસસ્ત્રી ભાવ પૂરિત વિગ્રહઃ ॥૧૬॥

૪૧ શ્રી ભાગવત પીયૂષ સમુદ્ર-શ્રીમદ્ ભાગવતજી રૂપી અમૃત સાગરનું **મથનક્ષમ** : મંથન કરવામાં સમર્થ.

૪૨ તત્ સારભૂત-તે (ભાગવતજી) ના સારરૂપ એવા
રાસસ્ત્રીભાવ પૂરિત વિગ્રહ : રાસ સ્ત્રીના ભાવથી સભર સ્વરૂપવાળા.

સાન્નિધ્યમાત્ર દત્ત શ્રી કૃષ્ણપ્રેમા વિમુક્તિદઃ ।
રાસલીલૈકતાત્પર્યઃ કૃપયૈતત્કથાપ્રદઃ ॥૧૭॥

૪૩ સાન્નિધ્યમાત્ર દત્ત શ્રીકૃષ્ણ પ્રેમા :સાંનિધ્ય માત્રથી શ્રીકૃષ્ણના પ્રેમનું દાન કરનારા.

૪૫ રાસલીલા એક તાત્પર્યઃ-એકમાત્ર રાસલીલામાં જ તાત્પર્યવાળા
૪૬ કૃપયા એતત્ કથાપ્રદઃ-કૃપા

૪૪ **વિમુક્તિદઃ** વિશેષ પ્રકારની (પુષ્ટિમાર્ગીય) મુક્તિ આપનારા.

કરીને આની (રાસલીલાની) કથાનું (શ્રી સુબોધિની દ્વારા) દાન કરનારા.

વિરહાનુભવૈકાર્થસર્વત્યાગોપદેશકઃ ।
ભકત્યાચારોપદેષ્ટા ચ કર્મમાર્ગપ્રવર્તકઃ ॥૧૮॥

૪૭ **વિરહ અનુભવ એક અર્થ**-વિરહનો અનુભવ કરાવવા માટે જ
-સર્વત્યાગ ઉપદેશકઃ- સર્વ ત્યાગનો ઉપદેશ કરનારા.

૪૮ **ભક્તિ આચાર ઉપદેષ્ટા, ચ**- ભક્તિમાર્ગના આચારનો ઉપદેશ કરનારા.
૪૯ **કર્મમાર્ગ પ્રવર્તકઃ**-કર્મમાર્ગના પ્રર્વતક

યાગાદૌ ભક્તિમાર્ગૈક સાધનત્વોપદેશકઃ ।
પૂર્ણાનન્દઃ પૂર્ણકામો વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥૧૯॥

૫૦ **યાગ આદૌ ભક્તિમાર્ગ એક**
સાધનત્વ ઉપદેશકઃ- યાગ આદિ કર્મ માર્ગમાં એક માત્ર ભક્તિમાર્ગને સાધનરૂપે ઉપદેશ કરનારા.

૫૧ **પૂર્ણ આનંદઃ**- આનંદથી પરિપૂર્ણ
૫૨ **પૂર્ણકામઃ**-પૂર્ણકામ (કોઈપણ કામનાની અપેક્ષા વિનાના)
૫૩ **વાક્પતિ** વાણી (સરસ્વતી) ના પતિ,
૫૪ **વિબુધ ઈશ્વરઃ**- વિદ્વાનોના અધિપતિ.

કૃષ્ણનામ સહસ્રસ્યવક્તા ભકતપરાયણઃ ।
ભકત્યાચારોપદેશાર્થ નાના વાકય નિરૂપકઃ ॥૨૦॥

૫૫ **કૃષ્ણ નામસહસ્ત્રસ્ય વકતા** -શ્રી કૃષ્ણના હજાર (પુરૂષોત્તમ સહસ્ત્ર) નામના વક્તા
૫૬ **ભક્ત પરાયણઃ**-ભક્તોના આશ્રય

૫૭ **ભક્તિ આચાર ઉપદેશ અર્થ**
-નાના વાક્ય નિરૂપક-ભક્તિનાઆચરણ (અથવા ભક્તિ અને આચાર) ના ઉપદેશ માટે અનેક વાક્યોનું નિરૂપણ કરનારા.

સ્વાર્થોજ્જિઝતાખિલપ્રાણપ્રિયસ્તાદ્દશવેષ્ટિતઃ ।
સ્વદાસાર્થકૃતાશેષ સાધનઃ સર્વશક્તિધૃક્ ॥૨૧॥

૫૮ **સ્વ અર્થ ઉજ્જિઝત અખિલ પ્રાણપ્રિયઃ** - નિજ ભક્તો માટે, પ્રાણથીય પ્યારા પ્રભુને છોડી ભૂતળ પર પધારનારા (બીજો અર્થ-અખિલ સ્વાર્થનો ત્યાગ કરનારા સેવકો

૫૯ **તાદંશ વેષ્ટિતઃ**- તાદ્રશી (ભગવદીય) જનોથી વિંટળાયેલા,
૬૦ **સ્વદાસ અર્થકૃત અશેષ સાધનઃ** પોતના સેવકો માટે સમસ્ત સાધનો કરનારા.

શ્રી મહાપ્રભુજીને પ્રાણપ્રિય છે.)

૬૧ સર્વશક્તિધૃક્ - સર્વ પ્રકારની શક્તિધારણ કરનારા.

ભુવિ ભક્તિ પ્રચારૈક કૃતે સ્વાન્વયકૃત્ પિતા ।
સ્વવંશે સ્થાપિતાડશેષ સ્વમાહાત્મ્યઃ સ્મયાપહઃ ॥૨૨॥

૬૨ ભુવિ ભક્તિ પ્રચાર એક કૃતે સ્વ અન્વયકૃત્ - જગતમાં ભક્તિનો પ્રચાર કરવા માટે પોતાના વંશને ચલાવનાર

૬૩ પિતા - પિતા, જન્મદાતા

૬૪ સ્વવંશે સ્થાપિત અશેષ સ્વ-માહાત્મ્યઃ- પોતાના વંશમાં પોતાના અશેષ (સંપૂર્ણ) માહાત્મ્યને સ્થાપનારા

૬૫ સ્મય આપહઃ- ગર્વને હરનારા

પતિવ્રતા પતિઃ પારલૌકિકૈહિકદાનકૃત્ ।
નિગૂઢ હૃદયોડનન્ય ભક્તેષુ જ્ઞાપિતાશયઃ ॥૨૩॥

૬૬ પતિવ્રતા પતિઃ પતિવ્રતાના પતિ

૬૭ પારલૌકિક ઐહિક દાનકૃત્ - પરલોકના તેમજ આ લોકના ફલનું દાન કરનારા

૬૮ નિગૂઢ હૃદયઃ- અત્યંત ગૂઢ હૃદયવાળા

૬૯ અનન્ય ભક્તેષુ જ્ઞાપિત આશયઃ - અનન્ય ભક્તોને પોતાના હૃદયની વાત જણાવનારા.

ઉપાસનાદિ માર્ગાતિમુગ્ધમોહ નિવારકઃ ।
ભક્તિમાર્ગે સર્વમાર્ગ વૈલક્ષણ્યાનુભુતિકૃત્ ॥૨૪॥

૭૦ ઉપાસના આદિ માર્ગ અતિ મુગ્ધ મોહ નિવારક - ઉપાસના વિગેરે માર્ગોમાં અતિશય આસક્તિ-વાળાઓના મોહને દૂર કરનારા.

૭૧ ભક્તિમાર્ગે સર્વમાર્ગ વૈલક્ષણ્ય અનુભુતિકૃત્ - ભક્તિમાર્ગ સર્વમાર્ગ કરતાં કંઈ વિશિષ્ટ પ્રકારનો છે એમ અનુભવ કરાવનારા.

પૃથક્ શરણ માર્ગોપદેષ્ટા શ્રીકૃષ્ણહાર્દવિત્ ।
પ્રતિક્ષણ નિકુંજસ્થ લીલારસ સુપૂરિતઃ ॥૨૫॥

૭૨ પૃથક્ શરણમાર્ગ ઉપદેષ્ટા - સ્વતંત્ર અન્ય-કરતાં ભિન્ન એવા શરણ માર્ગના ઉપદેશક.

૭૩ શ્રી કૃષ્ણહાર્દવિત્ - શ્રી કૃષ્ણના હૃદયને જાણનારા.

૭૪ પ્રતિક્ષણ નિકુંજસ્થલીલારસ સુપૂરિતઃ - નિકુંજસ્થ પ્રભુની લીલાના રસથી પ્રતિક્ષણ ભરપૂર રહેનારા.

તત્કથાક્ષિપ્તચિત્તસ્તદ્ વિસ્મૃતાન્યો વ્રજપ્રિયઃ ।
પ્રિયવ્રજ સ્થિતિઃ પુષ્ટિલીલાકર્તા રહઃપ્રિયઃ ॥૨૬॥

૭૫ તત્કથા આક્ષિપ્ત ચિત્તઃ - તે (શ્રી કૃષ્ણ) ની કથામાં પરોવાયેલા ચિત્તવાળા છે.

૭૬ તદ્ વિસ્મૃત અન્ય - (ભગવત્ લીલા-કથા)તેના સિવાય કશાની સ્મૃતિ નથી.

૭૭ વ્રજપ્રિયઃ - વ્રજ જેમને પ્રિય છે.

૭૮ પ્રિયવ્રજ સ્થિતિઃ - પ્રિય એવા વ્રજમાં બીરાજનારા.

૭૯ પુષ્ટિ લીલા કર્તા - અનુગ્રહ લીલા કરનારા.

૮૦ રહઃ પ્રિયઃ - એકાંત પ્રિય

ભક્તેચ્છાપૂરકઃ સર્વાજ્ઞાતલીલોતિમોહનઃ ।
સર્વાસક્તો ભક્તમાત્રાસક્તઃ પતિતપાવનઃ ।।૨૭।।

૮૧ ભક્ત ઈચ્છા પૂરકઃ - ભક્તોની ઈચ્છાને પૂર્ણ કરનારા.

૮૨ સર્વ અજ્ઞાત લીલાઃ-જેમની લીલાઓ સર્વથી સમજી શકાય તેવી નથી.

૮૩ અતિ મોહનઃ- અતિશય મનોહર.

૮૪ સર્વ અસક્તઃ- સર્વમાં આસક્તિ રહિત (છતાં)

૮૫ ભક્તમાત્ર આસક્તઃ- (પુષ્ટિ-વાળા.

૮૬ પતિત પાવનઃ- પતિતને પણ પવિત્ર કરનારા.

સ્વયશોગાનસંહૃષ્ટ હૃદયાંભોજવિષ્ટરઃ ।
યશઃ પીયુષ લહરી પ્લાવિતાન્યરસઃ પરઃ ।।૨૮।।

૮૭ સ્વયશોગાન સંહૃષ્ટ હૃદયઅંભોજ વિષ્ટરઃ- પોતાના યશનું ગાન કરી પ્રસન્ન થનારા ભક્તના હૃદય કમલરૂપી આસન પર બીરાજનારા.

૮૮ યશઃ પીયૂષ લહરી પ્લાવિત અન્ય રસઃ-યશોગાન રૂપી અમૃતના તરંગો દ્વારા અન્ય રસને ડૂબાડી દેનારા.

૮૯ પરઃ- (ક્ષર, અક્ષર સર્વથી) શ્રેષ્ઠ.

લીલામૃત રસાદ્રાર્દ્રીકૃતાખિલ શરીરભૃત્ ।
ગોવર્ધનસ્થિત્યુત્સાહસ્તલ્લીલા પ્રેમપૂરિતઃ ।।૨૯।।

૯૦ લીલા અમૃતરસ આર્દ્ર આર્દ્રીકૃત અખિલ શરીર ભૃત્:- લીલાઓ રૂપી અમૃતરસના પ્રવાહથી સર્વ દેહધારીઓને આર્દ્ર કરી દેનારા.

૯૧ ગોવર્ધન સ્થિતિ ઉત્સાહઃ- શ્રી ગોવર્ધનમાં નિવાસ કરવામાં ઉત્સાહ વાળા.

૯૨ તલ્લીલા પ્રેમ પૂરિતઃ- તેની (શ્રી ગિરિરાજની) લીલાઓના પ્રેમથી ભરપૂર

યજ્ઞભોક્તા યજ્ઞકર્તા ચતુર્વર્ગવિશારદઃ ।
સત્યપ્રતિજ્ઞસ્ત્રિગુણાતીતો નયવિશારદઃ ॥૩૦॥

૯૩ યજ્ઞ ભોક્તા :- યજ્ઞનો ભોગ કરનારા
૯૪ યજ્ઞ કર્તાઃ- યજ્ઞના કર્તા,
૯૫ ચતુર્વર્ગવિશારદઃ- (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) એ ચારે પુરૂષાર્થના જ્ઞાનમાં નિપુણ છે.
૯૬ સત્યપ્રતિજ્ઞઃ- સત્ય પ્રતિજ્ઞાવાળા
૯૭ ત્રિગુણાતીત :- (સત્વ, રજ અને તમ) ત્રણે ગુણોથી પર છે.
૯૮ નય વિશારદઃ- પોતાના સિદ્ધાંતમાં અત્યંત નિપુણ છે.

સ્વકીર્તિવર્ધનસ્તત્વ સૂત્રભાષ્ય પ્રદર્શકઃ ।
માયાવાદાખ્યતૂલાગ્નિ ર્બ્રહ્મવાદ નિરૂપકઃ ॥૩૧॥

૯૯ સ્વકીર્તિઃ વર્ધનઃ- (ગ્રંથ રચના, શાસ્ત્રાર્થ વિ. દ્વારા) પોતાની કીર્તિ વધારનારા.
૧૦૦ તત્વ સૂત્ર ભાષ્ય પ્રદર્શકઃ- તત્ત્વ-જ્ઞાનવાળા બ્રહ્મસૂત્ર પર પોતાના (અણુભાષ્ય નામક) ભાષ્યને પ્રકટ કરનારા.
૧૦૧ માયાવાદ આખ્ય તૂલ અગ્નિઃ- મયાવાદરૂપી રૂમાં અગ્નિ સમાન.
૧૦૨ બ્રહ્મવાદનિરૂપકઃ :- બ્રહ્મવાદનું નિરૂપણ કરનારા.

અપ્રાકૃતાખિલાકલ્પભૂષિતઃ સહજ સ્મિતઃ ।
ત્રિલોકીભૂષણંભૂમિ ભાગ્યં સહજસુંદરઃ ॥૩૨॥

૧૦૩ અપ્રાકૃત અખિલ આકલ્પ ભૂષિતઃ- સર્વ દિવ્ય અલૌકિક આભૂષણોથી શોભતા.
૧૦૪ સહજ સ્મિતઃ-સ્વાભાવિક સ્મિત-વાળા.
૧૦૫ ત્રિલોકી ભૂષણમ્- ત્રણેય લોકના આભૂષણરૂપ.
૧૦૬ ભૂમિ ભાગ્યમ્ઃ- ભૂમિના ભાગ્યરૂપ.
૧૦૭ સહજ સુંદરઃ- સ્વાભાવિક રીતે જ સુંદર.

અશેષભક્ત સંપ્રાર્થ્યચરણાબ્જરજોધનઃ ।
ઈત્યાનંદનિધેઃ પ્રોકતં નામ્નામષ્ટોત્તરં શતમ્ ॥૩૩॥

૧૦૮ અશેષભકત સંપ્રાર્થ્યચરણાબ્જ રજોધનઃ- સમસ્ત ભક્તો જેમના ચરણકમલના રજ રૂપી ધન માટે નિત્ય પ્રાર્થના કરે છે.
ઈતિ આનંદનિધેઃ- આમ આનંદ-નિધિ (શ્રી મહાપ્રભુજી)ના.
અષ્ટ ઉત્તર શતં નામ્નામ્- એકસોને આઠ નામો
પ્રોક્તં કહ્યા.

શ્રદ્ધા વિશુદ્ધ બુદ્ધિર્યઃ પઠત્યનુદિનં જનઃ ।
સઃ તદેકમનાઃ સિદ્ધિમુક્તાં પ્રાપ્નોત્યસંશયઃ ॥૩૪॥

યઃ જનઃ શ્રદ્ધા વિશુદ્ધ બુદ્ધિઃ-
જે માનવી શ્રદ્ધા વડે બુદ્ધિને વિશુદ્ધ
કરીને.

અનુદિનં પઠતિ- આનો પ્રતિદિન
પાઠ કરે.

સઃ તદ્ એકમનાઃ- તે
શ્રી મહાપ્રભુજીમાં તન્મય થાય છે અને
ઉક્તાં સિદ્ધિમ્- પહેલાં કહેલી
(આરંભમાં કહેલી) સિદ્ધિ ને
અસંશયઃપ્રાપ્નોતિ- જરાય
સંદેહ વિના, પામે છે.

તદપ્રાપ્તૌ વૃથા મોક્ષસ્તદાપ્તૌ તદ્ ગતાર્થતા ।
અતઃ સર્વોત્તમં સ્તોત્રં જપ્યં કૃષ્ણ રસાર્થિભિઃ ॥૩૫॥

તત્ અપ્રાપ્તૌ મોક્ષઃ વૃથા- તે
સિદ્ધિ ન મળે તો મુક્તિ પણ વ્યર્થ છે.
તત્ આપ્તૌ તત્ગત અર્થતા-
તે સિદ્ધિ મળી જાય તો મુક્તિનો
અર્થ જ રહેતો નથી (મુક્તિ વ્યર્થ
બની જાય છે.

અતઃ કૃષ્ણરસ અર્થિભિઃ- માટે
શ્રી કૃષ્ણ રસની ઈચ્છાવાળાએ
'સર્વોત્તમં સ્તોત્રં' જપ્યમ્-
આ 'સર્વોત્તમં સ્ત્રોતં' નો જાપ કરવો.

-: ઇતિ શ્રીમદ્ અગ્નિકુમાર પ્રોક્તં શ્રી સર્વોત્તમ સ્તોત્રં સંપૂર્ણમ્ :-

આમ શ્રી ગુસાંઈજીએ કહેલું શ્રી સર્વોત્તમ સ્તોત્ર પૂર્ણ થયું.

શ્રીવલ્લભાષ્ટક

(શ્રીમદ્-આચાર્યચરણના સ્વરૂપનું વર્ણન)

શ્રીમદ્વૃન્દાવનેન્દુ-પ્રકટિતરસિકાનન્દસન્દોહરૂપ-
સ્ફૂર્જદ્રાસાદિલીલામૃતજલધિભરાક્રાન્તસર્વોઽપિ શશ્વત્ ।
તસ્યૈવાત્માનુભાવ-પ્રકટનહૃદયસ્યાજ્ઞયા પ્રાદુરાસીદ્
ભૂમૌ યઃ સન્મનુષ્યાકૃતિરતિકરુણસ્તં પ્રપદ્યે હુતાશમ્ ॥૧॥

અનુવાદ-શ્રી વૃન્દાવનના ચંદ્ર શ્રીકૃષ્ણચંદ્ર ભગવાને પ્રગટ કરેલા રસિક ભક્તોમાં આનંદના દોહનરૂપે બિરાજતી રાસ વગેરે લીલાઓના અમૃતસાગરના સમૂહથી ભરેલાં સર્વ શ્રી અંગોવાળા હોવા છતાં ભગવાનની પોતાની જ લીલાશક્તિઓને પ્રગટ કરવાની ઇચ્છાવાળા શ્રીકૃષ્ણની આજ્ઞાથી, ભૂમિ પર સુંદર મનુષ્ય આકૃતિવાળા, અત્યંત કરુણામય, શ્રી આચાર્યવર્ય પ્રકટ થયા તે અગ્નિસ્વરૂપ શ્રી મહાપ્રભુજીને શરણે જાઉં છું. ૧

નાવિર્ભૂયાદ્ ભવાંશ્ચે દધિધરણિતલં ભૂતનાથોદિતાસમ્-
માર્ગધ્વાન્તાન્ધતુલ્યા નિગમપથગતૌ દેવસર્ગેઽપિ જાતાઃ ।
ઘોષાધીશં તદેમે કથમપિ મનુજાઃ પ્રાપ્નુયુર્નૈવ દૈવી
સૃષ્ટિવ્યર્થા ચ ભૂયાત્ નિજફલરહિતા દેવ વૈશ્વાનરૈષા ॥૨॥

અનુવાદ-હે વૈશ્વાનર દેવ ! જો આપશ્રી ભૂતલ ઉપર પ્રગટ થયા ન હોત તો આ દૈવી સૃષ્ટિમાં જન્મ લેવા છતાં પણ વેદમાર્ગમાં ચાલવામાં ભક્તજન ભૂલા પડતઃ અને ભૂતનાથે પ્રકટ કરેલા પાખંડ માર્ગના આશ્રયથી અંધપથગામી થાત. પરિણામે વ્રજરાજ નંદકુમારને મનુષ્યો મેળવી શકયા નહોત, તેમજ ભગવલ્લીલારૂપી અલૌકિક ફલથી વંચિત થઈ આ દૈવી સૃષ્ટિ વ્યર્થ થાત. ૨

ન હ્યન્યો વાગધીશાત્ શ્રુતિગણવચસાં ભાવમાજ્ઞાતુમીષ્ટે
યસ્માત્સાધ્વી સ્વભાવં પ્રકટયતિ વધૂરગ્રતઃ પત્યુરેવ ।
તસ્માત્ શ્રીવલ્લભાખ્ય ત્વદુદિતવચનાદન્યથા રૂપયન્તિ
ભ્રાંતા યે તે નિસર્ગ ત્રિદશરિપુતયા કેવલાન્ધંતમોગાઃ ॥૩॥

અનુવાદ-વાગધીશ શ્રીમદ્વલ્લભ પ્રભુ પ્રકટ ન થયા હોત તો ભાગ્યે કોઈ શ્રુતિ ભગવતીઓનાં અનેક વચનોનાં રહસ્યોને યથાર્થ સમજી શકાતઃ કારણ કે સાધ્વી સ્ત્રી પોતાના સ્વામીની પાસે જ પોતાનું હૃદય ખોલે છે, માટે હે શ્રીમદ્વલ્લભ પ્રભુ ! આપે કહેલ વચનામૃતથી જુદું જે કાંઇ જણાવે છે, તેઓ ભ્રાન્ત મતિવાળા છે. તેઓ સ્વભાવથી જ દેવોની સાથે વૈમનસ્ય

વૃત્તિવાળા અંધતમસમાં જનારા છે.

પ્રાદુર્ભૂતેન ભૂમૌ-વ્રજપતિચરણાંભોજ સેવાખ્યવર્ત્મ-
પ્રાકટયં યત્કૃતં તે તદુત નિજકૃતે શ્રી હુતાશેતિ મન્યે ।
યસ્માદસ્મિન્ સ્થિતૌ યત્ કિમપિ કથમપિ કવાપ્યુપાહર્તુમિચ્છ-
ત્યદ્ધા તદ્ ગોપિકેશઃ સ્વવદનકમલે ચારૂહાસે કરોતિ ॥૪॥

અનુવાદ-આદિદૈવિક અગ્નિસ્વરૂપી શ્રીમદવલ્લભ ! આપશ્રીએ ભૂતલ ઉપર પ્રકટ થઈ જે શ્રીકૃષ્ણચરણકમલની સેવાનો માર્ગ પ્રકટ કર્યો છે, તે ખરેખર નિજ ભક્તોને માટે જ છે, એમ હું માનું છું, કારણ કે આપે દર્શાવિલા માર્ગની રીત પ્રમાણે ભગવદીય જન કોઈ સ્થાને, કોઈ પણ રીતે અને કાંઇ પણ સામગ્રી શ્રીઠાકોરજીને આરોગાવવાનો મનોરથ કરે છે તેની સર્વ સામગ્રીનો શ્રી ગોપીજન-વલ્લભ પ્રભુ હસતા હસતા સાક્ષાત્ સ્વમુખકમલમાં અંગીકાર કરે છે.

ઉષ્ણત્વૈકસ્વભાવો પ્યતિશિશિરવચઃ પુંજપીયૂષવૃષ્ટિઃ
રાર્તેષ્વત્યુગ્રમોહા સુરનૃષુ યુગપત્ તાપમપ્યત્ર કુર્વન્ ।
સ્વસ્મિન્ કૃષ્ણાસ્યતાં ત્વં પ્રકટયસિ ચ નો ભૂતદેવત્વમેતદ્
યસ્માદાનંદદં શ્રી વ્રજજનનિચયે નાશકં ચાસુરાગ્નેઃ ॥૫॥

અનુવાદ-આપનો અત્યંત તેજસ્વી સ્વભાવ છે. છતાં પણ અતિશય શીતલ વચનામૃતની વૃષ્ટિને વરસાવો છો અને એક જ સમયે અતિશય ઉગ્ર મોહવાળા આસુર જીવો ઉપર તાપ પણ વરસાવો છો તેથી પોતાનાઃ ાં શ્રીકૃષ્ણના મુખારવિંદરૂપ અલૌક્કિ અગ્નિપણું પ્રકટ કરો છો; પરંતુ લૌક્કિ (પ્રાકૃત) અગ્નિપણું પ્રકટ નથી કરતા, કારણ કે આ અલૌકિક અગ્નિપણું વ્રજજનસમૂહને આનંદ આપનારું અને આસુર અગ્નિનો નાશ કરનારું છે. ૫

આમ્નાયોક્તં યદંભોભવનમલતસ્તચ્ચ સત્યં વિભો યત્
સર્ગાદૌ ભૂતરૂપા દભવદનલતઃ પુષ્કરં ભૂતરૂપમ્
આનંદે દૈકસ્વરૂપાત્ ત્વદધિભુ યદ્ભૂતભૂત્ કૃષ્ણસેવારસાબ્ધિ-
શ્ચાનંદૈકસ્વરૂપાત્ સ્તદખિલમુચિતં હેતુસામ્યં હિ કાર્યે ॥૬॥

અનુવાદ-હે વિભુ ! 'અગ્નિમાંથી જલ ઉત્પન્ન થયું' એવું જે વેદમાં કહ્યું છે તે સત્ય છે, કારણ કે સૃષ્ટિના આરંભમાં ભૂતરૂપ અગ્નિમાંથી ભૂતરૂપ જલ જે જન્મ્યું તેવી જ રીતે કેવલ આનંદાત્મક સ્વરૂપમાંથી આ ભૂતલ ઉપર આનંદ માત્ર સ્વરૂપવાળો અને શ્રીકૃષ્ણસેવારસનો મહાસાગર પ્રકટ થયો છો, તે સર્વ યોગ્ય જ છે, કારણ કે કાર્યમાં કારણનું સમાનપણું નક્કી જ છે.

स्वामिन् श्रीवल्लभाग्ने क्षणमपि भवतः सन्निधाने कृपातः
प्राणप्रेष्ठव्रजाधीश्वरवदनदिदृक्षार्तितापो जनेषु ।
यत्प्रादुर्भावमाप्नोत्युचिततरमिदं यत्तु पश्चादपीत्थं
दृष्टेऽप्यस्मिन् मुखेन्दौप्रचुरतरमुदेत्येव तच्चित्रमेतत् ॥७॥

અનુવાદ-હે સ્વામિન્ ! હે વલ્લભાગ્નિ ! એક પણ ક્ષણ આપનો સંબંધ થાય તો આપની કૃપાથી પ્રાણપ્રિય શ્રીવ્રજાધીશનું વદન નીરખવાની આર્તિ-વિરહતાપ ભક્તજનોમાં જે પ્રકટ થાય છે, તે તો સર્વથા યોગ્ય જ છે, પરંતુ જે તાપ પાછળથી પણ એવી રીતે મુખચન્દ્રને નીરખ્યા પછી તેમના દર્શન માટે અતિશય તીવ્રતાથી ઉદય પામે છે, તે આશ્ચર્યજનક છે.

अज्ञानाद्यंधकार प्रशमन पटुताख्यापनाय त्रिलोक्या-
मग्नित्वं वर्णितं ते कविभिरपि सदा वस्तुतः कृष्ण एव ।
प्रादुर्भूतो भवानि त्यनुभवनिगमा द्युक्तमानैरवेत्य
त्वां श्रीश्रीवल्लभे मे निखिलबुधजना गोकुलेशं भजन्ते ॥८॥

અનુવાદ-અજ્ઞાન વગેરે અંધકારને દૂર કરવાની ચતુરાઈની પ્રસિદ્ધિ માટે ત્રણે લોકોમાં કવિવરોએ આપનું અગ્નિત્વ સદા વર્ણવ્યું છે, પણ ખરેખર આપ શ્રીકૃષ્ણ જ પ્રકટ થયા છો એ પ્રમાણે અનુભવ વેદ વગેરે કહેલાં વચનોથી જાણીને 'શ્રી શ્રીવલ્લભ' એમ સંબોધી શરણાગત દૈવી જનો આપને શ્રીગોકુલેશરૂપે સેવે છે.

ઈતિ શ્રીવિઠ્ઠલેશરચિત શ્રીવલ્લભભાષ્ટકં સંપૂર્ણમ્

શ્રીસપ્તશ્લોકી

(શ્રીમદ્ આચાર્યચરણના ગુણોનું વર્ણન)

स्फुरत्कृष्णप्रेमामृतरसभरेणातिभरिता
विहारान् कुर्वाणा व्रजपतिविहाराब्धिषु सदा ।
प्रिया गोपीभर्तुः स्फुरतु सततं वल्लभ ईति
प्रथावत्यस्माकं हृदि सुभगमूर्तिः सकरुणा ॥१॥

અનુવાદ-છલકાતા શ્રીકૃષ્ણના પ્રેમમય અમૃતરસનિધિથી ભરેલી અને શ્રીવ્રજરાજના વિહારસાગરોમાં નિત્ય વિહાર કરતી ગોપીપતિ શ્રીકૃષ્ણચન્દ્રની અતિશય પ્રિય, 'શ્રીવલ્લભ'ની સંજ્ઞાથી પ્રસિદ્ધ એવી મહાપ્રભુજીની કરુણામય સુંદર મૂર્તિ અમારા હૃદયમાં સદા સ્ફુરો.

શ્રીભાગવતપ્રતિપદમણિવરભાવાંશુભૂષિતા મૂર્તિઃ।
શ્રીવલ્લભાભિધાન સ્તનોતુ નિજદાસ્યસૌભાગ્યમ્ ॥૨॥

અનુવાદ-શ્રીમદ્ ભાગવતના પ્રત્યેક પદરૂપી ઉત્તમ મણિઓનાં ભાવ ભર્યાં કિરણોથી સુશોભિત શ્રીઅંગને ધરાવતા શ્રીવલ્લભાચાર્યચરણ અમારા નિજ સેવક ના સૌભાગ્યને વિસ્તારો.

માયાવાદતમો નિરસ્ય મધુભિત્સેવાખ્યમાર્દ્ભુતં
શ્રીમદ્ગોકુલનાથસંગમસુધાસંપ્રાપકં તત્ક્ષણાત્ ।
દુષ્પ્રાપં પ્રકટં ચકાર કરૂણા રાગાતિસંમોહનઃ
સ શ્રીવલ્લભભાનુરુલ્લસતિ યઃ શ્રીવલ્લવીશાંતરઃ ॥૩॥

અનુવાદ-માયાવાદરૂપી અંધકારને નિવારીને શ્રીગોકુલેશ ભગવાનના સમાગમની સુધાને મેળવી આપનાર, અલૌકિક, દુર્લભ એવા શ્રીકૃષ્ણની સેવાના માર્ગને તાત્કાલિક પ્રકટ કર્યો છે એવા,-જે કરૂણાથી અને શ્રીકૃષ્ણમાં અનુરાગથી સર્વને મુગ્ધ કરતા અને શ્રી ગોપીજનવલ્લભને હૃદયમાં ધારણ કરતા એવા આપ શ્રીમદ્વલ્લભસૂર્ય સંપૂર્ણ પ્રકાશો છે. ૩

કવચિત્પાંડિત્યં ચેન્ ન નિગમગતિઃ, સાપિ યદિ ન
ક્રિયા, સા સાપિ સ્યાદ્ યદિ ન હરિમાર્ગે પરિચયઃ।
યદિ સ્યાત્ સોડપિ શ્રીવ્રજપતિરતિર્નેતિ નિખિલૈ-
ર્ગુણૈરન્યઃ કો વા વિલસતિ વિના વલ્લભવરમ્ ॥૪॥

અનુવાદ-ક્યાંક પાંડિત્ય જોવા મળે છે તો વેદનું સંપૂર્ણ જ્ઞાન ન હોય, ક્યાંક પાંડિત્ય અને વેદમાર્ગનું જ્ઞાન હોય છે તો વૈદિક ક્રિયાઓ નથી હોતી. જો કોઈમાં વૈદિક ક્રિયાઓ હોય તો હરિસેવામાર્ગનું જ્ઞાન નહિ હોય, કદાચ સેવામાર્ગનું જ્ઞાન પણ ક્યાંક મળે તો શ્રીવ્રજરાજના ચરણકમલમાં ભક્તિ ન મળે આ સ્થિતિમાં સર્વ ગુણોથી પરિપૂર્ણ શ્રીમદ્વલ્લભ મહાપ્રભુ વિના અન્ય કોણ ભૂતલમાં વિરાજે છે ? ૪

માયાવાદિકરીન્દ્રદર્પદલને નાસ્યેન્દુરાજોદ્ગતઃ
શ્રીમદ્ભાગવતાખ્યદુર્લભસુધા વર્ષેણ વેદોક્તિભિઃ।
રાધાવલ્લભસેવયા તદુચિત પ્રેમ્ણોપદેશૈરપિ
શ્રીમદ્વલ્લભનામધેયસદશો ભાવી ન ભૂતોડસ્ત્યપિ ॥૫॥

અનુવાદ-માયાવાદનું મંડન કરનાર ગજરાજના ગર્વના ચૂરા કરીને, નિજ મુખકમલરૂપ ચંદ્રથી પ્રકટ થયેલા, શ્રીમદ્ભાગવત નામની દુર્લભ અમૃતની વર્ષા શ્રીસુબોધિનીજી દ્વારા

વરસાવીને, વેદનાં વચનોથી શ્રીરાધિકાનાથજીની સેવા કરીને તેમજ તે સેવાને લાયક એવા પ્રેમ દ્વારા ઉપદેશો આપીને શ્રીમદ્વલ્લભ નામ ધારણ કરતા આચાર્ય સમાન કોઈ થશે નહિ, કોઈ હતા નહિ અને અને કોઇ છે નહિ. ૫

યદંઘ્રિનખમંડલ પ્રસૃતવારિપીયૂષયુગ્-
વરાંગહૃદયૈઃ કલિ સ્તૃણમિવેહ તુચ્છીકૃતઃ ।
વ્રજાધિપતિરિન્દિરા પ્રભૃતિમૃગ્યપાદામ્બુજઃ
ક્ષણેન પરિતોષિત સ્તદનુગત્વમેવાસ્તુ મે ॥૬॥

અનુવાદ-જેમના ચરણના નખમંડલમાંથી પ્રકટ થયેલા જલરૂપી અમૃતથી ભીંજાયેલાં મસ્તક અને હૃદયવાળા ભક્તોએ કલિયુગને તરણા જેવો તુચ્છ બનાવ્યો છે તેમજ ચરણકમલને શોધ્યાં જ કરે છે તેવા શ્રીવ્રજરાજને એક જ ક્ષણમાં પ્રસન્ન કરનાર શ્રી આચાર્યચરણનું દાસ્ય મને પ્રાપ્ત થાઓ. ૬

અઘૌઘતમસાવૃતં કલિભુજંગમાસાદિતં
જગદ્વિષયસાગરે પતિતમસ્વધર્મે રતમ્ ।
યદીક્ષણસુધાનિધિઃ સમુદિતોઽનુકમ્પામૃતા-
દમૃત્યુમકરોત્ક્ષણાદરણમસ્તુ મે તત્પદમ્ ॥૭॥

અનુવાદ-પાપના સમૂહરૂપ અંધકારથી ઘેરાયેલા. કળિયુગરૂપ સર્પથી ગળાયેલ. વિષયસાગરમાં ડૂબેલા, પર ધર્મમાં આસક્ત થયેલા જગતને પ્રકાશવા ઉદય પામેલ જેમનાં નેત્રરૂપ સુધાકર ચન્દ્રે કૃપામય અમૃત દ્વારા ક્ષણ વારમાં અમરબનાવ્યું, તેઓશ્રીનું ચરણકમલ મારું આશ્રયસ્થાન થાઓ.૭

સ્વાધ્યાય ૧

શ્રીકૃષ્ણ

કૃષ્ણ નામ :-

કૃષ્ણ નામનો અર્થ છે. સદ્ આનંદ.

कृषिर्भूवाचक शब्दः णश्च निर्वृतिवाचक : ।
तयोरैक्यं परब्रह्म कृष्ण ईत्यभिधीयते ॥

'કૃષ્' એટલે સત્તા, નિત્યતા, શાશ્વતતા. અને 'ન' એટલે આનંદ. કૃષ્ણ એટલે એવો આનંદ કે જે શાશ્વત આનંદ છે. લૌકિક સુખ આનંદ નથી લૌકિક સુખ શાશ્વત રહી ન શકે. અલૌકિક, નિત્ય, ત્રિકાલ અબાધિત એવા આનંદ ને કૃષ્ણ કહે છે.

સત્તા એટલે રાધા. અને આનંદ એટલે કૃષ્ણ. જે આનંદ શાશ્વત ન રહે તે આનંદ શું કામનો ? જે નિત્યતા આનંદરૂપ, રસરૂપ ન હોય તો તે ય નકામી જ ને ! જેમ સત્તા અને આનંદ પરસ્પરાશ્રિત છે તેમ શ્રીરાધા અને શ્રીકૃષ્ણ પણ એકમેક સાથે સદા અભિન્ન રહે છે.

भक्तानां पापादि दोषान् कृषति निवारयति ईति कृष्णः એમનું નામ કૃષ્ણ એટલા માટે પણ છે કે તે ભક્તોના પાપ આદિ દોષોને નિવારે છે. ખેંચી કાઢે છે.

तेषां दुर्लभानपि पुरुषार्थान् आकर्षयति प्रापयति ईति कृष्णः

ભક્તોને અત્યંત દુર્લભ પુરૂષાર્થો પ્રાપ્ત કરાવે. ભક્તોની પાસે દુર્લભ સુખોને ખેંચી લાવે છે, માટે એ કૃષ્ણ છે. ગોલોકના-વૈકુંઠના સુખોને ભગવાન વ્રજમાં ઊતારી લાવ્યા. અરે, વૈકુંઠમાં ય દુર્લભ એવી લીલાઓ એમણે વ્રજમાં કરી. કેમ કે એ કૃષ્ણ છે. પિતા પોતાના વહાલસોયા સંતાનો ને માટે તેમજ પતિ પોતાની પ્રિય પત્ની માટે ઉત્તમ થી પણ ઉત્તમ વસ્તુઓ લઈ આવે તેમ પ્રભુ ભક્તોના સુખને માટે પોતાના સ્વરૂપમાં જ ધર્મ, અર્થ, મોક્ષ આદિને લઈ આવ્યા. કૃષ્ણરૂપે વ્રજવાસીઓને સર્વસ્વ સાંપડી ગયું.

कर्षति अरिन् ईति कृष्णः

શ્રીકૃષ્ણે અસુર સંહાર લીલા કરી તેની સાથોસાથ જીવમાં રહેલાદોષોનેય નષ્ટ કર્યા છે. પૂતના-ઉદ્ધારની સાથે સાથે અવિદ્યાનાશ પણ કર્યો છે. શકટભંજનની સાથે સાથે આસુરભાવ સંબંધી લૌકિક પદાર્થોમાં અભિનિવેશનો નાશ કરે છે. બકાસુરને મારીને દંભનો નાશ કરે છે. વિ.

પૂર્ણ અવતાર :

શ્રીકૃષ્ણનું પ્રાકટય અવિકૃત પ્રાકટય છે. બીજા અવતારોની જેમ શ્રીકૃષ્ણ અવતાર અંશ

અવતાર કે કલા અવતાર નથી. પૂર્ણ શક્તિમાન સાક્ષાત્ પુરૂષોનમ પ્રકટયા છે. શ્રીવ્યાસ, કપિલ આદિ અવતારો ભગવાનની જ્ઞાનકલાના અવતાર છે. શ્રી વરાહ, પરશુરામ, નરસિંહ આદિ અવતારો ભગવાનની ક્રિયાકલાના અવતાર છે. પરંતુ શ્રીકૃષ્ણ તો જ્ઞાનક્લા તેમજ ક્રિયાકલા બંનેને પોતાનામાં જ લઈને પ્રકટયા છે. કેમકે તે સ્વયં ભગવાન છે.

શ્રીકૃષ્ણ અને બલરામનો ભેદ પણ સમજવા જેવો છે. બલરામ સાધન શક્તિ છે. જ્યારે શ્રીકૃષ્ણ ફલશક્તિ છે. સાધનશક્તિ નીતિમાર્ગને અનુસરે છે જ્યારે ફલશક્તિ પુષ્ટિમાર્ગને અનુસરે છે. બલભદ્રમાં ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ છે જ્યારે શ્રીકૃષ્ણમાં ભક્તિ અને પરમાનંદ છે.

શ્રીકૃષ્ણ પૂર્ણ બ્રહ્મ છે. પામર જીવોને, અજ્ઞાનીઓનેય એમના માહાત્મ્યનો બોધ થાય એટલા માટે, એમણે ઐશ્વર્ય સૂચક, માહાત્મ્યબોધક લીલાઓ કરેલ છે. જેમકે ગોવર્ધન ધારણ લીલા, કાલીયદમન લીલા, પૂતના ઉદ્ધાર લીલા, સ્વમુખમાં બ્રહ્માંડ દર્શન લીલા વિ. લીલાઓ દ્વારા એમનું પૂર્ણ પુરૂષોત્તમપણું સિદ્ધ થાય છે.

અવતાર હેતુ :

શ્રીકૃષ્ણ અવતારના અનેક પ્રયોજનો છે.

ભગવાનના અવતારનું એક પ્રયોજન 'ભક્તિ ને પ્રવર્તાવવી' એ છે. ભગવાન પ્રકટ રૂપે બીરાજતા ન હોય ત્યારે ભક્તોને ભક્તિ કરવામાં એટલી સરળતા નથી પડતી જેટલી સરળતા પ્રકટરૂપે બીરાજતા હોય ત્યારે સરળતા પડે છે. ભગવત્સ્વરૂપ પણ ભક્તિ માટેનું પ્રબળ સાધન છે. શ્રી મહાપ્રભુજી કહે છે, **અવતાર વિષયિણી ભક્તિરતિપુષ્ટા** અવતાર સંબંધી ભક્તિ અતિપુષ્ટ હોય છે.

ચાર મુખ્ય પ્રયોજન માટે ભગવાન અવતાર લે છે. (૧) દુષ્ટોનો વિનાશ કરવા, (૨) સંતો-ભક્તો વિ.નું રક્ષણ કરવા, (૩) જીવને મુક્તિ આપવા અને (૪) ભક્તિ આપવા-

ભૂભાર હરવો એ ભગવદ્ અવતારનું રાજસ પ્રયોજન છે. સાધુ પરિત્રાણ એ સાત્વિક પ્રયોજન છે, દુષ્ટનિગ્રહ તામસ પ્રયોજન છે. ભક્તિ પ્રવર્તાવવા પ્રકટ થવું એ અવતારનું નિર્ગુણ પ્રયોજન છે. આમાં ય મુક્તિ અને ભક્તિ આપવી એ પ્રધાન હેતુ છે કેમકે ભૂભાર હરણ જેવા હેતુતો અન્ય રીતે અથવા અન્ય અવતારો દ્વારા પણ સિદ્ધ થઈ જ શકે છે.

કૃષ્ણ સ્વરૂપ :-

શ્રીકૃષ્ણ સ્વરૂપ સર્વ પ્રકારના પ્રાકૃત ધર્મથી રહિત છે. પૂર્ણ નિર્દોષ તેમજ પૂર્ણ સંપન્ન છે. તે અલૌકિક છે. અદ્‌ભૂત છે. લોકવેદ સિદ્ધ નથી. છતાં એ લોકવેદ પ્રસિદ્ધ પણ છે. શ્રીકૃષ્ણરૂપ સત્ તેમજ ચિત્ તથા આનંદ રૂપ છે. પાંચભૌતિક ન હોવાથી તે સત્ય સ્વરૂપ છે. જ્ઞાન સ્વરૂપ હોવાથી, જ્યોતિર્મય, પ્રકાશમય હોવાથી ચિદ્ સ્વરૂપ છે. તેમજ તે રસમય, આનંદમય, સર્વ પ્રિય, પરમ સુખરૂપ છે.

પરમાનંદ શ્રીકૃષ્ણનું સ્વરૂપ નીલવર્ણનું છે. એના ૪ પ્રકાર છે. આકાશ, કાલ, ભૂમિ અને વૈકુંઠ. આ ચારે પ્રકાર સમજીએ :

(૧) આકાશમાં કાંઈ હોતું નથી છતાં તેનો નીલવર્ણ જોવા મળે છે. તેમ પરબ્રહ્મ અત્યંત ગંભીર ગહન હોવાના કારણે તેમનો નીલવર્ણ છે.

(૨) યુગ કાલના અંગ છે. સત્યત્રેતા વિ. યુગો કાળના ૪ અંગ છે. ભગવાન સત્ય, ત્રેતા વિ. યુગોના અધિષ્ઠાતા હોવાથી સ્વરૂપના યુગાનુસાર ચાર વર્ણ માન્યા છે. શુકલ, રકત, પીત અને નીલ.

(૩) ભૂમિ પણ નીલવર્ણમાં કારણરૂપ છે જ ભગવાનનું પ્રાકટય ભૂતળ પર થયું છે. ભૂમિનો વર્ણ નીલવર્ણ છે. ભૂમિનો નીલવર્ણ ભગવાનમાં પ્રતિબિંબિત થયો છે માટે તેમનો નીલવર્ણ છે.

(૪) શુદ્ધ સત્વનો રંગ નીલવર્ણ છે. ભગવાન શુદ્ધ સત્વાત્મક વૈકુંઠમાં પ્રકટયા છે માટે તેમનો વર્ણ નીલવર્ણ છે.

વળી, શ્રીકૃષ્ણ મેઘશ્યામ છે. અનેકવાર એમના વર્ણને મેઘ સાથે સરખાવાયો છે. જેમ મેઘ ૩ કાર્યો વિશેષરૂપે કરે જ છે. તેમ શ્રીકૃષ્ણ પણ-મેઘ સર્વને સુખ આપે છે, અન્નની ઉત્પત્તિ વડે સર્વનું પોષણ કરે છે અને સર્વના તાપને હરે છે. તેમ ભગવાન શ્રીકૃષ્ણ સર્વ કોઈને તેના તેના ભાવ અનુસાર સુખ આપે છે. સર્વનું પોષણ પણ કરે છે. તેમજ જીવના આધિભૌતિક, આધ્યાત્મિક તેમજ આધિદૈવિક તાપને ય હરે છે માટે શ્યામ છે.

શ્રીકૃષ્ણ-વિષ્ણુ શૃંગારરસના અધિષ્ઠાતા છે. અને સાહિત્યશાસ્ત્રમાં શૃંગારરસનો વર્ણ શ્યામ માન્યો છે. માટે એ શ્યામ છે.

અનેકવાર એમણે ચતુર્ભુજરૂપે દર્શન આપ્યા છે. બે ભુજા દૈત્ય માટે ઘાતક અને બે ભુજા ભક્ત માટે રક્ષક છે. હાથ કર્મેન્દ્રિય કહેવાય જીવના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચારે પુરૂષોર્થો માટેની ક્રિયાશક્તિ ભગવાનની ભુજાઓ છે. વળી પૃથ્વી, જલ, તેજ અને વાયુ એમ ચાર તત્વને એ ધારણ કરે છે માટે ચતુર્ભુજ છે.

શ્રીકૃષ્ણ જે આયુધો ધારણ કરે છે તે પણ તત્વરૂપ છે. શંખ જલતત્વ છે, ચક્ર અગ્નિતત્વ છે, ગદા વાયુતત્વ છે. અને પદ્મ પૃથ્વીતત્વ છે.

સાધન સહિત સાંખ્ય અને યોગ એ બે પ્રભુના કુંડલો છે. ભક્તિમાર્ગ એ એમનું મુખ્ય છે. ક્રિયાશક્તિ કરતાં જ્ઞાનશક્તિ ઉત્તમ છે. તેથી મુક્ત જીવોને સરસ્વતીનું સ્થાન પ્રાપ્ત કરાવવા ભગવાન કંઠમાં કૌસ્તુભ મણિ ધારણ કરે છે.

શ્રીકૃષ્ણનું પીતાંબર વેદ છે. ભગવાન પોતાના આધિદૈવિક રૂપ પણ પીતાંબર-ધારણ કરે છે ત્યારે વેદનો પ્રચાર થાય છે. પીતાંબર પર શોભતો કંદોરો ઉપનિષદોના અર્થ છે.

પ્રભુના સઘળાં આભરણો એ સર્વ શાસ્ત્રો છે. વેત્ર બ્રહ્મા અને વેણુ રૂદ્ર છે. વેણુ પરમ

આનંદ રૂપ છે. સ્વરૂપાનંદ (મોક્ષનું સુખ) અને વિષયાનંદ (ભોગનું સુખ) આ બંને ને અણુ જેવડા તુચ્છ બનાવી દે તે આનંદ વેણુ છે.

ઈન્દ્ર તેમનું શીંગુ (હરણના શીંગડામાં બનાવવામાં આવતું વાદ્ય) છે. ગાયો અને ગોપ એ દેવગણ છે. શ્રીનંદજીએ પરમાનંદ સ્વરૂપ છે, શ્રીયશોદા મુક્તિનું સ્વરૂપ છે, ગોપિકાઓ શ્રુતિનાં આધિદૈવિક સ્વરૂપ છે. પાંચજન્ય શંખ એ વિષ્ણુનું સ્વરૂપ છે, મહેશ ખડ્ગ છે, કાલિકા ગદા છે, સુદર્શન ચક્ર એ બ્રહ્મજ્ઞાન છે. જગતની ઉત્પત્તિ એ કમળ છે અને વાયુદેવતાએ વૈજ્યંતિમાલા છે. શ્રી બલરામ શેષનાગ છે. શ્રી રોહિણી દયા છે, શ્રી દેવકી બ્રહ્મવિદ્યા અને વસુદેવ વેદરૂપ છે. શ્રીકૃષ્ણનો જમણો ચરણ મર્યાદાભક્તિ તેમજ ડાબો ચરણ પુષ્ટિભક્તિ છે. જીવોને ઉન્માદ કરાવનારી માયા એ શ્રીકૃષ્ણનું હાસ્ય છે. કાલ એમની ભ્રૂકુટિ છે.

એકો દેવ :-

ભૂતળ પરિક્રમા કરતા શ્રી વલ્લભ જગન્નાથપુરી પધાર્યા. ત્યાંના રાજાએ એમની પ્રતિભા અને વિદ્વત્તા જોઈએ વિચાર્યું કે મારા પંડિતોમાં વારંવાર કયો મત, કયા દેવ ઉત્તમ ? એવા વિવાદો ચાલ્યા કરે છે અને કોઈ જ નિરાકરણ આવતું નથી, તો શ્રી વલ્લભની સહાયતાથી કંઈક રસ્તો નીકળે તો સારૂ માટે શ્રી જગન્નાથજીની સન્મુખ પંડિતોની સભા ભરી.

રાજાઓ સભાને ચાર પ્રશ્નો પૂછ્યા. કિં શાસ્ત્રમ્ ? કો દેવ ? કો મંત્રઃ ? અને કિં કર્મ ? આ વિવાદમાં શ્રી મહાપ્રભુજીનો વિજય થયો તો પણ પંડિતોએ ભગવાનનો મત માગ્યો.

સત્ય સિદ્ધાંતને જાણવા માટે શ્રી જગન્નાથ ભગવાનની સન્મુખ કાગળ, કલમ અને ખડિયો મુકવામાં આવ્યા. સૌને બહાર લાવીને મંદિર બંધ કરી દેવામાં આવ્યું. થોડી વાર પછી મંદિર ખોલીને જોતાં કાગળ પર એક શ્લોક દ્વારા ઉપરોક્ત ચારે ય પ્રશ્નોનો ઉત્તર મળી ગયો અને શ્રી જગન્નાથ ભગવાને શ્રી મહાપ્રભુજીના મતને સંમતિ પણ આપી.

એકં શાસ્ત્રં દેવકીપુત્રગીતમેકો દેવો દેવકી પુત્ર એવ ।
મંત્રોઽપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા ॥

અર્થઃ સર્વશાસ્ત્રોમાં ગીતા જ એકમાત્ર સર્વોત્તમ શાસ્ત્ર છે, સર્વદેવોમાં શ્રીકૃષ્ણ જ સર્વોત્તમ દેવ છે, સર્વ મંત્રોમાં ભગવાન શ્રીકૃષ્ણના નામ જ સર્વોત્તમ મંત્ર છે અને સર્વ કર્મોમાં ભગવાનની સેવા એ જ સર્વોત્તમ કર્મ છે.

મોહન નંદરાય કુમાર ।
પ્રકટ બ્રહ્મ નિકુંજ નાયક, ભક્તહિત અવતાર ॥
પ્રથમ ચરણ સરોજ વંદો, શ્યામઘન ગોપાલ ।
લલિત કુંડલ ગંડ મંડિત, ચારૂ નૈન વિશાલ ॥

બલરામ સહિત વિનોદ લીલા, શેષ શંકર હેત ।
"દાસ પરમાનંદ" પ્રભુ હરિ, નિગમ બોલત નેત ॥

આખા વિશ્વને પોતાની મોહિનીમાં મુગ્ધ કરનાર મોહન નંદરાયજીના કુંવર તરીકે પ્રકટયા છે. બ્રહ્મ પ્રાયઃ અવ્યક્ત સ્થિતિમાં રહે તો એના દર્શન, સેવા વિ. કેવી રીતે થઈ શકે ?અવ્યક્ત લીલા પુરૂષોત્તમ નથી જ. લીલા તો વ્યક્તની જ પ્રસાદી છે. ભક્તોને શાંત, સમ નહીં પરંતુ ખેલતો, નાચતો પ્રત્યક્ષ પ્રભુ જ ખપે. એ વિશ્વ વૃંદાવન કે ભક્તહૃદય નિકુંજ-નાયક છે. જેમ ભૂમિના તાપ અને તૃષાને હરવા મેઘ વરસે તેમ જ આ સકલ સંસારના સર્વ જીવોના સંતાપ અને સુખપિપાસાને શમાવવા મેઘશ્યામ બનીને વરસે છે.

પ્રભુને મેઘની ઉપમા જ યોગ્ય છે સ્વરૂપથી જ નહીં સ્વભાવ થી પણ એ મેઘ જેવા છે. વિનંતી વિના વરસે, પાત્ર-અપાત્રનો વિચાર કર્યા વિના વરસે, તૃષિતની પાસે આવીને વરસે. ઘૂંટ બે ઘૂંટ નહીં, રેલમછેલ કરી નાખે.

ગો એટલે પૃથ્વી, એનો પાલક પણ મેઘ જ ને ! ગો એટલે ઈન્દ્રિયો એનો પાલક પણ સર્વાત્મા પ્રભુ જ ને ! ગો એટલે વાણી. પ્રાણ રૂપે એ જ પાલકને ! એ જ પ્રસુપ્ત વાણીને જગાડનારો પ્રાણ છે, માત્ર ગાયો ચરાવનારો હોવાથી એ ગોપાલ નથી એ વિશ્વપાલક છે માટે ગોપાલ છે.

શેષ (વિશ્વનો આધાર) શંકર (વિશ્વનું કલ્યાણ) ને માટે એ લીલા કરે છે. એની લીલાઓનું શું વર્ણન કરવું ? જ્યારે વેદો પણ નેતિ નેતિ કહે છે તો પરમાનંદદાસજી શું કહે ?

ભક્તિ પોષણ :-

(૧) શ્રીગુરૂ શ્રી વલ્લભ દેવને હું કરું પ્રણામ;
શ્રી વિઠ્ઠલ શ્રીકૃષ્ણ શ્રીયમુને, મહાપૂર્ણ કામ,
પૂર્ણ કામ દામોદરદાસ, અષ્ટ સખા પૂરો ઉર વાસ,
શુભમતિ દ્યો અતિ પરમ પવિત્ર, ભક્તિ સુપોષણ ગાઉં ચરિત્ર સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ૧

ભગવદીઓએ પોતાના ભક્તિબીજનું સિંચન કરવા માટે, ભક્તિલતાનું સંવર્ધન કરવાને માટે, તેમજ ભક્તિ કલ્પતરૂને સફલ કરવાને માટે જે રસાયણ આવશ્યક છે તે આ 'ભક્તિ પોષણ'માં સુલભ છે. એકસો એક ચંદ્રાવળામાં શ્રીદયારામ ભક્તિના પ્રાયઃ બધા જ અંગોને પોષણમળે એવા સિદ્ધાન્તો તેમ જ ભાવરત્નો પ્રસ્તુત કરે છે.

ગુરૂકૃપાથી જ સઘળું થાય છે માટે પ્રારંભમાં ગુરૂવંદના છે. શ્રી મહાપ્રભુજી શ્રી ગુસાંઈજી, શ્રીકૃષ્ણ, શ્રી યમુનાજી આપ સૌ ભક્તની કામના પૂર્ણ કરનાર છો.

ભગવદીય અનુગ્રહ પણ આવશ્યક છે માટે સર્વ વૈષ્ણવોના મૂળ એવા દામોદરદાસજીને, અષ્ટ સખાને ય વંદન કરી મંગલાચરણ કરે છે.

સર્વ સાર

(૨) ચાર વેદ ષટ શાસ્ત્રનો વારે વારે કર્યો રે વિચાર;
ઉપનિષદના અર્થનો શોધતા નિકળ્યો એ સારઃ
નીકળ્યો સાર શ્રીકૃષ્ણની ભક્તિ, સત્સંગમાં કરવી આસક્તિ;
શ્રી પૂર્ણ પુરસોત્તમને યુગલ ચરણે, સર્વ સમર્પીને રહેવું શરણે;
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ૨

ઋક્, યજુ, સામ અને અથર્વવેદ તેમજ ન્યાય-વૈશિષિક, સાંખ્ય-યોગ અને મીમાંસા-વેદાંત એમ ચાર વેદ અને ષડ્દર્શનો ઉપનિષદો અને અન્ય પુરાણ વિ. શાસ્ત્રોનું દોહન શું ?

સર્વના સારમાં ભક્તિ જ સાર છે. ભક્તિ માર્ગ નથી, રાજમાર્ગ છે. ભક્તિ સાધન નથી, સાધ્ય પણ છે. દેવોમાં જેમ દેવાધિદેવ શ્રીકૃષ્ણ તેમ જ સાધનામાંસૌથી મોટી પ્રેમ સાધના છે. ત્રણ સિદ્ધાંતોને દયારામ મુખ્ય સિદ્ધાંત તરીકે નિરૂપે છે.

૧ઃ શ્રીકૃષ્ણની ભક્તિ કરવી, ૨ઃ સત્સંગમાં દ્રઢ આસક્તિ રાખવી અને ૩ઃ ભગવાનના ચરણે સર્વ સમર્પણ કરીને રહેવું.

સેવો શ્રીકૃષ્ણ કૃપાલ ! કેવું સુંદર ધ્રુવપદ ! કૃષ્ણ સેવા સદા કાર્યા ! ના જેવું જ !

બ્રહ્મ

સચ્ચિદાનંદ બ્રહ્મ જ પોતાની શક્તિને પોતાનામાં ત્રણ પ્રકારે રાખીને જ પ્રમાણ, પ્રમેય અને ફલરૂપ થયા.

એમનું શ્રુતિ (વેદ) રૂપે પ્રાકટ્ય એટલે એટલે પ્રમાણ રૂપ. એમનું બ્રહ્મરૂપ એટલે પ્રમેયરૂપ અને અનંત ગુણોથી પરિપૂર્ણ એવા શ્રીહરિ એ ફલરૂપ-એમ ત્રિવિધ થયા.

સ્વરૂપ :-

પરબ્રહ્મ પરમાત્મા એક છે, મહાન છે, પરાત્પર છે, સર્વોત્તમ અને અદ્વિતીય છે. તે મહાન થી ય મહાન છે, તેની બરાબરી કરી શકે એવું કોઈ નથી. આ બ્રહ્મ સ્વરૂપ અવ્યક્તથી પર છે, નિત્ય છે. તેમજ સનાતન છે.

स एक एव एकवृदेक एव सर्वे अस्मिन् देवा एकवृतो भवन्ति

પરબ્રહ્મ એક જ છે, એક જ છે. એક જ છે. તેના વિના અન્ય કોઈ નથી જ. સર્વે દેવો આ એક પરબ્રહ્મનું અવલંબન કરે છે.

એ એક અને અદ્વિતીય છે એટલું જ નહીં પરંતુ એ જ પરમ ગતિ છે કેમકે **अव्यक्तात्पुरुषः परः । पुरुषान्न परं किंचित्सा काष्ठा सा परागतिः** ॥ અવ્યક્તથી પુરૂષ પર છે, પુરૂષથી પર કશું જ નથી. તે જ પરાકાષ્ઠા છે અને પરગતિ છે.

પૂર્વે પરબ્રહ્મનું જ અસ્તિત્વ હતું, અન્ય કશું જ ન હતું. પૂર્વ આ બધું જ સત્ હતું સદેવ સૌમ્યેદમગ્ર આસીત્ સૃષ્ટિના પૂર્વમાં સર્વના કારણ રૂપ એવું સત્ તત્વ એટલે કે પરબ્રહ્મનું જ અસ્તિત્વ હતું.

પરબ્રહ્મ સિવાય બીજું કોઈ તત્વ નથી જ માટે-

यत्र येन यतो यस्य यस्मै यद्यद्यथा यदा । स्यादिदं भगवान् साक्षात् प्रधान-पुरुषेश्वरः ॥ જેમાં આ સર્વ (રહેલા) છે, જેનાથી આ સર્વ છે, જેમાંથી આ સર્વ છે, જેનું આ સર્વ છે, જેને માટે આ સર્વ છે, જે જે જેવી રીતે અને જ્યારે જ્યારે આ છે તે સર્વ સાક્ષાત્ પ્રધાન પુરૂષેશ્વર ભગવાન જ છે.

पुरुष एव ईदं सर्व यद् भूंत यच्च भाव्यम्- જે કાંઈ દેખાય છે તે, જે થઈ ગયું છે તે અને જે કાંઈ થનાર છે તે બધું જ પુરૂષરૂપ છે એટલે કે બ્રહ્મરૂપ છે.

તત્વવેત્તા મુનિઓએ પરમતત્વ ને બ્રહ્મ, પરાત્મા અથવા ભગવાન તરીકે નામ આપ્યું છે, જ્ઞાનીઓની પરિભાષામાં તે બ્રહ્મ છે. યોગીઓ તેને પરમાત્મા કહે છે અને ભક્તો માટે

તે ભગવાન છે. પરબ્રહ્મ, પરમાત્મા ભગવાન એક જ હોવા છતાં દ્રષ્ટા અને દૃશ્ય આદિ શબ્દોથી વિવિધ સ્વરૂપે જણાય છે.

સર્વકર્તા

જે પરમાત્મા ને વેદ એક, અદ્વિતીય કહે છે તે સ્વરૂપથી તેમજ કાર્યથી સર્વતંત્રી સ્વતંત્ર છે. તે જ સર્વકર્તા છે.

બહુ સ્યાં પ્રજાયેયેતિ વીક્ષા તસ્ય હ્યભૂત્ સતી । બ્રહ્મને એવી ઈચ્છા થઈ કે હું બહુરૂપે થાઉં. તેથી તે જ પોતાની શક્તિથી જગત રૂપ થયા. માયા તે બ્રહ્મને વશ છે પરંતુ બ્રહ્મ તે માયાને વશ નથી જ. પરબ્રહ્મ કર્તું, અકર્તું અને અન્યથા કર્તું સમર્થ છે તેથી તે અવ્યય રહીને, અચ્યૂત રહીને પોતાનામાંથી આ બધું સર્જન કરે છે.

સર્વકર્તા પરમાત્મા જ જગતનું સમવાયી અને નિમિત્ત કારણ બને છે. એમનું માહાત્મ્ય એટલું બધું અગાધ છે કે કયારેક તે સ્વયંમાં તો કયારેક તે સ્વરચિત સૃષ્ટિમાં આવીને રમણ કરે છે.

આવિર્ભાવ અને તિરોભાવ આ બે શક્તિઓ ભગવાનની જ છે અને એ શક્તિઓ અને ભગવાનની વચ્ચે કોઈ ભેદ નથી. પરબ્રહ્મ અને પરબ્રહ્મના ધર્મો વચ્ચે પણ કોઈ ભેદ નથી. એક, અદ્વિતીય પરમ તત્વ જ છે. કારણ (બ્રહ્મ) અને કાર્ય (સૃષ્ટિ) આ બંને વચ્ચે પણ અભેદ જ છે.

પ્રપંચો ભગવત્કાર્યસ્તદ્રૂપો માયયાઽભવત્ । તચ્છક્ત્યા ॥ બ્રહ્મ સર્વકર્તા છે તેથી આ સમગ્ર જગત પણ ભગવાનનું કાર્ય છે-ભગવાન પોતે જ પોતાની માયાથી જગત રૂપ થયા છે.

એમનો પરિચય પણ એમના કર્તૃત્વના હિસાબે થાય છે, જેમ કે **ય શ્ચ વિશ્વં સૃજતિ, વિશ્વં બિભર્તિ વિશ્વં ભૂંક્તે સ આત્મા** એ વિશ્વનું સર્જન કરે છે, વિશ્વને ધારણ કરે છે અને તેને ગળી જાય છે તે આત્મા-પરબ્રહ્મ છે.

યથોર્ણનાભિઃ સૃજતે ગૃહ્ણતે ચ જેવી રીતે કરોળીયો પોતાનામાંથી જ લાળને ઉત્પન્ન કરે છે(તેનું જાળું બનાવે છે, તેમાં રહે છે અને પછી ઈચ્છા ન રહેતાં) અને તેને પોતે જ ગળી જાય છે તે પ્રમાણે અક્ષરમાંથી જ આ વિશ્વની ઉત્પત્તિ થાય છે, અને અક્ષરમાં જ તેનો લય થાય છે.

તેના મુખમાંથી બ્રાહ્મણો, બાહુમાંથી ક્ષત્રિયો, સાથળમાંથી વૈશ્ય અને પગમાંથી શુદ્ર ઉત્પન્ન થયા. તેમની મનમાંથી ચંદ્રમા, ચક્ષુથી સૂર્ય, કાનથી વાયુ અને પ્રાણ, મુખથી અગ્નિ, નાભિથી અંતરીક્ષ, પગથી ભૂમિ, શ્રોત્રથી દિશાઓ એમ અનેક પ્રકારની સૃષ્ટિ પ્રભુમાંથી જ થઈ છે.

શ્રીકૃષ્ણ ગીતાજીમાં કહે છે, **અહં કૃત્સ્નસ્ય જગતઃ પ્રભવ પ્રલયસ્તથા** હું

સમગ્ર જગતનું સર્જન અને સંહાર કરનાર છું.

વૈષમ્ય નૈર્ઘૃણ્ય દોષ પરિહાર

ઘણાને ઈશ્વરના વિષયમાં એવી પણ શંકા થાય છે કે વ્યાવહારિક જગતમાં તો ઈશ્વર સમને બદલે વિષમ-પક્ષપાતપૂર્ણ દેખાય છે, ઈશ્વરે આ જગતમાં દેવ આદિને ઘણા સુખી બનાવ્યા છે. પશુપક્ષી વિ. ને ઘણા દુઃખી બનાવ્યા છે. વેદ આદિ કહે છે કે ઈશ્વર સર્વકર્તા છે, બધું જ એ કરે છે તો એ જેને સુખ આપે છે. એના પ્રત્યે એને અવશ્ય રાગ હોવો જોઈએ અને જેને દુઃખી કરે છે તેના પ્રત્યે દ્વેષ હોવો જોઈએ. ઈશ્વરમાં વૈષમ્ય-વિષમતા છે, એનો બધા સાથે સમાન વ્યવહાર નથી તેમ જ નૈર્ઘુણ્ય દયા-કરૂણાનો પણ અભાવ છે. પરંતુ ખરેખર તો **वैषम्यं नैर्घृण्ये न सापेक्षत्वात् तथा हि दर्शयति**

ક્રિયામાં વિષમતા દેખાતી હોવા છતાં ઈશ્વરમાં વિષમતા નથી જ. નિર્દોષ વ્યક્તિને ન્યાયાધીશ છોડી મૂકે છે તેનું કારણ તેના પ્રત્યેનો રાગ નથી પરંતુ ન્યાયાધીશની ન્યાયપ્રિયતા છે, તટસ્થતા છે તે પ્રમાણે ગુનેગારને એ સજા કરે છે તો તેનું કારણ એના પ્રત્યેનો દ્વેષ નથી પરંતુ ન્યાયાધીશની ન્યાય પ્રિયતા, તટસ્થતા જ છે.

आत्मसृष्टेर्न वैषम्यं नैर्घृण्यं चापि विद्यते સમાધાન એ છે કે ભગવાન પોતે જ જીવરૂપ થયા છે. જીવ-બ્રહ્મની જુદાઈ સ્વરૂપથી નહીં પરંતુ ધર્મ (ગુણ) થી જ છે. સ્વરૂપથી જીવ અને બ્રહ્મ જુદા જ નથી તો વિષમતા ક્યાંથી આવે ? વિષમ વ્યવહાર માટે તો દ્વૈત હોવું જરૂરી છે. ક્રૂરતા નિર્દયતા માટે પણ દ્વૈત હોવું જ જોઈએ પરંતુ રચેલી આ સમગ્ર સૃષ્ટિ તો ભગવાનની આત્મસૃષ્ટિ છે. પોતે જ પોતાના માટે પોતાની થકી રચેલી સૃષ્ટિ છે. જ્યારે તેમને અનેક થવાની ઈચ્છા થાય છે ત્યારે તે જીવ અને જગતરૂપે થાય છે અને જ્યારે સૃષ્ટિ સમેટી લેવી છે એમ ઈચ્છા થાય છે ત્યારે બધું પાછું પોતાની અંદર સમાવી લે છે. આમ આ 'વાસ્તવિક અદ્વૈત અને ઐચ્છિક દ્વૈત' રૂપ લીલાના કારણે બ્રહ્મમાં વિષમતા અને ક્રૂરતા છે એવું દોષારોપણ ન જ થઈ શકે.

વિરૂદ્ધ ધર્માશ્રય

પરબ્રહ્મ-પરમાત્મામાં વિરુદ્ધ ધર્મો અને વિરુદ્ધ ગુણો રહેલ છે. માયાવાદનો મત છે કે બ્રહ્મ કેવલ નિર્ગુણ, નિર્ધર્મક, નિરાકાર છે એ મત યોગ્ય નથી. વળી તેઓ માને છે કે સર્વજ્ઞત્વ, સર્વશક્તિમાનપણું, સર્વકર્તાપણું વિ. જે બ્રહ્મમાં જોવા મળે છે. તે ખરી રીતે તેના ધર્મો નથી પણ તે ધર્મોનો માયા વડે બ્રહ્મમાં આરોપ કરવામાં આવે છે એ પણ યોગ્ય નથી.

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો મત એ છે કે પરબ્રહ્મમાં સર્વ અપ્રાકૃત ધર્મો રહેલા છે. બ્રહ્મના ધર્મો નિત્ય, સહજ અને સ્વાભાવિક છે. આ બધા ગુણો અપ્રાકૃત છે (તે માયાથી બ્રહ્મમાં હોવાનું જણાય છે એમ નથી)

બ્રહ્મને નિર્ગુણ કહે છે એનો અર્થ એ કે, તેમાં પ્રાકૃત ધર્મો (ગુણો)નો અભાવ છે. તે જ

પ્રમાણે બ્રહ્મને પ્રાકૃત સ્વરૂપ (દેહઈન્દ્રિયાદિ) નથી માટે જ તેને નિરાકાર કહે છે. સાકાર એટલે દિવ્ય આકારવાળા, અલૌકિક, અપ્રાકૃત અને આનંદ આકારવાળા. નિર્ગુણ બ્રહ્મ સગુણ સહેજ પણ ભિન્ન નથી. નિરાકાર બ્રહ્મ સાકાર બ્રહ્મથી જુદું નથી જ.

જે બ્રહ્મ અણુથીયે અણુ છે તે મહાન છે, જે બ્રહ્મને મનથી, વાણીથી, ચક્ષુથી અગમ્ય અને અગોચર કહ્યું છે તે જ બ્રહ્મ યોગથી, ધ્યાનથી, શુદ્ધ ભાવ અને ભગવત્કૃપાથી સુલભ અને સુગમ બની જાય છે. વેદ બ્રહ્મને અજન્મા કહે છે અને તે જન્મ પણ ધારણ કરે છે. તે કર્તા છે છતાં અકર્તા જ રહે છે. તે સર્વવ્યાપક પણ છે અને ભક્તના હૃદયમાં પણ વસે છે.

પરબ્રહ્મ સર્વકામ-આપ્તકામ-નિત્યતૃપ્ત પણ છે અને એ રમણ કરવા, ક્રીડા કરવા, પોતાની ઇચ્છાથી, પોતાની શક્તિથી જગતરૂપ પણ થાય છે. તે એક અને અદ્વિતીય છે તો એ અનંત સ્વરૂપ, સહસ્રરૂપધારી પણ છે. તે કૂટસ્થ પણ છે અને ચલ પણ છે. અંતસ્થ પણ છે અને બહિસ્થ પણ છે. શ્વેતાશ્વતર ઉપનિષદ્ કહે છે કે બ્રહ્મને હાથ, ચક્ષુ, કાન, વિ. નથી સાથે સાથે તે એમ પણ કહે છે કે હાથ-પગ નથી છતાં પકડવું, ચાલવું જેવા ધર્મ તો છે. ચક્ષુ નથી પરંતુ જોવાનો ધર્મ તો છે, કાન નથી પરંતુ તે સાંભળે તો છે જે.

તે સૂક્ષ્માતિસૂક્ષ્મ છે **यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह** તેને મન સહિત વાણી પણ પહોંચતી નથી. એમ એ અગોચર પણ છે અને **यमेवैष वृणुते तेन लभ्य** જે જીવ પર તે કૃપા કરીને વરણ કરે છે તેને જ પોતાના સ્વરૂપનું દાન કરે છે.

બ્રહ્મનું સ્વરૂપ એટલું મહાન છે કે એકમેકથી વિરુદ્ધ ધર્મો પણ તેની અંદર સમાય છે. **विरुद्ध सर्वधर्माणामाश्रयं युक्त्यगोचरम्** જગતમાં જે એકી સાથે રહી ન શકે એવા સર્વગુણધર્મો પરબ્રહ્મ પરમાત્મામાં એકી સાથે રહી શકે છે અને એ જ એની અગમ્ય લીલા છે.

કડામાં રહેતા શ્રી ગદાધરદાસને પ્રયાગમાં શ્રી વલ્લભપ્રભુ મળ્યા. ગદાધરદાસના કાકાને પંડિતાઈનો મદ. શ્રી મહાપ્રભુજીને પ્રશ્ન કર્યો, "મહારાજ ! ભગવાન તો એક જ છે. પછી વૈષ્ણવોમાં જુદા જુદા ભગવાન કેમ ? કોઈ કૃષ્ણને માને તો કોઈ રામને, કોઈ નારાયણને ભજે તો કોઈ નરસિંહને ભજે ! આમ કેમ ?

શ્રી મહાપ્રભુજીએ સુંદર સમાધાન કર્યું. " ચક્રવર્તી રાજાનું રાજ્ય આખી પૃથ્વી પર છે, અને બીજા દેશના, ગામ ગામના ય રાજા કહેવાય. રાજા બધા કહેવાય પરંતુ બધા ય ચક્રવર્તીના આજ્ઞાકારી. **तेसे ही पूर्णपुरुषोत्तम श्रीकृष्ण, सो सर्वोपरी. और अवतार अंस, कला करिके होई, सब श्रीकृष्ण के आज्ञाकारी.** શ્રીકૃષ્ણ પૂર્ણ પુરૂષોત્તમ હોવાથી સર્વોપરી છે અન્ય અવતારો અંશ, કલા અવતારો છે તે બધા શ્રીકૃષ્ણના આજ્ઞાકારી. "

અવિગત ગતિ કછુ કહત ન આવૈ ।
જ્યોં ગૂંગૈ મીઠે ફલ કૌ રસ, અંતરગત હી ભાવે ॥
પરમ સ્વાદ સબહી સુ નિરંતર, અમિત તોષ ઉપજાવૈ ।
મન-બાની કૌં અગમ અગોચર, સો જાનૈ જો પાવે ॥
રૂપ રેખ ગુણ જાતિ જુગતિ બિનુ, નિરાલમ્બ મન ચકૃત ધાવે ।
સબ વિધિ અગમ વિચારહિ તા તે, સુર સગુણ લીલા પદ ગાવે ॥

પરમાત્માના અવ્યક્ત સ્વરૂપ વિશે ભક્તોએ કાયમ અસંતોષ વ્યક્ત કર્યો છે. મૂંગાને મધુર ફળનો રસાસ્વાદ તો મળે પરંતુ એને વ્યક્ત કરવામાં એ અસમર્થ છે. બ્રહ્મસુખ માટે ય એવું છે એને અનુભવી શકાય, એને અભિવ્યક્ત ન કરી શકાય. કોઈ એના વિશે કાંઈ જ ન કહે તો બીન અનુભવીને કેમ સમજાય, કે એ સુખ કેવું છે ?

અનુભવીઓ કહે છે, એ "રસો વૈ સઃ' નો રસાસ્વાદ પરમ આનંદનો અનુભવ છે, જેણે માણ્યો એ નિરંતર માણ્યા જ કરે છે. **ઈતર રાગ વિસ્મારણાં નૃણામ્** બીજા સ્વાદ વિસરાઈ જ જાય. **પરં દૃષ્ટવાનિવર્તતે** ભગવાનને નીરખ્યા પછી કાંઈ જ નીરખવું ન ગમે, એને સ્પર્શ્યા પછી આપણને બીજું કાંઈ સ્પર્શી શકતું જ નથી, એને સાંભળ્યા પછી કાંઈ જ શ્રવણ કરવું ન ગમે. અનુભવી જ જાણે કે એ અનુભવ કેવો છે !

બ્રહ્મના અવ્યક્ત અને વ્યક્ત રૂપોમાં ભક્તો વ્યક્ત ને જ પસંદ કરશે. તેના અવ્યક્ત રૂપને રૂપ, આકાર, સત્વ-રજ કે તમ જેવા ગુણ નથી જ. નથી જાતિ કે નથી જાણવાનું કોઈ સાધન. આ બ્રહ્મની પાછળ કયાં સુધી મુગ્ધ થઈને બુદ્ધિ દોડયા કરે !

ભક્તની વધુ નિકટ આવવા, ભક્તને વધુ સુખ આપવા, ભક્તને સુલભ અને સુગમ થવા પ્રભુ વ્યક્ત બને છે. સાકાર સગુણ (અનેક અલૌકિક ગુણોથી યુક્ત) બને છે. એ લીલાઓ કરે છે અને એ લીલાઓ દ્વારા એની અભિવ્યક્તિ થતાં ભક્તો પણ પોતાની સુખાનુભૂતિને અભિવ્યક્ત કરી શકે છે.

એને જોઈ શકાય, અડકી શકાય, પકડી શકાય, મળી શકાય અને વિખૂટા પણ પડી શકાય. એની સાથે રમી શકાય, એની સાથે જમી શકાય અને ગમી ય શકાય. માટે તો એ પ્રકટ થાય છે, અવતરે છે.

ભક્તિ પોષણ

(૩) સર્વાધીશ શ્રીકૃષ્ણ

નહી કોઈ જેની સમોવડી, કોઈ ઈશ નહીં જેને શીષ;

સર્વ વસ્તુ જે થકી થઈ, જે કહાવે સર્વના અધીશ;
સર્વાધીશ વંદે સહુ જેને, નિગમ નેતિ નેતિ કહે છે તેને;
શેષ મહેશ વિધિ શ્રી અગમ્ય, તેને કહીએ પૂર્ણ પુરુષોત્તમ
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

વૈષ્ણવના આરાધ્ય શ્રીકૃષ્ણ છે. પ્રકૃતિને વશ એવા દેવોનું ભજન શા માટે ? ગણી શકાય એવો આનંદ આપતા અક્ષર બ્રહ્મની આરાધના શા માટે ?

પરિપૂર્ણ શ્રીકૃષ્ણ જ ઉપાસ્ય છે, સેવ્ય છે. **निरस्तसाम्यातिशयेन राधसा** કોઈ એમના સમાન પણ નથી તો એમનાથી ઉપર તો હોય જ ક્યાંથી ? એ સર્વની સ્વામી છે એમને વંદન શકય છે વર્ણન મુશ્કેલ ! વેદો ય નેતિ નેતિ કરે છે. એ શબ્દાતીત છે એટલું જ નહીં બ્રહ્મ, શિવ કે શેષ પણ એમની સ્વરૂપનો પાર પામી શકે તેમ નથી. માટે પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ જ આરાધ્ય, સેવ્ય છે.

(૪) શ્રીકૃષ્ણ જ ભજનીય

શ્રી પુરૂષોત્તમને પરહરિ, જેનુ અન્ય અમરે મન મોહે;
(તે) કામદુધા મળી મૂકીને, મહિષીપુત્રનું પય દોહે;
દોહે ગાય મૂકી પાડો, તરસ્યો ગંગા તીરે ખોદે ખાડો;
તેમ પૂર્ણ તજી અવર આરાધે, મહેનત માથે પડે કાંઈ ન સાધે
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.૪

કામધેનુ ગાય સાંપડી હોય એ પાડાને દોહવાનો વિચાર કરે ખરો ? વિચાર કરે તો એ મૂઢ જ કહેવાયને !

ગંગાજીના તટ પર જેનું ઘર હોય એ જળ પીવા માટે ખાડા કે ખાબોચિયાના જળનો આગ્રહ રાખે તો એ મૂઢ જ ને !

પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણને ભજવાને બદલે જે અંશ કલાદિ અવતારો કે અગ્નિ, વાયુ, ઈન્દ્ર જેવા દેવોને ઉપાસે જે આવો જ મૂઢ છે. પૂર્ણનો અનુગ્રહ પણ પૂર્ણ જ હોય. રેલો ધરાને રેલમછેલ ન કરી શકે. એ તો મેઘની જ મહેરબાની થી સંભવે. અંશનો આશ્રય આંશિક જ આપે. પૂર્ણનો આશ્રય પરિપૂર્ણ બનાવે. માટે શ્રીકૃષ્ણને જ ભજવા.

સ્વાધ્યાય-૩

ભગવાન

संभर्तेति तथा भर्ता भकारोऽर्थद्वयान्वितः ।

ભગવાન્ એ શબ્દમાં 'ભ' નો અર્થ થાય છે પોષણ તેમજ ધારણ કરનારા.

नेता गमयिता स्रष्टा गकारार्थस्तथा मुने ।

'ગ' એટલે કર્મફલની પ્રાપ્તિ કરાવનાર, લય કરનાર અને સર્જક

वसन्ति तत्र भूतानि भूतात्मन्यखिलात्मनि ।

स च भूतेष्वशेषेषु वकारार्थस्ततोऽव्ययः ॥

જેની અંદર સર્વ વસેલું છે તેમજ જે સર્વમાં વસેલો છે, તે સર્વના નિવાસરૂપ છે માટે 'વ' છે.

તેમ જ ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એવા ૬ પ્રકારના ભગને ધારણ કરે છે માટે એને ભગવાન કહે છે.

સામાન્યતઃ ભગવાન્ શબ્દનો અર્થ થાય છે. પરબ્રહ્મનું એ સાકાર સ્વરૂપ, કે જે ભક્તો દ્વારા ગ્રાહ્ય, સંવેદ્ય અને ભોગ્ય છે. આ સ્વરૂપ પ્રાયઃ ભગવાન ભક્તો માટે-ભક્તો સાથે લીલા કરવા, ભક્ત પરિત્રાણ આદિ કાર્યો કરવા માટે આવિર્ભાવ કે અવતાર રૂપે ધારણ કરે છે.

स वाच्यवाचकतया भगवान्ब्रह्मरूपधृक् ।

नामरुपक्रिया धत्ते सकर्माकर्मकः परः ॥ પરમાત્મા વસ્તુતઃ માયાથી પર અને સર્વ વ્યાપારોથી રહિત હોવા છતાં (નિજેચ્છાથી) કર્મવાળા બનીને નામ, રૂપ અને ક્રિયાઓ ધારણ કરે છે.

ભગવાનને જાણવાનો ઉપાય એક જ છે. અને તે છે ભગવત્ શાસ્ત્ર.

આંખ વિગેરે ઈન્દ્રિયો વડે ભગવાનનું જ્ઞાન થવું અશક્ય છે. ઈન્દ્રિયજનિત જ્ઞાન અથવા ક્રિયા આ બંને ભગવાનને અનુભવ્યા વિનાજ પાછા ફરે છે. બુદ્ધિજનિત તર્ક પણ ભગવાન સુધી પહોંચી ન શકે.

ભગવાનનું સ્વરુપ ગુણાતીત છે, જેમ આકાશ, વાયુના શોષણ-ગુણથી, અગ્નિના દાહક-ગુણથી, જળના ભીંજવવાના ગુણથી પૃથ્વીના ભૂખરું કરવા રુપ ગુણથી લેપાતું નથી વળી આવતી-જતી ઋતુઓના ગુણથી પણ લેપાતું નથી તેમ અહંકારથી પર રહેલા અક્ષર રૂપ પરબ્રહ્મ પણ સંસારના કારણરૂપ એવા સત્વ, રજ અને તમોગુણ ના મેલથી લેપાતા નથી.

પ્રભુ સ્વરુપ અવિકૃત છે. જેમ પોતાના ઉદય કે અસ્ત વિ. કાર્યોથી સૂર્યનું તેજ વધતું કે ઘટતું નથી તેમ એક, અદ્વિતીય પરમાત્મા નું તેજ સર્જન વિ. કાર્યોથી વધતું નથી કે ઘટતું ય નથી.

ઈષ્ટ પ્રાપ્તિ અનિષ્ટ નિવૃત્તિ

ભગવદ્ અવતાર તેમજ ભગવત્ લીલાનું પ્રયોજન જીવના દોષોનો નાશ અને તેને સુખની પ્રાપ્તિ કરાવવી તે છે. દુષ્ટોનો દોષોનો નાશ કરવો એ એક મહત્વનું અવતાર પ્રયોજન છે. જેના દોષોનું નિવારણ થઈ શકે એમ નથી તેઓનો પ્રભુ 'સ્વરૂપ' થી નાશ કરે છે અને અન્યના દોષોનો નાશ 'સંબંધ' થી કરે છે. એટલે કે અતિપ્રબલ દોષ (કે દુષ્ટ) નો નાશ પ્રભુ સ્વરુપથી કરે છે અને સાધારણ દોષો (કે દુષ્ટ) નો નાશ પ્રભુ સ્વસંબંધ થી કરે છે.

વળી ભગવાનને ભજનારા દૈવી જીવોના ઉત્કર્ષ માટે તેમજ તેઓના સંસારનાશ માટે પણ ભગવાનના સ્વરુપ તેમજ સ્વસંબંધ નો પ્રભાવ જ કામ કરે છે. અવતાર ધારણ કરીને પ્રભુ નિજ સ્વરુપ વડે તેમજ સ્વસંબંધ વડે અનેક ભક્તોને આનંદનું દાન કરે છે, એ પ્રસિદ્ધ છે જ.

શ્રી ગર્ગમુનિએ નંદબાબાને કહ્યું હતું કે "ગોપગોકુલનંદન એવા આપના આ લાડલા પુત્રને લીધે આપ સર્વ વિપત્તિઓને સરળતાથી પાર કરી જશો અને એટલું જ નહીં એ આપ સૌનું સર્વથા કલ્યાણ કરશે. આપ સૌને સર્વ પ્રકારે સુખી કરશે."

આમ ભગવાન પોતાના સ્વરુપ દ્વારા તેમજ સંબંધ દ્વારા જીવને ઈષ્ટપ્રાપ્તિ તેમજ અનિષ્ટ નિવૃત્તિ એમ બંને પ્રકારે સુખરુપ થાય છે.

સામર્થ્ય :-

भगवति प्रमेयबलमेव मुख्यं, न प्रमाणबलम् (સુ.) ભગવાનનું બળ બે પ્રકારનું છે પ્રમેય અને પ્રમાણ. તેમાં પ્રમેયબલ જ મુખ્ય છે. પ્રમાણબલ મુખ્ય નથી.

ભગવાનને ઈશ્વર એટલા માટે કહેવામાં આવે છે કે તે સર્વ ને નિયમમાં રાખનારા છે. તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કોઈ કરી શકતું નથી. **कालनियंता च भगवान्** (સુ.) ભગવાન કાળના પણ નિયંતા છે. આમ તો વિશ્વમાં કાલ કરતાં વધુ વીર્યવાન્ કોઈ નથી ભગવાન કાલનુંય ઉલ્લંઘન કરનારા છે. તેથી તેમના સમાન તેમજ તેમનાથી અધિક શક્તિમાન કોઈ જ નથી.

ભગવાનનું પરાક્રમ-લીલા સામર્થ્ય પણ અનેકવિધ છે. **क्षणेन विश्वरुपो भवति, क्षणेन वामन :** એક ક્ષણે એ વિશ્વરુપ થાય છે તો વળી એક ક્ષણે એ વામન રુપ થાય છે. ક્યારેક દ્રશ્યમાન તો ક્યારેક અદ્રશ્ય થાય છે, તેઓ બહાર પણ હોય છે અને અંદર પણ હોય છે. સીમા (મર્યાદા) વાળા પણ છે અને અસીમ પણ છે.

ભગવાનનું એ જ માહાત્મ્ય, એ જ સામર્થ્ય છે કે તેઓ સર્વ વિરુદ્ધ ધર્મોના પણ આશ્રય છે.

એમનું ઐશ્વર્ય લોકવેદાતીત છે. માટે એ ઈશ્વર કહેવાય છે. **स ईश्वरः योऽलौकिकं करोति यो वा वेदस्याप्यशक्यं करोति** એ અલૌકિક કાર્ય કરી શકે છે, વેદથીય અશક્ય એવું કાર્ય કરી શકે છે માટે એ ઈશ્વર છે.

સ્વરુપ

स्वरुपेण कृतार्थत्वम् ભગવાન ભક્તને સ્વરુપથી કૃતાર્થ કરે છે. **ભગવત્સ્વરુપં यथाकथंचिदपि संबद्धं साधनान्तरनिरपेक्षं फलं साधयति** ભગવાનના સ્વરુપનો ગમે તેવી રીતે પણ સંબંધ થાય તો તે બીજા કોઈપણ સાધનની અપેક્ષા વિના ફલ પ્રાપ્ત કરાવે છે.

અરે, એમના ચરણ સાથેનો સંબંધ પણ જીવને કૃતાર્થ કરે છે. સત્સંગ અને ભાગવત એ બે ભગવાનના આધિભૌતિક ચરણ છે. જ્ઞાન અને ભક્તિ એ બે ભગવાનના આધ્યાત્મિક ચરણ છે અને પ્રસન્ન થયેલા (પ્રકટ એવા) પ્રભુના ચરણ એ આધિદૈવિક ચરણ છે. આ બધામાંથી એક મળે તોય કૃતાર્થ થવાય. પરંતુ ભગવાનનું સ્વરુપ પ્રાયઃ દુર્લભ છે. બ્રહ્મા, શંકર અને મુનિઓ જેવા વાચસ્પતિઓ તેમને તપ વિદ્યા અને સમાધિરુપ ઉપાયોથી શોધે છે છતાં **पश्यन्तोऽपि न पश्यन्ति पश्यन्तं परमेश्वरम्** સર્વના સાક્ષી તે પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકતા નથી.

મહદ્ અનુગ્રહથી જ ભગવાન સુલભ છે.

સર્વદેવમય

ऋषयो मनवो देवा मनुपुत्रा महौजस : कला : सर्वे हरेरेव
सप्रजापतयः स्मृता : ॥

ઋષિઓ, મનુઓ, દેવો વિ. સર્વ કોઈ ભગવાનની જ કલાઓ છે. શ્રીકૃષ્ણ સાક્ષાત્ ભગવાન છે. સર્વ દેવો તેમના માં વસે છે જેમ વૃક્ષના મૂળમાં જળ સિંચવાથી તેના થડ, ડાળીઓ, પાંદડા વિ. ને તૃપ્તિ મળે છે તેમ શ્રીકૃષ્ણની ઉપાસના, સેવા કરવાથી એમના અંશરુપ અન્ય સર્વ અવતારો, દેવો વિ. તૃપ્ત થાય છે. **सर्वार्हणमच्युतेज्या** ભાગવત કહે છે કે અચ્યુત ભગવાનની પૂજા એ સર્વ દેવોની પૂજા છે જ.

શ્રીમદ્ ભાગવતજી કહે છે કે, જેનાથી આ સમગ્ર જગત જણાય છે અને સમગ્ર જગતમાં જે વ્યાપક જણાય છે, તે આકાશની જેમ સર્વે વ્યાપક, પરબ્રહ્મ છે.

એ પરમેશ્વરનો આદિ, મધ્ય કે અંત નથી, કોઈ પોતાનો કે પારકો નથી, જે અંદર કે બહાર નથી છતાં જે પરમ તત્વથી આ સૃષ્ટિના આદિ, મધ્ય અને અંત, પોતાનું - પારકું, અંદર બહાર એ સર્વ થયા કરે છે, વિશ્વવ્યાપી એ પરમાત્મા સત્ય સ્વરુપ પરબ્રહ્મ છે.

આ પરમાત્મા એ જગતને સર્જીને જીવની સાથે તેમાં એમણે પ્રવેશ કરેલો છે. સર્વ જીવોના ભોગ સ્થાન એવા શરીરોને એમણે બનાવ્યાં છે, તેમજ સર્વનું પાલન પણ એ જ કરે છે.

ભગવત્ સ્વરૂપ -

શ્રીમદ્ ભાગવત્ ભગવત્ સ્વરૂપનું નિરૂપણ આ પ્રકારે કરે છે.

અજન્મા ભગવાન શુદ્ધજીવ ચૈતન્યને કૌસ્તુભમણિ રૂપે ધારણ કરે છે, તે મણિની કાંતિને શ્રીવત્સ રૂપે વક્ષસ્થળ માં ધારણ કરે છે. પોતાની ત્રિગુણાત્મક માયાને પ્રભુ વનમાલારૂપે ધારણ કરે છે, વેદ રૂપ પીતાંબર ધારણ કરે છે, પ્રભુની જનોઈ એ અ - ઉ અને મ એવી ત્રણ માત્રાઓ વાળો ૐકાર છે. ભગવાન સાંખ્ય - યોગરૂપી મકરાકૃતિ કુંડલને ધારણ કરે છે. સર્વલોકને અભય આપનારા પરમેષ્ઠિપદને પ્રભુ મુકુટરૂપે ધારણ કરે છે.

ધર્મ અને જ્ઞાનથી યુક્ત સત્વગુણ એ ભગવાનનું કમળ છે. મન, ઈન્દ્રિય અને દેહના સામર્થ્યરૂપી મુખ્ય તત્ત્વવાળી ગદાને ધારણ કરે છે. ભગવાન જલતત્વને ઉત્તમ શંખરૂપે તેમજ તેજસ્ તત્વને સુદર્શન ચક્ર રૂપે ધારણ કરે છે. આકાશી તત્વરૂપ તલવાર તથા કાલરૂપ શાર્ઙ્ગધનુષ્ય અને કર્મરૂપ ભાથાને ધારણ કરે છે. ઈન્દ્રિયો ભગવાનના બાણરૂપ, ક્રિયાશક્તિરૂપ મન એ ભગવાનનો રથ છે.

ભગવાનના શ્રીહસ્તમાં જે લીલા કમલ છે તે ઐશ્વર્ય છે, ચામર એ ધર્મ અને યશ છે, સર્વથા નિર્ભય એવું વૈકુંઠધામ એ ભગવાનનું છત્ર છે, ઋક્, યજુ અને સામ આ ત્રણ વેદ ભગવાનના ગરૂડજી રૂપે બિરાજે છે. આ વેદાત્મક ગરૂડજી યજ્ઞરૂપ ભગવાનનું વહન કરે છે.

વળી **સ્થૂલં વપુઃ સકલજીવનિકાયધામ** ભગવાનનું અદ્ભૂત સ્થૂલ શરીર સર્વ જીવ સમૂહના ધામ રૂપે છે.

વિપ્રા ગાવશ્ચ વેદાશ્ચ તપઃ સત્યં દમઃ શમ : ।
શ્રદ્ધા દયા તિતિક્ષા ચ ક્રતવશ્ચ હરેસ્તનુઃ ॥

બ્રાહ્મણો, ગાયો, વેદો, તપ, સત્ય, દમ, શમ, શ્રદ્ધા, દયા, તિતિક્ષા અને યજ્ઞો આ બધાં ભગવાનના શરીર છે.

પોતાના અંગોનો પરિચય સ્વયં ભગવાને આપ્યો છે.

તપો મે હૃદયં બ્રહ્મંસ્તનુર્વિદ્યા ક્રિયાકૃતિઃ ।
અંગાનિક્રતવો જાતા ધર્મ આત્માસવઃ સુરાઃ ॥

હે બ્રહ્મન્ ! તપ મારૂં હૃદય છે, વિદ્યા મારૂં શરીર છે. ક્રિયા મારી આકૃતિ, યજ્ઞ મારા અંગ, ધર્મ મારૂં મન તથા દેવો મારા પ્રાણ છે.

પુષ્ટિમાર્ગમાં ભગવાન સ્વરૂપાત્મક રીતે બીરાજે છે. અહીં શ્રી ઠાકોરજી 'મર્યાદા પુષ્ટિ'

રીતે બીરાજે છે. ભક્ત દ્વારા સમર્પિત બધી સામગ્રી આરોગે છે. વસ્ત્ર આભૂષણ વિ. નો અંગીકાર પણ કરે છે (આ પુષ્ટિભાવ) પરંતુ દર્શન આપવામાં મર્યાદા રીતે બિરાજે છે. એટલે કે બોલતા નથી. સાક્ષાત્ બિરાજતા હોવા છતાં જાણે કે સ્વરૂપ બિરાજે છે એમ દર્શન આપે છે.

ભગવદ્ સ્વરૂપના બે પ્રકાર છે, ભક્તોદ્ધારક અને સર્વોદ્ધારક. સર્વોદ્ધારક સ્વરૂપ મર્યાદાપુષ્ટિ રૂપે સર્વને દર્શન આપે. સ્વરૂપમાં ગાઢ સ્નેહ નજાગે ત્યાં સુધી સર્વોદ્ધારક રૂપે દર્શન આપે છે.

ભક્તોદ્ધારક સ્વરૂપનું પ્રાકટ્ય સર્વોદ્ધારક સ્વરૂપમાંથી જ થાય છે. એમને જેવી લીલા કરવી હોય તે એવું સ્વરૂપ ધારણ કરે છે. તે ભક્તની સાથે બોલે, ખેલે અને અનેક અનુભવ કરાવે. આ સ્વરૂપના આવિર્ભાવ પ્રસંગે તો પ્રેમનું જ સર્વોપરી શાસન ચાલે. અપરસ જળવાય કે ન જળવાય, લોકવેદની મર્યાદા રહે કે તૂટે કાંઈ જ અનુસંધાન ન રહે એ જ પ્રેમની સર્વોપરિતા.

મંદિરમાં શ્રીઠાકોરજીની સેવામાં તો પુષ્ટિમાર્ગની મર્યાદા સહિત સેવા કરે અને સ્નેહમાં તો મર્યાદાનું કાંઈ અનુસંધાન ન રહે. તેમાં જે કાંઈ બને તે પ્રભુને પ્રિય લાગે. પરંતુ આ અવસ્થા સિદ્ધ ન થાય ત્યાં સુધી બધી જ મર્યાદા નું પાલન કરવું જોઈએ. જ્ઞાનથી, તર્કથી મર્યાદા તૂટે તો એ દોષ. ગાઢ પ્રેમથી છૂટે એ નહીં.

તુમ દેખો માઈ સુંદરતા કો રૂપ ।
મન-બુદ્ધિ દે દે ચિતૈ રહી હૌં, કમલ નયન કો સ્વરૂપ ॥
કુંચિત કેશ સુદેશ અલિગણ વદન, જો સહજ સરોજ ।
મકર કુંડલ કિરનકી છબિ, દુરત ફિરત મનોજ ॥
અંગ અંગ અનંગ જીત્યો રૂચિર ઉર બનમાલ ।
શોભા 'સૂર' હૃદય પરિપૂરણ સબ સુખ દેત ગોપાલ ॥

વ્રજગોપીઓ એકમેકને કહેતી, શ્યામસુંદર ની સુંદરતા ના રૂપને તો જુઓ ! આપણે બુદ્ધિ, મન લગાડીને એમના કમળ જેવા સુંદર સ્વરૂપને નીરખ્યા જ કરીએ. મુખની ચારેબાજુ વિખરાયેલી અલકાવલીઓ એમ લાગે છે કે જાણે એમના મુખકમલની ચારેબાજુ ભમરાઓ રસપાન કરવા ભમ્યા કરે છે. મકરાકૃતિ કુંડલોની સુંદરતા જોતાં તો કામદેવ પણ લજ્જિત થઈને સંતાતો ફરે છે. એમના એક જ નહીં પરંતુ એકે એક અંગની સુંદરતા એ કામદેવના ગર્વને ચૂરચૂર કરી નાખ્યો છે. હૃદય પર બિરાજતી વનમાળાની સુંદરતા માટે તો શું કહેવું ? આવા સૌંદર્યસૂરજ ગોપાલકૃષ્ણ આપણા હૃદયમાં બિરાજીને અદ્ભૂત સુખ આપી રહ્યા છે.

ભગવાન ના પ્રાકટ્ય વિના ભક્તના નેત્રો ને તેમજ હૃદયને આ રસાનુભૂતિ ક્યાંથી થાત ?

ભક્તિ પોષણ

અલ્પ અન્યાશ્રય

(૫) રાખી ભરોસો અન્યનો, ન કરે આશ્રય અવિનાશ,
ઈચ્છે અખિલ દુઃખ વામવા વળી શ્રેય થવા મન આશ.
આશ કરે તરવા ઉદધિ પૂર, શ્વાનનું હાથ ગ્રહિ લંગુર,
તે જેવો પામશે સાગર પાર, તરશે તેવો હરિ વિમુખ સંસાર.
સેવો શ્રીકૃષ્ણ કૃપાલ

પ્રકૃતિને વશ - કાલકર્મ સ્વભાવને આધીન દેવોનો આશ્રય ન કરતાં સર્વાધીશ, સર્વોત્તમ પૂર્ણબ્રહ્મ શ્રીકૃષ્ણનો આશ્રય કરવો. દેવો કાળના ગ્રાસ છે, અવિનાશી નથી, અનંત નથી. જે સ્વયં નષ્ટ થઈ જનાર છે એનો આશ્રય કરનારા ય નષ્ટ થઈ જવાના !

અપાર સંસાર સમુદ્રમાં ડૂબેલો જીવ કોનો આશ્રય કરે ? કુતરાની પૂંછડી પકડીને કોઈ મહાસાગર પાર કરી શક્યું છે ? મહાસાગર પાર કરવાને માટે તો **મુરારિ પાદાંબુજ દીર્ઘ નૌકા** નો આશ્રય કરવો જોઈએ.

(૬) હરિનું ભજન હીરો.

કોડી ઉપાસન મલીનનું, જન તામ્ર મુદ્રા સમ જાણો;
રૂપૈયા સુરસેવના, વ્યુહ કંચન મોહોર પ્રમાણો;
કંચન મોહોર વ્યુહ હરિ હીરો, એમ અંશ અંશી સમજી રહો,
સર્વ એ દ્રવ્ય હીરાથી થાય, (પણ) હીરો કર્યો કોઈનો નવ કહેવાય.
સેવો શ્રીકૃષ્ણ કૃપાલ.

ગીતાજીના સાતમા અધ્યાયમાં ભગવાનના વચનામૃત છે કે "કામનાઓ વડે હરાયેલા જ્ઞાનવાળા અને પોતાની પ્રકૃતિ વડે બંધાયેલા મનુષ્યો બીજા (અલ્પ) દેવતાઓને શરણે જાય છે..... અલ્પબુદ્ધિ વાળાઓનું તે (આશ્રય અને) ફળ નાશવંત હોય છે **દેવાન્દેવયજો યાન્તિ મદ્ભક્તા યાન્તિ મામપિ** દેવોને પૂજનારા દેવોને પામે છે પણ મારા ભક્તો મને પામે છે.

અહીં ઉપાસના ભેદને લાક્ષણિક રીતે સમજાવાયો છે. ભૂતપ્રેતાદિ તામસ દેવોની ઉપાસનાનું મૂલ્ય સાવ કોડી જેવું જ છે. નરની આરાધના તાંબાના સિક્કા જેવી અને દેવોની ઉપાસના રૂપાની મુદ્રા રૂપિયા જેવી મૂલ્યવાળી છે. વાસુદેવાદિ વ્યૂહની ઉપાસના, સોનાની મહોર જેવી મૂલ્યવાળી એવું અંશાવતારની ઉપાસનાનું મૂલ્ય, હરિ ભજન તો હીરો છે. હીરામાં સઘળું સમાય.

સ્વાધ્યાય - ૪

ભગવદ્ લીલા

લીલા.

કૌતુકાધિષ્ઠિતેન અનાયાસત્વેન ક્રિયામાણં કર્મ - લીલા ભગવાન કૌતુકવાળા થઈને પ્રયાસ વિના જે કર્મ કરે, તે લીલા.

અનાયાસેન હર્ષાત્ ક્રિયામાણા ચેષ્ટા લીલા પ્રયાસ વિના હર્ષથી કરવામાં આવતી ચેષ્ટા તે લીલા છે.

ભગવાનની લીલાઓ ઉદાર છે. પાત્ર અથવા અપાત્રનો વિચાર કર્યા વિના જ સર્વકોઈને સર્વ પુરૂષાર્થો આપે છે.

લીલાઓની ઉત્તમતા :-

હરેરુદારં ચરિતં વિશુદ્ધમ્

ભગવાનનું ચરિત ઉદાર તેમજ વિશુદ્ધ છે. ઉદાર એટલે ઉત્તમ. જે વિશુદ્ધ હોય તેને જ મહાત્માઓ ઉદાર કહે છે. જીવની કૃતિમાં શુદ્ધિ જોવામાં આવતી નથી. આ મેં કર્યું એવો અહંભાવ તેમજ મને મારા કર્મનું ફલ મળવું જોઈએ એવો ફલાસક્તિનો ભાવ પણ આવી જાય છે. જગતના સર્જન, પોષણ આદિ કાર્યો ભગવાન અતિ વિનમ્ર ભાવે કર્યે જાય છે. એમાં એના કર્તાપણાની કે ભોક્તાપણાની સહેજ પણ ગંધ આવતી નથી માટે એ મહાન છે. માટે એનો ચરિત્રો ઉત્તમ અને વિશુદ્ધ કહ્યા છે.

યત્ર પ્રભુકૃતો નૈવ ગુણદોષવિચારણમ્ !
તત્કૃતાવુત્તમજ્ઞાનં પુષ્ટિમાર્ગઃ સ કથ્યતે ॥

પ્રભુની લીલાઓમાં ઉત્તમબુદ્ધિ અને હીનબુદ્ધિ જેવા ભેદ વિચારવા ન જોઈએ. ભગવાનની કાલીયદમન લીલા, ગોવર્ધનધારણ લીલા - ભક્ત રક્ષણ અને દુષ્ટ સંહાર જેવી લીલાઓને ઉત્તમ માનવી અને તેમની લોકવત્ લાગતી રૂદન, બંધન, ભોજન, જેવી લીલા એને હીન માનવી એ અપરાધ છે. ભગવાનની સર્વ લીલાઓ ઉત્તમ છે. ભક્તના નિરોધ માટે ભગવાનને જે ઉચિત લાગે તે તે લીલાઓ તે કરશે. આપણે સર્વમાં ઉત્તમભાવ રાખવો.

લીલા પ્રયોજન

એકા ભગવતો લીલા નાનાકાર્યપ્રવર્તિકા ભગવાનની એક લીલા જુદા જુદા કાર્યની પ્રવૃત્તિ કરાવનાર છે એમની એકે એક લીલાનાં અનેકાનેક પ્રયોજનો સંભવે છે.

ભગવાન ભક્તો સાથે ભાવાત્મક - લીલાત્મક સંબંધ કરવા માટે અનેક ગુણ અને

સ્વરૂપ ધારણ કરીને પ્રકટે છે. ભગવદીયોને જે જે લીલા અને જે જે સ્વરૂપમાં ભાવ પ્રકટ થાય તે તે સ્વરૂપ ધારણ કરીને તે તે લીલા પ્રકટ કરે છે. આમ ભગવત્ સ્વરૂપ અને ભગવત્ લીલા ભક્તોને માટે ફલરૂપ થાય છે.

૧ : ભક્તહિત

પ્રભુસ્તુ નિજદાસાનાં વિદધાતિ સ્વતો હિતમ્ જીવ પોતાના અધીરાપણાને લીધે પ્રભુની કૃતિને જાણતો નથી. પ્રભુ તો નિજભક્તોનું હિત આપમેળે કરે જ છે. આપણે દુઃખી થઈએ છીએ એનું કારણ આપણી બુદ્ધિનો દોષ છે.

૨ : ભક્ત સુખ

ભક્તાનાં સર્વ સૌખ્યાર્થં લીલાં ચક્રે તથાવિધામ્ ॥ ભક્તોને સર્વ સુખ આપવા ભગવાને તેવી લીલા કરેલી છે.

૩ : ભક્તિ સ્થાપન -

ભક્તોને ઉત્પન્ન કરી તેઓમાં ભક્તિનું સ્થાપન કરવા માટે ભગવાને મનુષ્યભાવથી જાતજાતની ક્રીડાઓ કરી છે.

ભગવાનની લીલાઓનું શ્રવણ કરવું, વર્ણન કરવું કે સ્મરણ કરવું એટલા માટે જ કે એમનામાં આસક્તિ થાય.

૪ : નિજાનંદ

સંગ્રાહયિતુમખિલં તૈ: ક્રીડયિતુમેવ ચ ।
શકલીકર્તુમધુના પ્રભોર્બાલચિકીર્ષિતમ્ ॥

જેમ બાળક નિજાનંદને માટે રમે છે તેમ ભગવાનનું ય રમણ નિજાનંદ માટે જ છે. સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય જેવા મહાન કાર્યો પણ ભગવાનને માટે એક ક્રીડા જ છે. સમગ્ર ચરાચર વસ્તુઓને એકઠી કરવી, એમની સાથે ક્રીડા કરવી અને પાછી એને વિખેરી નાખવી આ પ્રભુની તો બાળક્રીડા જ છે ને ! બાળક જેમ અહંકાર અને આસક્તિ વિના રમત રમે છે તેમ પ્રભુની લીલા પણ બાલવત્ નિર્દોષ જ હોય છે.

અલૌકિકતા

કૃષ્ણાવતારચરિત્રમત્યલૌકિકમ્, અવસ્થા સાધનવિરુદ્ધકાર્યત્વાત્
શ્રીકૃષ્ણનું ચરિત્ર અત્યંત અલૌકિક છે. કેમકે તે અવસ્થા તેમજ સાધન થી વિરૂદ્ધ કાર્ય કરેલ છે.

ભગવાને પોતે સર્વકર્મોમાં પ્રવેશ કરી, તે કર્મોને પોતાના કર્મો કરીને તેમાંથી વ્રજભકતોને છોડાવ્યા. ભગવાનના જન્મ અને કર્મ દિવ્ય છે. તેઓ કેટલીક લીલાઓ લોકવત્ કરે છે. છતાં એમની સર્વ પ્રકારની લીલાઓ અલૌકિક છે.

ભગવત્ લીલા અલૌકિક રસ છે. આ રસનું પાન અન્ય સર્વ રસ પ્રત્યેની આસક્તિનું નિવારણ કરે છે. ધ્યાન, સંયમ જેવા સાધનોમાં ક્લેશ છે પરંતુ ભગવત્લીલા ને મનમાં ઉતારવામાં જરાય પ્રયત્ન કરવો પડતો નથી. કેમ કે તે કાનનું અમૃત છે. આ લીલારૂપી અમૃતનું જે કોઈ આદરપૂર્વક પાન કરે તેના રાગદ્વેષરૂપી સર્વ દ્વન્દ્વો નષ્ટ થઈ જાય છે. લીલામૃતનું પાન કરનારાને લૌકિક કે વૈદિક નહીં પરંતુ પુષ્ટિમાર્ગીય ધર્મો નો સંબંધ ફલરૂપે સાંપડે છે.

દશવિધ લીલા :-

શ્રી ભાગવતજી માં ભગવાનની દશવિધ લીલાઓનું નિરૂપણ કરવામાં આવેલ છે.

૧ : અશરીરી વિષ્ણુ પુરૂષશરીર સ્વીકારે તે સર્ગલીલા

૨ : પુરૂષમાંથી બ્રહ્મા વિગેરેની ઉત્પત્તિ તે વિસર્ગલીલા.

૩ : ઉત્પન્ન થયેલાઓનું તેમની મર્યાદા પ્રમાણે પાલન તે સ્થાનલીલા.

૪ : સ્થાનમાં રહેલાઓની અભિવૃદ્ધિ તે પોષણલીલા.

૫ : પુષ્ટોનો આચાર તે ઊતિલીલા.

૬ : તેમાં પણ સદાચાર તે મન્વન્તર લીલા.

૭ : સર્વ સદાચારમાં પણ વિષ્ણુની ભક્તિ તે ઈશાનુકથાલીલા.

૮ : ભક્તોના પ્રપંચનો અભાવ તે નિરોધ લીલા.

૯ : નિષ્પ્રપંચોને સ્વરૂપને લાભ થવો તે મુક્તિલીલા. અને

૧૦ : મુક્તોની બ્રહ્મસ્વરૂપથી સ્થિતિ તે આશ્રયલીલા.

લીલાઓની અતર્ક્યતા -

અહો ! વિભુમ્નશ્ચરિતં વિડમ્બનમ્ ! અહો ! વિભુનું ચરિત્ર અતર્ક્ય છે !

ભગવાનની લીલાઓ વિપરીત છે પ્રાપ્ત કરવા જોઈએ એમ કહેતાં પ્રાપ્ત થતા નથી અને ત્યજું છું એમ કહેતાં તે ત્યજાતા નથી.

માટે જ કહયું છે કે, **અહો ઈશ્વરલીલેયં દુર્વિભાવ્યા શરીરિણામ્** અહો ! ઈશ્વરની લીલા પ્રાણીઓથી સમજી શકાય એવી નથી.

જેવા ભગવાન આનંદરૂપ છે એવી ભગવાનની લીલાઓ પણ આનંદરૂપ છે. જીવ નકારાત્મક દૃષ્ટિબિંદુ અપનાવીને નિરંતર સ્વદોષ નું જ સ્મરણ, વર્ણન કર્યા કરે એથી શો લાભ ? એનું જીવન ક્લેશ, દુઃખ અને ઉદાસીનતાથી છવાઈ જશે. શ્રી સૂરદાસજી ને ગૌઘાટ પર શ્રીમહાપ્રભુજી સાથે મિલન થયું. શ્રીમહાપ્રભુજીએ કહ્યું, "સૂર ! કછુ ભગવત્ જસ વર્ણન કરો ત્યારે શ્રી સૂરદાસજીએ દંડવત્ કરીને સ્વદોષનું વર્ણન કરનારા, દીનતા ભરેલા પદો ગાયાં. સૂરદારજીની આ દશા શ્રી વલ્લભને ન રૂચી. એમણે તો કહ્યું "સૂર હવૈ કે, ઐસો

ઘિઘિયાત કાહેકોં હૈ ? સો તાસોં કછુ ભગવલ્લીલા વર્ણ કરિ." (તું તો 'સૂર' છે. પછી આવો ગળગળો કેમ થઈ જાય છે ? કંઈક ભગવલ્લીલા નું વર્ણન કર.")

જીવ ભગવાનથી વિખૂટો પડયો છે ત્યારથી પતિત તો થયો જ છે. પરંતુ એનું વારંવાર વર્ણન શું કરવું ? વર્ણન તો ભગવાનની રસમય લીલાઓનું કરવું જોઈએ કે જેથી શુદ્ધ થવાય.

ગાયો ન ગોપાલ મન લાયો ન રસાલ લીલા,
સુની ન સુબોધિની ન સાધુસંગ પાયો હૈ ।
સેવ્યો નહિં સ્વાદ કરી ઘરી આધી ઘરી હરિ,
કબહુ ન કૃષ્ણનામ રસના રટાયો હૈ ॥
વલ્લભ શ્રી વિઠ્ઠલેશ પ્રભુકી શરણ જાય,
દીન હોય મતિહીન શીશ ન નમાયો હૈ ।
'રસિક' કહે બારબાર લાજહુ ન આવે તોહિ,
મનુષ્ય જન્મ પાય મૂઢ કહા તૂ કમાયો હૈ ?

સર્વ સંતો એ ગાયું છે કે હરિ ભજન જ નરતનની સાર્થકતા છે. પ્રભુએ કંઠ આપ્યો અને એનું કીર્તન ન કરીએ તો ? એણે મન આપ્યું પણ મનમાં એની રસાળ લીલાનું ચિંતન ન કરીએ તો ? એણે રસના તો આપી પણ આપણે એનું નામ ઉચ્ચારણ ન કરીએ તો ? પ્રભુએ માનવીને જે વાણી, મન વિ. અણમોલ ભેટ આપી છે એનો અનાદર કર્યો કહેવાય.

દીનતાપૂર્વક શ્રી વલ્લભના ચરણમાં શીશ નમાવવું. ભજન સાચું ધન છે, સન્મતિ સાચી સંપત્તિ છે અને વૈષ્ણવતા એ જ સાચો વૈભવ છે. આવું જે કમાયા તે કમાયા.

ભકિત પોષણ

સર્વમૂલ - સર્વમુખ શ્રીકૃષ્ણ

(૭) જગત વૃક્ષ તેનુ મૂળ, હરિ મૂળ પોષે વૃક્ષ પોષાય;
પ્રતિશાખા જળ સીંચીયેં, તેથી તરૂ તૃપ્તી ના થાય;
તૃપ્તી ના થાય વૃથા શ્રમ પહોચે, સમજણ આવે ત્યારે પછી શોચે;
મુખદ્વારા સહુ ઈંદ્રિય સંતોષે, ભોજન અંગ લેપ્યું કોઈને ન પોષે.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

ઊર્ધ્વમૂલમધઃ શાખમશ્વત્થં પ્રાહુરવ્યયમ્ જગત એક વૃક્ષ છે તો તેનું મૂળ શ્રી

છે. આ મૂળ પાર્થિવ, ભૌતિક નથી. એ તો દિવ્ય છે, અલૌકિક છે માટે તે ઊર્ધ્વ છે, સર્વોપરી છે.

સૌ જાણે છે કે વૃક્ષને જીવાડવા માટે સીંચન મૂળમાં થાય છે. કોઈ ડાળે ડાળે જઈને જળ સીંચી આવે તો વૃક્ષને લાભ નથી, એની તૃષા સંતોષવાની નથી. અને જળ છાંટનારને વૃથા જ શ્રમ પહોંચે છે. વૃથા શ્રમનું ફલ શોક જ ને !

મુખમાં અન્ન જળ લેવાય તો સર્વ ઈન્દ્રિયોને, સમસ્ત દેહને તૃપ્તિ મળે બાકી શરીરે લેપ કરવાથી કાંઈ ન વળે. માટે સર્વના મૂળ એવા શ્રીકૃષ્ણને ભજવા.

૮. શ્રીજી નો સ્વભાવ

જુઓ સ્વભાવ શ્રીકૃષ્ણનો, જનના અવગુણને ગુણ જાણે;
અવળુ પડે અન્ય દેવને, સામું દે દુઃખ શત્રુ પ્રમાણે;
પ્રમાણે નહી ફળ દે તો, એ જાય, હરિનું આપ્યું કદી નાશ ન થાય;
અમર અલ્પ વર અધિક પ્રયત્ન, પ્રભુ કોડી સાટે દે છે રત્ન.
સેવો શ્રીકૃષ્ણ કૃપાલ.

સંસારનો ક્રમ છે, સંબંધ બાંધતાં પહેલાં સ્વભાવને જાણવો. અહીં ભગવાન ના પરમ ઉદાર સ્વભાવનું સુંદર નિરૂપણ છે. પૂજા કરીએ તો રીઝે નહીંતર ખીજે એવો સ્વભાવ શ્રીકૃષ્ણનો નથી. એ ભક્તના ગુણને તો જાણે જ છે પરંતુ ભક્તના અવગુણ ને ય ગુણ કરીને જુએ છે. માટે જ શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણને 'લૌકિક પ્રભુ' જેવા ન માનવાનું કહે છે.

દેવો સ્વાર્થી હોય છે, જો અવળું પડે તો એમને શત્રુતા કરતાં વાર ન લાગે, ઈન્દ્ર વ્રજનો પ્રલય કરવા તૈયાર થયો ન હતો ! બીજું, પ્રભુ માપીજોખીને ફળ નથી આપતા, એ જે આપે તે નષ્ટ ન થાય. અવિનાશી એ આપેલી ભેટ વિનાશશીલ ન જ હોય. અન્ય દેવ ભારે સાધન કરાવી અલ્પ ફળ આપે, પ્રભુ અલ્પ પ્રયાસે મહાફલનું દાન કરે !

સ્વાધ્યાય - ૫

ભગવાનનો અનુભવ

અનિર્વચનીય

સાકરમાં વસેલ મધુરતાને માત્ર અનુભવથી જ જાણી શકાય છે. તે જાણી તો શકાય છે પણ કહી શકાતી નથી. ભગવાન ના અનુભવ વિશે પણ એમ જ છે. તેમનો અનુભવ અવશ્ય થાય છે પરંતુ એ અનુભવ કેવો એ કહી શકાતું નથી. **મૂકાસ્વાદનવત્** જેમ મૂંગો સ્વાદને અનુભવી જાણે તો છે પણ કહી શકતો નથી.

રસાત્મક ભાવાનુભવ -

ભગવદીયોને ભગવાનનો અનુભવ રસાત્મક - અલૌકિક શૃંગાર રસરૂપે થાય છે. શ્રીહરિ સંયોગ અને વિપ્રયોગ એવા બે ભેદથી શૃંગાર રસથી પૂર્ણ છે. આ સંયોગ અને વિપ્રયોગ પણ ધર્મરૂપ અને ધર્મીરૂપ એવા બે પ્રકાર ધરાવે છે.

(૧) ધર્મરૂપ સંયોગ = ભગવાનનું (ભક્તહૃદયની) બહાર પ્રાકટ્ય થવું, તેમની જગતમાં પ્રત્યક્ષ અનુભૂતિ થાય તે ધર્મરૂપ સંયોગ છે.

(૨) ધર્મીરૂપ સંયોગ = ભક્તના હૃદયની અંદર ભગવાન પધારે, પરોક્ષ અનુભવ કરાવે, આંતરિક સંયોગનો અનુભવ કરાવે તે ધર્મીરૂપ સંયોગ છે.

(૩) ધર્મરૂપ વિપ્રયોગ = બે સંયોગની વચ્ચેનો વિપ્રયોગ અથવા જે વિપ્રયોગના પરિણામે સંયોગ મળે તે ધર્મરૂપ વિપ્રયોગ કહેવાય. આમાં બહારનું અનુસંધાન રહે છે.

(૪) હૃદયમાં ભગવદ્ આવેશ થઈ જાય. તેથી જે વિરહ પ્રકટે તે (સંયોગનું સાધન નહીં પરંતુ) સ્વયં ફલસ્વરૂપ જ છે. આ પરમ ફલરૂપ અનુભવમાં ભગવાનના બાહ્ય પ્રાકટ્યની આવશ્યકતા નથી. આમાં બાહ્ય અનુસંધાન રહેતું નથી. ચિત્ત ભગવન્મય થઈ જાય છે. જેમ મૂર્તિમાં ભગવાનનો આવેશ થાય છે તેમ ભક્તના હૃદયમાં ભગવાનનો આવેશ થાય છે.

ભગવદ્ અવિર્ભાવ

એ તો સર્વવિદિત છે જ કે ભક્તોના દુઃખ દૂર કરવા ભગવાનનો આવિર્ભાવ થાય છે. પરંતુ ભક્તોના અધિકાર અને ક્લેશ ના ભેદ પ્રમાણે એમના આવિર્ભાવ ના પ્રયોજનોમાંય ભેદ જોવા મળે છે.

શ્રીકૃષ્ણ ભગવાન ત્રણ ભેદ અનુસાર હરિરૂપે, રસાત્મક રૂપે અને પૂર્ણાનંદરૂપે પ્રકટ્યા એમ કહી શકાય.

(૧) હરિરૂપ, પૃથ્વીના, ભક્તોના, દેવવેદ આદિના દુઃખોને હરવા માટે -

યદાન્યવિહિતં દુઃખં ભક્તાનામિહ જાયતે ।
તદાસુરવિનાશાયાવતરત્યંજસા હરિઃ ॥

જ્યારે ભક્તોને અન્યકૃત દુઃખ વિપત્તિ વિ. ઉપજે છે ત્યારે અસુરસંહાર વિ. લીલા કરવા ભગવાન હરિરૂપે - ભક્ત દુઃખહર્તા રૂપે પ્રકટે છે.

(૨) કામેન યત્ર તદ્ દુઃખં સ્વરૂપવિષયં મતમ્ ।
આવિર્ભાવો ભવેત્તત્ર હરેઃ પૂર્ણરસાત્મનઃ ॥

ભક્તની ઈચ્છા પરિપૂર્ણકરવા માટે (જેમ કે વસુદેવ દેવકીની ભગવાનના જેવો પુત્ર પ્રાપ્ત કરવાની ઈચ્છા) - પ્રભુના સ્વરૂપ વિષેની ઈચ્છાથી થતું દુઃખ દૂર કરવા પૂર્ણરસરૂપ ભગવાન પ્રકટ થાય છે.

ભક્તો ભગવાન સાથેનો સંબંધ ઈચ્છે છે. રસરૂપ બ્રહ્મની સાથે સ્વ અધિકાર અનુસાર સંબંધની ઇચ્છા જાગે છે. પુત્ર રૂપે, સખા રૂપે કે ગુરૂરૂપે વિ. સંબંધની કામના ને પૂર્ણ કરવા પ્રભુ અવતરે છે.

(૩) યત્રૈવ સહજસ્નેહાત્ દુઃખં તત્ર સ્વયંહરિઃ ।
મૂલરૂપેણ કરુણસ્તદર્થં પ્રકટો ભવેત્ ॥

સહજ-સ્વાભાવિક સ્નેહ પણ ભક્તોના દુઃખનું કારણ છે. વ્રજવનિતાઓના વિરહ દુઃખનો આ જ પ્રકાર છે. તો ત્યાં કરૂણાસાગર પ્રભુ પોતાના મૂળ - પરમાનંદ સ્વરૂપે પ્રકટ થાય છે.

ભગવાનના દર્શન માટે સાધન

ભગવાનના દર્શન કરવા માટે એ માટે શ્રી **મહાપ્રભુજી** બે ઉપાય સૂચવે છે. અંતરંગ સાધન તેમજ બહિરંગ સાધન.

(૧) ભગવાનનું નિરંતર, નિષ્કપટ ભાવે સેવન કરવું એ અંતરંગ સાધન છે. (૨) સર્વ પ્રાણીઓ પ્રત્યે દયા, સર્વ ઈન્દ્રિયોનું ઉપશમન, જે કાંઈ પ્રાપ્ત થાય તેનાથી સંતોષ તેમજ ભગવાનના લીલાચરિત્રોનું ગુણગાન, શ્રવણ વિ. એ બહિરંગ સાધન.

અંતરંગ ઉપાય સેવાપ્રધાન છે. વૈષ્ણવે નિષ્કામભાવે, નિષ્કપટ ભાવે, પોતાની યોગ્યતા અનુસાર શ્રીકૃષ્ણની સેવા નિરંતર કરવી. સેવા સ્વશક્તિ અનુસાર કરવી. પોતાની શક્તિ અનુસાર (બહુ અલ્પ પણ નહીં બહુ ભારે પણ નહીં) સેવા કરવી. પોતાની ક્ષમતા કરતાં ઓછી સેવા કરવી એ કપટ છે અને ગજા કરતાં વધુ સેવાપરાયણ થવામાં ક્લેશ થાય. ભગવાનની સેવા તો અતિદુર્લભ છે પરંતુ તે ય જીવને ભાર રૂપ લાગે.

ઉપરોક્ત બે સાધનો ભગવાનને પ્રસન્ન કરનારા છે. પ્રસન્ન થયેલા પ્રભુ સામે ચાલીને

ભક્તને દર્શનનું સુખ પ્રદાન કરે છે.

ભગવાનના અનુભવના સાધનોમાં શ્રીમહાપ્રભુજી ગુણગાન પર ખૂબ ભાર મૂકે છે. **સર્વાપેક્ષાપરિત્યાગાત્ પૌરુષસ્ય સભાજનમ્ । આસક્ત્યા ભગવદ્ભક્તૈઃ પરં દર્શનસાધનમ્ ॥** સર્વ અપેક્ષાઓનો પરિત્યાગ કરીને ભગવદીયોના સંગમાં રહીને ભગવાનના અતિપૌરૂષ, (દિવ્ય) 'લીલાચરિત્રોનું વાણીથી સન્માનપૂર્વક કથન કરવું એ ભગવદ્ સાક્ષાત્કાર કરવાનું ઉત્તમ સાધન છે.

આવા ભગવદીયોને ભગવાનના કેવા સ્વરૂપનાં દર્શન થાય છે તે પણ કહેવાયું છે. **પશ્યન્તિ તે મે રુચિરાવતંસ પ્રસન્નવક્ત્રારુણલોચનાનિ । રૂપાણિ દિવ્યાનિ વરપ્રદાનિ સાકં વાચં સ્પૃહણીયાં વદન્તિ ॥** ભાગવતભક્તો ભગવાનના સ્વરૂપોનો નિત્ય સાક્ષાત્કાર કરે છે. વૃંદાવન આદિ ધામમાં બિરાજમાન એવા ભગવદ્ સ્વરૂપો ના અનુભવો એમને થાય છે. ભગવાનના કર્ણઆભરણ યુક્ત મુખકમલનાં દર્શન થાય છે. પ્રસન્ન મુખારવિંદ, અરૂણ નેત્ર થી શોભતા ભગવત્સ્વરૂપનાં તેઓ દર્શન કરે છે.

ઉપાસકને ભગવાનના એ જ સ્વરૂપનાં દર્શન થાય છે જેનું એ સતત ધ્યાન કરે છે જ્યારે ભગવદીયને તો તેમના વિવિધ ભાવ અનુસાર અનેક ભગવદ્ રૂપોનાં દર્શન થાય છે. પ્રભુ પ્રસન્ન થઈને આ રૂપોનું વરદાન કરે છે. લૌકિક દૃષ્ટિ અને લૌકિક બુદ્ધિએ તો આ ભગવદ્ સ્વરૂપ ગ્રાહ્ય જ નથી. ભક્તો અહીં જ, આ લોકમાં - આ શરીરે ભગવાન સાથે વાર્તાલાપ કરે છે, ભગવાન પણ એવા ભક્તો સાથે અનેક પ્રકારની રસરૂપ લીલા કરે છે.

સરળ ઉપાય.

ભગવત્ પ્રાપ્તિનો અથવા ભગવાનના દર્શનનો સૌથી સરળ ઉપાય સ્વયં ભગવાને ઉદ્ધવજીને દર્શાવ્યો છે.

અયં હિ સર્વકલ્પાનાં સધ્રીચીનો મતો મમ ।
મદ્ભાવઃ સર્વભૂતેષુ મનોવાક્કાયકર્મભિઃ ॥

મન, વાણી અને શરીરના કાર્યોથી સર્વ પ્રાણીઓમાં ભગવદ્ભાવ કરવો આ ઉપાય ભગવાનને પામવાના સર્વ ઉપાયોમાં શ્રેષ્ઠ ઉપાય છે.

સર્વમાં એકમાત્ર પ્રભુ રહેલા છે એ ભાવ ભક્તિમાર્ગમાં ખૂબ ઊપયોગી ભાવ છે. ભગવદ્ગીતા એને પંડિત (બુદ્ધિમાન) કહે છે કે જે બ્રાહ્મણ, ગાય, હાથી, કુતરૂં કે ચાંડાલ આદિ સર્વમાં સમદૃષ્ટિ રાખે એટલે કે એ બધાં ભગવાનનાં જ જુદી જુદી લીલા કરવા માટે પ્રકટ થયેલા સ્વરૂપો છે એમ ભાવ રાખે.

પ્રભુ જ સર્વરૂપ છે.

ક્રીડા પણ એ જ છે, ક્રીડાંગણ પણ એ જ છે, અને ક્રીડા કરનારો પણ એ જ છે.

ભગવાનના અનુભવના વિષયમાં, ભગવાન જ સાધન છે અને ભગવાન જ ફલ છે. એ જ કૃપા કરીને નિજ અનુભવ કરાવે છે અને એમનો અનુભવ જ પરમ ફલ છે. આમેય પુષ્ટિમાર્ગમાં સાધન અને ફલ વચ્ચે ભેદ નથી. જીવ પાસે સ્વાધીન એવું કોઈ જ સાધન નથી. છતાં યથાસંભવ તેણે દીનતા, શરણાગતભાવ અને અનુભવ માટેનો તાપકલેશ રાખવો જોઈએ.

ભાગ્યવાન ભગવદીયને જ ભગવાનનો અનુભવ થાય છે. કામક્રોધમાં ડૂબેલા, સંસારાસક્ત જીવો, ભગવદીયો પ્રત્યે વિમુખ રહેનાર, શ્રીકૃષ્ણ લીલામાં દોષ જોનાર તેમજ અહંકારીને ભગવાનનો અનુભવ થતો નથી.

ચિત્તમાં ભગવાન પ્રત્યેનો સ્નેહ સંપાદન કરવો જોઈએ. પછી પ્રેમથી ભરેલું ચિત્ત સર્વત્ર ભગવાનને ગ્રહણ કરશે. જેમ જીભ વસ્તુમાં રહેલા રસોને પોતે જ ગ્રહણ કરે છે તેમ ચિત્ત પોતેજ ભગવાનને ગ્રહણ કરશે.

ભગવાનનો અનુભવ, ભક્તના અધિકાર અને ભગવાનના અનુગ્રહ પર અવલંબે છે. જીવને સ્વ અધિકાર અનુસાર પ્રભુના સ્વરૂપનો પાંચ પ્રકારે અનુભવ થાય છે.

આધિભૌતિક અનુભવ	(૧) :	લૌકિક સ્વરૂપાત્મક અનુભવ.
આધ્યાત્મિક અનુભવ	(૨) :	મર્યાદામાર્ગીયસ્વરૂપાત્મક અનુભવ.
	(૩) :	માહાત્મ્ય જ્ઞાનપૂર્વક અનુભવ.
આધિદૈવિક અનુભવ	(૪) :	પુષ્ટિમાર્ગીય સ્વરૂપાત્મક અનુભવ.
	(૫) :	રસાત્મક સ્વરૂપાત્મક અનુભવ.

સૌ ભગવાનના જેવી રીતે દર્શન કરે તે રીતે ભગવાનના સ્વરૂપને મૂર્તિરૂપે - પ્રતીમારૂપે અનુભવાય તે આધિભૌતિક, લૌકિક અનુભવ કહેવાય છે. જ્યારે ભગવાનના દર્શન, પૂજન, વિ. થી ચિત્તને શાંતિ, પ્રસન્નતા અને અભય જેવો ગુણોનો અનુભવ થાય તે પ્રભુનો મર્યાદામાર્ગીય અનુભવ છે. ભગવાનના અનુભવમાં એમના ગુણો, પૂર્ણ સામર્થ્યની સ્મૃતિ રહે, પ્રભુ મારા પાલનહાર, તારણહાર છે એવી અનુભૂતિ થાય તે માહાત્મ્યજ્ઞાનાત્મક અનુભવ છે.

ભગવત્સ્વરૂપમાં ચૈતન્યનો અનુભવ થાય, પ્રભુ ભક્તને આધીન લીલા કરે પોતાના શ્રમ કે પોતાની પ્રસન્નતા ભક્તને જણાવે એ પુષ્ટિમાર્ગીય અનુભવ છે. દામોદરદાસજી સંભલવાળાને માથે શ્રી દ્વારિકાનાથજી બિરાજતા. ઉષ્ણકાળના દિવસોમાં શ્રી ઠાકોરજીને મંદિરમાં પોઢાડીને એ હવા આવે એવી ખુલ્લી મેડીએ જઈને સુતા. શ્રી ઠાકોરજીએ શેઠની દાસીને જગાડીને આજ્ઞા કરી કે, **तू किवाड खोलि, मोकों गरमी बहोत होत है** દાસીએ દરવાજા ખોલી નાખ્યા પછી પ્રભુએ પંખો નાખવાની આજ્ઞા કરી - આવા અનુભવો પુષ્ટિમાર્ગીય અનુભવો છે.

પુષ્ટિભક્તને પુષ્ટિમાર્ગમાં પુષ્ટિસ્વરૂપથી થતો સૌથી વધુ ઉત્તમ અનુભવ એ રસાત્મક અનુભવ છે. એમના દર્શન, સ્પર્શ આદિમાં સંયોગની આનંદાનુભૂતિ તેમજ ક્ષણમાત્રના વિરહમાં પરમ વ્યાકુળતા એ પુષ્ટિમાર્ગીય પરમફળ છે.

હરિરસ વૃંદાવન તેં આયો ।

ભગવદી જન પીવન કે કારણ, શ્રીવ્રજનાથ પઠાયો ॥

બાંટિ લિયો અપની અપની રૂચિ, જો જાકે મન ભાયો ।

'સૂરદાસ' પ્રભુ રસિક વિનોદી સો રસ રસિકન પાયો ॥

જેના ઉપર પ્રભુ અતિશય કૃપા કરે છે તેની પાસે આનંદ રૂપ થઈને આવે છે. ગોલોકથી રેલાતો રેલાતો આ હરિ રસ વ્રજમાં અવતર્યો. વનમાં પધારેલા પ્રભુ ગૃહસ્થ ભક્તોનેય આ રસથી આપ્લાવિત કરે છે.

ભક્તો પી શકે, ઘૂંટડામાં તેને ઉતારી શકે માટે જ એ રસ રૂપ બનીને આવે છે. આનંદનું સ્વરૂપ દ્રવીભૂત હોય ત્યારે એને 'રસ' કહે છે. આનંદ ઘન અતિ કૃપાવાન બને ત્યારે દ્રવી જાય છે. બસ તે જ હરિરસ.

ભક્તો સ્વરૂચિ અનુસાર એને બાંટી લે. ઈર્ષ્યા, અસૂયા, સાપત્ન્યભાવ ને તો સ્થાન જ નહીં. **યે યથામાં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્** ભગવાન નું ભક્તની રૂચિ અનુસાર થવું એ જ કૃપા. આ કૃપા માટે એક જ શરત. રસને જે રસિક હોય તે જ જાણે, તે જ પામે. રસિક એ જ કે જેને હરિરસની પ્યાસ હોય.

ભક્તિ પોષણ

ભક્તિ થી ભદ્ર

વેળુ પીલતાં જો તેલ નીકળે, જળ મથ્યે નવનિત હોય;

મૃગજળથી જો તૃષા ટળે, તોય ભક્તિ વિના ભદ્ર ન હોય;

ભદ્ર ન હોય મહાન કદાપિ, અભય ન હરિ વિના કો શકે આપી;

હું નથી કહેતો પોકારે છે વેદ, સ્મરો શ્રીકૃષ્ણ ટળે સહુ ખેદ.

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

સંપૂર્ણ સંભાળ લેવાની ઘોષણા ભગવાને કરી છે તો તે કેવળ ભક્તને માટે જ. **ન મે ભક્ત પ્રણશ્યતિ.** હે કૌંતેય ! મારો ભક્ત કદી નાશ પામતો નથી. હું સતત એના યોગક્ષેમ નું ધ્યાન રાખું છું. માટે ભક્તિ સર્વથા કલ્યાણકારી છે.

રેતીને પીલતાં તેલ ન નીકળે, પાણીને વલોવતાં કાંઈ માખણ ન મળે, મૃગજળ થકી કોઈનીય તૃષા શાંત થઈ નથી. છતાં કદાચ આ બધું અસંભવ પણ સંભવ થઈ જાય પણ ભક્તિ રહિત નું, ભગવાનથી વિમુખનું કદી કલ્યાણ નથી. કાળનાય કાળ ભગવાન તેને અભયનું દાન આપી શકે. સર્વ કલેશનું નિવારણ છે, એકમાત્ર શ્રીકૃષ્ણનું ભજન.

સાધન - સાધ્ય.

મંત્ર અધિન સહુ દેવતા, યોગે વિરાટ પણ વશ થાય;
જ્ઞાની અક્ષરને જઈ મળે, પુરૂષોત્તમ પ્રેમ પમાય;
પ્રેમભક્તિ વશ પૂર્ણાનંદ, એ ન અન્ય સાધક ફંદ,
શ્રીમુખ ભાખ્યું શ્રીગીતા માંહ્ય, ના માનો તો જોજો ત્યાંય.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

સાધનના જ્ઞાન વિના સાધ્ય ન સાંપડે. જેવું સાધ્ય તેવું સાધન, જેવું સાધન તેવું સાધ્ય !

દેવો ને વશ કરવા સહેલા છે, મંત્રને આધીન હોવાથી દેવો સરળતાથી પ્રસન્ન થાય છે (જો કે જે સહેજમાં પ્રસન્ન થઈ જાય તે સહેજમાં કોપે ય ખરા !) વિરાટ તો વિરાટ છે પણ જીવ યોગ સાધે તો એનોય સંયોગ થઈ જાય. અક્ષરબ્રહ્મને પામવાનું સાધન જ્ઞાન છે. અવિદ્યા નિવૃત્ત થતાં બ્રાહ્મી સ્થિતિ આવે જ છે પરંતુ પૂર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણને પામવા માટે તો પ્રેમ રૂપી, ભક્તિ રૂપી સાધન જ ખપે.

'પ્રેમ સકલ શ્રુતી સાર હૈ, પ્રેમ સકલ સ્મૃતિ-મૂલ ।
પ્રેમ પુરાન-પ્રમાન હૈ, કોઉ ન પ્રેમ કે તૂલ ॥

સકલ વેદ, શાસ્ત્ર નો સાર પ્રેમ-ભક્તિ જ છે. પ્રભુ પ્રેમથી જ મળે છે.

સ્વાધ્યાય ૬

ભગવદ્ અવતાર

અવતરણમવતાર: અવતાર એટલે અવતરણ. **વ્યાપિવૈકુંઠાદ્ ભગવત: પ્રપંચે સમાગમનમ્** વ્યાપી વૈકુંઠમાંથી ભગવાનનું પ્રપંચમાં (જગતમાં) પધારવું એટલે અવતાર.

જેઓનો ઉદ્ધાર કરવાનો છે તેઓની મધ્યમાં ઉતરવું તેનું નામ અવતાર. કૂવામાં પડેલાનો ઉદ્ધાર કાં તો દોરડાથી થાય કાં તો જાતે કૂવામાં ઊતરીને થાય.

અવતાર વિવેચન

વ્યાપિ વૈકુંઠથી ભગવાનનું જગતમાં પધારવું એટલે અવતાર. શ્રીકૃષ્ણ તો પરબ્રહ્મ છે અને બ્રહ્મ તો સર્વ વ્યાપક છે તો પછી વૈકુંઠમાંથી ભગવાનનું નીચે-જગતમાં પધારવું એ કઈ રીતે ? વ્યાપકનું અવરોહણ શું અને આરોહણ શું ?

સર્વ વ્યાપક ભગવાનનું સ્વરૂપ અવ્યક્ત અગોચર રહેવાને બદલે જીવોને માટે વ્યક્ત, ઈન્દ્રિય ગમ્ય થાય એ અવતાર છે. વ્યાપિવૈકુંઠ એટલે અક્ષર. બ્રહ્મ એ વ્યાપક છે માટે એને વ્યાપિવૈકુંઠ કહે છે. પરબ્રહ્મનું ધામ અક્ષર બ્રહ્મતો છે જ. ભગવાન સદા સર્વદા નિજધામમાં તો બિરાજે છે જ. જ્યારે એમને પ્રકટ થવાની ઈચ્છા થાય છે ત્યારે તે આ પ્રપંચ (જગત)માં પ્રત્યક્ષ અનુભવમાં આવવા લાગે છે. **યથા શકતા તથા બૃહત્ યથા દેવી તથા કૃષ્ણ:** અક્ષર બ્રહ્મ અને પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ, આ બેઉ ગંગાની શક્તિ તથા ગંગાદેવીની જેમ સર્વથા અભિન્ન છે. (જેમ ગંગાદેવી અને ગંગાજીની મહાન શક્તિ એકબીજાથી અલગ નથી તેમજ શ્રીકૃષ્ણ પ્રભુ અને તેમનું અક્ષર રૂપ, ધામરૂપ એકમેકથી અલગ નથી.)

આવરણ હટે એ જ અવતાર

ભગવાન સર્વત્ર રહેલા છે તો એમનો અનુભવ કેમ થતો નથી ? **તત્ર ભગવાન્ સર્વત્ર સાકાર: સચ્ચિદાનંદરૂપ: સર્વત: પાણિપાદાન્ત: માયા જવનિકાચ્છન્નાસ્તિષ્ઠતિ** પરબ્રહ્મ પરમાત્મા સાકાર અને સચ્ચિદાનંદરૂપ સર્વત્ર જેના કરચરણાદિ રહેલા છે તે વિશ્વ આખામાં બિરાજમાન છે પરંતુ તેમણે પોતાના સ્વરૂપને માયાના આવરણથી ઢાંકી રાખેલ છે. તેથી તેમનો અનુભવ સર્વ કોઈને થતો નથી. જીવને ભ્રમમાં નાખનારી અવિદ્યારૂપ માયા વડે નહીં. પરંતુ ભગવાનની 'સર્વભવન સામર્થ્ય ' રૂપ શક્તિનું બીજું નામ માયા છે. તે માયા વડે તેઓ પોતાના સ્વરૂપને ઢાંકે છે. આ માયા આવરણ રૂપા છે. આવરણ હટે એ જ અવતાર એ જ પ્રાકટ્ય. આ આવરણ ચાર પ્રકારનાં છે. ૧: પ્રમાણ આવરણ. ૨: વસ્તુ આવરણ. ૩: જીવ આવરણ અને ૪: ભગવદ્ આવરણ.

શ્રી સુબોધિનીજીમાં નિરૂપણ છે કે, 'આત્મસ્વરૂપ જ્ઞાનં ભગવત્ સ્વરૂપજ્ઞાનં ચ નોપદેશસાપેક્ષમ્ । પ્રમાણ વસ્તુ પરતંત્રત્વાત્ પરં પ્રમાણવસ્તુનોરાવરણં દૂરીકર્તવ્યમ્ । જીવાત્માવરણં માયા , ભગવદાવરણં ભગવદિચ્છા । તત્ર જીવાવરણં ભક્તિ સહિત જ્ઞાનેનાડપગચ્છતિ । ભગવન્માહાત્મ્યજ્ઞાનપૂર્વક- ભગવદ્વિષયક પરમ પ્રેમ્ણા ભગવત્સેવાયાં ભગવદાવરણમપગચ્છાતિ । , એટલે કે ૧: પ્રમાણ એટલે જ્ઞાનનું સાધન. આંખકાન વિ. ઇન્દ્રિયો, અંતઃકરણ અને વેદશાસ્ત્ર વિ. જ્ઞાનના સાધન પ્રમાણ કહેવાય છે. આમના ઉપર જો કોઈ આવરણ આવી જાય તો ભગવાનના દર્શન વિ. અનુભવો થઈ શકતા નથી માટે આને પ્રમાણ આવરણ કહે છે. ૨: વસ્તુ (દશ્ય) પર પણ આવરણ હોય છે ભગવાનની મૂર્તિ, સ્વરૂપ આદિ પર જ્યાં સુધી આવરણ - આચ્છાદન રહેશે ત્યાં સુધી તે હોવા છતાં અનુભવમાં નહીં આવે. આખું સરોવર જળથી વ્યાપ્ત હોય છે, સર્વત્ર જળ હોય છે પરંતુ જો જળ પર લીલ, શેવાળ ફેલાઈ ગઈ હોય તો આપણને જળ દેખાતું નથી. આ વસ્તુ આવરણ. ૩: જીવ (દ્રષ્ટા) ઉપર પણ માયારૂપ આવરણ લાગેલ હોય છે. પ્રભના ચિદંશની શક્તિ, માયાની મોહિની શક્તિ જીવને ઢાંકી દે છે તેથી જીવ ભગવાનનો સાક્ષાત્કાર કરી શકતો નથી. આ મોહિની, સંમોહિની માયારૂપ આવરણ એ જ જીવ આવરણ. ૪: ચોથું આવરણ છે ભગવદ્ આવરણ- ભગવાનની ઈચ્છા . બધા જ આવરણ હટી જાય પરંતુ ભગવાન પોતે જ ભક્તને દર્શન આપવાની ઈચ્છા ન કરે તો તેમના દર્શન થઈ જ ન શકે. (આ બધા આવરણ જુદા જુદા સમયે જુદા જુદા અધિકારીઓને જુદી જુદી રીતે લાગે છે અને જુદી જુદી રીતે નિવૃત્ત થાય છે.)

પ્રમાણ તેમજ વસ્તુ આવરણનું નિવારણ તત્વવિચાર અને ધર્મ આચરણથી થઈ જાય છે, જીવ તત્વ પરનું આવરણ ભક્તિ સહિત તત્વજ્ઞાન વડે હટી જાય છે અને ભગવદ્ આવરણના નિવારણ માટે ભગવાનના માહાત્મ્યજ્ઞાનપૂર્વક તેમની પરમ પ્રેમ સહિત સેવા કરવી જોઈએ. આ પ્રકારની સેવાભક્તિથી ભગવાન પ્રસન્ન થાય છે અને એમને ભક્તને દર્શન આપવાની ઈચ્છા થઈ જાય છે.

અવતાર ભેદ

પરબ્રહ્મ, અક્ષરબ્રહ્મ અને અંતર્યામી - આ ત્રણે ભગવાનનાં જ રૂપ છે. જુદાં જુદાં કાર્યો કરવા માટે એમણો આ જુદા જુદા રૂપ ધારણ કર્યા છે. ઉપરોક્ત ત્રણ રૂપ ઉપરાંત એમના આનંદ, જ્ઞાન અને ક્રિયા એમ ત્રણ ધર્મો પણ છે. આ બધાના ભેદથી અનેક અવતારો થાય છે. 'સત્વરૂપ શરીરેષુ બ્રહ્મણઃ સંક્રમઃ સ્મૃતઃ । અશુદ્ધ શુદ્ધભેદેન શરીરાણામતો દ્વિધા । કાર્યકાલે સંક્રમણ- માવેશઃ , સર્વદા પરમ્ । , અશુદ્ધ તેમજ શુદ્ધ સત્વને આસન અથવા સ્થાન બનાવીને તેમાં પરબ્રહ્મનું અથવા એમના ધર્મનું ઉતરવું, સર્વ આવરણો ને હટાવીને પોતાના ઈચ્છિત સ્થાને પ્રકટ થવું એનું નામ અવતાર.

कार्याधिकारं कुर्वन्तः सदंशास्ते प्रकीर्तिताः । જેઓ ભગવાને આપેલા

સૃષ્ટ્યાદિ કાર્યમાત્રનું પાલન કરે તે બ્રહ્મણ વિ. સદ્રૂપ ભગવાનના અંશાવતારો છે આ કાર્યમાં એમને સહાય કરનારા મરીચિ, કશ્યપ, મનુ વિ. અંશાંશાવતાર છે.

યેષામન્તર્ગતો વિષ્ણુઃ કાર્યં કૃત્વા વિનિર્ગતઃ।
નાનાવેશાવતારાંશ્ચ વિદ્ધિ રાજન્ મહામતે ॥

ભગવાન વિષ્ણુ જેમના અંતઃકરણમાં આવિષ્ટ થઈને અભીષ્ટ કાર્ય કરી લઈને પાછા અલગ થઈ જાય છે એવા પરશુરામ વિ. અવતારો ને આવેશાવતાર કહે છે.

ધર્મં વિજ્ઞાય કૃત્વા યઃ પુનરન્તરધીયત ।
યુગે યુગે વર્તમાનઃ સોઽવતારઃ કલા હરેઃ ॥
ચતુર્વ્યૂહો ભવેદ્યત્ર દૃશ્યન્તે ચ રસા નવઃ ।
અતઃ પરં ચ વીર્યાણિ સ તુ પૂર્ણઃ પ્રકથ્યતે ॥

જે પ્રત્યેક યુગમાં પ્રકટ થઈને , યુગધર્મ ને જાણીને , તેની સ્થાપના કરીને પાછા અંતર્ધ્યાન થઈ જાય છે. તેવા કપિલ, કૂર્મ વિ. અવતારોને ભગવાનના કલા અવતારો કહે છે અને જ્યાં ચારે વ્યૂહનું પ્રાકટ્ય હોય, જ્યાં નવે રસોની અભિવ્યક્તિ જોવા મળતી હોય તેમજ બલ-પરાક્રમની પરાકાષ્ઠા હોય તેવા શ્રીરામ, શ્રીહરિ અવતાર તે પૂર્ણ અવતાર છે.

ઉપરોક્ત બધા જ અવતારના વિશિષ્ટ કાર્યો, લક્ષણો તો હોય જ ઉપરાંત સદ્, ચિદ્ અને આનંદ ધર્મની ચરમ અભિવ્યક્તિ હોય, અપાર કરુણામય સ્વભાવ હોય, ભક્તાધીનત્વ જેવા ગુણો અને સર્વ દેવો અને અન્ય અવતારો કરતાં શ્રેષ્ઠતા થતી હોય એવા શ્રીકૃષ્ણ અવતારને પરિપૂર્ણતમ અવતાર કહે છે.

શ્રીકૃષ્ણ અવતાર

પરમકાષ્ઠાપન્ન તત્વ પરાત્પર પરબ્રહ્મ નિર્ગુણ પુરૂષોત્તમ પોતાના સર્વધર્મ, સર્વશક્તિ, પરિકર સહિત, માયા શક્તિને સાથે લઈને સ્વેચ્છાથી સ્વયં પ્રકટ થયા તે જ શ્રીકૃષ્ણ અવતાર.

ઘણાને સંદેહ થાય છે શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે તો એમનો ઉલ્લેખ અને લીલાવર્ણન વેદઉપનિષદ્માં બધે કેમ નથી ? તેનું સમાધાન એ કે સર્વત્ર એમના સ્વરૂપ અને લીલાઓનું વર્ણન છે જ. ક્યાંક એમના પ્રકટ સ્વરૂપનું વર્ણન છે તો ક્યાંક એમના અપ્રકટ સ્વરૂપનું વર્ણન છે. જે સ્વરૂપ અવ્યક્ત, અપ્રકટ છે તે 'પર' અથવા 'બ્રહ્મ' કહેવાય છે પરંતુ જ્યારે અનેકવિધ લીલાઓ કરવા માટે એ સ્વરૂપ પ્રકટ થાય છે ત્યારે તે 'શ્રીકૃષ્ણ' કહેવાય છે. અવ્યક્તરૂપે તો એ સદાસર્વદા બિરાજે જ છે તેથી સર્વ વેદ, ઉપનિષદ્ અને શાસ્ત્રોમાં એનું વર્ણન છે જ્યારે એ પ્રકટરૂપે તો ક્યારે ક્યારે જ આવે છે તેથી તેનું વર્ણન શ્રીકૃષ્ણોપનિષદ્,

શ્રી વાસુદેવોપનિષદ્ વિ. માં જોવા મળે છે.

શ્રુતિઓ એ જે જે બ્રહ્મધર્મોનું નિરૂપણ કરેલ છે તે બધાનું નિરૂપણ શ્રીકૃષ્ણ અવતારમાં પૂ. શ્રીમદ્ભાગવત, ગીતા વિ. માં જોવા મળે છે શ્રુતિ પરબ્રહ્મને 'રસો વૈ સઃ' રસ રૂ-આનંદ સ્વરૂપ કહે છે તો શ્રીકૃષ્ણના સ્વરૂપમાં ભક્તોને તેમના દ્વારા શૃંગારાદિ સર્વ રસ એમ અનુભવ થયો છે. શ્રુતિ બ્રહ્મને 'અનંતં બ્રહ્મ' કહે છે, તો શ્રીકૃષ્ણલીલામાં શ્રીયશોદાજીને, અર્જુનને ભગવાન શ્રીકૃષ્ણના વિરાટ, વિશ્વરૂપ સ્વરૂપના દર્શન થયેલાં છે જ. દામોદર લીલામાં પણ તેનું પ્રમાણ સાંપડે છે. શ્રુતિ કહે છે 'પરાત્પરં પુરૂષમીક્ષતે.' ભગવાન પરથી ય પર છે, એનું સમર્થન બ્રહ્મા, ઈન્દ્ર જેવા દ્વારા કરાયેલી સ્તુતિમાં સાંપડે જ છે, તેમજ પૂતના મોક્ષમાં શ્રીકૃષ્ણનું અવિદ્યાનાશ સામર્થ્ય, તૃણાવર્ત વધ આદિ પ્રસંગોમાં તેમના સાધન નિરપેક્ષ મુક્તિ દાન સામર્થ્ય, દાવાનલપાન તેમજ ગોવર્ધન લીલામાં ઈશ્વરત્વ, રાસ લીલામાં રસરૂપત્વ, ગીતા ઉપદેશમાં આચાર્યત્વ કંસ, શિશુપાલ વિ. ના વધમાં ભૂભાર હર્તા જેવા બ્રહ્મધર્મોના સ્પષ્ટ પ્રમાણો મળે જ છે.

વધુ ઊંડા ઉતરીએ તો, શ્રીકૃષ્ણ અવતાર નથી. તે આવેશ કે અવતાર નથી પરંતુ આવિર્ભાવ છે. એમનો અવતાર હોવા છતાં વાસ્તવમાં આવિર્ભાવ છે. શ્રીકૃષ્ણ સાક્ષાત્ પરબ્રહ્મ પુરૂષોત્તમ છે માટે એ અવતાર નહીં, 'અવતારી' છે, અન્ય અવતારો એમના અવતાર છે. માટે શ્રીમદ્ભાગવત 'કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્' કહે છે.

અવતાર હેતુ

ગીતાજીના ચોથા અધ્યાયમાં પ્રભુએ સ્વમુખે પોતાના અંશત્વ, આચાર્યત્વ તેમજ પૂર્ણત્વ એમ બધા જ પાસાઓનું નિરૂપણ કર્યું છે. 'યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિ ભવતિ ભારત । અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥' જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે હે ભારત ! હું (આચાર્યરૂપે) પ્રકટ થાઉં છું. આ શ્લોકમાં ભગવાને પોતાના અનિરૂદ્ધ વ્યૂહાત્મક, ધર્મ રક્ષણ હેતુને પ્રકટ કર્યો છે. ધર્મરક્ષા માટે પ્રભુ આચાર્યત્વે અવતરે છે. 'આચિનોતિ હિ શાસ્ત્રાણિ સ્વાચારે સ્થાપયત્યપિ । આચારયતિ તં લોકે તમાચાર્યં પ્રચક્ષતે ॥' જે શાસ્ત્રનો ધર્મ સાથે સમન્વય કરે, ધર્મનું સ્વયં આચરણ કરે અને ઉપદેશ દ્વારા બીજાઓને ય એ ધર્મનું આચરણ કરાવે તેને 'આચાર્ય' કહે છે.

અંશાવતારના મુખ્ય પ્રયોજનો દેવીજીવોની રક્ષા, અસુરસંહાર અને ધર્મરક્ષા છે. ભગવાને 'પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ । ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ॥' સત્પુરૂષોના રક્ષણ માટે, દુષ્ટોના વિનાશ માટે અને ધર્મની સ્થાપના માટે હું યુગે યુગે પ્રકટ થાઉં છું એમ જણાવીને આ અવતારના અંશત્વ પ્રયોજનની ચર્ચા પણ કરી છે. પૂર્ણમાં અંશનો સમાવેશ હોય જ. પરિપૂર્ણ અવતારમાં ભગવાન અંશાવતારના કાર્યો તો કરે જ છે. શ્રીકૃષ્ણે પણ અનેક અસુરોને મારીને ભૂભાર હરણ કરેલ છે, અર્જુન, દ્રૌપદી, વ્રજવાસીઓ, કુંતા, ઉગ્રસેન જેવાઓનું રક્ષણ-પરિત્રાણ પણ કરેલ છે. જો કે અસુરસંહાર, પ્રપન્ન પરિપાલન

જેવી લીલા અંશાવતારમાં ય કરે છે તેથી આ લીલાઓ શ્રીકૃષ્ણ અવતારમાં પ્રકટ થતી હોવ છતાં ય એ અવતારનું મુખ્ય પ્રયોજન નથી. જે પ્રયોજન, પરિણામ અને પ્રભાવ અંશ, આવેશ, કલા જેવા અવતારોમાં જોવા ન મળતા હોય એ પરિપૂર્ણ પુરૂષોત્તમ અવતારમાં જોવા મળે છે, જેમકે

નૃણાં નિ:શ્રેયસાર્થાય વ્યક્તિર્ભગવતો ભુવિ ।
અવ્યયસ્યાપ્રમેયસ્ય નિર્ગુણસ્ય ગુણાત્મન: ॥

અવ્યય, અપ્રમેય, નિર્ગુણ, સર્વગુણોના કારણરૂપ ભગવાનનું પ્રાકટ્ય જીવ માત્રના કલ્યાણને માટે થયું છે. ભગવાન શ્રીકૃષ્ણ સર્વેશ્વર છે તે નિ:સાધન જીવોનો ઉદ્ધાર કરી શકે છે. તે જો સાધન નિરપેક્ષ મુક્તિનું દાન ન કરે તો એમના આ અસાધારણ પ્રાકટ્યની સાર્થકતા જ ન રહે. 'અસાધારણ પ્રયોજનાભાવાત્ । ભૂભાર હરણાદિકં અન્યથાપિ ભવતિ । અસુરસંહાર, ધર્મરક્ષા જેવા કાર્યો તો અન્ય પ્રકારે ય થઈ શકે છે. ભગવાનના આ અસાધારણ પ્રાકટ્ય પાછળ અસાધારણ પ્રયોજન જ હોઈ શકે અને તે અસાધારણ પ્રયોજન 'નિ:સાધન જન ઉદ્ધાર' જ છે.

કેવળ પોતાના સ્વરૂપ-બળ થી જ સર્વ જગતને પોતાના સ્વરૂપનું દાન કરીને, ઉદ્ધાર કરી દેવો એ ભગવાન શ્રીકૃષ્ણનો અસાધારણ અનુગ્રહ છે. જેમ અગ્નિ પોતાના કાર્યમાં અન્ય કોઈ પદાર્થની અપેક્ષા રાખ્યા વિના પોતાની સ્વરૂપબલથી જ પોતાની સંબંધમાં આવનારા પદાર્થોને પોતાના સમાન (અગ્નિમય) બનાવી દે છે એમ જ શ્રીકૃષ્ણે પણ પોતાની સાથે સંબંધમાં આવતા પ્રત્યેક જીવને, તેના કોઈ જ સાધનની સહેજ પણ પરવા કર્યા વિના, અપેક્ષા રાખ્યા વિના, પોતાના જ સ્વરૂપ સામર્થ્ય વડે તે જીવના (તિરોહિતાનંદરૂપ) અન્યથારૂપને દૂર કરીને પોતાના આનંદરૂપં અલૌકિક સ્વરૂપ વડે તેને આનંદમય બનાવી દીધો છે.

સર્વવ્યાપિ કેવળ આનંદરૂપ પરબ્રહ્મ પૂર્ણ પુરૂષોત્તમ પોતાના અપ્રાકૃત આનંદરૂપથી જ અનેકવિધ લીલાઓ કરવાને માટે અંશાંશ સહિત કોઈ એક પ્રદેશમાં આવરણ હટાવીને, નિજેચ્છાથી પ્રકટ થાય એ પૂર્ણ અવતાર છે. આ પૂર્ણ અવતાર શ્રીકૃષ્ણ પ્રભુ છે. કૃષ્ણ અવતાર કેટલાય કલ્પોમાં થાય છે. પરંતુ પૂર્ણ આવિર્ભાવ સારસ્વત કલ્પમાં થાય છે. શ્રીમદ્ભાગવતજીમાં વર્ણિત કૃષ્ણકથા (પ્રાય:) સારસ્વતકલ્પની લીલાની કથા છે.

પુષ્ટિ ભક્તોને માટે તો ભગવાનની આ પ્રાકટ્ય લીલા નિત્યલીલા હોવાથી જ્યારે જ્યારે કૃપા થાય ત્યારે ત્યારે અનુભવી શકાય છે. એકવાર જન્માષ્ટમીના દિવસે શ્રી ગુસાંઈજી પરમાનંદદાસને સાથે લઈને શ્રી ગિરિરાજજીએ પોતે શ્રીનવનીતપ્રિયજીને અભ્યંગ કરાવ્યા, શૃંગાર કરીને તિલક કર્યુ. અર્ધરાત્રિના સમયે શ્રી ગુસાંઈજીએ પ્રભુનો જન્મ કરાવ્યો, લાલનને પાલનામાં પધરાવ્યા, શ્રી નંદરાયજી શ્રી યશોદાજી, ગોપી, ગ્વાલ વિ. ને ભેખ ધરાવ્યા અને ઉત્સવ કર્યો. શ્રી નંદરાયજી અને ગોપીગ્વાલ, વૈષ્ણવોના જૂથ અને પોતાના સેવ્ય લાલન

બધાને લઈને દધિ-કાદવ કર્યો. એ સમયે પરમાનંદદાસ નાચવા લાગ્યા, રાગનો ક્રમ પણ ભૂલી ગયા. પ્રેમમાં રાગનો ક્રમ નહીં પણ લીલાનો ક્રમ. જેવી લીલા કરી તે સ્ફૂરી, જે લીલા સ્ફૂરી તે ગાઈ.

વ્રજ અને વ્રજભક્તોના ભય અને આર્તિહરવા માટે ભગવાન નો પુષ્ટિ આવિર્ભાવ છે. જો એમ ન હોય તો (ભગવાનના) સાક્ષાત્ અવતારનું પ્રયોજન રહેતું નથી. શ્રીકૃષ્ણ ભૂમિનો ભાર હરવા માટે પ્રકટ નથી થયા. જો ભૂભારહરણ માટે પ્રકટયા હોત તો સંકર્ષણ વ્યૂહથી જ એ થઈ જાત. વસુદેવ-દેવકી ને સુખ આપવાનો હેતુ તો પ્રદ્યુમ્નઅંશ વડે સિદ્ધ થઈ જ જાત. ધર્મરક્ષા એ પણ શ્રીકૃષ્ણ અવતારનો મુખ્ય હેતુ નથી. એમના અનિરૂદ્ધવ્યૂહ વડે ધર્મરક્ષા તો થઈ જ જાત.

સમર્પિત- પ્રપન્ન ભક્તોના ભયાર્તિને હરવા એ જ ભગવાનના અવતારનું પ્રયોજન છે. ભગવાન સમ હોવા છતાંય વિષમતા અંગીકાર કરે છે. આદિપુરૂષ ભગવાન જેમ ઈન્દ્ર વિ. દેવો પર કૃપા કરે છે, દૈત્યો ને મારે છે એમ ભગવાન પક્ષપાત સ્વીકારીનેય ભક્તને સુખ આપે એ પ્રાકૃટય હેતુ છે.

શ્રાવણમાસના કૃષ્ણ પક્ષની અષ્ટમીની રાત્રે વસુદેવ દેવકીની સન્મુખ ભગવાનનું જે સ્વરૂપ પ્રકટ થયું તેનાં દર્શન અને સ્વરૂપની ભાવનાને શ્રી પરમાનંદદાસજીએ સુંદર રીતે વ્યક્ત કરી છે.

પદ્મ ધર્યો જન તાપ નિવારન

ચક્ર સુદર્શન ધર્યો કમલ કર, ભક્તન કી રક્ષા કે કારન...॥

શંખ ધર્યો રિપુ ઉદર વિદારન, ગદા ધરી દુષ્ટન સંહારન ।

ચાર્યો ભુજા ચાર આયુધ ધરે, નારાયન ભુવ ભાર ઉતારન... ॥

દીનાનાથ દયાલ જગતગુરૂ, આરતિહરન ભક્તચિંતામન ।

પરમાનંદદાસકો ઠાકુર, યહ ઓસર ઓસર છાંડો જિન... ॥

પ્રકટ પુરૂષોત્તમ શ્રી હરિ જે જે મુખ્ય લીલા કરવા ભૂતળ પર પધાર્યા છે તે તે લીલાઓનો સંકેત પોતાના સ્વરૂપમાં પ્રાકટ્ય કાળે જ આપી દીધો છે. ભૂમિ, માતા તથા અન્ય ભગવદીયોના આધિભૌતિક, આધ્યાત્મિક તેમજ આધિદૈવિક તાપને, વિરહતાપને શાંત કરવા પ્રભુ પધારે છે એ સંકેત એમના શ્રીહસ્તમાં ધારણ કરેલા કમળ વડે થાય છે. જળ શીતળતા આપે છે અને કમળની ઉત્પત્તિ જળમાંથી થતી હોવાથી તે તાપનું હરણ કરશે એ નિશ્ચિંત છે. ભક્તોના રક્ષણની જવાબદારી ભગવાને જ ઉપાડી છે. 'ન મે ભક્તઃ પ્રણશ્યતિ'નું પ્રત્યક્ષ પ્રમાણ એ ભગવાને ધારણ કરેલ સુદર્શન ચક્ર છે. આ ચક્ર સૌને દુર્વાસાની દુર્દશાની યાદ અપાવે છે, અંબરીષની રક્ષા સર્વભક્તની રક્ષાનો વિશ્વાસ છે. ચાહે

વિપત્તિ કોઈ દેવ, ઋષિ, માનવ, દાનવ કે પછી સ્વભાવ સર્જિત હોય, ચક્રધારીનું ચક્ર ક્યારે ય રોકાતું નથી. નાદ બ્રહ્મનું લલિત લીલાત્મક પ્રાકટ્ય વેણુનાદ છે તો વીર અને રૌદ્ર રૂપે ય છે. 'સ ઘોષો ધાર્તરાષ્ટ્રાણાં હૃદયાનિ વ્યદારયત્' પ્રપન્ન ભક્તોને મારવા ભેગા થયેલા પ્રપંચી અસુરોને હતાશ કરી મુકવા માટે એ શંખનાદ પર્યાપ્ત છે. શક્તિની, સત્તાની, સામર્થ્યની પ્રતીક 'ગદા' ને ધારણ કરીને દૈત્યોને હણ્યા જ નથી, મુક્ત કર્યા છે, એમના આસુરી સ્વભાવ અને સ્વરૂપથી મુક્ત કર્યા છે. નર માત્રના હૃદયમાં નારાયણ નરના જીવનના ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ સર્વ પુરૂષાર્થરૂપ છે એ જ એની ચાર ભુજાનો સંકેત છે. એની બે ભુજા સાધન કરે તેને ફલ આપવા માટે અને બીજી બે ભુજા જે નિઃસાધન છે તેને ય ફલ અપવા માટે છે. સમર્થ કરતાં અસમર્થ સંતાનો પ્રભુને વધુ વહાલા છે. આવા દીનબંધુ, દયાનિધિ, જગતગુરૂ, ભક્તની સઘળી કામના પૂર્ણકરનારા શ્રીકૃષ્ણને ભજવા એ જ 'અવસર' છે તેની સેવા-સ્મરણ કરવામાં જે જીવન વહ્યું તે જ 'અવસર' બાકી બધું જ 'અનઅવસર' આપણે અવસરે જીવ્યા તે જ સાચું જીવ્યા.

ભક્તિ પોષણ

નવધા ભક્તિ

શ્રવણ કીર્તન શ્રીકૃષ્ણનું, સ્મરણ સેવન અર્ચન,
વંદન દાસત્વ સખ્યતા, વળી આત્મનિવેદન;
આત્મનિવેદન નવધા કહીએ, પ્રેમલક્ષણા દશમી લહીએ;
એ ભક્તિ સહુ સાધન તાજ, જે પામે વશ થાય વ્રજરાજ.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

ભક્તિના બે પ્રકાર સાધનરૂપા અને ફલરૂપા. સાધનરૂપાના નવ પ્રકાર. શ્રવણ ભક્તિ એટલે ભગવાનની લીલા, અવતાર કથા, ગુણમાહાત્મ્ય વિ. નું શ્રવણ કરવું. આ બધાનું વર્ણન કરવું એ કીર્તનભક્તિ. ભગવાનના સ્વરૂપ, લીલા અને ગુણોનું ચિંતન કરવું એ સ્મરણ ભક્તિ. પ્રભુની ચરણ સેવા કરવી એ પાદસેવન ભક્તિ, તેમનું પૂજન કરવું એ અર્ચન ભક્તિ. વંદન ભક્તિ એટલે ભગવાનને મન, વાણી અને કાયાથી પ્રણામ કરવા, દાસ્ય ભક્તિ એ ભગવાન સાથેની એ ભાવાત્મક ભક્તિ છે જેમાં ભક્ત પોતાને ભગવાનના દાસ તરીકે જ માને છે. જ્યારે સખ્ય ભક્તિમાં એ ભગવાન સાથે સખાભાવ ધરાવે છે નવમી આત્મનિવેદન ભક્તિ એટલે ભક્ત ભગવાનના ચરણે પોતાનું સર્વસ્વ, સ્વયં સુદ્ધાંને સમર્પિત કરી દે છે. આ નવે ભક્તિના ફલસ્વરૂપે ભક્તને પ્રેમલક્ષણા ભક્તિ સાંપડે છે. આ પ્રેમીભક્તની આગળ તો ભગવાન પણ પરવશ થઈ જાય છે. હવે કઈ ભક્તિ મુખ્યતઃ કયા ભક્તે કરી તે જોઈએ.

શ્રવણ પરીક્ષિત, શુક કરી કીર્તન, સ્મરણ ભક્તિ પ્રલ્હાદ;
શ્રી સેવન પૂજન પૃથુ, વંદન અક્રુર આલ્હાદ,
આલ્હાદ માન્યો કપીશ કિંકરતા, સખ્ય ભક્તિ સુભદ્રા ભર્તા
આત્મનિવેદન બલિએ કીધી, ગોપીજને પ્રેમ લક્ષણા લીધી.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

ભક્તિના આ બધા પ્રકારો અનેક ભક્તોએ જીવનમાં અપનાવ્યા છે. છતાં આદર્શ ઉદાહરણરૂપે જે જે ભક્તોના નામ લઈ શકાય તે પ્રસ્તુત છે. શ્રવણ ભક્તિનું આદર્શ ઉદાહરણ પરીક્ષિત રાજા છે. કીર્તન (ભગવાનના ગુણગાન રૂપ) ભક્તિ માટે શ્રી શુકદેવજી, સ્મરણ ભક્તિ તો ભક્તવર્ય પ્રહ્લાદે કરી છે. પાદસેવન (એટલે ચરણ સેવા રૂપ) ભક્તિ શ્રી લક્ષ્મીજીએ કરી છે. પૂજન-અર્ચનરૂપ ભક્તિ મહારાજ પૃથુએ કરી છે, વંદન ભક્તિનું આદર્શ દ્રષ્ટાંત શ્રી અક્રૂરજી છે તો દાસ્ય ભક્તિમાં શ્રી હનુમાનજીની તોલે કોઈ ન આવે. અર્જુનની ભક્તિ સખ્ય ભાવનું ઉદાહરણ છે તેમજ આત્મનિવેદન ભક્તિમાં બલિરાજાને સર્વોપરી માનવા જોઈએ. આ બધા ભક્તો મહાન ભક્તો છે પરંતુ જ્યાં પ્રેમલક્ષણા ભક્તિની વાત આવે ત્યાં વ્રજગોપિકાનું જ નામ લેવાય. ગોપિકાઓ તો પ્રેમમંદિરની ધ્વજા છે. સ્નેહનું શિખર છે, અને પ્રેમલક્ષણા ભક્તિમાં શ્રદ્ધાથી આત્મનિવેદન સુધીના બધા જ પ્રકારોનો સમાવેશ થઈ જ જાય છે.

સ્વાધ્યાય -૭

ભગવદીચ્છા

સર્વાસાં (ભગવતઃ) શક્તીનાં મધ્યે ઈચ્છાશક્તિરુત્કૃષ્ટા ।

ભગવાનની સર્વ શક્તિઓમાં ઈચ્છા શક્તિ એ ઉત્કૃષ્ટ શક્તિ છે. કારણ કે તે સર્વનું મૂળ છે. બીજી બધી શક્તિઓ ઈચ્છાશક્તિથી સાધ્ય છે. ભગવાનની અન્ય બધી શક્તિઓ ઈચ્છાશક્તિને આધીન છે સર્વ કાંઈ ભગવદ્ ઈચ્છાને આધીન છે. કહ્યું છે કે,

યથા દારુમયી યોષિન્નૃત્યતે કુહકેચ્છયા ।
એવમીશ્વરતન્ત્રોઽયમીહતે સુખદુઃખયોઃ ॥

જેમ કઠપુતળી તેને નચાવનાર મદારીની ઈચ્છા પ્રમાણે નાચે છે તેમ ઈશ્વરને આધીન રહેનારા સર્વ કોઈ ઈશ્વરની ઈચ્છા પ્રમાણે જ સુખી કે દુઃખી બને છે.

કિયો ગોપાલકો સબ હોય ।
જો જાને પુરુષારથ અપનો, અતિકર ઝૂઠો સોય ॥

શ્રી પરમાનંદદાસજીએ ગાયું છે કે ભગવાનનું જ સર્વકોઈ કાર્ય છે. જે સમજે છે, માને છે કે આ મારો પુરૂષાર્થ છે તે સાવ જુઠો છે, ફરેબી છે, મોટા ભ્રમમાં છે.

વૈષ્ણવે બદલાતી પરિસ્થિતિમાં ય સમચિત્ત રહેવું જોઈએ.

દુખસુખ, લાભઅલાભ સહજ ગતિ, તાહિ ન મરિયે રોય ।
જો કછુ લેખ લિખ્યો નંદનંદન, મેંટ સકે નહિં કોય ॥

દુઃખ આવે અને દુઃખ જાય, સુખ પણ આવે ને જાય, ક્યારેક લાભ તો ક્યારેક હાનિ એ બધું તો સંસારની સહજ ગતિ છે. સંસારનો સહજ ક્રમ છે. એનાથી પ્રભાવિત થઈ ન જવું. ભગવાને આપણા માટે જે ભાગ્યરચના કરી છે તેને કોઈ બદલી શકે અથવા નષ્ટ કરી શકે તેમ નથી.

ઉદ્યમસાધન જંત્રમંત્રવિધિ, યે સબ ડારો ધોય ।
પરમાનંદદાસકો ઠાકુર, ચરણકમલ ચિત પોય..॥

સુખી થવા માટેના પ્રયત્નો તેમજ અનેક પ્રકારના સાધન જેમકે મંત્ર-તંત્ર-વિધિ આ બધું નકામું જ છે. આખરે તો ભગવાનની ઈચ્છા પ્રમાણે જ બધું થાય છે. માટે એમના ચરણારવિંદમાં ચિત્તને પરોવી રાખવામાં જ શ્રેય છે.

વિશ્વની સર્વકોઈ ઘટનામાં ભગવદીચ્છા જ કારણરૂપ છે. લોકપાલો સહિત આ સમગ્ર

લોક, ભગવદીચ્છાને જ વશ રહીને જાળમાં બંધાયેલા પક્ષીઓની જેમ ચેષ્ટા કરી રહ્યા છે. સર્વકોઈના જય અને પરાજયમાં, ઈન્દ્રિયશક્તિ, શરીરશક્તિ કે માનસિક શક્તિમાંય ભગવદીચ્છા જ કારણભૂત છે. પ્રાણ, અમરત્વ કે મૃત્યુ બધાના કારણરૂપ પ્રભુ જ છે.

જેમ કઠપુતળી કે રમકડાંની ચેષ્ટાઓ તેના સંચાલકને આધીન છે તેમ સર્વકોઈ પરમાત્માને જ આધીન છે.

पुरुषः प्रकृति व्यक्तमात्मा भूतेन्द्रियाशयाः ।
शक्नुवन्त्यस्य सर्गादौ न विना यदनुग्रहात् ॥

પુરુષ (ચેતન) પ્રકૃતિ, મહત્તત્વ, અહંકાર, પંચભૂતો, ઈન્દ્રિયો અને અંતઃકરણ આ બધા તત્વો સૃષ્ટિની ઉત્પત્તિ વિ. કાર્યમાં ભગવાનની ઈચ્છા ભગવદ્ અનુગ્રહ વિના સમર્થ થતાં નથી. જેને આ સત્ય-સિદ્ધાંતનું જ્ઞાન નથી તેવો મનુષ્ય પોતાના અસમર્થ શરીરને સમર્થ માનીને અહંકાર કરે છે. ખરી રીતે તો ભગવાન જ નિજઈચ્છાથી પ્રાણીઓ દ્વારા પ્રાણી જે સર્જે છે અને પ્રાણીઓ દ્વારા પ્રાણીનો નાશ કરે છે. જીવનમાં કીર્તિ કે અપકીર્તિમાં, જય કે પરાજયમાં, સુખમાં કે દુઃખમાં, મૃત્યુ કે જીવનમાં ભગવદીચ્છા જ જાણવી.

ભક્ત હિત

ભગવાનની દરેક ઈચ્છામાં ભક્તનું હિત સમાયેલું છે. જેમકે ભગવાન ભક્તને લૌકિક દુઃખ આપે છે તો એમાં ભક્તના સંસાર-સ્નેહનો નાશ કરવાની ઈચ્છા કારણરૂપ છે. ભક્તના મદનો નાશ કરવા માટે દેહની પીડા કે સ્વજનો દ્વારા પીડા આપે છે. ભક્તને લૌકિક દુઃસંગથી બચાવવો હોય તો ભગવાન તેને તેના સ્વજનોથી દૂર કરી દે છે, કે સ્વજનોથી કલેશ કરાવે છે. ભક્તની દીનતા ને સિદ્ધ કરવી હોય તો તેને દૂર વિદેશમાં મોકલી આપે છે, લૌકિક મોહની નિવૃત્તિ કરાવવી હોય છે તો ભગવાન તેને સાધનની આર્તિ આપે છે.

ભક્તને સંચિત (પાછલા જન્મોમાં કરેલા) અને ક્રિયમાણ (આ જન્મમાં કરેલા) પ્રારબ્ધને ભોગવવા માટે અથવા તો ભક્તના ધૈર્ય, વિશ્વાસ આદિની પરીક્ષા કરવા માટે ભગવાન ફળમાં વિલંબ કરાવે છે.

લૌકિકમાં દુઃખ આવી પડે તો એમાંય ભગવદીચ્છા જ જાણવી અને પ્રસન્નતાથી રહેવું. વૈષ્ણવે હૈયું ન બાળવું. **યથા ન ગણયેદ્ રોગી तिक्तभेषजभक्षणम्** જેમ કોઈ રોગી પુનઃ આરોગ્ય પ્રાપ્તિ માટે કડવું ઔષધ પણ તેના સ્વાદને ગણકાર્યા વિના ખાઈ લે છે તેમ ભક્તોએ પરમાનંદનું ચિંતન કરતાં, લૌકિક કષ્ટને કડવા ઔષધની જેમ અપનાવી લેવું.

ભક્ત ભગવદીચ્છાને સમજી શકતો નથી માટે જ તે ભગવાનને ફરિયાદ કરે છે. બાકી ભગવાન નિજ ભક્તનું અહિત કદી કરે જ નહીં, પ્રભુ તો સર્વના મિત્ર છે. **સમસ્તાનાં સખા સ્વીયભક્તાનાં ન કથં ભવેત્ ?** ભગવાન તો સર્વ કોઈના સખા છે. જે

સર્વના સખા છે તો ભક્તના સખા શું ન હોય ?

પ્રભુ ભક્તનું હિત જ કરે છે. જેઓ પ્રભુના છે તેમનું સર્વકોઈ કાર્ય એ પોતાની ઈચ્છા અનુસાર કરશે.

આમતો આખું વિશ્વ ભગવદીચ્છાને વશ છે તેમ છતાં સમર્પિત ભક્તનું જીવનનો પૂર્ણતઃ ભગવદીચ્છાને જ આધીન છે. ભક્તને જ્યાં સુધી ફળ આપવામાં ભગવદીચ્છા જ પ્રતિકૂળ છે. ત્યાં સુધી તે જ અંતરાયરૂપ બની જાય છે. ભગવદીચ્છાને અનુકૂળ બનાવવાનો ભક્તની પાસે કોઈ જ ઉપાય નથી. આમ છતાં આવા પ્રસંગો ભક્તે ધૈર્યપૂર્વક દીનતા જાળવી રાખવી. નિઃસાધનતાના આ માર્ગમાં ભક્ત પાસે દીનતા જ સાધન છે. **દૈન્યં હિ માર્ગેડસ્મિન્ પરમં સાધનં મતમ્** દીનતા પરમ સાધન એટલા માટે કે, દીન, નિઃસાધન ભક્તો પ્રત્યે ભગવાન પણ નિજેચ્છાને અનુકૂળ કરી દે છે.

સ્વામીની ઈચ્છા અનુકૂળ હોય તો પછી દાસને શું દુર્લભ છે ?

ભગવદીચ્છાને જીવ તર્ક થી, સ્વબુદ્ધિથી સમજી શકે નહીં. સાધન કરાવવામાં, ફળ આપવામાં, ફળ ન આપવામાં, ફળ વિલંબથી કે ઓછું વત્તું આપવામાં એવી બધી બાબતો કેવળ ભગવાનની ઈચ્છા પર જ આધારિત છે. અજામિલે પુત્રના નિમિત્તે નારાયણ નામ લીધું અને પ્રભુ એ એને એના સમસ્ત પાપોનું પ્રાયશ્ચિત્ત માન્યું. પૂતના હૃદય પર હળાહળ વિષ ચોપડીને આવી, મહાદુષ્ટ હતી. છતાં પ્રભુએ તે જ જન્મમાં તેને તત્કાળ મોક્ષ આપ્યો. માતૃગતિનું દાન કર્યું જ્યારે મુચુકુંદ રાજા પવિત્ર હતા. ભગવાનના સ્વરૂપનું તેમને દર્શન તેમજ જ્ઞાન પણ થયું હતું છતાં તેમનો ઉદ્ધાર બીજા જન્મમાં થયો, એ અને અનેક પ્રમાણો એમ દર્શાવે છે કે ભગવાનના વિષયમાં ભગવદીચ્છા જ મુખ્ય છે.

સેવાફલ ગ્રંથમાં તો શ્રી મહાપ્રભુજીએ ત્યાં સુધી કહ્યું છે કે 'ભગવત્કૃતશ્ચેત્ પ્રતિબંધઃ તદા અન્યસેવાપિ વ્યર્થા, તદા આસુરોડયં જીવ ઈતિ નિર્ધારઃ તદા જ્ઞાનમાર્ગેણ સ્થાતવ્યં શોકાભાવાયેતિ વિવેકઃ ।' જો ભગવાનને ફળ આપવાની ઈચ્છા જ ન હોય તો કોઈ ગતિ નથી, કોઈ છુટકો નથી. ભગવત્કૃત્ત પ્રતિબંધ દૂર કરવાનો કોઈ ઉપાય નથી. ભગવાનની ઈચ્છા આગળ જીવકૃતિ નિરર્થક છે.

ભગવદીચ્છાથી જ ભક્તિમાર્ગમાં વરણ છે. જો ભગવાનની ઈચ્છા પ્રતિકૂળ હશે તો ભગવાન તરફના માર્ગમાં જીવને રૂચિ જ નહીં થાય, ભક્તિમાર્ગ પ્રત્યેની અરૂચિરૂપ બહિર્મુખતા આવશે. પછી એ જીવ અન્ય દેવની સેવા કરશે તો ય એ વ્યર્થ છે.

ભગવદીચ્છાને સન્માન આપવું એ જ ભગવદીયનો ધર્મ છે. અમ્મા ક્ષત્રાણીને બે પુત્રો હતા. તે બંને શ્રી ઠાકોરજીના સખા અર્જુન અને ભોજના અવતાર. આ જન્મમાં પણ તેઓ પ્રભુ સાથે સખાભાવ રાખતા અને સાથસાથ ખેલતા. ઈંટ ઘસીને પરસ્પર લગાવતા અને ખેલતા. મોટો પુત્ર મૃત્યુ પામ્યો. અમ્મા રોજ સેવાથી પરવારીને રોવા બેસતી. ઠાકોરજી તેને રોકતા પણ અમ્મા ન માનતી. થોડા સમય બાદ અમ્માનો નાનો પુત્ર પણ મૃત્યુ પામ્યો. હવે

તો અમ્મા ખૂબ રોવા લાગી. શ્રી ઠાકોરજી રોકતા તો ય અમ્મા ન રોકાતી અને રોયા જ કરતી.

અમ્માના કલેશનું કારણ જો કે લૌકિક ન જ હતું. એ પુત્ર આસકિતના કારણે રોતી હતી એમ ન હતું પરંતુ 'શ્રી ઠાકુરજી દોઉ બેટાન કે સંગ ખેલતે, ઈંટ ઘસિકે પરસ્પર દેહ સો લગાવતે, ઉડાવતે । સો ખેલ અનેક પ્રકાર કો અમ્મા દર્શન કરતી. સો ખેલ કો સુખ ગયો । દોઉ શ્રી ઠાકુરજીકે ખિલૌના બેટા હતે । સો અબ કિન સોં ખેલેંગે ? મારા પુત્રો પ્રભુની બાળલીલાના રમકડાં હતાં તો હવે પ્રભુ કોની સાથે રમશે ? આ ભગવાનના સુખનો વિચાર કરીને અમ્મા કલેશ કરતી તેથી શ્રી ઠાકોરજી અમ્મા પર પ્રસન્ન થઈ ને ય એને રોકતા. પુત્ર મોહના કારણે રડતી તો તો પ્રભુ બોલતા જ નહિં પરંતુ ભક્ત ભગવાનના સુખ માટે પણ અતિકલેશ કરે એ પ્રભુને ન ગમે.

રાખો તૈસે રહું જૈસે હી રાખો તૈસે રહૂં ।
જાનત હો સુખદુખઃ સબ જનકે, મુખકર કહાંજુ કહું ॥
કબહુક ભોજન દેહો કૃપાકર, કબહૂક ભૂખ સહું ।
કબહુક તુરંગ ચઢું મહાગજ, કબહુક ભાર વહું ॥
કમલ નયન ઘનશ્યામ મનોહર અનુચર ભયો રહું ।
સૂરદાસ પ્રભુ ભક્ત કૃપાનિધિ, તુમ્હારે ચરન ગ્રહું ॥

ભગવાનની ઈચ્છામાં ભક્તને પોતાની ઈચ્છા વિલીન કરી દેવી ગમે છે. પ્રભુ ચાહે કરતાં જુદું જ ચાહવું એ શરણભાવમાં સહેજ અપૂર્ણતાના દર્શન કરાવે છે.

ભક્ત સર્વથા અનાગ્રહી જ હોય. સુખનો ય આગ્રહી નહીં અને દુઃખનો ય આગ્રહી નહીં. એ સુખ અને દુઃખ બંને ને ભગવાનની લીલા જાણે છે અને એને ભગવાનની પ્રસાદી સમજીને માણે છે.

આ ભૂમિકામાં એક ઊંડી સમજણ પણ છે. ભગવાનના ભક્તના જીવનમાં બનનારી સમગ્ર ઘટનાઓની ભગવાનને ખબર ન હોય એમ તો બને જ નહીં. જે જે બની રહ્યું છે તે તે એની ઈચ્છાથી, એની જાણમાં અરે એનાથી જ બની રહ્યું છે તો પછી જે જે બની રહ્યું છે તેના સ્વીકાર કે અસ્વીકારનો પ્રશ્ન જ ક્યાં છે ?

ભક્તને કોઈક દિવસ ભરપેટ પકવાન મળે તો એ ય પ્રભુ જાણે જ છે, ભક્ત ભૂખ્યો રહે તો પ્રભુને એની ય ખબર છે. ભક્તને ધન, માન, પ્રશંસા વિ. મળી જાય તો એય કબુલ અને કદીક વૈતરૂં કરવાનો વારો આવે તો ય સ્વીકાર ! આજે એની હાથી ઉપર સવારી નીકળે તો કાલે એને કોઈનો મજૂરી ય કરવી પડે. પાંડવોના ઈન્દ્રપ્રસ્થ સામ્રાજ્યના વૈભવ વર્ણન અને વિરાટ રાજાને ત્યાં એ પાંચે ભાઈઓ તથા દ્રૌપદીની એક વર્ષની હાલત-માનવીના

જીવનમાં કેવો વિરોધાભાસ ! ભક્તનું પ્રપન્ન હૃદય આ વિરોધાભાસને ય જીરવી જાય છે. ભક્તિપંથમાં તો જે જીરવી જાય તે જ જીતી જાય, જે જીરવી જાય તે જ જીવી જાય.

ભક્તની એકજ પ્રાર્થના છે, સુખ અને દુઃખના આ આંદોલનોમાં મારા દાસત્વભાવને ક્ષતિ ન પહોંચે. સંપત્તિની ટોચ પર પણ હું ન ભૂલું, તમારો દાસ છું. દુઃખની ઊંડી ખીણમાં ઠેલાતો, ગબડતો હોઉં ત્યારે ય 'દાસોહં દાસોહમ્' નું રટણ રહ્યા જ કરે.

આવો ભક્ત ભગવાનને બહુ ગમે 'સંતુષ્ઠ સતતં યોગી યતાત્મા દ્રઢનિશ્ચયઃ । મય્યર્પિતમનોબુદ્ધિર્યો મદ્‌ભક્તઃ સ મે પ્રિયઃ 'આવા ભક્તોનો ભગવાન કદી હાથ ન છોડે અને આવો ભક્ત કદી ભગવાનના ચરણ ન છોડે.

ભક્તિપોષણ

શ્રવણ ભક્તિ

નામ કેશવનું કાનમાં, પડતાં સહુ થાયે પવિત્ર;
શરદ ઋતુના સંગથી, જેમ નિર્મળ નીર વિચિત્ર;
વિચિત્ર જળ તેમ જાતિ જાણો, સર્વ સુચી સદ્ય નામે પ્રમાણો.
શુદ્ધ સુર્વણ જેવુ અગ્નિયે થાય, માંજે ઓપે તેનો મેલ ન જાય
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

વર્ષાઋતુથી મલિન થયેલા જલને શરદઋતુ નિર્મળ બનાવે છે. શ્રીકૃષ્ણનું નામ પણ એવું જ છે. કાનમાં પડતાં જ, ભગવન્નામ પોતાના અસાધારણ પ્રભાવથી ભક્તના હૃદયને નિર્મળ બનાવી દે છે, નિષ્પાપ કરી દે છે. વ્રત, જપ, તપ જેવા સાધનોમાં પણ એટલો પ્રભાવ નથી કે આટલી સરળતા અને સચોટતાથી જીવને નિર્મળ બનાવે.

સુવર્ણને અગ્નિમાં તપાવવાથી એનામાં જેટલી શુદ્ધિ આવે છે એટલી એને ધોવામાં, માંજવામાં આવતી નથી. તેમ ભગવાનના નામ, ગુણ અને લીલાઓના શ્રવણથી જીવ સર્વથા નિષ્પાપ અને નિર્દોષ બને છે. ધુંધુકારી જેવા પ્રેતને ભગવત્કથાનું શ્રવણ કરવાથી ઉત્તમ ગતિ સાંપડી હતી તે જ શ્રવણ ભક્તિની મહાનતાનો પુરાવો છે.

કીર્તન ભક્તિ

નામ કીર્તન શ્રીકૃષ્ણનું કલિમાં સહુ સાધન તાજ;
ભવસાગર તરવા તણી, સહુને એ સુખપથ પાજ.
પાજ પ્રગટ શ્રમ નહિ ઘણુ સહેલુ દામ વિના ફળ થાય સહુ પહેલું

સર્વ અવસ્થામાં સહુ ઠોર, અધમ ઉત્તમ સહુને અધિકાર;
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

ગમે તેટલી મજબૂત નૌકા હોય તો ય, સાગર પાર કરવામાં ડૂબવાનો ડર ખરો પરંતુ, ભૂલા પડવાનો ભય પણ ખરો અને પાર કરવામાં પરિશ્રમ ય ખરો. પરંતુ કોઈ સામે પાર જવા માટે જો પૂલ જ તૈયાર કરી આપે તો કેટલી બધી સરળતા. ભવસાગર પાર કરવા માટે ભગવાનના નામ, લીલા વિ. ના સંકીર્તન જેવું કોઈ સાધન નથી.

સ્વયંને તૃણ કરતાંય તુચ્છ માનીને, વૃક્ષ કરતાં ય વધુ સહનશીલ બનીને, અન્ય સૌ કોઈને માન આપીને તથા સ્વયં માનની અપેક્ષા રાખ્યા વિના શ્રી હરિના નામ, ગુણ અને મંગલમય ચરિત્રોનું કીર્તન કરવું જોઈએ ભગવાન શ્રી હરિ, શ્રી કૃષ્ણના શ્રોતવ્યઃ કીર્તિતવ્યશ્ચ સ્મર્તવ્યશ્યેચ્છતાભયમ્' શ્રવણ, કીર્તન અને સ્મરણમાં જ પરોવાઈ જાય છે તે જ સાચા અર્થમાં અભયત્વ પામે છે.

જાતિ, વય, જ્ઞાન, ધર્મ, વર્ણ કે વર્ગ જેવા કોઈ અધિકાર ભેદ આ ભક્તિમાં નથી જ. હરિનામ લેવાનો સૌને અધિકાર છે.

स्वाध्याय-८

ભગવાનનો સ્વભાવ

ભક્તવત્સલ

ભગવાન સ્વયં કહે છે કે **अहं स्वभावतो भक्तवत्सलः** "હું સ્વભાવથી જ ભક્તવત્સલ છું." ભક્તોની અલ્પ ચિંતા પણ ભગવાન સહન કરતા નથી. માટે જ્યારે ભક્તનું કાર્ય આવે છે ત્યારે પોતાના આરંભ કરેલા કાર્યનો પણ ત્યાગ કરીને ભક્તનું કાર્ય કરે છે. સર્વ સ્વકીયોનું સર્વકાર્ય ભગવાન પોતે કરે છે એવું ભગવાનનું ચરિત્ર છે.

ભગવાન સદા ભક્તનું કલ્યાણ જ ઈચ્છે છે અને કલ્યાણ જ કરે છે. વિચાર કરો, જે અભક્તનું ય અહિત કરતો નથી એ ભક્તનું કદી અહિત કરે ? ભગવાનની ભક્તવત્સલતા એટલી બધી છે, બીજાઓને તો જ્યારે ભય આવે ત્યારે ભગવાન તેમનું રક્ષણ કરે છે પણ ભક્તોને તો ભગવાન અભય જ રાખે છે.

અકિલષ્ટ કર્મા

અન્ય અવતારો કરતાં ભગવાન શ્રીકૃષ્ણના સ્વભાવમાં એક વિશેષતા એ છે કે એ 'અકિલષ્ટકર્મા' છે. જીવનું હિત તો એ સદા સર્વથા કરે જ છે પણ એ ય ભક્તને સહેજ પણ કલેશ આપ્યા વિના કરે છે. દુષ્ટમાં દુષ્ટ જીવને નિર્દોષ બનાવવા માટે પણ પ્રભુ તેને કઠોર તપ જેવા સાધન કે ઉગ્ર દંડ દેવા જેવા ઉપાયો કરવાને બદલે પોતાના સ્વરૂપ સામર્થ્ય વડે કે લીલા માધુર્ય વડે જ તેને દોષ રહિત કરી દે છે. અંગીકૃત જીવને કાળકે પ્રારબ્ધના આશરે છોડી દેવાને બદલે એ ખુદ સંભાળે છે. **भगवान सर्वेषां स्वकीयानां सर्वमेव कार्य स्वयं करोति** સર્વ સ્વકીયોનું સર્વ કાર્ય ભગવાન પોતે કરે છે. જીવ સ્વકીય બને એ મહત્વનું છે. અને ભગવાન જ્યારે એનો અંગીકાર કરે છે ત્યારે જ જીવ સ્વકીય બને છે. પ્રભુ તો સહજ કૃપાળુ છે જ પરંતુ જેને પોતાનો માને છે એવા જીવ પર તો એ અત્યંત કૃપાવાન છે. એ જીવના વિષયમાં એના સ્વકીય સંબંધને જ જુએ છે.

सतामप्यसतां वापि स्वकीयानां कृपानिधिः ।
करिष्यति स्वतः सर्वमतश्चिंता न कापि हि ॥

પોતાનો ભક્ત સત્પુરૂષ હોય કે અસત્પુરૂષ હોય પણ જે પ્રભુનો થયો છે તેના ગુણદોષ સામુ જોયા વિના પ્રભુ સ્વયં કૃપાનિધિ હોવાથી સ્વકીય જનનું સર્વકોઈ પ્રભુ પોતે કરી લેશે. ભગવાનના આવા સ્વભાવને જાણ્યા બાદ જીવે કોઈ ચિંતા કરવાની રહેતી જ નથી.

હરિ :

(૧) દુઃખ હરણ

ભગવાન શ્રી હરિ છે. એ ભક્તના દુઃખ હરવાનો સ્વભાવ ધરાવે છે માટે હરિ છે યથા

ગન્ધઃ પૃથિવ્યા એવૈવં ભગવતો ભક્તદુઃખનિવર્તકત્વમ્ અગ્નિમાં જેમ ઉષ્ણતા સહજગુણ છે, પૃથ્વીમાં ગંધ જેમ સહજ ગુણ છે તેમ ભક્તના દુઃખ હરવા એ ભગવાનનો સહજ ગુણ છે.

ક્યારેક ભગવાન સુખ અને સંપત્તિને ય હરી લે છે. ત્યાં એમનો મૂળતો કરૂણામય સ્વભાવ જ છે. આવશ્યક લાગે તો ભક્તના ભોગને ય હરી લે છે. એટલે કે ભક્તને માટે દુઃખરૂપ અને અનિષ્ટરૂપ ભોગને હરી લે છે અને સુખરૂપ-કલ્યાણકારી એવા ભોગને આપે ય છે.

ભગવાનના હરિ નામના અવતારમાં આ સ્વભાવનું દર્શન થાય છે. શ્રી હરિએ ગજેન્દ્રને મગરના મુખથી છોડાવીને વૈકુંઠ પ્રાપ્તિ કરાવી છે એ પ્રસંગેય તેના દેહભાવ, ઐશ્વર્ય રૂપ જે દુઃખરૂપ ભોગ હતો તે છોડાવ્યો છે અને વૈકુંઠ જેવો પરમાનંદરૂપી ભોગ આપ્યો છે. આમ બંને પ્રકારે હરિ નામ ભગવાનનો કરૂણામય સ્વભાવ બતાવે છે.

(૨) પાપહરણ

'હરિર્હરતિ પાપાનિ દુષ્ટચિત્તૈરપિ સ્મૃતઃ' અગ્નિને કોઈ જાણીને સ્પર્શ કરે કે કોઈ અજાણતાં સ્પર્શ કરે પરંતુ અગ્નિ તો એનું બાળવાનું કાર્ય કરે જ છે એમ ભગવાનનું સ્મરણ કોઈપણ જીવ ક્યારેય પણ કરે, કોઈપણ પ્રકારે કરે, ભગવાન એના પાપને હરી જ લે છે. જેમ પ્રકાશ અને અંધકાર એક સાથે રહી શકતા નથી તેમ પરમાત્મા જ્યાં છે ત્યાં પાપ રહી ન શકે કૃષ્ણલીલામાં અઘાસુર વધની કથા મનનીય છે.

(૩) દોષહરણ

સ્વપ્રવેશાય કામાદિ સર્વદોષ નિવારકમ્ ભક્તના દોષોનું હરણ ભગવાન સ્વયં કરે છે ભક્તના હૃદયમાં પોતાને પ્રવેશ કરવો છે માટે ભક્તના કામ, ક્રોધાદિ સર્વ દોષો દૂર કરી દે છે. બ્રહ્મ નિર્દોષ છે અને જે જે પોતાની સંબંધમાં આવે છે તે તે બધાને અગ્નિ, જળ વિ. ની માફક નિર્દોષ બનાવી દે છે.

(૪) સંસારહરણ-**સ્વભાવતોऽપિ ભગવાન્ સ્વભૃત્યાનાં સંસારં દૂરી કરોતિ** પોતાના સેવકોનો સંસાર દૂર કરી દેવો એ ભગવાનના સ્વભાવમાં જ છે. પૃથ્વી અને શેષના સંવાદમાં શ્રી શેષભગવાને શ્રી હરિને 'સંસાર વૈરી' કહ્યા છે. સર્વજ્ઞ-સર્વશક્તિમાન પ્રભુ પોતાના ભક્તને સંસાર છોડાવશે જ. આ એમના સ્વભાવમાં જ છે જે સંસાર આપણને ભગવાનની વિસ્મૃતિ કરાવે એ સંસારને ભગવાન રહેવા દે જ કેમ ? ભગવદીયોએ ભગવાનના આ સ્વભાવનું નિત્ય સ્મરણ રાખવાનું જોઈએ. અંગીકૃત જીવને ભગવાન લોક-વેદ (સંબંધ ફળ) માં આસક્તિ થવા જ નહીં દે.

કૃપાળુ

ભગવાંશ્ચ ગુણાનેવ ગૃહ્ણાતિ, ન દોષાન્ । અતઃ પરમદયાલુઃ ભગવાન ગુણોનું જ ગ્રહણ કરે છે. દોષો ને ગ્રહણ કરતા નથી. તેથી તેમને બહુ જ દયાળુ કહ્યા છે.

શ્રીકૃષ્ણ કૃપા પણ વિચારીને કરે છે. અન્ય દેવો વિચાર વિના જ દાન કરનારા છે. **વિચારેણ તુ દાતૃત્વં કૃષ્ણસ્યૈવ વિશેષતઃ** ખાસ કરીને વિચારીને દાન કરનાર તો શ્રીકૃષ્ણ જ છે.

વિચાર વિનાના દાનથી દાતાનો પોતાનો પણ નાશ થાય છે. તો પછી જેને દાન આપ્યું હોય તેની તે શી વાત કરવી ? તેથી શ્રીપતિ ભગવાન એવું દાન આપતા નથી.

બ્રહ્મ, શિવ આદિ દેવો શાપ આપવા ય સમર્થ છે અને અનુગ્રહ કરવા ય સમર્થ છે, **સદ્ય શાપ પ્રસાદદઃ શિવો બ્રહ્મા ચ** તેમાં ય શિવજી અને બ્રહ્માજી તો તુરંત જ શાપ અને વરદાન-કૃપાનું પ્રદાન કરી દે છે. શ્રી હરિ-અચ્યૂત પ્રભુ એવાં નથી. તે પુરૂષનું સ્વરૂપ અને ભવિષ્યમાં થનાર કાર્યનો વિચાર કરીને જ શાપ અથવા વરદાન આપે છે, અવિચારીપણે કાંઈ આપતા નથી એ એમનો સ્વભાવ છે.

ભગવાન શ્રીકૃષ્ણ તો સર્વથા કૃપાવાન જ છે. એમની કૃપાના સ્વરૂપને સાક્ષાત સ્પષ્ટતઃ ન સમજાય તો ય સંશય ન કરવો. કેમકે **ક્રોધોઽપિ તેઽનુગ્રહ એવ સમ્મતઃ** હે પ્રભુ ! આપનો ક્રોધ પણ અમારૂં ભલું કરનાર અનુગ્રહ જ છે.

તેમની કૃપાલુતા સમજવી મુશ્કેલ છે. તે આપે છે એમાંય એની કૃપા છે, આપતો નથી. એમાંય એમની કૃપા છે અને આપીને હરી લે, એમાંય એમની કૃપા જ છે. ભગવાન વિચક્ષણ છે. પોતાના અલ્પજ્ઞાની ભક્તને તે માંગે તે છતાંય તેને વિવિધ સંપત્તિઓ, રાજ્ય કે સ્ત્રીપુત્રાદિ સુખ આપતા નથી. ધનના મદથી વિવેકહીન જીવોનો અધઃપાત જોઈને પ્રભુ પોતાના ભક્તની એવી દશા ન થાય એ માટે ખૂબ સાવધાન રહે છે.

ભૌતિક સમૃદ્ધિ માનવીને શું આપે છે તે ભગવાન જાણે છે. ભૌતિક સંપદા માનવીને દ્વેષ, ઉદ્વેગ, દુઃખ, મદ, કલેશ અને પરિશ્રમ આપે છે. ભક્તને આ દુઃખોથી માટે જ ભગવાન કૃપા કરીને ભક્તના સ્થૂળ સુખ માટેના પ્રયાસોને નષ્ટ કરે છે, સફળ થવા દેતા નથી.

સમત્વ-વિષમત્વ ?

શાસ્ત્ર કહે છે બ્રહ્મ સમ છે. એના સ્વભાવમાં સમતા છે.

ન હ્યસ્યાસ્તિ પ્રિયઃ કશ્ચિન્નાપ્રિયઃ સ્વઃ પરોઽપિ વા ।
આત્મત્વાત્ સર્વભૂતાનાં સર્વભૂતપ્રિયો હરિઃ ॥

શ્રીહરિ સર્વે પ્રાણીઓના આત્મા છે. તેમને કોઈ પ્રિય કે અપ્રિય નથી, કોઈ પોતાનો કે પારકો પણ નથી.

ભગવાનના સમત્વને આકાશના જેવા શૂન્ય, નિર્વિચારપણે સમત્વ માન્યું નથી. ભગવાનનું સમત્વ કલ્પતરૂ સમાન છે. કલ્પતરૂ પોતાની પાસે આવનારને, પોતાને સેવનારને કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના ફલનું દાન કરે છે તેમજ તેની કામના પ્રમાણે તેને આપે છેમાટે કોઈને ઓછું આપ્યું કે વધુ આપ્યું એવી વિષમતા પણ સંભવતી નથી.

तथापि भक्तान्भजते यथा तथा, सुरद्रुमोयद्वदुपाश्रितोऽर्थदः

ભગવાનને કોઈ મિત્ર-શત્રુ નથી. કલ્પતરૂને ય કોઈ મિત્ર-શત્રુ હોતા નથી. જેમ આશ્રય કરેલ કલ્પવૃક્ષ ઈષ્ટ અર્થ આપે છે તેમ ભગવાન પણ ભક્તને ભજે છે.

આમ ભગવાન જીવના ભાવ પ્રમાણે મિત્રવત્, શત્રુવત્ કે તટસ્થવત્ વ્યવહાર કરે છે, ગીતાજીમાં પ્રભુ બોલ્યા છે, **ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्** જે મને જેવા ભાવથી ભજે છે તેને હું તેના ભાવથી ભજું છું.

ચતુર્થ શિક્ષાપત્ર અનુસાર, શ્રીઠાકોરજી બાલક છે છતાં તે રસિકોના શિરોમણિ છે, પોતે સ્વતંત્ર છે છતાં ભકતને વશ છે, પોતે સર્વથા ભય રહિત છે, આમ છતાં જાણે માતા વિ. થી ભય પામે છે. આમ તો એ નિરપેક્ષ છે છતાં ભક્તની પાસે ઈચ્છા વ્યક્ત કરે છે. ચતુર પણ છે અને મુગ્ધ પણ છે. આત્મારામ હોવા છતાં રાસરમણ છે, અદીન હોવા છતાં કવચિત્ દીનવત્ બોલે છે, લીલા કરે છે. એ બહાર પણ બીરાજે છે અને ભક્તના હૃદયમાં ય બીરાજે છે. સર્વશક્તિમાન હોવા છતાં જાણે અસમર્થ હોય એવી લીલા કરે છે.

ભક્તવત્સલ સ્વભાવ હોવાના કારણ ભગવાન નિજભક્તોને શ્રમ પડે એ સહન કરી નથી શકતા. ક્યારકે ભક્તની પરીક્ષા કરવા માટે, ભક્તને નિર્દોષ બનાવવા માટે કે ભક્તના વિશ્વાસ, અનન્યતા, દ્રઢતા જેવા ગુણોનો જગતને પરિચય કરાવવા માટે પ્રભુ ભક્તની આકરી કસોટી ય કરે છે, પરંતુ ભગવાનના સ્વભાવમાં તો એવી ભક્તવત્સલતા છે કે ક્યારેક તો ભક્તના સાધારણ પરિશ્રમને ય પોતે સહન કરી શકતા નથી.

ત્રિપુરદાસ કાયસ્થને શ્રીનાથજીમાં ઘણી આસકિત હતી. તે શ્રીનાથજીને પીઠ કદી ન દેતા. શ્રીનાથજીના ચરણામૃત, મહાપ્રસાદ વિના જલ પણ ન લેતા. એક દિવસ એમની કસોટી થઈ. સવારે રસોઈઆએ કહ્યું કે, "આજે શ્રીનાથજીનું ચરણામૃત અને મહાપ્રસાદ નથી."

ત્રિપુરદાસે મનમાં નિશ્ચય કર્યો કે, જ્યાં સુધી દેહ ચાલશે ત્યાં સુધી કામકાજ કરીશ પરંતુ ચરણામૃત, મહાપ્રસાદ વિના જળ નહીં લઉં. ભક્તવત્સલ પ્રભુને પોતાના ભક્તને એક દિવસ ય ઉપવાસ કરવો પડે એ સહન ન થયું. શ્રીનાથજી દસ વર્ષના બાળકનું રૂપ લઈને પધાર્યા એમની સાથે ત્રણ થેલીઓ હતી. એક થેલીમાં શ્રીજીનો મહાપ્રસાદ, એક થેલીમાં

શ્રીજીનું ચરણામૃત અને એક થેલીમાં શ્રીઆચાર્યજીનું ચરણામૃત. આ બધું પ્રભુ રસોઈઆને પધરાવી ગયા. ત્રિપુરદાસ આ અનુગ્રહલીલા જાણી ત્યારે એમને કષ્ટ થયું "મૈં શ્રીઠાકુરજીકો બહોત શ્રમ કરવાયો, અબ તેં કાહૂ બાતકો હઠ ન કરનો." મનમેં બહોત ખેદ કિયો.

ત્રિપુરદાસ એમની દ્રષ્ટિએ યોગ્ય જ વિચારે છે. ભક્તે એવી કોઈ હઠ ન કરવી જોઈએ જેનાથી પ્રભુને પરિશ્રમ પડે. પરંતુ આ પ્રસંગમાં ભગવાન સ્વભાવનો ય પરિચય થઈ જાય છે. ભક્તે પોતાના વ્રત માટે, નિયમ માટે એવો સંકલ્પ કર્યો કે દેહ છૂટે તો છૂટે પણ વ્રત ત્યાગ નહીં કરૂં, જળ પણ ગ્રહણ નહીં કરૂં આ કારણે પ્રભુથી ન રહેવાયું અને દોડી આવ્યા.

ભક્તનું સુખ પોતાનું સુખ માનવું અને ભક્તનું કષ્ટ પોતાનું કષ્ટ માનવું એ પ્રભુનો સહજ ગુણ છે, સ્વભાવ છે. ત્રિપુરદાસના પ્રસંગમાં તો ભક્તના વ્રત, હઠનો સવાલ હતો પરંતુ શ્રી સુરદાસજીનો પ્રસંગ લઈએ તો ભગવાનની ભક્તવત્સલતાનો વધુ ખ્યાલ આવશે.

સૂરદાસજીની પાસે એક વ્રજવાસી બાલક હતો. તે સૂરદાસજીની ટહેલ કરતો. નામ એનું હતું ગોપાલ. એક દિવસ સૂરદાસજી મહાપ્રસાદ લેવા બેઠા ત્યારે આ ગોપાલ જલની લોટી મુકવાનું ભૂલી ગયો. સૂરદાસજીને મહાપ્રસાદ લેતાં ગળામાં કોળિયો અટકયો અને એમણે ડાબા હાથથી આમતેમ તપાસ કરતાં લોટી ન મળી. કંઠ રૂંધાયો હતો માટે બોલી પણ ન શકાયું અને વ્યાકુળ થઈ ગયા.

શ્રીનાથજીથી પોતાના લાડિલા આ ભગવદીયની વ્યાકુળતા સહન ન થઈ. પ્રભુ પોતાના ઝારીજી લઈને દોડી આવ્યા અને ત્યાં પધરાવી સૂરદાસજીએ ઝારીમાંથી જળ લીધું અને સ્વસ્થ થયા. થોડીવાર બાદ ગોપાલને યાદ આવતાં તે દોડી આવ્યો તો શ્રીસૂરદાસજીની બાજુમાં સોનાના ઝારીજી જોયાં. ત્યારે તેઓને સમજાયું કે આ તો શ્રીનાથજીના ઝારીજી છે. શ્રી સૂરદાસજી પોતાના સેવક પર નારાજ થયા કે તે બેદરકારી રાખી અને પ્રભુને આટલો શ્રમ કરાવ્યો !

આવા અનેક પ્રસંગો પ્રભુના સ્વભાવનો પરિચય કરાવે છે.

પ્રભુકો દેખૌ એક સુભાઈ

અતિ ગંભીર, ઉદાર, ઉદધિ હરિ, જાન સિરોમનિ રાઈ ॥

તિનકા સોં અપને જન કો ગુન, માનત મેરૂ સમાન ।

સકુચિ ગનત અપરાધ-સમુદ્રહિં, બૂંદ તૂલ્ય ભગવાન ॥

બદન પ્રસન્ન કમલ સનમુખ હવૈ, દેખત હૌં જૈસેં ।

બિમુખ ભયે અકૃપા ન નિમિષ હૂં, ફિરિ ચિતયૌં તૌ તૈસેં ॥

ભક્ત વિરહ કાતર, કરૂનામય, ડોલત પાછેં લાગે ।

સૂરદાસ ઐસે સ્વામી કૌ, દેહિં પીઠિ સો અભાગે ॥

ભક્તો એ ભગવાનના સ્વભાવમાં જોયું છે કે એ સાગર જેવા વિશાળ અને ગંભીર છે. ભક્ત વિષે બધું જ જ્ઞાન ધરાવનારામાં રાજા જેવા છે. ઉદારતાના સાગર એવા ભગવાન ભક્તના ઘાસના તણખલા જેવા સામાન્ય સાધારણ ગુણને મેરૂ પર્વત જેવા મહાન માને છે તેમજ ભક્તના સાગર જેવા વિશાળ દોષને, અપરાધને જળના બિંદુ સમાન અલ્પ માનવામાં ય સંકોચ અનુભવે છે ભક્તના દોષને જોવામાં એમને કાયમ ક્ષોભ થાય છે.

ભગવાનના સ્વભાવમાં એવી છીછરી વૃત્તિ નથી કે કોઈ સહેજ પૂજા કરે તો પ્રસન્ન થઈ જવું અને સહેજ અપરાધ કરે તો કોપાયમાન થઈ જવું. વારંવાર અલ્પ અપરાધથી અપ્રસન્ન થઈ જવું એ અલ્પનો જ સ્વભાવ હોય. કદાચિત્ ભક્ત ભગવાનથી વિરૂદ્ધ પણ થઈ જાય તો એ અવકૃપા ન જ કરે. (તરસ્યો સરોવર કિનારે આવીને જળથી વિમુખ થઈ રહે તો એને જ તરસ્યા રહેવું પડે છે, પરંતુ કાંઈ જળ એના પ્રત્યે ક્રોધ નથી કરતું, કે સરોવરને દુઃખ નથી થતું.) વિમુખ થયેલો ભક્ત ફરી પાછો ભગવાનના શરણે આવે તો પ્રભુ તો પાછા એના એ જ !

ભક્તને જ ભગવાનનો વિરહ થાય એવું નથી, ભગવાનને ય ભક્તના વિરહની વ્યાકુળતા સતાવે છે, ભક્ત જાણતો નથી કે તેના વિરહમાં વ્યાકુળ થઈને ભગવાન તેની પાછળ પાછળ ભ્રમણ કરતા રહે છે ! આવા પ્રેમમય પરમાત્માથી વિમુખ થાય તે અભાગી જ ને ! ભક્ત કેવો બડભાગી !

ભક્તિ પોષણ.

(કીર્તન ભક્તિ)

સતયુગે જે ફળ દયાનથી, થાતુ ત્રેતામાં યજ્ઞથી જેહ;
દ્વાપરે પૂજને પામતા, સહુ કલિ કરી કીર્તન તેહ;
તે થકી અધિક ફલ ગૂણ ગાતા તો શું થયું તપ તીર્થ (માં) ન્હાતા;
મણિ મળ્યાં તે શોધે શીદ કોડી વિના વિચારે મરે મૂઢ દોડી.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

સત્યયુગમાં જે ફલ ધ્યાનયોગથી મળતું, ત્રેતામાં યજ્ઞયાગથી તેમજ દ્વાપર યુગમાં જે પૂજનથી સાંપડતું તે ફલ આ કલિયુગમાં કેશવના કીર્તનથી પ્રાપ્ત થાય છે. ધ્યાન, યજ્ઞ અને પૂજનમાં સહેજ ત્રુટિ, સહેજ ખામી રહી જાય તો ફળમાં વાંધો આવી શકે પરંતુ ભગવાનના નામ, ગુણ, લીલા સંકીર્તનમાં તો પૂર્ણ ફલ પ્રાપ્તિ છે જ. રામનામનો વિપરીત જાપ કરવા છતાં વાલ્મિકી ઋષિને પૂર્ણ જપફલ પ્રાપ્ત થયું જ હતું.

જેને ઉત્તમ મણિ મળ્યો હોય તેણે કોડી મેળવવા માટે ફાંફા મારવાની જરૂર નથી એમ ભગવાનનું સંકીર્તન મળે તેવો તપ-તીર્થ ભ્રમણ જેવા ક્લિષ્ટ અને કઠોર ઉપાયો કરવાની જરૂર નથી. તપ-તીર્થથી સ્વભાવ શુદ્ધિ થતી જેવામાં આવતી નથી, હરિકથા તો સરળતાથી સ્વભાવ દોષને હરે છે.

કલિ રૂપી આશૌચમાં, કોઈ કર્મનો નહી અધિકાર;
અડે ના સૂતક નામને, નિર્ભય નિત્ય કરીએ ઉચ્ચાર;
ઉચ્ચાર માત્રે અભય આપે, સકળ તાપ સંતાપને કાપે,
વેદ શાસ્ત્ર સહુ પૂરાણ પુકારે, તો હરિ તું શે ના ઉચ્ચારે
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

નહિ કલિ કરમ ન ભગતિ બિબેકુ રામનામ અવલંબન એકુ ।। કોઈ અતિશય કાળજી પૂર્વક કર્મકાંડ આચરે, નિષ્ઠાપૂર્વક જ્ઞાનમાર્ગ પર ચાલવા જાય અથવા ઉપાસના કરવા વિચારે તો એણે સમજવું જોઈએ ખલધર્મરૂપ આ કલિકાલમાં એ બધું કેટલે અંશે થઈ શકશે, કેટલે અંશો ફળશે ? કલિકાલ એ સૂતકી કાળ છે. અનેક અશુદ્ધિઓથી ભરેલો છે. માનવી અનેક સાધન કરે છતાં એને ફળ ન મળે. 'સાધન ઔર નહીં યા કલિમેં, જાસોં હોય નિબેરો' કલિકાલમાં હરિનામ સિવાય કોઈ અવલંબન નથી.

હરિનામ ભાવે કુભાવે, જાણતાં-અજાણતાં, પ્રેમથી કે વેરથી ગમે તે પ્રકારે લેવાય, પણ એ જીવને અભય પદ આપે જ છે. ભગવાનનું સંકીર્તન પણ 'તાપત્રયોન્મૂલનમ્' જીવને ત્રિવિધ તાપમાંથી મુક્ત કરનારૂં છે. સકલ વેદ, શાસ્ત્ર, પુરાણના સારમાં તો શ્રીહરિનું નામ છે. કદી વ્યર્થ ન જનારૂં અમોઘ સાધન છે અને ભક્તોને પરમઆનંદ આપનારૂં ફલ પણ છે.

સ્વાધ્યાય - ૯

શ્રીયમુનાજી

નામ

યમયતિ જીવાન્ - ભગવત્સમીપે રમયતિ જીવને ભગવાન સમીપે રમણ કરાવે, ભગવાનની નિકટ લઈ જાય અને ભગવાનની અનેકવિધ લીલાઓનો અનુભવ કરાવે, એ યમુના.

શ્રી યમુનાજીનું અન્ય સુપ્રસિદ્ધ નામ કાલિંદી પણ છે. એ કલિંદ નામના પર્વત શિખરેથી ભૂતળ પર આવ્યાં માટે કાલિંદી તો છે જ પરંતુ કાલિંદી નામ પાછળ એમનું કારૂણ્યમય સામર્થ્ય પણ છુપાયેલું છે. ભગવાનને પ્રિય એવા ભગવદીયોના કલિરૂપ પ્રતિબંધને, દોષને એ નિવારનારા છે, **કલેર્દોષસ્ય ખંડનકર્ત્રીમ્** શ્રી કાલિંદીજી ત્રણ પ્રકારે 'કલિ' ને નિવારનારા છે. સ્નેહની અધિકતાના કારણે કદાચ ભક્તોનો ભગવાન સાથે કલહ થઈ જાય, સ્વભાવતઃ ભક્તોને આપસમાં કલહ થઈ જાય અથવા તો કલિકાલમાં જન્મેલા ભક્તને કલિના દોષનો સ્પર્શ થઈ જાય તો આ ત્રણે 'કલિ' નો નાશ **હરિપ્રિયાણાં કલિં (દોષં) દ્યતિ ખંડયતિ** ભગવદીયોના દોષોનો નાશ કરે છે માટે એ કાલિંદી છે.

અહંતામમતા જનિત ભવસમુદ્રને પાર કરવા માટે શ્રી યમુના નામ નૌકારૂપ છે. **'કૃષ્ણદાસ' જો કહેં શ્રી યમુના-નામ નૌકા, ભક્ત ભવસિંધુ તેં યોંહી તરિયે** સુદૃઢ નૌકા દ્વારા જેમ સાગર પાર કરી શકાય છે તે શ્રીયમુનાજીનું નામ લેતાં વિના પરિશ્રમે, એમને એમજ સંસાર સમુદ્ર પાર કરી શકાય છે. ભાગ્યવાન જીવના મુખે જ શ્રી યમુનાજીનું મંગલમય નામ વસે છે. આ પરમ દિવ્ય નામ તો **નિરમોલ નગ** અણમોલ રત્ન છે. એવું રત્ન કે જેને કોઈ છીનવી ન શકે. ભગવદીઓ આ નામરત્નને પોતાના ભક્તિરૂપી હારમાં એવી રીતે જડી દે છે કે પદકની જેમ એ બરાબર હૃદય પર આવે. રૂપની સાથે સાથે ભક્તો નામને પણ હૃદયારૂઢ કરી રાખે છે. શ્રી યમુના નામમાં પણ એવું માધુર્ય, માંગલ્ય અને માહાત્મ્ય છે.

સ્વરૂપ

શ્રી યમુનાજીનું આધિભૌતિક લાગતું છતાં આદિદૈવિક સ્વરૂપ નદીરૂપ, જલરૂપ છે. બીજી અનેક નદીઓ જેવી લાગતી શ્રી યમુના વસ્તુતઃ બધી જ નદીઓ કરતાં ભિન્ન સ્વરૂપ અને માહાત્મ્ય ધરાવે છે. શ્રી યમુનાજીનું પ્રાકટ્ય પણ અલૌકિક છે, સરિતા રૂપેની યાત્રા પણ અલૌકિક છે અને તેમનો તિરોભાવ પણ અલૌકિક છે.

શ્રી યમુના **સૂરસૂતા** છે. આકાશમાં દેખાતા ભૌતિક સૂર્યમંડલમાંથી નહીં પરંતુ તેના

આધ્યાત્મિક સ્વરૂપ વેદત્રયી તેમજ તેના અંતર્યામી રૂપે રહેલ હિરણ્યમય, આનંદમય ભગવાન નારાયણથી શ્રી યમુનાજીનું પ્રાકટય થયેલ છે. ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એમ વેદત્રયીએ 'આદિત્ય' છે તેમજ એનું સમ્યક્ જ્ઞાન અને તદનુરૂપ કર્તવ્ય બોધ એ 'સંજ્ઞા' છે. આ આદિત્ય અને સંજ્ઞાથી યમ્ર (ધર્મ) અને યમુનાનું પ્રાકટય છે.

અતિદૂર આદિત્યમંડલથી કલિંદગિરિના શિખર પર પડવાથી ફિણ અને પ્રવાહના કારણે શ્રી યમુનાજી શ્યામ હોવા છતાં ઉજળાં લાગે છે. ઊંચીનીચી શિલાઓ પર આરોહણ અને અવરોણ કરવામાં તેમની ગતિમાં એક વિલાસ પ્રકટે છે. વિષમ ભૂમિ પર શ્રી યમુનાજીની ગતિ અતિ સુંદર લાગે છે.

श्याम संग श्याम हैव रही श्री यमुने ।

सुरत श्रमबिंदु ते सिंधुसी बहि चली, मानो आतुर अली रही न भवने

कोटि काम वारों रूप नैनन निहारो, 'लाल गिरिधरन संग करत रवने ।

हरख 'गोविंद' प्रभु निरख ईनकी ओर, मानो नवदुलहनी आई गवने

જલરૂપ પણ શ્રી યમુનાજીનું સ્વરૂપ શ્યામ સુંદર છે. તેની પ્રભુ પ્રત્યેની ગતિ પણ **सघोषगति दंतुरा** ઘોષ સહિત છે. પોતાના પ્રિયતમને મળવા જતી કોઈ અભિસારિકા જેમ કોઈ મધુર ગીતનું ગાન કરતી હોય અથવા એના નૂપુરનો ઝણકાર ન થતો હોય, એવી સસ્વર ગતિ કરતાં, જાણો પાલખીમાં બિરાજીને પ્રભુને મળવા જતાં હોય એવા અદ્ભૂત દર્શન થાય છે.

આધિભૌતિક જળ પ્રવાહની જાણે પાલખી બનાવીને એમનું આધિદૈવિક સ્વરૂપ **मानो नवदुलहनी आई गवने** પ્રિયતમ પ્રભુને મળવા જતી નવોઢાનો ભાવ પણ પ્રકટ કરે છે.

દ્વાદશનિકુંજ વાર્તામાં શ્રી યમુનાજીના પ્રાકટ્ય, આગમન અને સ્વરૂપનું સુંદર નિરૂપણ છે, તે જોઈએ.

'શ્રી ગોવર્ધન ગિરિ રત્નધાતુમય છે. ત્યાં શ્રી ગિરિરાજની આસપાસમાં દ્વાદશનિકુંજ છે. તેના શિખર પરથી યમુનાજીનો પ્રવાહ વહયો છે, તે અત્યંત સુગંધી જલપ્રવાહ પર્વતની જમણી તરફથી વહીને, દ્વાદશકુંજ થઈને, બ્રહ્મ સદન થઈને એ સૂર્યમંડલમાં પધારે છે. (જ્યારે શ્રીનાથજીને ભૂતળ પર પધારવાની ઈચ્છા થઈ ત્યારે તે પ્રવાહરૂપ શ્રી યમુનાજીએ પ્રભુની ઈચ્છા જાણી લીધી કે, દૈવીજીવોના અંગીકાર અને ઉદ્ધાર માટે પ્રભુજી પધારશે. માટે હું તેમનાથી પહેલાં ભૂતળ પર અવતરીને બધા જ જળ, સ્થળ, વસ્તુ, સામગ્રી વિગેરે સિદ્ધ કરૂં, પતિની ઈચ્છા જાણીને આ બધું પ્રથમથી લીલાર્થે તૈયાર કરી રાખ્યું એમ વિચારીને ત્યાંથી શ્રી ઠાકોરજીના પ્રાકટ્યના બે વર્ષ પહેલાં શ્રી યમુનાજી પધાર્યા.)

જેમ શ્રીઠાકોરજી કહેવા ખાતર શ્રી વસુદેવજીના પુત્ર કહેવાયા, તેમ શ્રીયમુનાજી સૂર્ય અને સૂર્યપત્નીના પુત્રી કહેવાયા, સૂર્યમંડલથી શ્રી કલિંદ પર્વતની શિખર પર પધારીને ભૂતળ પર ગમન કર્યું પછી વ્રજમાં પધારીને કાલ, વસ્તુ, સ્થળ વિ. સિદ્ધ કર્યા, રાસરમણના સમયે પણ સર્વ સામગ્રી પોતે સિદ્ધ કરી.

જ્યારે શ્રીઠાકોરજી આધિદૈવિકરૂપે નિજ ધામ પધાર્યા ત્યારે શ્રી યમુનાજી સપ્તસમુદ્રથી અલગ પડીને, લોકાલોક પર્વત પર ચઢીને, ફરી પાછાં બ્રહ્મસદન-વ્યાપીવૈકુંઠ થઈને, શ્રી ગિરિરાજના ઉત્તર ભાગ તરફ થઈને તુલસી કુંજમાં પધાર્યાં.

જળનો પ્રવાહ નીચે તો પડે પરંતુ ઉપર ચઢે નહિં, પણ શ્રીયમુનાજીનો પ્રવાહ પ્રમેય બળથી ઉપર ચઢીને ફરી શ્રીપ્રભુને મળે છે આવું શ્રીયમુનાજીનું બળ, સામર્થ્ય અલૌકિક છે માટે જે જીવ શ્રીયમુનાજીનો દ્રઢ આશ્રય કરીને રહે, એમનું જળ પાન કરે, તેમનામાં વિશ્વાસ રાખે તો શ્રીયમુનાજી તે જીવને નિજધામમાં શ્રીજી સાથે મિલન કરાવે છે.

સપ્તદ્વિપાન્ સપ્ત રાશીંશ્ચ વારાભારાદ્ ભિત્વા પ્રાઙ્મુખી પાવયન્તી । યાસ્યેઽસ્તાદ્રેરૂદ્ગમિદ્રિં વિહર્તું ખેલન્તીવ સ્વાશ્રિતાઘાપનુત્યૈ: ॥

પદ્મપુરાણના યમુના માહાત્મ્યમાં કહ્યું છે કે, "સાતે દ્વિપ અને સાતે સમુદ્રને ભેદીને પૂર્વાભિમુખી થઈને વહેતી, પોતાના માર્ગમાં આવનારાઓને પાવન કરનારી, અસ્તાચલથી ઉદયાચલની દિશામાં ક્રીડાવિહાર કરતી હોય એવી શ્રીયમુના પોતાના આશ્રિત જીવોને પાપોને નષ્ટ કરી દે છે." આધિભૌતિક અને આધ્યામિકરૂપે શ્રીયમુનાજી **'ભુવન પાવની'** છે. સંબંધમાં આવનારા જીવોના પાપોનો નાશ કરી દેવો, કેવળ તૃષાની શાંતિ માટે ય શ્રીયમુનાજીનું પાન કરનારાને યમયાતનાથી છોડાવવો એ શ્રી યમુનાજીનું આધ્યાત્મિક સામર્થ્યમાં પણ એવી અદ્ભૂત અનુગ્રહ લીલા છે કે શ્રી યમુનાજીની સ્વરૂપ અને સામર્થ્યનું જ્ઞાન ન ધરાવતા, તરસ છીપાવવા માટે યમુનાપાન કરનારા જીવની આ ચેષ્ટા ને ય પાપનિવૃત્તિનું સાધન માની લઈને યમયાતનામાંથી છોડાવી દે છે.

શ્રીકૃષ્ણપ્રિયા

શ્રી યમુને પિયકોં બસ તુમજુ કીને ।
પ્રેમકે ફન્દતેં ઘેર રાખે નિકટ, ઐસે નિરમોલ નગ મોલ લીને ॥
તુમ જો પઠાવત તહાં અબ ધાવત, તિહારે રસરંગમેં રહત ભીને ।
'દાસ પરમાનંદ' પાયે અબ વ્રજચંદ, પરમઉદાર શ્રી યમુનેજુદાન દીને ॥

જેનો સ્વામી પ્રિયા ઉપર અતિશય હેત રાખતો હોય અને પ્રિયાને સર્વથા અનુકૂલ હોય એ પ્રિયા 'સ્વાધીનપતિકા' છે ભગવાનના લીલા પરિકરમાં શ્રી યમુનાજી પ્રભુના પરમ પ્રિય સ્વામિની છે. એમણે પ્યારા પ્રભુને વશ કરી રાખ્યા છે, જાણો પ્રેમના વશમાં બાંધી જ દીધા

છે. કોઈએ અમૂલ્ય હીરો ખરીદી લીધો હોય અને જેમ એને સંભાળી રાખે એમ શ્રી યમુનાજી પ્રભુ પર અધિકાર જમાવે છે. એ જ્યાં પ્રભુને પધરાવે, પ્રભુ ત્યાં પધારે છે. એ જેના પર પરમ અનુગ્રહ કરીને પ્રભુનું દાન કરે છે તેને જ વ્રજચંદ્ર શ્રીકૃષ્ણ પ્રભુ સાંપડે છે.

આધિદૈવિક સ્વરૂપાત્મક શ્રી યમુનાજી વ્રજપતિના ચતુર્થ પ્રિયા છે. એમનું આ આધિદૈવિક સ્વામિનીરૂપ ભગવાન શ્રીકૃષ્ણના અવતાર સમયે (અથવા ક્યારેક પોતાના પરમભક્તને દર્શન આપવા માટે) પ્રકટ થાય છે.

વ્રજલીલામાં શ્રીયમુનાજી ચતુર્થ પ્રિયા છે. તે આ પ્રમાણે ૧: મુખ્યા સ્વામિનીજી (શ્રી રાધાજી) ૨: શ્રુતિરૂપી, ગોપભાર્યાઓ એટલે કે અન્યપૂર્વા સખીઓ, ૩: ઋષિરૂપા, અનન્યપૂર્વા-કુમારિકાઓ અને શ્રી યમુનાજી અથવા ૧: શ્રી રાધાજીના યૂથની તામસ સખીઓ, ૨: શ્રી ચંદ્રાવલીજીના યૂથની રાજસ સખીઓ, ૩: શ્રીકુમારિકાઓના યૂથની સાત્વિક ગોપીઓ અને ચોથાં નિર્ગુણ એવા શ્રી યમુનાજીના યૂથની ગોપિકાઓ આ ચાર યૂથની ચતુર્થ યૂથની મુખ્ય સ્વામિની હોવાથી શ્રી યમુનાજી ચતુર્થ પ્રિયા છે.

શ્રી યમુનાજીના જલના તરંગો વાસ્તવમાં તો એમની ભુજા છે, તટ પર ચળકતી રેતી, એતો વાસ્તવમાં એ તરંગરૂપી ભુજામાં ધારણ કરેલા કંકણોમાં જડેલા મોતી છે.

ભક્તોની ભગવાનના સ્વરૂપમાં રતિ જન્મે અને વધે તેમજ ભગવાનની ભક્તો માટે રતિ પ્રકટે માટે શ્રી યમુનાજી પધારે છે. ભગવાનને શ્રી યમુનાજી તો પ્રિય લાગે છે જ પરંતુ શ્રી યમુનાજીનો જેમના પર અનુગ્રહ થયો છે એવી ભક્તો પણ પ્રભુને પ્રિય લાગે છે. માટે શ્રી યમુનાજી **મુકુંદરતિવર્ધિની** કહેવાયાં છે.

અષ્ટવિધ ઐશ્વર્ય/સિદ્ધિઓ.

ભગવતાऽષ્ટવિધૈશ્વર્યં કાલિન્દ્યૈ દત્તમ્

ભક્તોને વિવિધ પ્રકારના રસોની અનુભૂતિ કરાવવી એ જ શ્રી કૃષ્ણ અવતારનું રસાત્મક પ્રયોજન છે. ભગવાન જ્યાં સુધી પોતાના માહાત્મ્ય અને ઐશ્વર્ય પ્રકટ રાખે ત્યાં સુધી રસ નિષ્પત્તિ સંભવે નહીં. પ્રભુએ બંનેનો તિરોભાવ કરી દે અને ભક્તોની આગળ આધીનતા સ્વીકારે ત્યારે જ વિવિધ પ્રકારની પુષ્ટિમાર્ગીય લીલા સંભવે.

ઐશ્વર્ય અને આધીનતા પરસ્પર એકમેકના વિરોધી છે. બંને સાથે ન રહી શકે, માટે પ્રભુએ પોતાના ઐશ્વર્ય અને એના કાર્ય, પ્રભાવ વિ. શ્રી યમુનાજીને સમર્પિત કરી દીધા.

સ્વાધીના પુષ્ટિરૂરયતે પ્રભુએ ઐશ્વર્ય છોડી દીધું અને વ્રજભક્તોને આધીન થઈ રહ્યા તે થકી જ રસાત્મક લીલાઓનો પ્રાદુર્ભાવ થયો. ભગવાન 'ઈશ્વર' છે તો શ્રી યમુના 'ઈશ્વરી' છે. તેથી ઈશ્વરે પોતાનું ઐશ્વર્ય ઈશ્વરીમાં સ્થાપી દીધું ! એ આધિદૈવિક અષ્ટવિધ ઐશ્વર્યને શ્રી યમુનાષ્ટક અને તેની ટીકાઓમાં સુંદર પ્રકારે નીરૂપવામાં આવ્યું છે. તે આ પ્રમાણે

(૧) શ્રીયમુનાજી પુષ્ટિમાર્ગીય સકલ સિદ્ધિ (સાક્ષાત્ ભગવત્સેવોપયોગી દેહ, સાક્ષાત્ ભગવલ્લીલાનું અવલોકન વિ.) આપે છે.

(૨) ભગવાનમાં ભક્તના સ્નેહને વધારનારાં છે.

(૩) જીવ અને ભગવાનનો સંબંધ બંધાવામાં જે પ્રતિબંધ, વિઘ્ન આવી શકે છે તેને શ્રીયમુનાજી દૂર કરે છે. (૪) શ્રી યમુનાજીના અને શ્રી ઠાકોરજીના ગુણધર્મો એક સરખા છે માટે શ્રી યમુનાજી અનાયાસે જ ભગવત્સંબંધ સ્થાપિત કરી આપે છે.

(૫) ભગવાનને પ્રિય એવા ભગવદીયોના કલિદોષોનું નિવારણ કરે છે.

(૬) શ્રી યમુનાજીની સેવાથી પુષ્ટિજીવ ભગવાનના ઉત્કૃષ્ટ સ્નેહ પાત્ર બને છે. જેમ વ્રજના ગોપીજનો પ્રભુને પ્રિય થયા તેમ.

(૭) શ્રી યમુનાજીની અનુગ્રહથી ભગવદીયોને 'તનુનવત્વ' એટલે કે નૂતન સેવોપયોગી દેહની પ્રાપ્તિ થાય છે.

(૮) શ્રી ભગવાન શ્રી યમુના જલમાં અનેક પ્રકારની લીલાઓ, અનેકવિધ વિહાર કરે છે માટે એમના પ્રત્યેક જલબિંદુઓમાં પ્રભુની શ્રમજલ બિંદુઓ પણ મળેલાં છે માટે શ્રી યમનુનાજીનો સંસ્પર્શ સાક્ષાત્ ભગવાનના સંસ્પર્શની બરાબર જ છે.

કૃપાપાત્ર ભગવદીયોને શ્રી યમુનાજી આ આઠે પ્રકારના આધિદૈવિક ઐશ્વર્યનું દાન અત્યંત સરળતાથી કરી દે છે. નિજ ભક્તને જે સિદ્ધિઓનું દાન કરે છે તે આ પ્રમાણે.... (૧) આવરણ રહિત, સાક્ષાત્ ભગવાનની સેવા કરવા યોગ્ય દેહની પ્રાપ્તિ. (૨) ભગવાનની વિભિન્ન લીલાઓના સાક્ષાત્ દર્શન થવા. (૩) પ્રભુની તેને લીલાઓમાં વ્યક્ત થતા રસની અનુભૂતિ કરી શકવાનું સામર્થ્ય. (૪) સર્વત્ર ભગવદ્ભાવ એટલે કે સર્વાત્મભાવ. (૫) ભગવદ્ આવિષ્ટ દેહની પ્રાપ્તિ થવી. (૬) પરાવૃત્ત (અંતર્મુખ) ચક્ષુઓ દ્વારા, ભક્તને નિજ હૃદયમાં પ્રકટ થતી ભગવાનની લીલાઓનાં દર્શન થાય. (૭) ભક્તને ભગવાનના ભાવાત્મક સ્વરૂપના દર્શન થાય અને તે સ્વરૂપ સંબંધી રસ-આનંદની અનુભૂતિ થાય તથા (૮) વિરહ દશામાં ભક્તને સર્વત્ર ભગવદ્ભાવનો-નિજહૃદયમાં સર્વાત્મભાવનો અનુભવ થાય. આ અષ્ટ સિદ્ધિઓમાં પ્રથમ ચાર સિદ્ધિઓ સંયોગાત્મક સિદ્ધિઓ છે તેમજ પછીની ચાર સિદ્ધિઓ વિપ્રયોગાત્મક સિદ્ધિઓ છે.

શ્યામ સુંદર નંદનંદન તેમજ શ્યામસુંદરી રવિનંદના શ્રી યમુના બંને એક જ તત્વ છે. જે ભેદ છે તે લીલા દ્રષ્ટિએ જ ભેદ છે. **ઘનીભૂત રસાત્મા હિ જાતો નંદગૃહે હરિઃ** ઉપનિષદ જેને 'રસ' કહે છે રસ - આનંદનું ઘનીભૂત પ્રાકટ્ય નંદગૃહે શ્રીકૃષ્ણરૂપે થયું તેમ તે જ રસતત્વનું પ્રાકટ્ય **દ્રવીભૂત રસાત્મૈષા સર્વાંગીણશ્રમામ્બુભિઃ** તાપાત્મક રવિમંડલમાં રહેલ નારાયણના હૃદયમાંથી થયું છે. તફાવત એ કે આ સ્વરૂપ દ્રવીભૂતરસાત્મૈષા સર્વાંગીણશ્રમામ્બુભિઃ તાપામક રવિમંડલમાં રહેલ નારાયણના હૃદયમાંથી

થયું છે, તફાવત એ કે આ સ્વરૂપ દ્રવીભૂત-રસ સ્વરૂપે પ્રકટ્યું છે.

ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રી યમુનાજી બંને સમાન રીતે ષડૈશ્વર્ય સંપન્ન છે. અનંત ગુણોથી શોભવું એ એમનું ઐશ્વર્ય છે, શિવ બ્રહ્મા જેવા વીર્યવાન દેવોય એમની સ્તુતિ કરે છે એ એમનું વીર્ય છે, દાન કરનારનો જગતમાં યશ ગવાય છે. ધ્રુવ, પરાશર જેવા તપસ્વીઓને તેમના તપનું મનોવાંછિત ફલ શ્રી યમુનાજી તેમજ શ્રી હરિએ આપેલ છે તે એમનો યશ છે, ગોપગોપી મંડલથી તેઓની શોભા સુવિશેષરૂપે જોવા મળે છે તે એમનો શ્રી ગુણ છે, જ્ઞાનથી વિશુદ્ધિ મળે-ભગવાનના પ્રાકટ્યથી તેમજ શ્રી યમુનાજીના સાન્નિધ્યથી મથુરા વિશુદ્ધ કહેવાઈએ જ્ઞાન ધર્મ છે અને કૃપા વૈરાગ્યવાન જ કરી શકે. શ્રી યમુના અને શ્રી વ્રજરાજ એટલા બધા કૃપાળુ છે કે એમને સ્વયં કરતાં ય સ્વકીય ભક્તો પર વધુ અનુરાગ છે. આ અસાધારણ કૃપાલુતા એમના વૈરાગ્ય ગુણને સૂચવે છે.

આવા ભગવતી, ઐશ્વર્યવતી, સ્નેહની સરિતા અને કૃપાના સાગરરૂપ, ચતુર્થ પ્રિયા, દ્રવીભૂત આનંદ બ્રહ્મ સ્વરૂપા શ્રી મહારાણી, પટરાણી, ઠકરાણી યમુનાને કોટિ કોટિ દંડવત્ કરીએ અને ધન્ય થઈએ.

ભક્તિ પોષણ.

(કીર્તન ભક્તિ)

નામ અજામિલ ઉદ્ધર્યો, નામે તાર્યા જીવો બહુ પાપી;
અવળે નામે વાલ્મિકી તાર્યો, અર્ધ ગુણિકા ગત્ય આપી;
આપી ગત્ય ઈત્યાદિક બહુને, જેણે કર્યો તે આશ્રય સહુને;
બે અક્ષરમાં બાધ્યો સાર, જેણે લહયો તે પામ્યો પાર.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

ભગવન્નામનો મહિમા એ છે કે અનાયાસે, અન્ય હેતુથી ય જો નામ લેવાય તો ય તે ફળે છે. અજામિલે પુત્રને બોલાવવા માટે 'નારાયણ' નામનો ઉચ્ચાર કર્યો હતો છતાંય એ નિષ્પાપ થયો. મરા, મરા ના ઉચ્ચારથી શ્રીવાલ્મિકી તર્યા, 'રા' નો ઉચ્ચાર કરતાં ગણિકાને સદ્ગતિ પ્રાપ્ત થઈ તો 'કિં' પુનઃ શ્રદ્ધયા ગૃણન્' સ્નેહ, શ્રદ્ધા અને આદર પૂર્વક રામનામ લેવાય તો આત્મકલ્યાણમાં શી શંકા ? પરિહાસમાં, સંકેતમાં, આલાપમાં, પડતાં આખડતાં, બીમારીમાં, આઘાતમાં કે અન્ય હેતુથી ય ભગવાનનું નામ લેવાય તો સફલ થાય છે. હરિનામ તો, વાસ્તવમાં કદી નિષ્ફળ થતું જ નથી કેમકે તે સાધનરૂપ છે તો તે ફલરૂપ પણ છે. મુક્તજીવો, પરમહંસો, બ્રહ્મ જ્ઞાનીઓ અરે, દેવાધિદેવો પણ હરિનામ સંકીર્તન કરે છે. !

સ્નેહ સહિત શ્રીકૃષ્ણનું કથા કીર્તન જહા નિત્ય થાય;
કોટિ તીર્થ આવી ત્યાં વસે, જેનું ભાગ્ય હોય તે ન્હાય;
ન્હાયો તેમા તે પવિત્ર પ્રમાણો, તે વિના સર્વેને સૂતકી જાણો
જીવતા શબ સરખા સહુ તેહ, ભૂતળે ભાર કર્યો ધરી દેહ.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

જ્યાં હરિકથા છે, હરિ કીર્તન છે ત્યાં સકલ તીર્થ આવી વસે છે. હરિ હરિ હરિ હરિ સુમિરન કરો ! હરિ ચરણારવિંદ ઉર ધરો ॥ હરિકી કથા હોઈ જબ જહાં । ગંગાહૂ ચલિ આવૈ તહાં ॥ યમુના સિંધુ સરસ્વતી આવૈ । ગોદાવરી બિલંબ ન લાવૈ ॥ સર્વ તીર્થ કો બાસા તહાં । સૂર હરિકથા હોવૈ જહાં ॥

જ્યાં હરિકથા છે ત્યાં ગંગા, યમુના, સિંધુ, સરસ્વતી, ગોદાવરી જેવી તીર્થધારાઓ વહી આવે છે. હરિગુણગાનારે કોઈ તીર્થમાં જવાની આવશ્યક્તા નથી એ જ્યાં બેસીને નામ-લીલા સંકીર્તન કરે છે ત્યાં સકલ તીર્થ દોડી આવે છે. આ તીર્થમાં અવગાહન કરવાનું સૌ કોઈના ભાગ્યમાં નથી હોતું એ પણ સમજવા જેવું છે.

આ નામતીર્થમાં કે કથાતીર્થમાં જે નહાયો નથી તેનું જીવન જ વ્યર્થ છે, એનું અસ્તિત્વ ભૂમિ પર ભારરૂપ જ છે. કૃષ્ણ કીર્તન વિના નર સર્વદા સૂતકી (અપવિત્ર) જ છે એમ જાણવું.

સ્વાધ્યાય - ૧૦

શ્રી મહાપ્રભુજી

પ્રાકટ્ય

પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજી રૂપે પ્રકટ થયેલા છે. એ વાત અનેક રીતે સિદ્ધ થઈ ચુકી છે. પ્રથમ પ્રમાણ તો શ્રી મહાપ્રભુજીના પહેલાંની પાંચમી પેઢીએ સાંપડે છે.

શ્રી મહાપ્રભુજીની પૂર્વજ શ્રી યજ્ઞનારાયણ ભટ્ટને ભગવાને વરદાન આપ્યું હતું કે તમારા વંશમાં જ્યારે સો સોમયાગ પૂર્ણ થશે ત્યારે હું તમારા વંશમાં અવતાર લઈશ. શ્રી યજ્ઞનારાયણ ભટ્ટને ત્યાં ગંગાધર સોમયાજી જન્મ્યા, એમને ત્યાં ગણપતિ ભટ્ટ, એમને ત્યાં બાલંભટ્ટ અને એમને ત્યાં શ્રી લક્ષ્મણભટ્ટજીનો જન્મ થયો. સો સોમયાગની પરંપરા શ્રી લક્ષ્મણભટ્ટજીથી પૂર્ણ થઈ અને એમને ત્યાં ભગવાન શ્રી વલ્લભરૂપે પ્રકટ્યા.

શ્રી લક્ષ્મણ ભટ્ટજીકાશીમાં હતા ત્યારે યવનોના ઉપદ્રવના સમાચાર સાંભળીને અનેક કાશીવાસીઓની જેમ કાશી છોડીને સ્વદેશ તરફ જવા નીકળ્યા. સાથે તેમના ધર્મપત્ની યલ્લ માગારૂજી પણ હતા અને તેઓ સગર્ભા હતા.

માર્ગમાં ચંપારણ્ય પ્રદેશમાં ચોડાનગર (ચતુર્ભદ્ર પુર) પહોંચ્યા ત્યાં આઠમા માસે શ્રી વલ્લભનું પ્રાકટ્ય થયું. નવજાત બાળક અચેતન જણાતા તે મરેલું છે એમ સમજીને માતાએ પોતાનું વસ્ત્ર ફાડીને તેના કટકા વડે લપેટીને એક શમી વૃક્ષની બખોલમાં પધરાવી દઈને તેના પર પાંદડાં ઢાંકી દીધાં. થોડે આગળ જતાં સૌ એ મુકામ કર્યો. ત્યાં શ્રી લક્ષ્મણ ભટ્ટજી તેમજ શ્રી યલ્લમાગારૂજીને સ્વપ્નમાં ભગવાને દર્શન આપ્યાં અને જણાવ્યું કે "તમારે ત્યાં મારૂં પ્રાકટ્ય થયું છે, તમો પાછા આવો અને મને પધરાવી જાવ" સૌ પાછા ગયા તો ત્યાં અગ્નિ મંડળ વચ્ચે બીરાજતા બાળકને લેવા જતાં માતાને અગ્નિએ માર્ગ આપ્યો અને માતાપિતાએ બાળકને પ્રાપ્ત કરી પરમાનંદ અનુભવ્યો.

વિ. સંવત ૧૫૩૫માં ચૈત્રવદ એકાદશીને રવિવારે રાત્રિના ૬ ઘડીને ૪૪ પળે શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું પ્રાકટ્ય થયું જેમ વેદ, ધર્મ, પૃથ્વી અને ભક્તો પર અનુગ્રહ કરવા ભગવાન શ્રી કૃષ્ણનું પ્રાકટ્ય થયું હતું તેમજ અનેક જીવોના ઉદ્ધારને માટે, અનેક ઉત્તમ કાર્ય માટે, સાકાર બ્રહ્મવાદની સ્થાપના કરવા, પુષ્ટિ ભક્તિ પ્રવર્તાવવા, સેવા માર્ગની પરંપરા ચલાવવા જેવા અનેક હેતુથી શ્રીમદ્ વલ્લભ પ્રભુ પ્રકટ થયા છે.

સ્વરૂપ

ભૂતળના જીવોને શ્રી મહાપ્રભુજીના સ્વરૂપનો અનેક પ્રકારે અનુભવ થયેલો છે. જે જીવનો જે પ્રકારે અધિકાર હોય છે તેનો તે પ્રકારે અનુભવ થાય છે.

સાધારણ મનુષ્યોને એમના **સન્મનુષ્યાકૃતિ** રૂપનો અનુભવ થયો છે. જેમ યાદવ વિ. મનુષ્યોની વચ્ચે ભગવાન મનુષ્ય જેવા થઈને રહેતા તેમ શ્રી મહાપ્રભુજી પણ યજુર્વેદી, તૈત્તરીય શાખામાં ભારદ્વાજ ગોત્રમાં બ્રાહ્મણ પરિવારમાં પ્રકટ થયેલા. સૌને એમના તેજસ્વી સુંદરરૂપના દર્શન થતાં, જન્મ, બાલલીલા વિ. મનુષ્યવત્ અનેક લીલાઓ કરી હોવા છતાં શ્રી મહાપ્રભુની દીવ્યતાનો અનુભવ ઘણાંઓને થયેલો છે.

શ્રીમહાપ્રભુજી **અગ્નિ** સ્વરૂપ પણ છે. શ્રી સુબોધિનીના મંગલાચરણમાં (વૈશ્વાનરાદ્વાક્પતેઃ) પુરૂષોત્તમ સહસ્ર નામમાં (ઋષિરગ્નિર્નિરૂપિતઃ) શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં (વૈશ્વાનરો વલ્લભાખ્યઃ) અણુભાષ્યમાં (અતોડગ્નિના મયા સર્વતઃ) અગ્નિપુરાણમાં (વલ્લભોડગ્નિરૂપઃ સ્યાદ્) એમના અગ્નિપણાના પ્રમાણો મળી રહે છે.

શ્રી મહાપ્રભુજી **આચાર્યસ્વરૂપ** છે. **ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે** પૂર્ણપુરૂષોત્તમ શ્રી હરિએ પોતાના આચાર્ય અવતારોનો ઉલ્લેખ શ્રી ગીતાજીમાં કરેલ જ છે. ધર્મના અનેકવિધ સ્વરૂપો છે, અનેકવિધ શાખાઓ છે. જ્યારે જ્યારે ધર્મના કોઈ સુવિશેષ આયામની સંસ્થાપના કરવાની આવશ્યક્તા ઉભી થઈ છે. ત્યારે ત્યારે પ્રભુએ **તદાત્માનં સૃજામ્યહમ્** પોતાના જ આત્મારૂપ આચાર્યોના રૂપે અહીં અવતરણ કર્યું છે. ભારતીય વૈદિક દર્શનમાં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ્નો સિદ્ધાંત આપનારા, અણુભાષ્ય દ્વારા વ્યાસમતને પ્રકટ કરનારા, ભગવદ્ ભક્તિમાર્ગમાં પુષ્ટિમાર્ગ નામે એક સર્વમાર્ગથી વિલક્ષણ એવા માર્ગને પ્રવર્તાવનારા તેમજ જે આચરણ કરીને જગતને આચાર શીખવે તે આચાર્ય એમ અનેક વિધ રીતે શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું આચાર્યત્વ સિદ્ધ થાય છે.

શ્રી વલ્લભ શ્રી સ્વામિની રૂપ પણ છે. દામોદરદાસ હરસાની જેના અંતરંગ આપ્ત ભગવદીય પાસે ક્યારેક એકાંતિક લીલાત્મક ભગવદ્ વાર્તામાં આપશ્રીના સ્વામિની સ્વરૂપનો આવિર્ભાવ પણ થયેલ છે. શ્રીમદ્ ભાગવતજીમાં ભગવાનના પ્રાકટ્ય સમયે **પ્રાદુર્ભૂતો મમ સ્વામી** શ્રી મહાપ્રભુજી ભગવાનનો 'મારા સ્વામી' શબ્દથી પરિચય આપે છે. શ્રી દામોદર દાસજીની વાર્તામાં 'હંસિ હંસિ દૂધ પીવત નાથ' ના પ્રસંગમાં શ્રી ઠાકોરજીનું સ્વામી સ્વરૂપ, શ્રી મહાપ્રભુજીનું સ્વામિની સ્વરૂપ તેમજ શ્રી દામોદર દાસજીનું લલિતાજી (મધ્યા) સ્વરૂપ સ્પષ્ટ પ્રકટ થાય છે. માટે જ એમને રાસસ્ત્રી ભાવથી ભરપૂર સ્વરૂપવાળા કહ્યા છે.

પુષ્ટિલીલામાં પ્રત્યેક સ્વરૂપ 'રસસ્વરૂપ' છે. આ રસાત્મક આવિર્ભાવ પણ આધિદૈવિક શૃંગાર રૂપે હોય તો તેના સંયોગ-વિપ્રયોગ રૂપે બે પક્ષ હોય જ. શ્રી વલ્લભભગવાનનો રસાવતાર પણ છે. 'ભાવતત્વ' નું એ **વિરહ સ્વરૂપ** છે. બંને પક્ષ વિના, ઉભય દલ વિના તત્વની પરિપૂર્ણતા નથી માટે શ્રીમદ્ પ્રભુચરણ શ્રી ગુસાંઈજીએ **સંયોગ સ્વરૂપ** છે. આધિદૈવિક અગ્નિસ્વરૂપ પણ એ તાપાત્મક વિરહનું જ રૂપ છે.

તદા સ્વાસ્થં પ્રાદુર્ભૂતં ચકાર. ભક્તોના કષ્ટ હરવાના સ્વભાવવાળા શ્રી હરિએ ઐશ્વર્ય, વીર્ય વિ ધર્મ સહિત ધર્મીરૂપ એવા પોતાના મુખારવિંદને પ્રકટ કરેલ છે. શ્રી વલ્લભએ શ્રીકૃષ્ણનું **શ્રીમુખ** છે. પુષ્ટિલીલાના ભક્તોને પુષ્ટિપ્રભુના સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે શ્રી મુખરૂપે પ્રકટ થવાનો અનુગ્રહ એ વલ્લભ અવતાર છે. ભગવાનના સ્વરૂપનું જ્ઞાન, પુષ્ટિમાર્ગીય માહાત્મ્ય પૂર્વકનું સ્વરૂપ જ્ઞાન ન થાય તો ભક્તોના પુષ્ટિજન્મનું તેમજ પુષ્ટિ માર્ગીય પુરૂષાર્થોનું ફળ સિદ્ધ ન થાય. શ્રી રાધા અને શ્રીકૃષ્ણાના મુખારવિંદમાંથી પ્રકટેલા વિપ્રયોગાગ્નિ સ્વરૂપ પણ મુખારવિંદ જ છે. અલૌકિક આધિદૈવિક આનંદમય અગ્નિ એ પરબ્રહ્મના મુખારવિંદરૂપ છે.

સચ્ચિદાનંદ સાક્ષાત્પરબ્રહ્મ ભગવાન શ્રીકૃષ્ણ **પુષ્ટિ પુરૂષોત્તમ ભગવાન** શ્રી વલ્લભરૂપે પ્રકટ્યા છે. આ બાબતના અનેક શબ્દ પ્રમાણ તેમજ (ભગવદીયો આદિના) અનુભવ પ્રમાણો સાંપડે છે. સો સોમયાગ પછી પોતે પ્રકટ થશે એમ ભગવાનનું વરદાન, અલૌકિ રીતે ચંપારણ્યમાં પ્રાકટ્ય અને પ્રત્યક્ષ-પરોક્ષરૂપે ભગવદીયોનો અનુભવ શ્રી મહાપ્રભુજીને ભગવદ્ અવતાર તરીકે સિદ્ધ કરે છે.

શ્રી દામોદરદાસ સંભલવાળાને તામ્રપત્રનો પ્રસંગ, હરિવંશ પાઠકને ગણેશજીની આજ્ઞાનો, મહાવનની એક ક્ષત્રાણીનો અનુભવ, શ્રી ગોપાલદાસના અનુગ્રહથી પદ્મારાવલને સાક્ષાત્ રણછોડજી રૂપે થયેલા દર્શન, બૂલા મિશ્રને સાક્ષાત્ ભગવાનની આજ્ઞા જેવા અનેક પ્રસંગોમાં શ્રી મહાપ્રભુજીના પૂર્ણબ્રહ્મ સ્વરૂપનું પ્રતિપાદન થયું છે. શ્રી સર્વોત્તમજીમાં આનંદ, વિભુ, સર્વલક્ષણ સંપન્ન, વિબુધેશ્વર, સર્વશક્તિધૃક્, યજ્ઞભોક્તા અને ત્રિગુણાતીત જેવા નામો પણ સ્પષ્ટરૂપે તેમના બ્રહ્મત્વનો સંકેત કરે છે.

લીલામાં શ્રી મહાપ્રભુજી શ્રી ઠાકોરજી રૂપે (પુંભાવ) શ્રી સ્વામિનીજી (સ્ત્રી ભાવ) અને ઉભયાત્મક રૂપના સાક્ષીરૂપે બિરાજે છે. એ ભોક્તારૂપે, ભોગ્યરૂપે તેમજ અનુભવકર્તારૂપે એ ત્રિવિધ સ્વરૂપે બિરાજે છે. ભોક્તા તરીકે એ આનંદરૂપ, ભોગ્ય તરીકે પરમાનંદરૂપ અને લીલાસાક્ષીરૂપ મુખારવિંદરૂપ પણ છે.

શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપ અલૌકિક છે. માટે જ તે 'અપ્રાકૃતનિખિલ ધર્મરૂપ' કહેવાયા છે. અલૌકિ આનંદમય દેહ ઈન્દ્રિયાદિ યુક્ત એવું એમનું સ્વરૂપ ભગવત્ સ્વરૂપ જ હોવાથી એમના સ્વરૂપમાં ય ધર્મ-ધર્મીની અલૌકિક્તા પ્રકટ થાય છે.

શ્રી મહાપ્રભુજી રસરૂપ શ્રીકૃષ્ણની અનેક રસમય લીલાઓથી અને શ્રીકૃષ્ણ પ્રત્યેના અપાર પ્રેમના અમૃતથી ભરપૂર છે. એ એમનું ઐશ્વર્ય છે. 'વસ્તુતઃ કૃષ્ણ એવ' શ્રી મહાપ્રભુજીએ સાક્ષાત્ ભગવાન જ છે.

માયાવાદના અંધકારને હરનારા સૂર્યસમાન વીર્યવાન એવા શ્રી મહાપ્રભુજી છે. જ્ઞાન એટલે પ્રકાશ અને પ્રકાશથી સ્વવીર્યથી અંધકારને નષ્ટ કરે તેમ શ્રી મહાપ્રભુજીએ અજ્ઞાનીઓના અજ્ઞાનને તેમજ જ્ઞાનાભિમાનીઓના જ્ઞાનમદને દૂર કર્યો છે. અનેક જીવોને

આપના 'ઉગ્ર પ્રતાપ' નો અનુભવ થયેલ છે. વીર્યવાન જ સ્વબળે શરણસ્થનો ઉદ્ધાર કરી શકે.

દિવ્ય ગુણોથી સંપન્ન થવું એ યશ. અસાધારણ પાંડિત્ય, વેદના પારંગત હોવું, વેદવિહિત કર્માનુષ્ઠાનમાં નિષ્ઠાવાળા હોવું તે ઉપરાંત ભક્તિમાર્ગના પ્રણેતા હોવું આટલો યશ તો ખરો જ પરંતુ વ્રજપતિમાં પરમરતિ હોવી એ શ્રી વલ્લભનો મહાન યશ છે.

શ્રી વલ્લભની ત્રણ શ્રી છે. સેવા, પ્રેમ અને આ બંનેનો ઉપદેશ.

જ્ઞાનથી સ્વભાવ દોષ દૂર થાય. જે જે ભગવદીયોએ શ્રી મહાપ્રભુજીનું ચરણામૃત ધારણ કર્યું તે બધા નિર્દોષ બન્યા. એ ઉપરાંત ભગવદીય બન્યા. ભગવાનના દાસ બન્યા. જીવને નિજસ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે તે પ્રભુના દાસ બનવાની ઈચ્છા ધરાવે છે.

શ્રી મહાપ્રભુજી વૈરાગ્ય સ્વરૂપ છે. સર્વમાં અનાસક્તિ કેવળ ભગવાન અને ભગવદીયોમાં આસક્તિ એ વૈરાગ્યનું પુષ્ટિમાર્ગીય સ્વરૂપ છે.

રતિપથ પ્રકટ કરનકું પ્રકટે કરૂનાનિધિ શ્રી વલ્લભ ભૂતલ ।
ફુલસે સકલ દૈવી જન કે મન, સાધન બિન હમ પાવેંગે ફલ... ॥ ૧ ॥
માયા મતકો તિમિર નસાયો, પંથ દિખાયો વેદ વચન-બલ ।
ઈહ મારગ જો દ્રઢ તિનકો હરિ મેલત મુખમેં પત્ર-કુસુમ-જલ ॥ ૨ ॥
સીંચત વચન સુધાકર સેવક મારગ રિપુ દાહે વચનાનલ ।
સેવા-રસ-સાગર પ્રકટાયો વદન અનલતેં અતિસય સીતલ ॥ ૩ ॥
ઉપજત તાપ છિનક સાનિધમેં દેત વિરહ આનંદ રસ કેવલ ।
દેખો સંત વિચાર ચારૂ ચિત શ્રી ગોકુલપતિ હૈ યહ નિશ્ચલ ॥ ૪ ॥
દે ચરનોદક દોષ નિવારે સૂધે કિયે કાલ કલિકે ખલ ।
રસિક ભજન નિત શ્રી વલ્લભ પદ તે બડભાગ સદા મન નિર્મલ ॥ ૫ ॥

પ્રભુને પામવા માટેના પંથ તો ઘણા ય પરંતુ સરળ, સર્વસુગમ, નિષ્કંટક પંથ તો પ્રેમનો જ પંથ. પ્રેમ મંદિર શિખરની વ્રજગોપિકાઓએ રતિપથનું નિર્માણ કર્યું અને એનું પુનઃ પ્રાકટ્ય કરવા માટે કરૂણાસાગર શ્રી વલ્લભ ભૂતળ પર પ્રકટ્યા.

પ્રેમના પ્રવાસીઓ તો હતા પરંતુ એમને પંથ મળતો ન હતો. શ્રી મહાપ્રભુજીએ વિશ્વના વર્તમાન તેમજ ભાવિના ભગવન્માર્ગના યાત્રિકોને આ અદ્દ્ભૂત 'રતિપથ' બતાવીને મહાન અનુગ્રહ કર્યો છે.

નિઃસાધન દૈવી જીવો-જેમનામાં શાસ્ત્રોક્ત સાધનો કરવાની શક્તિ ન હતી અથવા

જેમને એવા સાધનોમાં નિષ્ઠા ન હતી તેમનાં મન હરખાઈ ઉઠયાં, કે અમે હવે એ ફલ-સર્વફલોનું ફલ પામીશું કે જે સાધન વિના જ મળે. એટલે કે સાધનથી દુર્લભ અને નિઃસાધનતાથી સુલભ એવું ભક્તિ-સુખ.

શ્રી વલ્લભે પ્રકટ થઈને, જગતને મિથ્યા સમજીને વિમુખ થઈ જવાના મત-માયાવાદના અંધકારને નષ્ટ કર્યો એટલું જ નહીં પરંતુ વેદથી પ્રમાણભૂત એવો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ પ્રકટ કર્યો અને એવી સુંદર ભક્તિ પ્રકટ કરી કે તેનો દ્રઢ આશ્રય કરનાર, દ્રઢ વિશ્વાસુ પત્રં પુષ્પમ્ જે કાંઈ ભાવપૂર્વ પ્રભુને અર્પણ કરે તેને પ્રભુ પ્રીતિપૂર્વક આરોગે છે.

સ્વવચનામૃત સિંચન વડે ભક્તોને ઠારવા તેમજ દુષ્ટ વિમુખોને પોતાના સ્વરૂપ તાપ દ્વારા તપાવી દેવા એમ વિરૂદ્ધ ધર્માશ્રયત્વ ધરાવતા શ્રી વલ્લભ પ્રભુએ ભગવત્‌લીલા જ કરી છે. જેમ સૃષ્ટિરચનામાં અગ્નિમાંથી જલતત્વ પ્રકટ થયું તેમ ભગવાનના વંદનરૂપ અગ્નિમાંથી સેવા રસ સાગરની ઉત્પત્તિ થઈ છે.

આધિદૈવિક અગ્નિરૂપ શ્રી મહાપ્રભુજી જે ભક્ત પોતાની સમીપમાં આવે તેને શ્રીકૃષ્ણના વિરહ તાપનો ફલરૂપ મહા રસરૂપ અનુભવ કરાવે છે.

ચરણામૃતથી કલિદોષથી સ્વભાવ દુષ્ટ જીવોને સ્વભાવમાં સરળતા લાવે, વચનામૃતથી પરમ શીતલતાનો અનુભવ કરાવે અને સ્વરૂપામૃતથી ભગવાનના સંયોગ વિરહાત્મક સુખનું દાન કરે એ શ્રી વલ્લભના પુરૂષોત્તમ હોવાનું પ્રમાણ નથી શું ?

બડભાગી જીવોને જ આ તત્વ સમજાય.

દામોદર દાસ સંભલવાળાને એક તામ્રપત્ર પ્રાપ્ત થયું હતું. તેમાં કેટલીક આકૃતિઓ હતી અને નીચે લખેલું હતું કે જે આ તામ્ર પત્રની સર્વે આકૃતિઓનું એકીકરણ કરીને સાચો અર્થ સમજાવી શકે તેના શરણે જવું. ઘણાં જ્ઞાનીઓ, વિદ્વાનોની પાસે દામોદર દાસ ગયા છતાં કોઈ એના યથાર્થ અર્થને સમજાવી ન શક્યું. શ્રી મહાપ્રભુજી ગંગા તટે કનોજ પધાર્યા ત્યારે દામોદર દાસ તે તામ્રપત્ર લઈને આવ્યા અને અર્થ સમજાવવા વિનંતી કરી શ્રી આચાર્યજીએ ચિત્રનું રહસ્ય માર્મિક રીતે સમજાવ્યું અને દામોદર દાસ શરણે ગયા.

કાશીના સારસ્વત બ્રાહ્મ હરિવંશ પાઠક પહેલાં તો ગણપતિના ભક્ત હતા. તે કુતુહલથી શ્રી મહાપ્રભુજીના દર્શન કરવા આવ્યા દર્શન કરતાં મનમાં થયું કે, "જો એ ઉ બ્રાહ્મણ હૈ હમ હૂ બ્રાહ્મણ હૈં, એ પંડિત હૈ સો મેરે કહા કામ હૈ !" મારે ગણેશજીના દર્શનમાં વિલંબ કરવાની જરૂરી શી છે ? આ પંડિત બ્રાહ્મણ સાથે મારે શી લેવાદેવા ? પરંતુ ગણેશની પૂજામાં જતાં દરવાજે જ ઠોકર વાગી પડયા અને મૂરછાઁ આવી ગઈ. શ્રી ગણપતિજીએ તે અવસ્થામાં જ હરિવંશ પાઠકને અનુભવ કરાવ્યો અને આજ્ઞા કરી કે "તેં શ્રી મહાપ્રભુજીનો અપરાધ કર્યો છે, શ્રી આચાર્યજી પૂર્ણ પુરૂષોત્તમ હૈં, તિનસોં અપરાધ ક્ષમા કરાઈ મેરે પાસ આઈયો."

શ્રી મહાપ્રભુજીના દર્શન કરવા પરમાનંદદાસજી અડેલ આવ્યા ત્યારે તેમને યમુના કિનારે સંધ્યાવંદન કરતા શ્રી મહાપ્રભુજીમાં અતિ અદ્‌ભૂત અલૌકિક સાક્ષાત્ શ્રીકૃષ્ણના

સ્વરૂપના દર્શન થયા.

આવા અનુભવો અનેક ભગવદીયોને થયેલા છે.

ભક્તિ પોષણ

સ્મરણ ભકિત

નટવર છબી નંદલાલની એહવું ચિંતન કરે ચિત્ત માંહા;
મોર મુકુટ શીર તિલક કુડંળ, નકવેસર ચિબુક સોહાય,
સોહે કૌસ્તુભમુક્તા વનમાળ, કંકણ કર ગ્રહી વેણુ રસાળ;
પીતાંબર કટિ મેખળા સોહે, નેપુર નખશિખ છબી મન મેહે.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

ભક્તે ભગવાનનું જે સ્વરૂપ પ્રિય હોય તેનું વારંવાર, સ્નેહપૂર્વક સ્મરણ કરવું જોઈએ. ભગવાનનું સ્વરૂપ આનંદમય, મંગલમૂર્તિ અને સૌંદર્યસાર રૂપ છે. ભગવાને પોતાના અવ્યક્ત સ્વરૂપે ભક્તોના સુખ માટે જ વ્યક્ત કર્યું છે. અવ્યક્તમાં મન લગાડવામાં કલેશ છે, વ્યક્ત મધુર એવા ભગવત્સ્વરૂપનું સ્મરણ કરતાં જીવના જન્મજન્માંતરના તાપ કલેશની નિવૃત્તિ થઈ જાય છે.

ભક્તિની પ્રાથમિક ભૂમિકામાં ભગવાનના સ્વરૂપમાં પ્રયત્ન પૂર્વક સ્મરણ કરવું પડે છે પરંતુ ભક્તનો રંગ ઘેરો બનતાં અનાયાસે જ પ્રભુમાં ચિત્ત દોડી જાય છે અને ત્યાંથી હટાવવા છતાં હટતું નથી. ભગવાનના સ્વરૂપનું સ્મરણ ભક્તના ચિત્તનો કરી દે છે અને એને બીજા કશાયમાં સુખ પડતું નથી.

સોળ ચિન્હ પદ પંકજે, દક્ષણે નવ વામે સાત;
સ્વસ્તિક અષ્ટકોણ જંબુફળ યવ, પવિ ધ્વજ ઉધ્વંરેખ વિખ્યાત;
વિખ્યાત અંકુશ અંબુજ મચ્છ વ્યોમ, કળશ ઈંદ્રધનુને અર્ધ સોમ;
ત્રિકોણ ગોપદ ષટદશ ધ્યાન, નિત્ય કરે નિર્ભય પદ દાન,
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

અભય પ્રાપ્તિ માટે ભક્તે ભગવાનના ચરણારવિંદનું સ્મરણ કરતા રહેવું જોઈએ. એમના જમણા ચરણમાં ૯ અને ડાબા ચરણમાં ૭ ચિહ્નો છે. ધ્યેયં સદા પરિભવઘ્નમભીષ્ટ દોહં, તીર્થાસ્પદં શિવવિરંચિનુતં શરણ્યમ્ । ભૃત્યાર્તિહન્પ્રણતપાલ ભવાબ્ધિપોતં, વંદે મહાપુરૂષ તે ચરણારવિંદમ્ ॥

ભગવાનના ચરણકમલનું સદા ધ્યાન કરવું. ચારે તરફ પ્રવર્તી રહેલા સંસારનો તે નાશ કરનાર છે, ભક્તોનું તો તે કલ્પતરૂ જ છે કેમકે તેમની બધી અભિલાષાઓ ચરણકમળથી પૂર્ણ થાય છે. ભગવચ્ચરણથી મોટું કોઈ તીર્થ નથી, માટે બ્રહ્મા, શિવ, ઈન્દ્રાદિ સૌને માટે એ વંદનીય છે. જે કોઈ શરણે આવે તેના ગુણદોષ વિચાર્યા વિના જ ભગવાનનું ચરણ તેને આશ્રય આપે છે, તેની આર્તિ-પીડાને હરે છે. સંસાર સાગરને તરી જવા માટે ભગવાનનું ચરણ એક સુદીર્ઘ અમોઘ નૌકા છે. પ્રભુના આવા ચરણકમલને કોટિ કોટિ વંદન ! એમના ચરણની નખચંદ્ર છટા ભક્તના જીવનમાં એવો શીતલ પ્રકાશ પાથરે છે કે ભક્તની જીવનયાત્રામાં તે ભૂલો ય ન પડે અને શ્રમિત પણ ન થાય.

ભગવાનના ચરણરવિંદનું ધ્યાન-સ્મરણ તેના ચિહ્નો તેમજ ચિહ્ન-મહિમા સહિત કરવું જોઈએ એકએક ચિહ્ન અદ્‌ભૂત સંકેત અને સંદેશ છે.

૧: સ્વસ્તિક : ભગવાનના ચરણમાં રહેલા સ્વસ્તિક (સાથિયા) નું ધ્યાન કરવાથી ભક્ત નિત્ય આનંદમાં રહે છે. તેનું સર્વ પ્રકારે મંગલ થાય છે, બંને લોક સુધરે છે.

૨: અષ્ટકોણ : આ ચિહ્નનું ધ્યાન કરવાથી ભક્તને અષ્ટસિદ્ધિ સાંપડે છે. તેનો આઠે ય દિશામાં પ્રભાવ પ્રસરે છે.

૩: જંબુફલ : સર્વથી વિલક્ષણ ફલ જંબુફલના ધ્યાનથી સાંપડે છે. આ ધ્યાન ઉત્તમ છે અને ભક્તની સમૃદ્ધિ વધારનારૂં છે.

૪: યવ : યવના ચિહ્નના ધ્યાનથી ચોમરે કીર્તિ વધે છે, વૈદિક કર્મો ન થઈ શક્યા હોય તો આ ધ્યાનથી ભક્ત કૃતાર્થ થાય છે.

૫: પવિ : પવિ એટલે ઈન્દ્રનું વજ્ર. ચરણમાં રહેલા વજ્રચિહ્નનું ધ્યાન કરતાં પાપ રૂપી પર્વતનો નાશ થાય છે, હૃદય પવિત્ર થાય છે.

૬: ધ્વજ : પ્રભુના ચરણમાં ધજાનું ચિહ્ન પણ છે. આ ચિહ્ન ભગવાને ભક્તને નિર્ભય બનાવવા ધારણ કરેલ છે. આ ચિહ્ન ધ્યાનથી ભક્તને મળવા પ્રભુ સામે ચાલીને પધારે છે. અને જીવને ભગવત્સ્વરૂપનું જ્ઞાન થાય છે.

૭: ઊર્ધ્વરિખા : ચરણના અંગૂઠાથી એડી સુધીની સળંગ રેખા ઊર્ધ્વરિખા છે. એનું ધ્યાન કરે એનું ઊર્ધ્વ આરોહણ થાય, કદી નીચે ન પડે.

૮: અંકુશ : હાથીને વશ રાખનાર અંકુશ ચિહ્નનું ધ્યાન મનોનિગ્રહરૂપી ફળ આપે છે. હાથી બળવાન હોવા છતાં નાના અંકુશને વશ રહે છે તેમ છે તેમ મન કાબૂમાં રહે છે.

૯: અંબુજ : કમળનું ચિહ્ન ભક્તને ત્રિવિધ તાપની શાંતિ, પ્રફુલ્લિતતા આપે છે. (ઉપરનાં ૯ ચિહ્નો પ્રભુના જમણા ચરણ તલમાં, હવેના ૭ ચિહ્નો ડાબા ચરણ તલમાં બિરાજે છે.)

૧૦: મત્સ્ય : માછલીના ચિહ્નનું ધ્યાન કરવાથી મન સ્થિર થાય છે. હૃદય

ભક્તિભાવથી દ્રવીભૂત થાય છે. ભાવાર્દ્ર સજલ નેત્રનું મત્સ્ય પ્રતીક છે.

૧૧: વ્યોમ : આકાશ ચિહ્નના ધ્યાનથી ભક્તની સર્વોપરિતા દર્શાવી છે.

૧૨: કળશ : ભગવાનના ચરણમાં કળશનું ચિહ્ન છે, કળશના ધ્યાનથી સર્વથા મંગલ થાય છે. સર્વ અમંગલનો નાશ અને મંગલની પ્રાપ્તિનું પ્રતીક કલશ છે.

૧૩: ઈન્દ્રધનુ : પ્રભુના ચરણે મેઘધનુષ્યનું ચિહ્ન બિરાજે છે. આનું ધ્યાન કરવાથી અહંકાર દૂર થાય છે અને દીનતા પ્રકટે છે. કામક્રોધાદિ આસુરી સંપત્તિનો નાશ થાય છે.

૧૪: અર્ધ સોમ : અર્ધચંદ્ર આકૃતિ પણ મંગલકારી છે. તે મંગલકારી છે માટે શિવજી પણ પોતાના મસ્તકે ધારણ કરે છે.

૧૫: ત્રિકોણ : પોતાના સાત્વિક, રાજસ અને તામસ એમ ત્રણે પ્રકારના ભક્તોને શરણે લઈને તેમનો ઉદ્ધાર કરવા માટે પ્રભુએ ત્રિકોણ ચિહ્ન ધારણ કર્યું છે.

૧૬: ગોપાલ : ગાયની ખરી. સર્વ તીર્થોનું આ પ્રતીક છે. ભગવચ્ચરણનું ધ્યાન કરવામાં સર્વતીર્થનું ફળ છે.

ભગવદીયોએ આ ચિહ્નો સમેત શ્રી ચરણનું ધ્યાન કરવું જોઈએ.

માયા

સ્વરૂપ

સર્વશક્તિમાન બ્રહ્મની પૂર્ણ શક્તિનું નામ માયા અથવા પ્રકૃતિ છે.

સા વા એતસ્યસન્દ્રષ્ટુ: શક્તિ સદસદાત્મિકા ।
માયા નામ મહાભાગ યયેદં નિર્મમે વિભુ: ॥

સર્વદૃષ્ટા, સમ્યક્દૃષ્ટા પરમાત્માની કાર્યકારણરૂપ શક્તિને માયા કહે છે. એના વડે જ એ વ્યાપક પ્રભુએ આ જગતનું સર્જન કરેલ છે.

સૈષા વિષ્ણોર્મહામાયા બાધ્યયા લક્ષણા યયા । ભગવાન વિષ્ણુની માયા અકલ્પ છે. જાણી શકાય એવી નથી અને ટાળી શકાય એવી નથી.

કાલ, કર્મ અને સ્વભાવ આ ત્રણ માયા (પ્રકૃતિ) ના ત્રણ મુખ્ય અંગો છે. આ ત્રણ માયાની મુખ્ય શક્તિઓ છે. આ ત્રણ વડે જગત સર્જાય છે, સ્થિતિ કરે છે અને નાશ પામે છે.

માયા ભગવાનની શક્તિ છે તે બે પ્રકારની છે. વ્યામોહ કરનારી અને જગત રચનારી.

માયા ભગવાનનું **સર્વભવન સામર્થ્ય** છે. જગતની રચના કરવામાં તે જ કરણ (સાધન) રૂપ છે. તેને સાધન બનાંવીને જ ભગવાન જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે છે.

કાર્ય

મોહ-ભ્રમ

જેમ સામે દર્પણ હોય ત્યારે તેમાં પ્રતિબિંબિત થતું મુખ વિપરીત (અવળું) દેખાય છે તેમ માયા સમીપ હોય છે ત્યારે આત્મા વિમુખ અને પરિચ્છન્ન દેખાય છે. તેથી અન્યથા દેખાવાનું કારણ તો માયા જ છે.

જેવી રીતે અલ્પબુદ્ધિવાળા મનુષ્યો મૃગજળને સાચા પાણીનું સ્વરૂપ સમજે છે તેમ અવિવેકીઓ વિકારોના સ્વરૂપમાં ભાસતી મિથ્યા માયાને સાચી વસ્તુ માને છે.

જેમ કોઈ સુતેલો મનુષ્ય સ્વપ્નને જોતાં સ્વપ્નાવસ્થાના વિષયોને સાચા માને છે અને પોતાના સાચા સ્વરૂપને ભૂલી જાય છે. તે પ્રમાણે અનિષ્ટ વિષયોમાં ઈન્દ્રિયો દ્વારા પ્રવૃત્તિ કરવાથી ભ્રમિત મનવાળો માનવી વિવેકના નાશને લીધે સાચી વસ્તુ જાણી શકતો નથી. આ જ માયા.

સૃષ્ટિમાં કાર્ય અને કારણરૂપે જે કાંઈ વસ્તુ જણાય તે સર્વ માયા. જેનો આધાર એકબીજા પર હોય, જેનો આદિ અને અંત હોય અને જે એના ખરા સ્વરૂપમાં ન અનુભવાય એ બધું જ માયાનું કાર્ય.

સૈષા ભગવતો માયા માયિનામપિ મોહિની ભગવાનની માયા તો માયાવી પુરૂષોને પણ મોહ પમાડનારી છે.

માયાના મોહમાં ગ્રસ્ત જીવો અનર્થોને (મિથ્યા પદાર્થોને) ભોગવવાની તૃષ્ણાથી ભગવાનની ઉપાસના છોડીને સંસારમાં જ રચ્યાપચ્યા રહે છે. તેઓ સુખની લાલસાથી ઠગાઈને દુ:ખ આપનારા સંબંધોમાં બંધાય છે.

આ વ્યામોહિકા માયા ભગવાનના ચરણારવિંદની દાસી છે. ભગવાન જ્ઞાન સ્વરૂપ છે માટે જેઓ ભગવાનની સન્મુખ છે તેઓની પાસે તો માયા લજ્જિત થઈ જાય છે. ભગવાનની માયા લોકોને મોહ કરે છે, ભગવદીયોને મોહ કરતી નથી.

ગૃહેષુ કૂટધર્મેષુ દુ:ખતન્ત્રેષ્વતન્દ્રિત: ।
કુર્વન્દુ:ખપ્રતીકારં સુખવન્મન્યતે ગૃહી ॥

માયાના મોહની પરાકાષ્ટા તો એ છે કે સંસારી માનવી દુ:ખ અને કપટમય વ્યવહારવાળા ઘરોમાં રહીને દુ:ખના ઉપાયો કરતાં કરતાં છેવટે એટલો ભ્રમિત થઈ જાય છે કે દુ:ખને જ સુખ સમજી બેસે છે, વિપત્તિને જ સંપત્તિ માને છે.

શ્રી ચતુ:શ્લોકી ભાગવતમાં માયાનું વર્ણન :-

ऋतेऽर्थं यत्प्रतीयेत न प्रतीयेत चाऽऽत्मनि ।
तद्विद्यादात्मनो मायां यथाऽऽभासो यथा तमः ॥

વાસ્તવિક પ્રતીતિને બદલે, કંઈકને બદલે કંઈકનો અનુભવ કરાવવો અને જે છે તેનો અનુભવ જ ન કરાવવો એ જ માયા. વસ્તુની પ્રતીતિમાં તેમજ આત્માની પ્રતીતિમાં માયા આવું જ કાર્ય કરે છે. આ ભગવાનની મોહિની માયા છે. એ જીવોને મોહમાં નાખ્યા જ કરે છે. જીવને મોહિત કરીને તેની બુદ્ધિ વિ. તે ભ્રમમાં નાખી દે છે. વસ્તુ કે આત્માના સ્વરૂપમાં કોઈ વિકાર ઉત્પન્ન નથી પરંતુ જીવની બુદ્ધિમાં ભ્રમ ઉત્પન્ન થાય છે. આ ભ્રમ છે, યથાર્થતા નથી એનું પ્રમાણ વેદ અને શાસ્ત્રો છે. માયાથી ભ્રાન્ત મનુષ્યને જે અનુભવ થાય છે તે પ્રમાણ નથી. વેદ પ્રમાણ છે. **સર્વં ખલ્વિદં બ્રહ્મ** વેદ કહે છે બધું બ્રહ્મ છે, બ્રહ્મજ્ઞાનીઓનો અનુભવ પણ એ જ છે. ભ્રમિત દ્રષ્ટિને કદી પ્રમાણ માની ન શકાય.

જગત ભ્રમ નથી, બ્રહ્મ છે. જગત જો ભ્રમ હોય તો દેશાન્તરે (અન્ય સ્થળે) અને કાલાંતરે (બીજા સમયે) ભ્રમ ન હોય ત્યારે કાંઈક બીજો જ-યથાર્થ અનુભવ થાય. જેમકે અંધકારમાં દોરડીમાં સર્પનો ભ્રમ થઈ શકે છે. પ્રકાશમાં કોઈને પણ દોરડી સર્પરૂપે નહીં

ભાસે. જેમ દોરડી સર્પરૂપે ભાસે એમાં અંધકાર કારણરૂપ છે તેના વસ્તુ અને સ્વરૂપમાં જીવને અન્યથાજ્ઞાન થવામાં માયા કારણરૂપ છે.

વ્યામોહિકા માયા આપણને ઉલટાસૂલટા અનુભવો કરાવે છે. અન્યત્ર સ્થિત વિષમતાને અન્યત્ર લઈ આવે છે. જેમકે છીપમાં ચાંદીનો આભાસ થાય છે. ચાંદીમાં ચાંદીપણું હોય અને છીપમાં છીપપણું હોય તે વાસ્તવિક્તા પરંતુ માયા છીપમાં ચાંદીની પ્રતીતિ કરાવે છે.

દોરડીમાં સર્પનો ભાસ થાય કે છીપમાં ચાંદી લાગે તેમાં દોરડી, સર્પ, છીપકે ચાંદીનો દોષ નથી. દોષ આપણી બુદ્ધિમાં પેઠેલા ભ્રમનો છે. તેમ જગત અસત્ય લાગે, મિથ્યા લાગે તેમાં જગતના સ્વરૂપનો કે બ્રહ્મના સ્વરૂપનો દોષ નથી પરંતુ તે માયાનો દોષ છે.

ક્યારેક ક્યારેક બે ચંદ્ર હોવાનો દ્રષ્ટિભ્રમ થાય છે, (રણમાં જળ ન હોય ત્યાં ય જળનો આભાસ થાય છે.) ત્યાં માત્ર 'દેખાય છે' એટલા માત્રથી કોઈ બુદ્ધિશાળી માનવી બે ચંદ્રનું અસ્તિત્વ માની લેતો નથી. આ 'બે પણા' ને એ ભ્રમ જ જાણે છે એમ જગત અને જીવના સ્વરૂપમાં પણ વિવેકવાન માનવી યથાર્થ જ અનુસરે છે, પ્રતીતિને નહીઃ

અજ્ઞાન અને અન્યથા જ્ઞાન

માયાનો પ્રભાવ જીવની બુદ્ધિ પર બે પ્રકારે પડે છે કેમકે માયાની ક્રિયાશક્તિના બે પ્રભાવ છે. **सा च विषयता द्विधा । आच्छादिकैका, अन्यथा प्रतीति हेतुश्चापरा ।** એકઃ આરછાદન (ઢાંકી દેવું) અને બીજું અન્યથા પ્રતીતિ (વસ્તુ હોય જુદી અને દેખાય-અનુભવાય જુદી)

જેમ પ્રકાશની ગેરહાજરીમાં આંખને અંધકારનો અનુભવ થાય છે. અંધકાર કોઈ વસ્તુ નથી છતાં આંખને તે દેખાય છે એ માયાની આરછાદન શક્તિનું ઉદાહરણ છે. વળી જેમ દર્પણમાં આપણને આપણું પ્રતિબિંબ-બીજું જ રૂપ જોવા મળે છે. આપણે જાણીએ છીએ કે ત્યાં અન્ય કોઈ રૂપ નથી. આપણી જ દ્રષ્ટિ પરાવર્તિત થઈને પાછી આવે છે છતાં આપણી દ્રષ્ટિને આપણે દૃશ્યરૂપે દેખાઈએ છીએ એ અન્યથા પ્રતીતિ છે.

આંખ સ્વસ્થ હોવા છતાં (અંધકારના કારણે) કાંઈ ન દેખાવું અથવા (અલ્પ પ્રકાશ કે અન્ય કારણે) કાંઈને બદલે કાંઈક દેખાવું એ આરછાદન તેમજ આભાસના અનુભવો છે. એમ જ આપણી બુદ્ધિને ય માયાના કારણે આ આભાસને આરછાદનના ભ્રાંત અનુભવો થાય છે.

વેદ આદિ દિવ્ય શાસ્ત્રોના સમ્યક્ જ્ઞાન વડે માયાના આવા અનુભવોમાંથી મુક્તિ મળી શકે છે.

પ્રભુના સાક્ષાત્કાર માટે પણ માયાના પ્રભાવને દૂર કરવો અતિ આવશ્યક છે. ભૂમિમાં ધન દાટેલું હોય અને પછી તે ભૂમિ પર વૃક્ષો રોપવામાં આવ્યા હોય તો વૃક્ષોને મૂળમાંથી ઉખેડી નાખ્યા વિના દાટેલું ધન કાઢી શકાતું નથી. તે જ પ્રમાણે હૃદયમાં રહેલા ભગવાન

માયારૂપી પડદાથી ઢંકાયેલા છે અને તેની ઉપર અવિદ્યા છે. આ બધાં આવરણ દૂર ન થાય ત્યાં સુધી ભગવાનના દર્શન થવા દુર્લભ છે.

સામર્થ્ય

યોગમાયા ક્ષણમાત્રમાં કરોડો બ્રહ્માંડો રચવા શક્તિવાળી છે. તેનું પણ બળ ભગવાનના ગુણોથી જ છે.

કાળ, દૈવ, કર્મની સંસ્કારરૂપ સ્વભાવ, તે સ્વભાવવાળો જીવ શબ્દ-સ્પર્શાદિવાળા પદાર્થો, શરીર, પ્રાણ, અહંકાર, એકાદશ ઈન્દ્રિયો, પંચમહાભૂત આ સર્વના સમુદાયથી શરીર બને છે. આ શરીર વડે કર્મો થાય છે અને એ કર્મો પાછા શરીરનું નિર્માણ કરે છે. આમ જે પ્રવાહ ચાલે છે એ ભગવાનનો માયાના બળે જ ચાલે છે.

અહો ! માયાબલં વિષ્ણોઃ સ્નેહબદ્ધમિદં જગત્ ! ભગવાનની માયાનું બળ કેટલું બધું છે એ તો જુઓ. એણે આખા વિશ્વને આસક્તિના બંધનમાં બાંધી દીધું છે. !

એમાંય જે લોકો વિષયાસકત હોય છે તેઓના ઉપર માયાનું બળ સારી રીતે ચાલે છે.

સમર્થને બંધન

સેયં ભગવતો માયા યન્નયેન વિરૂધ્યતે ।
ઈશ્વરસ્ય વિમુક્તસ્ય કાર્પણ્યમુત બન્ધનમ્ ॥

ભગવાનની માયા તર્કથી પર છે. જુઓને (પરમેશ્વરનો અંશ હોવા છતાંય) આત્માને અવિદ્યાનું બંધન અને સંસારનું દુઃખ સાંપડે છે. !

નિવારણ ઉપાય

વિદ્યા અને અવિદ્યા આ બંને શક્તિઓ માયાની દાસીઓ છે. તેઓ માયાને વશ રહે છે. માયા ભગવાનની શક્તિ છે, માટે જ્યાં સુધી માયાને તરી ન શકાય ત્યાં સુધી અવિદ્યાશક્તિ સક્રિય રહે છે જ. અવિદ્યાશક્તિ વિદ્યાશક્તિને દબાવતી રહે છે. એટલે કે જ્ઞાન વડે અજ્ઞાનનો પૂર્ણતઃ નાશ થતો નથી.

માયાશક્તિ ભગવાનને વશ છે તેથી જે જીવો ભગવાનને શરણે જાય છે. તેઓ જ માયાને તરી શકે છે. **મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે** (ગીતા) પ્રભુની દૈવી ગુણમયી માયાને પાર જવું ઘણું જ કઠિન છે. વિદ્યાનો ઉદય અને અવિદ્યાનું શમન માયાને જીત્યા સિવાય થતું નથી અને ભગવાનનું શરણ સ્વીકારવાથી જ માયા જીતાય છે.

માટે જીવનું કર્તવ્ય છે કે, શોક નિવૃત્ત કરવા માટે, સર્વથા અવિદ્યાને નિવારવા માટે, વિદ્યાના સર્વથા ઉત્કર્ષ માટે તેમજ પરમ આનંદ પામવા, યોગ, તપ, જ્ઞાન જેવા સાધન

કરવાને બદલે કેવલ એક જ ઉપાય કરવો કે તેણે શ્રીકૃષ્ણનું અનન્ય શરણ સ્વીકારવું.

ભગવત્સમીપે માયાયાઃ વિલયઃ ભગવાનની સમીપમાં માયાનો લય થાય છે. બ્રહ્મની સામે ઊભી રહેતાં જાણે શરમાતી હોય તેમ માયા ત્યાંથી દૂર નાસી જાય છે.

આમ તમામ મુદ્દાઓનો નિષ્કર્ષ એ કે પરબ્રહ્મની માયા બે પ્રકારની છે. એક તો ભગવાન સાથે દૃઢ સંબંધ કરાવનારી અને બીજી ભગવાનથી જુદા પાડીને સંસાર સાથે દૃઢ સંબંધ કરાવનારી. જેમને ભગવાન પોતાના સ્વરૂપ સાથે સંબંધ કરાવવા ઈચ્છે છે એમને 'આધિદૈવિકી' સ્વરૂપ સંબંધી માયા દ્વારા લીલાનો અનુભવ કરાવે છે. અને પરિણામે ભક્તોનો ભગવાનના સ્વરૂપ સાથે દૃઢ સંબંધ થઈ જાય છે. પરંતુ જેમને ભગવાન પોતાના સ્વરૂપથી પૃથક્ રાખવા ઈચ્છે છે તેમને 'આધ્યાત્મિક' માયાથી મોહ કરાવે છે. જેમના પર આધ્યાત્મિકી માયાનો પ્રભાવ પડેલ છે તેઓને, ભગવાનના કેવલ આનંદમય, અપ્રાકૃત સ્વરૂપમાં પ્રાકૃતપણાનો ભાસ થાય છે, તેનો ભગવાનને સાધારણ મનુષ્ય અને ભગવાનના સ્વરૂપ, લીલા વિ. ને સાધારણ માનવીના શરીર, કર્મો જેવા જ માને છે. શ્રીમદ્ ભાગવતજીના મંગલાચરણમાં જ કહેવાયું છે કે, **યત્ર ત્રિસર્ગો મૃષા** એટલે કે ભગવાનના સ્વરૂપમાં પ્રાકૃત ત્રિસર્ગ નથી. વધુ સ્પષ્ટ કરીએ તો, એમના સ્વરૂપમાં દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણમાં જરાય લૌકિકપણું નથી.

ભગવાનમાં સ્નેહ કરાવીને ભગવાન સંબંધી સુખ આપનારી આધિદૈવિકી માયાને 'યોગમાયા,' 'વૈષ્ણવી માયા' કે 'આત્મ માયા' જેવા નામ પણ અપાયેલ છે. માયાની જ્યાં સ્તુતિ, પ્રસંશા વિ. છે તો યોગમાયાની છે અને કલેશ છે ત્યાં મોહમાયા, વ્યામોહિકા માયાનો છે.

માધૌ જૂ, મન માયા બસ કીન્હૌ ।
લાભહાનિ કછુ સમુઝત નાહીં, જ્યૌં પતંગ તન દીન્હૌ ॥
ગૃહ-દીપક, ધન-તેલ, તૂલ તિય, સુત્ત જ્વાલા અતિ જોર ।
મૈં મતિહીન મરમ નહીં જાન્યો, પર્યૌ અધિક કરિ દૌર ॥
બિબસ ભર્યો નલિની કે સુક જ્યોં, બિન ગુન મોહિ ગહ્યૌ ।
મૈં અજ્ઞાન કછૂ નહીં સમુઝ્યૌ, પરિ દુઃખપુંજ સહ્યૌ ॥
બહુતક દિવસ ભયે યા જગમેં, ભ્રમત ફિર્યૌ મતિ હીન ।
'સૂર' સ્યામસુંદર જો સેવૈ, ક્યોં હોવૈ ગતિ દીન....॥

માયાના વ્યામોહક સ્વરૂપ તેમજ પ્રભાવનું સુંદર નિરૂપણ છે. માયાના ત્રાસથી ત્રસ્ત જીવ માધવને જ ફરિયાદ કરે છે !

તમારી માયાએ મારા મનને જ વશ કરી લીધું છે. જ્યોતના, જ્વાળાના સંમોહનમાં ભાન ભૂલેલ પતંગિયું જેમ બળી મરે છે, એ લાભ શેમાં કે હાનિ શેમાં, એનો વિચાર જ કરી શકતું નથી એમ મારૂં મન પણ સંમૂઢ દશામાં આવી ગયેલ છે. સંસાર દાહક છે અને ધન, સ્વજન અને સદન આ ત્રણે દઝાડે છે એવું સમજાય તો ય જીવ નિરૂપાય છે. ઘર કોડિયું છે, ધન તેલ છે, પતિ અથવા પત્નીએ દીવાની વાટ-દીવેટ છે, સંતાન તેમાંથી પ્રકટતી જ્વાળા છે શ્રી સૂરદાસજીએ સુંદર રૂપક પ્રયોગ કર્યો છે. ઘર કેવળ પરિગ્રહ માટે હોય તે પરિતાપ કરાવશે જ. સ્વજનો પ્રત્યે સ્વાર્થ સ્નેહ હશે તો એ સ્નેહ જ આપણીને બાળશે.

સંસાર સ્નેહની જ્વાળામાં હું કૂદી જ પડ્યો. દૂરથી સોહામણી દેખાતી દીપશિખા મારા માટે વિનાશકારી છે એ ન સમજાયું, આસપાસ અર્ધદગ્ધ, દગ્ધ પતંગિયાઓને ય ન જોયા, એમના નિઃશ્વાસો ય ન સંભળાયા. 'સંમોહાત્ સ્મૃતિ વિભ્રમઃ અને સ્મૃતિ ભ્રંશાત્બુદ્ધિ નાશઃ' હું મતિહીન બની ગયો. દોરડાથી તો સૌ કોઈને બાંધી શકાય અને દોરડાના બંધન જેમ તેમ કરીને ખોલી કે તોડી ય શકાય પરંતુ આસક્તિના બંધનને બળવાન ય તોડી ન શકે કમળમાં પૂરાઈ ગયેલો ભમરો કમળ પ્રત્યેની આસક્તિના કારણે-કમળને છેદી નાખવા સમર્થ હોવા છતાંય અંદર કેદ થઈ રહે છે. અજ્ઞાની હું આ વાત સમજી ન શક્યો, અનેક દુઃખો સહન કર્યા. લાખ ચોર્યાસીના ફેરામાં કોણ જાણે કેટલું ય ભટક્યો પણ તમારૂં ભજન ન કર્યું.

હે માધવ ! તમારી ભક્તિ કરી હોત, તમારા ચરણ સેવ્યા હોત તો મારી આ દશા ન થાત ! હરિને ભજે એ કદી ન હારે ! હવે સમજાય છે કે તમારી માયામાંથી બચવાનો એક જ ઉપાય છે અને તે તમારી સેવા, તમારૂં ભજન.

ભક્તિ પોષણ

જેમ નટ દૃષ્ટિ દોરમાં, પનિહારીની બેઢા માંહે;
ચિત્ત પરસ્પર જારનું રેહે ત્યાનું ત્યાંહે;
ત્યાંહા તેમ મન પ્રભુમાં નિત્ય દેવું, સંસારમાં સાક્ષીવત રહેવું;
જગત જાણે એ છે જંજાળી, રાખે હૃદે ત્રીકમસું તાળી.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

સ્મરણ ભક્તિએ અખંડ સાધના છે. દોરડા પર ચાલનારો નટ જેમ પોતાની દ્રષ્ટિ બીજે ક્યાંય રાખવાને બદલે દોરડા પર જ રાખે છે અને માથે બેડું લઈને આવતી પનિહારી ભલે આમતેમ જુએ સખીઓ સાથે વાતો કરે પણ તેનું ધ્યાન તો સતત એ બેડાં પર જ રહે છે. શ્રી દયારામ ત્રીજું દ્રષ્ટાંત લૌકિક સ્નેહીઓનું રાખે છે પ્રિયં પ્રિયેવ વ્યુષિતં વિષણ્ણા. પોતાનો પ્રેમી ભલે ગમે ત્યાં હોય, પોતે ભલે ગમે તે કાર્યમાં રત હોય છતાં ચિત્ત અનાયાસે ત્યાં હોય, પોતે ભલે ગમે તે કાર્યમાં રત હોય છતાં ચિત્ત અનાયાસે અને બળપૂર્વક એનામાં જ લાગ્યું

રહે છે એમ ભક્તનું ચિત્ત પણ નટની જેમ સંભાળપૂર્વક, પનિહારીની જેમ પ્રતિક્ષણ અને પ્રેમીઓની જેમ અનાયાસ, આગ્રહપૂર્વક ભગવાનમાં લાગેલું રહે એ સ્મરણ ભક્તિ છે.

સંસારને સત્ય માનીને પરમાર્થમાનીને જીવે એના માટે આ સંભવ જ નથી. સંસારમાં રહીને સાક્ષીભાવે, જલકમલવત્ જીવન જીવતાં શીખે એ સ્મરણ સાધનાને સાધી શકે.

કંસ શિશુપાળ પૂતનાદિકે, વૈર ભાવે સમર્યા શ્યામ;

એ વિના નાના ભાવથી, સમર્યે સર્વનાં કામ;

કામ થયા તુચ્છ ભાવે જ્યારે, શું કહેવું સ્નેહ સ્મરે પછી ત્યારે;

ચિત્ત અચળ જેનું કૃષ્ણમાં લાગ્યું, ભવ સંકટ સહુ તેનુ ભાગ્યું.

સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

ભગવાનનું સતત સ્મરણ કરનાર ગમે તે ભાવે સ્મરણ કરે તેનો ઉદ્ધાર નિશ્ચિત છે. 'દેવકીનો આઠમો ગર્ભ તને મારશે,' એમ આકાશવાળી સાંભળ્યા બાદ કંસ વૈરભાવે ભગવાનથી સદા ભયભીત રહેતો જેનાથી ભય હોય એનું ખૂબ સ્મરણ થાય. શિશુપાલે ભગવાન સાથે શત્રુભાવ રાખ્યો અને એ તીવ્ર શત્રુભાવના કારણે એણે પ્રભુનું ખૂબ સ્મરણ કર્યું, પૂતના તો શ્રી હરિને મારવા જ આવી હતી-આ બધાંનો ઉદ્ધાર થયો છે. જે કોઈપણ ભાવથી ભગવાનનું સ્મરણ કરવામાં આવ્યું એ સ્મરણે એ જીવોને તાર્યા છે. સ્મરણ હેતુમાં જો કામ, ક્રોધાદિ તુચ્છ ભાવો પણ તો સાધક બને છે તો સ્નેહ જેવા સર્વોત્તમ ભાવ વિષે તો શું કહેવું ?

તૈલધારાવત્ અખંડ, અવિકૃત સ્મરણ દ્વારા ભક્ત ભગવાનને પામી શકે છે એટલું જ નહીં પરંતુ તેમને વશ કરી શકે છે. જેમ ભક્ત ભગવાનનું નિરંતર સ્મરણ કરે તેમ ભગવાન ય ભક્તના સ્મરણમાં ખોવાઈ જાય એ છે સ્મરણનો મહિમા !

સ્વાધ્યાય ૧૨ :

બ્રહ્મવાદ.

શુદ્ધાદ્વૈત

જગત અને ઈશ્વર વચ્ચે શુદ્ધાદ્વૈત સંબંધ માનેલ છે. **शुद्धाद्वैत पदे ज्ञेयः समासः कर्मधारय** શુદ્ધ અને અદ્વૈત વચ્ચે કર્મધારય સમાસ જાણવો. **अद्वैते शुद्धयोः प्राहुः षष्ठी तत्पुरुषं बुधाः ।**

मायासम्बन्धरहितं शुद्धमित्युच्यते बुधैः ॥ શુદ્ધ એટલે જ્યાં માયાનો સંબંધ નથી તે શુદ્ધ. બ્રહ્મ કાર્ય અને કારણરૂપે શુદ્ધ છે, માયિક નથી.

અદ્વૈત એટલે અભેદ. જેમ સુવર્ણ અને આભૂષણનો અભેદ સુવર્ણ જ આભૂષણ બને છે, જેમ આભૂષણ અને સુવર્ણ વચ્ચે કોઈ ભેદ નથી તેમ જ કાર્ય અને કારણ વચ્ચે અભેદ છે. એટલે કે જગત અને બ્રહ્મ વચ્ચે આ પ્રકારનું અદ્વૈત છે. જેમ સુવર્ણ આભૂષણ બને છે તેમ બ્રહ્મ જગતરૂપ બને છે. **स आत्मानं स्वयमकुरुत**

શુદ્ધ (માયા સંબંધ રહિત) બ્રહ્મ પોતાની સર્વ ભવન શક્તિથી જગતરૂપ બને છે, તેને અન્ય કોઈ પદાર્થની જરૂર પડતી નથી માટે શુદ્ધ બ્રહ્મ કારણ છે અને તેથી કાર્ય પણ શુદ્ધ બ્રહ્મ જ રહે છે. શુદ્ધ સુવર્ણ જો આભૂષણ બને તો આભૂષણ પણ શુદ્ધ સુવર્ણ જ હોય.

શુદ્ધ બ્રહ્મ (કારણ) અને શુદ્ધ જગત (કાર્ય) આ બે શુદ્ધનો અભેદ તે શુદ્ધાદ્વૈત.

આ શુદ્ધાદ્વૈત સિદ્ધાંતનું જ્ઞાન, અજ્ઞાનને દૂર કરીને આત્માનો અનુભવ કરાવે છે. આત્મા અને પરમાત્મા વચ્ચેના ભેદને દૂર કરનાર વિજ્ઞાન એ ભગવાન સંબંધી વિજ્ઞાન છે. શુદ્ધાદ્વૈત જ્ઞાનના આ બે પક્ષ સમજવા જેવા છે. એક વિશેષ જ્ઞાન અજ્ઞાનનો નાશ કરે છે અને બીજું વિશેષ જ્ઞાન આત્મા પરમાત્મા વચ્ચેના ભેદનો નાશ કરે છે. આ બંને પ્રક્રિયા વડે દેહ, ઈન્દ્રિયો વિ. ના અધ્યાસને દૂર કરે છે, આ અધ્યાસ દૂર થતાં શુદ્ધાદ્વૈતત્વ સ્ફુરાયમાન થાય છે..

શુદ્ધાદ્વૈતમાં દેહથી આત્માનો ભેદ અને આત્માનો પરમાત્માથી અભેદ સ્પષ્ટરૂપે સમજાય છે.

શુદ્ધાદ્વૈત

(૧) કર્મધારય સમાસ 'શુદ્ધં ચ તત્ અદ્વૈતમ્' શુદ્ધ એટલે માયાના સંબંધથી રહિત. પરબ્રહ્મ માયાના સંબંધથી રહિત હોવાથી તે બ્રહ્મનું અદ્વૈત શુદ્ધ જ છે. માયાવાદ માને છે કે જીવ અને જગતની પ્રતીતિ મિથ્યા છે તો મિથ્યા (જીવ-જગત)નું સત્ય (બ્રહ્મ) સાથે અદ્વૈત ન સંભવે. કેવલ અદ્વૈત વસ્તુતઃ ખંડાદ્વૈત બની જાય છે. શુદ્ધ અદ્વૈત શબ્દ વડે માયાના પ્રભાવને દૂર કરવામાં આવ્યો છે.

(૨) ષષ્ઠી તત્પુરૂષ સમાસ 'શુદ્ધયોઃ અદ્વૈતમ્' બ્રહ્મતો માયા રહિત, શુદ્ધ છે જ પરંતુ નામ તથા રૂપ, જીવ અને ઈશ તેમજ કાર્ય અને કારણની રીતેય માયા રહિત, શુદ્ધ છે. આમં બંને શુદ્ધનું અદ્વૈત એ શુદ્ધાદ્વૈત.

બ્રહ્મવાદ

શ્રી મહાપ્રભુજીએ પોતાના મતનું નામ બ્રહ્મવાદ આપ્યું છે. તેને 'સાકાર બ્રહ્મવાદ' તેમજ 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ' પણ કહેવાય છે.

જગતના સ્વરૂપને ધ્યાનમાં લઈને જેમ શ્રી શંકરાચાર્યજીના મત કે, જગત માયા છે - તેમના વાદને માયાવાદ નામાભિધાન થયું તે જ પ્રમાણે શ્રી વલ્લભનો મત છે કે જગત બ્રહ્મ છે. માટે આ સિદ્ધાંતને - વાદને 'બ્રહ્મવાદ' એમ નામાભિધાન યોગ્ય જ છે.

प्रपंचो भगवत्कार्यस्तद्रूपो माययाऽभवत् જગત પરબ્રહ્મ પરમાત્માનું સર્જન છે. પરમાત્માએ તેને પોતાની સર્વભવન સામર્થ્ય શક્તિ વડે સર્જ્યું છે - અથવા કહો કે સ્વયં જગત રૂપ થયા છે. આમાં માયાનો ઉપયોગ છે પરંતુ એ માયા એટલે ભગવાનનું અલૌકિક સામર્થ્ય. માટીનો કુંભ પણ જેમ માટી જ છે અને સુવર્ણનું આભુષણ જેમ સુવર્ણ જ છે તેમ જગત પણ બ્રહ્મરૂપ છે. આ મતના કારણે બ્રહ્મવાદ કહેવાય છે.

પ્રભુ નિરાકાર-તેમજ સાકાર ઉભય રૂપ છે. આમ છતાં બ્રહ્મવાદનો આગ્રહ એમના સાકારરૂપ પ્રત્યે વિશેષ છે અને ભક્તિમાર્ગમાં તો સાકાર જ સુખકાર છે. નિરાકાર, અવ્યક્ત બ્રહ્મ માત્ર આત્માને જ (આધ્યાત્મિક) સુખ આપી શકશે જ્યારે સાકાર બ્રહ્મ, વ્યક્ત-પ્રકટ પુરૂષોત્તમ તો એકાદશ ઈન્દ્રિય સહિત આત્માને આનંદનો અનુભવ કરાવી શકે છે. આ અનુભવ વધુ પ્રગાઢ, રસાત્મક અને સુખરૂપ બની જાય છે -

ब्रह्मानन्दे प्रविष्टानामात्मन्येव सुखप्रमा । संघातस्य विलीनत्वात् भक्तानां तु विशेषतः ॥ सर्वेन्द्रियैस्तथा चान्तः करणैरात्मनापि हि । ब्रह्मभावात्तु भक्तानां गृह एव विशिष्यते ॥ તત્વદીપ નિબંધમાં શ્રી મહાપ્રભુજી વર્ણવે છે કે, નિરાકાર બ્રહ્મમાં લીન થયેલ જ્ઞાનીને કેવળ આત્મા દ્વારા જ સુખ છે, જ્યારે સાકાર બ્રહ્મની સેવા કરતા ભક્તને બધી ઈન્દ્રિયો, મન ઉપરાંત આત્મા, આ બધા દ્વારા સુખ સાંપડે છે. માટે મોક્ષસ્થિતિ કરતાં (પ્રભુને ભજતાં ભજતાં) ગૃહસ્થિતિ વધારે મહત્વની છે.

श्लोकार्धेन वदिष्यामि यदुक्तं ग्रंथकोटिभिः ।
ब्रह्म सत्यं जगत्कार्य जीवोंऽश एव नापरः ॥

બ્રહ્મવાદ સિદ્ધાંતના મૂળ ત્રણ સૂત્રો છે. બ્રહ્મ સત્ય છે, જગત (મિથ્યા નથી પરંતુ) બ્રહ્મનું કાર્ય છે અને જીવ એ બ્રહ્મનો અંશ છે. જગત અને જગદીશનો સંબંધ કાર્ય-કારણનો સંબંધ છે અને જીવ - બ્રહ્મનો સંબંધ અંશ - અંશીનો છે.

વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર તેમજ શ્રીમદ્ ભાગવન આ પ્રસ્થાન ચતુષ્ટય ના આધારે શ્રી મહાપ્રભુજી એ આ બ્રહ્મવાદ સિદ્ધ કર્યો છે, પ્રકટ કર્યો છે અને પ્રવર્તાવ્યો છે.

બ્રહ્મવાદ બ્રહ્મને નિધર્મક નહીં પરંતુ સધર્મક માને છે. જગતમાં કોઈ પદાર્થ નિધર્મક નથી માટે બ્રહ્મને નિર્ધર્મક કહેવું એ અયોગ્ય અને માન્યામાં ન આવે એમ છે. જો બ્રહ્મ નિર્ધર્મક છે તો પછી એને જાણવાની, ભજવાની કે પ્રાપ્ત કરવાની સંભાવના જ રહેતી નથી. નિર્ધર્મક બ્રહ્મની પ્રાપ્તિ થી શું સુખ ? શું ફલ ? તેને નિર્ધર્મક માનવાથી બધાંજ શાસ્ત્રો નિરર્થક અને અસંગત થઈ જાય છે.

'સધર્મક' એટલે શું એ વિચારીએ. એ વસ્તુમાં જે ગુણ હોય છે તે તેનો 'ધર્મ' કહેવાય છે જેમકે સાકરનો ધર્મ મીઠાશ, બરફનો ધર્મ શીતળતા વિ. જ્યાં જ્યાં બ્રહ્મ માટે નિર્ગુણ શબ્દનો પ્રયોગ થયો છે ત્યાં નિર્ગુણનો અર્થ નિર્ધર્મક થતો નથી. નિર્ગુણનો અર્થ છે જેના પર પ્રકૃતિના સત્વ, રજ અને તમ ગુણનો પ્રભાવ નથી. નિર્ગુણ શબ્દનો અર્થ ગુણરહિત કે ગુણહીન કરવો યોગ્ય નથી. બ્રહ્મમાં

કર્માધ્યક્ષઃ સર્વભૂતાધિવાસઃ સાક્ષી ચેતા કેવલો નિર્ગુણશ્ચ કર્મનું અધ્યક્ષપણું, દેવત્વ, સર્વવ્યાપકત્વ, સર્વના અંતર્યામી હોવાપણું એવા ગુણો પણ છે જ. માટે બ્રહ્મવાદ નિર્ગુણનો અર્થ કરે છે સત્વાદિ ગુણોની સત્તાથી પર, બ્રહ્મવાદમાં બ્રહ્મ નિર્ગુણ હોવા છતાં સધર્મક છે.

બ્રહ્મમાં અનેક દૈવી ગુણોનો વાસ છે. સત્ય, દયા, પવિત્રતા, સંતોષ, સૌંદર્ય, ક્ષમા જેવા અનેક ગુણો છે. કદાચ પૃથ્વીના રજકણોની ગણના થઈ શકે પરંતુ ભગવાનના ગુણ, કર્મ અને નામની ગણના થઈ ન શકે.

બ્રહ્મવાદનો અભિપ્રાય છે કે, વેદાર્થ અલૌકિક છે, તે લૌકિક યુક્તિથી જાણી શકાતો નથી. પરંતુ તપ, વેદને અનુકૂળ યુક્તિ અને પરમાત્માની કૃપાથી જાણી શકાય છે.

વળી, વેદાદિ શાસ્ત્રોમાં બ્રહ્મનું જે કાંઈ નિરૂપણ કરવામાં આવેલ છે તેવું જ તેનું સ્વરૂપ જાણવું. અણુમાત્ર પણ અન્યથા કલ્પના કરવાથી દોષ થાય છે.

શાસ્ત્રોની મૂળ પ્રવૃત્તિ પૂર્ણ જ્ઞાનક્રિયા વિશિષ્ટ બ્રહ્મના સ્વરૂપને યથાર્થ રીતે સમજાવવા માટે છે. અજ્ઞાન અને અધ્યાસની નિવૃત્તિ તો શાસ્ત્રોના અભ્યાસ વડે થાય જ પરંતુ ભગવાનની સ્વરૂપનો બોધ પણ શાસ્ત્રો જ કરાવે છે. જેને કોઈ અજ્ઞાન ન હતું, અધ્યાસ ન હતો એવા પૂર્ણ જ્ઞાની, સમાધિ સંપન્ન શ્રી શુકદેવજી નિર્ગુણ બ્રહ્મમાં પરિનિષ્ઠિત હોવા છતાં ઉત્તમશ્લોક શ્રી કૃષ્ણ ભગવાનની લીલાઓથી આકર્ષાઈને શ્રીમદ્ ભાગવતજીનું અધ્યયન કરવા લાગ્યા હતા.

ઉપાધિના કારણે બ્રહ્મમાં સધર્મકપણું નથી. અનેક વિરૂદ્ધ ધર્મોનો એ આશ્રય થઈ શકે એટલું વિશાળ, મહાન અને વ્યાપક છે.

જીવનું અસ્તિત્વ માયાવાદના મત પ્રમાણે બુદ્ધિઉપાધિ પરકલ્પિત છે બ્રહ્મવાદ માને છે કે

જીવ બ્રહ્મનો અંશ છે, તે બ્રહ્મમાંથી વ્યુચ્ચરણ પામેલ છે, વિખૂટો પડેલ છે માટે જીવ પણ સત્ય છે.

બ્રહ્મવાદ નામ અને રૂપને પણ મિથ્યા માનશે નહીં: **आकाशो वै नाम, नामरूपयोर्निर्वहिता ते यदन्तरा तद्ब्रह्म** છાંદોગ્ય ઉપનિષદ કહે છે કે બ્રહ્મ જ નામરૂપનું કર્તા છે. જે તારી અંદર છે તે બ્રહ્મ છે. સર્વં ખલ્વિદં બ્રહ્મ એ શ્રુતિ અનુસાર, કશું જ મિથ્યા નથી.

નિરાકાર એટલે પ્રાકૃત આકાર રહિત અને સાકાર એટલે આનંદાકાર. બ્રહ્મના સર્વ ધર્મો નિત્ય, સ્વાભાવિક છે.

અવિકૃત, નિર્ગુણ, અદ્વૈત, સચ્ચિદાનંદ બ્રહ્મ જગત્ કર્તા છે, બ્રહ્મા વિ. ગુણાધિષ્ઠાતા દેવો એ બ્રહ્મના અંશ છે.

બ્રહ્મ પોતે જ પોતાનામાંથી સર્વનું સર્જન કરે છે.

પર બ્રહ્મ એ બ્રહ્મનું આધિદૈવિક સ્વરૂપ છે, અક્ષર બ્રહ્મ એ આધ્યાત્મિક સ્વરૂપ છે અને જગત એ તેનું આધિભૌતિક રૂપ છે. આ ત્રણે સ્વરૂપો અનન્ય અને અભિન્ન છે. જ્ઞાનીને અક્ષર બ્રહ્મની પ્રાપ્તિ છે. ભક્તો પ્રેમ વડે, ભક્તિ વડે તે બ્રહ્મના આધિદૈવિક સ્વરૂપને પામે છે.

સંસાર અહંતા મમતાત્મક છે. જીવે અવિદ્યાથી તેની કલ્પના કરી છે. જ્ઞાન વડે અવિદ્યાનો નાશ થવાથી સંસારનો લય થઈ જાય પરંતુ જગત તો રહે જ. જગત અવિદ્યાજનિત નથી એ તો ભગવદ્ સ્વરૂપ છે. ભગવાનથી અભિન્ન છે. ભગવાન કરે ત્યારે જ જગતનો લય થાય.

સ્વરૂપનું અજ્ઞાન, દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, પ્રાણાધ્યાસ અને અંતઃકરણાધ્યાસ એ પંચપર્વા અવિદ્યાનાં છે.

જગતના વિષયમાં બ્રહ્મવાદ અવિકૃતપરિણામવાદ માને છે. જગતનું ઉપાદાન અને નિમિત્ત કારણ બ્રહ્મ માને છે માટે તે બ્રહ્મવાદ કહેવાય છે જે જગતના ઉપાદાન કારણને માયા માને છે તે માયાવાદ કહેવાય છે.

અવિકૃત નિર્ગુણ બ્રહ્મ પોતાની આવિર્ભાવ, તિરોભાવ નામની શક્તિ વડે અક્ષર, જીવ, જગત એમ સર્વરૂપે લીલા કરે છે.

અયમેવ બ્રહ્મવાદઃ શિષ્ટં મોહાય કલ્પિતમ્ આ જ બ્રહ્મવાદ છે, બીજું બધું મોહરૂપ છે.

જિન શ્રી વલ્લભરૂપ ન જાન્યો.
જનની ઉદર આય કહા કીનો, જનમ અકારજ માન્યો ॥
સકલ વેદવિધિ સકલ ધર્મનિધિ કરત જ્યોં વેદ બખાન્યો ।

કહા ભયોજુ સકલશાસ્ત્ર પઢયો, નાહક ઝટયો પાન્યો ॥
અગ્નિરૂપ પ્રભુ સકલ સિરોમનિ, દેત અભય પદ દાન્યો ।
'રસિક' પ્રીતમ કે ચરન ભજત જે, સકલ પદારથ જાન્યો ॥

શ્રી મહાપ્રભુજી દ્વારા વિશ્વને પરમ તત્વનું જ્ઞાન સાંપડ્યું છે. અનેક પ્રકારના વેદોકત, શાસ્ત્રોકત કર્મો જે તત્વને જાણવું કે પામવું સંભવ નથી તેમજ સર્વ ગ્રંથો-શાસ્ત્રો વાંચી વાંચીને જેને જાણીકે પામી ન શકાય એ તત્વ એમણે કૃપા કરીને સમજાવ્યું છે. જીવમાં શરણભાવ પૂર્વકની દીનતા હોય અને એમનો અનુગ્રહ હોય તો જ શ્રી વલ્લભના સ્વરૂપ અને સિદ્ધાંતો ને સમજી શકાય.

એકવાર શ્રી મહાપ્રભુજી થાનેશ્વર પધાર્યા. ત્યાંના સારસ્વત બ્રાહ્મણ રામાનંદ પંડિત એમની સાથે શાસ્ત્રાર્થ કરવા આવ્યા. પરંતુ શ્રી મહાપ્રભુજીની સામે આવતાં જ એમની વાણી બંધ થઈ ગઈ. કહે કાંઈ અને નીકળે કંઈ ! એમને ખૂબ સંકોચ થયો પાછા પોતાના ઘરે જઈને સરસ્વતીનું પૂજન અને જપ-અનુષ્ઠાન કરવા બેઠા. જ્યારે સરસ્વતી પ્રસન્ન થઈને વરદાન આપે ત્યારે જ જળ પાન કરૂં એવો સંકલ્પ કર્યો. ત્રીજે દિવસે શ્રી સરસ્વતી પ્રસન્ન થઈને કહેવા લાગી, "વરદાન માગ" ! રામાનંદ પંડિતે માગ્યું, "કોઈ પંડિત મને હરાવી ન શકે, હું શાસ્ત્રાર્થમાં જીતી શકું" સરસ્વતી દેવીએ તથાસ્તુ કહીને વરદાન આપ્યું.

રામાનંદ ફરીથી શ્રીમહાપ્રભુજી પાસે શાસ્ત્રાર્થ કરવા આવ્યા. ફરીથી વાણી બંધ થઈ ગઈ ! રામાનંદ બહુ લજ્જિત થયા પાછા ઘરે આવીને ફરીથી સરસ્વતીનું આરાધન કરવા બેઠા. દેવી પ્રસન્ન થઈને કહે, "તને વિદ્યા તો આપી, હવે શું માંગે છે" ! રામાનંદે કહ્યું, "તમે કેવી વિદ્યા આપી મને ? "હું શ્રી આચાર્યજીની પાસે વાદ કરવા ગયો પણ ત્યાં તો કાંઈ ઉત્તર જ નીકળતો નથી !" ત્યારે શ્રી સરસ્વતી બોલ્યાં, "મેં તને પંડિત જીતવાનું વરદાન આપ્યું હતું, શ્રીમહાપ્રભુજી તો સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણ છે. એમને તું કેવી રીતે જીતી શકીશ ? તારૂં ભલું ઈચ્છતો હોય તો એમને શરણે જા !"

શ્રી આચાર્યજી અગ્નિ સ્વરૂપ છે. અગ્નિ એટલે પ્રકાશ અને દાહકતા. દોષનું દહન કરે અને અંધકાર રૂપી અહંકાર દૂર કરે એ બે એમના જ અનુગ્રહના લક્ષણ. એમના આવા સ્વરૂપને જેણે જાણ્યું તે કૃતાર્થ થયા. તેમણે સકલ પદારથ જાણ્યા. જેમણે તત્વને જાણ્યું તેમણે સર્વકાંઈ જાણ્યું, બ્રહ્મવાદના સિદ્ધાંતો સમજવા માટે શ્રી મહાપ્રભુજીની કૃપા આવશ્યક છે.

ભક્તિ પોષણ

અન્ય સાધને શ્રેય આપણું પણ શ્રી હરિને શું સુખ ?
સેવામાં આનંદ ઉભયને માટે ભજનાનંદ તે મુખ્ય;
મુખ્ય સેવન તે સુખી પ્રભુ કરવા લોક વેદના ભય નવ ધરવા;

પૂજા તે ચાલે શ્રુતિ પ્રમાણ, સેવા તે જેમાં સ્નેહ બંધાણ.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

આપણે જ્યારે આત્મકલ્યાણ માટે સાધના/સાધના કરીએ છીએ ત્યારે (ભલે પારમાર્થિક હોય પણ) આપણો એમાં સ્વાર્થ તો રહેલો છે જ. આપણે તપ કર્યું, વ્રત કર્યું તો એમાં પ્રભુના સુખનો શો વિચાર કર્યો ? માટે જ 'ઉપવાસ કરવો' અને 'પ્રભુને ભોગ ધરવો' આ બેમાં મોટો ભેદ છે. ધર્મના, ભક્તિના બધાજ અંગમાં 'સેવા' ઉત્તમ અંગ છે કેમકે સેવામાં સેવ્ય અને સેવક બંનેને સુખ છે. ભક્ત સુખી થવા માટે નહીં પરંતુ ભગવાનનો શ્રમ હરવા માટે સેવા કરે છે.

'નાસ્ત્યેવ તસ્મિંસ્તત્સુખસુખિત્વમ્' શ્રીનારદના ભક્તિ સૂત્રમાં આ સૂત્ર મનનીય છે. વાસના અને ઉપાસના આ બંનેને લોકો પ્રેમ નામ આપે છે. પણ વાસનામાં સ્વયં સુખી થવાની સ્વાર્થવૃત્તિ છે, નકરો સ્વાર્થ છે જ્યારે ઉપાસનામાં સ્વાર્પણ છે, પ્રિયને સુખી કરવામાં જ એનું સુખ છે પોતાના સુખ દુઃખનો તો એને વિચાર ય આવતો નથી. ભક્તિએ પ્રેમની ઉપાસના છે.

એકવાર આખા જન્મમાં જો શ્રીકૃષ્ણ નામ સ્મરાય;
તો દર્શન યમદૂતનું કદી સ્વપ્ને પણ નવ થાય;
થાય જો ભાવ સહિત નિત્ય ધ્યાન, તો પછી શું કહું ભાગ્યનું માન.
સેવો શ્રી કૃષ્ણ કૃપાલ.

ભગવન્નામનો મહિમા અપાર છે. પોતાના સ્વરૂપ સામર્થ્ય વડે ભગવાનનું નામ જીવના કોટિ કોટિ પાતકોનો પલ માત્રમાં નાશ કરી દે છે. કલિયુગ હિરણ્યકશિપુ જેવો છે. ન દિવસે મરે, ન રાત્રે મરે. ન ઘરમાં મરે, ન બહાર મરે. ન ધરતી પર મરે ન આકાશમાં મરે. પરંતુ 'નામ' નરસિંહ અવતાર છે. ગમે તેટલાં વરદાનો લઈને દુષ્ટ જીવે પરંતુ પ્રભુ એને મારે. ભગવાનના નામનો આશ્રય કરનાર સાધક ભક્ત પ્રહલાદ સમાન છે. ભક્તપ્રહલાદના જેવી અડગ શ્રદ્ધા અને અચલ નિષ્ઠા રાખીને જો કોઈ ભગવન્નામ લે તો તો એનો બેડો પાર જ થઈ જાય.

મહાનુભાવો કહે છે ભગવન્નામ લેતી વખતે ભગવાનના સ્વરૂપનું અનુસંધાન અવશ્ય રાખવું જોઈએ. જો પ્રભુનું હૃદયમાં સ્થાપત કર્યું નથી તો યોગ, યજ્ઞ, તપ વિ. શો લાભ ? માટે ભાવપૂર્વક હરિનામ સ્મરણ - સંકીર્તન કરવું અને હૃદયમાં શ્રીહરિને પધરાવવા સાથે સાથે તેમની લીલાઓનું ચિંતન પણ કરવામાં આવે તો તો સોનામાં સુગંધ ભળી જ સમજો !

જીવ

સૌએ આત્મસ્વરૂપ જાણવું જોઈએ. **તદવધ્યાયી ન ક્વચિત્ સુખમેધતે** તેનો અનાદર કરનાર કદી સુખ પામતો નથી, આપણે જીવના સાધારણ તેમજ પુષ્ટિસ્વરૂપને જાણીએ.

જીવસ્વરૂપ

માયાવાદનો મત છે કે બ્રહ્મ જ અવિદ્યાના કારણે જીવ રૂપે ભાસે છે પરંતુ એમ વિચારતાં તો જીવને મિથ્યાપણું જ થઈ જાય.

વાસ્તવમાં તો જીવની ઉત્પત્તિનું કારણ ભગવદીચ્છા છે. 'હું અનેક રૂપે થાઉં' એવી પરબ્રહ્મની ક્રીડા કરવાની ઈચ્છા થતાં તે પોતાના પૂર્ણ પ્રકટ આનંદનો તિરોભાવ કરીને જીવસ્વરૂપ ગ્રહણ કરે છે. નરસૈંયાના શબ્દોમાં.... **વિવિધ રચના કરી અનેક રસ લેવાને, જીવ થકી શિવ થયો એ જ આશે.** માટે બ્રહ્મ જેમ સત્ય છે. તેમ જીવ પણ સત્ય છે (આભાસ નથી જ) તત્ત્વદીપ નિબંધમાં શ્રી વલ્લભ શુદ્ધાદ્વૈત મત પ્રકટ કરે છે કે, **બહુસ્યાં પ્રજાયેયેતિ વીક્ષા તસ્ય હ્યભૂત્સતી / તદિચ્છામાત્રતસ્તસ્માદ્ બ્રહ્મભૂતાંશચેતનાઃ** ॥ એકમાંથી અનેક થવાની સત્ય સંકલ્પ એવા પ્રભુની ઈચ્છા થતાં તે ઈચ્છા માત્રથી બ્રહ્મમાંથી બ્રહ્મભૂત અંશરૂપ જીવોનું વ્યુચ્ચરણ થયું (જીવો છુટા પડ્યા)

મહા અગ્નિ અને એના તણખાની ઉપમા આપતાં મુંડક ઉપનિષદ્ કહે છે કે, **યથા સુદીપ્તાત્પાવકાત્ ક્ષુદ્રા વિસ્ફુલિંગા વ્યુચ્ચરન્તિ એવમેવૈતસ્માદાત્મનઃ સર્વે પ્રાણાઃ સર્વે લોકાઃ સર્વે જીવાઃ કપૂયચરણા રમણીયચરણાઃ** જેમ અત્યંત પ્રજવલિત થયેલા અગ્નિમાંથી સૂક્ષ્મ તણખા નીકળે છે તેમ એ આત્મા (પરબ્રહ્મ) માંથી સર્વ પ્રાણ, સર્વ લોક અને દુરાચારી તેમજ સદાચારી એવા બધા (આસુરી તેમજ દૈવી) જીવોનું વ્યુચ્ચરણ થાય છે.

પરબ્રહ્મ સત્ ચિત્ અને આનંદ ધર્મવાળું હોવાથી તેના ત્રણે ધર્મોમાંથી ત્રણ વ્યુચ્ચરણ થયાં. બ્રહ્મના સદ્ અંશમાંથી જડપદાર્થો (લોક) નીકળ્યા. બ્રહ્મના ચિદ્ અંશમાંથી અસંખ્ય જીવો નીકળ્યા અને તેના આનંદાંશમાંથી અંતર્યામી સ્વરૂપો નીકળ્યા.

જીવનું સ્વરૂપ ચિત્ પ્રધાન છે. ચૈતન્ય એ જીવનું સ્વરૂપ અને ધર્મ છે. ચૈતન્ય ધર્મ અને જીવ ધર્મી છે.

અંશો નાનાવ્યપદેશાત્ એ સૂત્ર અનુસાર, જીવ ભગવાનનો અંશ છે એમ અનેક અનેક પ્રકારે કહેવામાં આવેલ છે માટે તેને અંશ માનવો.

મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સતાતનઃ આ પ્રસિદ્ધ ગીતાવાક્ય તો નિઃસંદેહ રીતે જીવને ભગવાનના અંશ તરીકે સ્વીકારે છે. વળી જેમ દહીંએ દૂધનું વિકૃત પરિણામ છે તેમ જીવ બ્રહ્મનું વિકૃત પરિણામ નથી પરંતુ જેમ તણખા અગ્નિના અંશરૂપ છે, અગ્નિ જ છે તેમ જીવ બ્રહ્મનો અંશ છે.

શ્વેતાશ્વતર ઉપનિષદે જીવનું સ્વરૂપ સમજાવ્યું છે કે,

અંગુષ્ટમાત્રો રવિતુલ્ય રુપઃ સંકલ્પાદહંકારસમન્વિતો યઃ ।

બુદ્ધેર્ગુણાનાત્મગુણેન ચૈવ આરાગ્રમાત્રો હ્યપરોઽપિ દૃષ્ટઃ ॥

જીવ સંકલ્પ અને અહંકાર યુક્ત છે. તે સૂર્યના જેવા પ્રકાશવાળો છે. અંગુષ્ટ જેવડો છે અને પોતાના ગુણથી આરાગ્રમાત્ર છે. જ્ઞાનચક્ષુવાળા પુરૂષોએ જીવને દેવથી ભિન્ન પણ જોયેલો છે.

શ્રુતિ જીવના સ્વરૂપ (કદ) માટે **આરાગ્ર માત્ર** એટલે ડાંગરની અણી જેવડો - એટલે અણુ રૂપ સૂક્ષ્મ એમ વર્ણન કર્યું છે. વળી **બાલાગ્ર શત ભાગસ્ય શતધા કલ્પિત સ્ય તુ । ભાગો જીવઃ સ વિજ્ઞેયઃ સ ચાનન્ત્યાય કલ્પતે** ॥ વાળના સોમા ભાગના ય સોમા ભાગ જેવડો જીવ છે. જીવનું સ્વરૂપ જાણવા યોગ્ય છે અને તે અનંત પણાને માટે સમર્થ થાય છે.

જીવ અણુરૂપ હોવા છતાં, હૃદયસ્થ હોવા છતાં તેનો પ્રકાશ તેનું ચૈતન્ય (જેમ સુગંધ પ્રસરે તેમ) આખા શરીરમાં ફેલાય છે. **વ્યતિરેકો ગન્ધવત્** પુષ્પ એક ઠેકાણે મુકેલ હોય પણ તેની સુગંધ તો આસપાસ બધે પ્રસરે છે, મણિ એક સ્થાને હોય પરંતુ તેનું તેજ આસપાસ પ્રસરે છે તેમ જીવ હૃદયસ્થ હોવા છતાંય તેનું ચૈતન્ય આખા શરીરમાં પ્રસરી જાય છે.

જીવ સ્વરૂપ અણુ છે પણ તે સર્વવ્યાપી નથી. તે બુદ્ધિ વડે શરીરનું આરોહણ કરીને રહેલ છે. તેના શરીરમાં પ્રવેશ કરવાનું કારણ પણ બુદ્ધિ છે. કર્તાપણું પણ બુદ્ધિમાં જ છે છતાં આત્મા ભ્રમથી સ્વયંને કર્તા માને છે. જેમ ગોળ ફૂદરડી કરવાને લીધે, ભમેલી દ્રષ્ટિથી પૃથ્વી પણ ફરતી જણાય છે, તેમ ચિત્ત કર્તા હોવાથી મનુષ્યને અહં બુદ્ધિ થાય છે. તે ચિત્તને આત્મા તરીકે માને છે અને તેથી આત્મા પોતાને કર્તા માની બેસે છે.

બહુત્વ

જીવ એક જ નથી. તેનું બહુત્વ છે. જીવનું તેમજ અંતર્યામીનું બહુત્વ છે. હંસરૂપે જીવ અને અંતર્યામી પરમાત્મા બંને એક સાથે હૃદયમાં પ્રવેશ કરે છે. એકએક જીવની સાથે અંતર્યામી છે. આ બંને હૃદયગૃહમાં વસે છે. જીવ અનેક છે. કોઈને સુખ, કોઈને દુઃખ, કોઈને બંધન તો કોઈને મુક્તિ એમ ભેદ સ્પષ્ટ જોવા મળે છે એ સૂચવે છે કે જીવ અનેક છે. એક જીવાત્માને મુક્તિ મળે છે તો કાંઈ બધાને મુક્તિ મળી જતી નથી.

તિરોહિતાનંદ

જીવમાં સદ્ અને ચિદ્ અંશો તો છે પરંતુ આનંદનો તિરોભાવ છે. પ્રકટ આનંદ નથી. જો પ્રકટ આનંદ હોય તો તેને દુઃખ હોવાની સંભાવના જ ન રહે. પરંતુ જીવને દુઃખ હોવાનું કારણ જ આનંદનો તિરોભાવ છે. **पराभिध्यानात्तु तिरोहितं, ततो ह्यस्य बंधविपर्ययौ** જીવનો આનંદાંશ તિરોહિત થઈ જવાથી તે જ વખતે ભગવદીચ્છાથી જીવના ઐશ્વર્યવીર્યાદિ છ ધર્મ પણ ગુપ્ત થઈ જાય છે. પરબ્રહ્મના અભિધ્યાન (ઈચ્છા) માત્રથી જ જીવના સ્વરૂપમાંથી ભગવદ્ધર્મોનો તિરોભાવ થઈ જાય છે. પરિણામે....

જીવનો ઐશ્વર્ય ધર્મ તિરોહિત થતાં તેનામાં દીનતા, પરાધીનતા આવી.

વીર્યધર્મનું તિરોધાન થતાં તેને અનેક દુઃખ ભોગવવા પડે છે.

યશનું તિરોધાન થતાં તે સર્વથી હીન બન્યો, શ્રી ધર્મ તિરોહિત થતાં જન્મ આદિ વિપત્તિ આવી પડી. જ્ઞાનનું તિરોધાન થતાં દેહ, પ્રાણ, અંતઃકરણમાં આત્મબુદ્ધિનો આરોપ થયો-અનાત્મમાં આત્મબુદ્ધિ અને આત્મામાં અનાત્મબુદ્ધિ થઈ ગઈ. જ્ઞાનનો અભાવ થતાં બધું વિપરીત જ્ઞાન થઈ ગયું અને તેનો વૈરાગ્યનો તિરોભાવ થતાં વિષયાસકિત પ્રાપ્ત થઈ.

ઐશ્વર્ય, વીર્ય, યશ અને શ્રીના તિરોધાનથી 'બંધ' સંસારનું બંધન થયું અને જ્ઞાન-વૈરાગ્યના તિરોધાનથી જીવને 'વિપર્યય' પ્રાપ્ત થયો એટલે વિપરીતપણું પ્રાપ્ત થયું.

જ્ઞાન-ભક્તિ જેવા સાધન થકી જો ઉપરોક્ત ધર્મો પ્રકટ થઈ જાય તો જીવ બ્રહ્મભાવ અથવા સાયુજ્યને પ્રાપ્ત કરે છે. તેનો આનંદાંશ પ્રકટ થઈ જાય છે અને તેમ થતાં જ ભગવદ્ ધર્મો પ્રકટ જાય છે. જીવમાં ભગવદાવેશ થાય ત્યારે વ્યાપકત્વ પ્રકટે છે પરંતુ બદ્ધ દશામાં તે વ્યાપક નથી, અણુ છે. ભગવદધર્મના આવેશથી જીવમાં ભગવાનના વ્યાપકત્તા વિ. ધર્મો જોવા મળે છે. પરંતુ તે ભગવદ્ આવેશનું પરિણામ છે એ ભૂલવું ન જોઈએ. લોખંડના ગોળામાં જેમ અગ્નિનો પ્રવેશ થાય છે ત્યારે અગ્નિના પ્રકાશ, દાહકત્વ જેવા ગુણો લોખંડમાં અનુભાય છે. આ દાહકત્વ જેવા ગુણો અગ્નિના છે, લોખંડના નથી એમ વ્યાપકત્વ જેવા ગુણ જીવના નથી પરંતુ ભગવાનના છે.

જીવનું સ્વરૂપ અનુભવી શકાય. જીવનો ધર્મ 'ચૈતન્ય' છે અને તે પ્રકાશક છે. આ પ્રકાશક ગુણને લીધે જ તે જ્યોતિસ્વરૂપ કહેવાય છે. પરંતુ આપણી ઈન્દ્રિયો જીવના સ્વરૂપને ગ્રહણ કરી શકતી નથી. તેને તો **योगेन भगवद् द्रष्टया दिव्यया वा प्रकाशते** કાંતો યોગદ્રષ્ટિથી જોઈ શકાય, જે દ્રષ્ટિ વડે ભગવાનને જોઈ. શકાય તે દ્રષ્ટિથી જોઈ શકાય કે પછી દિવ્ય એવી જ્ઞાનદ્રષ્ટિથી જોઈ શકાય છે. ભગવાનના સ્વરૂપનું દર્શન જેમ પ્રાકૃત ઈન્દ્રિયોથી થઈ શકાતું નથી તેમ ભગવદંશ હોવાથી જીવની સ્વરૂપનું દર્શન પણ પ્રાકૃત ઈન્દ્રિયોથી થઈ શકતું નથી.

લૌકિક ઈન્દ્રિયો સદંશરૂપ છે, સદંશ વડે સદંશનું ગ્રહણ થઈ શકે. (જડ વડે જડને જાણી

શકાય.) પરંતુ જીવ તો ચિદંશ છે. સદંશ એવા નેત્રો ચિદંશ એવા જીવની સ્વરૂપનું ગ્રહણ કરી શકતા નથી.

વળી ઈન્દ્રિયો બહાર ગમન કરનારી હોવાથી બહારના વિષયને જાણી શકે છે. પરંતુ તે અંતરાત્માને જાણી શકતી નથી.

આમ છતાં નેત્ર આનંદાંશ-આનંદરૂપ બને તો જીવના સ્વરૂપનું ગ્રહણ કરી શકે છે. ભગવાનની ઈચ્છા જ્યારે દર્શન આપવાની થાય છે. ત્યારે દ્રષ્ટિમાં આનંદદાંશ પ્રકટ થાય છે. અથવા ભક્તિ કરવાથી દ્રષ્ટિમાં આનંદાંશ પ્રકટ થાય છે અને ત્યારે દિવ્ય દ્રષ્ટિથી ભગવાનનાં કે જીવ. સ્વરૂપનાં દર્શન કરી શકે છે. અર્જુનને ભગવાને આપેલ દિવ્ય ચક્ષુ વડે ભગવાનના દિવ્ય સ્વરૂપોનાં દર્શન થયા હતાં.

જીવ ભેદ

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં દૈવ અને આસુર એમ બે પ્રકારના જીવોના ભેદનો ઉલ્લેખ છે. આસુરી જીવો પ્રવાહી જીવો પણ કહેવાય છે ત્યારે દૈવી જીવના મર્યાદા જીવો તેમ જ પુષ્ટિજીવો એમ બે ભેદ છે.

૧: પ્રવાહી જીવ - આ જીવો હમેશાં બદ્ધ દશામાં જ રહે છે, એમની સંસાર આસકિત કદી જતી નથી. સ્થૂળ ભોગોમાં જ એમની આસકિત રહે છે, સંસારના આદિથી અંત સુધી આ જીવો જન્મ-મરણના પ્રવાહમાં જ વહ્યા કરે છે. ક્રમો અનુસાર તેઓ સારી-નરસી ગતિ પામે છે. એમને મુક્તિની સંભાવના નથી. આ જીવો ભગવાનના મનથી ઉત્પન્ન છે.

૨: મર્યાદા જીવ

મર્યાદાનું પરમ ફલ મોક્ષ છે. આ જીવસૃષ્ટિને ભગવાને પોતાની વાણી દ્વારા-ઉત્પન્ન કરેલ છે. માટે આ જીવોના માર્ગને વેદમાર્ગ પણ કહે છે. ભગવદીરછાથી તેઓને સ્વભાવતઃ વેદ પ્રણીત માર્ગમાં, સાધનમાં અને ફલમાં રૂચિ રહે છે.

૩: પુષ્ટિજીવ

पुष्टिं कायेन निश्चयः પુષ્ટિ સૃષ્ટિને પ્રભુએ પોતાના આનંદમાત્ર રસાત્મક સ્વરૂપથી, નિજ કાયાથી સર્જી છે. પુષ્ટિ જીવો ભગવત્સ્વરૂપને જ પોતાનું અવલંબન અને ફલ માને છે. આ જીવો ભગવાનની સેવા ભક્તિ કરવા માટે જ અવતરે છે.

સૌને આત્મતત્વ સૌથી વધુ પ્રિય છે. **तस्मात् प्रियतमः स्वात्मा सर्वेषामपि देहिनाम्** દરેક પ્રાણીઓને સૌથી પ્રિયતમ વસ્તુ આત્મા જ છે. તેને માટે જ સમગ્ર જગત કાર્યરત છે. પુષ્ટિ જીવમાં પણ ચાર ભેદ પડે છે. શુદ્ધ પુષ્ટિ, પુષ્ટિ પુષ્ટિ, પુષ્ટિ મર્યાદા અને પુષ્ટિ પ્રવાહ. જોકે અહીં એટલું ધ્યાન રાખવું જરૂરી છે કે આ જીવોનો સ્વરૂપ ભેદ નથી, અવસ્થા ભેદ છે. ભગવાનના અનુગ્રહ અનુસાર પુષ્ટિ જીવની ભક્તિ પણ જુદી જુદી રીતે

વિકાસ પામે છે ભક્તિના પ્રકાર અને અવસ્થાના ભેદને લીધે પુષ્ટિ જીવોને આ ચાર ભેદમાં વર્ણવ્યા છે.

૧: શુદ્ધપુષ્ટિ

સારસ્વત કલ્પીય શ્રી કૃષ્ણાવતારમાં મહારાસ પ્રસંગને ધ્યાનમાં લઈએ તો શુદ્ધપુષ્ટિ તત્વ સમજાશે. પ્રમાણોમાં શિરોમણિ એવા શ્રીમદ્ ભાગવતજીના હૃદયરૂપ દશમસ્કંધે પંચ પ્રાણ સમા મહારાસ પ્રસંગમાં ભગવદીયોની શુદ્ધ પુષ્ટિ અવસ્થા અને પ્રભુનો શુદ્ધ પુષ્ટિ લીલાના નિરૂપણને કારણે (રાસલીલૈક તાત્પર્યઃ) રાસલીલા જ તાત્પર્ય માનવામાં આવી છે.

મહારાસ પ્રસંગ તામસ ફલ પ્રકરણમાં છે. અનન્ય, ઉત્કટ અને સહજ, સ્વરૂપસંબંધી સ્નેહને તામસ ભાવ કહેવામાં આવેલ છે. આમાં ય ફલ શું ? સાક્ષાત્ રસબ્રહ્મ જ્યારે શુદ્ધ અને અનુગ્રહ કરીને ભક્તોને ફલરૂપ થાય ત્યારે એ રસરૂપ સ્વરૂપ અને લીલા શુદ્ધ પુષ્ટિરૂપ છે. શુદ્ધ પુષ્ટિમાં ભગવાનનું સ્વરૂપ 'નિગૂઢ ભાવાત્મક' રહે છે. આ સ્વરૂપ ભક્તોમાં સ્નેહ રૂપે પ્રવેશીને (સર્વત્ર ભાવવત્ હૃદયદેશેષુ તદેવાસ્યં પ્રવિષ્ટમસ્તિ) આસક્તિ અને વ્યસન અવસ્થા પામીને શુદ્ધ, દ્રઢ, સ્વરૂપાશ્રિત ભાવ રૂપે બિરાજે છે.

જ્યારે ભગવદીયોના હૃદયમાં ભગવાન શુદ્ધ ભાવાત્મક ઉત્તરદલાત્મક વિપ્રયોગાગ્નિરૂપે પ્રવેશે અને ભક્તના સ્વરૂપને ય અગ્નિવત્ સ્વસમાન બનાવે ત્યારે તે ભક્ત શુદ્ધ પુષ્ટિનો અનુભવ કરે છે.

૨: પુષ્ટિપુષ્ટિ

પુષ્ટિપુષ્ટિ ભાવ, કે અવસ્થા શુદ્ધ પુષ્ટિ અવસ્થા માટે સાધનરૂપા છે. શુદ્ધ પુષ્ટિ પુષ્ટિ ભાવના અનુભવ રૂપે છે તો પુષ્ટિપુષ્ટિ એ પુષ્ટિ ભક્તિ રૂપે છે. પુષ્ટિપુષ્ટિ જીવ ફલરૂપ માનસી સેવાનો અધિકારી હોય છે. સ્થૂળ એવી લોકવેદાત્મક ક્રિયા (પ્રવાહ) અને વેદશાસ્ત્રના જ્ઞાન (મર્યાદા) નો અભાવ હોય છે. એને શું કરવાથી પ્રભુને સુખ થાય અને શું કરવાથી પ્રભુને શ્રમ થાય એના જ વિચારો આવે છે. માનસી હોવાના ફલરૂપે એનામાં અલૌકિક સામર્થ્ય સિદ્ધ હોવાથી એને ભગવાનના અનુભવ થાય છે.

પુષ્ટિપુષ્ટિનો ભાવ વ્યસન દશામાં પહોંચેલો હોય છે. જીવને માટે ભગવાન બાહ્યસ્થિતિ કરીને ફલરૂપ થાય છે. 'ગોપાંગનાસુ પુષ્ટિઃ' વ્રજની ગોપસ્ત્રીઓ આ ભાવ/અવસ્થાના પ્રમાણરૂપ છે. સંસાર પ્રત્યેનો વૈરાગ્ય અને ભગવાનના પ્રકટ સ્વરૂપમાં અતિ દ્રઢ આસક્તિ માટે વ્રજાંગનાઓનું જ ઉદાહરણ યોગ્ય છે. આવા ભગવદીયોમાં કૃષ્ણ દર્શનની લાલસા કાયમ રહે છે, કાયમ ઉત્કટ રહે છે.

૩: પુષ્ટિ મર્યાદા

ભક્તિના બે મહત્વનાં પાસાં માહાત્મ્યજ્ઞાન અને સ્નેહ. એમાં સ્નેહ કરતાં માહાત્મ્ય જ્ઞાનનું પાસું જ્યારે વધારે ભારે થાય ત્યારે ભક્તિમાં પુષ્ટિ કરતાં મર્યાદાનું તત્ત્વ વૃદ્ધિ પામે છે

'મર્યાદયા ગુણજ્ઞાઃ' જીવ જ્યારે પુષ્ટિ મર્યાદા ભક્તિની અવસ્થામાં આવે છે ત્યારે તેને ભગવાનના ધર્મો ઐશ્વર્ય, વીર્ય વિ. ધર્મોનું જ્ઞાન થાય છે અને તે જીવ ભગવાનની મહત્તાના કારણે ભગવાનમાં આસક્ત થાય છે. આ અવસ્થા 'આસક્તિ' રૂપ છે.

ભક્તના હૃદયમાં પ્રકટનું માહાત્મ્ય જ્ઞાન સ્નેહનું વિરોધી તત્વ નથી પરંતુ સ્નેહને સુદૃઢ તેમજ સર્વતોધિક બનાવવામાં સહાયક બને છે. ભગવાન ભક્તને જે ભાવ પુત્રભાવ, સખાભાવ, કાંતભાવ વિ. નો અનુભવ કરાવે છે તે ભાવ તો રહે છે જ પરંતુ આ મારા હોવા છતાં પરમાત્મા છે, મારી સાથે સખાવત્ લીલા હોવા છતાં એ પરબ્રહ્મ છે એ ભાવ-ભગવાન પ્રત્યેનો જ્ઞાનયુક્ત ભાવ-બ્રહ્મભાવ રહે છે જ. બ્રહ્મભાવ-ભગવાનના બ્રહ્મ સ્વરૂપનું જ્ઞાન થતાં તેને નિજ સ્વરૂપનું જ્ઞાન પણ થાય છે. તે અનુભવે છે કે, 'હજારો વર્ષોથી હું આનંદ બ્રહ્મ, પૂર્ણાનંદ શ્રી હરિથી વિખૂટો પડયો છું, મારો આનંદ અંશ પણ આથી તિરોહિત થઈ ગયો છે, અવિદ્યા માયા તેમજ સંસાર તો સંબંધ થવાથી કલેશ પામી રહ્યો છું.' આ પ્રતીતિ તેનામાં દીનતા અને ભગવાનના મિલન માટેની આતુરતા ઉત્પન્ન કરે છે.

૪ઃ પુષ્ટિપ્રવાહ

'પ્રવાહેણ ક્રિયારતઃ' પુષ્ટિપ્રવાહ અવસ્થામાં ભક્તજીવ પ્રભુભક્તિ સંબંધી વિવિધ ક્રિયાઓમાં લાગેલ રહે છે. પુષ્ટિભાવ આ જીવનમાં હજી બીજ રૂપે રહેલ હોય છે. અહીં 'સ્નેહ' અવસ્થા છે. આસક્તિ, વ્યસન જેવી ભાવવસ્થાનું બીજ 'સ્નેહ' છે. આ સ્નેહને દૃઢ કરવા ત્યાગરૂપ અને સાધનના સંબંધરૂપ ઉપાય આવશ્યક છે.

પુષ્ટિપ્રવાહ અવસ્થામાં જીવ શરીર અને દ્રવ્યના સંબંધવાળાં સર્વ સાધનો વડે તનુજા, વિત્તજા સેવા તો અધિકારી તો થાય જ છે તેમજ તે સેવા જ તેનું પુષ્ટિ સાધન છે. ભક્ત પોતાના તનુવિત્તનો વિનિયોગ પણ જો ભગવત્સેવામાં ન કરે તો તેને મોટી હાનિ જ છે. તેના બીજભાવ રૂપી પાયામાં જ દૃઢતા આવતી નથી. દૃઢ ન હોય તો ઈમારત કેવી થાય એ તો સમજી જ શકાય છે. માનસી સેવા તો અનુગ્રહથી જ સાંપડશે. ભગવદીયે પોતાને મળેલી તનુવિત્તજા સેવા (કેવળ વિત્તજા નહીં) માં ઉત્સાહ અને ભાવ પૂર્વક પરોવાવું જોઈએ. જેના જીવનમાં સેવા અને સત્સંગ નથી એ જીવ પુષ્ટિ પ્રવાહ કક્ષાનો ય નથી એ સમજી લેવું જોઈએ.

અવિદ્યાબદ્ધ જીવની દુર્દશા કેવી છે એની જાણ અને તો પોતાના સ્વરૂપજ્ઞાન અને ભગવાનનો કૃપા બાદ જ થાય છે.

અબ મૈં નાચ્યૌ બહુત ગુપાલ ।

કામ ક્રોધ કો પહિરિ ચોલના, કંઠ વિષય કી માલ ॥

મહા મોહકે નૂપુર બાજત, નિંદા શબ્દ રસાલ ।

ભ્રમ ભર્યો મન ભયૌ પખાવજ, ચલત અસંગત ચાલ ॥
તૃસ્ના નાદ કરત ઘટ ભીતર, નાના વિધિ દૈ તાલ ।
માયા કૌ કટિ ફેંટા બાંધ્યૌ, લોભ તિલક દિયૌ ભાલ ॥
કોટિક કલા કાછિ દિખરાઈ, જલથલ સુધિ નહિ કાલ ।
સૂરદાસ કી સબૈ અવિદ્યા, દૂરિ કરૌ નંદલાલ ॥

ભક્ત ભગવાનને પ્રાર્થના કરે છે કે, "હે ગોપાલ હું જન્મમરણના આ લખચૌર્યાસી ફેરામાં ખૂબ નાચ્યો ! હવે થાક્યો છું મને વિશ્રામ આપો. મેં કામક્રોધનો લાંબો ઝભ્ભો પહેર્યો અને ગળામાં વિષય (આસકિત) ની માળા ધારણ કરી. જેમાંથી નિંદાનો પ્રિય લાગતો નાદ નીકળે છે એવા મહામોહના મેં ઝાંઝર પહેર્યા. મારા નૃત્યના સમયે ભ્રમથી ભરેલું મનમૃદંગ વાગતું રહ્યું. આ મનમૃદંગનો તાલ પણ બેતાલ જ વાગતો રહ્યો. મૃદંગની ચાલ પણ કુસંગ ચાલતી રહી. મારા ઘટમાં (શરીરમાં) વિવિધ પ્રકારની તાન લઈને તૃષ્ણા નવી નવી માગણીઓ વડે રાગિણીઓ ગાઈ રહી છે. કમરમાં માયાનો ફેંટો, લલાટમાં લોભનું તિલક ધારણ કરીને હું નાચ્યો.

કોટિકોટિ જન્મમાં જળચર, સ્થળચર શરીરો ધારણ કરીને કેટ-કેટલા ફેરા ફર્યો છું. સૂરદાસજી કહે છે હે નંદલાલ, મારી જન્મજન્મની આ ચગડોળ, જન્મજન્માંતરના આ નાચગાન, જાતજાતના લટકામટકા, બહુરૂપીની જેમ જાતજાતના વેશ-આ બધાનું કારણ મારી અવિદ્યા છે. હું જો એનાથી મુક્ત થાઉં તો જ સુખી થાઉ માટે હે પ્રભુ ! હે નંદલાલ ! મારી આ અવિદ્યાને તમો દૂર કરો.

જીવ પોતે ભગવાનનો અંશ હોવા છતાં, ભગવદીરછાથી, ભગવાનની માયાથી બંધાયેલો છે અને ભગવાનના શરણે જતાં જ એ માયાના બંધન અને કલેશથી મુક્ત થાય છે.

પુષ્ટિજીવનું વરણ ભગવાન કરે છે. એકવાર અકબર બાદશાહે બીરબલને પૂછયું કે "બીરબલ ! સાહિબ કૌન રીતિ સોં મિલત હૈ ?" (પ્રભુ કયા પ્રકારે મળે છે) બીરબલે અનેક પ્રકારે ઉત્તરો આપ્યા પરંતુ અકબરને સંતોષ ન થયો. બાદશાહના ક્રોધથી ચિંતિત એવા બીરબલને તેની પુત્રીએ આ પ્રશ્નો ઉત્તર ગોકુલ જઈને શ્રી ગુંસાઈજીને જઈને પૂછવાની સલાહ આપી. બીરબલે ગોકુલ જઈને શ્રી ગુસાંઈજીનું આ પ્રશ્ન અને સમસ્યાનું નિવેદન કર્યું. શ્રી ગુસાંઈજીએ બીરબલને કહ્યું કે, "હું અને બાદશાહ જ્યારે રૂબરૂ મળીને ત્યારે આ પ્રશ્નનો ઉત્તર આપી શકાય.

એમને એમ ઉત્તર મળવાથી બાદશાહનો સંદેહ દૂર નહીં થાય. માટે જો એમને ઉત્તર પ્રાપ્ત કરવાની આતુરતા હોય તો એ મારી પાસે આવે. તમો મારો આ સંદેશ બાદશાહ સુધી

પહોંચાડી છે."

બીરબલે સઘળો વૃત્તાન્ત બાદશાહને જણાવ્યો બાદશાહને લાગ્યું કે હવે માટે રૂબરૂ જ જવું પડશે, એટલે પાછલી રાતે, કોઈને જાણ કર્યા વિના, એકલા જ ઘોડેસવારી કરીને ગોકુલ પ્રસ્થાન કર્યું.

શ્રી ગુસાંઈજી રાજભોગ ધરી, સંધ્યાવંદન કરવા શ્રી યમુનાજી પધાર્યા હતા ત્યાં બાદશાહની મુલાકાત થઈ. બાદશાહ તેમને દંડવત્ પ્રણામ કર્યા. શ્રી ગુસાંઈજીએ તેને ઓળખીને એકાંતમાં મળવાની વ્યવસ્થા કરી. બાદશાહે શ્રી ગુસાંઈજીને એ જ પ્રશ્ન કર્યો, "સાહેબ કઈ રીતે મળે છે ? "

શ્રી ગુસાંઈજીએ સુંદર ઉત્તર આપ્યો. "જૈસે હમ તુમ મિલે !" એટલે કે, જેમ તમે બાદશાહ જગતમાં, લૌક્કિમાં સૌથી મોટા છો, પણ તમારી ઈચ્છા વગર મળવું મુશ્કેલ છે. પણ તમે કદાચ કોઈને મળવા વિચારો તો તરત જ મળો છો. એમ જીવને વિચારતાં વિચારતાં ઘણાં દિવસો વીતી જાય છતાં પ્રભુને મળવું કઠણ છે અને પ્રભુ જો વિચારે કે આ જીવને મળવું છે, તો તેમાં કશી જ વાર નહીં !"

આ સાંભળીને બાદશાહ ઘણો પ્રસન્ન થયો.

આમ પુષ્ટિજીવ માટે પણ ભગવત્પ્રાપ્તિ માટે સાધન કરતાં ભગવદીચ્છા જ મુખ્ય, એકમાત્ર નિયામક બની રહે છે, પ્રભુ જો નિજભક્તને મળવા ચાહે તો અનેક આવરણોને હટાવીને મળે છે.

જીવ અલ્પ છે, કાળ કર્મ અને સ્વભાવને આધીન છે એ વાત સાચી પરંતુ ભગવાનની કૃપા થતાં એની અંદર પણ ઐશ્વર્ય પ્રકટે છે અને એના ઉપર કાળકર્મ અને સ્વભાવનું જોર ચાલતું નથી. આ બાબતમાં શ્રી ગુસાંઈજીની સેવક 'અષ્ટપદી' નું પ્રમાણ પર્યાપ્ત છે.

શ્રી ગુસાંઈજીના સેવક એક ડોશીમા રાજનગરમાં રહેતા આ ડોશીમા બાળવિધવા હતા. બાળપણથી જ એમને ત્યાં બાલકૃષ્ણજી બિરાજતા. સેવા કરતાં કરતાં ડોશીમા વૃદ્ધ થયા અને એક દિવસ એમને સાક્ષાત્ કાળના દર્શન થયા. કાળે ક્હયું કે, "હું તમને લેવા આવ્યો છું, ચાલો !" એમણે અન્નકૂટનો ઉત્સવ આવી રહ્યો છે માટે હમણાં નહીં આવું એમ જણાવતાં કાળ પાછો કર્યો.

થોડા દિવસ બાદ કાળ પાછો આવ્યો તો માજીએ પ્રબોધિની ઉત્સવના કારણે એને પાછો કાઢયો, ત્યાર બાદ શ્રી ગુસાંઈજીના જન્મ દિવસના કારણે, વસંત પંચમીના ઉત્સવના કારણે, ડોલ ઉત્સવના કારણે, શ્રી મહાપ્રભુજીના ઉત્સવના કારણે, જન્માષ્ટામીના ઉત્સવના કારણે અને રાધાષ્ટમીના ઉત્સવના કારણે કાળને પાછો કાઢયો. આઠવાર કાળને પાછા ફરવાનું થયું એટલે એણે ધર્મરાજાને આ બાબતની ફરિયાદ કરી. ધર્મરાજાએ "એ તો ભગવદીય છે તેથી તેના પર મારો દંડ લાગે નહીં અને મારૂં ચાલે નહીં !' એમ પોતાની અસમર્થતા જાહેર કરી દીધી ! કાળ પણ કંટાળી ગયો !

શ્રી ગુસાંઈજી રાજનગરમાં શ્રી ભાઈલા કોઠારીને ત્યાં જ્યારે પધાર્યા ત્યારે આ ડોશીમા દર્શને આવ્યાં. શ્રી ગુસાંઈજીએ એમને, "આવો અષ્ટપદી !" કરીને આવકાર્યાં ! ઉપસ્થિત સૌ વૈષ્ણવોને વિસ્મય થયું કે આ અષ્ટપદી એ શું ? ત્યાં શ્રી ગુસાંઈજીએ સૌને સમજાવ્યું કે, "ભીષ્મપિતાને એક બેર કાલકોં પાછૌ ફૈર્યો ઔર યા ડોકરીને આઠબેર કાલકો પાછો ફેર્યો !" તેમણે ડોશીમાને કહ્યું કે "આઠ વાર કાળને પાછો કાઢયો તો કાંઈ દયા તો રાખવી ! ભલા, કાળને માન આપવું" ડોશીમાએ ઉત્તર આપ્યો, "મહારાજ ! મૈં તો આપકે બસ હોં, કાલ કે બસ નાહીં."

આમ જીવના સ્વરૂપ, સામર્થ્ય અંગે વિચારતાં એ કેવો જીવ છે વિમુખ છે કે વૈષ્ણવ છે, પ્રવાહી છે કે પુષ્ટીજીવ છે ! અહંકારી છે કે દીનતાવાળો છે, સાધનમાં શ્રદ્ધાવાળો છે કે સ્વરૂપમાં આસકિતવાળો છે એવા અનેક મુદ્દા વિચારવા લાયક છે.

ભક્તિપોષણ

(પાદ સેવન ભક્તિ)

આપ્યું ઉરસ્થળ મૂકીને, રમા ચરણ સેવા નવ ચુકે;
હદે રહિત કદી હરિ કરે, પણ પદ આશ્રિત નહીં મૂકે,
મૂકે ના અંઘ્રિ છે ભક્તિ નિવાસ, માટે અવલંબે સહુ દાસ,
એ ભક્તિ છે અતિશે દુર્લભ, પ્રાપ્ત થયે સર્વે પદ સુલભ.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

ભક્તિમાં શ્રી ચરણ સાથેનો સંબંધ મુખ્ય છે. ભક્તોએ સવર્થા શ્રી ચરણમાં વાસ માંગ્યો છે. પ્રભુએ લક્ષ્મીજીને તે અર્ધાંગિની હોવાથી, પોતાના હૃદયમાં સ્થાન આપ્યું હતું પરંતુ લક્ષ્મીજીએ જાણ્યું કે ખરૂં સુખ તો ભગવાનના ચરણમાં વસે છે. માટે પ્રભુ પાસે એમણે ચરણમાં વાસ માંગ્યો.

બીજી વાત એ પણ છે કે, હૃદયમાં રહેલાનો તો કદાચિત્ ત્યાગ પણ થાય પરંતુ ચરણાશ્રિતનો ત્યાગ તો પ્રભુ કદી કરે જ નહીં.

ભક્તોને ભગવાનના ચરણારવિંદમાં પોતાનું ઘર લાગે છે. કેમકે સ્વયં ભક્તિ પણ ભગવાનના ચરણમાં વસે છે. ચરણાશ્રિતને ભક્તિ જેટલી સુલભ એટલી કોઈને નહીં ! ભક્તિ સુલભ થયા પછી કશું જ દુર્લભ નથી. જેને વિશ્વના નાથનો સ્નેહ સુલભ થયો તેને વિશ્વની બીજી કઇ વસ્તુ સુલભ નથી ? પોતાની ચરણથી ભગવાનના દર્શને જવું એય પાદસેવન છે.

(અર્ચન ભક્તિ)

હરિ વ્યાપક લહી સર્વમાં, નવ આણવો કોઈનો દોષ;
મન કર્મ વચને જેમ બને, તેમ કરવો સર્વને સંતોષ;
સંતોષે પ્રાણી પ્રભુ પ્રસંન, તેથી સુખી પોખે હરિજન;
સઘળે દયા એ પૂજા પ્રભુ કેરી, દેહીને દુભવે તે કૃષ્ણનો વેરી
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

પરમાત્માની સૌથી ઉત્તમ પૂજા તો એ જ કે પ્રત્યેકમાં પ્રભુને જાણવા. ભગવદ્ વાક્ય છે કે, "મયિ સર્વમિદં પ્રોતં સૂત્રે મણિગણા ઈવ" જેમ દોરામાં મણકાઓ પરોવાય તેમ આ સર્વ મારામાં પરોવાયેલું છે," ભગવાન સર્વત્ર છે એટલે ઉચ્ચ નીચ, રાયરંક, માનવપશુપક્ષી સર્વમાં એ છે જ એમ સમજીને કોઈના દોષ ન જોવા. કોઈ પણ આર્ત, દુ:ખી, અસહાય પ્રાણીની સેવા એ પ્રભુની અર્ચના છે જ. દુ:ખીના આશીર્વાદ એ ભગવાનના જ આશીર્વાદ છે.

ભક્તનું એ લક્ષણ છે કે કોઈને દુ:ખ આપતો નથી અને કોઈ એને દુ:ખ આપે તો એ દુ:ખી થતો નથી. જે સ્વયંને દુ:ખી કરે એ સર્વાત્મા, સર્વાન્તર્યામીને કલેશ આપે જ છે. કૃષ્ણનો ભક્ત કોઈની સાથે કઠોર ન બને. શ્રી દયારામે દર્શાવેલ આ ભક્તિ પ્રકાર મનનીય છે. પ્રાણીમાત્રની સેવાથી પ્રભુને સંતોષ થાય છે એ માનવતાવાદ પુષ્ટિ સંપ્રદાયે સ્વીકારેલો છે જ.

સ્વાધ્યાય - ૧૪

જગત

જાયતે ગચ્છતિ ચ જગત્ તે ઉત્પન્ન થાય છે તેમ જ ગતિ કરે છે માટે તેને જગત કહે છે.

જગત કાર્ય.

પરબ્રહ્મને અનેક રૂપે પ્રકટ થવાની ઈચ્છા થઈ તેથી રમણ કરવા, ક્રીડા કરવા માટે તેણે જગતરૂપ ધારણ કર્યું.

પરબ્રહ્મ જ જગતનું ઉપાદાન-સમવાયી અને નિમિત્ત કારણ છે. અવિકૃત પરબ્રહ્મ સર્વકર્તા હોવા છતાં અવિકૃત જ રહે છે.

માયાવાદી મત એવો છે કે બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે, માયિક છે. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ બ્રહ્મ અને જગતના વિષયમાં અવિકૃત પરિણામવાદ સ્વીકારે છે.

ઉપરોક્ત સિદ્ધાંતોને વિગતવાર જોઈએ.

એકોઽહં બહુ સ્યામ્ - એકાકી ન રમતે સ દ્વિતીયમૈચ્છત્ પરબ્રહ્મને થયું કે હું એક છું અને બહુ રૂપે થાઉં, ક્રીડા કરવા માટે જગતની રચના કરે છે. તે એક હોવાથી રમણ કરતા નથી તેથી તેણે બીજાની ઈચ્છા કરી. પ્રથમ તો તે માત્ર એક જ હતા. **આત્મા વા ઈદમેક એવાગ્ર આસીન્નાન્યત્કિંચનામિષત્સ ઈક્ષત લોકાન્નુસૃજા ઈતિ સ ઈમાંલ્લોકાનસૃજત** કહે છે કે સૃષ્ટિના પૂર્વકાળમાં આ આત્મા એક જ હતો. અન્ય બીજુ કાંઈ હતું નહીં તેણે હું પ્રાણીઓને સર્જું એવી ઈચ્છા કરી. તેણે આ લોકોને ઉત્પન્ન કર્યાં.

યતો વા ઈમાનિ ભૂતાનિ જાયન્તે યેન જાતાનિ જીવન્તિ ।
યત્પ્રયન્ત્યભિસંવિશન્તિ તદ્વિજીજ્ઞાસસ્વ તદ્ બ્રહ્મેતિ ॥

જેમાંથી આ સર્વ ભૂતમાત્ર ઉત્ત્પન્ન થાય છે, જેનાથી તેઓ જીવે છે અને જેમાં તેઓ અંતે પ્રવેશ કરે છે તે બ્રહ્મ છે એમ તું જાણ !

આવા અનેકાનેક પ્રમાણોથી સિદ્ધ થાય છે કે પરમતત્વ પરબ્રહ્મમાંથી જ જગતનો આવિર્ભાવ થાય છે, પરબ્રહ્મ જ જગતની સ્થિતિ રાખે છે અને એનામાં જ જગતનો લય થાય છે આ પરબ્રહ્મના એક એક રોમના છિદ્રમાં કરોડો બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે. સ્થાવર પદાર્થો, સર્વ પ્રાણીઓ, છંદો શ્રી નારાયણમાંથી ઉત્પન્ન થાય છે, પ્રવર્તે છે અને લય પામે છે. શ્રી નારાયણમાંથી જ આકાશ, વાયુ, તેજ વિ. ઉત્પન્ન થયા છે, સ્થિતિ કરે છે અને લીન થાય છે.

બૃહદારણ્યક ઉપનિષદ્ પ્રમાણે.

સ યથોર્ણનાભિસ્તન્તુનોચ્ચરેદ્યથાગ્નેઃ ક્ષુદ્રા વિસ્ફુલિંગા વ્યુચ્ચરન્ત્યેવમેવાસ્માદાત્મનઃ સર્વે પ્રાણાઃ સર્વે લોકાઃ સર્વે દેવાઃ સર્વાણિ ભૂતાનિ વ્યુચ્ચરન્તિ તસ્યોપનિષત્ સત્યસ્ય સત્યમિતિ પ્રાણા વૈ સત્યં તેષામેષ સત્યમ્ ॥

જેમ્ કરોળિયો તંતુ વડે બહાર જાળ બાંધે છે, જેમ અગ્નિમાંથી સૂક્ષ્મ તણખા નિકળે છે તેમ જ બ્રહ્મમાંથી તમામ પ્રાણો, તમામ લોક, તમામ દેવ અને સર્વે ભૂત(પદાર્થો) નીકળે છે. બ્રહ્મમાંથી નીકળેલા બધા પદાર્થો સત્ય છે, પ્રાણો સત્ય છે જેમાંથી આ પદાર્થો નીકળેલા છે તે બ્રહ્મ 'સત્ય છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાજી પણ જગતને સત્યરૂપ તેમજ તેના કારણ તરીકે બ્રહ્મને સ્વીકારે છે. શ્રીકૃષ્ણ અર્જુન કહે છે કે, આખા જગતના પ્રલય અને ઉદ્ભવના સ્થાન રૂપ હું છું. હું જ સર્વનું ઉત્પત્તિ સ્થાન રૂપ છું અને સર્વ મારામાં જ પ્રવર્તે છે. સર્વ પ્રાણીઓનો આદિ, મધ્ય તેમજ અંત હું છું. આ બધાં પ્રમાણોથી સમજાય છે કે જગતનું કારણ બ્રહ્મ છે અને જગત મિથ્યા, અસત્-માયારૂપ નથી જ.

કાર્ય કારણને સમજવા માટે છાંદોગ્ય ઉપનિષદ્ એક નવી જ દ્રષ્ટિ આપે છે. જેમ માટીના પિંડનું જ્ઞાન થવાથી માટીમાંથી બનેલી સર્વ વસ્તુનું જ્ઞાન થાય છે. ઘડો-કોડિયું એ બધાં (ભેદ તો) નામ માત્ર જ છે વસ્તુતઃ તો સર્વે માટી જ છે, માટી રૂપે સત્ય છે. તે જ પ્રમાણે આ સર્વ વિશ્વ પણ બ્રહ્મરૂપ છે અને તેથી સત્ય છે.

(સેશ્વર-નિરીશ્વર) સાંખ્ય મતવાળા માને છે કે જગતનું ઉપાદાન કારણ પ્રકૃતિ છે, ન્યાય વૈશેષિક આદિ મતવાળાઓ જગતનું કારણ પરમાણુ માને છે એમ પણ નથી. માયાવાદ અનુસાર આ જગત-પ્રપંચનું અવિદ્યાથી બ્રહ્મમાં આરોપણ કરવામાં આવેલ છે અને તેનો અધ્યારોપ અને અપવાદથી નિરાસ થાય છે, એમ પણ નથી.

જગતના નિમિત્ત કારણ તરીકે સાંખ્યવાદીઓ સ્વભાવને માને છે, માયાવાદી વાસનાને માને છે, કણાદ વિ. અદૃષ્ટને માને છે એ પણ યોગ્ય નથી. વાસ્તવમાં તો જગતનું નિમિત્ત કારણ પણ કેવળ પરબ્રહ્મ જ છે.

જગત મિથ્યા નથી.

મુંડક ઉપનિષદ્ કહે છે કે.

બ્રહ્મૈવેદમમૃતં પુરસ્તાદ્ બ્રહ્મ પશ્ચાદ્ બ્રહ્મ દક્ષિણતશ્ચોત્તરેણ ।
અધશ્ચોર્ધ્વં ચ પ્રસૃતં બ્રહ્મૈવેદં વિશ્વમિદં વરિષ્ઠમ્ ॥

બ્રહ્મ અમૃત એટલે વિનાશ રહિત, અવિકારી. આગળ અને પાછળ, ડાબી અને જમણી બાજુઓ પણ બ્રહ્મ જ છે. ઉપર અને નીચે સર્વત્ર ફેલાયેલું, સર્વમાં સર્વરૂપે રહેલું છતાં સર્વથી ઉત્તમ-ઉત્તમોત્તમ તત્વ બ્રહ્મ જ છે.

જો બ્રહ્મ સિવાય કશે કયાંય બીજું કશું નથી તો મિથ્યા શું ? મિથ્યા કોણ ?

ભગવાને નિજ લીલા કરવા માટે પ્રકટ કરેલા આ જગતમાં જીવ મારૂં અને તારૂં કલ્પીને-મમત્વની ભ્રાંતિમાં પડીને પોતપોતાનો સંસાર ઊભો કરે છે. માટે **ભાવો હિ ભવકારણમ્** માનવી એ મનથી પ્રસ્થાપિત કરેલા ભાવો જ સંસારનું કારણ છે.

સંસાર-જગતનો ભેદ

સંસાર થવાનું કારણ જીવનો મોહ છે.

માટી અને માટીના ઘડા વચ્ચે જેમ ભેદ નથી હોતો તેમ બ્રહ્મ (કારણ) અને જગત (કાર્ય) વચ્ચે કોઈ ભેદ નથી. કરણ અને કાર્ય વચ્ચે અભેદ હોવાથી બ્રહ્મ સત્ય છે તો જગત પણ સત્ય છે.

પરંતુ સંસાર સત્ય નથી, તે મિથ્યા જ છે. સંસાર તો ભગવાનની માયાની અવિદ્યા શક્તિ વડે જ જીવને પ્રાપ્ત થયો છે.

મોટે ભાગે મનુષ્યોને જગત અને સંસાર વચ્ચેના ભેદનું જ્ઞાન નથી તેથી મોહ થાય છે. ભગવાનની રમણ કરવાની ઈચ્છાથી તેમણે આ જગતનો આવિર્ભાવ કર્યો જ્યારે સંસાર તો જીવના અહંતામમતાત્મક ભાવના કારણે ઉદ્ભવે છે. જો જીવ અહંતામમતાથી મુક્ત થઈ જાય તો સંસાર નષ્ટ થઈ જાય છે પરંતુ ગમે તેટલું જ્ઞાન થાય જગતનો લય થતો નથી. જગતનો તિરોભાવ તો સર્વસમર્થ પ્રભુની ઈચ્છા થાય ત્યારે જ થાય છે.

જગત સત્ય છે કેમકે તેનું ઉપાદાન-નિમિત્ત કારણ બ્રહ્મ છે પણ સંસાર સત્ય નથી કેમકે તેનું કારણ અવિદ્યા છે.

જીવને સંસારદશાના કારણરૂપ અવિદ્યાના પાંચપર્વ છે. સ્વરૂપ વિસ્મૃતિ, દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, પ્રાણાધ્યાસ અને અંતઃકરણાધ્યાસ. ભગવાનની માયાની જેમ અવિદ્યાનામની શક્તિ જીવને બંધન કરે છે તેમ વિદ્યાનામની શક્તિ જીવને સંસારમાંથી મુક્તિ આપે છે. ભગવદ્ કૃપાથી જીવને વિદ્યા-જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેનાય પાંચપર્વ છે. વૈરાગ્ય, સાંખ્ય, યોગ, જ્ઞાન અને ભક્તિ. આ પંચપર્વા વિદ્યા વડે પંચપર્વા અવિદ્યાનો નાશ થાય છે અને જીવ સંસારના બંધનમાંથી મુક્ત થઈ જાય છે. સંસારનો નાશ થઈ શકે છે એ જ બતાવે છે કે સંસાર સત્ય નથી. સત્યનો નાશ કદી થઈ શકે નહીઃ માટે સંસાર અસત્ય છે. જગત ભગવાનના કાર્યરૂપ છે માટે સત્ય છે.

વિષયભોગની વાસના ય સંસારની પ્રતીતિમાં કારણરૂપ જોવા મળે છે. **વિષય ભોગ**

वासनायां सत्यामविद्यमानोऽपि संसारो बाधते જેનું અસ્તિત્વ નથી એવો સંસાર પણ વિષયભોગની વાસનામાં બાધક થાય છે.

સ્વપ્નમાં દુઃખ પડે તે મિથ્યા જ છે, માયા જ છે પરંતુ તેની નિવૃત્તિ તો જાગવાથી જ થાય છે તેમ સંસારની દુઃખોથી મુક્ત થવું હોય તો સંસારની નિવૃત્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

ઉત્પત્તિ પ્રકાર

વિવર્ત અને વિકાર (પરિણામ) એમ બે પ્રકારે ઉત્પત્તિ વિચારાય છે. આ પ્રકારોને સમજીએ.

(૧) વિવર્ત - **अतत्वतोऽन्यथा प्रथा विवर्त ईत्युदीरितः** એક વસ્તુ વસ્તુ તરીકે કાયમ રહે છતાં અન્યથા દેખાય એને વિવર્ત કહે છે. જેમકે રજ્જુસર્પ. દોરડું જોતાં આ સર્પ છે એવો ભ્રમ થાય. દોરડું સત્ય છે પરંતુ જેને ભ્રમ થાય તેને દોરડું જ સર્પ લાગે છે. જો કે વિવર્તનું નિવારણ સરળતાથી થઈ પણ શકે છે. પ્રકાશ થતાં જ સર્પની પ્રતીતિ નષ્ટ થઈ જાય છે અને દોરડું દોરડું જ અનુભવાય છે.

(૨) વિકાર-પરિણામ. **सतत्वतोऽन्यथा प्रथा विकार ईत्युदीरितः** વસ્તુમાં પરિવર્તન થઈ જાય અને એ કારણે તે અન્યથા દેખાય તે વિકાર અથવા પરિણામ કહેવાય છે. જેમ દૂધમાંથી દહીં થાય તે વિકાર કહેવાય છે. દોરડામાં સર્પનો ભ્રમ્ર થાય તે પ્રકાશથી નિવૃત્ત થાય છે કેમકે દોરડું તો દોરડું જ રહેતું હોય છે એની સ્વરૂપમાં પરિવર્તન આવતું નથી પરંતુ દૂધ તો દહીં બની જ જાય છે અને પછી એ દૂધ રહેતું નથી જ વિકારના ય ત્રણ ભેદ છે. પૂર્ણ વિકૃત પરિણામ, અર્ધ વિકૃત પરિણામ અને અવિકૃત પરિણામ.

(૧) દૂધ દહીં બની જાય પછી પાછું દૂધ કદી ન બને પૂર્ણવિકૃત પરિણામ-

(૨) સોનાના દાગીનાનો ઘાટ ન ગમે અને પાછું ઓગાળી દઈએ તો તે પાછું સોનું બની જાય, દાગીનાના નામ-રૂપનો લય થઈ જાય ધારો એટલી વાર સોનાના દાગીના તેમજ દાગીનાનું સોનું બનાવી શકાય એ પરિવર્તનને અર્ધ વિકૃત પરિણામ કહે છે.

(૩) જેમ ચિંતામણિમાંથી કે કલ્પવૃક્ષમાંથી કોઈ વસ્તુ ઉત્પન્ન થાય તો ચિંતામણિકે કલ્પવૃક્ષનું કશું ઘટતું નથી તેમજ એ વસ્તુ પાછી મળી જાય ત્યારે એ ચિંતામણિકે કલ્પવૃક્ષમાં કશી વૃદ્ધિ થતી નથી માટે તેમાંથી ઉત્પન્ન થનાર ઉત્પત્તિને અવિકૃત પરિણામ કહે છે. બ્રહ્મમાંથી જગત ઉત્પન્ન થાય છે તે આ અવિકૃત પરિણામ તો પ્રકાર છે.

पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

પૂર્ણમાંથી પૂર્ણ ઉત્પન્ન થતાં પૂર્ણ તો પૂર્ણ રહે છે જ. આ ઉદાહરણથી અવિકૃત પરિણામવાદ સમજાય છે.

અખિલ બ્રહ્માંડમાં એકતું શ્રી હરિ, જૂજવે રૂપે અનંત ભાસે.

દેહમાં દેવ તું, તેજમાં તત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે....

પવન તું પાણી તું, ભૂમિ તું ભૂધરા ! વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે.

વિવિધ રચના કરી, અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એ જ આશે....

વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ શાખ દે, કનક કુંડલ વિશે ભેદ ન હોયે.

ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે....

વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એ જ પાસે.

ભણે 'નરસૈંયો' એ મન તણી શોધ ના, પ્રીત કરૂં પ્રેમથી પ્રગટ થાશે....

જગત મિથ્યા નથી પરંતુ બ્રહ્મનું કાર્ય છે એ બ્રહ્મવાદને ભક્ત નરસિંહ મહેતાએ સરળ રીતે સમજાવ્યો છે. પંચેતત્વમાં પરમેશ્વરનો વાસ છે. જીવમાત્રમાં જગદીશ વસેલ છે. જે ભેદ દેખાય છે, વિવિધતા દેખાય છે તે માત્ર નામરૂપમાં જ (કાર્યમાં જ) છે બાકી કારણ તો બ્રહ્મ એક જ છે.

ભૂતળ પરિક્રમા કરતાં શ્રી મહાપ્રભુજી અવંતિકા (ઉજ્જૈન) પધાર્યા ત્યાં કોઈએ કહ્યું કે, "જો ઘટ સરસ્વતી અહીં હોત તો તે શ્રી મહાપ્રભુજીને જીતત." શ્રી મહાપ્રભુજીની સાથે ઘટ સરસ્વતીની મુલાકાત ચેદીપુર (ચંદેલ) માં થઈ. જગત સત્ય છે કે મિથ્યા એ વિષય પર શાસ્ત્રાર્થ થયો.

તેણે દલીલ કરી કે, "બધાનો જન્મ અને નાશ દેખાય છે તો પછી એ બધાને સત્ય કેવી રીતે કહી શકાય ?"

શ્રી મહાપ્રભુજીએ ઉત્તર આપ્યો કે, "વસ્તુના આવિર્ભાવ તિરોભાવથી સત્યપણું નિશ્ચિત છે. ઉત્પત્તિએ ઉત્પત્તિ નથી કિંતુ આવિર્ભાવ છે. વિદ્યમાન વસ્તુના દર્શનની યોગ્યતા એટલે આવિર્ભાવ અને તેથી વિપરીત એટલે તિરોભાવ. ઈશ્વર સર્વશક્તિમાન હોવાથી આવિર્ભાવ તિરોભાવમાં કાર્યકારણતાની હાનિ થતી નથી. શ્રુતિસ્મૃતિમાં જગતને કયાંય મિથ્યા કહ્યું નથી, પુરાણોમાં કયાંય મિથ્યાપણાનું નિરૂપણ છે તે જીવના વૈરાગ્યને માટે છે."

યતિનો શિષ્ય સરસ્વતીના મત્રથી મંત્રિત ઘડો લઈ આવ્યો યતિએ ઘટમા પ્રાણશક્તિનો પ્રવેશ કરાવી સરસ્વતીને પૂછયું, "હે મહેશ્વરી ! સત્ય બોલો. જગત સત્ય કે અસત્ય ? ત્યારે ઘડામાંથી ધીરેથી અવાજ થયો કે "જગત સત્ય છે !" સરસ્વતીએ એ યતિને કહ્યું કે, "વાણીના પતિ શ્રી હરિ છે અને એમનું મુખ શ્રી આચાર્યજી છે. એમના આગળ હું શી રીતે અસત્ય બોલી શકું ? શ્રુતિસ્મૃતિનો મત એ જ છે કે જગત સત્ય છે. જે સત્ય છે તે હું બોલી !"

ભક્તિ પોષણ.

(વંદન ભક્તિ)

એક પણ પ્રણામ શ્રીકૃષ્ણને, જન્મ ધરી જેણે કીધો,
અશ્વમેધ દશ અવભૃથના, ફળ ઉપર પગ તેણે દીધો;
દીધો પગ શા માટે કે'વાય, યજ્ઞ કરે તો યે જન્મતો થાય,
કૃષ્ણ પ્રણામીને નહિ ફરી દેહ, મખથી અધિકતા એમાં એહ
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

શ્રી પાંડવગીતામાં શ્રી સુભદ્રાજી બોલ્યા છે તે શ્લોકનો ભાવ પ્રસ્તુત છે. 'એકોપિ કૃષ્ણસ્ય કૃતઃ પ્રણામો, દશાશ્વમેધાવભૃથેન તુલ્યઃ । (યજ્ઞના અંતે જે સ્નાન થાય છે તેને અવભૃથ સ્નાન કહે છે.) દશ અશ્વમેઘ યજ્ઞના અવભૃથ સ્નાનના કળ કરતાં ય, એકવાર શ્રીકૃષ્ણને કરેલા પ્રણામનું ફળ વધારે છે કેમ કે દશ અશ્વમેઘ યજ્ઞના અવભૃથ સ્નાન કરનારને ફરીથી જન્મ લેવો પડે છે જ્યારે શ્રીકૃષ્ણને પ્રણામ કરે તેને ફરી જન્મ લેવો પડતો નથી એટલે કે એની મુક્તિ થઈ જાય છે.

યજ્ઞ કર્મ છે, વંદન ક્રિયા નથી વંદન તો એક ભાવના છે. ભગવાન મહત્તાને જાણ્યા બાદ ભક્તના હૃદયમાં એમની મહાનતા અને પોતાની અલ્પતાને અભિવ્યક્ત કરવાનો ઉપાય માત્ર નમસ્કારમાં જ છે. ગીતા પ્રસંગે અર્જુનને પ્રભુતા વિશ્વરૂપ દર્શન થયા પછી આ ભક્તિ પ્રકટી છે, એ પ્રસંગ વારંવાર માણવા જેવો છે.

નમન કર્યું નંદલાલને, સ્નેહે મન કર્મ વચન જેણે,
ધર્મ સાધન પૂર્ણ સહુ કર્યાં, નિશ્ચે જાણજો તેણે;
તેણે કર્યું હરિપદ અનુકૂળ, દુઃખ પાપનું ટાળ્યું મૂળ;
દીનભાવે કર્યું વંદન હરિને, તે જનની ગર્ભ ન આવે ફરીને.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

પ્રભુની વંદનામાં જ્યાં સુધી મન, વાણી અને શરીર ન જોડાય ત્યાં સુધી વંદન અધૂરાં છે. માનવી ગમે તેટલી કાળજી રાખીને ધર્મ કાર્યો કરે છતાં કાંઈક ખામી તો રહી જ જવાની

કર્મમાર્ગ જ એવો જટીલ માર્ગ છે કે એના બધાં અંગો પરિપૂર્ણ કરવાં અતિ દુષ્કર છે. એમાંય આ કલિકાલમાં દેશ, કાલ આદિની પરિશુદ્ધિ, વિચારોની વિશુદ્ધિ અને આચારની શુદ્ધિ કયાંથી લાવવી ? માટે પ્રત્યેક ધર્મકાર્યોમાં અધિકાર સિદ્ધિ અર્થે આરંભમાં તેમજ ફલ સંપાદન માટે અંતમાં પ્રભુને વંદન કરવાની પ્રણાલિકા છે.

પ્રભુને પ્રણામ કરવામાં જીવનો નિઃસાધનતા સ્વીકારવાનો ભાવ છે. ભક્તના જોડાયેલા બે હાથ એ ક્રિયાશક્તિ અને નત મસ્તક એ જ્ઞાન શક્તિનું ભગવાનના ચરણમાં સમર્પણ છે. ભક્તનો એ એકરાર છે કે,'હું કાંઈ કરતો નથી તેમજ હું કાંઈ પણ જાણતો નથી !'

ભગવાનનું પદામ્બુજ 'પ્રણત દેહિનાં પાપકર્ષણમ્' છે જે પ્રણામ કરે છે તેના પાપ તાપને હરે છે. ભાવપૂર્વક વંદન ભક્તિ તો મુક્તિપર્યંત ફલ આપે છે ભકતોને 'ચરણસ્પર્શ' તો મુકિતથી ય અધિક ફલરૂપ છે.

સ્વાધ્યાય - ૧૫

ગુરૂ

ગોપિકાઃ પ્રોક્તાઃ ગુરવઃ સ્નેહરૂપ પુષ્ટિમાર્ગને પ્રકટ કરનારા હોવાથી વ્રજના ગોપીજનો પુષ્ટિમાર્ગમાં ગુરૂ સ્થાને છે.

શિષ્યને નવો જન્મ આપે છે માટે ગુરૂ બ્રહ્મા છે. શિષ્યની ગુણાત્મક સંપદાની સંભાળ રાખે છે માટે, શિષ્યનો નિર્વાહ કરે છે માટે ગુરૂ વિષ્ણુ પણ છે, શિષ્યના દોષો, ક્ષતિઓ અને અપરિપક્વતા નાશ કરે છે. માટે તે શંકર પણ છે. ગુરૂ તો પરમાત્માનું જ કૃપા-સ્વરૂપ છે માટે તે સાક્ષાત્ પરબ્રહ્મ છે.

'વિશ્વાસઃ ગુરૂવાકયેષુ' જેને ગુરૂના વચનમાં વિશ્વાસ હોય એની સંભાળ પ્રભુ પણ લે છે. ગુરૂવાક્યના વિશ્વાસુને માટે વિધિના લેખ બદલવા પડે તો પણ પ્રભુ બદલે છે. ભગવાન કદી અપ્રસન્ન થયા તો સદ્ગુરૂ રક્ષા કરશે પરંતુ ગુરૂના દ્રોહીને તો ભગવાન ય ક્ષમા નથી કરતા. ગુરૂમાં દોષ જોનાર નો કયાંય નિસ્તાર નથી. ગુરૂમાં મનુષ્યભાવ ન રાખવો. પરમાત્મા જ આપણી પાસે સર્વપ્રથમ સદ્ગુરૂનું રૂપ લઈને પધારે છે. ગુરૂ વિના જ્ઞાન મળે નહીં અને કદાચ જ્ઞાન મળે તો ફળે નહીં !

ગુરૂની આવશ્યક્તા.

છાંદોગ્ય ઉપનિષદ્ એમ કહે છે કે **આચાર્યવાન્ પુરુષો વેદ** એટલે કે આચાર્યવાન (ગુરૂ હોય તેવો) માનવી જ્ઞાન પ્રાપ્ત કરે છે. આત્મકલ્યાણની ઈચ્છાવાળા મનુષ્યે આચાર્યને-સદ્ગુરૂને પ્રાપ્ત કરવા આવશ્યક છે.

નિરાલમ્બો યથા લોકે સ્થાનભ્રષ્ટો નિગદ્યતે ।
હરેઃ કૃપાવિશિષ્ટોઽપિ ગુરૂહીનસ્તથૈવ ચ ॥
યથા ભક્તિસ્વતંત્રોક્તા ગુરુસેવાપિ તાદૃશી ॥

જેમ લોકમાં આશ્રય રહિત પુરૂષ સ્થાન ભ્રષ્ટ થાય છે તેમ હરિની કૃપાવાળો પુરૂષ પણ જો ગુરૂરહિત હોય તો તે પણ સ્થાનભ્રષ્ટ થાય છે. જેમ ભક્તિને સ્વતંત્ર કહેવામાં આવી છે તેમ ગુરૂસેવા પણ તેવી જ છે.

ગુરૂવિના જ્ઞાન નથી એ વાત શાસ્ત્રો ફેરવી ફેરવીને કરે છે જ. કઠોપનિષદે ગુરૂ મહિમા વર્ણવતા સમજાવ્યું છે કે **નૈષા તર્કેણ મતિરાપનેયા પ્રોક્તાન્યેન સુજ્ઞાનાય પ્રેષ્ઠ** તર્ક દ્વારા, યુક્તિ દ્વારા આ તત્વને જાણી શકાય તેમ નથી તત્વવિદ્ સદ્ગુરૂ જણાવે તો જ એને જાણી શકાય. જીવ ગમે તેટલો બુદ્ધિમાન હોય પરંતુ પોતાની બુદ્ધિવડે એ પરમતત્વને

જાણી શકતો નથી જ. સત્ શાસ્ત્રો દ્વારા એને સમજી શકાય-પરંતુ શાસ્ત્રનો સાચો અર્થ પણ સદ્‌ગુરૂની કૃપાથી જ સમજી શકાય છે. સ્વતંત્ર રીતે શાસ્ત્રને સમજવા જતાં ભ્રાંતિ થવાની સંભાવના પણ ખરી.

ગુરૂના લક્ષણ.

કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દંભાદિરહિતં નરમ્ ।
શ્રી ભાગવતતત્વજ્ઞં ભજેજ્જિજ્ઞાસુરાદરાત્ ॥

ભગવત્કૃપા પાત્ર અધિકારીએ કેવા ગુરૂ કરવા એની ચર્ચા શ્રી મહાપ્રભુજી કરે છે, જે શ્રીકૃષ્ણની સેવામાં તત્પર હોય, દંભ, કામ, લોભ તથા અન્ય કપટદોષથી રહિત હોય, શ્રીમદ્‌ભાગવતના તત્વનું જ્ઞાન જેમણે પ્રાપ્ત કર્યું હોય એવા નરને ગુરૂ કરવા. **યઃ કશ્ચિત્ સ્વસ્ય પુરૂષાર્થ સાધકઃ સ ગુરૂઃ સ પૂજ્યઃ** જે પુરૂષાર્થ પ્રાપ્ત કરાવે તે ગુરૂ.

આવા ગુરૂની સારી રીતે પરીક્ષા કરીને, તેમની જેવી આજ્ઞા હોય તેમ શરણાગત શિષ્યે સ્નેહભાવે વર્તવું.

ગુરૂ પોતે ભક્તિમાર્ગીય પુરૂષાર્થને સાધનારા હોય એટલું જ પર્યાપ્ત નથી જ, એ પોતાના શરણાગત શિષ્યોને પણ ભક્તિમાર્ગીય પુરૂષાર્થ સિદ્ધ કરાવી શકે એવા સમર્થ હોવા જોઈએ. નિષ્કામપણે, સ્નેહથી શ્રીકૃષ્ણની સેવા કરનાર ગુરૂ જ શિષ્યને તેવો ઉપદેશ આપી શકે છે. જે સ્વયં સેવાપરાયણ ન હોય એ શિષ્યને પ્રભુસેવાનો બોધ શી રીતે આપી શકે ?

ઉપરોક્ત લક્ષણોવાળા ગુરૂ ન સાંપડે તો શું કરવું એની સ્પષ્ટતા પણ શ્રી મહાપ્રભુજીએ કરી છે. જો આવા ગુરૂ ન મળે તો પણ ભગવદીયે સર્વથા નિઃસંદેહ થઈને ભગવત્સ્વરૂપ જે પોતે જ પધરાવીને તેની સેવામાં પરાયણ થઈ રહેવું. કોઈ પણ સંજોગમાં ભક્તે ભગવત્સેવા કર્યા વિના ન જ રહેવું.

શ્રીમદ્ આચાર્યજી પ્રત્યે જ પરમગુરૂભાવ-અનન્ય આચાર્યભાવ તેમજ અનન્ય ભગવદ્ ભાવ ધરાવવો અને પોતે જાતે જ કૃષ્ણસેવા સદા કરીને પોતાના વૈષ્ણજન્મને સફળ કરવો.

• ગુરૂ નર હોવા જોઈએ એટલે પોતે પુરૂષાર્થ સિદ્ધ કરે અને બીજાને પણ સિદ્ધ કરાવે એવા હોવા જોઈએ. આ પુરૂષાર્થ પણ ભક્તિપુરૂષાર્થ સમજવો.

શિષ્યે ગુરૂની સારી રીતે પરીક્ષા કરવી. એમ ન કરવામાં આવે તો જેમ એક અંધ પુરૂષને અનુસરતો બીજો અંધ પુરૂષ પણ ખાડામાં પડે છે. તેમ ગુરૂની પરીક્ષા કર્યા વિના તેમને અનુસરનારો શિષ્ય ખાડામાં પડે છે. અહીં તો ગુરૂ અને શિષ્ય અંતેનું અધઃ પતન થાય છે. આંધળો આંધળાને દોરે એના જેવી આ દશા થાય.

ગુરૂભક્તિ.

यस्य देवे परा भक्ति र्यथा देवे तथा गुरौ ।

तस्यैते कथिता ह्यर्था प्रकाशन्ते महात्मनः ॥

(શ્વેતા. ઉપનિષદ્) મનુષ્યની ભગવાનમાં પરમ ભક્તિ હોવી જોઈએ અને જેવી ભગવાનમાં પરમભક્તિ હોય તેવી જ ગુરૂમાં પરમભક્તિ જરૂરી છે. ગુરૂ પ્રસન્ન થતાં જ શિષ્યના હૃદયમાં પ્રકાશ પથરાઈ જાય છે.

કોઈપણ રીતે, જે ઉપદેશ આપે તો ગુરૂ. આદર્શ જીવન પ્રણાલી દ્વારા, શાબ્દિક ઉપદેશ આપ્યા વિના પણ સદ્ગુરૂ સદ્ધર્મ પ્રવર્તાવી શકે છે તેનું સર્વોત્તમ ઉદાહરણ વ્રજના શ્રી ગોપીજનો છે. એમણે પુષ્ટિમાર્ગને ઉપદેશ દ્વારા નહીં પરંતુ પોતાના તન, મન, ધન અને જીવનને કૃષ્ણપ્રેમમય બનાવીને વિશ્વને પુષ્ટિમાર્ગ સમજાવ્યો છે અને એટલે જ એમને પુષ્ટિમાર્ગમાં ગુરૂ માન્યા છે.

શ્રી અનંત પ્રભુના ગુણ શ્રવણને લીધે તેમજ તેમને મળવાની આર્તિથી ઉત્પન્ન થયેલ વિરહરૂપ વ્યાકુળતા-એ શ્રી કૌંડિન્ય ઋષિ પાસેથી વૈષ્ણવોએ શીખવા જેવું છે. કૌંડિન્ય ઋષિ પુષ્ટિમાર્ગીય ન હતા છતાં વિરહ આર્તિના વિષયમાં એમને શિક્ષાગુરૂ માનવા જોઈએ.

માર્ગનિષ્ઠા.

આપમેળે પ્રાપ્ત કરેલા જ્ઞાનથી પુષ્ટિમાર્ગમાં નિષ્ઠા સિદ્ધ થતી નથી. માર્ગનિષ્ઠા તો શ્રી ગુરૂદેવના વચનામૃતથી સિદ્ધ થાય છે. (વચનામૃતના વિષયમાં બંને પક્ષે એટલો તો વિવેક આવશ્યક છે જ કે વચનામૃત માર્ગીય સિદ્ધાંત અનુરૂપ જ હોય અને ભગવદીયોએ પણ વચનામૃતનો અર્થ સ્વબુદ્ધિએ અથવા સ્વરૂચિ અનુસાર ન કરવો પરંતુ પરંપરા અનુસાર જે અર્થ માર્ગીય સિદ્ધાંતોને અનુરૂપ હોય એમ જ કરવો.)

ગુરૂદેવને સર્વસ્વ જાણીને, શ્રી મહાપ્રભુજીનો આશ્રય કરીને શ્રી કૃષ્ણને ભજવા.

જગદ્ગુરૂ ભગવાન શ્રીકૃષ્ણે પણ ગુરૂ કર્યા હતા. શ્રી રામે પણ ગુરૂ કર્યા હતા. કેવળ કરવા ખાતર ગુરૂ કર્યા હતા એમ નહીં પરંતુ એમણો શ્રી ગુરૂદેવની સેવાટહેલ પણ કરી હતી. શ્રીકૃષ્ણ ભગવાન હોવા છતાં સાંદીપની ઋષિને ત્યાં લાકડાં વીણવા જેવી (તનુજા) સેવા પણ કરતા હતા. એમણે જગતને આ આચરણ દ્વારા બોધ આપ્યો છે કે મહાનમાં મહાન હોય એણે ય ગુરૂના આશીર્વાદ લેવા જરૂરી છે. ગુરૂનું ઋણ શિષ્ય કદી ઊતારી શકે જ નહીઃ તે ગમે તેટલી તનુવિત્તજા સેવા કરે તોય ગુરૂનો ઋણી જ રહે છે કેમકે ગુરૂની કૃપા નિરપેક્ષ હોય છે, અકારણ જ હોય છે.

साधूनां समयश्चापि प्रमाणं वेदवद् भवेत સંત-સાધુ સદ્ગુરૂનો શિષ્ટઆચાર પણ વેદસમાન પ્રમાણ છે. શાસ્ત્રના ઊંડી રહસ્યને જે સમજી ન શકે તેણે

સદ્‌ગુરૂની આજ્ઞા અનુસાર જીવન જીવવું જોઈએ. શાસ્ત્ર અનેક મતમતાંતર ઉપસ્થિત કરે છે, વિદ્વાનોની મતિ પણ કર્તવ્ય-અકર્તવ્ય તો નિર્ણય કરવામાં મૂંઝાઈ જાય છે ત્યારે મહાનુભાવ-સદ્‌ગુરૂની આજ્ઞા તેમજ વેદાજ્ઞા માનીને, તેને જ પ્રમાણ માનીને તે અનુસાર આચરણ કરવું.

ગુરૂ આજ્ઞામાં સંશય ન કરવો. ગુરૂના સ્વમુખેથી ભગવાન જ આજ્ઞા કરે છે તેમ માનવું. એ આપણું અનિષ્ટ અને અહિત કદી નહીં થવા દે એમ સમયને પૂર્ણ વિશ્વાસ રાખીને આજ્ઞા પાલન કરવું.

શિષ્યના કલ્યાણ માટે ગુરૂની પ્રસન્નતા આવશ્યક છે. **બ્રૂયુઃ સ્નિગ્ધસ્ય શિષ્યસ્ય ગુરવો ગુહ્યમપ્યુત** સ્નેહપાત્ર શિષ્યને ગુરૂ ગુપ્ત રહસ્ય પણ કહી દે છે. !

ગુરોઃ સ્થાને ધાષ્ટર્યેન ન ગંતવ્યમ્, નાપિ રિક્તહસ્તાદિના ગુરૂ પાસે અવિવેકથી ન જવું તેમજ ગુરૂ પાસે ખાલી હાથે પણ ન જવું. ગુરૂનું પૂરેપુરૂં સન્માન જાળવવું.

ગુરૂ બિન ઐસી કૌન કરે ?

માલા તિલક મનોહર બાના, લૈ સિર છત્ર ધરૈ ॥

ભવ સાગર તેં બૂડત રાખે, દીપક હાથ ધરૈ ।

'સૂરસ્યામ' ગુરૂ ઐસો સમરથ, છિનમેં લૈ ઉધરે ॥

આ નાનકડા પદમાં શ્રી સૂરદાસજીએ ગુરૂમહિમાનું સુંદર રીતે ગાન કર્યું છે. શ્રી ગુરૂદેવ વિના આવી કૃપા કોણ કરે ?

તુલસીની માલા (કંઠી) અને સુંદર તિલક એ ગુરૂદેવનો સ્વરૂપવૈભવ, એ એમની શોભા, શૃંગાર. સ્વયં વૈરાગ્યની મૂર્તિ હોવા છતાં એ શિષ્યને એ છત્રપતિ બનાવી દે છે. શિષ્યને માથે ગુરૂની કૃપા શિરત્રાણ બનીને એને સંસારના સંતાપ અને દુઃખની વૃષ્ટિથી રક્ષા કરે છે. પોતાના શિષ્યને સંસાર સમુદ્રમાં એ ડૂબવા દેતા નથી અને એના જીવનપથને અજવાળે છે. ઉપર છત્ર બનીને, નીચે નૌકા બનીને અને આગળ આગળ દીપક બનીને સદ્‌ગુરૂ શિષ્યને બધી જ રીતે રક્ષે છે, પલકવારમાં તેનો ઉદ્ધાર કરી દે છે.

વ્રજ પરિક્રમા વખતે શ્રી મહાપ્રભુજી ગહ્વર વન પધાર્યા. ત્યાં એક અજગરને અસંખ્ય કીડીઓ વળગીને તેને ફોલી ખાતી હોય એવું દૃશ્ય જોવા મળ્યું. કૃપાનિધિ શ્રી વલ્લભના હૃદયમાં કરૂણા જાગી., એમણે કૃષ્ણદાસ પાસેથી કમંડલ લઈને તેમાં રહેલ ભગવાનનું ચરણોદક તે અજગર અને કીડીઓ પર છાંટયું. પરિણામે તેઓની સદ્‌ગતિ થઈ પરંતુ શ્રી આચાર્યજી ઊંડી વિચારમાં ખોવાઈ ગયા. પોતાના સેવકોની સાથે ઘણા સમય સુધી બોલ્યા પણ નહીં, ગંભીર થઈ રહ્યા. પોતાના મુકામે પાછા આવ્યા બાદ પણ શ્રી મહાપ્રભુજી એ જ પ્રકારે ગંભીર થઈ રહ્યા એટલે દામોદરદાસજીએ પ્રશ્ન કર્યો કે, આજ કેમ ઉદાસ દેખાવ છે ?

શ્રી મહાપ્રભુજીએ ઉત્તર આપ્યો કે, "વનમાં પેલા અજગરને જોઈને મારૂં મન ઉદાસ થઈ ગયું. એ અજગર પૂર્વજન્મમાં વૃંદાવનનો એક મહંત હતો. એણે ઘણા સેવકોનું પુષ્કળ દ્રવ્ય લીધું હતું અને એ દ્રવ્ય ભગવત્કાર્યમાં કે પરોકારમાં ન વાપરતાં અંગત ભોગવિલાસમાં જ ખરચ્યું. ગુરૂ જે કરે તેનો પ્રભાવ શિષ્યો પર પડે જ. તે મહંતના શિષ્યો પણ મોજશોખમાં પડી ગયા. મરણ બાદ એ ગુરૂ અને શિષ્યો બંનેની દુર્ગતિ થઈ ! મહંતને અજગરનું શરીરનું શરીર મળ્યું અને એના શિષ્યો કીડી થયા. શિષ્યોએ બદલો લીધો, અજગરને ફોલી ખાધો, તેમ જ ગુરૂને ઠપકો પણ આપ્યો જે, જ્યારે તારામાં કોઈનો ઉદ્ઘાર કરવાની શક્તિ ન હતી તો પછી તેં અમને શિષ્ય કરીને શા માટે બરબાદ કર્યા ? શા માટે અમારૂં ધન હરી લીધું અને અમને આત્મકલ્યાણનો માર્ગ ન બતાવ્યો ?" શ્રી મહાપ્રભુજીએ પોતાના શિષ્યગણને આ દ્રષ્ટાંત આપીને સમજાવ્યું, સમગ્ર પુષ્ટિ સૃષ્ટિને બોધ આવ્યો કે, દરેક ગુરૂ, દરેક આચાર્ય સમજવું જોઈએ કે, જો પોતામાં પોતાના શિષ્યોનું કલ્યાણ કરવાની શક્તિ ન હોય અને એ સાચી રીતે ભગવાનમાં લીન થયો ન હોય તો તેનો પોતાનો તેમજ પોતાના શિષ્યોનો ભવ ન બગાડવો તેણે ગુરૂ થવાનો મોહ ન રાખવો.

ગુરૂ થવાનો અધિકાર માત્ર એને જ છે કે જેનામાં સત્પુરૂષના લક્ષણો હોય. કૃપાવાન, કોઈપણ પ્રાણીનો દ્રોહ ન કરનાર, ક્ષમાવાન્, સત્યરૂપી બળવાળો, ઈર્ષ્યાદિકથી રહિત, સુખદુ:ખમાં સમાન, યથાશક્તિ સર્વનો ઉપકાર કરનાર, વિષયોથી ક્ષોભ ન પામનાર, જીતેન્દ્રિય, કોમળ ચિત્તવાળો, સદાચારી, ધનમાં અનાસક્ત, મિતાહારી, શાંત, સ્વધર્મનિષ્ઠ, ભગવાનનો જ આશ્રય કરનાર, મનનશીલ, સાવધાન, નિર્વિકાર, કષ્ટમાંય ધીરજ રાખનાર, ભૂખ તરસ શોક મોહ જરા અને મૃત્યુથી પ્રભાવિત ન થનાર, માનની કામના ન રાખનાર, બીજાઓને માન આપનાર, બીજાઓને જ્ઞાન આપવામાં ચતુર, સર્વનો મિત્ર, કરૂણાના ભાવથી જ દરેક કાર્ય કરનાર અને જ્ઞાની નરને સત્પુરૂષ કહેવાય. આ લક્ષણો ગુરૂમાં હોવા જોઈએ.

ભક્તિ પોષણ

(દાસ્ય ભક્તિ)

દાસપણામાં સૌભાગ્ય છે, પતિ પુરૂષોત્તમ જેને માથે,
ઘણી છતે વિધવાપણું બ્રહ્મજ્ઞાની માન્યુ મન સાથે,
મન સાથે જે માને હુ ભૂપ, જગત, પૂજે જાણી રાણીનું રૂપ;
પણ યતિ સુખ સ્વપ્ને નહીં એને, એખે એ અથડાય છે શેને
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ....

ભગવદ્ ભક્તિનો એક પ્રકાર છે દાસ્યભક્તિ. ભગવાન મારા સ્વામી છે અને હું દાસ

છું એ ભાવ આ ભક્તિનું હાર્દ છે. સખ્ય ભક્તિમાં પ્રવેશ કરવા માટે પણ દાસ્ય ભક્તિ દ્વારરૂપ છે. દાસ્યભાવનો અનુભવ ન હોય એને, સખ્ય ભક્તિમાં ભગવાન સાથે સમાનતાના વ્યવહારમાં અપરાધ થવાની સંભાવના રહે છે. જીવ ગમે તેટલો મહાન હોય પરંતુ ભગવાનની સમાન તો નથી જ.

પૂર્ણ પુરૂષોત્તમ સમર્થના સેવક હોવું એ સેવકનું સૌભાગ્ય છે. પત્ની પોતાને પત્ની માને એ બરાબર પરંતુ પોતાને જ સ્વામી માનવા માંડે એ કેવું ? એ વાત સાવ સ્પષ્ટ છે કે જીવ જગતનો સ્વામી નથી. સૌ જાણે છે કે જીવનું ધાર્યું થતું નથી. હવે એ જીવ પોતાને પૂર્ણબ્રહ્મ માની બેસે એ યોગ્ય છે ? અહં બ્રહ્માસ્મિ કહેતાં કોઈ જીવમાં બ્રહ્મની વ્યાપક્તા, સર્વોપરિતા અને સર્વશક્તિમત્તા આવી જતી નથી. અંશે તો અંશીના દાસ, સેવક રહેવામાં જ શાણપણ છે.

દાસપણે (જે) આનંદ છે, તે નથી મળે જગદીશ;
જ્ઞાનીનું સુખ એવુ જાણજો, પાઘ આશે છેદાવે શીશ;
શીશા છેદ્યા પછી મુગટ ક્યાં ધારે, સહુ મૂર્ખ કોઈ મનમાં ન વિચારે
જળને શો જળપાનનો સ્વાદ, જન જુદો રહી પામે આલ્હાદ,
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

જીવ પોતાને સચ્ચિદાનંદ બ્રહ્મ કહાવે એ તો યોગ્ય નથી જ વળી દાસ્યભક્તિમાં જે આનંદ છે તે પૂર્ણ બ્રહ્મ સાથે સાયુજ્યમાં, એકતામાં નથી જ. બ્રહ્મ સાયુજ્યને જે પરમફલ માને છે તે 'માથું પાઘડી બાંધ્યા' જેવો ઘાટ થાય છે. જો મસ્તક જ છેદાઈ જાય તો પછી પાઘડી ક્યાં બાંધવી ? એમ જીવને જો બ્રહ્મ સાથેના સાયુજ્યમાં પોતાનું સ્વરૂપ જ ન રહેતું હોય તો આનંદનો અનુભવ જ ક્યાંથી થવાનો ? અનુભવ માટે ભોક્તા અને ભોગ્યનો ભેદ હોવો જરૂરી છે.

જળને જળમાં રેડી દઈએ તો કોઈને કશી તૃપ્તિ નથી, કશું સુખ નથી કિંતુ તરસ્યાને જળ મળે તો ? સાકરને સાકરના સ્વાદની કશી જાણ થઈ જ ન શકે. સાકરનો સ્વાદ તો તેને ચાખનારને જ જણાય. માટે જ્યારે જ્યારે પ્રભુએ પોતાના લાડીલા ભક્તોને મુક્તિ આપવાની વાત કરી છે ત્યારે ભક્તોએ મુક્તિને બદલે તેમની સેવા માંગી છે, દાસભાવ માગ્યો છે. એમાં જ એની કૃતાર્થતા છે.

स्वाध्याय १६

બ્રહ્મ સંબંધ

ભગવત્સંબંધો હિ કોટિ કલ્પવૃક્ષાદપ્યધિક: । સંપ્રાપ્ત: કેન વા ત્યક્તું શક્ય: ?

ભગવાનનો સંબંધ કરોડો કલ્પવૃક્ષોથી ય અધિક છે. તે પ્રાપ્ત થયો હોય તો કોણ તેનો ત્યાગ કરી શકે ?

યથાકથંચિત્ ભગવદ્ સંબંધ: સર્વથા મોચક: કોઈપણ રીતે થયેલો ભગવાન સાથેનો સંબંધ સર્વથા મુક્તિ કરાવનાર છે.

ભગવાન સાથે નો સંબંધ અથવા પુષ્ટિમાર્ગીય દીક્ષા સંસ્કાર બે પ્રકારે બે તબક્કે, સિદ્ધ થાય છે. શરણમંત્રના ઉપદેશ રૂપે અને આત્મનિવેદન રૂપે જેમાં શરણમંત્રના ઉપદેશથી- 'શ્રીકૃષ્ણ: શરણં મમ' આ અષ્ટાક્ષર મહામંત્રના ઉપદેશથી મનુષ્યને વૈષ્ણવતા સિદ્ધ થાય છે તેમજ આત્મનિવેદન (બ્રહ્મસંબંધ) થી તે વૈષ્ણવ ભગવાનની સેવા કરવાનો અધિકારી થાય છે.

બ્રહ્મ સત્ ચિત્ આનંદ છે અને તેનો અંશ જીવ હોવાથી તે ય સત્ ચિત્ આનંદ છે પરંતુ (રમણાર્થે) જીવનો આનંદ અંશ તિરોહિત થયો છે. આના પરિણામે જીવ 'પોતાનું સર્વ કાંઈ પોતાનું નથી પરંતુ ભગવાનનું છે' એ વાત વિસરી જાય છે અને તે પોતાની વિશે અહંતા તેમજ અન્ય પદાર્થો વિશે મમતા રૂપી દોષને આધીન થઈ જાય છે. ભગવદંશ હોવા છતાં જીવને આ કારણે કલેશ અને દુઃખ ભોગવવા પડે છે. બ્રહ્મસંબંધની પ્રક્રિયામાં આ ભક્તિમાર્ગના તો ખાસ દોષરૂપ અહંતા અને મમતાના નિવારણનો વિચાર કરવામાં આવેલ છે. 'દાસભાવે પ્રભુને સર્વસ્વનું નિવેદન' એ અહંતા તેમજ મમતાની નિવૃત્તિનો સચોટ ઉપાય છે.

જીવ ભગવાનનો દાસ છે, તે તો પ્રતિક્ષણ ભગવદ્ ઈચ્છાને જ આધીન છે. તેના જીવનમાં અને સમગ્ર વિશ્વમાં ભગવદીચ્છા જ પ્રવર્તી રહી છે એવો વિવેક એ જીવની અહંતાનો નાશ કરે છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લય રૂપી લીલા તેમજ જીવના વ્યુચ્ચરણ-વિયોગ સંયોગ રૂપ લીલા ભગવદીચ્છાથી થાય છે. તે અનુસાર જીવે વર્તવાનું છે: તેમજ **यो यदंश: स तं भजेत्** જે જેનો અંશ હોય તે તેને ભજે-તેનો આશ્રય કરે એ જ યોગ્ય છે.

શ્રાવણ માસના શુકલ પક્ષની એકાદશીની મધ્ય રાત્રે સાક્ષાત્ ભગવાને પ્રકટ થઈને બ્રહ્મસંબંધની આજ્ઞા શ્રી વલ્લભપ્રભુને કરી છે. જેમ શ્રી ગોકુળમાં ભગવાને (વ્યૂહાત્મક રૂપે નહીં પરંતુ) સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ રૂપે પ્રકટ થઈને ભક્તોની ઈચ્છિત કાર્યો કર્યા છે તેમ

અહીં શ્રી મહાપ્રભુજીને પણ સાક્ષાત્ પૂર્ણપુરૂષોત્તમે જ બ્રહ્મસંબંધનો ઉપદેશ આપેલ છે.

આ આજ્ઞા-આ કથન સ્વપ્ન દ્વારા કે આકાશવાણી જેવા રૂપે નહીં, પરંતુ પ્રભુએ પોતે પૂર્ણ પ્રાકટ્યથી કરેલ છે. અને તે અક્ષરે અક્ષર શ્રી મહાપ્રભુજી દ્વારા આપણને કહેવાયેલ છે, કે બ્રહ્મસંબંધ કરવાથી (એટલે કે આ માર્ગના આચાર્ય દ્વારા ભગવાનને નિવેદન કરવાથી) બધાના દેહોના તેમજ બધાના જીવોના સેવામાં અંતરાય કરનારા બધા દોષોનો નાશ થઈ જાય છે.

આ સંસ્કારમાં ઈશ્વર, પુરૂષોત્તમ કે ભગવાન શબ્દનો પ્રયોગ કરવાને બદલે 'બ્રહ્મ' શબ્દનો પ્રયોગ કરવાનું કારણ એ કે બ્રહ્મમાં 'સર્વને સમાન હોવાનો' ગુણ છે. તેમ અહીં પણ શ્રી આચાર્યજી દ્વારા નિવેદન કરાવ્યા પછી અંગીકારમાં સર્વનું સમાનપણું જ છે. કોઈ ભેદભાવ નથી.

ભક્તિમાર્ગમાં ભગવદીય પણ થી જ સર્વદોષોનો નાશ થાય છે, અને સેવાની યોગ્ય સિદ્ધ થાય છે. સંપૂર્ણ નિર્દોષની સાથે સંબંધ થવાથી જ નિર્દોષતા સાંપડે અને સંપૂર્ણ નિર્દોષ તો ભગવાન જ છે. તેથી **નિર્દોષ અને સમ** એવા બ્રહ્મ સાથેનો સંબંધ જીવને સમાન રીતે નિર્દોષતા આપે છે.

બ્રહ્મ સંબંધથી બધા એટલે કે જીવના પાંચ પ્રકારના દોષોનો નાશ થાય છે. સહજા, દેશ અને કાલોત્થા, સંયોગજા અને સ્પર્શજા એવા આ પાંચ દોષો છે.

(૧) સહજા દોષો - દેહની સાથે ઉત્પન્ન થનારી. દેહ પંચભૂતોનો બનેલો છે અને પંચભૂતોનો ભગવાનના આધિદૈવિક પૂર્ણપુરૂષોત્તમ સ્વરૂપ સાથે સીધો સંબંધ નથી તેથી દેહમાં દોષો સંભવે છે. પૂજા માર્ગમાં ભૂતશુદ્ધિ જેવા પ્રકારથી આ દોષોનો નાશ કરવામાં આવે છે.

(૨) દેશોત્થા દોષો - સ્થાન સંબંધી દોષ. જે સ્થળમાં બેસીએ તે સ્થળના ગુણદોષોનો પ્રભાવ પણ આપણા ઉપર પડે છે જ. ભૂમિના દોષો દૂર કરવાનું પૂજા માર્ગમાં ય આવશ્યક માન્યું છે. **પવિત્રં કુરુ ચાસનમ્** 'મારી આસનને પવિત્ર કરો' એવા મંત્રો **અપ: સર્વન્તુ તે ભૂતા:** વિઘ્ન કરનારા ભૂતત્વો દૂર થાય' એવા મંત્રો વડે પૂજા માર્ગમાં ય દેશની શુદ્ધિ માની છે. અશુદ્ધ ભૂમિગત દોષને દેશોત્થ દોષ.

(૩) કાલોત્થ દોષ - કાલમાં પણ દોષ સંભવે છે. પ્રાતઃ કાલના સંધ્યાવંદનાદિ કર્મો પ્રાતઃ કાલે ન કરાતાં જો સાયંકાલે કરવામાં આવે તો તેને કાલ દોષ લાગે છે જ. કાલના પણ શુદ્ધ, અશુદ્ધ, વિહિત, નિષિદ્ધ જેવા ભેદ છે.

(૪) સંયોગજા દોષ - પવિત્ર ન કરેલા હોય એવા જલ, પદાર્થો વિ. ના સંયોગથી પવિત્ર કરેલા પદાર્થો દૂષિત થઈ જાય છે. આ સંયોગજન્ય દોષ કહેવાય.

(૫) સ્પર્શજા દોષો - સ્પર્શથી ઉત્પન્ન થતા દોષો. પવિત્ર કરેલા જલ, પુષ્પ આદિ પદાર્થોને અયોગ્ય વ્યક્તિ કે પ્રાણીનો જો સ્પર્શ થઈ જાય તો તે પદાર્થો પવિત્ર રહેતા નથી

એમજ પવિત્ર થયેલ વ્યક્તિનો અપવિત્ર વ્યક્તિ, પ્રાણી કે પદાર્થને સ્પર્શ કરે તો પવિત્ર રહેતી નથી. માટે એ દોષને સ્પર્શજ દોષ કહે છે.

ઉપરોક્ત પાંચ દોષો તેમજ દૈવયોગે સંભવતા અન્ય દોષોનો બ્રહ્મસંબંધથી સંપૂર્ણ નાશ થઈ જાય છે. પૂજા માર્ગના ઉપરોક્ત દોષો તો ભક્તિમાર્ગમાં સંભવતા જ નથી. માટે બ્રહ્મસંબંધ સંસ્કાર પછી તો એ દોષાના અસ્તિત્વને માનવું જ નહીં. અધોક્ષજ ભગવાનમાં ભક્તિયોગ અનર્થને શાંત કરનાર છે તેમજ ભક્તિનો ચાંડાલને ય પવિત્ર કરે છે એવા પ્રમાણે ઘણાં સુલભ છે. એટલે કે એક તો સ્વયં ભક્તિમાર્ગ જ સર્વદોષને હરનાર છે અને એમાંય સર્વદોષરહિત પૂર્ણપુરૂષોત્તમ સાથે થતો સંબંધ તો દોષોને રહેવા જ દે કેવી રીતે ?

બીજા કોઈ પ્રકારે સર્વદોષોનો નાશ સંભવતો નથી. જો કે બ્રહ્મસંબંધ પામેલા નિવેદી જીવને જીવનપર્યત દોષોનો અભાવ રહે એ પણ જરૂરી છે અને તેથી ભાવિ નિર્દોષ સ્થિતિ માટે બ્રહ્મસંબંધ જેવું જ અન્ય સાધન 'બ્રહ્મથી સંબંધરહિત વસ્તુઓનો ત્યાગ' કહયો છે. **असमर्पित वस्तुनां तस्माद्वर्जन माचरेत्, निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः ॥** આ માર્ગમાં ભગવાન સાથે સંબંધ થયો ન હોય તેવી વસ્તુના સંબંધથી જ દોષ થાય છે. તેથી ભક્તે ભગવાનને સમર્પિત ન હોય એવી વસ્તુઓનો ત્યાગ કરવો, સંબંધ ન કરવો. સમર્પિત એવા વૈષ્ણવે પોતાના લૌક્કિ અને વૈદિક સર્વનું ભગવાનને સમર્પણ કરેલું જ છે માટે નિત્ય સર્વ સમર્પણનો આગ્રહ રાખવો. નિવેદન એટલે જરૂરી પદાર્થો ભગવદ્ આજ્ઞા અનુસાર ભગવાનને સમર્પણ.

સંબંધથી કૃતાર્થતા

કોઈપણ નિમિત્તે, કોઈપણ કારણે પ્રભુ સાથે સંબંધ થતાં પ્રભુ તે જીવને યથા અધિકાર ભોગ, મોક્ષ કે સ્વરૂપાનંદરૂપી ફલનું દાન કરે છે. ભગવાન સાથે સંબંધ થવો એ મુખ્ય વાત છે, આ સંબંધ વિધિરૂપ કે ક્રિયાત્મક નથી પરંતુ સર્વથા ભાવાત્મક છે.

સંબંધથી ભાવ જાગે અને ભાવથી સંબંધ બંધાય. આમ ભાવ અને સંબંધ બંને એકમેકમાં ઓતપ્રોત છે. બ્રહ્મસંબંધમાં તુલસી પ્રદાનની વિધિ પણ ભાવનિષ્પત્તિ માટે ઘણી આવશ્યક છે.

भावो विवाहतो नार्या यथा स्वपुरुषे भवेत् ।
तथा मम पतिः कृष्ण ईति सम्बन्धतोऽत्र हि ॥

જેમ લગ્ન થવાથી નારીને આ પુરૂષ મારો પતિ છે એમ ભાવ થાય છે, તેમ બ્રહ્મ સંબંધથી શ્રીકૃષ્ણ મારી સ્વામી છે એવો ભાવ જન્મે છે.

ભગવદીયોએ પોતાના સર્વસ્વનો ભગવાન સાથે સંબંધ માગ્યો છે. ભગવાન સાથે જે જે ઈન્દ્રિય, વિષય, કર્મ આદિનો સંબંધ થાય છે. તે તેની કૃતાર્થતા સિદ્ધ થાય છે.

वाक्श्रोत्रे च करौ चित्तं शिरश्चक्षुस्तथैव च ।
षडेते भगवत्कार्ये यदि सक्ता: कृतार्थता ॥
कीर्तने श्रवणे चैव गुणानां रुपदास्यके ।
स्वरुप स्मरणे नत्यामवतीर्णस्य दर्शने ॥

વાણી ભગવાનના ગુણોનું કીર્તન કરવામાં, કાન શ્રવણ કરવામાં, હાથ તેના સેવાકાર્યમાં, ચિત્ત તેના સ્વરૂપનું સ્મરણ કરવામાં, મસ્તક નમન કરવામાં અને આંખ અવતાર લીધેલા પ્રભુના દર્શન કરવામાં; આમ આ છએ જો ભગવાનની સંબંધી થવામાં આસક્ત હોય તો તે કૃતાર્થ છે.

ગૃહવાસનું ઔચિત્ય પણ ભગવાન સાથેના સંબંધથી જ માન્ય છે. **गृहस्थितेरुत्कृष्टत्वं न भगवदीयत्व मात्रेण, किन्तु भगवता सह स्थित्या, भगवत्कार्यार्थं वा ।** માત્ર ભગવદીય હોવાથી સ્વગૃહમાં સ્થિતિ કરવી ઉત્તમ ગણાતી નથી. પરંતુ ભગવન સાથેની સ્થિતિને લીધે અથવા ભગવાનના કાર્યને માટે ગૃહસ્થિતિ હોય તો તે યોગ્ય છે. ઘરમાં બીરાજતા સેવ્ય ભગવત્સ્વરૂપની સેવા કરવા માટે વૈષ્ણવ ઘરમાં વસે તો તે યોગ્ય છે. આમ ગૃહ અને ગૃહસ્થાશ્રમ પણ ભગવત્સંબંધના કારણે જ કૃતાર્થ થાય છે.

શ્રી ગોકુલમાં ગોવિંદઘાટ પર એક ચોતરો હતો ત્યાં શમીવૃક્ષની નીચે શ્રી મહાપ્રભુજી વિશ્રામ કરતા. શ્રી મહાપ્રભુજીને ચિંતા ઉપજી કે, જીવ તો દોષ યુક્ત છે અને પૂર્ણપુરૂષોત્તમ તો ગુણ નિધાન છે, તો આ બેનો સંબંધ શી રીતે થાય ? મને પ્રભુએ આજ્ઞા તો કરી છે કે તમો દૈવીજીવોને મારી સાથે સંબંધ કરાવો પરંતુ એ કેવી રીતે સંભવે ? નિર્દોષ થવાના સાધનો અત્યંત કિલષ્ટ છે વળી ફલપ્રાપ્તિમાં સંદેહવાળા છે !

શ્રી મહાપ્રભુજીને દૈવીજીવો ખૂબ જ વહાલા છે. એમના માટે ચિંતા કરતાં કરતાં તેઓને નિદ્રા પણ ન આવી ત્યારે તે સમયે (શ્રાવણ માસના શુકલ પક્ષની એકાદશીની) મધ્યરાત્રિએ પ્રભુએ તત્કાલ પ્રકટ થઈને પુછ્યું, "તમે ચિંતાતુર કેમ છો" ? ત્યારે શ્રી આચાર્યજી મહાપ્રભુજી કહે, " પ્રભુ ! આપ જીવનું સ્વરૂપ તો જાણો છો, જીવો દોષયુક્ત છે. તેથી તેઓનો આપની સાથે સંબંધ કઈ રીતે થાય ?" પ્રભુ બોલ્યા, "તમે જે જીવને નામ (દીક્ષા) આપશો તેના સકલ દોષ દૂર થશે. તેથી તમો જીવોને અંગીકાર કરો.

શ્રી મહાપ્રભુજીની ચિંતામાં, જીવોના ઉદ્ધારની કરૂણામય ભાવના તો હતી જ પરંતુ ભગવાનના સુખનો વિચાર ય હતો. સ્નેહનું એ લક્ષણ છે કે, "ઉત્તમ વસ્તુ અંગીકાર કરાઈ સુખ લેય. પ્રીતમ કોં મધ્યમ વસ્તુ (દોષ સહિત જીવ) કૈસે અંગીકાર કરાઇયે ?" પોતાના પ્રિયતમને ઉત્તમથી ઉત્તમ વસ્તુનો અંગીકાર કરાવવો જોઈએ.

શ્રી ઠાકોરજી એ વચન આપ્યું કે જેને બ્રહ્મસંબંધ થશે તેને આપ છોડશે નહીં. રામાનંદ

પંડિતની વાર્તા પ્રમાણરૂપ છે. વૈષ્ણવો પ્રત્યેની એમની દોષબુદ્ધિના કારણે શ્રી મહાપ્રભુએ એમનો ત્યાગ કર્યો. રામાનંદના ત્યાગ પાછળનું એક કારણ ભગવદ્‌વાક્યની જગતને પ્રતીતિ પણ કરાવવી હતી. "જબ બ્રહ્મસંબંધ કી આજ્ઞા શ્રી ગોકુલમેં શ્રી ઠાકુરજીને શ્રી આચાર્યજી કોં દીની. તબ શ્રી ઠાકુરજીને કહી, "જાકો તુમ બ્રહ્મસંબંધ કરાવોગે તાકોં મૈં ન છોડૂંગો. સો પરીક્ષા દેખન અર્થ શ્રી આચાર્યજી અપરાધ કો મિસ પાઈ ત્યાગ કરેં. જો યહ ઠીક પરેગી." આગળ જતાં એમ જ થયું પ્રભુ જ્યારે રામાનંદની જલેબી આરોગ્યા ત્યારે શ્રી મહાપ્રભુજીએ કહ્યું કે, "મેં એનો ત્યાગ કર્યો છે એણે સમર્પેલી વસ્તુ કેમ આરોગ્યા ? ત્યારે પ્રભુ બોલ્યા કે, "મૈં તુમકો વચન દિયો હૈ, જાકોં તુમ બ્રહ્મસંબંધ કરાવોગે તાકો મૈ કબહૂ ન છોડૂંગા. મેં તમને વચન આપ્યું છે કે તમે જેને બ્રહ્મસંબંધ આપશો એને હું કદી નહીં છોડૂં. તેથી તમે ત્યાગ કર્યો પણ પહેલાં તમે એને મને સમર્પ્યો છે તેથી હું કેમ છોડું !

શ્રી મહાપ્રભુજીની કૃપાથી, બ્રહ્મસંબંધ દીક્ષા વડે, અજ્ઞાની જીવને ય સ્વરૂપ જ્ઞાન થાય છે. એ નોંધપાત્ર બાબત છે. સિંહનંદમાં રહેતા પ્રભુદાસ ભાટ મહામૂર્ખ હતા, પિતાએ બહુ ભણાવ્યા પરંતુ કાંઈ ન ભણ્યા. મથુરામાં વિશ્રામ ઘાટ પર દુઃખી થઈ રોઈ રહેલા પ્રભુદાસને દૈવી જીવ જાણીને શ્રી મહાપ્રભુજીએ નામ નિવેદન કરાવ્યું. 'તબ પ્રભુદાસકોં અપુને સ્વરૂપકો ઔર શ્રી આચાર્યજી કે સ્વરૂપકો જ્ઞાન ભયો. તાહિ સમય દંડૌત કરિ યહ એક દોહા કિયે-"જબ તેં બિછુર્યો નાથ સોં, પર્યો જગત ભવ કૂપ । તા હિત વલ્લભ પ્રકટ હવૈ, દરસાયો નિજ રૂપ ।।" બ્રહ્મસંબંધ થતાં જ પ્રભુદાસને પોતાના સ્વરૂપનું શ્રી આચાર્યજીના સ્વરૂપનું જ્ઞાન થયું.

સૌ કોઈ બ્રહ્મસંબંધ દીક્ષાના અધિકારી નથી. લીલાના દૈવી જીવને પુનઃ ભગવાનની પાસે અંગીકાર કરાવવામાં આવે છે. એવા ઉદાહરણ પણ છે કે શ્રી મહાપ્રભુદાજીએ પતિને બ્રહ્મસંબંધ દીક્ષા આપી હોય અને પત્નીને ન આપી હોય. વાંસવાડાના ગોપાલદાસને નામનિવેદન કરાવ્યું પછી ગોપાલદાસે કહ્યું, મહારાજ મારા માતાપિતા તો ન માન્યા પરંતુ મારી સ્ત્રીને લાવ્યો છું, તેને નામનિવેદન કરાવી કૃપા કરો ત્યારે શ્રી આચાર્યજી કહે, " આ તારી સ્ત્રી પુષ્ટિ જીવ નથી. તેથી નિવેદન ન કરાવ એનાથી (પુષ્ટિ) ધર્મ નહીં બને." શ્રી મહાપ્રભુજી એ તેને નામ પમાડયું પણ બ્રહ્મસંબંધ દીક્ષા ન જ આપી.

શ્રી કૃષ્ણ કૃષ્ણ મનમેં ગતિ જાનીયે ।

દેહ ઈન્દ્રીય પ્રાણ દારાગારાદિ વિત્ત આત્મા,

સકલ શ્રી કૃષ્ણ કે માનીયે.... ।।

કૃષ્ણ મમ સ્વામી હો દાસ મન વચન કર્મ,

કૃષ્ણ કર્તા સકલ વિશ્વ કે જાનીયે.... ।।

કૃષ્ણ દાસનિં નાથ લાલ ગિરિવરધરન,

ચરનરજ વલ્લભાધીશ શિર સાનીયે... ॥

વૈષ્ણવે ભગવાન શ્રીકૃષ્ણને જ પોતાનો આધાર, એકમાત્ર અવલંબન જાણવા. તેને બીજો આધાર છે જ નહીં. પ્રભુને સર્વસ્વ નિવેદન કરી દેવાથી બધું જ પ્રભુનું બની જાય છે અને પ્રભુ જ એની સંભાળ લે છે. ગદ્યમંત્રમાં દૈવીજીવ દીનદયાળ પ્રભુને નિવેદન કરે છે કે, "કૃષ્ણથી વિયોગ પામવાને, મને (જીવને) આજે અપરિમિત કાળ વ્યતીત થઈ ગયો છે. એ વિયોગના કારણે એમને મળવા માટે થવો જોઈતો તાપ અને કલેશનો આનંદ પણ તિરોહિત થઈ ગયો છે એવો હું (જીવ) દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણ અને એના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, આપ્ત, ધન, આ લોક-પરલોક, આત્મા સહિત સર્વ ભગવાન, કૃષ્ણને સમર્પું છું. હું દાસ છું, હે કૃષ્ણ ! હું તમારો છું. "બધું પ્રભુને સમર્પિત કરી દેતાં જ પ્રભુ સાથે જીવનો આ દિવ્ય સ્વામી-સેવક સંબંધ સિદ્ધ થઈ જાય છે. બ્રહ્મસંબંધ બાદ જીવે મન, વચન અને કર્મ થકી શ્રીકૃષ્ણના દાસ થઈને રહેવું જોઈએ. વિશ્વના અણુ અણુમાં ભગવાનની સ્થિતિને અને એકેએક ઘટનામાં એમના કર્તુત્વને જાણવું જોઈએ. આ જ સ્વધર્મ છે.

ભક્તિ પોષણ

જીવ બ્રહ્મ થાએ નહિં, થાએ તો બ્રહ્માનંદ કોને;

ભોક્તાપણું જો માનશો, તો જીવ ટળ્યો શાને;

શાને કહો ન્યારો બ્રહ્મ નામી, કયમ બોલ્યો જનક સાયુજ્યતા પામી ?

બોલે તે બીજો કહેવાય; ઈશ્વર જીવ કદી નવ થાય

સેવો શ્રી કૃષ્ણ કૃપાળ

જીવ અજ્ઞાની હોય કે જ્ઞાની, રાજા હોય કે રંક, બ્રાહ્મણ હોય કે શૂદ્ર પણ જીવ જીવ છે, બ્રહ્મ બ્રહ્મ છે. જીવને બ્રહ્મસુખની પ્રાપ્તિ એ પરમપુરૂષાર્થ છે તો જીવ જો બ્રહ્મ થઈ જાય તો બ્રહ્મસુખની પ્રાપ્તિ કોને થાય છે ? બ્રહ્માનંદના વિષયમાં પણ જીવ ભોક્તા છે અને બ્રહ્મ ભોગ્ય છે.'સોડશ્નુતે સર્વાન્ કામાન્ સહ બ્રહ્મણા' એ શ્રુતિમાં 'સઃ' અને 'સહ બ્રહ્મણ' પદો દ્વારા સૂચવાયું છે કે, શ્રી પુરૂષોત્તમ સ્વેચ્છાથી કૃપા કરીને જીવને અલગ સ્થિતિ આવી આનંદાનુભવ કરાવે છે. જેમ જગત અને બ્રહ્મ એક હોવા છતાં અલગ સ્થિતિ કરે છે તેમ જીવ-બ્રહ્મનું અદ્વૈત હોવા છતાં ય લીલા પ્રયોજને-ફલ પ્રયોજને બંનેની અલગ સ્થિતિ છે.

બ્રહ્મ સાયુજ્ય પામીને જનક બોલ્યા કે, "હું સાયુજ્ય પામ્યો છું" એ બતાવે છે કે સાયુજ્ય પછી યે ભિન્ન સ્થિતિ રહે છે જ. માટે દાસ્યભાવનો આનંદ કદી ન છોડવો.

સખ્ય ભક્તિ.

અહો ભાગ્યમહોભાગ્ય, ધન્ય વ્રજજન પરમ પવિત્ર;
પૂર્ણ બ્રહ્મ સનાતન, પરમાનંદ થયા જેના મિત્ર.
મિત્ર થઈ સર્વે સુખ દીધું, સર્વ ભાવે કારજ બહુ કીધું;
શેષ, મહેશ, વિધિ, શ્રી અલભ્ય, તે ફળ શ્રી ગોપીજન કૃપાળ....

ભગવાન શ્રીકૃષ્ણની વ્રજ લીલાના દર્શન કરતાં બ્રહ્મજીને વ્રજવાસીઓના બડભાગીપણનો ખ્યાલ આવ્યો. તેમણે કહ્યું કે, આ વ્રજના ગોપ-ગોપીઓનું અહોભાગ્ય છે કે પૂર્ણબ્રહ્મ, સનાતન પરમાત્મા શ્રીકૃષ્ણ એમના મિત્ર થઈને લીલાસુખ આપી રહ્યા છે. ખેલતાં ખેલતાં પ્રભુ સખાઓની આગળ હારી ય જાય છે. ! પ્રભુની સાથે સરખેસરખા બનીને ખેલવાનો આનંદ દેવોને ક્યાંથી સાંપડે ?

પ્રભુએ જે સુખ વ્રજવનિતાઓને આપ્યું છે તે શેષ, શંકર, બ્રહ્મા કે સ્વયં લક્ષ્મીજીને ય નથી આવ્યું. આદિકાળથી જ ભગવાન અંતર્યામી રૂપે પ્રત્યેક જીવના સખા છે પરંતુ પ્રકટ લીલામાં તો આવા બડભાગી ભક્તોને જ એમના મધુર સખ્યનો લ્હાવો સાંપડે છે. સખ્યં મધુરમ્ !

સ્વાધ્યાય - ૧૭

વૈષ્ણવ

ભગવદીયાનામપિ ચરિત્રં શ્રોતવ્યમ્ ભગવદીયોના ચરિત્રનું ય શ્રવણ કરવું.

ભગવદીયો પોતે જ તીર્થરૂપ હોય છે, કેમ કે તેમના હૃદયમાં ભગવાનનો સર્વદા વાસ હોય છે. તેઓ તીર્થમાં પવિત્ર થવા માટે નહીં પરંતુ તીર્થને પવિત્ર કરવા માટે ત્યાં જાય છે. તીર્થો અને દેવો વિલંબથી પવિત્ર કરે છે. જ્યારે ભગવદીયો દર્શન કરતાં જ પવિત્ર કરે છે.

ભગવદીય.

તન, મન અને ધનથી જે ભગવાનનું કાર્ય કરે છે તે ભગવદીય છે, તે ભાગવત જન છે. જે સદા સર્વદા આવા પ્રકારનો છે તે તો, મહાભાગવત છે.

ઉત્તમ ભગવદીયના લક્ષણો શ્રીમહાપ્રભુજી વર્ણવે છે,

યો દારાગાર પુત્રાપ્તાન્ પ્રાણાન્વિત્તમિમં પરમ્ ।
હિત્વા કૃષ્ણે પરં ભાવં ગતઃ પ્રેમપ્લુતઃ સદા ॥

જે પત્ની (અથવા પતિ), ઘર, પુત્ર, બંધુ, પ્રાણ, ધન, આ લોક અને પરલોકનો (મોહ) ત્યાગ કરીને ભગવાન શ્રીકૃષ્ણમાં પરમભાવ રાખીને સદા પ્રેમનિમગ્ન રહે છે, આવા ભગવદીય કોટી કોટી જીવોમાં ય દુર્લભ છે.

જે હર્ષશોકથી પર છે, આ જગતને સર્વવ્યાપી ભગવાનના સ્વરૂપે જુએ છે, દેહ ઈન્દ્રિય પ્રાણ બુધ્ધિ વિ. ના ધર્મમાં મોહ પામતા નથી, ભગવાનમાં જ નિષ્ઠા ધરાવનારા છે, જેને પોતાના જન્મ, કર્મ, વર્ણ, આશ્રમ, જાતિ વિ. નું અભિમાન થતું નથી. જે સર્વ પ્રાણીઓમાં સમદ્રષ્ટિવાળા અને શાંત હોય છે તે ઉત્તમ ભક્ત છે.

ભગવદીયોની સહનશીલતા અપાર હોય છે, તેમનો તિરસ્કાર કર્વામાં આવે, ઠગવામાં આવે, ગાળો દેવામાં આવે, અપમાન કરવામાં આવે કે મારવામાં આવે તો ય સમર્થ હોવા છતાં તેઓ તેનો પ્રતિકાર કરતા નથી.

ભગવાન શ્રી ઉદ્ધવજીને કહે છે કે, "મારા વિના કોઈની અપેક્ષા ન રાખનારા, મારું જ મનન કરનારા, શાંત અને વેરરહિત અને સર્વત્ર સમદ્રષ્ટિ રાખનારા મારા ભક્તની પાછળ પાછળ હું ફરૂં છું. જેથી તે ભક્તની ચરણરજ મારી અંદર રહેલા આખા વિશ્વને પવિત્ર કરે."

ભગવદીય મહિમા.

ભગવંતં ભક્ત એવ જાનાતિ ભગવાનને ભક્ત જ જાણે છે.

રાસલીલાના પ્રસંગે અંતર્ધ્યાન થઈ ગયેલા ભગવાનને શોધવા નીકળેલા વ્રજભક્તોએ વિરહવ્યાકુળ બનીને વૃક્ષોને ભગવાનના સ્થાન વિશે પૃચ્છા કરી. ભગવાન કયાં પધાર્યા, એ

મૂઢ યોનિમાં રહેલા વૃક્ષોને કેમ પુછે છે માટે સંદેહ ન કરવો. વૃક્ષો વૈષ્ણવો છે. અને **મૂઢા અપિ વૈષ્ણવા એવ હિ વિષ્ણુગતિં જાનન્તિ, ન ત્વત્યન્તં નિપુણા અપ્યવૈષ્ણવાઃ ॥** મૂઢ છતાં વૈષ્ણવો જ વિષ્ણુગતિ-ભગવાનના સ્વરૂપ, સ્થાન વિ.ને જાણે છે. પરંતુ અત્યંત નિપુણ હોય તો પણ અવૈષ્ણવો એ જાણી શકતા નથી.

સાચા ભગવદીય મળી આવે તો એમની સેવા વળી ભગવાનની પ્રસન્નતાનું સાધન બની રહે છે. પ્રથમ શિક્ષાપત્રમાંથી શ્રી હરિરાયજીની આજ્ઞા છે કે, જેમ ધન અને ઘરનો વિનિયોગ શ્રીકૃષ્ણમાં કરવામાં આવે છે તેમ ભક્તિમાર્ગસ્થ ભગવદીયોમાં ય એનો એવો વિનિયોગ કરવો એમ કરવાથી પ્રભુભાવ ઉત્પન્ન થશે.

ભગવાન અને ભગવદીયઃ

દુર્વાસા ઋષિને નિમિત્ત બનાવીને ભગવાને સ્વમુખે પોતાના ભક્તો માટે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે, હું ભક્તને આધીન છું, માટે સ્વતંત્ર હોવા છતાં અસ્વતંત્ર છું. ભગવદીયોએ મારૂં હૃદય વશ કરી લીધું છે. તેઓ મને પ્રિય છે. જે મને જ પરમ આશ્રયરૂપ માને છે એવા મારા સજ્જન ભક્તો વિના હું મારી પોતાની કે મારી પત્ની લક્ષ્મીજીનીય સ્પૃહા રાખતો નથી.

જેઓ પોતાના સ્ત્રી, ઘર, પુત્રો, સ્વજનો, પ્રાણ, ધન, આ લોક અને પરલોક સર્વનો ત્યાગ કરીને કેવળ મારી શરણે આવ્યા છે. તેવા આ ભક્તોનો ત્યાગ કરવો મને કેમ ગમે ? જેમ પતિવ્રતા સ્ત્રીઓ પોતાના ઉત્તમ પતિને વશ કરી લે છે, તેમ મારામાં પોતાના હૃદયને સ્થાપનારા, સમદ્રષ્ટિવાળા સત્પુરૂષો ભક્તિથી મને વશ કરી છે. આ ભક્તો મારી સેવાથી પ્રાપ્ત થયેલા સાલોક્ય, સામીપ્ય, સાયુજ્ય અને સારૂપ્ય નામના ચાર પુરૂષાર્થોને પણ ઈચ્છતા નથી. તો પછી કાળથી નાશ પામતી બીજી વસ્તુઓને તો કયાંથી જ ઈચ્છે ? મારા ભક્તો જ મારૂં હૃદય છે અને હું જ મારા ભક્તોનું હૃદય છું. તેઓ મારા વિના કશું જાણતા નથી અને હું તેમના વિના બીજું કશું જાણતો નથી.

ભગવદીય સ્વરૂપ.

પુષ્ટિભક્તના સ્વરૂપ, કૃતિ તેમજ જીવ બધાં નિત્ય અને અલૌકિક છે. પુષ્ટિભક્તોના સ્વરૂપ-દેહ પણ સાક્ષાત્ પુરૂષોત્તમના સંબંધી એવા ફલનો અનુભવ કરવા યોગ્ય છે, એટલે કે નિત્ય-અલૌકિક છે. પ્રભુ ગોકુલવાસીઓને બ્રહ્મહ્રદ લઈ જઈને મુક્તિનો અનુભવ કરાવે છે અને ત્યારબાદ એ દેહ વડે બધાને યોગ્યતા પ્રમાણે ભક્તિમાર્ગીય ફલનો અનુભવ કરાવે છે. જો આ ભક્તોના દેહ-સ્વરૂપ નિત્ય ન હોત તો મુક્તિનો અનુભવ થયા પછી એમની સ્થિતિ જ ન રહી હોય તેથી પુષ્ટિભક્તોના સ્વરૂપો નિત્ય અને અલૌકિક છે એ સ્પષ્ટ છે.

ઈચ્છામાત્રેણ મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિઃ ।
વચસા વેદમાર્ગં હિ પુષ્ટિં કાયેન નિશ્ચયઃ ॥

પુષ્ટિપ્રવાહ મર્યાદા ગ્રંથમાં શ્રીમદ્ આચાર્યજી વર્ણવે છે કે, પુષ્ટિમાર્ગની સૃષ્ટિ સર્વથી ઉત્તમ છે. 'શ્રી હરિએ માત્ર ઈચ્છાથી મન વડે પ્રવાહી સૃષ્ટિ (સંસારી જીવો) રચી, વાણીથી વેદમાર્ગ (મર્યાદા સૃષ્ટિ) રચી અને પુષ્ટિ સૃષ્ટિને પોતાના સ્વરૂપથી સર્જી છે. પરમાત્માનું સ્વરૂપ **आनन्द मात्र कर पादमुखोदरादि** માત્ર આનંદના હસ્ત, ચરણ, મુખ, ઉદર વિગેરેથી બનેલ છે. પ્રભુએ આ સ્વરૂપથી - આનંદમય સ્વરૂપથી પુષ્ટિસૃષ્ટિ રચી છે.

અને તેથી જ આવા નિત્ય-અલૌકિક સ્વરૂપ વડે જ પુષ્ટિ-ભક્ત આનંદરૂપ પ્રભુના અનુભવરૂપ દિવ્ય-અલૌકિક ફલને અનુભવી શકે છે. **कायेन तु फलं पुष्टौ** પુષ્ટિમાર્ગમાં તો કાયાથી ફલ થાય છે. એટલે કે ભક્તો ભગવાનનો અનુભવ માનસિક અથવા આધ્યાત્મિકરૂપે જ નહીં પરંતુ પોતાના સ્વરૂપથી અનુભવે છે.

વેણુગીતમાં **अक्षण्वतां फलमिदम्** શ્લોક દ્વારા સર્વ ઈન્દ્રિયો દ્વારા જેનો રસાસ્વાદ થઈ શકે તેવા સ્વરૂપાનંદના અનુભવને ફલ કહ્યું છે. વૈદિક ઋષિઓ પ્રાર્થના કરે છે કે, **भद्रं कर्णेभिः श्रृणयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः । स्थिरैरंगैस्तुष्टुवांसस्तनूभिर्व्यशेम देवहितं यदायुः ॥**

હે દેવો ! (અમોને આશીષ આપો કે) અને અમારા દિવ્ય કાન વડે કલ્યાણકારી (ભગવાનના નામ વિ.ને સાંભળીએ, અમારા નેત્રો વડે અમે ભદ્ર એવા ભગવદ્રૂપને નીરખીએ. અમારા સેવોપયોગી, દૈવી દેહ દ્વારા, નિર્મળ ઈન્દ્રિયો દ્વારા અમારા આયુષ્યને ભગવત્કાર્યમાં વાપરીએ.

ભગવત્સેવા માટે ભગવદીયનું સ્વરૂપ છે. **भगवद्रूप सेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत्** મર્યાદામાર્ગમાં ભગવાનની સેવા તો છે પણ ત્યાં તો સાધક પોતાના હૃદયમાં અંગુષ્ઠ માત્ર ભગવત્સ્વરૂપની ભાવના કરીને તેમને સેવે છે જ્યારે પુષ્ટિમાર્ગમાં તો આનંદમય સાક્ષાત્ શ્રી પુરૂષોત્તમના પ્રકટ સ્વરૂપની સેવા મળે છે. આ સેવાનો અધિકાર ભક્તોને મળે છે તે પણ એટલા માટે જ કે ભક્તોનું સ્વરૂપ પણ દિવ્ય છે.

વૈષ્ણવનાં કેટલાંક લક્ષણો -

વૈષ્ણવનું મન સંસારથી સદા કંટાળેલું રહે, ચિત્ત શ્રીકૃષ્ણના દર્શન માટે આર્ત રહે છે. કરવા પડે તો, લૌકિક-વૈદિક કાર્યો (આસ્થા વગર) કરે છે. પોતાની વાણીને સંયમમાં રાખે છે. ભગવાનની સર્વ લીલાઓની ભાવના ક્રમશઃ કરે છે. ભગવત્ સેવાનો અવસર ન હોય ત્યારે એ ભગવાનના વિયોગનો અનુભવ કરવામાં સમય વ્યતીત કરે છે.

શ્રી કૃષ્ણના મુખારવિંદરૂપ શ્રી વલ્લભ પ્રભુ છે માટે વૈષ્ણવે મન, વાણી અને કાયાથી એમનો આશ્રય સદાય કરવો. જેવો ભાવ શ્રી આચાર્યજીમાં રાખવામાં આવે છે તેવો જ ભાવ-બલ્કે તેથી પણ વિશેષભાવ ભગવદીયોમાં રાખવો.

ભગવદીય પ્રસન્ન થશે તો ભગવાન શ્રી કૃષ્ણ પણ અવશ્ય પ્રસન્ન થશે.

ભગવદીયોનો ધર્મ.

જો અન્ય સૃષ્ટિની જેમ ભગવદીયનો દેહ પાંચ ભૌતિક હોય તો સ્મૃતિમાં બતાવેલ ધર્મો પણ ભક્તોએ કરવા જોઈએ, પરંતુ ભગવદીયોનો દેહ તો ભગવાનના ચરણારવિંદની રેણુથી બનેલો છે. તેથી ભગવાનના ચરણકમળના ભજન સિવાય એને અન્ય ધર્મ કરવાનો રહેતો જ નથી.

સ્મૃતિની આજ્ઞા અનુસાર ધર્મ, શ્રુતિ (વેદ)ની આજ્ઞા અનુસાર ધર્મ અને ભગવાન સંબંધી ભગવદ્ ધર્મો આ ત્રણમાં વૈષ્ણવે ભગવદ્ ધર્મોના પાલન માટે અન્ય ધર્મોનો ત્યાગ કરવો પડે તો એમાં જરાયે દોષ નથી. કેમકે ભગવદીય વૈષ્ણવને માટે તો ભગવદ્ ધર્મો જ સૌથી વધુ મહત્વના છે.

શ્રૌત-સ્માર્ત ધર્મો દેહ સાથે સંબંધ ધરાવતા ધર્મો છે. જ્યારે ભગવદ્ ધર્મો આત્મ ધર્મ છે. તેથી ભગવદીયે આત્મ ધર્મનું પરિપાલન અવશ્ય કરવું.

तत्सम्बन्धिषु तद्भावस्तद् भिन्नेषु विरोधिता, उदासीनेषु समता....

ભગવાનના સંબંધી-ભગવદીયો માટે વૈષ્ણવે ભગવદ્ભાવ રાખવો જોઈએ. ભગવાનથી વિમુખ જીવો માટે એને વિરોધ હોય છે અને તટસ્થ, ઉદાસીન જીવો પ્રત્યે એ તટસ્થ (ન સ્નેહ, ન વિરોધ) ભાવ રાખે. ભગવાનના પક્ષપાતીઓએ ભગવાનના વિમુખો રહેતા હોય ત્યાં વાસ કરવો સર્વથા અનુચિત છે.

ભગવદીય.

સિંહનંદવાસી વાસુદેવદાસને બ્રહ્મસંબંધ કરાવીને શ્રી મહાપ્રભુજી એ કહ્યું, "તેરો નામ વાસુદેવદાસ 'છકડા'. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય છહો ધર્મ શ્રી ઠાકુરજીમેં રહતે હૈં, સો તેરેમેં રહેંગે, તાતેં નામ છકડા !"

ભગવદીય ભગવાનનો અતિપ્રિય અંશ હોવાથી તેનામાં ભગવદ્ ધર્મોનો આવેશ થાય છે. એનાં વારંવાર પ્રમાણો સાંપડે છે.

ઐશ્વર્યાંશનું સૌથી સુંદર નિરૂપણ શ્રી યશોદાજીમાં જોવા મળે છે. દામોદર લીલા પ્રસંગે, દધિમંથન કરતા શ્રી યશોદાજીના સ્વરૂપમાં ભગવદ્ ધર્મોના આવેશનું સુંદર વર્ણન શ્રી સુબોધિનીજીમાં સાંપડે છે. ભગવાનની લીલામાં સ્થિત ભક્તો અલૌકિક થઈ જાય છે, ભગવદ્ રૂપ થઈ જાય છે. જે ભુજાઓ વડે એ વલોણું વલોવતા હતા એ ભુજાઓ જમણી ભુજા ભક્તિ માર્ગ રૂપ અને ડાબી ભુજા કર્મમાર્ગ રૂપ હતી. યશોદાજીએ કાનમાં જે કુંડલ ધારણ કરેલા હતા એ સાંખ્ય અને યોગના રૂપ હતા. હાથમાં પહેરેલા કંકણ એ ભક્તિમાર્ગ અને કર્મમાર્ગના નિયમો હતા. મસ્તક સત્યલોકનું આધિદૈવિક રૂપ અને કેશપાશ મુક્તજીવોનું સ્વરૂપ હતાં. એમના સ્તનમાંથી ટપકતું દૂધ માત્ર દૂધ ન હતું, એ માતાનો સ્નેહ (વાત્સલ્ય

ભક્તિરૂપ) હતો. તેમની બે ભ્રમરો મૃત્યુ અને યમરૂપ હતી. ભ્રમરોની સુંદરતાથી, ભક્તિમાં કલેશનો અભાવ સૂચવાતો હતો. એટલે કે ભગવત્સેવામાં ભગવદીયોને કલેશ ન જ થાય. એમના અંબોડાના પુષ્પો બ્રહ્મવિદ્યાનું સ્વરૂપ હતા. ભગવદીયો તલ્લીન બનીને ગુણગાન અને સેવામાં પરોવાય તો એમના અંગેઅંગમાં ભગવાનના ધર્મો આર્વિભાવ પામે છે.

વાસુદેવદાસ છકડાની વાર્તામાં જ ભગવદીયોમાં રહેલા અસાધારણ ભગવદ્ધર્મ વીર્યાંશનું પ્રમાણ મળે છે. ત્યાંના હાકેમના ચાલીસ સિપાઈઓને એકલે હાથે હરાવનાર. છકડાના ધક્કાથી સિપાઈઓની ટુકડીને ભગાવી દેવા વાસુદેવદાસે ક્રોધમાં આવીને જ્યારે કૃષ્ણદાસ મેઘનને મારવા હાથ ઉગામ્યો ત્યારે દુર્બલ દેખાતા એવા કૃષ્ણદાસે એના બંને હાથ પકડી લીધા વાસુદેવદાસે ઘણું જોર કર્યું. પરંતુ એ પોતાના હાથ છોડાવી ન શક્યા. મનમાં પોતાની હાર માની લઈને કૃષ્ણદાસનો પરિચય પ્રાપ્ત કર્યો. કૃષ્ણદાસમાં અસાધારણ શક્તિ ભગવદીયના સામર્થ્યનું સૂચન કરે છે. (અલબત્ત ભગવદીય એને કૃપાબલ જ સમજે છે, સ્વબલ નહીં.)

પદ્મનાભદાસને ત્યાં કાયમ એક ક્ષત્રાણી આવતી. તેને સંતાન ન હતું તો આ ભગવદીયના આશીર્વાદથી જરૂર સંતાન થશે એવી શ્રદ્ધાથી આવતી. પદ્મનાભદાસે જાણ્યું ત્યારે એને પોતાનું ચરણામૃત આપ્યું અને કહ્યું કે, "તને પુત્ર થશે, તેનું નામ મથુરાદાસ રાખજે." એમ જ થયું. પુત્રાદિકના તુચ્છ કામના લઈને આવી હતી તેથી ભગવાનનું ચરણજલ આપવાને બદલે તેમણે પોતાનું ચરણોદક આપ્યું. પ્રારબ્ધ બળને ય ભગવદીય બદલી શકે છે. ભગવદીય કોં. આશ્રય કરેં, સો સઘરો મનોરથ વાકોં પૂરન હોઈ, યહ પુત્ર કી કહા બાત હૈ ?

ભગવાનની જેમ જ ભગવદીયનો યશ નિર્મલ, ઉત્તમ અને સનાતન છે. આખા બ્રહ્માંડમાં જે સુખ કોઈને મળતું નથી એ ભક્તને મળે છે. યશોદાજીએ ભગવાનને દોરડાથી બાંધ્યા ત્યારે શ્રી શુકદેવજીએ કહ્યું કે, "એક ગોપી એવી યશોદાએ મોક્ષદાતા ભગવાન પાસેથી જેવી કૃપા પ્રાપ્ત કરી તેવી કૃપા તો ભગવાનના શ્રી અંગનો આશ્રય કરીને રહેલા શ્રી લક્ષ્મીજી, બ્રહ્માજી અને મહાદેવજીને ય કદી મળી નથી. ભગવદીયોએ ભક્તિ માર્ગને સમજવા માટે ભગવદીયોના ચરિત્રો ય શ્રવણ કરવા જોઈએ. ભગવદીયોની કથા, કથા નથી કથાનું ફલ છે. ભગવદ્ કથાનું ફલ ભગવદીય કથા છે. શ્રી ગોકુલનાથજીના વચનામૃત છે કે, "વૈષ્ણવ કી વાર્તા મેં સગરો ફલ જાનિયો, યહ પુષ્ટિમાર્ગ હૈ સો વૈષ્ણવ દ્વારા ફલિત હોયગો."

પુષ્ટિજીવ ભગવાનના સ્વરૂપમાંથી પ્રકટયો હોવાથી તેનામાં ભગવદ્ શ્રી અંશ પણ છે. કાશીના શેઠ પુરૂષોત્તમદાસ મંદિરમાં બેઠા હતા, પુત્રને વિચાર આવ્યો કે, શેઠજી હવે વૃદ્ધ થયા છે તો હું સેવામાં તત્પર થાઉં. શેઠે એના મનના વાત જાણી એને પાસે બોલાવ્યો. પુત્ર જુએ તો પિતાનું શરીર વીસ, પચીસ વર્ષની વયનું હોય એવા દર્શન થયાં ! ભગવદીયનું સ્વરૂપ પણ અલૌકિક માનવું.

તાદૃશી ભગવદીયોમાં દિવ્ય જ્ઞાન હોય છે. ખેરાળુ ગામમાં રહેતા નરહરિ જોશીને અલીણા ગામમાં લાગેલી આગનું જ્ઞાન થયું, ભગવદીયોના ઘર બળી જશે તો એમની શ્રદ્ધામાં ઓટ આવશે એમ વિચારી એમણે તુલસીનો કંડિયો ભૂમિ પર પધરાવીને ઝારીથી જળ નાખ્યા કર્યું અને દૂર દૂરથી ય તેમણે આગ બુઝાવી નાખી. શ્રી મહાપ્રભજીના સેવક વિષ્ણુદાસ છીપા હતા, નિરક્ષર હતા. શ્રી આચાર્યજીના મુખેથી સેવાફલ ગ્રંથ શ્રવણ કરતાં એટલા જ્ઞાની થઈ ગયા કે શ્રી ગુંસાઈજી સાથે વાત કરવા માટે આવતા પંડિતોની સાથે શાસ્ત્રાર્થ કરીને હરાવી દેતા !

ભગવદીયો વૈરાગ્યની મૂર્તિ છે. નારાયણદાસ બ્રહ્મચારી ત્યાગ દશામાં રહેતા. અયાચક વ્રતથી નિર્વાહ કરતા. તે પગ ધોવા માટે જ્યાંથી માટી લેતા ત્યાં દ્રવ્ય દેખાતું પણ તે પર માટી નાખી દેતા પણ સ્પર્શ ન કરતા. અકબર અને માનસિંહ જેવા રાજા-મહારાજાઓ પ્રસન્ન થવા છતાં શ્રી સૂરદાસે અને શ્રીકુંભનદાસ જેવા મહાનુભાવો એ વિરક્તિના આદર્શ ઉદાહરણો પ્રસ્તુત કર્યા છે.

હરિજૂ કે જનકી અતિ ઠકુરાઈ ।
દેવરાજ ઋષિરાજ મહામુનિ, દેખત રહે લજાઈ...॥
નિરભય રાજ તાહિ કો દીનો, લાગનિ મનનિ ઉછાહૂ ।
કામ ક્રોધ મદ લોભ મોહ મિલિ ભયે છો તે સાહૂ...॥
દૃઢ વિશ્વાસ કિયો સિંહાસન, તાપર બૈઠયો ભૂપ ।
હરિજસ વિમલ છત્ર શોભિત સિર, રાજત પરમ અનૂપ..॥
હરિપદ પંકજ પ્રજા પ્રેમબસ, તાહી કે રંગ રાતે ।
મંત્રી જ્ઞાન ન અવસર પાવે, કહત ન બનૈ સકાતે...॥
અર્થ ધર્મ દોઉ રહે વહૈં દુરિ, કામ મોક્ષ શિર નાયો ।
વિનય વિવેક વિચિત્ર પૌરિયા, સમય ન કાહૂ પાયો...॥
અષ્ટમહાનિધિ આગે ઠાઢી, કર જોરે ઉર લીને ।
છડીદાર વૈરાગ્ય વિનોદી, ઝડકી બાહર કીની...॥
કાયર કાલ કછૂ નહીં ભાવૈ, જો યા રીતે જાને ।
'સૂરદાસ' નર તૌ જાને, જો ગુરૂપ્રસાદ પહિચાને...॥

એક સુંદર રૂપક દ્વારા શ્રી સૂરદાસજીએ હરિભક્તના મહાન આધ્યાત્મિક, વૈભવપૂર્ણ સામ્રાજ્યનું નિરૂપણ કર્યું છે. ભક્તના આ રાજ્યવૈભવને જોઈને મહાન દેવો, ઋષિમુનિઓ પણ લજ્જિત થઈ જાય છે. પ્રભુએ નિજ ભક્તને જે આ સામ્રાજ્ય આવ્યું છે તે નિર્ભય પદ છે. કેમકે ત્યાં કામ, ક્રોધ, મદ, લોભ અને મોહ જેવા ચોર ડાકૂઓ સુધરી જઈને શાહુકાર, સજ્જન બની જાય છે.

ભક્તરાજ સોનાચાંદીના નહીં પરંતુ દૃઢ વિશ્વાસરૂપી સિંહાસન પર બિરાજમાન થાય છે. અને તેના મસ્તક પર શ્રીહરિના નિર્મલ યશની છત્રછાયા રહે છે, કેવી અદ્ભૂત શોભા ? ભગવચ્ચરણાવિંદમાં અનુરાગ રાખનારા ભગવદીયો જ એના પ્રજાજનો છે અને આ રાજા સતત પ્રજાની સેવામાં પરાયણ રહે છે. રાજા પ્રજાની સેવામાં, સાંનિધ્યમાં એટલો ગળાબૂડ રહે છે કે તેના જ્ઞાનરૂપી મંત્રીને તેની પાસે આવી ને મંત્રણા કરવાનો, જ્ઞાનચર્ચા કરવાનો અવસર જ સાંપડતો નથી. ધર્મ અને અર્થ સાધન પુરૂષાર્થો એનાથી દૂરને દૂર રહે છે જ્યારે કામ અને મોક્ષરૂપી ફલ પુરૂષાર્થો ભક્તરાજને નતમસ્તક બનીને સન્માને છે. આ રાજાને બે દ્વારપાળ છે, એકનું નામ વિનય અને બીજાનું નામ વિવેક ! આ દ્વારપાળો વિચિત્ર સ્વભાવના છે જેવા તેવાને તો રાજા પાસે જવા જ દેતા નથી. સમ્રાટની પાસે ગમે તેમ કરીને અષ્ટ સિદ્ધિઓ, નિધિઓ આવી પહોંચી અને પોતાને અપનાવવા વિનંતી કરવા લાગી તો વિનોદી વૈરાગ્યનામના છડીદારે એ સિદ્ધિઓને ધમકાવીને, ઝાપટ મારીને બહાર કાઢી મુકી !

ભગવદીયના આવા સામ્રાજ્યને જે જાણે, ભગવદીયના સંગમાં આવી રહે તેને કાયર કાળ સ્પર્શી ય શકે. પરંતુ જેના પર ગુરૂકૃપા ઉતરે એ જ વૈભવને સમજી શકે, એનો જ આ રાજસિંહાસન પર રાજ્યાભિષેક થાય છે.

શ્રી હરિ મહાન, શ્રી હરિના ભક્તો ય મહાન !!

ભક્તિ પોષણ.

આત્મનિવેદન.

દેહ પ્રાણ ઈંદ્રિય અંતઃકરણ, ધર્મદારા, ગૃહ ધન,
પુત્ર આપ્ત આત્મા સહ, સર્વ સમર્પી જગજીવન,
જગજીવન સર્વાત્મા ભાવે, સેવા કરે સદા સહજ સ્વભાવે,
તેજ ગમે પ્રભુ જયમ સુખી થાય, આત્મનિવેદન એ કહેવાય
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

સ્નેહનું લક્ષણ સંગ્રહ નથી, સમર્પણ છે. પ્રેમને હંમેશા આપવું ગમે છે. આત્મીય વસ્તુઓ તો શું, સ્વયં તે ય એ સમર્પિત કરી દે છે. સમુદ્રને મળતી વખતે સરિતા પોતાના નામ અને રૂપ બંનેનું સમર્પણ કરી દે છે. સાગર પણ તેને પોતાની અંદર સમાવી લઈને તેને પોતાની અગાધતા અને વિશાળતાનું દાન કરી દે છે. જે સ્નેહ સરિતાને સમર્પણ માટે પ્રેરે છે, તે જ સ્નેહ સાગરને સ્વીકાર માટે પ્રેરે છે. એકનું સમર્પણ અને બીજાનો સ્વીકાર ! સરિતા સાગરની ખારાશ ન વિચારે, સાગર સરિતાની અલ્પતાને ન વિચારે. ભક્ત પણ સ્નેહવશ ભગવાનને સર્વનું સમર્પણ કરી દે છે. જીવ અહંતા-મમતાનો ત્યાગ કર્યા વિના પ્રભુને પ્રસન્ન કરી શકતો નથી. અહંકારી, આસક્તની સેવા સહેતુક હોય છે, સહજ હોતી નથી. ભગવદીચ્છામાં નિજેચ્છાને મેળવી દેવી, એના સુખને પોતાનું સુખ માનવું એ પણ

આત્મનિવેદન જ છે.

સર્વ વસ્તુ છે શ્રી કૃષ્ણની જેની છે તેને શેં ન સમર્પે;
આત્મા સહિત અર્પણ કરી, હરિદાસ થાની શીદ ડરપે;
ડરપે છે કાળથી ઉચાટે, તેં પરનું માન્યુ પોતાને માટે,
જેથી બંધાયો તે વસ્તુ દે મુકી, તારી મા જાણીશ, એ રાહ ચૂકી
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

આત્મનિવેદન ભક્તિમાં ભક્ત ભગવાનને પોતાનો દેહ, ઈન્દ્રિયો, પ્રાણ અંતઃકરણ, તેના ધર્મો, પત્ની (અથવા પતિ) ઘર, ધન, પુત્ર, સ્વજનો આ બધુંય પોતાના આત્મ સહિત સમર્પિત કરી દે છે. તેના સમર્પણ પાછળની ભાવના સર્વાત્મભાવ યુક્ત છે. વિશ્વમાં જે કાંઈ છે તે બધું જ પ્રભુનું છે. આ ત્રણેય લોક પ્રભુએ પોતાની ક્રીડા માટે રચ્યા છે, આ બધું પ્રભુનું છે અને પ્રભુના માટે છે.

પોતાને સ્વામી માને, માલિક માને એ દુર્બુદ્ધિનું લક્ષણ છે. ભગવાનનું ભગવાનને સમર્પી દેવામાં સંકોચ શો ? આમય "મારૂં" કહેવાથી કોઈ વસ્તુ આપણી થઈ જતી નથી. ભક્તને સર્વસ્વ નિવેદન કર્યા બાદ ફલરૂપ "દાસ્ય" ની પ્રાપ્તિ થાય છે. પછી એ કહી શકે છે "દાસોઽહમ્ ! હું દાસ છું !" જ્યાં સુધી મમત્વ છે ત્યાં સુધી કાળનો ભય પણ છે, વળી જે આપણું નથી તેને આપણું માની લેવું અનૈતિક વ્યવહાર છે, ચોરી છે. આત્મનિવેદન છેલ્લી એટલે જ છે કે અહં-મમની ગ્રંથિ તૂટતાં જ સંસાર નિવૃત્ત થઈ જાય છે, જીવ મુક્ત થઈ જાય છે.

સ્વાધ્યાય - ૧૮

કૃપા (પુષ્ટિ)

પોષણં તદનુગ્રહઃ પુષ્ટિ એટલે પોષણ, અનુગ્રહ. **કૃષ્ણાનુગ્રહરૂપા હિ પુષ્ટિઃ** શ્રી કૃષ્ણનો અનુગ્રહ તે જ પુષ્ટિ.

પ્રસાદસ્તુ સ્વધર્માવિર્ભાવઃ, અનુગ્રહસ્તુ પર દોષાણાં સ્વીકારઃ પોતાના ધર્મોનો આર્વિભાવ તે પ્રસાદ અને અન્યના દોષોનો સ્વીકાર તેનું નામ અનુગ્રહઃ

અનુગ્રહ (કૃપા) એ ભગવદ્ ધર્મ છે. **અનુગ્રહરૂપો ભગવદ્ધર્મઃ । સ ચ લૌકિકાલૌકિકોત્તમ્ ફલ સાધકઃ** અનુગ્રહ ભગવાનનો એ ધર્મ છે કે જેના વડે સર્વ લૌકિક તેમજ અલૌકિક ઉત્તમ ફલ સિદ્ધ થાય છે. આ અનુગ્રહના ય બે રૂપ છે. સાધારણ અનુગ્રહ અને વિશેષ અનુગ્રહ. જેના ઉપર ભગવાનનો સાધારણ અનુગ્રહ થાય તેને આ લોક સંબંધી કે ભગવાન સંબંધી જે ઉત્તમફળની ઈચ્છા થાય તેને ભગવાન સ્વયં પૂર્ણ કરી આપે છે. જ્યારે **વિશેષાનુગ્રહસ્તુ વિરલજનવિષયો ભગવદ્રૂપાત્મકફલસાધકઃ** વિશેષ અનુગ્રહમાં તો ભગવત્સ્વરૂપ એ જ ફલ છે. આ વિશેષ અનુગ્રહ દુર્લભ છે. તે સૌ કોઈ ઉપર સિદ્ધ થતો નથી જ. પુષ્ટિમાર્ગમાં તો વિશેષ અનુગ્રહ જ અનુગ્રહ માન્યો છે.

સાધારણ અનુગ્રહ -

કૃપા એક વિશેષ પ્રકારનો ભગવદ્ ધર્મ છે.

કાલાદિબાધકોનુગ્રહાપરનામા (વીર્ય વિશેષરૂપો) ભગવદ્ધર્મઃ પુષ્ટિઃ

જીવના સુખમાં, કલ્યાણમાં કાલકર્મ અને સ્વભાવ બાધક છે. આમ તો આ ત્રણેય મહા બળવાન છે અને સામાન્યતઃ જીવનું એમની સામે કાંઈ ચાલતું નથી પરંતુ ભગવાન પોતાના અસાધારણ પક્ષપાતથી પોતાના વિશેષ વીર્ય વડે - પરાક્રમ વડે - સામર્થ્ય વડે એ બાધકોનું નિવારણ કરે અને ભક્તનું કલ્યાણ કરે એ કૃપારૂપ ભગવદ્ ધર્મનું ને પુષ્ટિ અથવા અનુગ્રહ કરે છે.

ભાગવતજીના ષષ્ઠ સ્કંધમાં સાધારણ અનુગ્રહનું વર્ણન છે. કૃપાપાત્ર જીવોને સ્વકાર્ય સિદ્ધિમાં જો કાલ, કર્મ કે સ્વભાવ બાધક થતાં હોય તો ભગવાન તેનો નાશ કરે છે. અજામિલે અનેક પાપ કર્યા હતા તેને સ્વઉદ્ધારમાં "કર્મ" બાધક હતા. છતાં પ્રભુએ ક્ષણમાત્રમાં જ તેને કર્મબંધનોમાંથી મુક્ત કર્યો.

વૃત્રાસુર આસુરી સ્વભાવનો હતો. તેને બાધક "સ્વભાવ" હતો પ્રભુએ તેને તે સ્વભાવ બદલાવ્યા વિના જ ઉદ્ધાર્યો. દિતિપુત્રો-મરૂતોને કાલ, કર્મ અને સ્વભાવ ત્રણે બાધક હતા. છતાં પ્રભુએ તેમની રક્ષા કરી. ભગવાન અજામિલ, ઈન્દ્ર અને દિતિપુત્રોને કૃપાપાત્ર બનાવે

છે તે એમ સૂચવે છે કે એમની કૃપા મનુષ્ય, દેવ અને અસુર પર પણ ઉતરે છે. એને કોઈ ભેદ નડતા નથી.

કૃપા જલધિ.

ભગવતા ચેત્ કામના પૂર્યતે, તદા મર્યાદામુલ્લંધ્યાપિ પૂર્યતે ।

ભગવાનનો કામના પૂર્ણ કરે તો મર્યાદા ઓળંગીને ય પૂર્ણ કરે છે એટલે કે ભગવત્ કૃપાને કોઈપણ મર્યાદા નડતો નથી.

ભગવત્ કૃપાને કોઈ મર્યાદા-સીમા નથી કેમ કે **કૃપા ચ સર્વધર્મધર્મિભ્યો બલિષ્ઠા** ભગવાનની કૃપા સર્વ ધર્મ અને ધર્મી કરતાંય વધારે બળવાન છે.

શ્રી યમુનાષ્ટકમાં પ્રભુને કૃપા સાગર કહ્યા છે. પ્રભુમાં કૃપા સદા સર્વદા પ્રકટે છે. પ્રભુનો કૃપા ગુણ અન્ય ગુણ જેવો નથી. બીજા ગુણ જો કે નિત્ય છે છતાં જે જે ગુણ-ધર્મ જે લીલામાં ઉપયોગી હોય તે લીલામાં પ્રગટ કરે છે, એમ કૃપાના વિષયમાં નથી. કૃપા તો સદા સર્વદા પ્રકટ છે.

અસાધારણ અનુગ્રહ.

આ અસાધારણ અનુગ્રહમાં જીવની કાર્યસિદ્ધિમાં તેના ધર્મ, અર્થ, કામ કે મોક્ષને સિદ્ધ કરવામાં બાધક કાલ, કર્મ કે સ્વભાવનો બાધ તો સ્વંય ભગવાન દ્વારા થાય છે જ પરંતુ એ જીવ પણ વિશેષ, તેના કાર્યો પણ વિશેષ અને તેના ધર્માદિ પુરૂષાર્થો પણ વિશેષ હોય છે. જીવ-તેનાં કાર્ય અને તેના ધર્માદિ પુરૂષાર્થ આ બધું જ પુષ્ટિમાર્ગીય-ભગવત્સ્વરૂપ અને લીલા સંબંધી હોય છે.

પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણનું પ્રાક્ટય, ગૌલોક, છોડીને પ્રભુનું વ્રજમાં આગમન, વ્રજવાસીઓનો પોતાના રસમય, સૌંદર્યની પરાકાષ્ઠારૂપ સ્વરૂપથી તેમજ પોતાની રસરૂપ, મધુર લીલાઓ દ્વારા નિરોધ કરવો. તેમને સાધન-પરિશ્રમ આપ્યા વિના જ પોતાના સ્વરૂપમાં આસક્ત કરાવીને સ્વરૂપાનંદનો અનુભવ કરાવવો એ ભગવાનની અસાધારણ અનુગ્રહનું સ્વરૂપ છે.

પૂર્ણકામ પ્રભુની માતા પાસે સ્તનપાનની યાચના, અસીમ પરમાત્માને માતા દ્વારા દોરડાનું બંધન, વેણુના નાદ દ્વારા સર્વના મનનું હરણ કરવું, અન્યાશ્રય છોડાવી સર્વના ભોગ સામગ્રી આરોગવા. શ્રી ગોવર્ધન ધારણ કરવો, પોતે આત્મારામ હોવા છતાં વ્રજ રમણીઓ સાથે રમણ કરે આ બધું એમના અસાધારણ અનુગ્રહનું સ્વરૂપ છે.

આજે પણ, અકિંચન ભક્તને ત્યાં બીરાજીને તેના ઘરની લૂખીસૂખી સામગ્રી આરોગીને પ્રસન્ન રહેવું, ભગવદીયને ત્યાં માગીને આરોગવું અને પોતાના પરિશ્રમ તેમજ પ્રસન્નતાને જતાવતા રહેવું એ ભગવાન શ્રી કૃષ્ણના અસાધારણ અનુગ્રહનું સ્વરૂપ છે.

ભક્તં દૃષ્ટ્વા ભગવદનુગ્રહસ્ય તરંગા ઉદ્ગચ્છન્તિ

ભક્તને જોઈને ભગવાનની કૃપાના તરંગો ઉછળે છે. અને કૃપાળુ પ્રભુ પોતાના ભક્તને જે સાધનથી, સ્વરૂપથી તેમજ સ્વભાવથી જે દુર્લભ છે. તેનું ય દાન કરી દે છે. અર્જુને ભગવાનને તેમના વિશ્વરૂપના દર્શન કરાવવાની પ્રાર્થના કરી ત્યારે પ્રભુએ તેને દિવ્યચક્ષુનું દાન કરીને દર્શન તો કરાવ્યાં પરંતુ એને પણ સમજાવ્યું કે મારી કૃપાથી જ તને આ દર્શન કરવા શક્ય થઇ શક્યા છે. "તને જેવા મારાં દર્શન થયાં તેવાં દર્શન વેદોથી, તપથી, દાનથી તથા યજ્ઞથી થવાં શક્ય નથી. પરંતુ હે અર્જુન ! હે પરંતપ ! માત્ર અનન્ય ભક્તિ વડે એ પ્રકારે તત્વથી જાણવા, જેવો તથા પ્રવેશ કરવા હું શક્ય છું." અહીં ભગવાનના વાક્યોમાં અનન્ય ભક્તિ એટલે કૃપાલબ્ધ ભક્તિની જ વાત છે. જે સાધનસુલભ નથી તે કૃપાથી જ સુલભ સંભવે.

કૃપાલુતા.

કૃપાલુતા ભગવાનનો પ્રિય ધર્મ છે. કોઈ જીવમાં ય ભગવાન જો કૃપાળુ સ્વભાવ જુએ છે તો અત્યંત પ્રસન્ન થઈ જાય છે. **પુંસઃ કૃપયતો ભદ્રે સર્વાત્મા પ્રીયતે હરિઃ** કૃપા કરવાવાળા સ્વભાવના મનુષ્ય પર શ્રીહરિ પ્રસન્ન થઈ જાય છે. પ્રભુને કઠોરતા, ક્રૂરતાપ્રિય નથી **ક્રોધઃ પારુષ્યમેવ ચ** ક્રોધ, કઠોરતા, નિર્દયતા વિ. તો આસુરી સ્વભાવના લક્ષણો છે. ભગવદંશ ભગવદીય આ જ કારણે કૃપાલ સ્વભાવનો હોય છે. જે પરાઈ પીડ જાણે તે જ વૈષ્ણવ. પ્રભુને સાચે જ પ્રસન્ન કરવા હોય તો પ્રભુના આ અતિ પ્રિય કૃપાલુતા નામના ગુણને વૈષ્ણવે જેટલો શક્ય બને તેટલો ધારણ કરવો.

કૃપાની અનિવાર્યતા.

ભગવતો હિ જ્ઞાનં ગદિતમપિ કૃપાવ્યતિરેકેણ ન પ્રાપ્યતે

કૃપા ન હોય તો ભગવાન વિશેનું જ્ઞાન ઉપદેશ કરવામાં આવે તોય પ્રાપ્ત થતું નથી. ભગવત્કૃપાનો મહિમા શ્રી હરિરાયજી એ સુંદર પ્રકારે સમજાવ્યો છે. કૃપા વિના સઘળું સુલભ થવા છતાં દુર્લભ રહે છે. માનવી પાસે સ્વઉદ્ધારના ઉપાયો હોવા છતાં એ ઉપાય કરી શકતો નથી. "અહો ! પ્રભુ ભૂતળ પર પ્રકટ થયેલા છે, શ્રી ભાગવતજી પણ વિદ્યમાન છે, શ્રી સુબોધિની પણ બિરાજે છે, કયાંક કયાંક સત્પુરૂષો પણ સુલભ છે, આટલું જ નહીં પરંતુ સકલ ગૂઢ તત્વને સમજાવે એવા અનેક સદ્ગ્રંથો પણ હાજર છે. આ બધું હોવા છતાં મનુષ્યો ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત થતા નથી એ પરમ આશ્ચર્ય છે ! પ્રાયઃ કૃપૈવ હરિણા કારણત્વેન રક્ષિતા કારણ વિચારતાં એમ લાગે છે કે આમાં પ્રભુએ પોતાની કૃપા જ કારણરૂપ રાખી છે. જેમ પ્રાણના અભાવે ઈન્દ્રિયોની વૃત્તિઓ અચેતન થઈ જાય છે. તેમ ભગવત્કૃપા વિના સર્વ પ્રકારના સાધનોનો ઉદ્ભવ થતો નથી.

કૃપાફલ.

લોકાઃ સ્યુઃ કામસન્દોહા યસ્ય તુષ્યતિ દિષ્ટદૃક્ પ્રભુ જેના ઉપર પ્રસન્ન થાય છે તે મનુષ્યની સર્વ કામનાઓ પૂર્ણ થાય છે. તેને આ લોકમાં તેમજ પરલોકમાં કાંઈ દુર્લભ રહેતું નથી.

પવિત્ર હૃદયવાળા પોતાના ભક્તોની સર્વ ઈચ્છા ભગવાન પૂરી કરે છે એટલું જ નહીં, પરંતુ જેના કદી વૃદ્ધિ-ક્ષય થતા નથી એવી પોતાની આત્મસ્વરૂપનું દર્શન પણ આપે છે.

ભગવદીયો માટે તો 'અયં હિ પરમો લાભઃ ઉત્તમશ્લોકદર્શનમ્' ઉત્તમ યશવાળા ભગવાનના દર્શન થવા એ જ પરમ લાભ છે.

કૃપાથી બિંદુ સિંધુ બને.

ભાઈલા કોઠારીના જમાઈનું નામ ગોપાલદાસ. શ્રી ગુસાંઈજી પહેલી વાર જ્યારે તેમના ઘરે પધાર્યા ત્યારે પરિવારના સૌએ શ્રી ગુંસાઈજીને દંડવત્ પ્રણામ કર્યા. જ્યારે ગોપાલદાસે દંડવત્ પ્રણામ કર્યા ત્યારે શ્રી ગુસાંઈજીએ પૂછયું, "આ કોણ છે ?" કોઠારીએ જવાબ આપ્યો, "મહારાજ ! એ ગોમતીનો વર છે." શ્રી ગુંસાઈજી એ હસીને કહ્યું, "ગોમતીનો વર તો સાગર હોવો જોઈએ અને આ બાળક તો ભોળો અને મૂઢ છે. તો આ જોડું કેમ બનશે ?" આ ઉપરથી ભાઈલા કોઠારીએ વિનંતી કરી, "મહારાજ ! આપની કૃપા હશે તો તે જ સાગર થશે !" આ વખતે ગોપાલદાસ નવ વર્ષના હતા. તેમને કોઠારીના જમાઈ જાણીને શ્રી ગુંસાઈજીએ તેમને પોતાની ગોદમાં બેસાડીને પોતાની ચર્વિત બીડી તેમના મોંમાં આપી. આ બીડી જતાં જ ગોપાલદાસનો દેહ ઉજ્જવલ થઈ ગયો અને તરત જ શ્રી ગુંસાઈજીને દંડવત્ પ્રણામ કરીને વલ્લભાખ્યાન ગાવાનું શરૂ કર્યું.

શ્રી ગુંસાઈજીએ તેમના પર કૃપા કરીને તેમને સાગર બનાવ્યા.

પરમાનંદ સોની શ્રી ગુસાંઈજીના સેવક મહાકૃપાપાત્ર ભગવદીય થયા. તેમને માર્ગીય ગ્રંથ, સુબોધિનીજી વિ. ઘણી શ્રદ્ધા, માટે શ્રી ગુસાંઈજી તેમને નિત્ય કથા કહેતા, પૂછતા ત્યારે ઉત્તર આપતા. જે કાંઈ પૂછવામાં આવે અને જે કાંઈ કહેવામાં આવે તે બધું હૃદયારૂઢ કરી રાખતા.

શ્રી ગુસાંઈજીએ પરમાનંદ સોની પર કૃપા કરીને તેમના હૃદયમાં ભગવત્ લીલા સ્થાપી. તેઓ ભગવદ્ રસમાં મગ્ન રહેતાં. જો કદાચ કોઈ વૈષ્ણવને કથામાં સમજ ના પડે ને તે શ્રી ગુસાંઈજીને પૂછે તો શ્રી ગુસાંઈજી કહેતા,"તમને પરમાનંદ સોની સમજાવશે !" અને સાચે જ પરમાનંદ સોની તેમના સંદેહને દૂર કરતા.

એક વાર કાશી અને પ્રયાગના પંડિતો શ્રી ગુસાંઈજી સાથે વાદ કરવા આવ્યા. શ્રી ગુસાંઈજી સેવામાં હતા માટે પરમાનંદ સોનીએ તેમને સન્માન કરીને બેસાડયા અને પૂછયું, "તમારે શું પૂછવું છે ? હું ઉત્તર આપીશ." પંડિતોએ પરમાનંદ સોનીને કહ્યું, "આ તારૂં કામ

નથી. તું વેદશાસ્ત્રોની વાતોમાં શું સમજે ! તારા ગુરૂ જ ઉત્તર નહીં આપી શકે તો તું કોણ ઉત્તર આપનારો !"

પરમાનંદ સોનીએ પંડિતોને શ્રીમદ્ ભાગવત રાસપંચાધ્યાયીનો આ શ્લોક કહીને એનો અર્થ પૂછયો. પંડિતોએ સરખો ઉત્તર ન આપ્યો. પરમાનંદ સોનીએ, "એમ નહીં, આમ અર્થ થાય." એમ સાચો અર્થ સમજાવ્યો. પંડિતો ગભરાયા. "જેના શુદ્ર સેવકો આટલા જ્ઞાની છે તે ગુરૂ તો જાણે કેવા ય હશે !" તેઓએ પરમાનંદ સોની સાથે વાદ કર્યો અને પરમાનંદ સોનીએ તેમને વેદ, પુરાણ અને શાસ્ત્રના પ્રમાણે આપીને તેમને નિરૂત્તર કર્યા. કૃપાનું આવું સામર્થ્ય છે.

જા પર કમલાકંત ઢરેં ।
લકરી ઘાસ કો બેચનહારો, તા સિર છત્ર ધરેં...॥
વિદ્યાનાથ અવિદ્યા સમરથ, જો કછુ ચાહે સોઈ કરેં ।
રીતે ભરે ભરે પુન ઢોરેં, જો ચાહે તો ફેર ભરેં...॥
સિદ્ધ પુરૂષ અવિનાશી સમરથ, કાહૂ તે ન ડરેં ।
"પરમાનંદદાસ" યહ સંપત્તિ, મનતેં કબહૂ ન ટરેં...॥

લક્ષ્મીજીએ જેનું પોતાના સ્વામી તરીકે વરણ કર્યું છે તે કમલાપતિ પ્રભુ જેના પર રીઝે તેને શું દુર્લભ ? લાકડાં, ઘાસને વેચનારો કઠિયારો જો કૃપાપાત્ર થયો તો તે રાજા થઈ જાય. એ રંકને રાય, મૂર્ખને પંડિત અને તુચ્છને પલકમાત્રમાં મહાન બનાવી શકે છે. પ્રભુની ઈચ્છા શક્તિનો વિરોધ કોઈ કરી ન શકે તે જે ચાહે છે તે કરે જ છે.

પ્રભુની આ અદ્ભૂત કૌતુક લીલા છે. તે ખાલી પાત્રને ભરી દે છે. તો વળી ભરેલાને ખાલી કરી નાખે છે અરે ! પાછા ઈચ્છે તો એ ખાલીને ફરીથી ભરી દે છે !

જેના ઉપર ભગવાનની કૃપા ઉતરી છે તે સહજમાં સિદ્ધ થઈ જાય, એને જગતમાં કોઈનો ભય ન રહે. ભગવત્ કૃપા રાઈના દાણાને મેરૂ સમાન કરી શકે છે. કૃપામાર્ગમાં અતિ હીનને ય ઉત્કૃષ્ટ ફલની પ્રાપ્તિ થઈ શકે છે. કૃપા અંધને સર્વદૃષ્ટા અને બધિરને ઉત્તમ શ્રોતા બનાવી શકે છે. ભગવત્કૃપાને માટે કશું જ અશક્ય નથી.

ભક્તિ પોષણ.

પ્રેમ લક્ષણા ભક્તિ.

રૂપ, ગુણ, દ્રવ્ય ત્રણએ, કારણ પ્રીતિ થવાના કહાવે;
એ ત્રણ વિકાર રહિત સહજ, સ્નેહ તે શ્રીકૃષ્ણને ભાવે;
ભાવે એ પ્રેમે વ્હાલો વશ થાય, તેને મુકી ક્ષણ દૂર ન થાય.

તે જને સુખ માન્યું મન એહ, જયમ ત્યમ થાય સુખી પ્રભુ તેહ
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

સ્નેહના બે પ્રકાર. અશુદ્ધ અને શુદ્ધ અથવા સોપાધિક અને નિરૂપાધિક. કોઈનું રૂપ જોતાં પ્રેમ થાય, કોઈના ગુણો જાણીને પ્રેમ થાય કે કોઈની સંપત્તિ જોયા પછી જે પ્રાપ્ત થાય તે શુદ્ધ નથી, સાચો પ્રેમ નથી. એ પ્રેમને ખંડિત થતાં વાર શી ? સુંદરતાના આધારે. ધનવૈભવના કારણે જન્મેલો પ્રેમ સુંદરતા અને સંપદા નષ્ટ થઈ જાય પછી ટકે ખરો ?

'સહજ પ્રીતિ ગોપાલહિ ભાવૈ' ભગવાનને વશ કરવા હોય તો ભક્ત હૃદયમાં સહજ પ્રીતિ પ્રકટવી જોઈએ. નિરૂપાધિક, નિષ્કામ સહજ સ્નેહ જુવે તો પ્રભુ એ ભક્તથી જરાય અળગા ન રહે. શ્રી નારદે વર્ણન કર્યું છે તેમ પ્રેમનું સ્વરૂપ 'ગુણરહિતં, કામનારહિતં, પ્રતિક્ષણવર્ધમાનં, અવિચ્છિન્નં, સૂક્ષ્મતરં, અનુભવરૂપમ્' છે. શુદ્ધ સ્નેહ નિર્ગુણ હોય છે, નિષ્કામ હોય છે, એ નિરંતર વધ્યા જ કરે છે, એ અતૂટ હોય છે, અતિ સૂક્ષ્મ (સ્થૂળ રીતે ન જણાય એવો) બતાવી ન શકાય માત્ર અનુભવી શકાય એવો હોય છે.

સ્નેહ

પ્રેમ આસક્તિ વ્યસન એ, ત્રણ રૂપ સ્નેહનાં લહીએ;
તે ઉપરથી ચોથી તન્મયતા, તે થકી પર કોઈના કહીયે;
કહીએ પ્રેમનું લક્ષણ એહ, જ્યારે મળે ત્યારે તેનો તે સ્નેહ.
વિયોગ થાય ત્યારે તપે તન; ત્યાંહાંનું ત્યાંહાં વળગ્યું રહે મન.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

પ્રેમની ઉત્તરોત્તર પ્રગાઢ અવસ્થા વિચારતાં તેનાં ચાર રૂપ છે. પ્રેમ (સ્નેહ), આસક્તિ, વ્યસન અને તન્મયતા.

શુદ્ધ સ્નેહનો એ સ્વભાવ છે કે પ્રિયમાં ગુણ જોઇને એ વધતો નથી અને દોષ જોઈને એ ઘટતો નથી. એ ગુણદોષનિરપેક્ષ છે અને તેથી એ 'પ્રતિક્ષણ વર્ધમાનમ્' ઉત્તરોત્તર વૃદ્ધિ પામ્યા જ કરે છે.

ભક્તોની ભગવાનમાં સહજ અકારણ પ્રીતિ હોય છે. એ ભક્તોના સ્વભાવમાં જ હોય છે. ભક્ત પ્રહ્‌લાદ જેવા ઉદાહરણમાં ભાગવતમાં એને 'નૈસર્ગિકીયં મતિરસ્ય રાજન્' નૈસર્ગિક મતિ, રતિ કહે છે. એ ભાવ પ્રયાસજન્ય નથી ભગવત્કૃપાનું પરિણામ છે. જે જીવ પર પ્રભુનો પ્રેમ ઉતરે છે તે જ પ્રભુને પ્રેમ કરી શકે છે.

'જાતેં ઉપજત પ્રેમ-સોઈ, બીજ કહાવત પ્રેમ !' પ્રેમરૂપી કલ્પવૃક્ષનું બીજ પણ પ્રેમ જ છે. અન્ય કોઈ તત્વ સ્નેહને જન્મ ન આપી શકે, કેમ કે એનાથી મોટું કોઈ તત્વ જ નથી.

સ્નેહ, આસક્તિ, વ્યસન વિ. સ્નેહનાં જ અંગો છે. સ્નેહનાં બધા અંગો પણ સ્નેહરૂપ

જ હોય. ભક્તરાજ રસખાન કહે છે કે, 'વહી બીજ અંકુર વહી, સેક વહી આધાર'

ડાલ પાન ફલ ફૂલ સબ, વહી પ્રેમ સુખસાર ।।''

ભક્તિલતાના સર્વ અંગો ભાવમય છે. સ્નેહ જ તેનું બીજ છે, સ્નેહ જ અંકુર છે, તેમાં સિંચન પણ સ્નેહનું અને વેલીને ચઢવા માટે વાડ-આધાર પણ એજ. તેનાં ડાળ, પાન, ફૂલ અને ફળ બધું જ સ્નેહ છે.

ભક્તિ શુદ્ધ ભાવરૂપ હોય તો તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામશે જ. 'નાપિ જાતા ભક્તિસ્તૂષ્ણીં તિષ્ઠતિ । લતાવત્ પ્રત્યહં વૃદ્ધિમાયાન્તી શીઘ્રં કૃષ્ણાખ્યં ફલં ફલિષ્યતિ ।' એકવાર પ્રકટ થઈ ગયા પછી ભક્તિ સ્થિર થઈને બેસી નહીં રહે. વેલીની જેમ રોજેરોજ વધતી વધતી જાય છે અને છેવટે એ કૃષ્ણરૂપી ફળને પ્રકટ કરી દે છે.

સ્નેહીઓ જ્યારે જ્યારે મળે ત્યારે ત્યારે એવો ને એવો જ ઉત્કટ સ્નેહ રહે. વિખૂટા પડવાથી એ ભાવમાં ફીકાપણું આવતું નથી. દેશ અને કાળનું અંતર પડે તોય તે શરીરને પડે છે. એટલે કે શરીર છુટા પડે પછી મન તો એનામાં જ લાગેલું રહે. આનું નામ 'સ્નેહ'.

સ્વાધ્યાય - ૧૯

પુષ્ટિમાર્ગ

પુષ્ટિજન્ય ભક્તિમાર્ગ ઈતિ પુષ્ટિમાર્ગ પુષ્ટિથી (કૃપાથી) ઉત્પન્ન થયેલો ભક્તિમાર્ગ તે પુષ્ટિમાર્ગ.

પુષ્ટિમાર્ગ અધિકાર

જેના ઉપર ભગવત્કૃપા ઉતરી છે અથવા જેણે ભગવત્કૃપાને જ અવલંબન માન્યું છે તે આ માર્ગનો અધિકારી છે. પ્રમાણ(માર્ગ)માં નિષ્ઠા ધરાવનાર જીવનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર નથી જ. જે સંસારીઓ દુષ્ટ સંગવાળા છે અને અન્નદોષથી જેઓ બહિર્મુખ અને ઉન્મત્ત બન્યા છે, એવાઓની સ્થિતિ પુષ્ટિમાર્ગમાં ક્યાંથી હોય ?

પુષ્ટિમાર્ગ - વેદમાર્ગ.

પુષ્ટિ ભક્તિમાર્ગ વેદમાર્ગથી વિરૂદ્ધ માર્ગ નથી. પરંતુ વૈદિક માર્ગથી વિલક્ષણ માર્ગ અવશ્ય છે.

જે માર્ગમાં યજ્ઞાદિ સાધનોનો ઉપદેશ કરવામાં આવે તે મર્યાદા માર્ગ, આ સાધનો શુદ્ધ કે અશુદ્ધ હોઈ શકે. કાલદેશ જેવા છ અંગો - બધા જ અંગો શુદ્ધ હોય એ આ કલિકાલમાં તો જરાય સંભવતું નથી. પુષ્ટિમાર્ગમાં તો જ્યાં ભગવાન જ સાધન બને ત્યાં ફલ માટે સંદેહ જ કયાં. પુષ્ટિ માર્ગમાં તો **ફલં યત્ર સાધનતાં વ્રજેત્** સ્વંય ભગવાન જ ભક્તનાં શ્રેયની ચિંતા કરે છે માટે પુષ્ટિમાર્ગ મર્યાદામાર્ગથી સર્વદા પૃથક્ છે.

વરણ-યોગ્યતા.

યત્રાંગીકરણે નૈવ યોગ્યતાદિ વિચારણમ્ ।
અવિલંબઃ પ્રભુકૃતઃ પુષ્ટિમાર્ગઃ સ કથ્યતે ॥

જે માર્ગમાં, જીવનો અંગીકાર કરતાં પ્રભુ એની યોગ્યતા વિ.નો વિચાર કરતા નથી તેમ જ તેનું વરણ કરવામાં વિલંબ કરતા નથી, તે માર્ગ પુષ્ટિમાર્ગ કહેવાય છે.

અન્ય માર્ગમાં જીવની યોગ્યતા જ મુખ્ય છે. તે જે કાંઈ મેળવે છે તે યોગ્યતાથી જ મેળવે છે. યજ્ઞ, તપ, દાન વિગેરે સાધનો દ્વારા પ્રાપ્ત કરેલી યોગ્યતા પુષ્ટિમાર્ગમાં મહત્વની નથી. જીવનો અંગીકાર કરવામાં પ્રભુ એ લક્ષ્યમાં લેતા જ નથી. પ્રભુ નિજેચ્છાથી એ જીવનું વરણ કરે છે અને એનું વરણ કર્યા બાદ નિજલીલામાં એને શું સુખ આપવું છે એનો વિચાર કરીને તદ્નુસાર તેને યોગ્યતાનું દાન કરે છે. મર્યાદામાં પહેલાં યોગ્યતા, પછી વરણ, જ્યારે પુષ્ટિમાર્ગમાં પહેલાં વરણ, પછી યોગ્યતા.

ભગવન્માર્ગની ઉત્તમતા -

આમ તો સર્વ દેશ અને સર્વ કાળે ભગવન્માર્ગ જેવો શ્રેષ્ઠ માર્ગ બીજો કોઈ નથી જ. એમ છતાં હાલ પ્રવર્તતા કલિકાલના કારણે તો ભાગવત ધર્મ એવી આ પુષ્ટિમાર્ગની અનિવાર્યતા સિદ્ધ થઈ જ જાય છે. હાલ કલિકાલમાં પ્રાયઃ બધી જ જીવો વિપરીત આચરણ કરવામાં પ્રવૃત્ત થઈ ગયેલા જોવામાં આવે છે. વેદ અધ્યયન, સ્વાધ્યાય, બ્રહ્મયજ્ઞાદિ નિત્યકર્મ પણ જોવામાં આવતા નથી . પ્રાયઃ બધે આચાર હીનતા જોવા મળે છે.

આચાર પ્રભવો ધર્મઃ ધર્મ આચારમાંથી ઉદ્ભવે છે, **શૌચાચાર વિહીનાનાં સમસ્તા નિષ્ફલાઃ ક્રિયાઃ** આચાર-પવિત્રતા વિ. થી રહિત એવા સર્વકર્તાઓની ક્રિયાઓ-ધર્મકાર્યો નિષ્ફલ થઈ જાય છે. આવા સિદ્ધાંતના કારણે અત્યારે ધર્મ-વૈદિકધર્મનું પાલન અને ફલપ્રાપ્તિ અસંભવ થઈ ગયા છે.

સાધકોના મનમાં વિક્ષેપ છે, કયા ધર્મનું પાલન કરવું તે અંગે પણ અનેક ભ્રાંતિઓ છે. જીવોમાં સ્વભાવતઃ દુષ્ટતા પણ છે. વૈદિક ધર્મનું પૂર્ણતયા પાલન તેમજ ફલ પ્રાપ્તિ એ બે જ્યાં સુધી કર્મના દેશ, કાલ, દ્રવ્ય, કર્મ, મંત્ર, અને કર્તા આ છ પદાર્થોની શુદ્ધિ ન હોય ત્યાં સુધી સંભવતાં નથી અને આ કલિકાલમાં આ છ એ પદાર્થો શુદ્ધ હોવા પણ સંભવતા નથી.

વળી, કાલ આદિ દોષોને કારણે જીવોનો શક્તિનો પણ હ્રાસ થયેલો છે. શ્રી ભાગવતજીના એકાદશ સ્કંધમાં ભગવાન શ્રી કૃષ્ણ શ્રી ઉદ્ધવજીને ઉપદેશ આપતાં કહે છે કે, 'જો તું બ્રહ્મસ્વરૂપમાં મનની નિશ્ચલ ધારણ કરવા અશક્ત હોય તો નિરપેક્ષ થઈને તું તારી સર્વ કર્મો મને સમર્પિત કર. મારી લોકપાવની, કલ્યાણકારી કથાનું શ્રદ્ધાળુ બનીને વારંવાર શ્રવણ કરે, તેમજ તેનું ગાન કર. મારી લીલા પ્રસંગોનું અનુસ્મરણ કર. તારી ધર્મ, અર્થ અને કામનું મારી માટે પાલન કર, તેથી મારી શરણે રહેલો જીવ મારી નિશ્ચલ ભક્તિને પ્રાપ્ત કરે છે.

આટલું જ નહિં પરંતુ, અનન્ય ભગવદ્ ભક્તથી (જો કે પાપાચરણ થતું જ નથી છતાં પણ તો તેનાથી) કોઈક પ્રકારે પણ પાપ કર્મ થઈ જાય તો તેવા યાદચ્છિક - અણધારેલા પાપનું ભગવાન સ્વંય નિવારણ કરી દે છે. ભગવાન કાલકર્મના નિયંતા હોવાથી તે આમ કરવા સમર્થ છે જ.

તેષામહં સમુદ્ધર્તા મૃત્યુસંસાર સાગરાત્ પ્રભુ જેના ઉપર કૃપા કરવા ધારે છે તેવા ઉદ્ધારક સ્વંય બને છે. એવી પ્રભુની પ્રતિજ્ઞા પણ કૃપાતત્વ અને કૃપાસામર્થ્યને સ્પષ્ટ કરે જ છે.

માર્ગોઽયં સર્વમાર્ગાણામુત્તમઃ પરિકીર્તિતઃ । બધા જ માર્ગો કરતાં આ માર્ગ ઉત્તમ કહેવાય છે.

આ માર્ગમાં પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ આ ચારેય અંગોની એકરૂપતા છે. આ

કારણેય આ માર્ગ સર્વોત્તમ માર્ગ છે. આ ભગવન્માર્ગમાં ભગવદ્ વાક્ય જ પ્રમાણરૂપ છે. વિશિષ્ટરૂપ વેદાર્થસ્વરૂપ પૂર્ણપુરૂષોત્તમ ભગવાને શ્રી કૃષ્ણ આ માર્ગમાં પ્રમેયરૂપ છે. માટે પ્રમાણ અને પ્રમેય દૃષ્ટિએ આ માર્ગ ઉત્તમ છે. પ્રેમતત્ત્વ સાધનરૂપ હોવાથી તે પણ ઉત્તમછે. ભક્ત ચતુર્વિધ મુક્તિ પણ સ્વીકારવાને બદલે ભક્તિની અપેક્ષા રાખે છે. એ જ પુરવાર કરે છે કે પ્રેમ જ મહાન સાધન છે. આ માર્ગનું ફલ સર્વોત્તમ છે. જે ફલ જ્ઞાન, કર્મ આદિ સાધનોથી સાંપડે છે તે બધા કરતાં આ ફલ ઉતમ છે. કેમકે ભક્તોને ભગવાન જ ફલ રૂપે સાંપડે છે.

પ્રમાણથી ફલ સુધીના ચારે અંગો ભગવદ્ રૂપ છે માટે ઉત્તમ છે એટલું જ નહીં પરંતુ આ માર્ગસ્થ જીવની પ્રભુ પ્રમાણમાં તેની પ્રવૃત્તિનો આરંભ થાય ત્યારથી લઈને તેને ફલ પ્રાપ્ત થાય ત્યાં સુધી સ્વંય ભગવાન તેની રક્ષા કરે છે. **यस्मिन्पातभयं नास्ति मोचकः सर्वथा यतः** આ માર્ગમાં જીવના પતનની ભીતિ નથી જ. ભગવદ્ આજ્ઞાને પ્રમાણ માનીને જે જીવ અહીં પ્રવૃત્ત થાય છે. તેનાથી સાધન ન બની શકે તોય પ્રભુ તેને કૃતાર્થ કરે છે. ભગવાન સ્વભાવથી જ મોચક-મુક્તિદાતા છે. તે જીવને કૃતાર્થ કરશે જ.

पुष्टिमार्गोऽनुग्रहैकसाध्यः પુષ્ટિમાર્ગ ભગવાન શ્રીકૃષ્ણના **અનુગ્રહ: पुष्टिमार्गे नियामक ईति स्थितिः** ભગવાનનો અનુગ્રહ જ નિયામક છે.

सर्वमार्गाणां भगवन्मार्गः उत्तमः સર્વ માર્ગોમાં ભગવન્માર્ગ ઉત્તમ છે. આ માર્ગમાં સર્વ સાધનો સદા સફલ જ હોય છે. ભક્તે કરેલું સાધન સર્વથા સફળ થાય છે. કેમકે ભક્તના હૃદયમાં કામના ત્યારે જ થાય છે કે જ્યારે ભગવાને તે પહેલેથી જ પૂર્ણ કરી હોય. એટલે કે અહીં પહેલાં ફલ સિદ્ધ થાય છે અને ત્યાર બાદ સાધન થાય છે. આવા આ ભગવન્માર્ગમાં ભક્તે કરેલી સર્વ સાધના સફળ થાય એ સ્વભાવિક છે.

આ ભગવન્માર્ગની વિશેષતાએ છે કે ભગવદીચ્છા તેમ જ ભગવત્કૃપાથી બાધક તત્વ પણ બાધક રહેતું નથી પ્રાયઃ ભોગ અને મોક્ષને એકમેકના વિરોધ માનવામાં આવ્યા છે. પરંતુ ભગવદ્કૃપા થતાં આ વિરોધ પણ નષ્ટ થઈ જાય છે. ભગવદીયોને કયારેક ઈચ્છા થાય કે વિષયો અનુભવ્યા નહીં. તે પ્રસંગે બાજીએ આપેલા વિષયોથી અથવા સ્વભાવિક રીતે મળેલા વિષયોથી તો ભક્તનું અનિષ્ટ જ થાય. માટે તેને ભગવાન જ વિષય-સંસાર સંબંધી સુખ-આપે છે. આ કારણે ભક્તને વિષય ભોગ પણ સિદ્ધ થાય છે. અને તેને પ્રમાદ પણ થતો નથી.

આમ, ભગવન્માર્ગ જ એવો છે જ્યાં ભોગ અને મોક્ષમાં વિરોધ નથી.

અનુગ્રહ નિયામક.

આ અનુગ્રહ માર્ગમાં અનુગ્રહ જ નિયામક છે એનું સ્પષ્ટ દર્શન પ્રભુની દામોદર લીલા પ્રસંગે થાય છે. કેવલ પ્રમેય બલ વડે પણ ભક્તનો - ભક્ત કાર્ય અને ભક્ત ઈચ્છાનો

નિર્વાહ થાય છે. પ્રભુ પ્રમાણ - વિરૂદ્ધ પદાર્થ પણ પ્રમેય બલથી સિદ્ધ કરી આપે છે.

ભગવાન બંધાયા ત્યારે શ્રી શુકદેવજીએ કહ્યું કે, 'બ્રહ્મા, મહાદેવ અને લક્ષ્મી આ ત્રણેયને આ અનુગ્રહ સાંપડયો નથી કે જે અનુગ્રહ શ્રી કૃષ્ણથી ગોપી (યશોદા)ને સાંપડયો છે.

પ્રભુ સૌથી વધુ કૃપા ભક્તો પર કરે છે. બ્રહ્મા, મહાદેવજી અને લક્ષ્મીજી આ ત્રણે મહાન ભક્તો છે. ભગવાનના પુત્ર, પ્રવૃત્તિધર્મના પ્રવર્તક એવા બ્રહ્મા, ગુણાવતાર, પ્રલયકર્તા - નિવૃત્તિધર્મના પ્રવર્તક શિવજી તેમજ ભગવાનની અર્ધાંગિની એવાં લક્ષ્મીજી આ ત્રણે ય મહાન ભક્તો એ કૃપા ને પામ્યા નથી જે શ્રી યશોદાજીને સાંપડી.

સૌ કોઈને મુક્તિ આપી શકનાર ભગવાન યશોદાના હાથે ખાંડણિયે બંધાયા ! એ કેવી રીતે બંધાય ? પરંતુ પ્રભુની આ જ પુષ્ટિ લીલા છે.

આ માર્ગમાં જીવના બધાં જ કાર્યો પ્રમેય બલથી થાય છે. **पुष्टिमार्गस्यानुग्रहैक नियम्यत्वात् प्रमाणविरुद्धमपि प्रमेयबलेन भवति** અનુગ્રહ જ નિયામક હોવાથી પ્રમાણ વિરૂદ્ધ પદાર્થ પણ પ્રમેય બલથી સિદ્ધ થઈ જાય છે !

ગુણહીન-કર્મહીન અને જાતિહીન એવી રાક્ષસી પુત્રના કપટ કરીને ભગવાનને મારવા માટે આવી હતી. પ્રભુએ એના પ્રાણ હરી લઈને એને તત્કાળ મોક્ષગતિ આપી. જ્યારે મુચુકુંદરાજા તો ભક્ત હતા તેમને ભગવત્સ્વરૂપના ભાવપૂર્વક દર્શન-સ્તુતિ કર્યા હતા છતાં તેનો ઉદ્ધાર બીજા જન્મમાં કર્યો ! આ ફલભેદમાં ભગવત્કૃપા જ કારણ હોઈ શકે.

"દમલા ! યહ મારગ તેરે લિયે પ્રકટ કિયો હૈ"

જે જીવો નિઃસાધન છે, નિર્મલ છે, લીલાસૃષ્ટિના જીવો છે તેઓના ઉદ્ધારને માટે આ માર્ગ છે. ભગવદીયોના ઉદ્ધાર માટે આ માર્ગનું પ્રાક્ટય છે માટે માર્ગનું સ્થાપન વૈષ્ણવના હૃદયમાં કર્યું છે. વૈષ્ણવના હૃદયમાં આ માર્ગની સ્થાપના હોવાથી આ માર્ગને પુષ્ટિ ભક્તિમાર્ગ પણ કહે છે.

'જહાં ભક્તિ તહાં ભગવાન. જહાં ભક્તિ નાંહી તહાં ભક્તિમાર્ગ કી રીતિ સોં ભગવાન ન રહે. ભગવાન બે રીતે હૃદયમાં બિરાજે છે. ભક્તિ માર્ગની રીતે અને સાધારણ રીતે. ભગવાન સાધારણ રીતે સૌના હૃદયમાં બિરાજે છે. તે સ્વરૂપ 'અંતર્યામી સ્વરૂપ' કહેવાય. અંતર્યામી સ્વરૂપ તટસ્થ છે, સાક્ષીરૂપ છે. તેનામાં રસાત્મક્તા નથી. જ્યારે કૃપામાર્ગમાં ભગવાન ભક્તના હૃદયમાં ભાવાત્મક રીતે બિરાજે છે. ભક્તના હૃદયના સર્વ ભાવોનું એ પોષણ કરે છે. અંતર્યામી અકર્તા છે જ્યારે "હૃદય શેષે" બિરાજમાન સ્વરૂપ તો સહસ્રવિધ લક્ષ્મીઓ-શક્તિઓ સાથેની સહસ્રવિધ લીલો કરે છે. ભક્તના હૃદયને પ્રભુ લીલાનિકુંજ બનાવી દે છે.

"ભક્તનકો ઉત્કર્ષ જામેં હોઈ, સો ભક્તિમાર્ગ કહાવે." આ કૃપામાર્ગ - ભક્તિમાર્ગ ભક્તના ઉત્કર્ષ માટે છે. ભગવદીય જીવનો કેવો પરમ ઉત્કર્ષ થાય છે તે માટે અલીખાન

પઠાણની દીકરીનો પ્રસંગ મનનીય છે. શ્રીનાથજીની કૃપાથી અલીખાન પઠાણને વ્રજના વૃક્ષો, વ્રજની વેલીઓના સ્વરૂપનું તેમજ વ્રજના સ્વરૂપનું જ્ઞાન થયું હતું. તેમણે ગામેગામ એવો ઢંઢેરો પિટાવ્યો હતો કે, "જે કોઈ વ્યક્તિ વ્રજના વૃક્ષોના ડાળ, પાંદડાં, તોડશે તેના હાથ, પગની આંગળીઓ હું તોડીશ."

અલીખાનને સુંદર પુત્રી હતી. અલીખાનને તેના ઉપર ઘણો પ્રેમ. દીકરીને ખેલવા માટે જુદું ઘર બનાવતા હતા ત્યારે પાયો ખોદતાં શ્રી ઠાકોરજીનું એક અતિ સુંદર સ્વરૂપ પ્રાપ્ત થયું અલીખાને આ સ્વરૂપ પુત્રીને લાવી આપ્યું. પુત્રી એની સાથે સેવા પ્રકારથી ખેલવા લાગી. રમતમાં ને રમતમાં "યથા દેહે તથા દેવે" એ ન્યાયે પોતાના શરીર માટે જે કાંઈ કરે તે બધું ભગવત્સ્વરૂપ સાથે કરવા લાગી. પ્રભુને સ્નાન કરાવે, વસ્ત્ર, આભૂષણ ધરાવે. પ્રભુ સાથે રમતાં રમતાં એને સ્વરૂપ પર દૃઢ આસક્તિ થઈ ગઈ. પ્રભુ પણ તેને સાક્ષાત્ દર્શન આપતા. તેથી સાથે રાસ રમતા. પ્રભુ એ જ તેને અને રસખાનને શ્રી ગુસાંઈજી પાસે મોકલ્યા અને પુષ્ટિ માર્ગમાં સ્થાન આપ્યું.

પુષ્ટિપથના ૧૦ ધર્મ.

આશરો એક દૃઢ શ્રી વલ્લભાધીશકો ।

માનસી રીત કી મુખ્ય સેવા વ્યસન, લોકવૈદિક ત્યાગ શરન ગોપીશ કો ॥

દીનતા ભાવ ઉદ્બોધ ગુણગાન સો, ધોષત્રિય ભાવના ઉભય જાને ।

શ્રી કૃષ્ણ નામ સ્ફૂરે, પલ ન આજ્ઞા ન ટરે, કૃતિ વચન વિશ્વાસ દૃઢ ચિત્ત આને ॥

ભગવદી જાન સતસંગ કો અનુસરે, ના દેખે દોષ અરૂ સત્ય ભાખે ।

પુષ્ટિપથ મર્મ દશ ધર્મ યહ વિધિ કહે સદા ચિત્તમેં દ્વારકેશ રાખે ॥

પુષ્ટિમાર્ગના મર્મ સમા આ ૧૦ ધર્મ દરેક ભગવદીયે જીવનમાં ઉતારવા જોઈએ. આ ૧૦ ધર્મ જ આપણને સાચા વૈષ્ણવ બનાવે છે. ભગવદીયનો પ્રથમ ધર્મ છે. શ્રી મહાપ્રભુજીનો દૃઢ આશ્રય કરવો. શ્રી વલ્લભના ચરણના નખચંદ્રની છટા વગર આખા વિશ્વમાં, ચારે યુગમાં અંધકાર છે. એમ સમજીને એમના ચરણનો દૃઢતાથી આશ્રય કરવો.

બીજો ધર્મ છે ભગવાનની માનસી સેવાને મુખ્ય માનીને સેવાવ્યસની થવું. જેમ વ્યસનીને એના વ્યસન વિના ચેન ન પડે તેમ ભગવદીયને ચિત્તના પ્રવણરૂપ (માનસી) સેવા વિના ચેન ન પડે એવી આસક્તિ રાખવી. ત્રીજો ધર્મ એ કે વૈષ્ણવે લોકવેદના ધર્મોનો (બાધક સમજીને) ત્યાગ કરવો અને શ્રી ગોપીજન વલ્લભનું અનન્ય ભાવે શરણ સ્વીકારવું.

સદા દીનતાભાવ રાખીને પ્રભુના ગુણગાન કરવા એ વૈષ્ણવનો ચોથો ધર્મ છે. રાસ પ્રસંગે ભગવાનના અંતર્ધ્યાન થવાના સમયે વ્રજવનિતાઓ એ જેવી દીનતાપૂર્વક ગોપી ગીતનું ગાન કર્યું તે અનુસાર પુષ્ટિમાર્ગીય ભગવદીયે પ્રેરણા લેવી. સંયોગ અને વિપ્રયોગમાં સેવા રીત અને પ્રીતમાં વ્રજ સ્ત્રીભાવને મુખ્ય જાણવો એ પાંચમો ધર્મ છે.

છઠ્ઠો ભાગવતધર્મ એ કે ભગવદીયના હૃદયમાં સતત કૃષ્ણનામનું ગૂંજન થતું રહે. સાતમો ધર્મ ભગવદાજ્ઞા અને ગુરૂ આજ્ઞામાંથી ચલાયમાન ન થવું. આઠમો ધર્મ વૈષ્ણવે મન, વચન અને કર્મથી ભગવાનમાં દૃઢ વિશ્વાસ રાખવો. ચાતકનું દૃષ્ટાંત વિચારીને વિશ્વાસુ થવું. નવમો ધર્મ એ કે કોઈને પણ ભગવદીય જાણે, વલ્લભીય જાણે તો તેનો સંગ કરે, તેની સાથે સત્સંગ કરે. દશમો ધર્મ એ કે ભગવદીયની વાણી વિશુદ્ધ હોય છે. તે કોઈના દોષોનું વર્ણન કરીને વાણીનો વ્યર્થ વિલાસ કરતો નથી. સત્ય બોલીને વાણીને પવિત્ર રાખે છે.

આવા વૈષ્ણવો પ્રભુને પ્રાણથી ય પ્યારા છે !

ભક્તિ પોષણ.

આસક્તિ, વ્યસન, તન્મયતા.

એકવાર પણ આખા દિવસમાં, મળ્યા વિના નવ રહેવાય;
જો ના મળે તો વિકળ થાય, આસક્તિ એ તો કહેવાય;
કહેવાયે વ્યસન આવું જ્યારે થાય, રહ્યામા રહ્યામી હૃદય વિંધાય
તન્મયતા તે મૃત્યુ સમાન, આ ચારે આવે આપે હરિદાન
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

હવે આસક્તિની વ્યાખ્યા. આખા દિવસમાં એકવાર પણ એનાં દર્શન ન થાય તો વ્યાકુળતા આવી જાય, આંખો નિરંતર એને શોધ્યા કરે. આસક્તિમાં, ઘરમાં રૂચિ ન રહે અને ઘરના સુખો, સંબંધો બધાં જ અંતરાયરૂપ, બાધકરૂપ લાગે.

વ્યસન અવસ્થામાં તો સ્નેહ એટલો બધો પ્રબળ થઈ જાય છે કે એનો પડઘો સામેના પાત્ર પર પણ પડે છે. ભક્તની વ્યાકુળતા હવે ભગવાનનેય બેચેન બનાવી મુકે છે. "જો પૈ વિરહ પરસ્પર વ્યાપે, તો કછુ જિયૈ બને । લોકલાજ કુલકી મર્યાદા, એકો ચિત્ત ન ગિનૈ ॥ ભક્ત અને ભગવાન બંને એકબીજાના વિરહનો અનુભવ કરે, મિલન થાય તો બેઉને સુખ થાય.

તન્યમતામાં તો જાણે ચેતના જ ન રહે. ભક્તિનું આ સર્વોચ્ચ રૂપ છે. ભક્તનું મન, વાણી અને ક્રિયા અરે, એનો આત્મા સુદ્ધાં ભગવન્મય બની જાય છે. ભક્ત ભગવાનમાં નામનો જ ભેદ રહી જાય છે. આ તન્મયતાને જ પ્રેમ સમાધિ કહે છે.

પ્રેમ લક્ષણા વળિ દૃગ રૂચિ, સ્મૃતિ અભિલાષા ઉદ્વેગ ચાર;
વ્યાધિ પ્રલાપને ઉન્માદ ત્રણે, આસક્તિના પ્રકાર;
પ્રકાર વ્યસન તણા બે કહિયે, જડતા ને વળી મુર્છના લહિયે
તન્મયતાનું લક્ષણ એક, મૃત્યુ સાદૃશ્ય પણ મર્મ ન છેક
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

શ્રી દયારામ આ પ્રેમભક્તિના લક્ષણો વર્ણવીને વિષયને વધુ સ્પષ્ટ કરે છે જેથી ભક્તોને ભક્તિમાર્ગમાં સુંદર માર્ગદર્શન મળે. પ્રેમના ચાર લક્ષણો :

(૧) દગરૂચિઃ નેત્રની પ્રિયના સ્વરૂપમાં રૂચિ રહે. વારંવાર એનું મુખડું નીરખવું ગમે. "ગિરિધર દેખે હી સુખ હોય । નયનવંત કો યેહી પરમ ફલ, યેહી વિધિ મોહે ત્રૈલોય ॥ કમલમુખ જોતાં તૃપ્તિ જ ન થાય.

(૨) સ્મૃતિઃ ભક્તને વિના પ્રયત્ને ભગવાન યાદ આવ્યા કરે. ચિત્ત વારંવાર એના સ્મરણમાં જ દોડી જાય. તેની નાની નાની બાબતો ય યાદ આવ્યા કરે.

(૩) અભિલાષઃ પ્રિયને મળવાની, તેને જોવાની, તેની સાથે રમવાની ઉત્કટ અભિલાષા જાગે "ઈતર રાગ વિસ્મારણં નૃણામ્" ભગવાન સિવાયના અન્ય કોઈ વિષયની એને અભિલાષા જ ન રહે. જ્ઞાન વૈરાગ્યની વાતો ય એના મનને શાંતિ ન વળવા દે ! અંતરમાં એક જ અભિલાષ રહે અને તે પ્રીતમને મળવાની જ !

(૪) સ્નેહનું ચોથું લક્ષણ છે ઉદ્વેગઃ જ્યાં સુધી પ્રભુ ના મળે ત્યાં સુધી ભક્તને કયાં ય સુખ ન પડે. "બિછુરે પે સૂખે નહીં, તાકે મુખ પર ધૂલ ! પ્રિયજનથી છૂટા પડયા બાદ જો વિરહવ્યથા ન જાગે તો ધિક્કાર છે એ સ્નેહ અને સ્નેહી પર !"

આસક્તિના ત્રણ લક્ષણો - વ્યાધિ, પ્રલાપ અને ઉન્માદ.

૧. વ્યાધિઃ હૃદયની પીડા એટલી વધે કે શરીર પણ અસ્વસ્થ થઈ જાય. ગાત્રો શિથિલ થઈ જાય, દેહ કૃશ થવા લાગે વિ.

૨. પ્રલાપઃ વિરહ દશામાં ભક્ત અસંબદ્ધ, અસંગત પ્રલાપ કરતો રહે. એને ભાન જ ન હોય કે એ શું બોલે છે. "તન જરિ, ધરતી હૂ જરી, અંબર જરિયા જાય !" ભક્ત કહે છે કે મારી પર વિરહની એવી ચિનગારી આવી પડી છે કે શરીર બળી રહ્યું છે ! અરે, આ ધરતી ય બળી રહી છે !! અરે, આ આખું આકાશ બળવા લાગ્યું છે !!!

૩. ઉન્માદઃ પ્રેમની ઘેલછામાં ભક્તને તે શું કરે છે તેનો કશો ય ખ્યાલ ન રહે. પ્રેમદિવાની ગોપી વૃક્ષોને, પશુઓને, ભૂમિનેય પ્રભુ કયાં છે એમ પુછવા લાગી એ ઉન્માદનું લક્ષણ.

વ્યસન ના બે લક્ષણો. જડતા અને મૂર્ચ્છા, ભક્તનું જાણે સઘળું ચેતન હરાઈ ગયું હોય, દુઃખની સીમા ય વટાવી ચૂકે એ આ અવસ્થા છે. કોઈ શું કરે છે, શું કહે છે કાંઈ ન સમજાય. અને મૂચ્છામાં ભાન જ ચાલ્યું જાય. અસહ્ય વિરહ પીડામાં દેહ બેસુધ બની જાય.

તન્મયતામાં મરણ સાદશ્ય છે. વિરહી જીવવા ખાતર જીવતો હોય. માત્ર શ્વાસ ચાલતા હોય તેથી. જીવે છે એમ કહી શકાય. દેહ સિવાય એનું સમગ્ર અસ્તિત્વ ભગવાનમાં વિલીન થઈ ગયું હોય એવી આ અવસ્થા છે.

સ્વાધ્યાય - ૨૦

પુષ્ટિ પુરૂષાર્થ

विशिष्टरूपं वेदार्थः फलं प्रेम च साधनम् ॥ શ્રી કૃષ્ણ જ પ્રમેય રૂપ છે. ભક્તિમાર્ગમાં પ્રમાણ કરતાં પ્રમેય જ જીવને વધુ અનુકૂલ છે. આ પ્રમેય વિશિષ્ટરૂપ છે એટલે કે પ્રાકૃત ધર્મના આશ્રયે નથી. પરંતુ એ સ્વંય અપ્રાકૃત નિખિલધર્મ અને રૂપવાળું છે. વેદ પૂર્વકાંડમાં ક્રિયા અને ઉત્તર કાંડમાં જ્ઞાન એમ બંને રૂપે બ્રહ્મનું સ્વરૂપ નિરૂપણ કરે છે. આ ક્રિયા અને જ્ઞાન એમ ઉભય ધર્મથી યુક્ત એવી શ્રીકૃષ્ણ જ પુષ્ટિમાર્ગના ફલરૂપ છે. પ્રમાણ શાસ્ત્રો - એમાં ય મુખ્યત્વે શ્રી ગીતાજી તેમજ શ્રી ભાગવતજી એ જ્ઞાન અને ક્રિયા એ ઉભય ધર્મથી વિશિષ્ટ એવી ધર્મરૂપી પુરૂષોત્તમ શ્રીકૃષ્ણનું પ્રતિપાદન કરે છે.

ધર્મ:

स्वरूप मात्र परता तात्पर्यज्ञान पूर्वकम ।
धर्मनिष्ठा यत्र नैव पुष्टिमार्गः स कथ्यते ॥

પુષ્ટિમાર્ગમાં શ્રુતિ, સ્મૃતિ અને પુરાણાદિમાં પ્રતિપાદિત થયેલા ધર્મોનું તાત્પર્ય ભગવાન જ છે. એમ જાણવામાં આવે છે. વળી ભગવત્પ્રાપ્તિમાં અંતરાય ભૂત ધર્મોનો ત્યાગ કરવામાં આવે છે. પુષ્ટિમાર્ગમાં ભગવત્સ્વરૂપ પરાયણતા જ ધર્મ છે.

સર્વ ધર્મોનું તાત્પર્ય ભગવાન છે. ધર્મની વ્યાખ્યા જ એ છે કે **येनैव कृष्णसम्बन्धो धर्मः सोऽत्र निरूप्यते** જેનાથી કૃષ્ણ સંબંધ થાય તે જ ધર્મ.

બાધક ધર્મનો ત્યાગ કરવાની આજ્ઞા છે જ. **सर्वधर्मान् परित्यज्य** સર્વ ધર્મો - જો બાધક હોય તો ત્યજવા. **धर्मो धर्मिमूलः, तदविरोधेन कर्तव्यः** ધર્મનું મૂલ ધર્મી (ભગવાન છે). ધર્મનું આચરણ જો ધર્મી ભગવાનના વિરોધમાં ન હોય તો કરવું.

પુષ્ટિધર્મ સિદ્ધ કરવા માટે, પુષ્ટિફલની કામના હોય તેણે નીચેના ચાર ધર્મ-અંગોનું પરિપાલન કરવું આવશ્યક છે.

गुणगानं तथा दुःख भावनं दैन्यमेव च ।
तथा त्यागः सिद्ध दशः कृत्यमेतच्चतुष्टम् ॥

પુષ્ટિમાર્ગ સિદ્ધ થાય એવી જેની ઈચ્છા હોય તેણે ભગવાનના ગુણગાન, ભગવાનના વિપ્રયોગની આર્તિનો અનુભવ, દીનતા તથા (અસમર્પિત, અન્યાશ્રમ, અંહકાર આદિ) બાધકોનો ત્યાગ, આ ચાર પુષ્ટિમાર્ગીય ધર્મના મહત્વના અંગો છે. જેમ સત્ય, તપ, દયા અને પવિત્રતા આ ચાર મર્યાદા ધર્મના ચરણો છે. તેમ પુષ્ટિધર્મના ઉપરોક્ત ચાર ચરણો છે. આ ચરણોનું આચરણ કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે. મર્યાદા ધર્મનું ફલ મુક્તિ વિ. છે જ્યારે

પુષ્ટિ ધર્મનું ફલ કેવલ ભગવાનની પ્રસન્નતા છે. **સર્વસ્ય મૂલં સત્સંગઃ** આ બધા ય નું મૂળ તો સત્સંગ છે. સત્સંગ વિના કશું ય સિદ્ધ ન થાય.

શ્રીકૃષ્ણને ભજવા એ જ ધર્મ છે. **સ્વસ્યાયમેવ ધર્મો હિ** જીવનો આ જ ધર્મ છે. અને સર્વ પ્રકારે આ ધર્મનું પરિપાલન કરવું જોઈએ.

"પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં ધર્મઃ" શ્રી હરિના દાસ થઈને રહેવું, એમના સેવક બનીને સેવા કરવી એ જ વૈષ્ણવનો ધર્મ છે.

અર્થઃ

"પ્રભુ સર્વ સમર્થો હિ" ભક્તની સાચી સમૃદ્ધિ ભગવાન છે. સાસાંરિક અર્થસંપત્તિ તો પાણીના પરપોટા જેવી, ચંચળ અને અલ્પ સુખ આપનાર છે. ધનસંપત્તિ સુખ આપે એના કરતાં દુઃખ વધુ આપે છે. દ્રવ્ય, ઘર અને સ્વજનો રૂપી સંપદા માણસને ફલરૂપે ભય, શોક, સ્પૃહા, પરિભવ અને વિપુલ લોભ આપે છે અને એ રીતે દુઃખી કરે છે. ધન હોય ત્યારે તેના નાશનો ભય રહે છે. ધન નષ્ટ થઈ જાય તો શોક જાગે છે, શોકાતુર મનુષ્ય ફરી વધુ ધન પ્રાપ્ત કરવાની સ્પૃહા (ઈચ્છા) માં સપડાય છે. એ ઈચ્છા સફળ ન થાય તો ફરી ફરીને શોકગ્રસ્ત થાય. ધારો કે એને ધન મળી ગયું તો પણ તેને સંતોષ નહીં રહે એને વિપુલ લોભમાં જકડી લેશે.

ભગવદીયને માટે પ્રભુ "સમ્ અર્થ" સુયોગ્ય સંપત્તિ રૂપ છે. એટલે કે ભક્તનું સાચું ધન ભગવાન છે.

વળી, ભગવદ્ ભક્તિ એ ભગવદીયની સાચી સંપદા છે. પ્રભુ સારી રીતે જાણે છે કે ભક્તની આ આધિદૈવિક અર્થ સંપત્તિની રક્ષા કરવી જોઈએ માટે એ પોતે એ જ કરે છે. સંપત્તિ હંમેશા સુરક્ષિત રાખવી જોઈએ જો એને સારી રીતે રાખી શકીએ તો નિશ્ચિંત થઈ શકાય છે. કૃપા માર્ગમાં તો ભક્તની આ સંપત્તિની પ્રભુ જ રક્ષા કરતા રહે છે.

ભક્તની ભક્તિરૂપ સંપત્તિને સૌથી મોટો ભય બહિર્મુખ જનોથી છે. વિમુખોનો સંગ દુઃસંગ છે અને આ દુઃસંગ આપણા ભાવનો નાશ કરે છે. જેમ ચોર વિ. થી ધન સાચવવું જોઈએ. તેમ વૈષ્ણવે વિમુખજીવોથી આ ધન સાચવવું.

સાર એ કે ભગવદીયની સંપત્તિ ભગવાન અને ભગવાનની ભક્તિ છે. આ બે છે તો ભક્ત સમૃધ્ધ છે અને આ બે નથી તો એ નિર્ધન છે.

' અર્થો હરિરેવ હિ ' લૌકિક વૈદિક સર્વ પદાર્થોનો ત્યાગ કરીને એક શ્રીકૃષ્ણને જ પોતાનું સર્વસ્વ - સંપત્તિ સમજે. જેમ વૃત્રાસુરે કહ્યું કે " મારે ઈન્દ્ર પદની અપેક્ષા નથી કેમ કે કાલાન્તારે એનો નાશ છે, બ્રહ્માનો લોક પણ જોઈતો નથી કેમકે તેમાં બ્રહ્માની સાથે જ મુક્તિ છે માટે પરાધીનતા છે, મારે ચક્રવર્તી રાજા ય થવું નથી કેમ કે રાજ્ય સુખમાં ય વધઘટ થયા કરે. લાલસા, દ્વેષ વિ. રહે છે. દેહના અંતની સાથે એનો ય અંત આવી જાય છે.

રસાતલનો વૈભવ પણ ન ખપે કેમ કે લક્ષ્મીથી મળનારું સુખ અનિત્ય છે. પરસ્પર વિરોધ કરાવનારૂં છે, મારે યોગસિધ્ધિઓ ય જોઈતી નથી કેમકે યોગમાર્ગમાં યોગભ્રષ્ટ થવાનો ભય જ રહે છે. મને મુક્તિ મેળવવામાં ય રસ નથી કેમકે જ્ઞાનસાધ્ય મુક્તિમાં ગણિતાનંદ છે, પૂર્ણાનંદ નથી.

ભક્ત જ્યારે મોક્ષનો જ અનાદર કરી દે છે તો પછી અન્ય સુખસંપદાની વાત જ શું કરવી. તેને માટે તો ભગવાન જ પરિપૂર્ણ, સર્વ અર્થરૂપ છે.

કામ

'કામો હરિદિદૃક્ષૈવ' પુષ્ટિમાર્ગીય જીવોના હૃદયમાં સર્વદા ભાવત્સ્વરૂપના સૌંદર્ય દર્શનની કામના રહે છે. ભક્તના મનરૂપી મધુકરને ભગવાનના મુખકમલના રસનું પાન કરવાની લાલસા સતત રહે છે.

જેને પાંખો ફૂટી નથી એવાં બચ્ચાં જેમ માતાના દર્શનની અપેક્ષા રાખે છે. અમારી માતા ક્યારે આવશે અને અમને દાણા ખવડાવશે એવી આતુરતા બચ્ચાંઓમાં રહે છે. એમ ભક્તને ભગવાન ક્યારે દર્શન આપશે અને અમને સુખી કરશે એવી આતુરતા રહે છે.

જે હજી ઘાસ ખાતા શીખ્યા નથી એવા અબોધ વાછરડાં, ભૂખથી વ્યાકુળ થયેલાં વાછરડાં જેમ દૂધની કામના રાખે છે કે, અમે ક્યારે દૂધ પીશું એમ ભક્તનું મન કામના રાખ છે કે મને ક્યારે ભગવાનના દર્શન થશે !

વળી જેમ પરદેશ ગયેલા પોતાના પ્રાણપ્રિય પતિના વિયોગથી દુઃખી, પતિપ્રિયા સ્ત્રી જેમ પ્રિયપતિના દર્શનની અભિલાષા રાખે તેમ ભક્તનું મન ભગવાનના દર્શનની કામના કર્યા કરે છે. આ કામના જ પુરુષાર્થ છે. અલૌકિક મનોરથ પુરુષાર્થ છે, લૌકિક કામના બંધન છે.

મોક્ષ

જીવાનાં કૃષ્ણ સમ્બન્ધો ભક્તિમાર્ગે વિમોચનમ્ જીવોને શ્રીકૃષ્ણ સાથે સંબંધ થાય એ જ પુષ્ટિ ભક્તિમાર્ગમાં મોક્ષ છે.

ભક્તિમાર્ગે જીવની મુક્તસ્થિતિના બે પ્રકારો છે. ૧ : ભક્તની ભગવાનમાં સ્થિતિ અને ૨ : ભગવાનની ભક્ત હૃદયમાં સ્થિતિ. ભક્તની ભગવાનમાં સ્થિતિ થવી એ સાયુજ્ય મુક્તિ છે. પુષ્ટિમાર્ગમાં એ પરમફલ નથી. પુષ્ટિમાર્ગમાં તો પરમ ફલરૂપ સંબંધ તો ભક્તના હૃદયમાં ભગવાનનીસ્થિતિ થવી તે છે. આ મુક્ત દશા વાસ્તવમાં તો ભક્તિની ફલાત્મક દશા જ છે. **ફલભક્તિ સ્તતો ભિન્ના પ્રભોર્ભક્ત-હૃદિ સ્થિતિ :** ભગવાન ભક્ત હૃદયમાં બીરાજે છે. ત્યાં જ સર્વ પ્રકારની લીલાઓ - રચનાત્મક લીલાઓ કરે છે.

મોક્ષ : કૃષ્ણસ્ય ચેદ્ ધ્રુવમ્ સદા શ્રીકૃષ્ણના દાસ થઈને રહેવું એ જ ભક્ત માટે મોક્ષ છે. ભગવદીયોને સાયુજ્ય વિ. મોક્ષની અભિલાષા થતી જ નથી. સાયુજ્યમાં ભગવાનનો અનુભવ ન થાય. ભક્તને તો ભગવાનના માહાત્મ્યજ્ઞાનપૂર્વક શ્રી હરિના ગુણો,

શ્રી હરિના નામ, શ્રી હરિની લીલા અને શ્રી હરિના સ્વરૂપ ના શ્રવણમાં, કીર્તનમાં અને સ્મરણમાં જ મુક્તિ પુરુષાર્થ સિધ્ધ થાય છે.

જ્ઞાનીને અસંગમાં મુક્તિનો આનંદ મળે છે, ભક્તને ભક્તસંગમાં આનંદ મળે છે. તેને માટે તો ભગવદીયોના સંગમાં રહીને ભગવત્પ્રેમની આવેશમાં નિમગ્ન રહેવામાં જ મોક્ષસુખ છે.

સાધારણ જીવ માટે ત્રિગુણાત્મક દેહગેહ, ધન સ્વજન આદિમાં અહંતા-મમતા રૂપી બંધન તૂટે એ મુક્તિ છે. પુષ્ટિજીવની મુક્તિ તો કાંઈક જૂદી જ છે. ભગવદીયોની મુક્તિ તોમર્યાદા મુક્તિ કરતાં સ્વરૂપથી સાધનથી અને ફલથી - બધી રીતે વિલક્ષણ છે. પુષ્ટિમાર્ગમાં તો પ્રભુ નિઃસાધન જીવોનો જ અંગીકાર કરે છે, પ્રભુની સેવા ઘરમાં જ થઈ શકે છે. માટે ઘરમાં રહીને ભગવત્સેવાના આનંદ નો સ્વરૂપનો સંગ, સંબંધ એટલે કે ભક્તાનંદનો અનુભવ એ જ ફલ છે.

માટે આ ફલરૂપ ભગવત્સેવા અને ભગવાનના સ્મરણનો કદી ત્યાગ ન કરવો એ જ વૈષ્ણવનો પરમ પુરુષાર્થ છે.

અનેક જન્મના પાપોથી સંસારના દુઃખથી તપેલા જીવાત્માને ભક્તિરસમાં નિત્ય ત્રિકાલ સ્નાન કરાવતા, સત્સંગી ભગવદીયો પોતાની સત્સંગરૂપી કૃપા વરસાવે છે. જો શ્રી શુકદેવ આદિ ગુરૂજનોએ પરીક્ષિતાદિ જીજ્ઞાસુઓને ભગવલ્લીલાના રસમાં નિમગ્ન ન કર્યા હોત તો એમના સંસાર - તાપની નિવૃત્તિ કોઈ રીતે ન થાત. શ્રી શુકદેવજી, સનકાદિ મુનિઓ જેવા સત્સંગી મહાનુભાવો ' અપવર્ગમાત્યન્તિકં પરમપુરુષાર્થ રૂપી મોક્ષ કે સ્વયંસિદ્ધ કરેલ મોક્ષનો જરાય આદર કરતા નથી. એમને એવું શું કારણ છે કે, તેઓ પરમપુરુષાર્થ મોક્ષના ય અનાદર કરે છે ?

'ભગવદીયત્વેનૈવ પરિસમાપ્તસર્વાર્થા :' ભગવદીયોને પરાભક્તિથી સંપ્રાપ્ત ભગવદીયભાવ સૌથી મહાન પુરુષાર્થ છે. ભગવદીય ભાવમાં જ એમના સઘળા પુરુષાર્થ સિદ્ધ થઈ જાય છે.

એક દિવસશ્રી મહાપ્રભુજી શ્રી ગોવર્ધનનાથજીનો શૃંગાર કરતા હતા ત્યારે એવો ભાવ જાગ્યો કે ' દહીં મળે તો પ્રભુને સમર્પીએ તેમણે પ્રભુદાસ જલોટાને આજ્ઞા કરી કે, " ક્યાંય થી દહીં મળે તો લઈ આવ " પ્રભુદાસજી દહીં લેવા ચાલ્યા. રસ્તામાં એક ભરવાડણ મળી તો તેને પૂછ્યું, " તારી પાસે દહીં છે ?" તેણે જવાબ આપ્યો દહીં તો ઘણું મીઠું છે, શું મૂલ્ય આપશો ?" પ્રભુદાસે પ્રભુને સુખ થાય એવું દહીં મળે છે. એમ જાણીને કહ્યું કે, " તું જે માગશે તે આપીશ પણ મને દહીં આપ. " આહિરણે કહ્યું, " એક ટકા દે ઔર કહા તૂ મોકોં મુક્તિ દેઈગો ? એક ટકો આપ બીજું તું શું આપવાનો હતો, કાંઈ મુક્તિ થોડો આપવાનો હતો ?

પ્રભુદાસે તેને દહીંના બદલામાં ટકો આપ્યો અને મુક્તિ ય આપી. ઘરે આવ્યા પછી ભરવાડણને ઘડી બે ઘડીમાં અંતકાળ આવ્યો " શ્રી આચાર્યજીના સેવક પ્રભુદાસે એને દહીંના

બદલામાં મુક્તિ આપી છે" એમ કહીને વિષ્ણુદૂતોએ એને યમદૂતોથી છોડાવી.

આ તરફ શ્રીનાથજીને દહીં ધરવામાં આવ્યું. પ્રભુએ તેને વખાણ્યું. શ્રી મહાપ્રભુજીએ પૂછ્યું. "પ્રભુદાસ ! દહીં ઘણું સુંદર હતું, અતિ મધુર હતું, તું શું ન્યોછાવર આપીને લાવ્યો ?"

શ્રી પ્રભુદાસે ઉત્તર આપ્યો, "મહારાજ ! મહા મોંઘો આયો હૈ. દહીં કે પલટેં મુક્તિ દીની હૈ. ઘણું મોઘું પડ્યું દહીં ! તેના બદલામાં મુક્તિ આપવી પડી !" શ્રી મહાપ્રભુજીએ સુંદર વાત કહી, "ભક્તિ ક્યોં ન દીની ? શ્રી ઠાકુરજી પ્રીતિસોં આરોગે. તુચ્છ મુક્તિ કહા દીની ? ભલા ! તેનું દહીં ઉત્તમ હતું, જો ને ! પ્રભુ કેવી પ્રસન્નાથી આરોગ્યા ! તેને બદલામાં ભક્તિ આપવી હતીને ! તુચ્છ મુક્તિ કેમ આપી ? પ્રભુદાસે ઉત્તર આપ્યો એણે મુક્તિ માગી હતી. જો એણે ભક્તિ માગી હોત તો ભક્તિ જરૂર આપત."

ભક્તિ જ ભક્તોનો પરમ પુરુષાર્થ છે એનું કેવું સુંદર ઉદાહરણ !

તારા દાસના દાસની નિત્ય સંગત વિના, ભ્રષ્ટ થાય ભૂધરા મન મારૂં.
દુષ્ટની સંગતે દુષ્ટ મતિ ઊપજે, શ્રવણ કીર્તન નવ થાય તારૂં...
પૂર્ણ વિષપાનથી દુરિજન દોહ્યલા, વિષ પીધે તન તેજ મરશે.
તુજ થકી વેગળા, તેહની સંગતે, જન્મ કોટિતણાં સુકૃત હરશે...
અમૃતની ઉપમા સાધુને નવ ઘટે, રાહુની દુષ્ટતા ન ટાળી તેણે.
પ્રહલાદ-નારદે ગર્ભ સંગત કરી, વશ કર્યા વૈકુંઠ નાથ જેણે...
ચતુરધા મુક્તિ છે જૂજવી જુક્તિની, તાહરા તેહને નવ રાચે.
બેઉ કર જોડીને 'નરસૈંયો' વિનવે, જન્મોજન્મ તારી ભક્તિ જાચે...

" હે નાથ ! તારા દાસના દાસનો સત્સંગ આપ. સત્સંગ તેવો રંગ. દુઃસંગ થાય છે. તો પ્રભુ, તારૂં શ્રવણ કીર્તન બધું જ છૂટી જાય છે. ! દુઃસંગ કરવો એના કરતાં તો વિષપાન કરવું સારૂં ! ઝેર પીવે તેના આ શરીરનો નાશ થાય જ્યારે દુઃસંગ કરે એના તો જન્મજન્મના પુણ્ય અને સદ્‌ગુણોનો નાશ થઈ જાય !

જેમ દુઃસંગ ઝેર કરતાં ય વધુ દુઃખદ છે તેમ સત્સંગને અમૃત સમાન પણ ન માનવું. સત્સંગ તો અમૃતથી ય ઉત્તમ છે. એમ તો રાહુએ અમૃત પીધું અને તેના શરીરના કટકા થઈ જવા છતાં એ ન મર્યો. અમૃતે રાહુને અમરત્વ આપ્યું પરંતુ રાહુના સ્વભાવની દુષ્ટતા ન ટળી. જ્યારે સત્સંગ તો માનવીના સ્વભાવનું પરિવર્તન લાવે છે. સાક્ષાત્ સત્સંગ ન થાય તો ય એ કલ્યાણકારી છે. શ્રી પ્રહલાદજી માતાના ગર્ભમાં હતા ત્યારે એમને શ્રી નારદજીનો સત્સંગ મળ્યો હતો અને એ કેવા મહાન ભક્ત થયા !

હે હરિ ! તારા ભક્તોને જુદા જુદા ઉપાયો વડે સિદ્ધ થતી ચતુર્વિધ મુક્તિની કામના હોતી જ નથી. ભગવદીપો તો જન્મજન્મ સુધી તારી ભક્તિની ય યાચના કરતા હોય છે"

ભક્તિ જ પુરુષાર્થ છે, ભક્તિ જ પરમ પુરુષાર્થ છે.

પ્રેમ લક્ષણા નો પ્રતાપ.

જાતી જુઓ તો આહીરની, તેમાં અબળા અધમ અવતાર;
એ વેદાદિ નહોતી ભણી, નહોતો ઉત્તમ કર્મ અધિકાર;
અધિકાર વણ એક પ્રેમ પ્રતાપ, કર્યા આધીન શ્રીકૃષ્ણજી આપ
ગોપીની પદરજ વંદે ઈશ, પ્રેમલક્ષણા તે સહુને શીશ-
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ

વ્રજની ગોપીઓ એક તો સ્ત્રીજાતિની, અબળા નારીઓ હતી. તેમાં ય ગોપીઓ - ગોપજાતિમાં જન્મેલી સ્ત્રીઓ હતી. યજ્ઞતપ જેવા ઉત્તમ કર્મમાર્ગનો ય એમને અધિકાર ન હતો તો વેદ, વેદાંતના જ્ઞાન માર્ગનો ય અધિકાર ન હતો ! આમ છતાં એ કર્મહીન, જાતિહીન, વર્ણહીન, જ્ઞાનરહિત ગોપીઓએ શ્રીકૃષ્ણને પ્રેમના પ્રતાપે વશ કરી દીધા હતા. એ પ્રમાણથી સિદ્ધ થાય છે કે પ્રેમની શક્તિ સૌથી મહાન છે. હરિર્હિ સાધ્યતે ભક્ત્યા પ્રમાણં તત્ર ગોપિકા : ' પ્રેમભક્તિ પરમાત્માને ય પરવશ કરી દે છે. આ આહીરકન્યાઓની ચરણરજ પણ વંદનીય છે. તેમની ભક્તિથી પ્રભાવિત થયેલા શ્રી ઉદ્ધવજીએ 'વંદે નંદવ્રજસ્ત્રીણાં પાદરેણુમભીક્ષણશ : યાસાં હરિકથોદ્ ગીતં પુનાતિ ભુવનત્રયમ્ ' તેમની ચરણરજને વંદના કરીને પ્રેમભક્તિની આ આરાધિકાઓનો યશ ગાયો છે. ભગવાનને અનેક પ્રકારે ભજી શકાય છે. પરંતુ સર્વોત્તમ પ્રકાર તો પ્રેમલક્ષણા ભક્તિ જ છે.

સેવા સંગત હરિ ભક્તની, કરે પ્રેમ ભક્તિ ઉત્પન્ન;
તે કરે કૃતાર્થ એકલી, નવ જોઈએ કોઈ સાધન;
જોઈએ ન વય વિદ્યા વિત્ત વર્ણ, રૂપ પરાક્રમ પવિત્રાચર્ણ
કેહેશો જોયા નથી કહો કિયે ઠામ; તો સુણો પ્રગટ બતાવું નામ
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ

આ પ્રેમલક્ષણા ભક્તિ આમ તો ભગવાનના કૃપાપાત્ર ભક્તને જ સાંપડે છે. છતાં તેને પામવાની પાત્રતા કેળવવા માટે બે સાધન જરૂરી છે. સેવા અને સત્સંગ. વૈષ્ણવે હરિ, ગુરૂ અને વૈષ્ણવની નિષ્કપટ ભાવથી સેવા કરવી અને રસિક, ભાવિક તાદ્રશી ભગવદીયોના સંગ માં રહેવું. સંગનો રંગ લાગ્યા વિના રહેતો નથી.

પ્રેમલક્ષણા ભક્તિ સર્વતંત્ર સ્વતંત્ર છે. તે પરમાત્માની જેમ જ સર્વશક્તિમાન અને સંપૂર્ણ છે. ભક્તનો કૃતાર્થ કરવામાં, ફળ આપવામાં તેને અન્ય કોઈ સહાયની જરૂર પડતી નથી. ભક્તિ હોવી એજ ભક્તની પાત્રતા, એ જ ભક્તની પૂર્ણતા. શ્રી પ્રહ્લાદજીએ ગાયું છે કે, 'મન્યે ધનાભિજનરૂપતપ : શ્રુતૌજસ્તેજ : પ્રભાવ બલપૌરૂષ બુદ્ધિયોગાઃ । નારાધનાય હિ

ભવન્તિ પરસ્ય પુંસો, ભક્ત્યા તુતોષ ભગવાન્ ગજયૂથપાય.' હું માનું છું કે, હે નૃસિંહ ભગવાન ! તમને પ્રસન્ન કરવા માટે ધન, ઉત્તમ કુળમાં જન્મ, સુંદરતા, તપ જ્ઞાન, તેજ, પ્રભાવ, બળ, પરાક્રમ, બુદ્ધિમત્તા કે યોગસિદ્ધિઓ જેવા ગુણોનું મહત્ત્વ નથી. (કેટલીક વાર તો આવા ગુણો માનવીને ગર્વિષ્ટ બનાવી દે છે.) તમે કેવળ ભક્તિથી જ સંતુષ્ટ થઈ જાવ છે. તમોને પ્રસન્ન કરવા માટે કેવલ ભક્તિ જ પર્યાપ્ત છે.

પ્રીતમ પ્રેમ હી તે પૈયે
યદ્યપિ રૂપ, ગુણ, શીલ, સુઘરતા, ઈન બાતન ન રિજૈયે
સતકુલ જન્મ, કર્મ શુભ લક્ષણ, વેદ પુરાણ પઢૈયે
'ગોવિંદ' પ્રભુ બિન સ્નેહ સુઆલોં, રસના કહા નચૈયે

પ્રીતમને પ્રેમથી જ પામી શકાય છે. એ રૂપ, ગુણ, શીલ, વિ. થી રીઝતો નથી. ચાહે કોઈ ઉત્તમકુળમાં જન્મે, ઉત્તમ કર્મ કરે, પરમ જ્ઞાની થઈ જાય પણ જો એને પ્રભુમાં પ્રેમ નથી તો બધું જ નકામું ! પોપટને જે ગોખાવ્યું હોય એ બોલ્યા કરે છે. સીતારામ, સીતારામ બોલે પણ એના બોલવામાં કાંઈ ભક્તિ તો ન હોય. ભક્તિ વિના કાંઈ પણ બોલવું તે જીભને નચાવવા જેવું જ છે ! ભાવવિનાની કૃતિ એ પરિશ્રમ જ છે.

स्वाध्याय २१

भक्ति

भज् + क्ति = भक्ति

શ્રી વલ્લભ ભક્તિનો અર્થ કરે છે. પ્રેમપૂર્વક સેવા. ભક્તિ શ્ચ પ્રેમપૂર્વિકા સેવા. ભક્ત ભગવાનની પ્રેમપૂર્વક સેવા કરે તે ભક્તિ છે.

स्नेहो माहात्म्यं च मिलितं भक्तिर्भवति ભગવાનમાં સ્નેહ અને માહાત્મ્ય ભેગાં થતાં ભક્તિ થાય છે.

કપિલ ભગવાન વ્યાખ્યા કરે છે કે

देवानां गुणलिंगानामानु श्रविक कर्मणाम् ।
सत्व एवैक मनसो वृत्ति : स्वाभाविकी तु या ॥
अनिमित्ता भागवती भक्ति : सिद्धेर्गरीयसी ।
जरयत्यासु या कोशं निगीर्णमनलो यथा ॥

જેમની શુદ્ધ સત્વરૂપ ભગવાનમાં એકનિષ્ઠા છે, જેમની ઈન્દ્રિયો દૈવી સ્વભાવ વાળી છે. જેમના કર્મો વેદધર્મને અનુકૂલ છે એવા મહાનુભાવની ભગવાન પ્રત્યેની સ્વાભાવિકી મનોવૃત્તિને ભક્તિ કહે છે. આ મનોવૃત્તિ સ્વાભાવિકી (સહજ) હોય, અનિમિત્ત (સ્વતંત્ર) હોય અને ભાગવતી (ભગવાન તરફ વહેતી) હોય તેનું નામ ભક્તિ છે.

આવી ભક્તિ સાયુજ્યમુક્તિ કરતાં ય ઉત્તમ છે, ગળેલા અન્ન ના ગ્રાસને જેમ જઠરાગ્નિ પચાવી જાય છે. તેમ આ ભક્તિ મનુષ્યના લિંગશરીરને તુરત જ જીર્ણ કરી નાખે છે. આ ઉત્તમ ભક્તિ અહૈતુકી હોય છે. તેમાં ફલનું અનુસંધાન નથી હોતું. કાલકર્મનું વ્યવધાન પછી નથ હોતું. સ્નેહપૂર્વકની સેવા એ જ એનું મુખ્ય લક્ષણ છે. ભક્તોને સાલોક્ય (વૈકુંઠવાસ) સાર્ષ્ટિ (પ્રભુની સમાન ઐશ્વર્ય) સામીપ્ય (ભગવત્સમીપે સ્થિતિ) સારૂપ્ય (ચતુર્ભુજત્વાદિ સમાન રૂપ) તથા એકત્વ (સામુજય) એવી મુક્તિનું દાન કરવામાં આવે તો પછી એ ભગવદ્ ભક્તો તેનું ગ્રહણ કરતા નથી. પરંતુ એ તો કેવળ ભગવત્ સેવા ને જ સ્વીકારે છે. આ આત્યંતિક ભક્તિયોગ છે. નિર્ગુણ ભક્તિ કહેવાય છે.

નારદ પંચરાત્રમાં ભક્તિની વ્યાખ્યા એવી છે કે

माहात्म्यज्ञानपूर्वस्तु सुद्रढ : सर्वतोऽधिक ।
स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा ॥

પ્રભુનું માહાત્મ્ય જાણીને સારી રીતે દ્રઢ અને સર્વથી અધિક જે સ્નેહ થાય છે તે ભક્તિ

કહેવાય છે.

નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ મનની ગતિથી વિચારાય છે. પર્વત વિ.ને ભેદીને પણ જેમ ગંગાનું જલ સાગરમાં જાય છે. તેમ લૌકિક વૈદિક પ્રતિબંધોને દૂર કરીને મન ભગવાનમાં જ ગતિ કરે છે તે નિર્ગુણ ભક્તિયોગ કહેવાય છે.

આ ભક્તિ હેતુ (ફળનું અનુસંધાન) રહિત એટલે કે અહૈતુકી હોવી જોઈએ તેમજ તે ભક્તિમાં કાલ અથવા કર્મથી અંતરાય થતો નથી એટલે કે તે અપ્રતિહતા હોય છે.

ભક્તિ પરમ સાધન -

ભક્તિમાર્ગની એક વિશેષતા પણ છે કે ' ભક્તિ-તત્ત્વ ભગવાન અને ભક્તને બંનેને સુખકર છે.

યજ્ઞ, યોગ, તપ જેવા સાધનો કરતા કર્તાને તો ઘણો પરિશ્રમ થાય છે. પરંતુ એ સ્નેહરહિત, કેવળ ક્રિયાત્મક સાધનો વડે ભગવાન પણ કર્તાના આગ્રહને વશ થઈને ઉદાસીન ભાવે પ્રકટ થાય છે. ભગવાન ત્યાં કેવળ શાસ્ત્રમર્યાદાને લક્ષ્યમાં લઈને પ્રકટ થાય છે માટે તેઓ કાંઈક મર્યાદા પણ રાખે છે. ભક્તિરૂપ સાધનમાં - ભક્તિ માર્ગમાં એવું નથી. એમાં તો ભગવાન સ્નેહવશ થઈને, સ્વેચ્છાથી કૃપા કરીને મર્યાદા દૂર કરીને પ્રકટ થાય છે. સાધન વશ થવામાં પ્રભુને શ્રમ છે. સ્નેહવશ થવામાં એને સુખ છે. યજ્ઞ, તપ આદિ સાધનમાં પ્રભુએ નિશ્ચિત કરેલા નિયત ફલનું જ દાન કરે છે. જ્યારે ભક્તિમાર્ગમાં તો કૃપાનિધાન પ્રભુ સ્નેહવશ થઈ, સ્વેચ્છાથી જ, કોઈપણ મર્યાદાના બંધન વિના ગમે તે ભક્ત (ઉચ્ચ કે હીન જાતિ) ને ત્યાં ભાવપૂર્વક પ્રકટ થાય છે. એટલું જ નહીં પરંતુ ભક્તને કૃપા કરીને સ્વયંનું ય દાન કરી દે છે ! ભક્તને ઉત્તમોત્તમ ફલ - સ્વરૂપાનંદ રૂપી અલૌકિક સુખનું દાન કરે છે.

માટે 'ભક્તિ માર્ગાન્માર્ગાન્તરં સાધનત : ફલતશ્ચ ન સમીચીનમ્' ભક્તિમાર્ગ સિવાયનો કોઈ પણ માર્ગ - સાધનમાં કે ફલમાં - સારો નથી.

ભક્તિમાર્ગની મહત્તા

માનવીની ત્રણ મહેચ્છાઓ હોય છે. (૧) પોતાના દુઃખની નિવૃત્તિ. (૨) સુખની પ્રાપ્તિ અને (૩) સર્વકાલમાં પોતાની સ્થિતિ રહે.

સૌ કોઈ જે આ ત્રણની જરૂર છે. પરંતુ માનવી શું કરવાથી આ ત્રણ સાંપડશે એ ઉપાય જાણતો નથી. આ ત્રણે ઈચ્છાઓની પૂર્તિ જેમાં થઈ જાય છે તેને જ ' કલ્યાણ' કહે છે. અને શાસ્ત્ર કહે છે કે માનવીને આ કલ્યાણ ત્રણ ઉપાયો દ્વારા જ સાંપડી શકે. આ ત્રણ ઉપાયો ત્રણ માર્ગ છે. કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ. આ ત્રણ માર્ગોમાંથી કોઈ, સમ્યક્ રીતે ગમે તે માર્ગ પર ચાલે તો એને કલ્યાણ પ્રાપ્ત થાય જ.

અધિકાર દ્રષ્ટિએ આ ત્રણ માર્ગોના અધિકારમાં પણ ભેદ છે. જે માનવીનું ચિત્ત અનેક પ્રકારની કામનાઓથી ભરેલું છે. એને સંસાર સુખથી તેમજ વિવિધ કર્મકાંડથી વિરક્તિ થઈ

નથી તેને માટે કર્મમાર્ગ શ્રેયસ્કર છે. પરંતુ દ્રઢ વૈરાગ્યવાન, અનાસક્ત મુમુક્ષુ ને માટે જ્ઞાનમાર્ગ જ કલ્યાણકારી નીવડે. કેમકે જ્ઞાનમાર્ગનું ફળ ઐહિક, પારલૌકિક સુખો નહીં પરંતુ મોક્ષ છે. ભક્તિમાર્ગની વિશેષતા એ છે કે જેમને કર્મ અને કર્મ દ્વારા સુલભ ઐહિકપારલૌકિક માં અતિ આસક્તિ ય નથી અને એમાં દ્રઢ વૈરાગ્ય ય નથી એવા અધિકારી ને પ્રભુકૃપાએ પ્રભુના શ્રવણકીર્તનાદિમાં શ્રદ્ધા થાય અને તેને ભક્તિમાર્ગ - ભક્તિયોગ પરમેશ્વરનું દાન કરે છે.

આ દ્રષ્ટિએ જોતાં ય વર્તમાન સમયમાં ભક્તિમાર્ગના અધિકારો જ વધુ હોઈ શકે.

કોઈને પણ એવી ગેરસમજ ન થવી જોઈએ કે સત્ય, ત્રેતા જેવા યુગો કરતાં કલિયુગ હીન છે તેથી કલિયુગમાં અધિકારી ય હીન જ ઉત્પન્ન થતા હશે અને એટલે એમને ધ્યાનમાં રાખીને ભક્તિ જેવા હીન સાધનનો ઉપદેશ કરવામાં આવ્યો હશે.

ભક્તિરૂપ સાધન હીન નથી જ. ઉલટાનું કર્મ, જ્ઞાન , યોગ જેવા સાધનો પોતાની ફલસિધ્ધિ માટે ભક્તિની અપેક્ષા રાખે છે. પરંતુ ભક્તિમાર્ગ સર્વસ્વતંત્ર માર્ગ છે. ભક્તિ વિના અન્ય સાધન સાધકને સુખરૂપ નથી થતાં. ભક્તિ વિનાકર્મ વેઠ-વૈતરૂ બની જાય ભક્તિવિના જ્ઞાન શુષ્ક અને તર્કબાજી જ બની જાય અને ભક્તિવિના યોગ પણ કિલષ્ટ બને છે. વળી અન્ય સર્વ સાધનો ભક્તિ વિના ફલદાયી પણ થતાં નથી.

ભક્તિ જ મહાન સાધન છે. કર્મમાર્ગમાં કર્મમાં જ્ઞાનીનું ચિત્ત પણ ક્યારેક ચલાયમાન થતાં મોહગ્રસ્ત થઈ શકે છે. યોગમાર્ગમાં અનેક જીવો યોગભ્રષ્ટ - તપોભ્રષ્ટ જેવા મળે છે. પરંતુ ભક્તિમાર્ગમાં તો સ્વયં ભગવાન જ ભક્તનું અવલંબન બનતા હોવાથી ભક્તની પૂર્ણ સુરક્ષા અને પૂર્ણ ફલની પ્રાપ્તિ થાય છે. ભગવાન કહે જ છે. ન મે ભક્ત : પ્રણશ્યતિ મારો ભક્ત કદી નાશ પામતો નથી.

ભક્તિ રસ :-

ભક્તિ રસરૂપા છે. રસરૂપ પરમાત્મા પ્રત્યેના ભક્તના ભાવો પણ રસરૂપ જ હોઈ શકે છે.

નીરસ, નિષ્કામ, અને નિ:સ્પૃહ એવા મુનિઓને ય આ ભક્તિરસ આર્દ્ર, ભાવુક અને ભગવાનના દર્શનની કામના માટે વ્યાકુળ બનાવી મુકે છે.

આત્મારામાશ્ચ મુનિયો નિર્ગ્રન્થા અપ્યુરુક્રમે ।

કુર્વન્ત્યહૈતુકીં ભક્તિમિત્થંભૂત ગુણો હરિ :॥

આત્મામાં જ રમણ કરનારા, ક્રોધ અને અહંકારરૂપી ગાંઠ વગરના મુનિઓ પણ ભગવાનની નિષ્કામ ભક્તિ કરે છે. શ્રી હરિ છે જ એવા અલૌકિક આકર્ષણ યુક્ત !

શ્રીકૃષ્ણની ભક્તિ કરવી એટલે આનંદ સમુદ્રમાં ક્રીડા કરવી. જે મનુષ્ય મોક્ષના અધિષ્ઠાતા ભગવાન મુંકુંદની ભક્તિ કરે છે સચ્ચિદાનંદ એવા અમૃતના સમુદ્રમાં ક્રીડા કરી

રહ્યો છે, તેને ક્ષુદ્ર ખાડાના જળ જેવા સ્વર્ગાદિ સુખનું શું પ્રયોજન ?

સાધનથી ભક્તિ -

ભગવદ્ ભક્તિ સરળતાથી પ્રાપ્ત થઈ જતી નથી. તેને પ્રાપ્ત કરવા માટે કેટકેટલા સાધન કરવા પડે છે.

દાનવ્રતતપોહોમજપ સ્વાધ્યાય સંયમૈ :।
શ્રેયોભિર્વિવિધૈશ્ચાન્યૈ: કૃષ્ણે ભક્તિર્હિ સાધ્યતે ॥

દાન, વ્રત, તમ, હોમ, જપ, સ્વાધ્યાય, સંયમ અને આવા બીજા કેટલાય કલ્યાણકારી સાધનોથી ભગવાન શ્રી કૃષ્ણમાં ભક્તિ થાય છે.

ભક્તિ (માર્ગ) માં હજારો જન્મબાદ પ્રીતિ જાગે છે.

કૃપાથી ભક્તિ :

જીવનો ભક્તિમાર્ગમાં પ્રવેશ જો તેના ઉપર ભગવત્કૃપા હોય તો જ થાય છે. ભક્તિમાર્ગ સર્વમાર્ગમાં સરળ હોવા છતાં તેમાં સર્વ જીવોની પ્રવૃત્તિ થતી નથી એનું કારણ જ એ છે કે ભક્તિમાર્ગ પ્રત્યે તેની અભિરૂચિ કૃપાથી જ થાય છે.

જો કોઈને લાગે કે મારી ઉપર ભગવત્કૃપા નથી તો તેણે નિરાશ થયા વિના, પોતાના ઉપર પ્રભુની કૃપાવૃષ્ટિ થાય તે માટે દીનતાપૂર્વક નિર્દોષ જીવન જીવતાં સતત શરણભાવ ટકાવી રાખવો.

સર્વથા ચેત્ હરિકૃપા ન ભવિષ્યતિ યસ્ય હિ ।
તસ્ય સર્વમશક્યં સ્યાન્માર્ગેઽસ્મિન્ સુતરામપિ ॥

શ્રીહરિની કૃપા વિના ભક્તિમાર્ગમાં બધું જ અશક્ય છે. સાધન પણ અશક્ય છે. અને ફલ પણ અશક્ય છે. ભક્તિ માટે શાસ્ત્રમાં જે સાધનો દર્શાવ્યા છે તે પણ ફલ ભગવાનના અનુગ્રહથી જ સાંપડે છે. ભક્તિમાર્ગીય વેષ, વચન અને આચાર આ બધું ય ભગવાનની અનુગ્રહથી જ સંભવે છે.

ભક્તિ : પરમ સાધન -

પૂર્ણ અવતાર ભગવાન શ્રી કૃષ્ણ નિર્ગુણ - સાકાર બ્રહ્મ છે. તેમને ભજનાર ભક્તને અનાયાસે ભોગ અને મોક્ષ સુલભ થઈ જાય છે. કૃષ્ણ ભક્તિથી તો અહીરસ્ત્રીઓ (ગોપીઓ) ગાયો વિ. સૌ કોઈ, કેવળ ભગવત્સંબંધના બલે મુક્તિથી વધુ ઉત્તમ એવી ઉચ્ચગતિને પ્રાપ્ત થયા છે.

શાસ્ત્રોમાં જ્ઞાન આદિ જે સાધનો ફલદાયી ગણાવ્યા છે. તે બધાં પણ ભગવાનના કૃપારૂપી સામર્થ્યથી જ ફલીભૂત થાય છે. સાધનમાં રહેલું સામર્થ્ય સાધનનું નથી પરંતુ

ભગવત્કૃપાનું સામર્થ્ય છે.

મોક્ષ પ્રાપ્તિ માટે અથવા તો ભગવત્ પ્રાપ્તિ માટે પ્રેમ સિવાય કોઈ જ સાધન નથી. અન્ય સાધનથી કદાચ મુક્તિ તો મળી જાય પરંતુ ભગવાનને તો પ્રેમથી પામી શકાય છે.

ભગવાને ઉદ્ધવજીને ઉપદેશ કરતાં કહ્યું છે કે, જે ફલ યોગ, સાંખ્ય, દાન, વ્રત, તપ, યજ્ઞ, સ્વાધ્યાય, વ્યાખ્યાન તેમ જ સંન્યાસ જેવા ઉપાયોથી મળતું નથી તે સર્વોત્તમ ફલની પ્રાપ્તિ, સર્વધર્મ પરિત્યાગ કરીને સર્વના આત્મા એવા મને (શ્રીકૃષ્ણને) શરણે આવવાથી જ થશે.

સર્વાત્મભાવ રૂપી - સ્વતંત્ર ભક્તિબલ વડે શ્રીકૃષ્ણને શરણે જવાથી જીવ સર્વ તરફથી નિર્ભય થઈ જાય છે. દૈવી, આસુરી, પશુ, પક્ષી, મનુષ્ય, રાક્ષસ, સ્ત્રી કે પુરુષ, બ્રાહ્મણ કે શુદ્ર આદિ કોઈપણ જીવ હોય અને તે શ્રીકૃષ્ણને ભજે તો તે મુક્ત થાય છે. ભક્તિરૂપ પરમ સાધનનો ઉપદેશ સ્વયં ભગવાને કર્યો છે.

ભજનીય

ભજનીય - ભક્તિ કરવા લાયક તો એ જ છે કે જેનામાં નીચેના સાત ગુણ હોય.

(૧) જે પોતે સર્વપ્રકારે અભય હોય.

(૨) એકવાર પણ શરણે આવનારને સર્વ તરફના ભયથી મુક્ત કરે.

(૩) ભક્તને જે આલોક તેમજ પરલોકની સમૃદ્ધિ તેમજ મોક્ષ આપી શકે.

(૪) ભજનનો સંદેહ હોય તો પણ અનુષંગથી પણ મુક્તિ આપી શકે.

(૫) સ્વયં સર્વ દોષથી રહિત હોય અને સર્વગુણ સંપન્ન હોય.

(૬) અધિકાર રહિત જીવને ય જ મુક્તિ આપી શકે.

(૭) બીજાને માટે પોતે કરેલા નિયમનો પણ વિરોધ ન માને.

આ પ્રમાણે જે સાત ગુણોવાળા હોય તે જ ભજન કરવા યોગ્ય છે. ભગવાન શ્રીકૃષ્ણ આ સાતે ય ગુણથી સંપન્ન છે માટે ભજનીય છે.

ભક્તિફલ :-

ભક્તિથી મળતા ફલની ઉત્તમતા છે જ. વૈકુંઠ પણ ભક્તિથી પામ્યા હોય તો તે ઉત્તમ છે. પરંતુ પોતાના યોગબળથી પામેલ વૈકુંઠ પણ હિતકર નથી. જય વિજયના સ્વભાવમાં ભગવદીયત્વ ન હતું પરિણામે તેમણે ભક્ત અપરાધ કર્યો અને તે વૈકુંઠથી ભ્રષ્ટ થયા! ભક્તિથી મળતા ફળમાં જીવને પતન થવાનો સંભવ જ નથી.

ગીતા, ભાગવત વિ. માંથી ફલિત થતા આ ભક્તિમાર્ગમાં સાક્ષાત ભગવાન ના શ્રીમુખેથી પ્રકટેલા વાક્યો, અલૌકિક શબ્દ એ જ પ્રમાણ છે. સાક્ષાત્ વેદાર્થ રૂપ ભગવાન સ્વયં પ્રમેય છે. આ પ્રેમયની ઉત્તમતા જ એવી છે કે તેનું જ્ઞાન પણ ફળનો અનુભવ કરાવે.

આ માર્ગમાં સાધન પ્રેમ છે. આ પ્રેમરૂપી સાધન તો ફલ થી ય ઉત્તમ છે. ભક્તિમાર્ગનું ફલ પણ એવું ઉત્તમ છે કે તે જ્ઞાન, કર્મ આદિ સાધનોની ન જ સાંપડે.

ભક્તિમાર્ગમાં બે પ્રતિબંધક છે. (૧) વેદનિંદા (૨) અધર્મનું આચરણ જો ભક્તિમાર્ગીય જીવ વેદ આદિની નિંદા કરે તો તેને હીન યોનિમાં જન્મ લેવો પડે (અભક્ત વેદનિંદા કરે તો તે તેને નરકવાસ જ થાય.)

આ કલિકાલના સર્વ જીવોએ અન્ય સર્વમાર્ગ કરતાં ભગવાન દ્વારા કહેવાયેલો એવો આ ભક્તિશક્તિ - જ્ઞાનશક્તિ વિશિષ્ટ એવા વેદાર્થરૂપી ભગવાન શ્રીકૃષ્ણ જ ફલરૂપ છે. આ ફલનું સાધન પ્રેમ છે. અને એ પ્રેમનું સાધન નવધાભક્તિ છે.

ભક્તિમાર્ગ ભગવાનનું સાક્ષાત મુખારવિંદ છે. સાંખ્ય અને યોગ એ બે એમના કુંડલો છે.

ભક્તિમાર્ગમાં જ્ઞાનની અપેક્ષા નથી જ, કેમકે ભગવાન મૂઢો ને ય કૃતાર્થકરે છે. ભક્તિમાર્ગને અન્ય કશાની અપેક્ષા નથી જ. તે સ્વત : પરિપૂર્ણ છે.

સંન્યાસ મોટો કે ભક્તિ ?

શ્રીનરહર સંન્યાસીને વૃંદાવનમાં શ્રી મહાપ્રભુજી મળ્યા. તેમણે વેણી કોઠારી સહિત શ્રી મહાપ્રભુજીની તેજસ્વી પ્રતિભા જોઈને થોડા દિવસ સાથે રહેવાનું વિચાર્યું. શ્રી મહાપ્રભુજીની સાથે સાથે દ્વારિકાના પ્રવાસમાં તેઓ પણ ચાલ્યા.

માર્ગમાં નરહર સંન્યાસીએ શ્રી આચાર્યજીને પ્રશ્ન કર્યો કે, " અમારા મનમાં સંદેહ છે કે સંન્યાસ ધર્મ મોટો કે વૈષ્ણવ ધર્મ મોટો ?

શ્રી મહાપ્રભુજીએ ઉત્તર આપ્યો, "કલિયુગમાં સંન્યાસ ધર્મ સિદ્ધ થવો કઠણ છે. માનવી સંન્યાસ લીધા પછી જ્યાં સુધી જીવે ત્યાં સુધી તેઓ નારાયણ પરાયણ થઈને રહેવું જોઈએ. જો એનું ચિત્ત બીજે ક્યાં ય પણ જાય તો બધા જન્મનો સંન્યાસ નષ્ટ થઈ જાય. ભક્તિમાર્ગમાં તો દુઃસંગ થાય તો માનવી ભ્રષ્ટ થાય પરંતુ તે છતાં ભક્તિનું બીજ નષ્ટ ન થાય. વળી ક્યારેક સત્સંગ મળે તો ભક્તિ વધે."

સંન્યાસ અને ભક્તિની તુલના કરતાં જડભરત અને ચિત્રકેતુનું દ્રષ્ટાંત આપતાં શ્રી મહાપ્રભુજીએ સમજાવ્યું કે, " ભરત ઋષિને મૃગમાં આસક્તિ થવાથી મૃત્યુ બગડ્યું અને મુક્તિ પામવામાં ત્રણ જન્મનો અંતરાય થયો પરંતુ ચિત્રકેતુનું ઉદાહરણ જોઈએ તો ચિત્રકેતુને પાર્વતીનો શાપ લાગવાથી તે વૃત્રાસુર થયો. આસુરી યુનિમાં જન્મ થવા છતાં તેની ભક્તિનું બીજ નષ્ટ ન થયું. ઉલટાની ભક્તિ વધી ! સંન્યાસ અને ભક્તિ વચ્ચે આ તફાવત છે. કલિકાલમાં તો સંન્યાસ ધર્મ વધુ દુષ્કર છે, પણ કલિકાલમાં ભગવાનનું નામ લેવાથી ચાંડાલ પર્યંત સૌ કોઈ પવિત્ર થાય છે.

ઉદ્ધવ ! એસો ભક્ત મોહી ભાવે
સબ તજ આશ નિરંતર મેરે, જન્મ કર્મ ગુન ગાવે...

કથની કથત નિરંતર મેરી, સેવામેં ચિત લાવે
મૃદુ હાસ, નૈન જલધારા, કરતલ તાલ બજાવે...
જહાં જહાં ભક્ત મેરો ચરન ધરત હૈ, તહાં તીરથ ચલિ આવે
વે રજ લે મૈં અંગ લગાઉં, કોટિ બ્રહ્માંડ સુખ પાવે...
મેરી મૂરત ઉન કે હૃદયમેં, વે મેરે ઉર આવે
બલ બલ જાઉં શ્રીસુખ વાણી, 'સૂરદાસ' જસ ગાવે...

જે ભક્તિ કરે છે તેજ ભગવાનને પ્રિય લાગે છે. ભક્તના જે ગુણો ભગવાનને પ્રિય લાગે છે. તેનું વર્ણન શ્રી સૂરદાસજીએ શ્રીમદ્ ભાગવતના એકાદશસ્કંધમાં ભગવાન અને ઉદ્ધવના સંવાદમાંથી સાર લઈને કર્યું છે. ભગવાન કહે છે કે,

" હે ઉદ્ધવ ! મને કેવો ભક્ત ગમે છે તે કહું, જે બધી વસ્તુની આશાઓનો ત્યાગ કરીને નિરંતર મારા અલૌકિક પ્રાકટ્યના, મારી અલૌકિક લીલાઓના તેમજ મારી દિવ્ય, અલૌકિક ગુણોનું ગાન કરતો રહે. જેને લોકવાર્તામાં રસ ન હોય પરંતુ તે મારી મંગલમય, અમૃતરૂપ કથાઓના વર્ણન કરવા, સાંભળવામાં દ્રઢ આસક્તિવાળો હોય. હે ઉદ્ધવ ! જેને મારી સેવામાં આસક્તિ છે તે જ સાચી ભક્તિ કરે છે. મારું સ્મરણ કરતાં, કીર્તન કરતાં તાળી પાડતાં પાડતાં જેના અશ્રુ દ્રવી જાય છે, જેનું ચિત્ત મારા સ્મરણમાં આર્દ્ર થઈ જાય છે. તેને હું મારો ભક્ત માનું છું.

ગમે તે સ્થિતિમાં મારા ભક્તમાં મુખ પર મૃદુ હાસ્ય રમતું હોય છે. મારી ભક્તિ કરનારે તીર્થમાં ભટકવાની જરાય જરૂર નથી. મારો ભક્ત જ્યાં જ્યાં એના ચરણ પધરાવે છે ત્યાં ત્યાં સર્વ તીર્થો સામા ચાલી આવે છે. મારા ભક્તની ચરણરજ મને મારા અંગ અંગ પર લગાડવાનું મન થાય છે. કેમકે એનાથી મારા રોમરોમમાં વસેલા કોટિ બ્રહ્માંડને સુખ સાંપડે છે.

મારી ભક્તિ કરનારના હૃદયમાં મારું સ્વરૂપ રમે છે તો મારો ભક્ત મારા હૃદયમાં વસે છે." પ્રભુની આ અમૃતવાણી પર કોને વારી જવાનું મન ન થાય ?

કેવળ ભક્તિ

ધ્રુવજીને ક્યાં હાં વય હતું, ક્યાં હતું સુદામાને ધન;
કુબજાને હતું રૂપ ક્યાં હાં, ઉગ્રસેનને પુરૂષાતન;
પુરૂષાતન ન્હોતુ ઉગ્રરાય; ગજને ક્યાં હતી વિદ્યાય;
પારધીમાં ક્યાં હાંથી શુભ ચર્ણ, કેવળ ભક્તિ પામ્યા ગિરિધર્ણ

સેવો શ્રી કૃષ્ણ કૃપાળ

ભગવાન વય નથી જોતા, પાંચ વર્ષના ધ્રુવજી પણ પ્રભુને પામી શકે છે. પ્રભુએ એમને પોતાના સખા માન્યા હતા. ભગવાન કોઈના શારીરિક સૌંદર્યને જોઈને પ્રસન્ન થતા નથી. કુબ્જા તો ત્રિવક્રા હતી. ત્રણ અંગે વાંકી, કુરૂપ હતી છતાં એની સેવાથી પ્રભુ પ્રસન્ન થયા હતા. ઉગ્રસેન રાજામાં પરાક્રમ સહેજે નહતું. છતાં પ્રભુએ તેને અપનાવ્યા હતા. ગજેન્દ્ર તો પશુયોનિમાં હતો. એની પાસે વેદશાસ્ત્રનું જ્ઞાન ક્યાંથી હોય ? જરા પારધીએ ક્યાં કોઈ શુભ આચરણ કર્યું હતું? એણે તો ભગવાન પર બાણ છોડયું હતું !

આપણે આગળ પણ જોઈ ગયા કે, સ્નેહ ગુણદોષને વિચારતો નથી. સ્નેહ સ્નેહને જ જુએ છે. પ્રભુએ પણ ભક્તોમાં ભક્તિ જ જોઈ છે. ધન, જ્ઞાન, સુંદરતા, વિ.થી જગતમાં માન મળી શકે. મહત્તા મળી શકે પરંતુ પ્રભુ તો પ્રેમને જ આધીન છે. માટે સર્વ તજીને ભક્તિ કરવી જોઈએ.

દ્વાદશગુણ સંયુક્ત છે, દ્વિજ પંડીત સરખો કોય;
(પણ) પદ્મનાભપદવિમુખ છે, તેથી શ્વપચ ભલેરો સોય.
શ્વપચ ભલો જેહને કૃષ્ણ આસક્તિ; મનકર્મ વચને કરે હરિ ભક્તિ
કુલ સહિત શ્રેય પામ્યો તેહ, વિપ્ર શકે ન કરી સુચિ દેહ
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

ઉત્તમ કુળમાં જન્મેલો બ્રાહ્મણ આગળ કહેલા બાર ગુણોથી યુક્ત હોય તેથી શું થયું ! જો એ ભગવચ્ચરણારવિંદથી વિમુખ હોય તો તેના કરતાં ભગવાનનું ભજન કરતો ચાંડાલ ઉત્તમ છે. ઉત્તમ ગુણો ધરાવતો માનવી જો ભગવાનથી વિમુખ હશે તો એની ઉત્તમતાનું અભિમાન જ એને પાડશે. જ્યારે ભક્ત ગમે તે કુળ કે જાતિનો હશે, તે સ્વયં તરશે અને બીજાઓને તારશે.

મોટા મોટા ઋષિઓના આશ્રમોને વટાવી જઈને ભગવાન શ્રીરામ શબરીના બોર આરોગવા પધારે છે, કેવટની પાસે ગંગા પાર કરવા નાવ માંગે છે. પ્રભુ પાંડવોના રાજસૂય યજ્ઞમાં એંઠી પતરાળી ઉપાડવાની સેવા પણ કરે છે, દુર્યોધનના મેવા છોડીને વિદુરજીને ત્યાં ભાજી આરોગવા પધારે છે.ગોપસખાઓની સાથે બેસીને દહીં માખણ આરોગે છે. વ્રજવનિતાઓ વાટકીભર છાશ આપવાનું કહીને નંદલાલને નચાવે છે - આ બધો ભક્તિનો જ મહિમા છે ને !

સ્વાધ્યાય- ૨૨

પુષ્ટિ ભક્તિ

પુષ્ટિ ભક્તિ

શ્રી વલ્લભજીએ પુષ્ટિપ્રવાહ મર્યાદા ગ્રંથની ટીકામાં...

માહાત્મ્યજ્ઞાનાદ્યુપાધિરહિત :, સાક્ષાદ્ધર્મિસ્વરૂપ પર્યવસાયી, સુદ્રઢ - જ્ઞાનાદિ સર્વાનપનોદ્ય :, સર્વતોધિક :- અગણિતાન્દરૂપ :, અતુલ્યાતિશય : એતાદ્રશ : સ્નેહ એવ ભક્તિપદવાચ્ય :

આ ભક્તિની વ્યાખ્યા કરી છે. કે ભગવાનના માહાત્મ્યજ્ઞાન વિ. ઉપાધિ વિનાનો, સાક્ષાત્ ધર્મીના સ્વરૂપમાં પરિણમતો સુદ્રઢ એટલે જ્ઞાન વિ. થી ય દૂર ન થાય એવો; સર્વાધિક એટલે અગણિત આનંદરૂપ સ્નેહ - જેની બરાબર કે અધિક કાંઈ જ નથી એવા સ્નેહને (પુષ્ટિ) ભક્તિ કહે છે.

પુષ્ટિ જન્ય ભક્તિ : પુષ્ટિ ભક્તિ : પુષ્ટિ (કૃપા) થી ઉત્પન્ન થયેલી ભક્તિને પુષ્ટિ ભક્તિ છે. **તદનુગ્રહૈકલભ્યા** તેમના અનુગ્રહ સિવાય આ ભક્તિને પ્રાપ્ત કરવાનું કોઈ સાધન જ નથી.

કૃપાસુલભ ભક્તિ પણ ભક્તિ તો છે જ માટે માહાત્મ્યજ્ઞાનપૂર્વક, સુદ્રઢ અને સર્વથી અધિક એવા સ્નેહને ભક્તિ કહે છે. એ વ્યાખ્યા પુષ્ટિભક્તિને ય લાગુ તો પડશે જ.

ભક્તિ માં **ભજ્** ધાતુ (ક્રિયાપદ) માહાત્મ્યજ્ઞાનનો બોધ કરે છે. **માહાત્મ્યજ્ઞાપનં ચાપિ સૃષ્ટિકર્તૃત્વબોધનૈ:** ભગવાન સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવામાં અત્યંત સામર્થ્યવાન છે. જન્માદ્યસ્ય યત : એમના થકી જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ વિ. થાય છે. (બ્રહ્મસૂત્ર) આવા મહિમાવાન ભગવાનને ભજવા સેવવા એ ભજ્ધાતુનો અર્થ છે.

પરંતુ સ્નેહરહિત ભજન શું કામનું ? માટે સેવવામાં, ભજવામાં સ્નેહ પણ હોવો જ જોઈએ માટે **આત્મવત્ પ્રિયતા તત્ર બોધ્યતે ભેદબોધનાત્** વેદશાસ્ત્રોએ આત્મા અને પરમાત્માની એકતા અભેદનું નિરૂપણ કર્યું છે. સૃષ્ટિમાં સર્વકોઈને આત્મા (પોતાનું સ્વરૂપ) સ્વાભાવિક રીતે જ પ્રિય હોય છે. વળી આત્મા અને પરમાત્મા એકરૂપ હોવાથી જેમ આત્મા પ્રત્યે સૌને સહજ સ્નેહ હોય છે. તેમ પરમાત્મા પ્રત્યેય સહજ સ્નેહનું હોવું સ્વાભાવિક છે.

ભજવામાં સ્નેહ આવશ્યક છે. માટે સ્ત્રી વાચક - સ્નેહ વાચક 'તિ' પ્રત્યય ભજ્ ધાતુને લગાડતાં ભક્તિ શબ્દ થયો.

પુષ્ટિભક્તિમાં ય પ્રસંગોપાત, લીલારસને અનુરૂપ પ્રભુનું માહાત્મ્યજ્ઞાન રહેશે જ, આવશ્યક છે જ. વ્રજવનિતાઓએ પ્રભુનું માહાત્મ્યજ્ઞાન છે. એવું પ્રમાણ આપેલ છે.

न खलु गोपिकानन्दनो भवान्, अखिलदेहिनामन्तरात्मदृक् હે પ્રભુ ! તમે કાંઈ કોઈ ગોપીના પુત્ર નથી તમે તો સમસ્ત પ્રાણીઓ ની અંદર વસતા અંતર્યામી ભગવાન છો વિ.

વળી સ્નેહના તો અનેક પ્રમાણો છે. **प्रिया : प्रियस्य प्रतिरुढमूर्तय :** શ્રી ગોપીજનો સ્નેહની પરાકાષ્ઠાના પરિણામે ભગવદ્ રૂપ જ બની ગયાં છે.

પુષ્ટિભક્તિ સેવાપ્રધાન ભક્તિ છે. પુષ્ટિમાર્ગીય ભક્તિ એટલે નિરપેક્ષ સ્વતંત્ર, શુદ્ધ આનંદરૂપ, સ્નેહાત્મક એવી - ભગવાનની સેવારૂપ ભક્તિ. આ સેવાભક્તિ વિધિપ્રધાન નથી, ભાવ પ્રધાન છે, આ જ કારણે પુષ્ટિમાર્ગીય સેવાનો ફલરૂપ પ્રકાર ક્રિયાત્મક ન રહેતાં ભાવાત્મક બને છે. **मानसी सा परा मता** ચિત્ત પ્રભુમાં પરોવાઈ જાય અને અનાયાસે ભગવન્મય સ્થિતિમાં રહે એ માનસી સેવાને પરમ સેવા માનવામાં આવી છે.

ભાવ - ભેદ.

ભાવદ્રષ્ટિથી પુષ્ટિભક્તિમાં કેટલાક આંતરિક ભેદ છે. ભક્તિનો ભગવાન સાથે સંબંધ તો પરંતુ સંબંધ કઈ ભૂમિકાએ છે તે વાત પણ મહત્ત્વની છે જેમકે

'अहं भगवत : सर्व' ईति सर्वात्म भावनम् ।

'प्रभु र्ममेति ' भावो हि कामभावो यतो मत : ॥

જેના હૃદયમાં સ્વામીની પ્રધાનતા અને ઉચ્ચકોટિનો શરણ - સમર્પણ ભાવ સિદ્ધ થયો હશે એ ' હું સમગ્ર પ્રભુનો છું.' એ ભાવનો અનુભવ કરશે. તો જેના ભાવમાં હજી સમર્પણ ભાવ પરિપક્વ થયો નથી જેના ભાવમાં ભગવાન પર પોતાનો અધિકાર સિદ્ધ કરવાની વૃત્તિ છે તે સ્વસુખનો વિચાર કરનાર સકામ ભક્ત ' પ્રભુ મારા છે' એભાવ અનુભવશે.

પ્રિય અધિકાર સ્થાપવાની વૃત્તિ વિશુદ્ધ પ્રેમ નથી. સંપૂર્ણ રીતે પ્રિયના થઈ જવું એ જ સાચો પ્રેમ ! આપણો એના પર જરાય નહીં, એનો આપણા પર પૂરો અધિકાર !

સાધનથી પ્રાપ્ત થનારી ભક્તિ પુષ્ટિભક્તિ નથી. **शास्त्रत : साधनैश्च जायमाना भक्ति : ज्ञानकर्मणोरल्पत्वाज्जीवेषु न परमा भवति** જીવની જ્ઞાનશક્તિ તેમજ કર્મ શકિત અલ્પ છે. તેથી તેઓને શાસ્ત્ર દ્વારા કે અન્ય સાધનોથી થનારી ભક્તિ પરમ ભક્તિ - પુષ્ટિમાર્ગીય ભક્તિ થઈ શકતી નથી.

અનુગ્રહરૂપા આ ભક્તિ જેને પ્રાપ્ત થાય છે તે પરમ ભાગ્યવાન છે. **ભક્તિમાર્ગે અંગીકાર એવ ભાગ્યરૂપ :** જીવનો ભક્તિમાર્ગમાં અંગીકાર થાય એ તેનું સૌભાગ્ય છે. અને એમાં ય આ પુષ્ટપુષ્ટૌ અંગીકાર : મહત્ત્વમ્

પુષ્ટિમાર્ગમાં પુષ્ટિપુષ્ટિમાં અંગીકાર થવો એ તો જીવની ઘણી મહત્તા છે.

મુક્તિ નિરપેક્ષ

પુષ્ટિભક્તિ એનું નામ કે જેમાં ભગવાનની જ અપેક્ષા રહે. **ભગવત્ સ્વરૂપાતિરિક્તફલાકાંક્ષારહિતા ભક્તિ : પુષ્ટિભક્તિ :** ભગવાનના સ્વરૂપ સિવાય ના અન્ય કોઈ પદાર્થની ઈચ્છા ન રહે એવી ભક્તિ જ પુષ્ટિભક્તિ છે. નિષ્કામ મર્યાદાભક્તિ અને પુષ્ટિભક્તિમાં ય ભેદ છે. નિષ્કામ મર્યાદાભક્તિમાં તો મુક્તિની કામના તો રહે છે. એ પુષ્ટિભક્તિ નથી.

વૃત્રાસુરે કહ્યું છે કે, ન યોગસિધ્ધીરપુનભર્વં વા હું યોગ સિદ્ધિઓ કે મોક્ષ પણ ચાહતો નથી. ભક્ત મુક્તિનો ઈન્કાર કરે છે, એ સૂચવે છે કે મોક્ષમાં અતિશય સુખ તો હશે પરંતુ મોક્ષ ભગવત્સ્વરૂપ નથી જ. અને તેથી પુષ્ટિભક્તો મોક્ષની કામના કરતા નથી.

માહાત્મ્યજ્ઞાન નો તિરોભાવ -

મર્યાદા ભક્તિ અને પુષ્ટિભક્તિ વચ્ચેનો એક મહત્ત્વનો ભેદ એ પણ છે કે, પુષ્ટિભક્તિમાં સ્નેહની દ્રઢતા સિદ્ધ થઈ ગયા બાદ ક્વચિત્ પ્રસંગોપાત - લીલારસને અનુરૂપ માહાત્મ્યજ્ઞાનનું તિરોધાન પણ થાય છે.

સેવા વિ. ધર્મમાં અપરાધ ન થઈ જાય માટે માહાત્મ્યજ્ઞાન આવશ્યક છે જ. છતાં સ્નેહની પ્રબળ ધારામાં ક્યારે ક્યારેક માહાત્મ્યજ્ઞાન તિરોહિત પણ થઈ જાય !

શ્રી કૃષ્ણના ઐશ્વર્યને જોયા , જાણ્યા અને વર્ણવ્યા બાદ પણ શ્રી દેવકી માતા માહાત્મ્યજ્ઞાનને વિસરી ગયા અને બોલી ઉઠ્યા, "**સમુદ્વિજે ભવદ્ધેતો: કંસાદહમધીરધી :** અધીર બુદ્ધિવાળી હું આપના માટે કંસથી ઘણો ઉદ્વેગ પામું છું."

ભગવાન શ્રીકૃષ્ણના ઐશ્વર્યને યુધિષ્ઠિર વ્યાસભીષ્માદિના દ્વારા સારીરીતે જાણી ચુક્યા હતા છતાં **અજાતશત્રુ : પૃતનાં ગોપીથાય મધુદ્વિષ : પરેભ્ય : શંક્તિ : સ્નેહાત્પ્રાયુઙ્ક્ત ચતુરંગિણીમ્** શત્રુઓથી શંકા પામેલા અજાતશત્રુ યુધિષ્ઠિરે પ્રભુની રક્ષા માટે સ્નેહથી ચતુરંગિણી સેનાને સાથે મોકલી. આ સૂચવે છે યુધિષ્ઠિરમાં જ્ઞાન કરતાં ભક્તિ પ્રબળ છે.

વ્રજભક્તોએ ભગવાનના માહાત્મ્યને અનેકવાર જોયું છે છતાં ઈન્દ્રમાન ભંગના પ્રસંગે, ગોવર્ધન ધારણ લીલામાં સૌ કોઈને તેમના સામર્થ્ય સ્પષ્ટ પ્રત્યક્ષ અનુભવ થયા બાદ પણ શ્રી કૃષ્ણની સ્તુતિ કે પૂજાદિ માહાત્મ્ય સૂચક ઉપચારો કર્યા નથી. ઉલટાનું નજર ઉતરાવી સ્નેહ વ્યાકુળ બનીને આશીષો આપવી વિ. સ્નેહ સૂચક કાર્યો કર્યા છે. આશ્ચર્યચક્તિ માતા પૂછે છે કે, **ગિરિવર કૈસે લિયો ઉઠાઈ ?**

કોમલ કર ચાપતિ મહતારી, યહ કહિ લેત બલાઈ...

શ્રી કૃષ્ણના સુકોમળ શ્રી હસ્તને દબાવતી માતા યશોદા પ્રશ્ન કરે છે કે કન્હૈયા, તેં આવડો મોટો આટલો ભારે પર્વત કેવી રીતે ઉઠાવ્યો ? શું તારી ભુજાઓ દુખતી નથી ?

આવા સુદ્રઢ, સર્વાધિક સ્નેહના અનેક પ્રમાણો છે.

પુષ્ટિભક્તિ સરલ પણ નથી અને સર્વને સુલભ પણ હોતી નથી. આ ભક્તિ કૃપા વિના સિદ્ધ થતી નથી. એ તો ઠીક પરંતુ શ્રી વલ્લભના અનુગ્રહ વિના એ સમજાતી ય નથી.

શ્રી મહાપ્રભુજીએ જ્યારે પ્રથમ પરિક્રમા કરી ત્યારે બદ્રિનારાયણની યાત્રામાં એક મોટી શિલા પડી રહી હતી તેને કૃષ્ણદાસ મેઘને રોકી. શ્રી મહાપ્રભુજીએ વરદાન માગવા કહ્યું ત્યારે, કૃષ્ણદાસે ત્રણ વરદાન માગ્યા જેમાં સર્વ પ્રથમ વરદાન એ જ માંગ્યું કે, મને પુષ્ટિમાર્ગનો સિધ્ધાંત હૃદયરૂઢ થાય. (પછી મુખરતા દોષ નિવૃત્તિ અને એમના ગુરૂને ત્યાં પધારવાની વિનંતી કરી.) વરદાનમાં સિધ્ધાંત હૃદયસ્થ થાય એવું માંગવાનો અર્થ જ એ કે આ માર્ગના સિદ્ધાંત કૃપા વિના સમજાતા નથી.

પુષ્ટિભક્તિમાં માહાત્મ્યજ્ઞાનપૂર્વક દ્રઢ સ્નેહ સર્વોપરી છે. પ્રભુને એ જ પ્રિય છે. માહાત્મ્યજ્ઞાનની આવશ્યકતા ભક્તિની પ્રથમ દશામાં જ છે. જો માહાત્મ્યજ્ઞાન ન રહે તો જીવોથી અપરાધ થઈ જાય. સ્નેહની વૃદ્ધિની સાથોસાથ માહાત્મ્યજ્ઞાનનો તિરોભાવ થતો જાય છે. સ્નેહ માહાત્મ્યજ્ઞાનને ઢાંકી દે છે. સાનુભાવની સ્થિતિમાં માહાત્મ્યજ્ઞાન આવે તો સ્નેહમાં, અનુભવમાં હાનિ થાય છે.

શ્રી ગુંસાઈજીની એક સેવક ડોશીમાને પ્રભુનો ઉત્તમ અનુભવ થતો. શ્રી ઠાકોરજી સાથે વાતો કરે, રાત્રે પોતાની સાથે જ લઈને સુઈ જાય. એક દિવસે રાત્રે પલંગ નીચે બિલાડીઓ લડવા લાગી ત્યારે તેની શ્રીઠાકોરજી કરવા લાગ્યા. ડોશીમાએ બિલાડીઓને શાંત કરવા ઘણો પ્રયત્ન કર્યો. પણ શાંત ન થાય. શ્રી ઠાકોરજી બહુ ડર્યા ત્યારે તેણે કહ્યું, " લાલ ! તમે પૂતનાને મારી અનેક દૈત્યોને માર્યા ત્યારે તો ડર્યા નહિં અને અત્યારે આમ કેમ ડરો છો ?

જ્યારે ડોશીમા આમ બોલ્યા ત્યારે શ્રી ઠાકોરજીએ કહ્યું, " આજ સુધી તો હું તારી સાથે બોલ્યો, પણ હવે નહિ બોલું ! " પછી સાચે જ પ્રભુ બોલતા, લીલા કરતાં બંધ થઈ ગયા. માહાત્મ્ય આવ્યું એટલે પ્રભુ ઈશ્વર થયા. વત્સલતા મટી ગઈ માટે વૈષ્ણવે સાવધાન રહેવું.

શ્રીવિઠ્ઠલનાથ બસત જિય જાકે, તાકી રીત પ્રીત છબિ ન્યારી
પ્રફુલિત વદન કાંતિ કરૂણામય નયનન મેં ઝલકે ગિરિધારી
ઊગ્રસ્વભાવ પરમપરમારથ સ્વારથ લેશ નહીં સંસારી
આનંદરૂપ કરત એક છિન મેં, હરિજૂકી કથા કહત વિસ્તારી
મન ક્રમ વચન તાહી કો સંગ કરિયે, પૈયત વ્રજયુવતિન સુખકારી
'કૃષ્ણદાસ' પ્રભુ રસિક મુકુટમણિ, ગુણનિધાન શ્રી ગોવર્ધનધારી

જેને પુષ્ટિમાર્ગીય પ્રકારે પુષ્ટિભક્તિ સિદ્ધ થઈ છે તેવા ભક્તનો પરિચય કરાવતું આ પદ

પદ શ્રી કૃષ્ણદાસે રચ્યું છે.

શ્રી વલ્લભ અને શ્રી વિઠ્ઠલપ્રભુ જેના અંતઃકરણમાં બિરાજે છે. એવા ભગવદીયની વાત જ ન્યારી છે. પુષ્ટિભક્તિ સિદ્ધ થયા બાદ ભક્તની 'રીત' સમગ્ર જીવન શૈલી જ બદલાઈ જાય છે. એની 'પ્રીત' નો પ્રકાર પણ બદલાઈ જાય છે. લૌકિક વિષયોને બદલે ભક્તને ભગવાન, ભગવત્કથા સેવા વિ. માં, હરિ ગુરુ વૈષ્ણવના સ્વરૂપમાં જ એને સુખ સાંપડે છે.

હૃદયમાં પુષ્ટિભાવ સિદ્ધ થતાં ભક્તના વદનકમળ પણ અદ્‌ભૂત ગરિમામય કાંતિ છવાઈ જાય છે. ભગવદીયનું મુખ ઝાંખુ, મ્લાન અને કરમાયેલું ન હોય. એનું મુખકમલ પ્રફુલ્લિત રહે છે. એના નેત્રમાં (ભગવાનના નેત્રોની જેમ જ) કરૂણા ઝલકે છે. ભગવદીય કદી કોઈને ધિક્કારી ન જ શકે. કોઈ એના નેત્રમાં પોતાના નેત્ર પરોવે તો એને શ્રી ગિરિધારીના દર્શન થાય કેમકે એણે પ્રભુને પોતાના નેત્રમાં ધારણ કરી રાખ્યા હોય છે. (પ્રિય તોહે નયનન હી મેં રાખું !)

ભગવદીયના હૃદયમાં ભક્તિ શીતલભાવે બિરાજતી નથી. તેના ભાવમાં ઉગ્રતા એટલે કે ઉત્કટતા રહે છે. અન્યને સુખ આપવું એ જ એનું સુખ છે. પરમાર્થ જ એનો સ્વાર્થ છે. સંસારમાં એની લેશ પણ આસક્તિ નથી. પુષ્ટિભક્તની પાસે આપણા સર્વ ક્લેશને ક્ષણમાત્રમાં દૂર કરવાની શક્તિ છે. એનો સંગ તત્ક્ષણ આનંદમય બનાવી દે છે. પુષ્ટિભક્ત કરવી પડે તો સંસારવાર્તા સંક્ષેપમાં કરશે પરંતુ ભગવદ્ વાર્તા, હરિકથા ઘણા વિસ્તારથી કરશે. જે માનવી આવા પુષ્ટિભક્તનો મન, વચન, અને કર્મથી સંગ કરશે. તેને શ્રી ગોપીજનવલ્લભ શ્રી કૃષ્ણ સાંપડશે. ગુણનિધાન શ્રી ગોવર્ધનનાથજી સાંપડશે.

પુષ્ટિભક્તિ રસરૂપા ભક્તિ છે માટે જેના હૃદયમાં પુષ્ટિભક્તિ પ્રકટ થશે તે સંયોગ, વિપ્રયોગ રસનો રસિક બનીને ભક્તિ કરશે.

ભક્તિ અંક, સાધન શૂન્ય

શ્રી કૃષ્ણની ભક્તિ અંક છે, બીજા સાધન સર્વ શુન્ય;
અંક વિના સર્વ અફળ છે, સહશૂન્ય શુન્ય દશશુન્ય,
દશગુણા બીંદુ આદ્ય અંક એક, અંક વિના શું સુન્ય અનેક,
ભક્તિ કરી તેણે સર્વ કાંઈ કીધું ભક્તિ વિના બીજું કંઈ ના સીધું
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ

' ભક્તિ કરી તેણે સર્વ કાંઈ કીધું.' ભક્તિમાર્ગની સર્વોપરિતા અહીં સુંદર પ્રકારે સમજાવાઈ છે. ભક્તિ આંકડો છે અને કર્મમાર્ગી જ્ઞાન માર્ગ, યોગ, વૈરાગ્ય જેવા સાધનો મીંડા છે, શૂન્ય છે, શૂન્ય છે. સૌ જાણે છે કે અંકની પાછળ જેટલાં શૂન્ય ઉમેરતાં જઈએ એટલી અંકની કિંમત દસ-દસ ઘણી વધતી જાય છે. મીંડા નું એટલું બધું મૂલ્ય છે. પરંતુ શૂન્યનું આ મૂલ્ય અંકના કારણે છે. જો અંક જ ન હોય અને કેવળ મીંડા લખીએ તો હજાર

મીંડાનો ય કશો અર્થ નથી. એ જ પ્રમાણે ભક્તિયુક્ત હૃદયથી જે કોઈ સાધન કરીએ તેનું મૂલ્ય છે. ભગવાનમાં સ્નેહ વિના કરેલા કર્મ, જપતપવ્રત વિ. પરિશ્રમ જ છે. કર્તાને ક્લેશ છે અને પ્રભુને પ્રસન્નતા ય નથી.

માટે ભક્તિથી જ જીવની કૃતાર્થતા છે. સંસારમાં ય કોઈનો સ્નેહરહિત, શુષ્ક વ્યવહાર આપણને સુખદાયી થતો નથી તો પ્રભુતો પ્રેમ સ્વરૂપ છે. પ્રેમ વિનાની પ્રવૃત્તિ પરમાત્માને પસંદ નથી.

નૃગ ભૂપે ગૌદાન કર્યા કેટલાં કોઈ ગણતાં ના આવે પાર;
એક દિવસ અણુ દોષ પડ્યો, કૃકલાસ થયો અવતાર;
અવતાર અધમ થઈ જગ હાંશી, ગૌદાન પુન્ય ગયું ક્યાંહા નાશી;
દાન કર્યાં તો ય પામ્યો દુ:ખ, શા માટે હતો ભક્તિ વિમુખ
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ

મહાન દાનેશ્વરી રાજા નૃગનું દ્રષ્ટાંત ભક્તિશૂન્ય કર્મની વ્યર્થતા જાણવા માટે પ્રસ્તુત છે. નૃગરાજાને ગોદાનનો અતિ મોહ હતો. કહે છે કે, પૃથ્વી પર જેટલા રજકણો છે અને આકાશમાં જેટલા તારાઓ છે એટલી ગાયો તેણે દાનમાં આપી હતી. કેટલું પ્રચંડ પુણ્ય હશે એનું ! આમ છતાં એક દિવસ થોડી ભૂલ થતાં નૃગરાજાને કાચંડાનો જન્મ પ્રાપ્ત થયો. એક ગાય એક બ્રાહ્મણને દાનમાં આવ્યા પછી ભૂલથી એ ગાય બીજાને દાનમાં અપાઈ ગઈ. બંને એ એ ગાય પર પોતાનો હક રજુ કર્યો અને રાજાને શાપ આપ્યો. રાજાનું ગોદાનનું પ્રચંડ પુણ્ય પણ આ બ્રહ્મશાપનું નિવારણ ન કરી શક્યું અને રાજા કાચંડો થયો.

ભક્તિરહિત સકામકર્મમાં ભૂલની ક્ષમા નથી. કઠોર નિયમો છે. ભૂલ કરે તેને ભોગવવી જ પડે છે. ભગવાન પોતાના ભક્તો માટે આવા કઠોર નથી. એ પોતાના ભક્તોની ભૂલોને ય ભૂલી જાય છે. ભક્તની ખામી અને અપરાધને કદી જોતા નથી.

શ્રી ભાગવતજીમાં માતા દેવહૂતિના વચનો છે કે, " ભગવાનના નામોનું શ્રવણ કે કીર્તન કરવાથી, જાણ્યે અજાણ્યે કદીક ભગવાનને વંદન કે સ્મરણ કરવાથી દુરાચારી ચાંડાલ પણ સોમયાજી બ્રાહ્મણની જેમ પૂજનીય બની જાય છે. જે આપનાં ભક્તિપૂર્વક દર્શન કરે એના સદ્‌ભાગ્યનું કહેવું જ શું ? જેની જીહ્‌વા ના અગ્રભાગે આપ ભગવાનનું નામ બિરાજે છે. તેણે જપ, તપ, હવન, તીર્થસ્નાન વેદઅધ્યયન અને સર્વસદાચારનું પાલન કરી લીધું છે."

પુણ્ય પ્રાપ્તિ માટે કરાતા યજ્ઞયાગાદિ વધુમાં વધુ સ્વર્ગસુખ આપી શકે છે. પરંતુ એ પુણ્ય અને સ્વર્ગથી ભગવાનની પ્રસન્નતા નથી. ત્યાંથી જીવનું પતન થતાં જરાય વાર લાગતી નથી. નૃગરાજા જો હરિભક્ત હોત તો એની આવી દશા ન જ આવત. માટે યજ્ઞ, દાન, તપ, કરતાં ભગવદ્ ભક્તિ મહાન છે એમ જાણવું.

સ્વાધ્યાય - ૨૩

સેવા

સેવ્યસુખ એટલે સેવા

ભગવત્ સેવા મુખ્ય પુષ્ટિધર્મ છે. ઘરે શ્રી ઠાકોરજીનું સ્વરૂપ માર્ગનીરીત પ્રમાણે પધરાવીને માર્ગની રીત તેમજ વ્રજભક્તોની પ્રીત અનુસાર ભગવાનની સેવા કરવી. શ્રી મહાપ્રભુજીના સેવકોને પ્રાયઃ ભગવત્ સેવા પધરાવવાની જ આજ્ઞા થઈ છે. જેને પ્રારંભમાં જ ફલરૂપ માનસી સિદ્ધ થઈ ગઈ છે. એવા અથવા જેનાથી ઉત્તમ આચાર સચવાઈ નહીં શકે, પ્રભુને શ્રમ થશે એવી સંભાવનાવાળા સાધારણ કોટિના ભગવદીયો ને બાદ કરતાં પ્રાયઃ બધા ભગવદીયોને શ્રી મહાપ્રભુજીએ ભગવત્ સ્વરૂપ પધરાવીને તેમની સેવા કરવાની આજ્ઞા કરી છે.

જેમાં પ્રભુનું સુખ વિચારાય છે, પ્રભુને પ્રિય હોય અને ઉત્તમ હોય એવા પદાર્થો ધરવા, ભોગ રાગ, શૃંગારથી પ્રભુને લાડ લડાવવા એને પુષ્ટિમાર્ગીય સેવા કહે છે. માટે શ્રી મહાપ્રભુજીએ સેવાનો અર્થ સમજાવ્યો છે કે **શુશ્રૂષણં ચ તદેવ, યેન સેવ્યસ્ય સુખં ભવતિ, પરિતુષ્યતિ ચ**

સેવા ના બે પ્રકાર (૧) સાધન સેવા (૨)ફલરૂપ સેવા. તનુજા અને વિત્તજા એ બે સાધનરૂપ સેવા કહેવાય છે. પોતાના શરીરથી સઘળી સેવા કરવી. તે તનુજા સેવા. પોતાના દ્રવ્ય વડે સેવા કરવી તે વિત્તજા સેવા. વિત્તજા (કેવળ દ્રવ્ય વડે સેવા કરવી કે કોઈને દ્રવ્ય આપીને સેવા કરાવવી) સેવા કરતાં તનુજા સેવા - સ્વયં પોતાના શરીરથી સેવા કરવી એ ઉત્તમ છે. તનુજા સેવા એ ફલરૂપ માનસી સેવામાં સાક્ષાત્ સાધનરૂપ થઈ પડે છે. જ્યારે વિત્તજા સેવા સાક્ષાત્ સાધનરૂપ થઈ શકતી નથી.

(૨) માનસી સેવા ફલરૂપ છે. **માનસી સા પરા મતા** અને તેની વ્યાખ્યા છે **ચેતસ્તત્પ્રવણં સેવા** ભગવાન શ્રીકૃષ્ણમાં ચિત્તનું પરોવાઈ રહેવું એનું નામ માનસી સેવા. વ્રજભક્ત ગોપીજનોની બુદ્ધિ ભગવાનમાં જ આસક્ત હતી. તેઓ પોતાના દેહ, ગેહ, આદિ કાંઈ પણ જાણતા ન હતા. આ દશા માનસી રૂપ છે.

માનસીને આભ્યંતરી તેમ જ તનુવિત્તજાને બાહ્ય સેવા પણ કહે છે.

હેતુ :

મામ્ આજ્ઞાપય !' મને આજ્ઞા કરો' એ રીતે નિષ્કપટ હૃદયથી આત્મા સાથે પોતાના સર્વસ્વનું નિવેદન કરવું તે જ સેવા. આનું નામ જ આત્મ સમર્પણ. આનું નામ જ સેવા !

સ્વયંને કૃતાર્થ કરવા માટે વૈષ્ણવ સેવા પરાયણ થાય છે. અન્ય પ્રયોજનથી કરવામાં

આવતી સેવા સાચી સેવા નથી. શ્રી ગુસાંઈજી એ હેતુ વિચારીને સેવાના ત્રણ પ્રકાર વર્ણવ્યા છે. એક લૌકિક મહત્તાનો હેતુ છે. જગતમાં બધે પોતાની વાહવાહ થાય એટલા માટે સેવા, ઉત્સવ, મનોરથ વિ. કરવામાં આવે છે. બીજો પ્રકાર, પોતાના બાપદાદાની પરંપરાનો વિચાર કરીને સેવા, ઉત્સવ વિ. કરે છે. વડીલોની પરંપરાની પ્રતિષ્ઠા, વડીલોની આજ્ઞાને ખાતર કરે છે અને ત્રીજો પ્રકાર, ગુપ્ત પ્રકાર છે. વાહવાહ ખાતર નહીં, સ્વધર્મ સમજીને સેવા કરે. પરોક્ષ રીતે સેવા કરે. એવી રીતે સેવા કરે કે કોઈને ખબર ય ન પડે. પ્રભુને આ ત્રીજો પ્રકાર જ ગમે.

ભગવત્સ્વરૂપ :

વૈષ્ણવે સદ્‌ગુરૂ સાંપડે તો તેમના દ્વારા અને નહિં તો પોતે જાતે જ ભગવત્સ્વરૂપને પધરાવીને સેવા કરે. ભગવત્સ્વરૂપ આઠ પ્રકારના હોઈ શકે. **शैली दारुमयी लौही लेप्या लेख्या च सैकती । मनोमयी मणिमयी प्रतिमाऽष्टविधा स्मृता ॥** ભગવાનની મૂર્તિ શિલામાં બીરાજતી, કાષ્ટરૂપી, લોહની, લેપ્યા, ચિત્રરૂપે બીરાજતી, રેતીની બનેલી, મનોમયી કે મણિમયી એ આઠ પ્રકારની હોઈ શકે છે.

શ્રી હરિની મૂર્તિની સેવા કરવાથી શ્રી હરિની જ સેવા થાય છે. **परिचर्यां सदा कुर्यात्तद्रूपं तत्र च स्थितम्** જે કાંઈ વ્યવહાર ભગવાનના સ્વરૂપ સાથે કરવામાં આવે તે ભગવાનની સાથે જ થાય છે. મૂર્તિ/સ્વરૂપનો અપરાધ પણ ભગવાનનો જ અપરાધ થઈ જાય છે. સેવકે મૂર્તિ ભગવાન જ છે એમ સમજવું.

साकार व्यापकत्वाच्च मन्त्रस्यापि विधानत :

જ્ઞાનપ્રધાન દ્રષ્ટિથી,ભક્તિ પ્રધાન દ્રષ્ટિથી તેમજ ઉપાસના પ્રધાન દ્રષ્ટિથી વિચારતાં મૂર્તિ ભગવાનનું જ સ્વરૂપ છે એમ સિદ્ધ થાય છે. જેમકે,

જ્ઞાનદ્રષ્ટિથી વિચાર કરીએ તો તદ્રૂપં, તત્ર ચ સ્થિતમ્ આ વિશ્વમાં બધું જ ભગવદ્રૂપ છે તેથી મૂર્તિ પણ ભગવાનનું રૂપ છે. જેમ ભક્ત પ્રહલાદનો ઉદ્ધાર કરવા માટે ભગવાન નરસિંહ સ્તંભમાંથી પ્રકટ થયા તેમ અમુક ભક્તનો ઉદ્ધાર કરવા માટે ભગવાન પ્રતિમા-મૂર્તિરૂપે પણ પ્રકટે છે.

ઈન્દ્રદ્યુમ્ન નામના ભક્તનો ઉદ્ધાર કરવા ભગવાન જગન્નાથ પ્રભુ કાષ્ઠરૂપે પ્રકટ થયા છે. તેમ ભક્તોદ્ધાર માટે ભગવાન જે રૂપે પ્રકટ થવા ઈચ્છે છે તે રૂપે પ્રકટ થાય છે.

ભક્તિદ્રષ્ટિથી વિચાર કરીએ તો **तत्र च स्थितम्** જ્યાં જેવડી મૂર્તિ છે ત્યા તે પ્રકારે ભગવાન રહેલા છે. જ્યાં મૂર્તિનો શ્રી હસ્ત છે ત્યાં ભગવાનનો શ્રીહસ્ત છે તે રીતે મૂર્તિના તે તે અવયવોમાં શ્રી ભગવાનના પણ તે તે અવયવો છે. બ્રહ્મ સાકાર છે. વ્યાપક છે. સર્વત્ર હસ્ત - ચરણ વાળું છે. અને સર્વત : અંતર્યામી છે. તેથી મૂર્તિમાં પણ ભગવાન છે. જો કે મૂર્તિમાં ભગવાનનો પ્રાદુર્ભાવ સર્વના ઉદ્ધાર માટે નહીં, ભક્તના - સેવકના ઉદ્ધાર માટે જ

થયો છે. ભગવાન વ્યાપક છે. છતાં યશોદાની દોરડાની અંદર બંધાયા એ એમનું વિરૂદ્ધધર્માશ્રયત્વ સૂચવે છે. તેમ બ્રહ્મ વ્યાપક હોવા છતાં મૂર્તિના પરિમિત સ્વરૂપમાં ભક્તના ઉદ્ધાર ને માટે બીરાજે છે.

ઉપાસના દ્રષ્ટિએ પણ મૂર્તિમાં ભગવાનનું સ્વરૂપ બીરાજે છે. મૂર્તિમાં મંત્રનું અનુષ્ઠાન કરેલું હોવાથી મંત્રાધીન દેવ - પ્રભુ તેમાં પધારે છે. અને ભક્તના ઉપચારને સ્વીકારે છે.

ભગવત્ સ્વરૂપમાં (મૂર્તિમાં) ભગવાની સ્થિતિ ' આવેશરૂપ' હોય છે. જેમ લોખંડમાં અગ્નિનો આવેશ થાય છે. તેમ મૂર્તિમાં ભગવાનનો આવેશ થાય છે. ગરમ લોખંડમાં જેમ અગ્નિના લક્ષણો અનુભવાય છે. તેમ ભગવત્સ્વરૂપ માં ભગવાનનો અનુભવ થાય છે. લોખંડમાં અગ્નિની ઉષ્ણતા, પ્રકાશ જેવા લક્ષણો અગ્નિના આવેશના કારણે અનુભવાય છે. તેમ ભગવાનની મૂર્તિમાં પણ ભગવાનના ગુણોનો અનુભવ ભક્તને થયા કરે છે.

પૂજા પ્રકાર અને સેવા પ્રકાર વચ્ચે એક મહત્ત્વનું અંતર એ પણ છે કે, ભગવાનના સેવ્ય સ્વરૂપમાં ભગવાનની નિત્ય સ્થિતિ છે, એ ત્યાં સદા વિરાજમાન છે. મૂર્તિપૂજામાં એમ નથી.

ભગવદીય વૈષ્ણવે મુખ્યત્વે સ્વયં પ્રાપ્ત કરેલા દ્રવ્યથી સ્વશક્તિ અનુસાર ઉપચારો (યોગ્ય સત્કાર) કરીને વસ્ત્ર આભૂષણ વિગેરે શૃંગાર ધરીને શ્રીકૃષ્ણના સ્વરૂપની સેવા કરવી.

ભગવાન શ્રીકૃષ્ણ મારા સ્વામી છે. શ્રી ઠાકોરજી મારા મસ્તકે બીરાજે છે એમ માનીને સેવકે જે પ્રભુને સુંદર લાગે, પ્રીતિકર લાગે એવા શૃંગાર ધરવા, તેમજ તેમને ભોગ સામગ્રી આદિ સમર્પવા વૈષ્ણવે પોતે યોગ્ય રીતે પ્રાપ્ત કરેલા દ્રવ્યથી જ પોતપોતાની શક્તિ પ્રમાણે પ્રભુની સેવા કરવી.

નિજ સેવ્ય સ્વરૂપનું જે પ્રકારે સુંદર દર્શન થાય એમ એના અંગે અંગે વસ્ત્ર, અલંકાર, મુકુટ વિગેરે નો શૃંગાર પ્રેમપૂર્વક ધરવો. ચિત્તના ઉદ્વેગથી રહિત થઈને શીતકાલ, ઉષ્ણકાલ એમ ઋતુકાલ અનુસાર સેવ્ય સ્વરૂપની સેવાથી શ્રી ઠાકોરજીને સુખ થાય એ માટે જલ, વસ્ત્ર વિગેરેનું સમર્પણ કરીને સ્નેહથી ભગવત્સેવા કરવી.

પ્રકટ સ્વરૂપ

ભગવાનના પ્રકટ સ્વરૂપની સેવા કરવી. કાષ્ઠમાં અગ્નિ છે તેથી કોઈ ઠંડી ઉડાડવા માટે કાષ્ઠનો આશ્રય કરતું નથી. તે પ્રકારે **અપ્રકટ સ્વરૂપા : સર્વથૈવ ન સેવ્યા:** જેમાં ભગવાનનું સ્વરૂપ પ્રકટ નથી. તે સેવા કરવા યોગ્ય નથી.

અલ્પ અપવાદ બાદ કરતાં, ભગવદીયોને સાક્ષાત્ સ્વરૂપને પધરાવીને તેની સાક્ષાત્ સેવા કરવાની જ આજ્ઞા થઈ છે. જેને જેને ભગવત્ સ્વરૂપ પધરાવી આપ્યું છે તેને "આ અમારૂં સર્વસ્વ છે." એમ કહીને પધરાવી આપ્યું છે. માટે ભગવદીયે સ્વરૂપ સેવાને ઉત્તમ માનવી. મનમાં સ્વરૂપની ધારણા કરીને સેવા કરવાનો પ્રકાર સર્વ સામાન્ય પ્રકાર નથી. કોઈ

વિશિષ્ટ ભગવદીયને માટે આ વિશિષ્ટ પ્રકાર છે બાકી સૌએ સ્વરૂપ પધરાવવાનો જ પ્રકાર છે. પુષ્ટિમાર્ગમાં સેવાધર્મની મહત્તા એટલી બધી છે કે શ્રી મહાપ્રભુજી નિબંધમાં **तदभावे स्वयं वाऽपि मूर्ति कृत्वा हरेः क्वचित्** આજ્ઞા કરે છે કે, આ કલિકાલમાં ઉત્તમ લક્ષણવાળા ગુરૂ દુર્લભ હોય તો ભગવદીયે પોતે જાતે જ કોઈક પવિત્રસ્થાને ભગવાનનું સ્વરૂપ પધરાવીને સદા ભગવાનની સેવા કરવી.

વૈષ્ણવને આજીવિકા માટે સાધન કરવું પડે એમ હોય, સર્વથા નિવૃત્ત ન હોય તો તેણે **एकं यामं हरौ नयेत्** દિવસનો એક પ્રહર (લગભગ ત્રણ કલાક) જેટલો સમય તો ભગવદ્ ભજનમાં - સેવા સ્મરણમાં ગાળવો જ જોઈએ. બાકીના સમયે આજીવિકા કરવી. તે પણ ધર્મથી વિરૂદ્ધ ન હોય એવા પ્રકારે આજીવિકા કરવી. બાપદાદાની પરંપરાથી મળેલી હોય તો પણ જો નિષિદ્ધ પ્રકારની આજીવિકા હોય તો તેનો ત્યાગ કરી જ દેવો.

પૂજા અને સેવા - ભેદ.

વેદશાસ્ત્ર આદિમાં જેને પૂજા કહે છે તેમાં અને પુષ્ટિમાર્ગમાં જેને સેવા કહે છે. તેમાં ઘણો મોટો મૌલિક ભેદ છે.

પુષ્ટિસેવામાં ભગવાન પૂર્ણ પુરુષોત્તમ સેવ્ય છે. જ્યારે પૂજાપદ્ધતિમાં અન્ય દેવીદેવતાઓ પૂજાય છે. પૂજા પ્રકારમાં દેવો મંત્રને આધીન હોય છે. ત્યારે ભગવત્સેવામાં ભગવાન ભાવને - ભક્તિને વશ હોય છે. પૂજાનું ફલ બ્રહ્મલોક વિ.ની પ્રાપ્તિ છે. ત્યારે સેવાનું ફલ સ્વયં ભગવાન જ છે.

પૂજા સ્વયં સાધનરૂપ છે. કેવળ સાધનરૂપ છે. જ્યારે સેવા સાધન રૂપા પણ છે. અને ફલરૂપા પણ છે. પૂજા જેવા સાધનથી જે ફલ સુલભ થાય છે. તે ભક્તિ દ્વારા પણ સુલભ થાય છે. પરંતુ ભક્તિ વડે જે સર્વોત્તમ ફલ સાંપડે છે તે પૂજા જેવા સાધન વડે કદી સાંપડી શકતું નથી.

પૂજામાં વિધિ નિયામક છે ત્યારે સેવામાં સ્નેહ નિયામક છે. પૂજામાં કાલનો નિયમ છે જ્યારે સેવામાં કાલનો કોઈ નિયમ નથી. ભક્તનો મનોરથ થાય ત્યારે સેવા થઈ શકે છે. પૂજામાર્ગમાં પ્રભુને જે નૈવેધ, દક્ષિણા વિ. અર્પણ કરવામાં આવે છે તેના વડે અદ્રશ્ય (પ્રારબ્ધ)ની ઉત્પત્તિ થાય છે. અને તે પ્રારબ્ધના ફલીભૂત થવાના કાળે જ ફળે છે. સેવાક્રમમાં તો સાક્ષાત પ્રભુ ભક્ત દ્વારા સમર્પિત પદાર્થો તેમજ ઉપચારોને સાક્ષાત ઉપભોગ કરે છે. તેમજ પ્રસન્ન થતાં ભગવાન દુર્લભમાં દુર્લભ ફલની પ્રાપ્તિ પણ કરાવે છે. **यस्मादस्मिन् स्थितो यत् किमपि कथमपि क्वाप्युपाहर्तुमिच्छत्यद्धा तद् गोपिकेश : स्ववदनकमले चारुहासे करोति** શ્રીમદ્ વલ્લભ પ્રભુ દ્વારા આ ભૂતળ પર પ્રકટ થઈને ભગવાનની સેવાનો એવો ઉત્તમ પ્રકાર પ્રકટ કર્યો છે કે જેમાં શ્રી ગોપિકાનાથ પ્રભુ પોતાના ભક્ત દ્વારા ગમે તે વસ્તુ, ગમે તે પ્રકારે અને ગમે ત્યાં અંગીકાર કરાવવાનો મનોરથ કરે તો પ્રભુ તેનો સાક્ષાત્ ઉપભોગ કરે છે, પ્રસન્નતાપૂર્વક આરોગે છે.

પ્રકારભેદથી, વિધિભેદથી તેમ જ ફલભેદથી - બધી જ રીતે પૂજામાર્ગ કરતાં સેવામાર્ગ વિલક્ષણ છે, વિશિષ્ટ છે, ઉત્તમ છે.

ભાવ - સાધન

સાધનં પરમેતદ્ધિ શ્રી ભાગવતમાદરાત્ । પઠનીયં પ્રયત્નેન નિર્હેતુકમદમ્ભત: આદરપૂર્વક શ્રીમદ્ ભાગવતજીનો નિરંતર પાઠ કરવો એ મુખ્ય સાધન છે. શ્રી ભાગવતજીના નિત્યપાઠથી દીનતાની ભાવના, અહંકાર જેવા દોષોની નિવૃત્તિ, ભગવત્ સેવામાં નિષ્ઠા, ભગવાનનો ભક્તહૃદયમાં પ્રવેશી તેમજ સપ્રેમભગવદ્ ભાવ જેવા ફલ સિદ્ધ થાય છે.

શ્રી મહાપ્રભુજી પ્રત્યેની નિષ્ઠા, બ્રહ્મ સંબંધ સ્વરૂપ સેવા, સમર્પિત લેવાનો આગ્રહ વિરહ અનુભવ, શરણ - કૃપા - દૈન્ય જેવા ભાવો પણ ભાવસિદ્ધિ માટે સાધન બને છે.

ભાવો ભાવનયા સિદ્ધ: શ્રી ગોપીજનોની ભક્તિનું ચિંતન કરતાં આપણા હૃદયમાં જે ભાવના જાગે એ જ ભાવનું સાધન છે. આમાં દાન, વ્રત જેવા અન્ય સાધનો સાધન તરીકે નકામાં જ છે.

ભગવાનની ભાવવશ્યતા -

ભગવાન સર્વશક્તિમાન છે. તે શક્તિને નહીં પરંતુ ભક્તિને વશ થાય છે.

ન તપોભિર્ન વેદૈશ્ચ ન જ્ઞાનેનાપિ કર્મણા ।

હરિર્હિ સાધ્યતે ભક્તયા પ્રમાણં તત્ર ગોપિકા : ॥

તપ, વેદવ્યાસ, કર્મ કે જ્ઞાનથી ભગવાન વશ થતા નથી. તે ભક્તિથી જ વશ થાય છે. તેનો પુરાવો વ્રજની ગોપિકાઓ છે.

જેમના હૃદયમાં શ્રીહરિની કેવળ એક ભક્તિ જ છે. એવા ભક્તો આ જગતમાં નિર્ધન હોય તો ય ધન્ય છે. કેમકે ભકિત સૂત્રોપનદ્ધ : ભક્તિરૂપી દોરીથી બંધાયેલી શ્રીહરિ પોતાના ધામનો સર્વથા ત્યાગ કરીને ભક્ત-હૃદયમાં પ્રવેશ કરી રહે છે.

સ્વતનુ :

ભગવત્સેવા બીજા પાસે નહીં, સ્વયં કરવાનો આગ્રહ રાખવો જોઈએ. વૈષ્ણવ પોતાના માથે બીજા કરતાં શ્રી ઠાકોરજીની નાનામાં નાની સેવા ટહેલ પણ પોતે કરે. એમાં પોતાની લૌકિક પ્રતિષ્ઠાનો ય વિચાર ન કરે.

દામોદરદાસ સંભલવાળા શ્રીમંત હતા. છતાં શ્રી ઠાકોરજીની સેવામાં ઉપયોગી જલ પોતે ભરી લાવતા. એક દિવસે એમના સસરા એમને ત્યાં આવીને કહે, " તમે રોજ જળ ભરી લાવો છો તેથી અમારા સગાસંબંધીમાં અમને શરમ આવે છે. માટે તમે જલ ન ભરો. દાસી

પાસ જલ ભરાવો."

સૂરદાસજીએ ગાયું છે કે," સૂર ભજન કલિ કેવલ કીજૈ, લજ્જા કાંન નિવાર." આ કલિકાલમાં મુખ્યધર્મ એક જ છે. અને તે છે, જગતની લાજશરમ તજીને કેવળ ભગવદ્ ભજન કરવું ! શ્રી દામોદરદાસને એ જ રૂચ્યું. તેમણે પત્નીને ય સેવામાં સાથે લીધી. બીજે દિવસે એમણે એક ઘડો પોતે લીધો. અને બીજો ઘડો પોતાની પત્નીને આપ્યો. બંને ભગવદીયો બજારમાંથી માથે ઘડો મૂકીને નીકળ્યા. સસરો દામોદરદાસજી ના પગમાં પડ્યો, " મારી ભૂલ થઈ કે મેં તમને આમ કહ્યું, તમે ભલે સ્વયં જલ ભરો પરંતુ મારી પુત્રીને આમ ગામ વચ્ચે જલ ન ભરાવો.

સ્વંય તનુજા સેવામાં તત્પર રહેવું એનું આ ઉત્તમ ઉદાહરણ છે.

જેમની પાસે કરોડો રૂપિયાનો વૈભવ હતો એવા, કાશીના શેઠશ્રી પુરુષોત્તમદાસ સ્વયં મંદિરવસ્ત્ર કરતા. રાજા અંબરીષ પણ ભગવાનની સેવામાં સ્વયં પહોંચતા. દામોદરદાસ સંભલવાળાની સેવા ખાસ કરીને સ્નેહપૂર્વકની સ્વતનુ સેવા જોઈને શ્રી મહાપ્રભુજી કહેતા કે, " જિન રાજા અંબરિષ ન દેખ્યો હોઈ સો દામોદરદાસ કોં દેખેં. રાજા અંબરિષ તો મર્યાદામાર્ગીય હુતો ઔર યે પુષ્ટિમાર્ગીય હૈ. ઈનકો ઈતની અધિકતાઈ હૈ."

સ્વવિત્ત

સ્વવિત્તનો સેવામાં વિનિયોગ કરવો.

સિંહનંદની ક્ષત્રાણીનો એકવાર ક્લેશ થયો કે મેં શ્રી ઠાકોરજીને પકવાન જ ધર્યા. પૈસા તો નથી, તો ક્યાંકથી ઉધાર લાવીને પણ શ્રીઠાકોરજીને ઉત્તમ પકવાન ધરાવું. એક દિવસ સવારે ઉઠીને ઉછીની ચારઆનીના ઘી, ખાંડ લાવીને ચતુર્વિધ પકવાન કર્યા. અડધી રાત્રે શ્રી ઠાકોરજી જાગ્યા, કહે, " મા ! મને ભૂખ લાગી છે. " ક્ષત્રાણીએ પકવાન ધર્યા ત્યારે પ્રભુ કહે, " આજે રોટી કેમ ધરી નથી ! તારી પાસે તો ન હતા તો પકવાન ક્યાંથી આવ્યા ! ક્ષત્રાણીએ જ્યારે ઉધાર લાવી છે એમ જણાવ્યું ત્યારે પ્રભુએ એને ઠપકો આપ્યો, મને તારી ચોપડી રોટલી ભાવે તો છે. પછી ઉધાર પકવાન કેમ લાવી ? કરજ માથે ચડે તો ક્લેશ થાય. હવે પછી આમ ન કરીશ."

ભગવદીય સેવામાં ઉધાર દ્રવ્ય લાવે તો ય પ્રભુને ન ગમે તો અન્યના દ્રવ્યની સેવા પ્રભુને કેમ રૂચે ?

માનસી

નરવરગઢના રાજા આસકરણને યુદ્ધ કરવા જવાનું થયું. સવારે પડાવ પર રાજા માનસી સેવા કરતા હતા અને યુદ્ધ નો આરંભ થઈ ગયો. દીવાને રાજા આસકરણને વિનંતી કરી. " આપ યુદ્ધમાં જોડાશો નહીં તો લશ્કરમાં નાસભાગ થઈ જશે."રાજા ઘોડા પર સવાર થયા છે. અને માનસી સેવાનો ક્રમ પણ ચાલુ છે. માનસીમાં રાજભોગ ધરતા હતા ત્યારે કઢીનો

વાટકો છૂટી ગયો. રાજાના કપડાં અને ઘોડા પર કઢી જ કઢી થઈ ગઈ ! પછી રાજાએ માનસીમાં જ અનોસર સુધી પહોંચ્યા બાદ લડાઈ ચાલુ કરી. રાજા આસકરણનો વિજય થયો. યુદ્ધ પ્રસંગે ય રાજાએ સેવા-સ્મરણ નો ત્યાગ કર્યો નથી.

માનસી સેવામાં રાજા આસકરણ જેવું કોઈ નહીં. શ્રી ઠાકોરજીએ જ એમને સ્વપ્નમાં જણાવ્યું હતું કે, " તારી તનુજા - વિત્તમ સેવા થઈ ચૂકી ઉપરાંત વ્યસન પર્યંત અવસ્થા સિદ્ધ થઈ ગઈ છે.હવે એકાંતમાં બેસીને માનસી સેવા કરજે."

ત્યાર બાદ રાજા વ્રજમાં રહીને રમણરેતની ટેકરા પર બેસી રહીને માનસીમાં તન્મય રહેતા.

યજ્ઞ અને સાધુસંગત

પ્રાચીન બર્હીષ ભૂપતે, જુઓ કીધા યજ્ઞ અપાર;
ઉર્વી મખાંકીત સહુ કરી, તો યે કાંઈ ન દીઠો સાર'
સાર મળ્યા એ જે જે પશુ પાડયા, તે રહ્યા હણવા નારદજી દેખાડયા.
ભય દેખી લીધુ સુર ઋષિ શર્ણ, ભક્તિ કરીને પામ્યો હરિચર્ણ.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ

શ્રી ભાગવતજીના ચતુર્થ સ્કંધમાં પ્રાચીનબર્હી રાજાનું ચરિત્ર છે. એમ કહેવાય છે કે એમણે એટલા બધા યજ્ઞો કર્યા હતા કે પૃથ્વીનો કોઈ ભાગ બાકી રહ્યો ન હતો. જેમ નૃગરાજાને દાનની ઘેલછા એમ આને યજ્ઞની ઘેલછા. અસંખ્ય યજ્ઞો કરવા છતાં રાજાને ચિત્તની શાંતિ ન મળી. શ્રી નારદજીની કૃપાથી એને એ દ્રશ્ય પણ દેખાયું કે, એણે જે જે અસંખ્ય પ્રાણીઓનું યજ્ઞોમાં બલિદાન આપ્યું હતું તે બધાં રાજાનો બદલો લેવા તેની પ્રતીક્ષા કરી રહ્યા હતાં. કેવળ ક્રિયાકાંડ અકિલષ્ટ માર્ગ છે. ત્યાં નથી કોઈની હિંસા, નથી ઉગ્રતપરૂપી ક્લેશ, નથી ઈન્દ્રપદની લાલસા અને નથી કોઈની સાથેય સ્પર્ધા ! ભક્તનો સંગ ભક્તિ આપે છે. શ્રી નારદજીની સંગથી પ્રાચીનબર્હી રાજાને મોક્ષ સાંપડ્યો. રાજાની કર્મઆસક્તિ અને અજ્ઞાનનો નાશ કરવા શ્રીનારદજીએ તેને ' પુરંજન આખ્યાન' સંભાળાવ્યું. રાજા જ્ઞાન-ભક્તિ યુક્ત થઈને ઉત્તમ ગતિ પામ્યો. જે કોટિ કોટિ યજ્ઞો ન કરી શક્યા તે સ્હેજ સત્સંગે કરી દીધું !

કહા ભયો વિપ્ર કુલ જનમ્યો !

ભક્તિ તારે ચંડાળને, જેમાં કોઈ ન શુભ આચર્ણ;
શું પછી કહેવું તેહનું, ઉધારે અધમ અન્યવર્ણ,
વર્ણ સર્વ ઉધ્ધારે જગત, નીચ ઉંચ જે નિજ આસક્ત

એક અંગ ભક્તિ ભદ્રદાય અચરજ શું ! પૂર્ણ શ્રેય થાય,
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ

કલિના પ્રભાવથી દુઃખી થયેલી ભક્તિને શ્રી નારદજી એ કહ્યું હતું કે, "ત્વં તુ ભક્તિ : પ્રિયા તસ્ય સતતં પ્રાણતોધિકા" હે ભક્તિદેવી ! તમે તો ભગવાન ને સતત પ્રાણથી ય પ્રિય છે ! તમો બોલાવો તો ભગવાન નીચના ઘરમાં ય આવી પહોંચે છે. સત્ય, ત્રેતા અને દ્વાપર આ ત્રણ યુગોમાં જ્ઞાન અને વૈરાગ્ય મુક્તિ ના સાધન હતા પરંતુ કલિયુગમાં તો સૌ કોઈને માટે કેવળ ભક્તિ જ બ્રહ્મ સાયુજ્યકારિણી છે. ભક્તિથી જ મુક્તિ છે."

દૈત્યબાળકોને શ્રી પ્રહલાદજીએ ઉપદેશમાં કહ્યું હતું કે, "દેવોડસુરો મનુષ્યો વા યક્ષો ગાંધર્વ એવ ચ ભજન્ મુકુંદચરણં સ્વસ્તિમાન્ સ્યાદ્ યથા વયમ્." દેવતા, દૈત્ય, મનુષ્ય, યક્ષ કે ગંધર્વ - કોઈ પણ જીવ, જે ભગવાનનાચરણકમળનું સેવન કરે છે તે આપણી જેમ જ કલ્યાણ પામે છે. ભગવાનનીપ્રસન્નતા શેમાં છે તે જાણો. તેમને રીઝવવા માટે બ્રાહ્મણ હોવું, દેવતા કે ઋષિ હોવું, સદાચારસંપન્ન હોવું કે જ્ઞાની હોવું પુરતું નથી. એમને પ્રસન્ન કરવા માટે દાન, તપ, યજ્ઞ, શારીરિક અને માનસિક પવિત્રતા અને મોટામોટા વ્રતોનાં અનુષ્ઠાન કામનાં નથી જ. ' પ્રીયતેડમલયા ભકત્યા હરિરન્યદ્ વિડંબનમ્.' શ્રી હરિ કેવળ નિષ્કામ પ્રેમભક્તિથી જ પ્રસન્ન થાય છે. બીજું બધું તો વિડંબનામાત્ર છે.

શ્રી ભાગવત આદિ ભક્તિ શાસ્ત્રોએ માનવીની બધી જ યોગ્યતાને બાજુએ રાખીને, તેને ગૌણમાનીને ભક્તિ પર જ ભાર મુક્યો છે. જીવ નિષ્કામ ભાવે, ઉત્કટ સ્નેહથી પ્રભુને ભજે એટલે તે સર્વ રીતે કૃતાર્થ જ છે.

'કહા ભયો વિપ્રકુલ જનમ્યો, જો હરિસેવા નાહીં ! જો હરિ ભજન નથી તો ઉચ્ચ જાતિમાં જન્મ્યો તેથી શું વળ્યું ?

સેવા

ભગવત્સુખ

ભગવદર્થમેવ ભગવાન્સેવ્ય : ભગવાનને જ માટે ભગવાનની સેવા કરવી જોઈએ.

સેવ્યનું સુખ એજ સેવકનું સુખ. પ્રિયનું સુખ એ જ પ્રેમીનું સુખ. સ્વસુખનો વિચાર એ સ્વાર્થ છે, સ્નેહ નથી, સેવા નથી. **મિથો ભજન્તિ યે સખ્યઃ સ્વાર્થૈકાન્તોદ્યમા હિ તે** રાસ પ્રસંગે ભગવાન શ્રી ગોપીજનોને કહે છે કે " ઉપકાર અને પ્રતિઉપકાર ના સંબંધથી જેઓ પરસ્પર સ્નેહ રાખે છે તેઓ સ્નેહના કારણે સામાઉપર સ્નેહ નથી રાખતા પરંતુ પોતાના સ્વાર્થના કારણે સામાઉપર સ્નેહ રાખે છે. આ સ્નેહ શુદ્ધ પ્રેમ નથી. સાચો પ્રેમી તો એ કે પોતાના ઉપર પ્રેમ ન રાખનાર ઉપર ય પ્રેમ રાખે " સેવકે નિરંતર વિચારવું કે મારા દ્વારા થઈ રહેલ સેવાનું પ્રેરક તત્વ શું છે, સ્વસુખ કે તત્સુખ ?

ઈન્દ્ર પ્રકોપ સમયે વ્રજનારીઓ ભગવાનના શરણો ગયા અને પોતાના રક્ષણ માટે ભગવાનને પ્રાર્થના કરી એ બાબત શ્રી મહાપ્રભુજીને ગમી નથી. તેના એ શબ્દોમાં જોઈએ તો **આસારેણ પીડિતાઃ ભક્તિ માર્ગં ત્યક્તવન્તઃઅન્યથા ભગવદ્રક્ષાર્થમેવ યત્નં કુર્યું : ન તુ સ્વરક્ષાર્થ ભગવન્તં પ્રાર્થયેયુંઃ** વૃષ્ટિથી પીડાયેલા વ્રજવાસીઓએ ભક્તિમાર્ગ ત્યજ્યો. નહિ તો તેઓ ભગવાનની રક્ષા માટે જ પ્રયત્ન કરત - પોતાના રક્ષણ માટે ભગવાનને પ્રાર્થના ન કરત.

આનો અર્થ એ કે ભક્તને જ્યાં સુધી ભગવાનના સુખનો વિચાર રહે છે. ત્યાં સુધી ભક્તિમાર્ગમાં તેની ભૂમિકા ઉત્તમ છે. સ્નેહનો સ્વભાવ જ એ છે કે એ સ્નેહીને સુખી કરવાના પ્રયાસમાં જ પોતાની સાર્થકતા માને છે, સ્નેહીને.સુખી કરવાના વિચારોમાં તો એ સ્વસુખને ય વિસરી જાય છે.

સ્નિગ્ધે સ્નેહસ્યાયં ગુણઃ યત્સમર્થેઽપ્યસમર્થ બુદ્ધિઃ સ્નેહવાળામાં સ્નેહનો આ ગુણ હોય છે કે સમર્થમાં ય આ અસમર્થ છે, એવી બુદ્ધિ રહે.

વળી ઘણો દ્રઢ સ્નેહ ઉત્પન્ન થયા પછી માહાત્મ્યજ્ઞાન પોતાની મેળે જ દૂર થાય છે. માહાત્મ્યના સંપૂર્ણ જ્ઞાનવાળા દેવકીજીને પણ પ્રભુમાં સ્નેહ પ્રકટ થઈ જતાં પ્રભુને કહેવા લાગ્યાં કે, ધૈર્યરહિત બુદ્ધિવાળી હું આપના કારણે કંસથી ઘણો ઉદ્વેગ પામું છું.

પ્રભુએ ગિરિરાજ ધારણ કરીને સર્વનું રક્ષણ કર્યું. સૌ વ્રજભક્તો એ એમના માહાત્મ્યને જાણ્યું અને જોયું તે છતાં એમને માહાત્મ્યજ્ઞાનનું સ્મરણ રહ્યું નથી તેઓએ પ્રભુને દહીંનું તિલક કર્યું. અક્ષત લગાડ્યા. તેના ઉપર જલ ફેરવ્યું અને આશીષો આપી. - આમ

વ્રજવાસીઓએ સ્નેહનું જ કાર્ય કર્યું છે. પરંતુ ભગવાનની સ્તુતિ - નમસ્કાર વિ. ન કર્યા.

આમ સ્નેહની દ્રઢ અવસ્થા સિદ્ધ થતાં માહાત્મ્યજ્ઞાનનું સ્વતઃ વિસ્મરણ થઈ જાય છે.

ભક્તિમાર્ગમાં પ્રાબલ્ય પણ (માહાત્મ્ય) જ્ઞાનને બદલે સ્નેહનું છે. ગોકુલલીલામાં શ્રીબાલકૃષ્ણ માટી આરોગ્યા એ પ્રસંગે માતાએ ભગવાનનામુખ ને ખોલાવ્યું અને માતાએ તેમાં બ્રહ્માંડ દર્શન કર્યું. પરંતુ માતાએ એ જ્ઞાન નો તિરોભાવ કરી દીધો, પુત્રભાવનો તિરોભાવ ન કર્યો. એ એમ બતાવે છે કે માહાત્મ્ય પક્ષ કરતાં સ્નેહપક્ષ વધુ મહત્ત્વનો છે. અને સ્નેહભાવમાં પ્રભુને શ્રમ ન થાય અસુખ ન થાય તેમજ તે વધુ ને વધુ પ્રસન્ન રહે એનો વિચાર ભક્તિમાર્ગમાં કરવામાં આવે છે.

સેવકની જીવન પદ્ધતિ :-

વૈષ્ણવની સમગ્ર જીવન પદ્ધતિ જ પ્રભુને પ્રસન્ન કરવાની દ્રષ્ટિ ધરાવતી હોવી જોઈએ. સમગ્ર જીવન પદ્ધતિને ત્રણ વિભાગમાં વહેંચી શકાય. વ્યક્તિનું ભગવાન પ્રત્યેનું વલણ, અન્ય જીવ પ્રત્યેનું વલણ અને જગત પ્રત્યેનું વલણ.

(૧) ભગવાન પ્રત્યેનું વલણ.

ભક્તના સ્વભાવમાં દીનતા, સરળતા, નિરહંકારિતા, દયા, કરૂણા જેવા ગુણોથી ભગવાન પ્રસન્ન થાય છે.

- પ્રભુને રીઝવવા પ્રભુને શ્રેષ્ઠ અને અકિલષ્ટ પદાર્થનો ભોગ ભગવાન શ્રીકૃષ્ણને ધરવો. લોકમાં જે વસ્તુ ઈષ્ટતમ અને ઉત્તમોત્તમ ગણાતી હોય, જે વસ્ત આત્માને પ્રિય હોય તેમજ જે પદાર્થો ચિત્તને પ્રસન્ન કરનારા હોય એવા પદાર્થોનો, સામગ્રીનું સમર્પણ પ્રભુને કરવું.

પ્રભુને સમર્પણ પ્રિય છે. જે સમર્પણમાં સ્નેહ હોય, વિશુદ્ધ સ્નેહ હોય તે સમર્પણ પ્રભુને પ્રિય છે.

– ભક્તનો ભગવાન પ્રત્યેનો વ્યવહાર નિષ્કપટ અને નિઃ સ્વાર્થ હોવો જોઈએ. પ્રભુને રીઝવવા માટે ઉત્તમોત્તમ તત્વ પ્રેમ છે. પ્રીતમને પ્રેમથી જ પામી શકાય છે. વૈષ્ણવનું પ્રભુ સાથે વર્તન પ્રેમમય હોવું જોઈએ.

(૨) અન્ય જીવ પ્રત્યેના અયોગ્ય વર્તાવથી ભગવાન રાજી થતા નથી. વૈષ્ણવે જીવમાત્ર પ્રત્યે કરૂણા અને સ્નેહમય વ્યવહાર રાખવો ઘટે. કઠોર અને કપટમય વ્યવહાર જીવને ગમતો નથી તો ભગવાને તો ક્યાંથી ગમશે ?

હરિ વ્યાપક લહી સર્વમાં નવ આણવો કોઈનો દોષ.

બધામાં પ્રભુ વસે છે એમ જાણીને કોઈનો દોષ ન વિચારવો. અન્યના કઠોર વચનો, વ્યવહાર વિ. ને સહન કરી લેવા જોઈએ.

પોતાના કરતાં કોઈનામાં વધારે ગુણો જોવા મળે તો તેની ઈર્ષ્યા કરવાને બદલે પ્રસન્ન થવું. અન્યમાં અને આપણામાં સરખાપણું જોવા મળે તો સરખાની સાથે સ્પર્ધા કરવાને બદલે

મૈત્રી કેળવવી. સ્પર્ધામાં મનને અશાંતિ જ સાંપડે છે. બહિર્મુખ થઈ જવાય છે. જો કોઈમાં આપણા કરતાં હીનતા દેખાય તો તેનો તિરસ્કાર કરવાને બદલે તેના પ્રત્યે કરૂણાનો ભાવ રાખવો. પ્રભુ એક દિવસ તેનો ય ઉદ્ધાર કરશે.તો તેનામાં ય ઉત્તમતા આવશે એમ વિચારવું.

ઉત્તમ સાથે ઈર્ષ્યાને બદલે આનંદ

સમાન સાથે સ્પર્ધાને બદલે મૈત્રી અને

હીન સાથે તિરસ્કારને બદલે કરૂણા ભાવ રાખવો.

જગત સાથે વૈષ્ણવનું વલણ અનાસક્તિ પૂર્વકનું હોવું જોઈએ. પદાર્થો પ્રત્યેના મોહ અને મમતાનો ત્યાગ કરવો જોઈએ. શ્રી વલ્લભ કહે છે કે, પ્રાપ્તં સેવેત નિર્મમ અતિ કિલષ્ટ પ્રયાસો કરીને નહીં, હઠપૂર્વક મેળવીને નહીં પરંતુ ભગવદીચ્છાથી, અનાયાસે, સરળતાથી જે કાંઈ સુલભ થાય તે સૌ ભોગવવું. સ્વભોગના પદાર્થો પણ મમત્વ બુદ્ધિથી નહીં પરંતુ અનાસક્તિપૂર્વક ભોગવવા.

સમગ્ર જગત ભગવાનરૂપ છે, અને ભગવાનને માટે છે. આ ત્રૈલોકયસૃષ્ટિ પ્રભુની ક્રીડાર્થ છે. જગત ભગવાનનું ક્રીડાગણ છે. આપણે સૌ પણ એની ક્રીડાના અંગ છીએ એમ જાણવું.

સુંખ-દુઃખ, અનુકૂળતા પ્રતિકૂળતા એ બધું જ પ્રભુની પ્રસાદી સમજવાથી પ્રભુ રીઝે છે. ભક્તને ક્લેશનો ત્યાગ કરવાથી પ્રભુ પ્રસન્ન રહે છે. આવી જીવન પદ્ધતિ પણ પ્રભુની સેવા જ છે.

ભગવાનની પ્રસન્નતા :-

શ્રીકૃષ્ણં પૂજયેદ્ ભક્તયા

ભક્તિપૂર્વક ભગવાનની સેવા કરવી જોઈએ. ઉત્તમોત્તમ દ્રવ્યોથી ભગવાન શ્રી કૃષ્ણની રાજોપચાર ભાવનાથી - રાજાધિરાજને યોગ્ય એવા ઉપચારથી સેવા કરવી જોઈએ. ભગવાનના પૂજન અને પરિચર્યા કરતા તેમની પ્રસન્નતાનો જ મુખ્યત્વે વિચાર કરવો. **પૂજનં ચ સમીપે સ્થિત્વા યથાયોગ્યં સેવનમ્; પરિચર્યાનુ વિપ્રકર્ષે સ્થિત્વેતિ** સમીપમાં રહીને યથાયોગ્ય સેવન કરવું તેનું નામ પૂજન અને દૂર સ્થિતિ કરીને ય યથાયોગ્ય સેવન કરવું તે પરિચર્યા.

ભગવત્સેવા સ્નેહપૂર્વક કરવી જોઈએ. સેવકની સેવામાં સ્નેહ ન હોય તો ભગવાનને પ્રસન્નતા થવાને બદલે પરિશ્રમ જ થાય છે.

ભગવત્સેવા કરતાં ભક્તને ઉદ્વેગ ન થવો જોઈએ. ઉદ્વેગ થવાના બે કારણો હોઈ શકે. ચિત્તની ચંચળતાના કારણે ઉદ્વેગ થાય અથવા ખેદથી થાય. દેહમાં રોગ વિ.ના કારણે પણ ખેદ થાય છે. સ્નેહ આ બધાનું નિવારણ છે. સ્નેહપૂર્વક સેવા કરનાર ભક્તને ઉદ્વેગ વિ.નો અનુભવ નહીં થાય.

ભગવાનની પ્રસન્નતામાં જ ભક્તની કૃતાર્થતા છે. પ્રાણીનો એ જ જન્મ સફળ કે જેનાથી

પ્રભુની સેવા બને, મનુષ્યના એજ કૃત્ય વખાણવા લાયક કે જેનો ઉપયોગ પ્રભુની સેવામાં થયો હોય, મનુષ્યનું એ જ આયુષ્ય ગણતરીમાં લેવું જોઈએ કે જેમાં પ્રભુની સેવા કરી હોય, મનુષ્યનું એ જ મન કૃતાર્થ કે જેના વડે પ્રભુની સેવામાં પરાયણતા સિંદ્ધ થઈ હોય.

ભક્તનું કાયિક, વાચિક તેમજ માનસિક આચરણ પ્રભુને પ્રસન્ન કરવા માટેનું હોય તે જ ઉત્તમ સેવા છે.

ભગવાનની પ્રસન્નતા ભક્તિમાં જ છે.

શ્રીહરિ સર્વ પ્રાણીઓના પ્રિય આત્મા છે, ઈશ્વર છે, અંતર્યામી છે. દેવ, અસુર, મનુષ્ય, યક્ષગંધર્વ કોઈપણ જીવ મુકુંદ ભગવાનના ચરણનું ભજન કરતાં કલ્યાણને પ્રાપ્ત થાય છે. દેવ હોવું, ઋષિ હોવું, બ્રાહ્મણ હોવું કે જ્ઞાની હોવું એવા કારણો માત્રથી ભગવાન પ્રસન્ન થઈ જતા નથી. દાન, યજ્ઞ, તપ, પવિત્રતા વ્રતો જ કરવાથી પ્રભુ પ્રસન્ન થઈ જતા નથી. માત્ર શુદ્ધ ભક્તિથી ભગવાન પ્રસન્ન થાય છે. પ્રીયતેડમલયા ભક્ત્યા હરિરન્યદ્ વિડંબનમ્ શુદ્ધ ભક્તિ સિવાયનું બધું જ નાટક છે, પ્રદર્શન છે.

પ્રિય - અપ્રિય

ભગવાન અપ્રસન્ન થયા તો ભક્તનું કાંઈ પણ સિદ્ધ થતું નથી. તેથી તેણે સર્વથા એવા ઉપાય કરવા કે જેથી ભગવાન પ્રસન્ન થાય.

ભગવાનને પ્રસન્ન કરવા માટે વૈષ્ણવે આ ચાર પ્રકારના વ્રતો કરવા. **એકાદશ્યુપવાસ:, સર્વભૂતદયા, યથાલાભ સંતોષ:, સર્વેન્દ્રિયોપશમ:** (૧) એકાદશીનો ઉપવાસ કરવો. (૨) સર્વ પ્રાણીઓ તરફ દયા (૩) જે મળી આવે તેથી સંતોષ અને (૪) સર્વ ઈન્દ્રિયોનો સંયમ.

એ દિવસ શ્રી આચાર્યજીને કૃષ્ણદાસ મેઘને પ્રશ્ન પૂછ્યો, " મહારાજ ! શ્રી ઠાકોરજીને પ્રિય વસ્તુ કઈ ?" શ્રી મહાપ્રભુજીએ જવાબ આપ્યો. " શ્રી ઠાકોરજી ઉત્તમથી ઉત્તમ વસ્તુના ભોક્તા છે. આમ છતાં તેમને ગોરસ અતિ પ્રિય છે. સૌથી પ્રિય તો, એમને ભક્તનો સ્નેહ પ્રિય છે." ભગવાન ને અપ્રિય શું હોય એની પૃચ્છા થતાં આપશ્રી બોલ્યા કે, ભગવાનને ધૂમાડો અપ્રિય છે. અને સૌથી વધુ અપ્રિય તો ભક્તનો દ્વેષી છે.

દયયા સર્વભૂતેષુ સંતુષ્ટયા યેનકેનચિત્ સર્વેન્દ્રિયોપશાન્ત્યા ચ તુષ્યત્યાશુ જનાર્દન : સર્વ પ્રાણીઓ પ્રત્યે દયા રાખવાથી, જે કાંઈ પ્રાપ્ત થાય તેનાથી સંતોષ રાખવાથી તેમજ સર્વ ઈન્દ્રિયોનું શમન કરવાથી અવિદ્યાનો નાશ કરનારી - જનાર્દન પ્રભુ તુરંત પ્રસન્ન થાય છે.

અને સમગ્ર પુરુષાર્થોના સ્વામી એવા પ્રભુ પ્રસન્ન થાય તો શું દુર્લભ છે.? એની આગળ જગતના કામ આદિ પદાર્થો પણ નિષ્ફળ છે. જેઓ સર્વ આશાનો ત્યાગ કરીને કેવળ ભગવાનને ભજે છે. એવા નિજપદની પ્રાપ્તિ કરાવે છે.

ભગવદીય જ્યાં જાય ત્યાં એને ભગવાનનો અને ભગત્સુખનો જ વિચાર આવે છે. કાશીના શેઠ પુરુષોત્તમદાસના મામાનો ગયાજી યાત્રા માટે જવાનો ખૂબ આગ્રહ તેમણે જોડાવીને ગયાજી જવા નીકળ્યા.

પાંચેક કોસ ગામની બહાર ગયા બાદ એક રીંગણનું ખેતર જોવામાં આવ્યું. ખેતરવાળો પસંદ કરી કરીને એક ટોપલામાં રીંગણ ભરતો તે શેઠે જોયું અને ગાડું રોકાવ્યું. વિચારવા લાગ્યા કે, આ શાક શ્રી મદનમોહનજીના શયનભોગ માટે ઉત્તમ છે ! ખેતરવાળાએ એક રૂપિયો માંગ્યો તો શેઠે રૂપિયો આપીને શાક ખરીદી લીધું અને ગાડું ઘર તરફ પાછું વળાવ્યું.

આ તરફ શ્રી ઠાકોરજી શેઠની પુત્રી રૂકિમણીને કહે, " તું જલદી ઉઠીને, નહાઈને પૂરી કર, તારા પિતા શાક લઈને આવી રહ્યા છે !" પુત્રીએ કહ્યું, " એ તો ગયાજી ગયા છે." પ્રભુ એ ઉત્તર આપ્યો." એમની ગયા યાત્રા થઈ ગઈ ! એમની યાત્રા પૂર્ણ થઈ ગઈ ! તું ઉઠ અને પૂરી કર !"

યાત્રા કરવા માટે નીકળેલા ભગવદીયને ભગવાનની સેવા નું કેવું સુંદર અનુસંધાન રહે છે !

શ્રી ઠાકોરજીના સુખનો વિચાર કરીને રામદાસ સારસ્વતે પોતાની વિરક્ત જીવન પદ્ધતિમાં પરિવર્તન કરી દીધું. એમનું દ્રવ્ય વપરાઈ ગયું ત્યારે તે ઉછીના પૈસા લેવા લાગ્યા. લેણદાર એમને ટોકે તો બીજાને ત્યાંથી ઉછીના રૂપિયા લઈ આવે ! એકવાર લેણદારે ઉઘરાણી કરીને એમને ઘણા લજ્જિત કર્યા. રામદાસને ઘણું દુઃખ થયું ! ભક્તના આવા દુઃખને ભગવાન પણ કેમ સહન કરે ? શ્રી ઠાકોરજીએ રામદાસનું રૂપ ધારણ કર્યું અને સઘળું લેણું ચૂકવી દીધું. વધુ સો રૂપિયા જમા કરાવ્યા અને તેના ચોપડામાં પોતે હસ્તાક્ષર પણ કર્યા.

આ ઘટના જાણ્યા બાદ, પ્રભુને મારા દુઃખને કારણે આવો પરિશ્રમ કરવો પડ્યો છે. એમ જાણીને રામદાસે ઘર છોડીને નોકરી કરવા જવાનો નિર્ણય કર્યો. એમણે વિચાર્યું કે, " ઐસી અપરસ કૌન કામકી; જામેં શ્રી ઠાકોરજી કોં શ્રમ કરનો પરે ?" અષ્ટ પ્રહર અપરસમાં રહેતા આ ભગવદીયે હથિયાર ધારણ કરી, ઘોડા પર સવાર થઈને પ્રયાગમાં સિપાઈ તરીકે નોકરી સ્વીકારી પણ પોતાના વિરક્ત જીવનનો આગ્રહ રાખીને પ્રભુને શ્રમ ન થવા દીધો.

શ્રી ઠાકોરજી આપણી સેવા સ્વીકારે છે અને તેઓ પ્રસન્નતામાં બિરાજે છે. એ જાણવાના ચાર પ્રકાર છે. પહેલો પ્રકાર એ કે વૈષ્ણવો આપણે ત્યાં આવે અને સમાધાન કરે, પ્રસાદ લે. બીજો પ્રકાર એ કે ભગવત્સ્વરૂપમાં આનંદ આવે. તેને અનુભવાય કે, શ્રી મહાપ્રભુજીની કાનીથી સાક્ષાત્ શ્રી નંદનંદન ભોગ આરોગી રહ્યા છે., જળ પી રહ્યા છે. ત્રીજો પ્રકાર એ કે શ્રી ઠાકોરજી તે જે ભાવે શૃંગાર કરાવે તે જ ભાવે ભોગ સમર્પે, પ્રભુ ભોગ આરોગે અને એ કારણે મહાપ્રસાદમાં વિવિધ સ્વાદ આવે ! ચોથો પ્રકાર એ કે, શ્રી ઠાકોરજીના થાળનો મહાપ્રસાદ કદી ખૂટે નહીં.

વ્રજવાસી જાને રસરીતિ
જીન કે હૃદય ઔર નહીં ભાવતે નંદસુવત પદ પ્રીતિ...

સર્વ ભાવ - સર્વાત્મનિવેદન, રટત હૈ ત્રિગુણાતીત
કરત મહલમેં ટહલ નિરંતર, જાત યામ યુગ બીત...
જિન કી ગતિ ઔર નહીં જાને, બીચ જવનિકા-ભીતિ
કોઈ એકલ હૈ દાસ પરમાનંદ ગુરૂ પ્રસાદ પ્રતીતિ...

પ્રભુને પ્રસન્ન કરવા માટે એક માત્ર સ્નેહ જ ઉપાય છે. અને એ સ્નેહની રીતે તે વ્રજવાસીઓ જાણે છે. શ્રી નંદકુમારના ચરણની પ્રીતિને જ એ જાણે છે બાકી કશું જ જાણતા નથી. બીજું કશું એમને ગમતું ય નથી.

વ્રજભક્તોનો સર્વાત્મ ભાવ સિદ્ધ થઈ ચૂકેલ છે. એ તો ભગવાનને સર્વસ્વનું નિવેદન કરી ચૂકેલી છે. ગુણાતીત - નિર્ગુણ એવા શ્રી કૃષ્ણનું જ રટણ કરે છે. વ્રજભક્તો ભગવદ્ ધામમાં રહીને, ભગવાનની સેવા કરતાં કરતાં જ જીવન યાપન કરે છે. ભક્ત અને ભગવાનનો આ સ્નેહસંબંધ સેવ્યસેવક સંબંધ ગૂઢ છે. અત્યંત અંતરંગ સંબંધ હોવા છતાં ભક્ત - ભગવાન વચ્ચે, સેવક - સેવ્ય વચ્ચે (અપરાધ થઈ જવા અંગેનો) ભય પડદારૂપ છે. પ્રભુ સેવકને ગમે તેટલી મોટાઈ આપે, સમાનતા આપે, ગમે તેટલી કૃપા વરસાવે તો ય સેવકે આ અપરાધ થઈ જાય.

મારાથી સેવામાં ચૂક તો થઈ નહીં જાય ને ! તેમને સુખ આપવાનું તો દૂર રહ્યું, મારાથી પરિશ્રમ અપાતો નથી ને ! પ્રભુ અપ્રસન્ન થઈને મારાથી મુખ તો ફેરવી નહીં લે ને ! એવા ભાવ રાખવા, વિચારવા.

ગુરૂદેવ શ્રી વલ્લભની કૃપાથી ભાગ્યે જ કોઈ, વિરલ ભક્તને આવા ઉત્તમ અનુભવો થાય છે.

ભક્તિ નૌકા.

ભક્તિ નૌકા તારે સર્વને, જે શરણે આવે શુચિ પાપી;
અન્ય સાધન દારૂ તુંબિકા, ગ્રહે સભય તરે કો કદાપી;
તરે કદા બચે કામાદિ ગ્રાહથી, સમર્થ નહિ અણું તારવા સાથી,
વિબુધ વિચારે જુઓ નિજમન, ભક્તિ ભલી કે સાધન અન્ય
સેવો શ્રીકૃષ્ણ કૃપાલ

તુંબડીને આધાર લઈને ય તરી શકાય અને દ્રઢ નૌકાના આશ્રયે પણ તરી શકાય. આમ છતાં ઉત્તમ આશ્રય તો નૌકાનો જ છે. ભગવદ્ ભક્તિરૂપ નૌકા માં બેઠેલો યાત્રી સજ્જન હોય કે દુર્જન હોય, નિશ્ચય સામે પાર પહોંચે છે. જ્ઞાન, વૈરાગ્ય, વ્રત, તપ જેવા સાધનો તુંબડી જેવાં છે. તુંબડી ય તારી તો શકે પણ એમાં ભય મોટો ! મઝધારમાં ક્યાંકથી મગરે આક્રમણ કર્યું તો તુંબડીવાળાની કોઈ સલામતી ખરી ? એ જ્ઞાન, તપ, વિ. સાધનો તારે તો ખરા પરંતુ વચ્ચે આવતા કામક્રોધાદિ દોષોથી બચાવી ન શકે.

બીજી વાત એ કે તુંબડીના આધારે માનવી સ્વયં તો તરી શકે પરંતુ સાથે સાથે બીજાને તારી ન શકે. તુંબડીનું સામર્થ્ય કેટલું ? જ્યારે નૌકામાંતો નાવિક ય તરે અને યાત્રી પણ તરે. ભક્ત પોતે તો ભવ સાગર તરી જાય છે પણ તે પોતાની સાથે અનેકોને તારે પણ છે. ભક્ત કદી ડૂબ્યો નથી. ભક્તિએ કદી કોઈને ડૂબવા દીધા ય નથી.

ભક્તિ મણિ.

ભક્તિ મણિ જ્ઞાન દીપ છે, ટાળે ઉભય ખરો અંધકાર;
મણિ અભય, દ્યુતી અચળ છે, દીપકને ભય છે અપાર;
અપાર ભય વાયુથી વામે, તેલ પાત્ર બાતી વણ લય પામે
જ્ઞાન સભય તો અન્યકોણ માત્ર ? નિર્ભય ભક્તિ સફળ સુખમાત્ર
સેવો શ્રીકૃષ્ણ કૃપાલ

રામચરિતમાનસના ઉત્તરકાંડમાં ભક્તિરૂપી ચિંતામણિનું સુંદર નિરૂપણ છે. "

રામભગતિ ચિંતામનિ સુંદર બસઈ ગરૂડ જાકે ઉર અંતર ॥
પરમ પ્રકાસરૂપ દિનરાતી । નહિ કછુ ચહિઅ દિઆ ધૃત બાતી ॥
મોહ દરિદ્ર નિકટ નહીં આવા । લોભ બાત નહિં તાહિ બુઝાવા ॥

જ્ઞાનરૂપી દીપક અને ભક્તિ રૂપી મણિ આ બંને પ્રકાશ આપે છે. અને અંધકાર હરે છે. છતાં બંનેમાં ઘણું અંતર છે. દીવાને રૂની વાટ જોઈએ, વાટ વારંવાર સંકોરવી પડે, ઘી કે તેલ વારંવાર ઉમેરવું પડે, પવનની ઝપટોથી એને બચાવવો પડે નહીં તો એને બુઝાતાં જરાય વાર ન લાગે. જેણે જ્ઞાનનો દીવો પ્રકટાવ્યો છે તેની પાસે રિદ્ધિ અને સિદ્ધિ ચતુરાઈ કરીને આવે છે. તેની બુદ્ધિને લોભમાં નાખે છે. અને અવસર મળતાં જ પોતાના પાલવની ઝાપટ મારીને બુઝાવી નાખે છે. જ્ઞાન દીપકને ઘણી બધી બાબતો નો ભય રહે છે.

ભક્તિ જીવનમાં ખૂબ જ સરળતાથી (દાહક નહીં પરંતુ) શીતળ પ્રકાશ પાથરે છે. ભક્તિ એક સુંદર ચિંતામણિ સમાન છે. જેના હૃદયમાં આ ચિંતામણિ વસેલ છે તેને રાતદિવસ પરમ પ્રકાશ સાંપડતો રહે છે. ન વારંવાર ઘી પૂરવાની ચિંતા અને ન જોઈએ દીવેટ. જેના પવન પણ એને ઓલવી ન શકે. પ્રબળ અવિદ્યારૂપી અંધકાર નષ્ટ થઈ જાય છે. વળી આ મણિ સાધારણ મણિ નથી. ચિંતામણિ છે. તે ચિંતન માત્રથી, ઈચ્છા કરતાં જ મળી જાય છે. ભક્તના ઐહિક અને પારલૌકિ યોગેક્ષેમની ભગવાનને સદા ચિંતા રહે છે.

જ્ઞાન સાધન કરનારનેય જો ભય રહે, તો પછી યજ્ઞ, યોગ જેવા સાધનો તો સહેજે વિશ્વાસપાત્ર નથી. માટે કર્મ અને જ્ઞાનમાર્ગ છોડીને ભગવદ્ ભક્તિમાં પરાયણ થઈ રહેવામાં જ જીવનું શ્રેય છે.

●

સ્વાધ્યાય - ૨૫

સેવાધર્મ

તસ્ય સેવાં પ્રકુર્વીત યાવજ્જીવં સ્વધર્મત : ।
ન ફલાર્થં ન ભોગાર્થં ન પ્રતિષ્ઠાપ્રસિદ્ધયે ॥

શ્રી કૃષ્ણની સેવા જીવંતપર્યંત કરવી જોઈએ. તે પણ સ્વધર્મ સમજીને કરવી જોઈએ. ફળની કામના, ભોગ કે પ્રતિષ્ઠાની કામનાથી નહીં પરંતુ સ્વની સાર્થકતા માટે કરવી જોઈએ.

કૃષ્ણસેવા સદા કાર્યા (સિદ્ધાંત મુક્તાવલી) કૃષ્ણ એટલે સદાનંદ. ભગવાનના કૃષ્ણનામનો ઉપયોગ કરીને સેવાની ફલાત્મક્તા - સ્વતઃ પુરુષાર્થરૂપતા દર્શાવેલ છે. સેવા સ્વતઃ પુરુષાર્થ એટલા માટે કહી કે, તે સાક્ષાત્ સુખરૂપ છે. આપણા શાસ્ત્રો ચાર પુરુષાર્થનું નિરૂપણ કરે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ચારમાં ધર્મ અને અર્થ સ્વતઃ પુરુષાર્થરૂપ નથી, પણ સાધનરૂપ છે. જ્યારે કામ અને મોક્ષ એ સાક્ષાત્ સુખના કારણરૂપ હોવાથી સ્વત : પુરુષાર્થ રૂપ છે.

અહીં સદાનંદ, ફલરૂપ એવા શ્રીકૃષ્ણની સેવાની આજ્ઞા છે તેથી આ સેવાધર્મ - ધર્મ હોવા છતાં સાધનરૂપ નથી, સ્વતઃ પુરુષાર્થરૂપ છે.

ભગવાન કપિલ માતા દેવહૂતિને ઉપદેશ કરતાં સેવાની ફલરૂપતા સમજાવે છે. કદાચિત્ ભગવાન પ્રસન્ન થઈને ભક્તોને સાલોક્ય (વૈકુંઠમાં વાસ) આપે, સાર્ષ્ટિ (પોતાના જેવું ઐશ્વર્ય) આપે, સામીપ્ય (સદા સાન્નિધ્ય) આપે, સારૂપ્ય (પોતાના જેવું ચતુર્ભુજ રૂપ) આપે કે સાયુજ્ય (પોતાની સાથે એકત્વ) આપે તો પણ એને મુખ્ય ફલ માની લઈને સ્વીકારતા નથી. ભક્તો તો મુખ્યફલ ભગવત્સેવાને જ માને છે અને તે સિવાય અન્ય ફલ સ્વીકારતા નથી.

જીવ માત્ર ઈશ્વરના સહજ દાસ છે. માટે સર્વેએ સેવા કરવી જોઈએ. જો એ ભગવત્સેવા ન કરે તો એને અપરાધ લાગે, જીવ ભક્તિમાર્ગથી ભ્રષ્ટ થઈ જાય.

વળી સેવા એ તો નિત્ય કર્તવ્ય છે. એક વાર અંજન આંજવાથી જેમ નેત્રની ઝાંખપ દૂર થઈ જતી નથી તેમ આખી જન્મમાં એક વાર ભગવત્સેવા કરવાથી કહેવા સઘળાં ફળ મળી જતાં નથી. ભગવત સેવા સાધન પણ છે. અને ફલ પણ છે માટે તે નિત્ય કરવી જોઈએ. સાધન સેવાનો સદા અભ્યાસ રાખે તો જ તેને માનસી સેવા સિદ્ધ થાય છે.

સેવાપરાયણતા

પોતે ભગવાનનો સેવક છે. એ વાત વૈષ્ણવે ક્ષણવાર પણ ન ભૂલવી. સેવક ધર્મનું યથાર્થ પરિપાલન કરવું. પ્રભુની નાની-મોટી, અંતરંગ કે બહિરંગ કોઈ પણ પ્રકારની સેવામાં સંકોચ ન રાખવો. વાસ્તવમાં તો કોઈ સેવા નાની નથી કે કોઈ પણ મોટી નથી.

શક્ય એટલી બધી જ ભગવત્ સેવા સ્વયં કરવી. તનુજા સેવાને પણ ઉત્તમ માનવી. ભગવદીયે પોતે પ્રભુ વાગાવસ્ત્ર વિ. ને ધોવાની, પ્રભુના મંદિરની બુહારી કરવાની, શાકસામગ્રી સુધારવાની, સેવાસામગ્રી - ભોગ સામગ્રી સિદ્ધ કરવાની તેમ જ પ્રભુસેવા સંબંધી અત્યંત બહિરંગ ક્રિયાઓ પણ શક્ય એટલી સ્વયં કરવી જોઈએ. આને જ સેવા પરાયણતા કહે છે.

ભગવત્સેવા સહાય સાપેક્ષ છે. મોટેભાગે અન્યની સહાય જરૂરી થઈ પડે છે. પત્ની, પુત્ર વિ. સ્વજનોનો સેવામાં વિનિયોગ કેવી રીતે કરવો તેનું માર્ગદર્શન શ્રી મહાપ્રભુજી આપે છે કે,

ભાર્યાદિરનુ કુલશ્ચેત્કારયેદ્ ભગવત્ ક્રિયામ્
ઉદાસીને સ્વયં કુર્યાત્પ્રતિકુલે ગૃહં ત્યજેત્ ।
તત્યાગે દૂષણં નાસ્તિ યતો વિષ્ણુપરાઙ્ મુખાઃ

પત્ની, પુત્ર આદિ જો ભગવત્સેવામાં અનુકૂળ હોય તો તેમને ભગવત્સેવામાં જોડવા. આપણા સ્વાર્થના કારણે, આપણને રાહત રહે એ ભાવથી નહીં પરંતુ ભગવાનની પ્રસન્નતાનો વિચાર કરીને. ભગવત્સેવામાં ઉદાસીનતા (ન સ્નેહ ન વિરોધ) હોય તો ભગવદીયે પોતે જાતે સેવામાં પહોંચવું સ્વજનોને ભગવાનની સેવામાં રૂચિ ન હોય, આસક્તિ ન હોય તે છતાં જો એમનો સેવામાં વિનિયોગ કરવામાં આવે તો સેવા કિલષ્ટ બને છે અને પ્રભુને પરિશ્રમ થાય છે. પ્રભુ કોઈની કલેશપૂર્વક કરેલી સેવાનો અંગીકાર કરતા નથી. ભગવાન અકિલષ્ટકર્મા છે, ક્લેશ થતો હોય એવું કર્મ પ્રભુને ઈષ્ટ નથી.

પત્ની, પુત્ર વિ. જો ભગવાનની સેવા માટે પ્રતિકૂલ હોય, વિરોધ કરે તો ભગવત્સેવાનો ત્યાગ ન કરતાં, એમનો જ ત્યાગ કરી દેવો. એમનો ત્યાગ કરવામાં કોઈ દોષ નથી. કેમકે તેઓ ભગવાનથી વિમુખ છે. ભગવદ્ ભજનમાં પરાયણતાનો અર્થ જ એ કે, જે જે વસ્તુ ભગવાનની સેવા - ભક્તિ આદિમાં વિરોધી હોય તે તે નો ત્યાગ કરવો.

અત્યંત સાવધાન રહીને ભગવાનની સેવા કરવી જોઈએ. શ્રીકૃષ્ણ પ્રભુજીની કૃપાથી શ્રી હરિ આપણા ઘરમાં - આપણા માથે બીરાજે છે. આપણા એ અહોભાગ્ય છે કે આપણને ભગવાનની સાક્ષાત્ સેવાનો અવસર સાંપડ્યો છે. જેમ યોગીઓ સાવધાનપણે પોતાના હાથમાં પારો સ્થિર રાખી શકે છે. તેમ આપણે પણ શ્રીકૃષ્ણની સેવા સાવધાન રહીને કરવી. સેવાનું માહાત્મ્ય અને પોતાની કૃતકૃત્યતાનું સ્મરણ રાખવું, સેવા પરાયણ થઈને રહેવું.

પત્ની, પુત્ર વિ. પરિવારના સ્વજનો જો ભગવત્સેવામાં અનુકૂલ હોય તો તેમને સેવામાં સાથે રાખવા. શ્રી ભગવાનને સુખ થાય એવા ઉદ્દેશ્યથી જ એ બધાંને સેવામાં જોડવા. તેઓનો ભગવત્સેવાના અંગની ક્રિયામાં વિનિયોગ કરવો. વૈષ્ણવે પરિવારને એમ વિચારીને સેવામાં ન જોડવો. ઘરના સ્વજનો અને સેવકોને ભારરૂપ થાય, વેઠ લાગે એ રીતે એમની પાસે પ્રભુની સેવાના કાર્ય ન કરાવવા.

પત્ની, પુત્ર વિ. સ્વજનો જો ભગવત્સેવા અંગે ઉદાસીન વૃત્તિના હોય તો ભગવદીય વૈષ્ણવે ભગવત્સેવા તેમ જ સેવાના (અંતરંગ અને બહિરંગ) અંગોની ક્રિયાઓ પોતે જાતે જ કરવી. આટલું જ માત્ર નહિં પરંતુ જો તેઓ ભગવાનથી વિમુખ હોય અને ભગવત્સેવાને પ્રતિકૂળ થતા હોય તો તેવાઓનો ત્યાગ કરવો. ભગવાનથી જે કોઈ બહિર્મુખ છે તેવાઓનો ત્યાગ કરવામાં કોઈ દોષ નથી. આ માર્ગનો સિદ્ધાંત છે કે અવૈષ્ણવોની સાથે સ્થિતિ ન કરવી.

સ્વરૂપ - સેવા.

વૈષ્ણવે ભગવત્સ્વરૂપ પધરાવીને હમેશાં ભગવત્સેવા કરવી. ભગવાનની મૂર્તિને ભગવાનનું સ્વરૂપ જાણવું (મૂર્તિ પ્રતીક નથી પરંતુ તેમાં સાક્ષાત્ પ્રભુ બીરાજે છે અને ભક્તે સમર્પિત સેવાને સાક્ષાત્ સ્વીકારે છે એ ભાવ નિરંતર દ્રઢ રાખવો ખૂબ જરૂરી છે)

ભગવાન તો અમૂર્ત છે. તેમની મૂર્તિ ન હોઈ શકે, તે તો નાનકડી પ્રતિમાની અંદર કેવી રીતે સમાય ? આવી શંકાઓ વૈષ્ણવે કરવી યોગ્ય નથી. શ્રી મહાપ્રભુજી સમાધાન કરે છે કે, ભગવત્ તત્વ તો સર્વવ્યાપી છે. **ईशावास्यमिदं सर्वम्** ભગવાન સર્વવ્યાપી પણ છે અને સાકાર પણ છે. જે પ્રભુ સર્વત્ર છે તે મૂર્તિમાં પણ છે જ. જે બધે છે તેનો મૂર્તિ વિ.માં અભાવ કેવી રીતે હોઈ શકે ? માટે સ્વરૂપ સેવા કરનારી વૈષ્ણવે ભગવત્ સ્વરૂપમાં સાક્ષાત્ સેવ્ય સેવક તરીકેનો સંબંધ કેળવવો.

વૈષ્ણવે ભગવત્સ્વરૂપમાં અનન્ય ભગવદ્ ભાવ સ્થાપિત કરી પોતે જાતે જ સદા કૃષ્ણસેવા કરીને પોતાને જન્મ સફલ કરવો.

જીવન જીવવામાં જેમણે વ્યાવૃત્તિ - આજીવિકા માટે કાંઈક પણ કામ કરવું પડે છે. એવા વૈષ્ણવોએ દિવસમાં ઓછામાં ઓછા એક યામ - આશરે ત્રણેક કલાક જેટલો સમય પણ ભગવાન માટે સમર્પવો.

નોકરી - વ્યવસાય વિ.માં પ્રવૃત્ત થતાં ચિત્તને વિક્ષેપ - વ્યગ્રતા જેવા અનુભવો થાય તો પણ સાવધાની પૂર્વક ચિત્તનું પુનઃ ભગવાનમાં અનુસંધાન કરવું.

શાસ્ત્રમાં જેનો નિષેધ છે તેવી આજીવિકા વૈષ્ણવે ત્યજવી.

ગૃહવાસ -

गृहस्थितेरुत्कृष्टत्वं न भगवदियत्व मात्रेण किंतु ।
भगवता सह स्थित्या, भगवत्कार्यार्थ वा अन्यथा न स्थातव्यम् ॥

માનવી ભગવદીય હોય એટલા માત્રથી જ એના ગૃહવાસને ઉત્તમ માની ન શકાય. એ જો ભગવાનની સાથે (ભગવાનને પધરાવીને) ગૃહમાં વાસ કરે અથવા જો ભગવાનના કાર્ય માટે (ભગવત્સેવા કરવાના હેતુથી) ગૃહમાં નિવાસ કરે તો તેનો ગૃહવાસ ઉત્તમ છે. અન્યથા ગૃહસ્થિતિ યોગ્ય નથી જ.

ઘરમાં વસતા વૈષ્ણવે તે ભગવત્સેવાના હેતુથી ઘરમાં વાસ કરે છે. એમ નિશ્ચય રાખવો. ક્યારેક એવું પણ બને છે કે વૈષ્ણવની વિરક્તિ - અવ્યાવૃત્તિ વિ.ના કારણે સેવાધર્મને હાનિ થાય અથવા પ્રભુને શ્રમ પડે. આપણો જ ધર્મ ભગવાને પરિશ્રમ આપનારો થાય તે મુખ્ય ધર્મ નથી. સેવકનો મુખ્ય ધર્મ સેવ્યની પ્રસન્નતા છે. ભક્તની વિરક્તિથી ય જો ભગવાનને શ્રમ થતો હોય તો તેણે જીવનનિર્વાહ પૂરતી આજીવિકા સ્વીકારવી.

નિર્દોષ આજીવિકા દ્વારા પ્રાપ્ત કરેલ દ્રવ્ય વડે ભગવાનની સેવા કરવી એ જ સેવા પ્રભુને માન્ય છે.

સ્વગૃહમાં નિવાસ, નિર્દોષ આજીવિકા અને સ્વધર્મ પરિપાલન વડે વૈષ્ણવ નિશ્ચિત અને નિશ્ચિંત થઈ શકે છે. સરળતાથી પ્રભુ ની સન્મુખ રહી શકાય છે.

વૈષ્ણવે જે રીતે ભગવાન પ્રસન્ન થાય એવું વર્તન રાખવું. લૌકિક અને અલૌકિક બંને માં સાવધાન રહેવું. તેણે વૈરાગ્ય અને સર્વ પ્રકારના સંતોષનો કદી પરિત્યાગ ન કરવો. સંસારમાં રાગ વધવાથી જ ક્લેશ વધે છે. વૈષ્ણવે ચિત્તને ઉદ્વેગ થાય એવા પ્રસંગે પણ ઉદ્વેગ ન થવા દેવો. રાગથી અપેક્ષા (કામના) વધે છે. જેની જેટલી કામનાઓ વધુ તેટલો તે વધુ દુઃખી એમ સમજીને અપેક્ષાઓ ત્યજવી.

પોતાનું બધું કૌશલ્ય ઉત્તમોત્તમ પ્રકારે ભગવત્સેવા થાય એમાં વાપરવું. પોતાનો સમય, પોતાની સંપત્તિ અને સ્વમતિનો જેટલો પણ ભગવત્ સેવામાં વધુ સારી રીતે વિનિયોગ થાય તેમાં જ તેની કુશળતા છે. વૈષ્ણવને માટે ભગવત્ સેવા પણ યોગ બને **યોગ: કર્મસુ કૌશલમ્** વૈષ્ણવ 'સેવા યોગી' છે તેનો સેવ્ય - સેવક સંબંધ તે તેનો સેવાયોગ છે, તે જ તેની સમાધિ છે. તે જ તેની મુક્તિ છે.

સેવાયોગ -

ભગવાનને પ્રસન્ન કરવાના હેતુથી સેવક સેવા કરે છે, તેમ જ એ માટે ભક્ત પોતાની સર્વ શક્તિ, સમગ્ર બુદ્ધિ અને સર્વ ભાવોને ભગવાનના સુખ માટે સમર્પિત કરી દે છે.

વસંતપચંમી ક્યારે છે. એની ખબર ન હોવાથી કૃષ્ણ ભટ્ટે ચતુર્થીના દિવસે વસંતખેલનો ઉત્સવ કર્યો. શ્રીનાથજીએ રામદાસ ભિતરિયાને વસંતખેલના દર્શન આપ્યા. જ્યારે કૃષ્ણ ભટ્ટ શ્રી ગુંસાઈજીને મળ્યા ત્યારે એમને હળવો ઠપકો આપ્યો, " હવે તિથિ વાર નો બરાબર વિચાર કરીને ઉત્સવ કરજો પ્રભુ તો પોતે ઉત્તમ વસ્તુના ભોક્તા છે તેથી એમનાથી રહેવાતું નથી. તેથી તમારા જેવા ભગવદીયનો જ્યાં સંબંધ હોય ત્યાં દોડી જાય છે."

તિથિ વાર ઉપરાંત સામગ્રીની સાવધાની રાખવી પણ જરૂરી છે. પદ્મા રાવલની સ્ત્રીએ ગરમ ખીર ધરાવી. પ્રભુ ખીર આરોગ્યા તો ખરા પણ શ્રી મહાપ્રભુજીને પોતાના હાથ અને હોઠ દેખાડ્યા અને ફરિયાદ કરી કે આણે મને ગરમ ખીર ધરી તેથી મારા હાથ અને હોઠ લાલ થયા છે. જોકે એમણે ગરમ સામગ્રી સારી લાગે એટલા માટે ધરી હતી પરંતુ શ્રી મહાપ્રભુજીએ સમજાવ્યું કે બીજી સામગ્રી ગરમ ધરીએ તેની ચિંતા નહીં પરંતુ ખીર ગરમ ન

ધરીએ. શ્રી ઠાકોરજી બાલક છે. અને એ બાલકને ખીર બહુ જ પ્રિય છે. ખીર ધરાવેલ હોય તો એ પહેલાં ખીર જ આરોગે.

અમ્મા ક્ષત્રાણી જ્યારે શ્રીઠાકોરજીને જગાવેત્યારે બન્ને હાથથી સુગંધી,અત્તર વિ. લગાવીને શ્રી અંગને સ્પર્શ કરતી. તેને એવો ભાવ થતો કે મારા હાથ કઠણ છે અને શ્રી ઠાકોરજી સુકોમળ છે.

વળી, પ્રભુને નિત્ય, નવીન તાજી સામગ્રી હોયતે રૂચે છે. પ્રયાગની એક ક્ષત્રાણી ભગવદીયની કથામાં આ સિદ્ધાંત ખૂબ સુંદર રીતે નિરૂપિત કરવામાં આવ્યો છે. તેણે એમ વિચાર્યું કે દસબાર દિવસની સામટી સામગ્રી કરી લઉં તો નિશ્ચિતતા રહે. થોડા પૈસા બચાવીને દસબાર દિવસની બાલભોગ સામગ્રી એક સામટી કરીને તે નિરાંતે ચરખો કાંતવા બેઠી. શ્રી ઠાકોરજીને તેની આ નિશ્ચિતતા ન રૂચી. તે તો સિંહાસન પરથી ઉઠીને, શીંકા પરથી હાંડી ઉતારીને લાડુ આરોગવા લાગ્યા.મંદિરમાંથી હાંડીનો અવાજ સાંભળીને ક્ષત્રાણીને શંકા થઈ. તે આવીને જુએ છે તો શ્રી ઠાકોરજી તો હાંડી લઈને સિંહાસન પર બેઠા છે. અને તેમાંથી લાડુ આરોગે છે ? તેણે પ્રભુને કહ્યું, " આ સામગ્રી તો આપના માટે જ કરી હતી પણ તે કરી હતી દસબાર દિવસ ચાલે એટલી. તે આજે બધી જ આરોગી ગયા." પ્રભુએ ઉત્તર આપ્યો કે તું સામગ્રી એકઠી કરીને નિશ્ચિત થઈને બેઠી, દસબાર દિવસ સુધીની નિશ્ચિતતા કરીને બેઠી પણ મને તો નિત્ય, નવીન, તાજી સામગ્રી જ ભાવે છે. વાસી સામગ્રી શું કામની ? ત્યારે ક્ષત્રાણીએ ક્ષમા માગીને નિત્યનવીન સામગ્રી કરવાનો નિયમ કર્યો.

સેવ્યમાં અને સેવામાં સાવ નિશ્ચિત થઈ જવું ન સારૂં. આ પ્રકારની નિશ્ચિતતા આવી જાય તો મનનો નિરોધ ન થાય અને મન જ્યાં ત્યાં ભટકે.

પ્રભુ સાથેનો સેવ્ય સેવક સંબંધ બન્યો રહે અને પોતાનું ચિત્ત સેવામાં લાગેલું રહે એ માટે ભગવદીયો હમેશાં પ્રાર્થના કરતા રહે છે.

માધો, યહ પ્રસાદ હૌં પાઉં ।
તવ ભૃત્યભૃત્ય ભક્તપરિચારક, દાસકો દાસ કહાઉં...
યે પરમારથ ગુરૂ સિખાયો મોહિ, સ્યામા-સ્યામ કી સેવા
યહૈ વાસના જિય બસો મેરે, દેખૂં ન દૂજા દેવા...
પરમાનંદદાસ તુમ ઠાકુર, યહ નાતો જિન ટૂટો
નંદકુમાર જસોદાનંદન, હિલમિલ પ્રીત ન છૂટો...

ભક્તો કહે છે, હે માધવ ! આપની પાસેથી આ કૃપાપ્રસાદ મળે એ જ મનોરથ છે ! હું આપના દાસનો દાસ થઈ શકું. મને ભગવદીયની સેવાટહેલ આપો ! મારે આ જ કૃપા જોઈએ.

મારા સદ્‌ગુરૂ શ્રી મહાપ્રભુજીએ મને આ જ પરમાર્થ શીખવ્યો છે, કે જીવનની સાર્થકતા, સર્વ સાધનનું ફલ અને સર્વોત્તમ સુખ શ્રી રાધાકૃષ્ણની સેવામાં જ છે. મારા હૃદયમાં બસ એક જ કામના રહે કે મને રાધેશ્યામ વિના, યુગલ સ્વરૂપ ના દર્શન વિના કોઈના દર્શનની કામના જ ન રહે. મરી આંખમાં એક જ અપેક્ષા હોય એને તે મારા સ્વામીના દર્શનની અભિલાષા.

હે હરિ ! હું દાસ અને તમે સ્વામી, હું સેવક અને તમે સેવ્ય ! આ સંબંધ કદી તૂટવા દેશો ના. મારી પ્રાર્થના છે કે જ્ઞાનથી કે અજ્ઞાનથી, સંસારના બંધનોથી કે મોક્ષફલથી, કોઈ પણ કારણે આ સંબંધ ન તૂટે. આપણી પ્રીત અનાદિકાળની પ્રીત છે. એ પ્રીત કદી ન છૂટે. એ જ પ્રાર્થના, એ જ કૃપાપ્રસાદ માગું છું.

સ્ત્રીથી સ્ત્રીને મોહ નથી.

ભક્ત તે ભક્તિ સ્વરૂપ છે, તેને માયા ના પીડે લેશ;
સ્ત્રી થકી સ્ત્રી મોહાય નહીં મોહ પામે પુરૂષ વેશ;
પુરૂષ જ્ઞાન વૈરાગને યોગ, તેને પીડે અજારૂપિયો યોગ;
તે કારણ ભ્રષ્ટ થાય છે તેહ, ભક્ત અચળ હરિશું સ્નેહ
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ

'જ્ઞાન બિરાગ જોગ વિજ્ઞાના । એ સબ પુરુષ સુનહુ હરિજાના ॥ ભક્ત અને ભક્તિ એ સ્ત્રીભાવ છે અને ભગવાનની માયા પણ સ્ત્રીરૂપ છે. સર્વ સામાન્ય વાત છે કે સ્ત્રીને સ્ત્રીમાં મોહ થતો નથી. જ્ઞાન, વૈરાગ્યને કદાચ માયામાં મોહ થઈ આવે પરંતુ ભક્તિ કદી મોહિત ન થાય. 'ભગતિહિ સાનુકૂલ રઘુરાયા । તાતે તેહિ ડરપતિ અતિ માયા ॥' ભગવાનને ભક્તિપ્રિય છે અને ભક્ત પ્રિય છે. માટે ભક્તનું અનિષ્ટ કરતાં માયાને ભગવાનનો ડર લાગે છે. જેઓને ભગવાને પોતાના માન્યા છે. તેનો માયા વાળ પણ વાંકો ન કરી શકે. જ્ઞાનમાર્ગ, યોગમાર્ગ બધા માર્ગોમાં પતન સંભવે, ભૂલા પડવાનો ડર રહે, ઠોકર વાગી શકે પણ ભક્ત અને ભક્તિને તો ભગવાનનો આશ્રય છે. ભક્તિ ભગવાનને પ્રાણપ્યારી છે, માયા નર્તકી છે. નર્તકીને કોઈનામાં સાચો સ્નેહ ન હોય. આ ' નર્તકી'થી બચવું હોય તો તેને ઉલટાવો 'કીર્તન' કરો. કૃષ્ણ કીર્તન કરે તેને માયા કદી ન નચાવે.

નિરખે નેત્ર નંદલાલને શ્રુતિ કથા રટે મુખ નામ;
નાસિકા સુંઘે પ્રેમશું; પ્રસાદી તુળસી પુષ્પ દામ;
દામ ગ્રહણ કરે કર હરિ સેવા, દોડે ચરણ પ્રભુ દર્શન લેવા
મને ધ્યાન નટવર શ્યામ, સર્વાંગે કરે દંડ પ્રણામ
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

શ્રી નારદે પ્રચેતાઓને કહ્યું હતું કે, "તજ્જન્મ તાનિ કર્માણિ તદાયુસ્તન્મનો વચઃ । નૃણાં યેનેહ વિશ્વાત્મા સેવ્યતે હરિરીશ્વર :" મનુષ્યનો એ જ જન્મ, એ જ કર્મો, એ જ આયુષ્ય, એ જ મન અને એ જ વાણી સફળ છે, જેના દ્વારા સર્વાત્મા - સર્વેશ્વર શ્રીહરિની સેવા થઈ શકે.

શુકલ, સાવિત્ર અને યાજ્ઞિક (માતાપિતાની પવિત્રતાથી થતો જન્મ, યજ્ઞોપવીત સંસ્કારથી થતો જન્મ અને યજ્ઞદીક્ષાથી પ્રાપ્ત થતો જન્મ) આ ત્રણે જન્મ, વેદોક્ત શાસ્ત્રોક્ત કર્મો, દેવતાઓના જેવું દીર્ઘ આયુષ્ય, શાસ્ત્રજ્ઞાન, તપ, વાણીચાતુર્ય, સ્મરણશક્તિ, તીવ્ર બુદ્ધિ, બળ, નિપુણતા, સાંખ્યયોગ, વ્રતવૈરાગ્યાદિ અનેક કલ્યાણસાધનોથી શો લાભ ? એમાં ભક્તના સ્વરૂપની શી સાર્થકતા ?

ભગવદીયના નેત્રની સાર્થકતા હરિદર્શન કરવામાં છે, કાનની સફળતા કથા શ્રવણમાં છે, મુખ ત્યારે જ સાર્થક જ્યારે હરિનામ લે. પ્રસાદી માલાસુલસીની સુવાસ લેવામાં જ નાસિકાનું સુખ છે. ભક્તના હાથ એના નાથની સેવા કરવામાં સાથ ન આપે તો શા કામના ? ચરણની ગતિ ગોવિંદના દર્શન કરવામાં જ સફળ છે તો મન મદનમોહન સ્વરૂપનું ધ્યાન કરે તો જ કામનું નહીંતર અનેક ક્લેશનું કારણ બની જાય.

ભગવાનનો ભક્ત પરમ સૌભાગ્યવાન છે. આનંદમય રસરૂપ શ્રી હરિ જ ભોગ્ય બને છે. એ અપ્રાકૃત અલૌકિક રસનો ભક્તા છે. જે રસ બ્રહ્મ, શિવ આદિ ભોગવી નથી શકતા તે ભક્તો ભોગવે છે.

●

સ્વાધ્યાય - ૨૬

સેવા ભાવનાઓ

ભૌતિકમાં ભાવાત્મક -

પુષ્ટિમાર્ગ ભગવાનને ભજવા માટેનો ભાવાત્મક માર્ગ છે. આ માર્ગમાં ભગવાનનું સ્વરૂપ પણ ભાવાત્મક છે. ભગવાન સંબંધી પદાર્થો પણ ભાવાત્મક છે. સાધન અને સાધ્ય - સાધન અને ફલબધું જ ભાવાત્મક હોવાથી આ માર્ગમાં દરેક તત્વના ભૂતાત્મક તેમજ ભાવાત્મક સ્વરૂપનું જ્ઞાન થવું અત્યંત આવશ્યક છે.

વેણુગીતના શ્રી સુબોધિનીજીમાં શ્રી મહાપ્રભુજીએ ભગવાન સંબંધી વેણુ વિ. પદાર્થોને પણ અલૌકિક આધિદૈવિક સ્વરૂપે સમજાવ્યા છે. બાહ્ય સ્થૂળ દ્રષ્ટિએ અચેતન લાગતા આ તત્વો વસ્તુતઃ ચૈતન્યમય અને રસાત્મક - ભાવાત્મક સ્વરૂપ ધરાવનારા છે. ભક્તિમાર્ગના પથિકોને જો આ " ભૌતિક'ની અંદર છુપાયેલો 'ભાવાત્મક' સ્વરૂપનો ખ્યાલ આવે તો જ તેમને સેવા, ભક્તિ માં રૂચિ અને રસ જાગે. તેઓ દ્વારા થતી ભાવાત્મક પણ ક્રિયાત્મક ન રહેતાં રસાત્મક બને તેમજ ભગવાન સંબંધી પદાર્થો પ્રત્યે પણ એક વિશિષ્ટ આદરપૂર્વકનો વ્યવહાર, તે પદાર્થો અંગેનું પણ માહાત્મ્યજ્ઞાન, તેમના ભાવ અનુસંધાનને વધુ દ્રઢ અને સચોટ બનાવે.

શ્રી ઠાકોરજીની સેવા રીતિ તથા સેવોપયોગી સાધન - સામગ્રીના અપ્રકટ ગૂઢ ભાવાત્મક સ્વરૂપને સમજવું પ્રત્યેક વૈષ્ણવને માટે અનિવાર્ય છે. આ જ્ઞાન ન હોય તો ક્યારેક સેવા પ્રકારમાં ગાંભીર્ય અને સમજણનો અભાવ થઈ જાય છે. ભગવત્સેવા માત્ર ક્રિયાત્મક અનુકરણ બની જાય તો ન ભગવદીયને સેવામાં આનંદ આવે અને ન શ્રી ઠાકોરજીને પ્રસન્નતા આવે.

કેટલીક મહત્ત્વની ભાવનાઓ હૃદયંગમ કરવા જેવી છે.

પુષ્ટિ ભાવસૃષ્ટિ : -

ભગવાનનું મંદિર અક્ષર બ્રહ્મનું સ્વરૂપ છે. તેમજ તે વૃંદાવનની કુંજરૂપ છે. વળી તે નંદાલય પણ છે. મંદિરના બે બારણાં તે શ્રી સ્વામિનિજીના બે નેત્રના બે પલકારા છે.

પ્રભુને જગાડવા માટે સવારે ઘંટનાદ થાય છે. તે વ્રજકુમારિકાઓના કંઠગાનરૂપ, ગાયોના કંઠમાં રહેલ ઘંટડીઓના નાદરૂપ તેમજ નિકુંજના મેના - પોપટના ટહુકારૂપ છે. પ્રભુને જગાડવા માટે થતો શંખનાદ એ અષ્ટ સખીઓના પુંભાવાત્મક સ્વરૂપની ભાવના છે.

સિંહાસનએ અક્ષર બ્રહ્મરૂપ પણ છે અને શ્રી યશોદાજીની ગોદ પણ છે. બે તકિયા શ્રી યશોદાજીના બે હાથ અને પાછળનો તકિયો એ શ્રી યશોદાજીનું હૃદય છે. સિંહાસન વસ્ત્ર એમની સાડીનો પાલવ છે. અથવા જમણા તકિયામાં શ્રી સ્વામિનીજી અને ડાબા તકિયામાં શ્રી ચંદ્રાવલીજીનો ભાવ છે.

ઝારીજી મુખ્યત્વે શ્રી ચતુર્થ સ્વામિનીરૂપ હોવાથી ઝારીજીને ભગવાનના વામ હસ્તે પધરાવવામાં આવે છે. ઝારીજીના સ્વરૂપમાં શ્રી યશોદાજી, શ્રી સ્વામિનીજી તેમજ કુમારિકાઓનો ભાવ પણ સમાયેલો છે.

મંગલભોગ વાત્સલ્યભાવ પ્રધાન છે. ચોકી શ્રી રોહિણીજીનું સ્વરૂપ, સુવર્ણ કટોરી હોય તો શ્રી સ્વામિનીજી (શ્રીરાધાજી)નું સ્વરૂપ, ચાંદીની કટોરી શ્રી ચંદ્રાવલીજીનું સ્વરૂપ અને સર્વમાં શ્રી યમુનાજીનું સ્વરૂપ છે.

ટેરો (પડદો) એ માયાનું સ્વરૂપ છે, પરંતુ માયાનું આ અવિદ્યાત્મક નહીં પરંતુ વિદ્યાત્મક સ્વરૂપ છે. સર્વ સામગ્રી સ્વરૂપાત્મક છે અને પ્રભુ ભોક્તા છે. ભોગ માટે એકાંત જોઈએ માટે માયારૂપ ટેરો આવશ્યક છે. પ્રભુને નજર ન લાગે એવી પણ ભાવના છે.

ભગવાન પોઢે છે. ભક્તોના હૃદયમાં માટે શય્યા એ ભક્તોનું હૃદય છે. શય્યાના ચાર પાયા, ચાર તકિયા વિ. ચારે યુથપતિનો ભાવ છે. ઝારીજીની નીચે તબકડી એ શ્રી લલિતાજીનું સ્વરૂપ છે.

મંગળા આરતી એ ભક્ત પોતાના હૃદયનો વિરહ ભાવ હતો તે પ્રભુ પર ન્યોછાવર કર્યો અને પ્રભુની રક્ષા માટે માતા ઓવારણાં લે છે, એ ભાવ છે. ભગવાનના સ્નાનની થાળીમાં શ્રી લલિતાજીનો, ચોકીમાં શ્રી ચંદ્રાવલીજીનો અને તે પર બીછાવેલા વસ્ત્રમાં શ્રી સ્વામિનીજીનો ભાવ રાખવો. અભ્યંગમાં આમળાં શ્રી યમુનાજીના ભાવથી, તુલસી કુમારિકાના ભાવથી, હળદર શ્રી સ્વામિનીજીના શ્રી અંગના ભાવથી તેમજ ફૂલેલ શ્રી સ્વામિનીજીના સ્નેહરૂપ ભાવથી સમજવા. ચુવા એ શ્રી યમુનાનું શ્રમજલ છે. ચંદન શ્રી ચંદ્રાવલીજી, કેસર શ્રી સ્વામિનીજી તેમજ જળ શ્રી યમુનાજી છે એ ભાવ રાખીને સ્નાન કરવાય છે.

નંદાલયમાં શ્રી યશોદાજી વાત્સલ્યભાવે શૃંગાર ધરાવે છે. નંદાલયમાં કુમારિકાઓ શ્રી સ્વામિનીજીના ભાવથી તેમજ નિકુંજમાં શ્રી સ્વામિનીજી પ્રભુને સાક્ષાત્ શૃંગાર ધરાવે છે.

શૃંગારમાં શ્રી સ્વામિનીજીના ભાવથી પ્રભુ નૂપુર, કંદોરો, સુવર્ણની માલા, સોનાની હંસલી, કંકણ, બાજુબંધ, અધરોષ્ઠ પર ધારણ કરેલી મુરલી, વેસર, કેસરી તિલક (સ્વામિનીજીના ચરણારવિંદની ભાવનાથી) મુકુટ, વેણી, મોરપંખની કલગી, ચંદ્રિકા જેવા શૃંગાર ધારણ કરે છે.

શ્રી ચંદ્રાવલીજીના ભાવથી પ્રભુ ચાંદી તેમજ મોતીના આભૂષણો ધારણ કરે છે. ગજમોતીની માળા, મોતીની પહોંચી, ચિબુક (હડપચી) વેસરમાંનું મોતી, રત્ન જડિત તિલક, અલકાવલીમાંના મોતીઓની સેર, કુલેહ, ટિપારાનો જમણો કતરો, ચાકદાર વાઘા ધારણ કરે છે.

શ્રી કુમારિકાઓના ભાવથી પ્રભુ ઝાંઝર, કસ્તુરીનું તિલક, પાઘ અને તુર્રા જેવા શૃંગાર ધારણ કરે છે.

પુષ્પમાલામાં તુલસીની માલામાં શ્રી સ્વામિનીજીના શ્રી અંગની સુંગધનો ભાવ છે.

કમલ માલામાં શ્રી સ્વામિનીજીના હૃદયનો ભાવ છે. ગુલાબની માળામાં શ્રી સ્વામિનીજીના હાસ્યનો ભાવ છે. પીળી ચમેલીમાં શ્રી સ્વામિનીજી ધોળી ચમેલી તેમજ મોગરાના ફૂલમાં (દંતપંક્તિ) શ્રી ચંદ્રાવલીજીનો, કોયલ શ્રી યમુનાજીનો તેમજ કદમ્બના પુષ્પોમાં કુમારિકાઓ નો ભાવ છે.

દસ અંગુલી પર દસ મુદ્રિકાઓ (નવ સગુણ + એક નિર્ગુણ એમ) દસ ભક્તોના સ્વરૂપ છે. વેણુનું સૌથી ઉપરનું છિદ્ર શ્રી સ્વામિનીજીના રસપાન માટે, નીચેના છ છિદ્રોમાંનું પ્રથમ શ્રી ચંદ્રાવલીજીના, બીજું સોળ હજાર અગ્નિ કુમારિકાઓના, ત્રીજું ગાયોના, ચોથું શ્રી ગોવર્ધનના, પાંચમું બધાં પશુપક્ષીઓના તેમજ છઠ્ઠું છિદ્ર દેવીદેવતાઓના રસપાન માટે છે. વેણુ ભક્તોને સ્વરૂપાનંદનું દાન કરાવવા માટે છે. અને વેત્ર બાહ્ય મર્યાદારૂપ ભક્તિ છે. દર્પણ શ્રી સ્વામિનીજીના શ્રી અંગનું પ્રતિબિંબ સ્વરૂપ છે.

મંગલ ભોગમાં જેમ શ્રી યશોદાજીનો ભાવ છે. તેમ શૃંગાર ભોગ માં શ્રી સ્વામિનીજી (શ્રી રાધાજી)નો ભાવ છે. તેમાં દૂધ, ખીર શ્રી સ્વામિનીજીના, દહીં શ્રીચંદ્રાવલીજીના, બુરા (ખાંડ) શ્રી યમુનાજીના તેમજ સંધાનો (અથાણું) શ્રી કુમારિકાઓના મનોરથરૂપે ધરાવાય છે.

શ્રી ગોપીજનોની વિનંતી થી પ્રભુ ગ્વાલભોગ આરોગે છે. શ્રી કુમારિકાઓ શ્રી ઠાકોરજીને ધૈયા (ઠંડા દૂધને હલાવી હલાવીને ફીણ ચઢાવેલું) દૂધ આરોગાવે છે. પલનામાં મુખ્યત્ત્વે માતૃચરણ શ્રી યશોદાજીનો ભાવ છે. પ્રભુના ખિલોનામાં પણ સુંદર ભાવના રહેલી છે. ખિલાનામાં કોયલ એ શ્રી સ્વામિનીજીનું ગાન છે. ફરકડીએ શ્રી ચંદ્રવલીજીનું નૃત્ય છે. બપૈયા શ્રી કુમારિકાનો ભાવ છે. ખિલોનામાં પણ શૃંગાર, વિહાર, ભય જેવા રસરૂપ ભાવોનું ઉદ્દીપન સામર્થ્ય છે. ખિલોનાની એક તબકડીમાં હાથી, વાઘ, સિંહ, ઘોડા, હરણ જેવા ભય પમાડનારા પ્રાણીઓ ભયાનક, વીર આદિ રસના બોધક છે તો બીજી તબકડીમાં રહેલા પોપટ, મેના, કબૂતર, કોયલ, બતક જેવા પક્ષીઓ શ્રી સ્વામિનીજીની નિકુંજ સૃષ્ટિનો રસાત્મક બોધ કરાવે છે. એક તબકડીમાં જલચર પ્રાણીઓ માછલી, કાચબા, ચકવી-ચકવા, સારસ, હંસ, બગલા, મગર જેવા જલવિહાર લીલાનો ભાવ પ્રકટ કરે છે. પ્રભુની જલવિહાર સ્થલ વિહાર જેવી લીલાઓના આ બધાં અંગો છે.

ધૂપમાં શ્રી સ્વામિનીજીના મુખારવિંદની સુગંધ અને દીપમાંથી કુમારિકાઓના વિરહનો ભાવ છે. ધૂપથી પ્રભુની પ્રસન્નતા અને દીપથી ભોગ સામગ્રી પરના અન્યના દૃષ્ટિદોષનું નિવારણ થાય છે. અજાણતાં દોષિત થયેલી સામગ્રીને નિર્દોષ બનાવવા ભોગ સામગ્રીમાં તુલસી પધરાવવામાં આવે છે. તુલસીની સુંગધ શ્રી સ્વામિનીજીના શ્રી અંગની સુંગધ છે, પ્રભુને અતિપ્રિય છે. શંખોદક આધિદૈવિક જલરૂપ છે તેશ્રી સ્વામિનીજીનું અધરામૃત છે.

પ્રભુના રાજભોગમાં શ્રી સ્વામિનીજીના ઘરની સામગ્રી છે, આઠ ઉપનંદ વિ.ના ઘરની સામગ્રી છે તેમજ શ્રુતિરૂપા શ્રી ચંદ્રાવલીજીના મનોરથની સામગ્રી છે. પ્રભુ અનેક ભાવે રાજભોગ આરોગે છે. નંદભવનમાં શ્રીજી યશોદાજીના મનોરથરૂપે આરોગે છે. વ્રજભક્તોના ઘેર ચોરીના બહાને પણ આરોગે છે, નિકુંજમાં શ્રી સ્વામિનીજી સાથે સર્વ સખીજન દ્વારા

સમર્પિત ભોગ યુગલ સ્વરૂપે આરોગે છે. ગોચારણ માટે વન પધારેલા પ્રભુ શ્રી યમુનાજીને કિનારે સખાઓ સહિત છાક (ભાતું) આરોગે છે. આમ રાજભોગ ના અનેક ભાવ છે.

ખંડ(સીડી)ના ત્રણ પગથિયામાં શ્રી ચંદ્રાવલીજી, શ્રી કુમારિકાઓ અને શ્રી યમુનાજીનો ભાવ છે રૂની ગાદી ત્રણે ભક્તોનું હૃદય છે. તાળા મંગળ કરીએ છીએ તેમાં તાળું એ શ્રી ચંદ્રાવલીજીના હાથની મુઠ્ઠીનું સ્વરૂપ છે.

મંદિરમાં સાકઘર શ્રી યમુનાજીની કંદરા છે. સાકઘરના દ્વાર પર શ્રી પુલિંદીઓનું સ્મરણ છે. ખાસા ભંડાર શ્રી લલિતાજીના કુંડલ પરથી પ્રકટ થયેલ છે. રસોઈઘરમાં સખડીનું સ્થાન ઋષિરૂપાના ભાવથી અને અનસખડીનું સ્થાન કુમારિકાઓના ભાવથી છે. તતહરા (જળ ગરમ કરવા નું વાસણ) એ શ્રી યમુનાજીના ભાવથી છે.

સ્વરૂપ ભાવના -

ભગવત્ સ્વરૂપની ભાવના તો બરાબર, પરંતુ ભગવત્ સ્વરૂપના જેવા આકાર માટે પણ શ્રી મહાપ્રભુજીની ભાવની કેવી ઉત્તમ હતી. એ શ્રી વાસુદેવદાસ છકડાની વાર્તામાં સમજી શકાય છે.

સિંહનંદના વૈષ્ણવોએ શ્રી મહાપ્રભુજીની ભેટની ૩૦ મહોર વાસુદેવદાસ છકડા દ્વારા મોકલાવી. તે સમયમાં પ્રવાસમાં લૂંટફાટનો ભય ઘણો વધુ એટલે વાસુદેવદાસે સલામત રીતે એ મહોરો શ્રી મહાપ્રભુજી સુધી પહોંચે એ માટે સુંદર યુક્તિ કરી. તેમણે સાધુવેરાગીનો વેશ ધારણ કરી બધીં મહોર પર લાખનું આવરણ ચઢાવીને તેને શાલીગ્રામ ભગવાન જેવી બનાવી દીધી વળી એના ઉપર ચંદન ચઢાવતાં ચઢાવતાં, પૂજા કરતાં કરતાં તે શ્રી મહાપ્રભુજી પાસે અડેલ આવી પહોંચ્યા. રસ્તામાં ચોરઠગ મળ્યા ય ખરા પણ એ બધાને તો લાગ્યું કે આ કોઈ સાધુ છે અને શાલીગ્રામની પૂજા કરતો જાય છે.

અડેલમાં શ્રી મહાપ્રભુજીએ વાસુદેવદાસને પૂછ્યું, " આટલી બધી મહોરોનું સલામત કેવી રીતે લઈ આવ્યો ? રસ્તામાં તો અનેક ચોર, ઠગો હોય છે." વાસુદેવદાસે પોતાની યુક્તિનું વર્ણન કર્યું પણ તે વાત શ્રી આચાર્યને ન ગમી. તે બોલ્યા, " એમ ન કરીએ. ભગવત્ સ્વરૂપનો આકાર કરી પછી બીજે પ્રકાર કરવો પડે તે ઠીક નહીં." વાસુદેવદાસે દલીલ તો કરી કે એમાં કાંઈ પ્રાણપ્રતિષ્ઠા કરી ન હતી, ખાલી લાખનો ગોળો બનાવ્યો હતો તો ય શ્રી આચાર્યજી બોલ્યા, " તો પણ એમ ન કરીએ."

ભાવભીના ભગવદીયો જેવો ભાવ ધરે એવું ભગવાન પણ સ્વરૂપ ધારણ કરે એ સ્વાભાવિક છે. આ માર્ગમાં ભગવાનનું સ્વરૂપ આધિભૌતિક સ્વરૂપ હોતું નથી, આધિદૈવિક ભાવાત્મક સ્વરૂપ હોય છે. શ્રી પદ્મનાથદાસજીની ભાવના એવી હતી કે, એમને ભગવત્ સ્વરૂપની પ્રાપ્તિ પણ અલૌકિક પ્રકારે થાય. શ્રી મહાપ્રભુજીની કૃપાથી એમના માટે વ્રજમાં મહાવન પાસે શ્રી યમુનાજીની ભેખડમાંથી તાડના વૃક્ષ જેવું ભગવત્સ્વરૂપ પ્રકટ્યું. શ્રી મહાપ્રભુજીએ એ ભગવત્સ્વરૂપને વિનંતી કરી કે "આ કાળમાં વૈષ્ણવમાં એવું સામર્થ્ય નથી કે

૧૫

આપની સેવા, શૃંગાર વિ. કરી શકે. સેવા કરાવવાનો મનોરથ હોય તો ભક્ત પધરાવી શકે એવા થઈને ગોદમાં બિરાજો (એવડા થાવ) તો સેવા થઈ શકે અને ત્યારે શ્રી મથુરાનાથજીનું એ સ્વરૂપ નાનું થઈ ગયું.

કણબી વૈષ્ણવને શ્રી ગુંસાઈજીની કૃપાથી શ્રી ગિરિરાજજીના રત્નખચિત સુવર્ણમય ધાતુમય સ્વરૂપના અને દૂધથી ભરેલા ગોવિંદકુંડના દર્શન થયાં. એટલે મહદ્ અનુગ્રહ હોય અને હૃદય ભાવસભર હોય તો ભગવદીયોને અલૌકિક અનુભવ થાય છે. એમાં જરાય સંશય નથી.

પ્રભુ સેવાકો ખરચ ન લાગે
અપનો જન્મ સુફલ કર મૂરખ, કયોં ડરપે જો અભાગે...
ઉદર ભરનકો કરી રસોઈ, સોઈ ભોગ ધરે
મહા પ્રસાદ હોય, ઘટે ન કનિકો, અપનો ઉદર ભરે...
મીઠો જલ પીવન કો લાવે, તામેં ઝારી ભરે
અંગ ઢાંકનકું ચહિયે કપડા, તામેં સાજ કરે...
જો મન હોય ઉદાર તુમ્હારો, વૈભવ કછુ બઢાવો
નહિં તો મોરચંદ્રિકા-ગુંજા, યહ સિંગાર ધરાવો...
અત્તર ફૂલ ફલ જો કછુ ઉત્તમ, પ્રભુ પહિલે હી ધરાવો
જો મન ચલે ઉત્તમવસ્તુપે, પ્રભુકો ધર સબ ખાવો...
કર સંબંધ સ્વામી સેવક કો, ચલ મારગ કી રીતિ
પૂરન પ્રભુ ભાવકે ભૂખે હાવ અંતર કી પ્રીતિ...
યામેં કહા ઘટ જાય નિહારો, ઘરકી ઘરમેં રહી હૈ
'વલ્લભદાસ' હોય ગતિ અપની, ભલો ભલો જગ કહી હૈ...

સ્વગૃહમાં સ્થિતિ કરીને ભગવાનની સેવા કરવામાં કોઈને જરાય પરિશ્રમ પડે એમ નથી. સાધારણમાં સાધારણ વ્યક્તિ પણ ઉત્તમ પ્રકારે સેવા કરી શકે છે.

પોતાનું પેટ ભરવા માટે દરેક ને ત્યાં રસોઈ તો થાય જ છે ને ! ભગવાનને પ્રથમ ભોગ ધરીને પછી પ્રસાદરૂપે લેવામાં શું હાનિ છે ? એક કણ પણ ઘટે નહીં, મહાપ્રસાદ મળે અને શરીરનિર્વાહ તો થાય જ. શ્રી ઠાકોરજીને મીઠું જળ ઝારીજીમાં ભરીને સમર્પિત કરીને જળ પીવું, આમાં ય ભારે પડે એવું નથી.

પોતાનો દેહ ઢાંકવા માટે સૌએ વસ્ત્ર તો ધારણ કરવા જ પડે છે. ઘરમાં કાપડ આવે તેમાંથી પહેલાં ભગવાનના વસ્ત્રવાઘા જેટલું કાઢીને પછી ભલે આપણે ઉત્તમ વસ્ત્રો પહેરીએ.

જો અનુકૂળતા હોય, શકિત એ ભકિત બંને હોય તો ભગવાનને ઉત્તમ શૃંગાર ધરો. નહીં તો પ્રભુ તો ગુંજામાળા અને મોરપિચ્છ ના શૃંગાર થી ય રાજી છે. જે જે ઉત્તમ પદાર્થ પ્રભુને ધરાવવા લાયક હોય તે અત્તર, ફળ,ફૂલ જેવા સુખદાયક પદાર્થો પ્રથમ પ્રભુને સમર્પિત કરવા અને તે પ્રસાદી બનાવીને પછી સ્વઉપયોગમાં લેવા. પ્રભુને સમર્પિત કરીને લેવામાં વસ્તુ નિર્દોષ બને છે. આપણો પ્રભુ સાથેનો સ્વામી સેવક સંબંધ બન્યો રહે છે. પ્રભુની પ્રસન્નતા રૂપી ફલ સાંપડે છે. શ્રી હરિ પૂર્ણકામ છે. પૂર્ણાનંદરૂપ છે માટે તે વસ્તુના સ્થૂળ મૂલ્યને જોતા નથી. ભગવાન તો ભાવના ભૂખ્યા છે. ભગવદીયને ભગવત્ પ્રાપ્તિ થતાં કશું જ દુર્લભ રહેતું નથી.

ભાવ વિનાની ભક્તિ -

ભક્તિ વિના કેવળ કૃતિ કરે, તેને ફળ પરલોક ન થાય,
મણિધર પવન ભક્ષી રહે, જુઓ મચ્છતીર્થ જળ ન્હાય;
મીન તીર્થ ભીલ મૃગ વનવાસી, અંધ ગ્રહે કાસદ જાય કાશી
સર્પ દંડવત નટ સિધ્ધ વેશ, દરસ તપોધન ભાવ ના લેશ.

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

કર્મકાંડમાં ભક્તિરહિત કર્મ કદાચ ચાલી જાય પરંતુ ભક્તિમાર્ગમાં ભક્તિરહિત ક્રિયાને જરાય સ્થાન નથી. સ્નેહ અને વિવેક રહિત કૃતિ તો પશુપક્ષીમાં ય જોવા મળે છે. પરંતુ એનું કોઈ જ આધ્યાત્મિક કે આધિદૈવિક ફળ મળી ન શકે. સર્પને વાયુનું ભક્ષણ કરનારો કહ્યો છે. તેને કાંઈ ઉપવાસનું પુણ્ય ન મળે. માછલાં અને કાચબાઓ તો સતત તીર્થજળમાં વાસ કરતા હોય છે. છતાં એમને મોક્ષ મળવો સંભવ નથી. વનમાં જવાથી પ્રભુ પ્રસન્ન થતાં હોય તો પશુઓ, ભીલ વગેરે તો જીવનભર વનવાસી હોય છે. એમને ન થાય ? સંન્યાસી દંડ ધારણ કરે છે તો અંધ પણ જીવન ભર દંડ(લાકડી)ના આધારે જ ચાલે છે. પત્ર પહોંચાડનારો ખેપિયો કાશી વિ. જાય જ છે. સર્પ હમેશા દંડવત્ પ્રણામની મુદ્રામાં જ હોય છે ને ! નાટક કરનારો અભિનેતા પણ ઋષિનો વેશ ધારણ કરતો હોય છે, પુજારી રોજ દર્શન કરતો જ હોય છે ને આ બધામાં કૃતિ તો હતી જ પરંતુ ભાવ ન હતો, તેથી બધું વ્યર્થ ધયું.

એક તત્વ ત્રણ રૂપ

શ્રીકૃષ્ણ શ્રી ગુરૂ ભગવદી, એ ત્રણે એક સ્વરૂપ;
ત્રયધારા જયમ સુરસરી, તેમાં ભેદ નહિં તદ્રુપ,
ભેદ નહીં ત્રણ નામજ માત્ર, જોતા વિચારી એક જ ગાત્ર,
સ્નેહ વિવેક સેવો સરે અર્થ, અવસર અમુલ્ય ખુઓ શીદ વ્યર્થ,

સેવો શ્રી કૃષ્ણ કૃપાળ

ભક્તિમાર્ગમાં સિદ્ધ અવસ્થાએ પહોંચ્યા બાદ ભક્તને એવો દિવ્ય સર્વાત્મભાવ પ્રકટે છે કે એને સર્વત્ર શ્રીહરિ જ વિલસતા હોવાનો અનુભવ થવા લાગે છે. એક જ તત્વ તેને શ્રીહરિ રૂપે, ગુરૂદેવ રૂપે, અને ભગવદીય રૂપે ત્રણ રૂપમાં વહેંચાયેલું લાગે છે.

ગંગાજીના સ્થાન અનુસાર ત્રણ નામ લેવાય છે. ગંગાપ્રવાહ એનો એ જ છે પરંતુ પાતાળમાં તેને મંદાકિની, પૃથ્વી પર ભાગીરથી અને સ્વર્ગમાં તેને ભોગવતી કહેવાય છે. જેમ એકજ પ્રવાહના ત્રણ નામ છે એમ એક પરમ તત્વ પરમાત્મા આપણી પાસે ત્રણ રૂપે આવે છે. એનું સદ્‌ગુરૂ રૂપ પણ પરબ્રહ્મનું જ રૂપ છે. શ્રુતિ કહે છે કે 'યથા દેવે તથા ગુરૌ' જેવી પરાભક્તિ ભગવાનમાં રાખીએ એવી જ પરાભક્તિ સદ્‌ગુરૂમાં રાખવી જોઈએ. ગુરૂના દોષ જોવાના તો દૂર રહ્યા, ગુરૂદેવના ગુણે પ્રભુથી ય અધિક જાણવા જોઈએ કેમકે ગુરૂદેવે જો ન અપનાવ્યા હોત તો ગોવિંદે પણ ન અપનાવ્યા હોત. ગુરૂદેવની કૃપાથી ગોવિંદ મળે છે. સ્વયં ભગવાને કહ્યું છે કે "આચાર્યં માં વિજાનીયાત્ નાવમન્યેત કર્હિચિત્ ! ન મર્ત્યબુધ્યા સૂયેત, સર્વદેવમયો ગુરૂઃ ॥"

ગુરૂમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ બધા જ દેવો વસેલા છે. ગુરૂએ મારૂં જ સ્વરૂપ છે. સદ્‌ગુરૂની કદી અવગણના ન કરવી. એમને મનુષ્યરૂપે ન જાણ. નહીં તો તારા ચિત્તમાં ઈર્ષ્યા, શંકા જેવા દોષો ભરાઈ જશે."

ભગવદીયમાં ય ભગવદ્‌ભાવ રાખવો જોઈએ. એઓ પણ જુદાં જુદાં ભગવત્સ્વરૂપો જ છે એમ વિચારવું. ભગવદીયોની ટહેલ ભાગ્યશાળીને જ મળે છે. હરિગુરૂ વૈષ્ણવની સેવા કરે એના ચિત્તના સર્વદોષો ધોવાઈ જાય છે અને વેદશાસ્ત્રનું સ્વતઃ પ્રકટ થી જાય છે.

ત્રણેની સેવા સ્નેહથી અને વિવેકથી કરવી. ભગવદીયના જીવનની એ જ ધન્યતા છે.

'મહત્સેવાં દ્વારમાહુર્વિમુક્તેઃ ભગવાન ઋષભદેવે પ્રજાને ઉપદેશ આપતાં કહ્યું કે મહાત્માઓની, મહાપુરૂષોની સેવા કરવી, એ મુક્તિનું દ્વાર છે. જેઓ સમચિત્ત છે, પરમ શાંત છે, ક્રોધરહિત અને સર્વના શુભચિંતક છે. જેઓ સદ્ આચરણવાળા, ભગવદ્ ભક્ત અને સંસારથી વિરક્ત છે. એ મહાપુરૂષ કહેવાય અને એમની સેવાટહેલ કરનારને માટે મુક્તિના દ્વાર ખુલ્લાં જ છે.

●

સ્વાધ્યાય-૨૭

સેવાફલ

શ્રી ગુસાંઈએ નાગજી ભટ્ટને પુષ્ટિમાર્ગના સાધન અને ફળનું નિરૂપણ કરતા બે શ્લોક લખી મોકલ્યા હતા. એમાં લખ્યું હતું કે, "શ્રી મહાપ્રભુજીના મતે ભગવાનમાં શુદ્ધ (કોઈપણ પ્રકારના બદલાની અપેક્ષાથી રહિત) પ્રેમ ઉત્પન્ન થવો એ જ ફળ છે. ફળને માટે નવધા ભક્તિ તેમજ અન્ય ઉપાયો કરવા તે સાધન છે. ભગવાન ભક્તોના ઘરે પધારે, નાચે, વિનોદ કરે, ગૂઢભાવ જણાવે. આ બધા ભાવો સિદ્ધ થાય એ આ માર્ગનું ફળ છે.

સેવાનું ફલ સેવા

પુષ્ટિમાર્ગમાં-પુષ્ટિભક્તિમાં ભગવત્સેવા જ ફલરૂપ થાય છે.

ભગવત્સેવાથી કૃતાર્થ એવા ભક્તો ભગવાનની સેવા વિના અન્ય કશાની અપેક્ષારાખતા નથી. ભગવાન તેમને સાલોક્ય આદિ ચાર પ્રકારની મુક્તિ આપે છે તો પણ તેવી મુક્તિની તેઓ અપેક્ષા રાખતા નથી.

નિર્દોષ અને ઉત્તમોત્તમ ભાવવાળાં ભગવદીયોને સેવા કરતાં જ ભગવાનના સંયોગમાં અને વિપ્રયોગમાં ભજનાનંદ ફલરૂપે અનુભવાય છે. આ ફલાત્મક અનુભવ એટલો ઉચ્ચ કોટિનો હોય છે કે ભક્તો મુક્તિને ફલરૂપ માનતા જ નથી. આ ફલ દુર્લભ છે કેમ કે તે લોકવેદરૂપી સાધન વડે સાધ્ય નથી, એ કેવળ ભગત્કૃપાથી જ સાંપડે છે.

આ ફલ ઉત્તમ છે કેમકે **બ્રહ્મભાવાત્તુ ભક્તાનાં ગૃહ એવ વિશિષ્યતે** એટલે કે બ્રહ્મભાવ કરતાં ગૃહસ્થાશ્રમમાં રહીને ભગવદીયો ભગવત્સેવા કરે એ ઉત્કૃષ્ટ છે.

શુદ્ધિ અને સિદ્ધિ

કૃષ્ણં પરિચરેત્ સદા હમણાં નહીં તો દેહાવસાન સમયે તો કૃતાર્થ થવાશે જ એમ વિચારીને મનના દ્રઢ નિશ્ચયપૂર્વક સદા સર્વદા શ્રીકૃષ્ણની સેવા કરતા રહેવું.

એકાદ વાર કરેલી ભગવત્સેવા પણ પરમપુરૂષાર્થનું દાન કરે છે. એ વાત નિર્વિવાદ છે આમ છતાં વૈષ્ણવે જ્યાં સુધી સંભવ છે ત્યાં સુધી સેવામાંતત્પર રહેવું. આપણે ધારણ કરેલા દેહની શુદ્ધિ માટે ભગવત્સેવા આવશ્યક છે તેટલું જ નહિં પરંતુ ભક્તદેહની-સેવકના નિજસ્વરૂપની પ્રતિપત્તિ માટે પણ સેવા કરવી અવશ્યક છે. ભગવાનનો આ દેહ પર અધિકાર છે માટે તેનો વિનિયોગ ભગવાનના કાર્ય માટે જ કરવો જોઈએ એ વિવેકને પ્રતિપત્તિ કહે છે. આમ ભગવત્ સેવાથી બે ગૌણ-આનુષંગિક ફલ એ પણ મળે છે કે ભક્તના દેહનો ભગવાન સાથે સંબંધ થતાં શુદ્ધિ અને ભગવાનની કાર્યમાં સિદ્ધિ સાંપડે છે. ભગવદીયને નિજસ્વરૂપની શુદ્ધિ તેમજ સિદ્ધિ કરતાં સાંપડે છે એ પણ સેવાનું ફલ છે જ.

ભગવત્સેવા નિત્ય કરવાનું એક પ્રયોજન એ પણ છે કે જો વૈષ્ણવ એમ ન કરે તો તેને

લૌકિકમાં આસક્તિ થવા રૂપ બંધન પ્રાપ્ત થાય છે. માટે ભગવત્ સેવાનો કદી ભંગ ન થવો જોઈએ.

સંભવ હોય તો પ્રભુની નાનામાં નાની સેવા પણ સ્વયં કરવી. **स्वयं परिचरेद् भक्त्या वस्त्र प्रक्षालनादिभिः ! એકકાલં દ્વિકાલં या त्रिकालं वापि पूजयेत् ॥** પ્રભુના વસ્ત્ર વાગા ધોવા, મંદિરમાં બુહારી-પોતનું વિ. અંતરંગ કે બહિરંગ સેવા વૈષ્ણવે પોતે જાતે જ કરવી. અન્ય પાસે સેવા કરાવવામાં આપણા સેવકપણાની સિદ્ધિ સિદ્ધ થતી નથી. મંત્રોચ્ચાર વિ. વડે ભગવાનની માનસપૂજા કરવાનો પ્રકાર છે પરંતુ તેનાથી ભગવદીયના દેહ, ઈન્દ્રિયાદિની સેવામાં ઉપયોગિતા ન થતાં વ્યર્થતા જ સિદ્ધ થાય છે.

આનંદ ઉપલબ્ધિ

જીવની પ્રવૃત્તિ આનંદ માટે જ છે. અને આનંદ તો ભગવાનમાં જ છે, બીજે ક્યાં નથી.

જીવનો આનંદ તો તિરોહિત છે, તો વળી જડમાં તો આનંદની ગંધ પણ નથી. **मरीचिकावत् अत्यंत निर्जलभूमौ यथा जल प्रतीति भ्रान्तानां એવં स्रक् चन्दनादिष्वपि आनन्दोऽस्तीति भ्राम्यति लोकः** મૃગજળની જેમ અત્યંત નિર્જલ પ્રદેશમાં ય ભ્રમમાં પડેલાઓને જલની પ્રતીતિ થાય છે. તેમ માલા, ચંદન, વિગેરેમાં પણ આનંદ છે એમ લોક - સંસાર ભ્રમમાં પડે છે.

જગતની દરેક વસ્તુ પોતાની અંદર જે તત્વ હોય તે જ આપી શકે છે. **सर्वो हि स्वस्मिन् विद्यमानं प्रयच्छति** જે પોતાની અંદર ન હોયતે કેવી રીતે આપી શકે ? માટે બુદ્ધિમાનો આ બાબત સમજીને જ આનંદની અનુભૂતિ માટે (જીવ કે જડની ઉપાસના કરવાને બદલે) આનંદ નિધિ એવા ભગવાનના ચરણની સેવા કરે છે. વેદ પણ કહે છે. કે ભગવાનના ચરણ સિવાય આનંદ ક્યાં ય નથી.

गुप्तानंदा यतो जीवाः निरानंदं जगद्यतः । पूर्णानन्दो हरिस्तस्माद् जीवैः सेव्यः सुखार्थिभिः જીવો ગુપ્ત આનંદવાળા છે. જગત આનંદ રહિત છે. હરિ પૂર્ણ આનંદવાળા છે. માટે સુખ ઈચ્છનાર જીવોએ શ્રીહરિ જ સેવા કરવા યોગ્ય છે.

દુઃખ નિવૃત્તિ

તનુ વિત્તજારૂપી સાધન સેવા કરનારને **ततः संसारदुःखस्य निवृत्ति-र्ब्रह्मबोधनम्** અહંતા મમતાત્મક સંસારના દુઃખની નિવૃત્તિ તેમજ ઈષ્ટ પ્રાપ્તિ એમ બે ફલ સાંપડે છે. સંસાર સ્વાભાવિક રીતે જ દુઃખરૂપ છે.

વળી, બ્રહ્મપ્રાપ્તિનું સાધન બ્રહ્મજ્ઞાન છે એમ વેદ કહે છે. **ब्रह्मविद् ब्रह्मैव भवति** બ્રહ્મને જે જાણે છે તે પરમ સુખને પામે છે. બ્રહ્મ સાક્ષાત્કારના સાધનરૂપ બ્રહ્મજ્ઞાનને પ્રાપ્ત

કરવા માટે આમ તો વેદાંતના શ્રવણ, મનન અને નિદિધ્યાસન રૂપી ઉપાય કરવા આવશ્યક છે પરંતુ સદા શ્રીકૃષ્ણની સેવા કરનારને સેવા વડે જ બ્રહ્મજ્ઞાન થઈ જાય છે.

જો કે ભગવત્સેવામાં રમમાણ એવા ભક્તને તો આ બંને ફલોની અપેક્ષા હોતી જ નથી.

સાચી શાંતિ

આજના યુગમાં માનવી સતત શાંતિ ઝંખે છે. ચારેતરફ અને અંદર પણ એવા પરિબળો સર્જાય છે. કે માનવીને અશાંત બનાવી મુકે ત્યારે માનવીએ સાચી શાંતિ પામવા ક્યાં જવું ?

તીર્થવાસ સંભવિત ન હોય અને ધ્યાન, તપ જેવા ઉપાયો કિલષ્ટ છે. ત્યારે ભગવત્સેવા માનવીને મનની સાચી શાંતિ આપી શકશે.

યમાદિભિર્લોકપથૈઃ કામલોભહતો મુહુ : ।

મુકુન્દસેવયા યદ્વત્તથાऽऽત્માદ્ધા ન શામ્યતિ ॥

કામ તથા લોભથી હણાયેલું મન ભગવત્સેવાથી જેટલા પ્રમાણમાં શાંત થાય છે. તેટલા પ્રમાણમાં યમનિયમ જેવામાર્ગોથી શાંત થતું નથી.

નિરૂદ્ધ અવસ્થા.

શ્રી હરિરાય ચરણના મત અનુસાર પુષ્ટિમાર્ગીય પ્રક્રિયાનો ક્રમ આ પ્રમાણે છે.

સર્વ પ્રથમ તો જીવ પર ભગવાનની 'કૃપા' થાય છે. એ કૃપાના કારણે એને 'માર્ગરૂચિ' પુષ્ટિમાર્ગમાં રૂચિ જાગે છે. તે રૂચિના કારણે યોગ્યતા સંપાદન કરનાર આત્મસમર્પણ રૂપ 'બ્રહ્મસંબંધ' થાય છે. હવે તેને આ બ્રહ્મસંબંધથી 'સેવા' નો અધિકાર સાંપડે છે. પ્રારંભમાં કરેલી સાધનરૂપતનુજા - વિત્તજા સેવાના પરિણામે માનસી સિદ્ધ થાય છે. આમ કૃપા - માર્ગરૂચિ - બ્રહ્મસંબંધ - સેવા અને - નિરોધ એવો સ્વાભાવિક ક્રમ છે.

ભગવત્સેવા પરાયણ ભક્ત જો લૌકિક દુઃખોને મનમાં લાવીને દુઃખી થાય તો એ આશ્ચર્યની વાત છે ! જેમને ભગવત્સેવાના સુખનો અનુભવ જ નથી એવા બ્રહ્મજ્ઞાનીઓ પણ, શુષ્ક જ્ઞાન ધરાવતા પણ દુઃખમુક્ત થઈ જાય છે. તો વૈષ્ણવ લૌકિક દુઃખે દુઃખી હોય નહીં. જેમને પ્રભુના સાન્નિધ્યનો સતત અનુભવ થાય છે. એવા ભગવદીયોને તો **પરમાનંદ સમ્બન્ધે દુઃખં તિષ્ઠતિ નૈવ હિ** પરમાનંદ પ્રભુનો સંબંધ થતાં દુઃખ રહેતું જ નથી.

સેવાફલ ગ્રંથસાર

ષોડષ ગ્રંથના અંતિમ ગ્રંથમાં શ્રી મહાપ્રભુજી એ કૃપા કરીને સેવાના ફલનું સ્વરૂપ સમજાવ્યું છે. 'સેવાયાં ફલત્રયમ - અલૌકિક સામર્થ્ય, સાયુજ્યં સેવોપયોગિદેહો વૈકુંઠાદિષુ.'

ભગવત્ સેવા જ્યારે સિદ્ધ થાય છે. પરિપકવતાને પામે છે. ત્યારે એમાં ત્રણ ફળ હોય છે. અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય અને વૈકુંઠાદિ ભગવદ્ધામના સેવોપયોગી દેહની પ્રાપ્તિ.

સિદ્ધાંત મુક્તાવલિ ગ્રંથમાં સેવાનું સ્વરૂપ સમજાવીને ત્યાં બે સેવા સાધનરૂપે અને ફલરૂપે નિરૂપવામાં આવી. તન વડે થતી 'તનુજા' સેવા અને ધન વિ.થી થતી સેવા 'વિત્તજા' સેવા છે. અને આ બે પ્રકારથી સિદ્ધ થતી 'માનસી' સેવા છે. સેવાના જેમ ત્રણ સ્વરૂપો બનાવાયા તેમ અહીં ત્રણ ફલ બનાવાયા છે.

જો કે, આ માર્ગમાં સેવા જ સાધનરૂપા છે. અને સેવા જ ફલરૂપા છે માટે સાધન અને ફલ વચ્ચે કોઈ ભેદ નથી જ. ભગવદીયને ભગવત્સેવામાં જ સેવાનું ફલ સાંપડે છે. તે સૂચવવા સેવાના ત્રણ ફળ નહીં પરંતુ 'સેવાયામ્' સેવામાં ત્રણ પ્રકારનાં ફળ કહેવાયા છે અહીં સાધન અને ફળ વચ્ચે અભેદ સૂચવવો જરૂરી જ છે. સામાન્ય નિયમ તો એ છે કે ફળની પ્રાપ્તિ થતાં સાધનનો ત્યાગ કરી દેવામાં આવે છે. જો સેવા અને સેવાફલ ભિન્ન હોય તો તો સેવાનો ય ત્યાગ થઈ જાય.

(૧) અલૌકિક સામર્થ્ય

ભગવત્સેવાનું સર્વોત્તમ ફલ 'અલૌકિક સામર્થ્ય' છે. આ ફળની ઉત્તમતા એટલી બધી છે કે શબ્દો દ્વારા એનું નિરૂપણ ન થઈ શકે. આનંદરૂપ, પુષ્ટિપુરૂષોતમ જ્યારે ઉત્તમોત્તમ, આત્યંતિક ફળ આપવાની ઈચ્છા કરે છે ત્યારે એ ભક્તને તેમના સ્વરૂપને અનુભવવાનું, તેમની લીલાઓને અનુભવવાનું અલૌકિક સામર્થ્ય આપે છે. ભગવદીયને ભગવાનના અનુભવમાં ('પ્રદીપવદાવેશ' એ બ્રહ્મસૂત્રોક્ત) ભગવાનના આવેશના પરિણામે સિદ્ધ થયેલી યોગ્યતા એ જ અલૌકિક સામર્થ્ય છે. પુષ્ટિપ્રભુ જેને આ ઉત્તમ ફલનું દાન કરે છે તેને વ્રજવૃંદાવનાદિ લીલાસ્થળમાં ભગવાનના રસરૂપ, ફલરૂપ આનંદરૂપ સ્વરૂપના દર્શન કરી શકવાની, સ્પર્શસંવાદ આદિ લીલાસુખ પામવાની શક્તિ સાંપડે છે. મહાન પુષ્ટિભક્તો, સ્વતંત્ર ભક્તો, કેવળ સ્વરૂપ પરાયણ ભક્તો જ આ ફળ પામે છે. લૌકિક વૈદિક એવી કોઈપણ સાધન થી, યોગ યજ્ઞ જપતપ જેવા કોઈપણ સાધન વડે આ ફળ સુલભ નથી, કેવળ ભગવાનના મહદનુગ્રહથી જ આ ફલ સાંપડે છે.

તૈત્તિરીય ઉપનિષદ્‌માં, આ પરમ ફલનું વર્ણન કરવામાં આવ્યું છે. 'સોડશ્નુતે સર્વાન્ કામાન્ સહ બ્રહ્મણાવિપશ્ચિતા' જેને ભગવાન પરમ ફલનું દાન કરે છે. તે ભક્ત વિવિધભોગચતુર બ્રહ્મની સાથે સર્વ ભોગનો ઉપભોગ કરે છે. ભક્તને લીલા અને સ્વરૂપનું સુખ પ્રદાન કરવા માટે ભગવાન પોતાના ભગવદ્ધર્મ તેમજ આત્મારામપણું, સર્વ-સ્વતંત્રપણું વિ. ગુણધર્મોનો ય ત્યાગ કરે છે.

(૨) સાયુજ્ય

સેવાના ત્રિવિધ ફલમાં મધ્યમ ફળ 'સાયુજ્ય' છે. જ્ઞાનીઓને મુક્ત દશામાં જે એકત્વરૂપ સાયુજ્ય પ્રાપ્ત થાય છે. તે સાયુજ્યની આ વાત નથી જ. સરિતા જેમ સાગરમાં સમાઈ જાય તેમ ભક્ત પ્રભુમાં સમાઈ જતો નથી. અહીં તો ' સહ યુનક્તિ ઈતિ સયુક્, તસ્ય ભાવઃ તત્વમ્' ભગવાનની સાથે ભક્તની સતત સ્થિતિને સાયુજ્ય કહે છે. શ્રી લક્ષ્મીજીની જેમ સંયોગરસનો અનુભવ અથવા અંતર્ગૃહગતા ગોપિકાઓની જેમ પ્રારબ્ધજનિત

દેહનો ત્યાગ કરી, અલૌકિક શરીર પ્રાપ્ત કરીને ભગવાનમાં સ્થિતિ કરે અને ભગવદીચ્છાથી બહાર નીકળીને રસાનુભવ કરે એ સાયુજ્ય છે. જેમ ગોપસખાઓ ભગવાનની સાથે રહીને ભગવાનના દર્શન ક્રીડા વિ.નો આનંદ અનુભવતા હતા તેમ ભક્તો અનુભવે એ સાયુજ્ય ફલ છે.

આ સાયુજ્યમાં આનંદની અનુભૂતિનો છે જ. કેમ કે આ સાયુજ્ય એટલે અક્ષરમાં લય નહીં. સેવા પરાયણ ભક્તો તો 'સાલોક્યસાર્ષ્ટિસામીપ્ય સારૂપ્યૈકત્વમપ્યુત દીયમાનં ન ગૃહ્ણન્તિ વિના મત્સેવનં જનાઃ' ભગવાનની સેવા જ માંગે છે. કોઈ પણ પ્રકારની મુક્તિ માંગતા નથી. અક્ષરનો અનુભવ ગણિતાનંદરૂપ, ધર્મીરૂપ છે.

(૩) વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહ પ્રાપ્તિ.

ત્રિવિધ ફલમાં આ સાધારણ ફલ છે. આ ફલ અધિકારરૂપ ફલ છે. અધિકાર એટલે કોઈ ઉત્કૃષ્ટ કાર્ય કરવાની યોગ્યતા. મધ્યમ અને ઉત્તમ ફલ પ્રાપ્ત થતા પહેલાં આ અધિકારરૂપ ફલ સાંપડે છે.

ભગવાનની અવતાર લીલામાં અપ્રાકૃત ભૂતસૃષ્ટિ, તૃણ, લતાવૃક્ષો, પશુ, પક્ષી વિ.નો લીલામાં અધિકારરૂપ દેહ તે આ ફલનું દ્રષ્ટાંત છે.વૈકુંઠ તથા આદિ શબ્દથી સ્વર્ગ, ભૂતળ, વિ.નો ઉલ્લેખ સમજવો. અહીં સાક્ષાત્ સેવામાં અધિકાર નથી એટલે બાહ્ય રમણરૂપ પરમાનંદનો અનુભવ તો સંભવ નથી જ. પરંતુ શ્રી ગોકુલ આદિ સ્થળોમાં રસાત્મક પુષ્ટિપુરુષોત્તમની રસમયી લીલાઓના દર્શન, સાનિધ્ય જેવા ફળની પ્રાપ્તિ તો થાય છે જ.

આ ત્રણે ફળોની પ્રાપ્તિમાં કાળની કોઈ સત્તા કે પ્રભુત્વ નથી. આ ફળો કાલનિરપેક્ષ છે. કલિકાલ તેમાં પ્રતિબંધક પણ નથી અને સતયુગ સહાયક પણ નથી. કર્મ કે સ્વભાવની ય સત્તાથી આ ફળ પર છે. જ્યાં જ્યારે જેને પ્રભુ કૃપા કરીને ફળ આપવા માગે છે. ત્યાં ત્યારે તેને તે ફળ મળે છે.

પરમ રસ પાયો વ્રજકી નારી
જો રસ બ્રહ્માદિક કો દુર્લભ, સો રસ દિયો મુરારી...
દરશન સુખ નયનન કો દીનો, રસના કો ગુણગાન
વચન સુનન શ્રવનન કો દીનો વદન અધર રસ પાન...
આલિંગન દીનો સબ અંગન, ભુજન દીયો ભુજબંધ
દીની ચરણ વિવિધ ગતિ રસકી, નાસા કો સુખગંધ...
દિયો કામસુખ ભોગપરમફલ, ત્વચા રોમ આનંદ
ઢિંગ બૈઠવો દિયો નિતંબન, લે ઉછંગ નંદનંદ...
મન કો દિયો સદા રસ ભાવન, સુખ - સમૂહ કી ખાન
'રસિક' ચરણરજ વ્રજયુવતિન કી, અતિ દૂર્લભ જિય જાન...

વ્રજવનિતાઓને પ્રભુએ જે સ્વરૂપાનંદનું દાન કર્યું તેથી ઉત્તમ કશું જ નથી. જે સુખાનુભૂતિ બ્રહ્માશંકરાદિને દુર્લભ છે તેનું દાન પ્રભુએ પોતાના આ અતિપ્રિય ભક્તોને કર્યું છે. બ્રહ્મ જ્યારે સાકાર રૂપ ધારણ કરીને લીલા કરે છે ત્યારે ભક્તોને તેનો સર્વાત્મક અનુભવ થાય છે. નિરાકાર રૂપમાં હોય ત્યારે ભક્તોને માત્ર આંતર્ અનુભુતિ રૂપે સુખ મળે છે. જ્યારે ભગવાને ભક્તોને સર્વાત્મક, એટલે કે દેહ, ઈન્દ્રિય, પ્રાણ. અંતઃકરણ અને આત્માને સુખનું દાન કર્યું છે. ભગવદીયોના નેત્રને ભગવાને પોતાના દર્શનનું સુખ આપ્યું, તેમની જીહ્વાને ગુણગાનનું તેમના કાનને ભગવાનની વાણીનું શ્રવણ સુખ આપ્યું. મુખને અધરામૃતપાનનું સર્વાંગને ભગવાનની સ્વરૂપગત સુગંધ, ભક્તોના રોમરોમને સ્પર્શનું સુખ, સાન્નિધ્યમાં બેસવાનું સુખ તેમજ વ્રજભક્તોના મનને સુખસમૂહની ખાણમાં રસઅનુભૂતિ કરવાનું, સંયોગ અને વિપ્રયોગના અનુભવરૂપ આનંદ માણવાનું ફળ આપ્યું. આ ફળ જીવને અતિ દુર્લભ છે.

સત્સંગ મહિમા -

સત્સંગ સર્વનો સાર છે. તેનો મૂઢ ન જાણે મર્મ,
અદીપ દીપ મળે થયો, દીપ મળે સમતા મળી વણશ્રમ;
શ્રમ વિના શ્રીનાથ મિલાવે, કલ્પનું કામ તે પલકે સરાવે;
નીચ નિર મળતાં ગંગા ગંગ, એમ સમોવડી દે સત્સંગ
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ...

જે સત્સંગનો મહિમા જાણતો નથી તે મૂઢ છે, એક ન પ્રકટેલા દીવાની પાસે પ્રકટેલો દીવો મુકતાં જ, પ્રકટેલા દીવાના સંગથી બીજો દીવો ય પ્રકટી ઉઠે છે. એમ જેના હૃદયમાં ભગવદ્ ભાવની જ્યોત પ્રકટેલી હોય તેવા ભગવદીયો, વૈષ્ણવો, સંતોના સંગ રહેનાર ના હૈયામાં ય એ જ્યોત પ્રકટી ઉઠે છે. સંગ સમતા આપે છે. પ્રકટેલા અને પ્રગટાવનાર બંને દીવાની જ્યોતમાં જરાય તફાવત હોતો નથી. વિના શ્રમે જ સત્સંગ શ્રેષ્ઠતા આપે છે. મલિન જળને જ્યારે ગંગાજીનો સંગ મળે છે. ત્યારે એને વિનાશ્રમે જ ગંગાપણું - ગંગાજીની સાથે સમતા પ્રાપ્ત થઈ જાય છે. અધમના સંગમાં અધમતા અને ઉત્તમ ના સંગમાં ઉત્તમતા મળે એ જ નિયમ છે. સત્સંગ વિના જે કક્ષા હજારો વર્ષો બાદ સિદ્ધ થાય એ કક્ષા સત્સંગની ક્ષણમાં જ સિદ્ધ થઈ જાય છે. માટે પોતાનું શ્રેય ઈચ્છનારે સત્સંગની એકે ક્ષણ ચૂકવી ન જોઈએ.

લવ હરિ સંગિની સંગના, સુખની સમતા નહીં કોય;
સ્વર્ગ ત્યા અપવર્ગનું સુખ પણ સમોવડ નવ હોય,
નવ હોય સમતા મોક્ષાનંદ, તો ક્યાંહાં જન ઈચ્છિત સુખ મંદ ?
અણ અનુભવીને આશ્ચર્ય થાય, અણુ સંધે છે નહીં રાય.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ...

તુલયામ લવેનાપિ ન સ્વર્ગ નાપુનર્ભવમ્ ભગવત્સંગિસંગસ્ય મર્ત્યાનાં કિમુતાશિષ: ॥ ભગવદીયોના સંગમાં રહેવાની એક ક્ષણ નો જે આનંદ છે, જે લાભ છે. તેની તુલના ન સ્વર્ગસુખ સાથે થઈ શકે અને ના મોક્ષસુખ સાથે થઈ શકે છે. જો પારલૌકિક દિવ્ય સુખો ની સાથે ય એની તુલના ન થઈ શકે તો પછી સાંસારિક તુચ્છભોગોની તો તુલના જ શી રીતે થાય ?

બીન અનુભવીને કદાચ આ વાતમાં અતિશયોક્તિ લાગે, આશ્ચર્ય થાય પણ વાત સો ટકા સાચી છે. સત્સંગનો મહિમા શો છે તે આપણો જાણતા જ નથી. જે જાણે છે તે પ્રભુ પાસે એ જ માંગે છે.

આમ તો મહાનુભાવોએ 'સંગ'ને જ સંસારના કારણરૂપ કહ્યો છે. **'સંગો ય: સંસૃતેર્હેતુ:'** સંગ એટલે સાથ. સંગ એટલે સંબંધ અને સંગ એટલે આસક્તિ. સંસારના કોઈપણ વિષય સાથે માનવીનો આસક્તિયુક્ત સંબંધ બંધાયો એટલે સંસાર નિશ્ચિત જાણવો. ગીતાજીમાં વારંવાર 'સંગત્યાગ' પર ભાર મુકાયો છે. તે આસક્તિપૂર્વક ના સંબંધની જ વાત છે. આમ છતાં ' સ એવ સાધુષુ કૃતો નિ:સંગત્વાય કલ્પતે' અજ્ઞાનવશ અસત્પુરુષોની સાથે કરેલો સંગ સંસારના કારણરૂપ થાય છે. પરંતુ તે જ સંગ જો સાધુ પુરુષો સાથે, ભગવદીયોની સાથે કરવામાં આવે તો બંધન માંથી મુક્ત થવાનું જ સાધન બને છે.

સત્સંગ માત્ર મુક્તિ સાધન નથી. મુક્તિથી ઘણા અધિક ફળને આપનાર છે માટે તેની તુલના મુક્તિ સાથે પણ થઈ શકે તેમ નથી.

●

સ્વાધ્યાય - ૨૮

કથા

કૃષ્ણ ઈતિ સદાનન્દઃ તસ્ય કથા તદ્રુપા કૃષ્ણનો અર્થ છે સદ્ આનંદ, શાશ્વત આનંદ છે. જેવા શ્રી કૃષ્ણ છે તેવી કૃષ્ણ કથા છે. ભગવાન અને ભગવદ્ધર્મોમાં ભેદ ન હોવાથી કથા પણ સદાનંદ સ્વરૂપા જ છે. ક્યાંક તો ભગવાનથી અધિક પણ છે.

યથા ભગવાન તથૈવ તત્કથાઽપિ, તતોઽપ્યધિકાપિ જેવા ભગવાન છે. તેવી જ તેમની કથા પણ છે. તેથી અધિક પણ છે.

ભગવત્કથા સર્વવ્યાપી છે. ચૌદ ભુવનમાં વ્યાપ્ત છે. પાતાળમાં શ્રી સંકર્ષણ, ભૂમિ પર પરાશર આદિ, ભૂમિથી ધ્રુવલોક સુધી બૃહસ્પતિ તેમજ ઉપરના લોકોમાં બ્રહ્મા, સનકાદિ વિગેરે દ્વારા ભગવાનનું ચરિત્ર સર્વત્ર વ્યાપેલ છે.

કથા રસરૂપા છે તેમાં અનુભવ જ પ્રમાણ છે. જેમ અમૃતના સ્વાદનું વર્ણન નકામું છે. એ અનુભવથી જ સમજાય તેમ કથારસ અનુભવીને જ સમજાય.

કથામૃતમ્

ભગવત્કથા અમૃતરૂપા છે. અમૃત ભૂખ, તરસ, શ્રમ વિ. દોષ મટાડનાર છે એમ લોકમાં પ્રસિદ્ધ છે. ભગવત્કથા કાલકૃત દુઃખ, જેવાં કે જરા-મરણ વિગેરેનું ય નિવારણ કરે છે. તો પછી કાલને આધીન એવા કર્મ અને સ્વાભાવના કાર્યનું નિવારણ કરે એમાં શું નવાઈ ?

તે એવ ભગવદ્ ભક્તા : યે કથામૃતે પીયમાને દેહધર્મ રહિતા ભવન્તિ જેઓ કથામૃતનું પાન કરતાં દેહધર્મ રહિત થઈ જાય તે જ ભગવદીયો છે. તે જ ભગવાનની ભક્તો છે. કથા અમૃતરૂપા છે. **અમૃતં ચ તદેવ યદ્દેહધર્મનિવર્તકમ્** જે દેહના ધર્મ મટાડે તે જ અમૃત.

ઉત્તમશ્લોક પ્રભુના યશનું કીર્તન રમ્ય, સુંદર, નિત્ય નવીન રૂપથી મનને આનંદિત કરનાર અને સંસારરૂપ શોકસમુદ્રને સુકવી નાખનાર છે.

કથાતત્વ દીવ્ય છે. જેમના કાન, વાણી અને ચિત્ત કેવળ ભગવત્કથા માટે જ છે એવા સારગ્રાહી ભગવદીયોને સંતોને ભગવત્કથા ક્ષણે ક્ષણે નવીન અને સરસ લાગે છે.

કથારસ સર્વ રસોથી ઉત્તમ છે પ્રાકૃત રસના સેવનથી રૂચિ ઘટે, જેમ જેમ શ્રવણ કરવામાં આવે તેમ તેમ વધુ સુખ રૂપ, વધુ ફલરૂપ અને વધુ રસરૂપ લાગે છે.

હેતુ :-

કથાથી ભગવાનનો - ભગવદ્ રસનો આવિર્ભાવ થાય છે. **શબ્દબ્રહ્મ વ્યતિરેકેણ પરબ્રહ્મણઃ પ્રકાશનં ન ભવતિ શબ્દબ્રહ્મણૈવ પરબ્રહ્મ પ્રકાશ્યતે,**

સ્વપ્રકાશમપિ શબ્દ બ્રહ્મ વિના પર બ્રહ્મનું પ્રકાશન થતું નથી. પરબ્રહ્મ સ્વપ્રકાશ છે એ વાત સાચી, તેમ છતાં તે શબ્દબ્રહ્મ વિના પ્રકાશતું નથી.

કથાથી ભગવદ્ રસનો આવિર્ભાવ અવશ્ય થાય છે. પરંતુ તે આવિર્ભાવ અને અનુભવ અધિકારીને જ થાય છે. 'રસાનામધિકારિણં પ્રત્યેવ સ્ફુરણ નિયમાત્' રસનો સ્વભાવ છે તે અધિકારીને જ સ્ફુરે છે. ભગવાન ના રૂપ અને નામ બંનેમાં રસ તો છે જ. પરંતુ તેનું જ્ઞાન અનુભવથી જ થાય છે. ભગવદ્ કથા રસનો અધિકાર શાસ્ત્ર અને અનુભવથી તેમજ પ્રેમ અને જ્ઞાનથી જ થાય છે. બીજા રસમાં જેનું ચિત્ત લાગેલું હોય છે. તેને આમાં રસ ઉત્પન્ન થતો નથી.

સુદ્રઢઃ સર્વતોધિક સ્નેહ સ્ત્વાત્મત્વેન જ્ઞાતે ભવતિ, માહાત્મ્યજ્ઞાનં તુ સૃષ્ટ્યાદિભિઃ તત્ર દ્વયં સાધયિતુમેષા ભાગવતસંહિતા ભગવાનનું માહાત્મ્યજ્ઞાન થાય તેમજ ભગવાનમાં સ્નેહ થાય તે માટે ભાગવતજીનું વિ.નું સેવન કરવું જોઈએ. ભગવત્ કથા નો હેતુ ભક્તિ સાધવા માટે છે. ભગવાનના સ્વરૂપ, ગુણ અને લીલાઓ વિષે વધુને વધુ શ્રવણ કરવાથી ભગવાનપ્રત્યે સ્નેહ જાગે છે. તેમના દર્શન તેમ જ તેમની પ્રાપ્તિ માટે લાલસા જાગે છે. માટે ભકિતમાર્ગસ્થ જીવે ભગવત્કથાનું સેવન અવશ્ય કરવું જોઈએ.

ભગવત્પ્રાપ્તિના સાધનોમાં અંતરંગ સાધન તેમની સેવા છે. તો બહિરંગ સાધન કથા છે. ભગવાનના લીલા ચરિત્રોનું શ્રવણ કરવાથી, એમના ગુણગાન કરવાથી, શ્રવણ - ગુણગાન વિ.માં આનંદ માનવાથી જીવો ભગવાનના દર્શનની યોગ્યતા પ્રાપ્ત કરે છે.

ભગવત્કથા સ્વભાવમાં પરિવર્તન લાવવા માટે પણ શ્રવણ કરવી. જીવ સ્વભાવથી દોષવાળો છે સ્વભાવ સુધારવા માટે પ્રેમપૂર્વક શ્રવણકીર્તનાદિ કરવા. **મજ્જન ફલ પેખિઅ તતકાલા । કાકહોહિં પીક બકઉ મરાલા** કથા રૂપી માન સરોવરમાં ડૂબકી મારે તે કાગડો કોયલ બની જાય છે. અને બગલો હંસ બની જાય છે. ભગવાનના ગુણોનું ગાન સર્વના દોષો ને નિવારનારૂં છે.

કથામાં ભાવ પ્રધાનતા.

ભગવત્ કથામા વાણી કરતાં ભાવનું વિશેષ મહત્વ છે. શ્રી મહાપ્રભુજી વર્ણન છે કે, **સર્વત્ર ભગવત્ કથાયામાન્તરો ભાવો મુખ્યઃ ન તુ વાક્યમાત્રમ્** ભગવાનની કથામાં વાક્યમાત્રની મુખ્યતા નથી. પરંતુ કથામાં સર્વત્ર અંદરનો ભાવ મુખ્ય છે.

કથા શ્રવણ કરનારે ભગવાન પર તેમજ ભગવત્ કથા પર ભાવ રાખીને શ્રવણ કરવું જોઈએ.

ભગવદીયોએ ભગવદીયોની સાથે બેસીને પરસ્પર ભગવલીલાનું ગદ્ગદ્ કંઠે વર્ણન કરવું. સર્વ અપેક્ષાઓનો ત્યાગ કરી ભગવાનના ગુણગાન કરવા, આસક્તિપૂર્વક પ્રભુના ગુણગાન કરવા.

ભગવત્કથામાં જો ભાવની પ્રધાનતા રહે તો કથા-શ્રવણ તેમજ કીર્તન આદિમાં તૃપ્તિ ન થવાની અને એ કારણે તેમાંથી નિવૃત્તિ થવાની સંભાવના રહેતી જ નથી. ભાવના કારણે કથા રસરૂપ થાય છે. કથાનો ત્યાગ એ જ કરે જેને કથાના સ્વરૂપનું જ્ઞાન ન હોય. **अत्र निवृत्ति : केवलं रसाज्ञानादेव, नान्यत:** કથામાં અમૃતરૂપા છે, એવું જ્ઞાન થનારને નિવૃત્તિ સંભવે જ નહીં.

ભગવાનના ગુણગાનનો અધિકાર કોને ? **न हि अल्पदोषवताऽपि भगवद् गुणा गातुं शक्या:** અલ્પ દોષવાળા માટે ય ભગવાનના ગુણો નું ગાન કરવું શક્યનથી, તો ભગવત કથાના શ્રોતા થવું ય સુલભ નથી. શ્રોતાનો ય અધિકાર સિદ્ધ થાય ત્યારે તેને કથા શ્રવણની કામના જાગે છે.

शुश्रूषो: श्रद्दधानस्य वासुदेवकथारुचि: ।

स्यान्महत्सेवया विप्रा: पुण्यतीर्थ निषेवणात् ॥

પવિત્ર તીર્થોનું સેવન કરવામાં આવે અને મહાપુરૂષોની સેવા કરવામાં આવે તો જ શ્રદ્ધાપૂર્વક ભગવાનની કથાનું શ્રવણ કરવાની ઈચ્છા થાય છે.

કથા શ્રવણ ક્યારે ફળે ?

दीर्घकालादरनैरन्तर्येण क्रियमाणस्य वै श्रवणादे: फल साधकत्वात् લાંબા સમય સુધી સતત આદર પૂર્વક કરવામાં આવે ત્યારે જ કથા શ્રવણ આદિ સત્સંગ ફલદાયી નીવડે છે. વૈષ્ણવોએ લોકલજ્જાનોત્યાગ કરીને પ્રભુના ગુણગાન કરવા. **सर्वथा तद् गुणालापं नामोच्चारणमेव वा । सभायामपि कुर्वीत निर्भयो निस्पृहस्तत: ॥**

સભામાં પણ નિર્ભય થઈને, નિસ્પૃહ થઈને સર્વથા શ્રી હરિના ગુણોનું વર્ણન તેમજ ભગવન્નામનો ઉચ્ચાર કરવો. આસુરી સ્વભાવના જીવોનો ભય રાખ્યા વિના, દુષ્ટોના, દુર્જનોના દ્વારા થનારા અપમાન, હાંસી વિ.ની પરવા વિના શ્રી ભગવાનના ગુણગાન કરવા.

વળી, ભક્ત મુખેથી કથા સાંભળવી. આમ તો ગમે ત્યાંથી સાંભળેલું ભગવચ્ચરિત્ર કાર્ય તો સિદ્ધ કરે જ છે. પરંતુ **फलरुपता तु साधारणानामपि भक्तमुखश्रवणादेव** ભગવદીયના મુખેથી શ્રવણ કરેલું સાધારણ (જીવો)ને ફલરૂપ થાય છે.

ગુરૂના વાક્યો પર વિશ્વાસ રાખવામાં આવે, પોતાનામાં દીનતાની ભાવના હોય, મનના દોષોને જીત્યા હોય અને કથામાં નિશ્ચલ મતિ હોય તો જ તેને શ્રવણનું ફલ મળે છે.

स एव निवास: समीचीन :, यो विषयान्तराभावेन भगवत् कथयैव गच्छति એ જ નિવાસ યોગ્ય છે. કે જેમાં બીજા વિષય વિના ભગવાનની કથામાં જ સમય જાય.

ભગવત્ કથાના ત્રણ ગુણ છે. (૧) સંસારરૂપી રોગનું તે ઔષધ છે. (૨) આ ઔષધ કટુ નથી. પંરતુ કાન અને મનને રૂચિકર છે અને (૩) વિરક્ત પુરુષો ય એનું ગાન કરે છે. એટલે કે એ સૌને માટે (સૌ એટલે વિષયી, મુમક્ષુ અને જીવન્મુક્ત એ સર્વ અધિકારીઓ માટે ફલરૂપ છે. પરમાત્માના ગુણાનુવાદને પશુઘાતી - આત્મહત્યા કરનારા નીચ મનુષ્ય સિવાય બીજું કોણ ન સેવે ?

કથાફલ

ભગવાન નિજભક્તોને ભગવત્કથા સાંભળતા જુએ છે ત્યારે તેઓ ભક્ત-હૃદયમાં પ્રકટ થાય છે. ભક્તના સર્વ અભદ્ર-અકલ્યાણને દૂર કરે છે. આમ આવરણ નષ્ટ થતાં, પ્રભુમાં નૈષ્ઠિકી ભક્તિ ઉત્પન્ન થાય છે.

જે ભગવદીયો શ્રી ભગવાનના કથામૃતનું કાનરૂપી પડીયામાં ભરી ભરીને રસપાન કરે છે તેઓ ભગવચ્ચરણારવિંદને પ્રાપ્ત થાય છે.

ભગવત્કથા તો ઠીક, ભગવત્કથા અંગેનો પ્રશ્ન પણ વક્તા, પ્રશ્નકર્તા અને શ્રોતા ત્રણેને, જેમ ગંગાજી ત્રિલોકને પાવન કરે છે. તેમ, પવિત્ર કરી દે છે.

કથા રસ

એકવાર શ્રી મહાપ્રભુજી અડેલથી વ્રજ પધારતા ત્યારે ગઉઘાટ પર એમના દર્શનાર્થે સૂરદાસજી આવ્યા. શ્રી આચાર્યજી શ્રી મુખથી સૂરદાસને કહે કે સૂર! કાંઈક ભગવદ્ યશ વર્ણન કરો. ત્યારે શ્રી સૂરદાસજીએ દીનતાના પદો ગાવા માંડ્યા. શ્રી મહાપ્રભુજીએ એ સાંભળીને કહ્યું, "સૂર હ્વૈ કેં ઐસો ઘિઘિયાત કાહે કો હૈં ? સો તાસોં કછુ ભગવલ્લીલા વર્ણન કર!" શ્રી મહાપ્રભુજીનો આશય એ હતો કે જીવ ભગવાનથી વિખૂટો પડ્યો તો તે સમયથી પતિત તોથયો જ પરંતુ એમાં ઝાઝું શું કહેવું? પોતાના દોષોનું વર્ણન કરતા રહેવાથી દોષો નિવૃત્ત થતા નથી. શુદ્ધ થવા માટે તો ભગવાનની લીલાઓનું ગાન કરવું જોઈએ.

શ્રી સૂરદાસજીને ભગવાનની લીલાઓનું ગાન કરવામાં અતિ આનંદ આવ્યો કે એમણે ગાયું છે કે,

જો સુખ હોત ગુપાલહિ ગાયે
સો સુખ હોત ન જપ તપ કીને, કોટિક તીરથ નહાયે...
દિયે લેત નહીં ચારિ પદારથ, ચરનકમલ ચિત્ત લાયે
તીનિ લોક તૃન સમ કરિ લેખત, નંદનંદન ઉર લાયે...
બંસીબટ, વૃંદાવન, જમુના, તજિ વૈકુંઠ ન જાવૈ
સૂરદાસ હરિ કો સુમિરન કર,બહુરિ ન ભવજલ આવૈ...

શ્રી ગોપાલના ગુણગાનમાં ભગવદીયોને જે સુખ સાંપડે છે તેની તોલે કોઈ સુખ આવી શકે એમ નથી. કરોડો તીર્થોમાં સ્નાન કરવાથી, કેટલાય જપતપ કરવાથી એ સુખ ન સાંપડે. પુરાવો એ કે કથામૃતરસપાન કરવામાં નિમગ્ન ભક્તને ભગવાન હૃદયસ્થ થઈ જાય છે. અને પુરૂષાર્થો આપવા તૈયાર હોય તો ય ભક્તો એ સ્વીકારવા તૈયાર હોતા નથી. જેના હૃદયમાં ભગવાન સ્વયં સ્વરૂપરૂપે, નામરૂપે, કથામૃત રૂપે બીરાજે એને ત્રણેય લોક તણખલા જેવા લાગે છે.

કથામૃતના સુખને છોડીને,ભક્તિના આનંદ છોડીને, ભગવાનના લીલાસ્થળો જેવાકે બંસીબટ, વૃંદાવન, યમુનાજી વિ.ને છોડીને ભક્ત વૈકુંઠ શા માટે જાય ? જે પ્રભુના ગુણગાન કરે, સ્મરણ કરે, એને ફરીને સંસાર સમુદ્રમાં પડવું પડતું નથી.

કથા જ સેવા -

જેણે કથારસનું પાન કર્યું નથી એને જ સંસારના અન્ય રસોમાં સ્પૃહા રહે છે. શેઠ દીનકરદાસની વાર્તામાં કથારસની સર્વશ્રેષ્ઠતાનું સુંદર પ્રકારે નિરૂપણ થયું છે.

દિનકરદાસ શેઠ પ્રયાગમાં એક શ્રીમંત ક્ષત્રિયને ત્યાં જન્મેલા. બાળપણથી જ એમને ભગવત્કથામાં આસક્તિ. શ્રી મહાપ્રભુજીના શરણમાં આવ્યા પછી એમણે ભગવત્સેવા પધરાવી નહીં. શ્રી આચાર્યજીએ એમને સ્વરૂપ પધરાવીને સેવા કરવાની આજ્ઞા કરી ત્યારે તે બોલ્યા, " મહારાજ ! આપુ તો અંતઃકરણકી જાનત હો, મૈં તો આપુ કે મુખ કી કથા સુનોગો. યામેં સગરી સેવા હૈં." શ્રી મહાપ્રભુજી એ એમને પોતાની પાસે રાખ્યા.

શ્રી મહાપ્રભુજી અડેલમાં બીરાજતા ત્યારની વાત છે. કિનારે પોતાને માટે અંગાખરી વણીને તેને શેકવા માટે છાણાં ચેતાવતા હતા અને તે જ સમયે શ્રી મહાપ્રભુજીનો એક જલઘરિયો જલ ભરવા આવ્યો.દિનકર શેઠે પૂછતાં તેણે જવાબ આપ્યો કે, "શ્રી મહાપ્રભુજીએ પોથી ખોલી છે અને હવે કથા કહેશે." આ વચન સાંભળતાં જ દિનકરદાસે કાચી અંગાખરી (બાટી) ખાઈને જળ પી લીધું. અને તરત જ આવીને કથા શ્રવણ કર્યું.

પાછળથી આ વાત જાણીને શ્રી મહાપ્રભુજીએ કાચી બાટી ખાઈ જવા માટે ઠપકો આપતાં દિનકર શેઠે સુંદર ઉત્તર આપ્યો. તેમણે કહ્યું કે, " મહારાજ ! અંગાખરી તોકાયમ શેકીને ખાઈશ પરંતુ આપના મુખથી વચનમૃત ક્યારે સાંભળીશ ? જો અંગાખરી સેકતો તો યહ અમૃત કૈસે મિલતો ?" દિનકરદાસના વિચારો સાચે જ મનનીય છે. ૮૪ લાખ શરીર યાત્રામાં જીવને સ્વરૂચિ પ્રમાણે ભોગ તો પ્રત્યેક શરીરમાં, પ્રત્યેક જન્મે સાંપડે જ છે પરંતુ એને કૃષ્ણ કથામૃત તો માનવ જન્મમાં, ભગવદીયત્વ સાંપડ્યા બાદ શ્રી હરિ અને શ્રી ગુરૂદેવની કૃપાથી જ સાંપડે છે. જે સર્વ સુલભ છે તેને ખાતર જ અતિદુર્લભ છે એનો ત્યાગ કરવો શાણપણ નથી. ભોગ સુલભ છે, ભક્તિ દુર્લભ છે. પેટ ભરવું બધે જ સંભવ છે. આત્માનું કલ્યાણ તો ભાગ્યવાન વ્યક્તિને સાંપડે છે. ભોગ ખાતર ભક્તિ છોડનારો મૂર્ખ છે. હીરામાણેક છોડીને પથરા સંઘરવા જેવી છે આ વાત.

દિનકર શેઠની આવી કથા-આસક્તિ જોઈને શ્રી મહાપ્રભુજી પ્રસન્ન થયા. એમણે કહ્યું, " આજ પછી રસોઈ સિદ્ધ કરી, ભોગ ધરીને મહાપ્રસાદ લઈને આવજો. જ્યારે તમો આવશો ત્યારે કથા કહીશ. આજથી કથાના મુખ્ય શ્રોતા તમે છો. તમે આવશો નહીં ત્યાં સુધી કથા નહીં કહું.

સત્સંગ મહિમા.

શ્રી ગંગાજી હરે પાપને, શશી તાપ હરે ગયે શર્ણ;
દારિદ્ર ટાળે સુરતર; મળી ત્રણે કરે ત્રણ હર્ણ;
હર્ણ કરે ત્રણ તે તત્કાળ, મળતાંમાં હરિજન દયાળ;
જ્ઞાને તાપ હરે દર્શને દોષ, દૈન્ય ટાળે ઉપજાવી સંતોષ.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ...

સંસ્કૃત સુભાષિત છે કે, " ગંગા પાપં શશી તાપં દૈન્યં કલ્પતરૂસ્તથા । પાપં તાપં ચ દૈન્યં ચ હરેત્ સાધુસમાગમઃ" ગંગાજી મનુષ્યના પાપને હરે છે. ચંદ્રમા એના તાપને હરે છે. અને જો કલ્પવૃક્ષ મળી જાય તો તો માણસની બધી ગરીબાઈ જ દૂર થઈ જાય પણ આ ત્રણે પોતે એક એક જ કાર્ય કરે છે. જ્યારે ભગવદીયના સંગમાં એક સાથે ઉપરની ત્રણે બાબતો સિદ્ધ થઈ જાય છે. જેમ ગંગાજી સ્નાન કરનારના પાપને હરે છે તેમ સત્સંગમાં ભગવદીયના દર્શન માત્રથી જન્મજન્માંતરના પાપ નષ્ટ થઈ જાય છે. સત્સંગનું પરિણામ ભગવદ્ વાર્તા છે અને ભગવદ્ વાર્તા આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક તાપ "તાપત્રયોન્મૂલનમ્" ને હરે છે. (ચંદ્ર માત્ર ભૌતિક તાપને જ હરે છે.) સત્સંગ તો કલ્પવૃક્ષથી ય મહાન છે.કલ્પવૃક્ષ માણસની સ્થૂળ દરિદ્રતા દૂર કરે છે. પણ ભગવદીયોના સંગમાં રહેનારના બાહ્ય તેમજ આંતર્ દારિદ્રયનો નાશ થઈ જાય છે. સત્સંગથી વિમુખને પાપ, તાપ અને કંગાળપણાનો અનુભવ કરવો પડશે.

યોગ યજ્ઞ જપ તપ વ્રતો, બહુ કીધે કષ્ટ કર્મ
જ્ઞાન ધ્યાન અતિ દાનથી, તીર્થ, આચરતા ધર્મ;
ધર્માદયયન વેદશાસ્ત્ર પુરાણ, કોટી સાધનથી ન પરમ કલ્યાણ,
શ્રેય ન થાય ઉપાય અનેક, વિના મહત્ પદરજ અભિષેક
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ...

શ્રી જડભરતજી એ રહુગણ રાજાને ઉપદેશ આપતાં, મહાપુરૂષોના આશ્રયની મહત્તા આ પ્રમાણે સમજાવી હતી. "રહૂગણૈતત્તપસા ન યાતિ, ન ચેજ્યયા નિર્વપણાદ્ ગૃહાદ્વા વા નચ્છન્દસા નૈવ જલાગ્નિસૂર્યૈ, વિના મહત્પાદરજો ભિષેકમ્ ॥

કેવળ તપ, યજ્ઞ વિ. વૈદિક કર્મ, અન્નદાન, અતિથિસેવા, દીનસેવા વિ. ગૃહસ્થાશ્રમને લગતાં ધર્મ અનુષ્ઠાનો, વેદ અધ્યયન કે પછી જલ, અગ્નિ કે સૂર્યની ઉપાસના વિ. કોઈ પણ સાધનથી કોઈને ય ભગવદ્ પ્રાપ્તિ થતી નથી. જ્યાં સુધી મહાપુરૂષોના ચરણની રજથી સ્નાન કર્યું નથી, એટલે કે ગુરૂ, સંત, ભગવદીય તાદ્રશવૈષ્ણવોની ચરણરજ માથે ચઢાવી નથી ત્યાં સુધી કરેલા યોગ, યજ્ઞ, જપ, તપ , વ્રત, કષ્ટદાયી કર્મો, જ્ઞાન, ધ્યાન, દાન, તીર્થયાત્રા, ધર્મ અધ્યયન વિ. બધાં જ સાધનો નિષ્ફળ છે.

ભક્તિમાર્ગે કે પછી કોઈ પણ માર્ગે પોતાનું કલ્યાણ ઈચ્છતા ભક્ત, સાધકને માટે આ મુદ્દો ખૂબ જ પ્રેરણાદાયી છે. જ્યાં સુધી એનામાં દીનતા નથી આવી, મહાપુરૂષો પ્રત્યે દાસ્યભાવ નથી જન્મ્યો ત્યાં સુધી એની સાધના વિફલ થઈ જવાનો ડર રહે જ છે. જેમ ચારણીમાં અનેક છેદ હોવાથી જલ ટકતું નથી અને જોતજોતામાં જ વહી જાય છે. તેમ અહંકારી જીવ માં ભક્તિ, જ્ઞાન, વિ.નું ફલ જરાય ટકતું નથી વૃક્ષની શાખાઓ પર જેમ જેમ ફલ લાગવા માંડે તેમ તેમ તે શાખા નીચેને નીચે ઝૂકવા લાગે છે. એમ સાચો વૈષ્ણવ જેમ જેમ ગુણસંપન્ન થતો જશે તેમ તેમ એનામાં નમ્રતા, દીનતા,સરળતા અને સાધુતા પ્રકટ થતી જશે. કોઈ બહુ ખખડે તોએને અધૂરો ઘડો જાણવો. કોઈ બહુ અક્કડ રહે તો એને ખાલી જાણવો.

•

સ્વાધ્યાય - ૨૯

શ્રીમદ્ ભાગવત

શ્રીમદ્ ભાગવતજી એ શ્રીકૃષ્ણનું નામાત્મક એટલે કે વાઙ્ગમય સ્વરૂપ છે.

શ્રીમદ્ ભાગવત એટલે **શ્રીયુક્તં લક્ષ્મીયુક્તં ભાગવતમ્** શ્રી લક્ષ્મીજી સહિત તેમજ અનેક સૌંદર્યાદિગુણોથી યુક્ત હોવાથી તેને શ્રીમદ્ ભાગવત કહે છે.

ભગવત: ઈદં ભાગવતમ્ તે ભગવાન સંબંધી શાસ્ત્ર છે માટે ભાગવત કહેવાય છે.

ભગવત્ પ્રોક્તમ્ - ભગવતા પ્રોક્તમ્ આ ભગવાને કહેલું શાસ્ત્ર છે. ચતુઃશ્લોકીરૂપે ભગવાને આ ભાગવત શાસ્ત્ર બ્રહ્માજીને સંભળાવ્યું હતું તેમજ શુકદેવજીના હૃદયમાં પણ ભગવાન જ બીરાજીને સ્વલીલાનું વર્ણન કરતા હતા માટે આ ભગવાને કહેલું શાસ્ત્ર કહેવાય છે.

ભગવાનની વાણી જ્યારે ભક્ત મુખેથી પ્રકટે. **ભગવદીયો યઃ કશ્ચિદ્ ભગવતા પ્રોક્તં કથયતિ તદેવ ભાગવતમ્** ઘણો બધો બોધ ભગવાન સ્વમુખે આપતા નથી. કોઈક ભગવદીયને, મહાત્માને, પોતાના કૃપાપાત્ર જીવને નિમિત્ત બનાવીને પણ પોતાની વાતો કરે છે. પોતાનો સંદેશ જગતને આપે છે. આવા ભગવદીયોની વાણી વસ્તુતઃ ભગવાનની જ વાણી છે.

મહાપુરાણ.

શાસ્ત્રીય વ્યાખ્યા અનુસાર વિચારીએ તો શ્રી ભાગવતજી એ મહાપુરાણ છે. વૈદિક સાહિત્યમાં પુરાણનો સમાવેશ થતો ન હોવા છતાં તેને વેદ સમાન મહત્તા આપવામાં આવી છે. તેને પઁચમવેદ કહેવામાં આવેલ છે. બૃહદારણ્યક ઉપનિષદ્‌માં **અરેઽસ્ય મહતો ભૂતસ્ય નિઃ શ્વસિતમેતદ્ યદ્ ઋગ્વેદો યજુર્વેદઃ સામવેદોઽથર્વાઙ્ગિરસ ઈતિહાસપુરાણમ્** તેમ જ એ પરમતત્વના નિઃશ્વાસ, ઉચ્છ્‌વાસમાંથી ઋગ્વેદ, યદુર્વેદ, સામવેદ તેમજ અથર્વવેદની ઉત્પત્તિ થઈ તેમજ ઈતિહાસ પુરાણ પણ ઉત્પન્ન થયાં. એ પુરાણગ્રંથો પાંચમો વેદ જ છે.

એને પુરાણ **પુરા ભવમ્** પ્રાચીનકાળમાં બનેલી ઘટનાઓનું નિરૂપણ કરનાર હોવાથી પુરાણ કહે છે.

નિરૂક્ત અનુસાર તો પુરાણનો અર્થ એવો સુંદર થાય છે કે, **પુરા અપિ નવં ભવતિ રૃતિ પુરાણમ્** જે તત્વ પુરાણું હોવા છતાં ય પુરાણું નથી. પ્રાચીન હોવા છતાં

અર્વાચીન છે તે પુરાણ કહેવાય છે. શ્રીમદ્ ભાગવતજી તો મહાપુરાણ છે. એમાં તો શ્રી હરિની હજારો વર્ષ પહેલાં થઈ ગયેલી હોવા છતાં ય સનાતન, સર્વકાલિક એવી નિત્યલીલાઓનું વર્ણન છે.

પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણના અનેક અવતારો તેમ જ તેમની અનેકવિધ લીલાઓનું એમાં નિરૂપણ છે તેથી શ્રી ભાગવતજીને મહાપુરાણ કહે છે.

ભાષા

શ્રી મહાપ્રભુજીએ ભાગવતજીની ત્રણ પ્રકારની ભાષા માની છે. સમાધિભાષા, મતાન્તર (પરમત) અને લૌકિકી ભાષા.

ભાગવતજીમાં ક્યાંક જ્ઞાન વિ.ની પ્રશંસા, ક્યાંક વિધાનોનો વિરોધ, ક્યાંક પુનરૂક્તિ જેવા દોષો કેમ ? એ સંશયના સમાધાનમાં શ્રીમદ્ આચાર્યજી આ ત્રણ ભાષાનો પરિચય કરાવ્યો છે.

સમાધાવુપલભ્ય ચાવાનર્થો નિરુપિત : વ્યાસજીએ જેટલો વિષય સમાધિથી જાણીને કહ્યો તે સમાધિ ભાષા - સમાધિભાષા એ પ્રસ્થાનત્રયી (વેદ, ગીતા અને બ્રહ્મસૂત્ર) સાથે સુસંગત હોય છે.

તદ્વિરૂદ્ધોડર્થો યત્ર સા મતાન્તર ભાષા શ્રી શુકદેવજીએ 'બીજાએ કહેલી વાત તને કહું છું' એમ ખુલાસો કરીને બીજાના મતની વાત, બીજાનો સંવાદ એમ રજુઆત કરી છે. તે મતાન્તર ભાષા. આ મત, આ સિદ્ધાન્ત ભાગવતજીના મૂળ મતથી કદાચ જુદોય પડે. એમ થાય તો તે વિરોધાભાસ નથી પરંતુ અન્યનો મત છે એમ સમજવું.

લોકસિદ્ધા તુ લૌકિકી ભાગવતજીમાં લોકમાં પ્રસિદ્ધ વિષય જ્યાં કહેવાયો તે લૌકિકી ભાષા, **બુદ્ધિપૂર્વકમેવ વિરોધઃ** ઉપરોક્ત ત્રણ ભાષામાં જ્યાં વિરોધ જણાતો હોય તો તે રચનાકારનો દોષ નથી. પરંતુ તે વિચારપૂર્વક કહેવાયું છે. માટે વિરોધ નથી.

ભગવત્ સ્વરૂપ.

શ્રી ભાગવતજી એક સંપૂર્ણ શાસ્ત્ર હોવાથી એ પ્રમાણ, પ્રમેય, સાધન, અને ફલ એમ ચારેય રીતે વિચારવા યોગ્ય છે. અને એ ચારેયમાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

પ્રમાણ.

શાસ્ત્ર વિષયમાં પૂર્વવર્તી આચાર્યોએ ત્રણ પ્રમાણ ગ્રંથોને સ્વીકારેલા. વેદ, શ્રીમદ્ ભગવદ્ ગીતા અને બ્રહ્મસૂત્ર. તત્ત્વનો નિર્ણય કાયમ આ ત્રણના આધારે જ થતો. આ ત્રણને પ્રસ્થાનત્રયીના નામે ઓળખવામાં આવતા. શ્રી પરમાત્મા - પરબ્રહ્મના તત્વને જાણવા માટે - એની પ્રતીતિ માટે પ્રત્યક્ષ વિ. પ્રમાણો ઉપયોગી નથી. પરમ તત્વને અલૌકિક શબ્દ પ્રમાણથી જ જાણી શકાય. આ અલૌકિક શબ્દ પ્રમાણ આપણને વેદ, શ્રીમદ્ભગવદ્ ગીતા

તેમજ બ્રહ્મસૂત્રથી પ્રાપ્ત થાય છે.

ઉપરોક્ત પ્રસ્થાનત્રયીમાં શ્રી મહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવતજી નો ઉમેરો કરાવ્યો.

વેદા: કૃષ્ણવાક્યાનિ વ્યાસસૂત્રાણિ ચૈવ હિ ।

સમાધિભાષા વ્યાસસ્ય પ્રમાણં તચ્ચતુષ્ટયમ્ ॥ એમ ચાર પ્રમાણ - શાસ્ત્રો થયા. પરંતુ શ્રી મહાપ્રભુજીએ ઉપરોક્ત ચારેય શાસ્ત્રોમાં ભાગવતજીની મહત્તા એટલી બધી વધારી કે તે પ્રમાણમૂર્ધન્ય એટલે કે સર્વ પ્રમાણ શાસ્ત્રમાં શિરોમણિ ગણાયું. શ્રીમદાચાર્યજીની આજ્ઞા છે કે વેદના અભ્યાસ બાદ જો સંશય બાકી રહે, અથવા સંશય ઉપજે તો તેનું સંદેહનિવારક શાસ્ત્ર શ્રી ગીતાજી છે. જો ગીતાજીના અભ્યાસ પછી ય સંદેહ રહે તો બ્રહ્મસૂત્રનો અભ્યાસ કરવો. બ્રહ્મસૂત્ર થીય સંદેહો દૂર ન થાય તો શ્રીમદ્ ભાગવતજી સર્વ સંદેહોને દૂર કરશે.

શ્રી શુકદેવજીએ પણ **ઈદં ભાગવતં નામ પુરાણં બ્રહ્મસંમિતમ્** શ્રી ભાગવતજીને વેદસંમત શાસ્ત્ર કહ્યું છે. ભાગવતજીના શ્લોકે શ્લોકે પદે પદે વેદાર્થ જ ભરેલો છે.

પ્રમેય

ભક્તિમાર્ગમાં શ્રીમદ્ ભાગવતજી પ્રમેય રૂપ છે.

દ્વાદશાંગો વૈ પુરુષ: । ઈતીદં દ્વાદશસ્કંધં પુરાણં હરિરેવ સ: । પુરાણં હરે : સ્વરુપં શબ્દતોઽર્થતશ્ચ શબ્દથી તેમજ અર્થથી ભાગવત શ્રીહરિનું સ્વરૂપ છે. વેદમાં ભગવાનને બાર અંગ વાળા કહ્યા છે. આ બાર સ્કંધવાળું ભાગવત પણ શ્રી ભગવાન જ છે.

પ્રથમ સ્કંધ	અધિકારલીલા	શ્રી દક્ષિણ ચરણ
દ્વિતીય સ્કંધ	સાધનલીલા	શ્રી વામ ચરણ
તૃતીય સ્કંધ	સર્ગ લીલા	શ્રી દક્ષિણ બાહુ
ચતુર્થ સ્કંધ	વિસર્ગલીલા	શ્રી વામ બાહુ
પંચમ સ્કંધ	સ્થાન લીલા	શ્રી દક્ષિણ સાથળ
ષષ્ઠ સ્કંધ	પુષ્ટિલીલા	શ્રી વામ સાથળ
સપ્તમ સ્કંધ	ઊતિલીલા	શ્રી દક્ષિણ (કટિસ્થ) હસ્ત
અષ્ટમ સ્કંધ	મન્વન્તર લીલા	શ્રી દક્ષિણ સ્તન
નવમ સ્કંધ	ઈશાનુકથા લીલા	શ્રી વામ સ્તન
દશમ સ્કંધ	નિરોધલીલા	શ્રી હૃદય
એકાદશ સ્કંધ	મુક્તિલીલા	શ્રી મસ્તક
દ્વાદશ સ્કંધ	આશ્રયલીલા	શ્રી વામ ઉર્ધ્વ ભુજા

સાધન :-

શ્રી ભાગવતજી માં **આનંદસ્ય હરેર્લીલા** આનંદરૂપ શ્રી હરિની લીલા રહેલ છે. આનંદરૂપ હરિની લીલા પણ આનંદરૂપા અને દુઃખ હરનારી છે. ભગવત કથા સર્વના ત્રિવિધતાપના ઉન્મૂલનનું સાધન છે. જીવ આ સંસારમાં આધિભૌતિક, આધ્યાત્મિક તેમજ આધિદૈવિક તાપ માં દુઃખ અનુભવે છે. ત્યારે કથામૃતનું પાન તેને માટે ' તપ્તજીવનમ્' પરમ તાપ માંથી શીતળતાનો અનુભવ કરાવે છે.

ભાગવતજી મુમુક્ષુને માટે મુક્તિ આપનાર છે તેમજ ભક્તને પરમ ભક્તિનું દાન કરનાર પણ છે.

યસ્યાં વૈ શ્રૂયમાણાયાં કૃષ્ણે પરમપૂરુષે ।
ભક્તિરુત્પદ્યતે પુંસઃ શોકમોહભયાપહા ॥

શ્રી ભાગવતજીનું શ્રવણ કરતાં જ મનુષ્યને પુરુષોત્તમ શ્રી કૃષ્ણની એવી પરમ ભક્તિની પ્રાપ્તિ થાય છે કે જેના કારણે એના શોક, મોહ તેમજ ભય જેવા દુઃખો મટી જાય છે.

ફલ :-

અનેક ઉત્તમ બાબતો માટે જેમ ભાગવતજી સાધનરૂપ છે તેમ શ્રી ભાગવતજી સ્વયં ફલરૂપ પણ છે.'નિગમ કલ્પતરોર્ગલિતં ફલમ્' વેદરૂપી કલ્પવૃક્ષની શાખાએ પ્રકટીને, પરિપકવ બનીને આ ફલ આ લોકમાં અવતર્યું છે.

જીવન્મુક્ત, ભગવલ્લીલામાત્રૈકજીવી, કથારસાસ્વાદમાં લુબ્ધ પરમ ભગવદીયોમાટે શ્રી ભાગવતજી સાક્ષાત્ ભગવદરૂપ જ છે. ફલરૂપ ભાગવતજીનો સંબંધ થતાં જ જીવને પાંચ સિદ્ધિઓ સાંપડે છે. (૧) સાક્ષાત્ ભગવતપ્રવેશ (૨) સર્વ સંદેહ નિવારણ (૩) ભગવત્કૃપા (૪) સર્વત્ર નિર્ભયત્વ તેમજ (૫) ભગવાન પર પરમ પ્રેમ.

વૈષ્ણવે શ્રી ભાગવતજીનું નિત્ય રસપાન કરવું જોઈએ. ગાયત્રીમંત્ર બીજ છે, વેદ તેનું વૃક્ષ છે. અને શ્રીમદ્ ભાગવત ફલ છે.આ ફલમાં અપ્રાકૃત દિવ્ય, નિત્ય લીલારૂપી રસ રહેલ છે. નીરસ કશું જ નથી. જેને શ્રી ભાગવતજી મળ્યા તેને ભગવાન ફલ રૂપે મળ્યા.

ભાગવત શ્રવણ.

કોના મુખેથી ભાગવત કથા શ્રવણ કરવી તે પણ ભાગવત માહાત્મ્યમાં સૂચવાયું છે. 'વિરકતો વૈષ્ણવો વિપ્રો વેદશાસ્ત્રવિશુદ્ધિકૃત્ । દ્રષ્ટાંત કુશલો ધીરો વક્તા કાર્યોડતિનિઃ સ્પૃહઃ ॥ જે વૈરાગ્યવાન હોય, વેદ અને શાસ્ત્રના સંદેહ દૂર કરનાર હોય, દ્રષ્ટાંતમાં કુશળ, ધીર, તૃષ્ણારહિત હોય એવા વૈષ્ણવ બ્રાહ્મણ પાસેથી શ્રી ભાગવત શ્રવણ કરવું.

શ્રી નંદરાયજીના ભાઈ 'ધરાનંદ' શ્રી મહાપ્રભુજીના સમયમાં દિનકરદાસ નામે માળવામાં કાયસ્થ પરિવારમાં જન્મેલાં. તે શ્રી મહાપ્રભુજીના સેવક થયેલા. તેમના ભાઈ મુકુંદદાસ નંદજીના ભાઈ 'ધ્રુવનંદ' હતા. આ મુકુંદદાસને સર્પદંશથી વિષ ચઢેલું. કાશીમાં

કૃષ્ણદાસ મેઘને શ્રી મહાપ્રભુજીનું ચરણામૃત પીવરાવીને તેમનું ઝેર ઉતારેલું તે પણ શ્રી મહાપ્રભુજીના અનન્ય સેવક થયેલા. એક સમયે મુકુંદદાસ ઉજ્જૈનના કારકુન થઈને ગયા ત્યારે ઉજ્જૈનના બ્રાહ્મણ પંડિત તેમને મળવા આવ્યા અને તેમને કહ્યું, "અમે તમને ભાગવત સંભળાવીએ." મુકુંદદાસે કહ્યું, "નવરાશ મળશે ત્યારે સાંભળીશું." થોડા દિવસ બાદ મુકુંદદાસ ચોપડ રમતા હતા ત્યારે પંડિતે આવીને કહ્યું," તમે કહો તો ભાગવત સંભળાવું." ત્યારે મુકુંદદાસ બોલ્યા નવરાશ છે અને ભાગવત સાંભળવાને માટે કહો છો કે નવરાશ હશે ત્યારે સાંભળીશું ! આમ કેમ ? "મુકુંદદાસ કહે," અમારૂં ભાગવત જાણો છો ? એ જાણતા હો તો સંભળાવો ?"

વાસ્તવમાં વાત એમ હતી કે એ પંડિત વિદ્વાન તો હતા પરંતુ વૈષ્ણવ ન હતા. ભાગવત કથા વૈષ્ણવના મુખે જ સાંભળવી એવી આજ્ઞા છે માટે મુકુંદદાસ એને ટાળતા હતા સિદ્ધાંત તો એ છે કે ભગવદીયના મુખેથી ભગવત્કથા સાંભળવી.

એક દિવસ સૂર્યગ્રહણ સમયે મુકુંદદાસ નદીમાં રહીને સ્નાન કરતાં કરતાં ભગવન્નામનો જપ કરતા હતા. પેલા પંડિતે આવીને કહ્યું, "તમારૂં ભાગવત તો સંભળાવો." ત્યારે મુકુંદદાસે ભાગવતનો એક શ્લોક કહીને એનું વિવેચન કરવા માંડ્યું લગભગ ૨૪ કલાક વીતી ગયા. પંડિતે કહ્યું : "દિવસ આખો વીતી ગયો. હવે શ્લોક ક્યારે પૂરો કરશો ? ત્યારે મુકુંદદાસે કહ્યું, " આ શ્લોકનું વિવેચન છ માસે પૂરૂં થશે !" પંડિતને પરમ આશ્ચર્ય થયું તેણે કહ્યું, આ પરમાત્માએ આપેલ સામર્થ્ય છે આ પરમાત્માની શક્તિ છે નહીં તો જીવ શું જાણે ?

સાચે જ, શ્રી ભાગવતનો મર્મ ભગવત્કૃપા સિવાય સમજવો સરળ નથી જ. આ કૃપાશાસ્ત્ર છે તે માત્ર વિદ્યા કે બુદ્ધિવ્યાપાર થી જાણવું સુલભ નથી.

જો લોં હરિ આપુનપોં ન જનાવે
તો લોં વેદપુરાને સ્મૃતિ સબ, પઢે સુને નહિં આવે...
સુનિ વિરંચિ નારાયણ મુખસોં, નારદ સોં કહી દીનો
નારદ કહિ વેદવ્યાસસોં, આપ સોધ નહીં કીનો...
વેદવ્યાસ ઔષધ કી નાંઈ, પઢિ તન તાપ નસાયો
તિનતેં પઢેં મુનિ સુકદેવા, પરીક્ષિત કો જુ સુનાયો...
જદપિ નૃપતિ સુનિ વ્રજલીલા, દસમ કહી સુકદેવા
તોઉ સર્વાત્મભાવ ન ઉપજયો, તાતેં કરી ન સેવા...
શ્રી ભાગવત અમૃત દધિ મથિકેં શ્રી વલ્લભ સર્વોત્તમ
કરિ આવરન દૂરિ નિજજનકે, હાથ દિયે પુરૂષોત્તમ...
સેવા અરૂ શૃંગાર વિવિધ રસ શ્રી વલ્લભ પ્રકટાયો
કરિ કૃપા નિજદૈવી જીવન પર' હરજીવન' સ્વાદ ચખાયો...

ગીતામાં ભગવાનનું વચનામૃત છે કે, "ભકત્યા મામભિજાનાતિ યાવાન્યશ્ચાસ્મિ તત્વતઃ" ભક્ત મારી પરમ ભક્તિ દ્વારા, હું કેવો છું. અને કોણ છું. એ યથાર્થરૂપે જાણે છે અને એ યથાર્થજ્ઞાન પછી જ એ મારામાં પ્રવેશ કરે છે. " આ કીર્તનમાં ય એ જ ભાવ છે. માનવી વેદ, શાસ્ત્ર, સ્મૃતિ, પુરાણ આ બધું ગમે તેટલું વાંચે, સાંભળે પરંતુ જ્યાં સુધી સ્વયં ભગવાન તેને પોતાના સ્વરૂપનું જ્ઞાન પ્રદાન ન કરે ત્યાં સુધી તે કશું જ જાણતો નથી.

શ્રી ભાગવતના આદ્ય વક્તા સ્વયં નારાયણ છે. બાકીના બધા તો પરંપરા નીભાવે છે. ભગવાન નારાયણે ભાગવત જ્ઞાન બ્રહ્માજીને આપ્યું, બ્રહ્માજીએ નારદજીને નારદે વેદવ્યાસને સંભળાવ્યું. વ્યાસજી એ તેને ઔષધની જેમ સેવન કરીને પોતાનો ક્લેશ દૂર કર્યો અને તે શુકદેવજીને વક્તા - શ્રોતા ઉત્તમ હોય તો ય અધિકાર ભેદ અનુસાર ફલ ભેદ તો રહેવાનો જ. શ્રી શુકદેવજી પાસેથી રાજાએ ભાગવત શ્રવણ કર્યું, દશમ સ્કંધની પરમ મધુર વ્રજલીલા ય સાંભળી પરંતુ મોક્ષનો અધિકારી રાજા ભક્તિનો મર્મ સમજી ન શક્યો. ભગવાની આ મધુરાતિમધુર લીલા શ્રવણ કર્યા બાદ પણ રાજાને ન તો સર્વાત્મભાવ ઉપજ્યો અને ન રાજાને ભગવાનની સેવામાં પ્રીતિ જાગી.

શ્રી ભાગવત ઉપદેશમાં રહેલ મર્યાદા આવરણ ને શ્રી મહાપ્રભુજી એ દૂર કર્યું, આ અમૃતસમુદ્રનું મંથન કરીને સાક્ષાત્ સેવા રૂપ પરમ રસને પ્રકટ કર્યો. સૌ સેવકોને ભગવાન જ હસ્તગત કરી આપ્યા.

ભગવદીય મહિમા

હરિજન તે હરિરૂપ છે., તેને મૂરખ નિજ સમ જાણે;
જેમ શશી સાગરમાં હતો, માન્યો મીને મીન પ્રમાણે;
મીન પ્રમાણે થયો નહીં સોમ, મકર રહ્યા જળ, તે વસ્યો વ્યોમ;
તેમ વૈષ્ણવ વૈકુંઠે જાશે, અધમ તે અહીંના અહીં અથડાશે
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ

ભગવદીયોનો સંગ શા માટે કરવો જોઈએ એ સમજાવવા માટે ભગવદીય મહિમા નું વર્ણન કરે છે. સંસારના સાધારણ મનુષ્યો ભક્તો - સંતો અને મહાત્માઓની મહાનતા જાણી શકતા નથી. જેનામાં થોડી પણ વિવેકશક્તિ છે. તેણે જાણવું સમજવું જોઈએ કે, જે હરિભક્તો છે તે શ્રી હરિનાં જ રૂપ છે. પરંતુ ભગવાનના કોઈ કૃપાપાત્ર જીવને ભગવાન - ભગવદીયની એકતા સમજાય છે. બાકી સર્વ સામાન્ય માણસો, સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા માછલાંઓએ, સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા ચંદ્રમાને પણ પોતાના જ જેવું એક માછલું માની લીધું હતુ. પરંતુ થોડીવાર બાદ સૌનો ભ્રમ ભાંગી ગયો. માછલાં જળમાં ત્યાંના ત્યાં જ રહ્યા અને ચંદ્રમા આકાશમાં જઈને વસ્યો. હરિભક્તોની દિવસે દિવસે ઉન્નતિ થવાની, તેઓ પ્રભુના દિવ્ય ધામમાં પહોંચવાના અને સંસારી જીવો 'પુનરપિ જનનં પુનરપિ મરણમ્'

જન્મમરણના બંધનમાં ફસાઈને અથડાતા રહેવાના. માટે શ્રી હરિના જનોને શ્રી હરિનાં જ રૂપ સમજીને આદર આપવો.

ચાર વર્ણમાં શ્રેષ્ઠ સર્વથી; બ્રાહ્મણ વર્ણ વિખ્યાત;
તે સહુના પણ કહાવે શિરોમણી, મ્હોટા મુનિવર સાત.
તે સાતે કરે ધ્રુવની પરિક્રમા, ધ્રુવ સુત ક્ષત્રી ને તે સુતબ્રહ્મા;
વિબુધ વિચાર કરો તમો એહ, ભક્ત મોટા કે બ્રાહ્મણ દેહ ?
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ...

ભગવદ્ ભક્તનું સ્થાન સૌથી ઊંચું છે એ સનાતન સત્ય છે. આ સત્ય શ્રી ધ્રુવજીના ઉદાહરણથી સમજાવાયું છે. ૮૪ લાખ શરીરોમાં સૌથી ઉત્તમ શરીર માનવીનું શરીર છે, તો માનવીમાં ચાર વર્ણમાં બ્રાહ્મણને ઉત્તમ માનેલ છે. તેમાંય ઋષિ ઉત્તમ કહ્યા છે. સર્વ ઋષિઓમાં સપ્તઋષિઓ શિરોમણિ છે. પણ આ સપ્તર્ષિઓ નિરંતર શ્રી ધ્રુવજીની પરિક્રમા કરતા રહે છે.

સ્થૂળ દ્રષ્ટિથી જોઈએ તો ક્યાં ધ્રુવ અને ક્યાં સપ્તર્ષિઓ ! ધ્રુવએ પાંચ વર્ષનો બાળક, ક્ષત્રિયનું સંતાન, જ્યારે સ્વયં બ્રહ્માના માનસપુત્રો, મહાઋષિઓ, સકલ વિશ્વમાં સૌને વંદનીય ! આમ છતાં આ સપ્તર્ષિઓ શ્રી ધ્રુવજીની પરિક્રમા કરીને જગતને ભગવદીયની મહાનતાનો ખ્યાલ આપે છે.

જાતિ, વર્ણ, કુળ, જ્ઞાન, વિ.ની ઉત્તમતા ન હોય તો ય ' હરિકો ભજે સો હરિકો હોઈ' જે હરિને ભજે તે હરિના જેવા જ કહેવાય છે. ભગવાન શ્રી રામે શબરી ને ઉપદેશ આપતા તો ત્યાં સુધી કહ્યું કે, "સાતવઁ સમ મોહિ મય જગ દેખા । મોતેં સંત અધિક કરિ લેખા" તારે આખા જગતને મારાથી વ્યાપ્ત - રામમય જોવું . પરંતુ સંતજનોને તો મારાથી ય અધિક જાણવા. પ્રભુના આ વચનોમાં જરાય અનૌચિત્ય કે અતિશયોક્તિ નથી. ભગવાનની શક્તિ બે પ્રકારના કાર્યોમાં વહેંચાઈ છે. એ બે છે, અનુગ્રહ શક્તિ અને નિગ્રહ શક્તિ. એટલે કે ભગવાન ક્યારેક અતિ આર્દ્ર બનીને કૃપા ય વરસાવે તો ક્યારેક કઠોર બનીને નિગ્રહ લીલા પણ કરે. દુષ્ટને દંડ દેતી વખતે એને કઠોર થવું જ પડે છે. પરંતુ 'મોતેં સંત અધિક કરિ લેખા' એ વચનામૃતનો અર્થ જ એ કે સંતજનો, ભગવદીયજનો તો નિગ્રહ કરી જાણતા નથી. એ કદી કોઈની સાથે કઠોર થઈ શકતા નથી. ભગવદીયોના હૃદયની તુલના માખણ સાથે ય ન કરી શકાય કેમકે માખણ નિજ તાપના કારણે દ્રવે છે જ્યારે સંતો અન્યને સંતપ્ત જુવે છે, ત્યારે ય દ્રવી જાય છે.

●

સત્સંગ

અયં હિ પરમો લાભો નૃણાં સાધુ સમાગમ: મનુષ્યને તો આ જ પરમ લાભ કે જે ભગવદીયનો સમાગમ કરાવે.

સત્સંગ અને શ્રી ભાગવત એ બે ભગવાનના આધિભૌતિક ચરણ છે.

ભાગ્યોદયેન બહુજન્મ સમર્જિતેન, સત્સંગમં ચ લભતે પુરુષો યદા વૈ ।
અજ્ઞાન હેતુ કૃત મોહમદાન્ધકાર, નાશં વિધાય હિ તદોદયતે વિવેક: ॥

જ્યારે મનુષ્ય અનેક જન્મ વડે પ્રાપ્ત કરેલા પુણ્યથી અને ભાગ્યોદય થાય ત્યારે સત્સંગ મેળવે છે. સત્સંગના પરિણામે, તેનામાં ઉત્પન્ન થયેલા અજ્ઞાનના પરિણામો જેવા કે મોહ અને મદ નો નાશ થાય છે. અને સાર - અસારને સમજવાની બુદ્ધિરૂપ વિવેકનો ઉદય થાય છે.

અજ્ઞાનપૂર્વક થયેલો દુ:સંગ જન્મમરણરૂપ ભવગતિનું કારણ બને છે. તો વિવેકપૂર્વક કરેલ સત્સંગ, મુક્તિનું કારણ બને છે.

સત્સંગની એક પળની સરખામણી સ્વર્ગની કે મોક્ષની સાથે પણ ન થઈ શકે. સ્વર્ગસુખ અને મુક્તિસુખ પણ જો તેની તુલનામાં તુચ્છ છે તો માનવીય-વિષયભોગસુખની તો વાત જ ક્યાં રહી ?

ભગવદીયોના સંગમાં તો ભગવત્કથાનો, હરિગુણગાન નો પ્રવાહ વહે છે. આ પ્રવાહ જીવની સમગ્ર તૃષ્ણાનો નાશ કરે છે. આ પ્રવાહમાં સ્નાન કરનારને સર્વ પ્રાણી સાથે મૈત્રીભાવ પ્રકટે છે. સત્સંગના પરિણામે મનમાં ઉદ્વેગને કોઈ સ્થાન રહેતું જ નથી. સત્સંગને માટે સર્વ સંગનો ત્યાગ કરવો જોઈએ.

જેના સ્વભાવમાં સાધુતા હોય જે હંમેશા શ્રીકૃષ્ણની નિષ્કામ ભક્તિનો બોધ કરે જે નિરપેક્ષ અને સાત્વિક હોય તેનો સંગ સતસંગ કહેવાય.

સેવા કુર્વન્ સદાચારો ધર્મમાર્ગ સ્થિતોऽપિ ચ ।

અવિરૂદ્ધવચો વક્તા હ્યવિરૂદ્ધકૃતિપ્રિય: ॥ જે વૈષ્ણવ ભગવત્સેવા કરતો હોય, જેનું જીવન સદાચારમય હોય, ધર્મમાર્ગમાં જેની સ્થિતિ હોય, આ ભગવન્માર્ગને અનુરૂપ વચન બોલનાર હોય તેમજ અનુરૂપ કર્મ કરવામાં પ્રીતિવાળો હોય, તેવા વૈષ્ણવનો સંગ કરવો એ સત્સંગ કહેવાય.

સંસારેऽસ્મિન્ ક્ષણાર્ધોऽપિ સત્સંગ શેવધિર્નૃણામ્ આ સંસારમાં એક અડધી ક્ષણનો સત્સંગ પણ મોટા ખજાનારૂપ છે.

વહ્નિવદ્ ભગવદ્ભાવઃ સત્સંગવ્યવધાનતઃ ।
નાશયેત્સંસૃતિં યદ્વત્પાત્રવ્યવહિતંજલમ્ ॥

ભગવદ્ભાવ અગ્નિ જેવો છે. દુઃસંગ, સંસાર આસક્તિ વિ. જલ સમાન છે. જલનો અગ્નિ સાથે સીધો સંબંધ થાય તો જલ અગ્નિને ઠારી દે. પરંતુ જો જલને પાત્રમાં ભરીને અગ્નિ પર મુકવામાં આવે તો અગ્નિ જલને બાળી નાખે છે. જો દુઃસંગ, સંસારાસક્તિ વિ. ને સત્સંગરૂપી પાત્રમાં રાખવામાં આવે તો ભગવદ્ભાવરૂપી અગ્નિ દુઃસંગ આદિ દોષોને નષ્ટ કરી દેશે. (શિક્ષાપત્ર)

તૃતીય શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજીનું એ સત્સંગની ઉપયોગિતા વિશે ઘણી સુંદર ચર્ચા કરી છે.

વૈષ્ણવને બ્રહ્મસંબંધ દ્વારા ભગવદ્ભાવરૂપી નિધિ સાંપડેલ છે. આ ભગવદ્ભાવનો શત્રુ દુઃસંગ છે. આપણે ભગવદ્ભાવનું દુઃસંગથી સદા રક્ષણ કરવું જોઈએ. લોક સંકોચ ત્યજીને ય ભગવદ્ભાવનું રક્ષણ કરવું જોઈએ. શ્રી હરિરાયજી એક સુંદર ઉપમા આપે છે.

ભગવદ્ભાવ અગ્નિરૂપ છે અને લૌકિક સંબંધ લૌકિક સ્નેહ જલ જેવો છે. જલ જેમ અગ્નિનો નાશ કરી દે છે. અગ્નિને ઠારી દે છે તેમ ભગવદ્ભાવની રક્ષા કરવામાં ન આવે તો લૌકિક સ્નેહ તેને ઠારી દે છે, શાંત કરી દે છે.

સામાન્ય નિયમ તો એવો જ છે કે જલ જો અગ્નિના સંપર્કમાં આવે તો અગ્નિને બુઝાવી દે છે પરંતુ એક ઉપાય એવો છે કે જલ અગ્નિનો નહીં પરંતુ અગ્નિ જ જલનો નાશ કરી દે ! જો જલને કોઈ પાત્રમાં ભરીને અગ્નિ પર રાખવામાં આવે તો અગ્નિ જ ધીરે ધીરે જલને નષ્ટ કરી નાખે છે. વૈષ્ણવ જો પોતાના ભગવદ્ભાવરૂપી અગ્નિ પર સત્સંગનું પાત્ર રાખે અને સઘળી લૌકિકતા જો સત્સંગના પાત્રમાં ભરી દો તો ભગવદ્ભાવ ધીરે ધીરે લૌકિક આસક્તિનો તેમ જ દુઃસંગનો નાશ થઈ શકે છે, અન્ય ઉપાય સંભવ જ નથી.

સત્નો સંગ સત્સંગ છે. આ વિષયમાંય ભગવદીયોનો મહિમા મોટો છે. સર્વ ભગવદીયોમાં સદા સદ્ભાવ રાખીને રહેવું. કારણકે ભક્તિમાર્ગમાં એમની સહાય જ મુખ્ય જાણવામાં આવી છે.

ભગવદીય સંગની અમોઘતાનો પુરાવો ચાચા હરિવંશજી વિશે શ્રી ગુસાંઈજીનો અભિપ્રાયમાંથી સ્પષ્ટ સાંપરે છે શ્રી ગુસાંઈજી ગુજરાત પધાર્યા ત્યારે એક ગામમાં મુકામ કર્યો તેની આ વાત છે. શ્રી ગુસાંઈજીના સેવકે ગામમાં તપાસ કરીને કહ્યું, "આ ગામમાં એકે વૈષ્ણવ નથી". ત્યારે આપશ્રીએ કહ્યું, "આ રસ્તે ચાચાજી કદી પણ નીકળ્યા નહીં હોય. આ રસ્તે તે નીકળ્યા હોત તો એકાદ વૈષ્ણવતો જરૂર થાત."

ભગવદીયતાનો નિર્વાહ ભગવદીયના સંગે જ થાય છે. ગુજરાતના પ્રવાસમાં શ્રી ગુસાંઈજીએ એક વૈષ્ણવને પૂછ્યું, "આ ગામમાં બીજો કોઈ વૈષ્ણવ હોતા નથી તો પછી તારો નિર્વાહ કેમ કરીને થાય છે ?" વૈષ્ણવે ઉત્તર આપ્યો, "મહારાજ ! અહીં એક વૃક્ષ વૈષ્ણવ છે.

રોજ તેની સાથે સત્સંગ કરૂં છું. તેની સંગે મારી વૈષ્ણવતા ટકી રહી છે."

એ વૃક્ષ પણ સાચે જ વૈષ્ણવ હતું. કોઈક અપરાધથી એને વૃક્ષત્વ પ્રાપ્ત થયેલ.

નિર્દોષ તથા ચિંતારહિત ભગવદીયોની સાથે મળીને જીવોએ સદા શ્રી હરિનું સ્મરણ-ભજન વિ. કરવા રૂપી સત્સંગ કરવો જોઈએ. સત્સંગ દ્વારા પુષ્ટિમાર્ગીય સાધનમાં અને પુષ્ટિમાર્ગમાં નિષ્ઠા રાખી સર્વદા સત્સંગ ને જ સેવવો.

શ્રી હરિરાયજીનો સત્સંગ માટે તાપ સર્વ પુષ્ટિજીવો માટે અત્યંત પ્રેરક છે. "અમને ભગવદીયોનો સંગ દુર્લભ છે, ચિત્ત પણ સાધનના અભાવ થી આપોઆપ ભગવાનથી વિમુખ રહે છે. ભગવાનદાસ, વ્રજપાલ વિ. ભગવદીયોના વિયોગમાં મારૂં મન દુ:ખી થાય છે. કદાચિત્ તમારા જેવાનો સંગ થશે તો ચિત્ત હતું તેવું (ભક્તિમય) થઈ જશે. પરંતુ એ પ્રસંગ ક્યારે આવશે, એની કોને ખબર ? કોણ જાણે ભગવદીયોનો સંગ ક્યારે સાંપડશે ?"

ભગવદીયના હૃદયમાં સત્સંગનો ય વિરહ તાપ હોવો જોઈએ. દૈવયોગે જો મને સત્સંગ નહીં મળે તો મારા ભગવદ્ભાવને પોષણ નહીં મળે અને ચિત્ત દોષ અને કલેશથી ભરાઈ જશે. આમ થતાં ભગવદાશ્રય શિથિલ થઈ જશે અને પરિણામે મારી શી ગતિ થશે ? એમ ચિંતન કરતાં સત્સંગ માટે આતુરતા રાખવી.

જેનો સંગ કરવો જોઈએ એવા ભગવદીયો ય દુર્લભ છે અને એવા ભગવદીયોનો સંગ પણ દુર્લભ છે. આમ છતાં વૈષ્ણવે નિરાશ ન થવું. કૃપાળુ પ્રભુ ભક્તમાં સત્સંગ માટેની, ભગવદીય સંગ માટેની આતુરતા જોશે ત્યારે તુરત જ શ્રી વલ્લભચરણાનુરાગી ભગવદીયનો સંગ કરાવશે.

સંગનો રંગ લાગ્યા વગર રહેતો નથી. શ્રી દયારામ એક અદ્ભૂત વાત પ્રસ્તુત કરે છે. ભગવદીયત્વનો, વૈષ્ણવત્વનો, રંગ જો સાચો હશે, પાકો હશે તો એ પ્રસરશે જ.

"તુજ સંગે કોઈ વૈષ્ણવ થાય તો તું વૈષ્ણવ સાચો.
તારા સંગનો રંગ ન લાગે ત્યાં સુધી તું કાચો !"

સાચા વૈષ્ણવનો સંગ કદી વ્યર્થ જતો નથી. અનેક અનેક જીવોનો ઉદ્ધાર ભગવદીયોના સંગથી થયો છે. વૈષ્ણવના સંબંધથી કેટકેટલા જીવો લૌકિકતામાં મુક્ત થઈને ભગવાનનો આશ્રય પામ્યા છે.

સિંહનંદના વાસી વાસુદેવદાસ છકડા ખૂબ જ બળવાન. એ તેર ચૌદ વર્ષના હતા ત્યારે એમણે હાકેમના સિપાઈઓને હરાવેલા. ભારે વજનદાર છકડા વડે એમણે અદ્ભૂત પરાક્રમ બતાવેલું માટે બધા તેમને વાસુદેવદાસ છકડા કહેતા. એમને પોતાના બળનું ખૂબ અભિમાન. ગામમાં સૌ એમનાથી ડરે.

એક દિવસ શ્રી આચાર્યજી તેમના સેવકો સહિત થાનેશ્વર પધાર્યા. કૃષ્ણદાસ મેઘન સરસ્વતીમાં સ્નાન કરતા અને વાસુદેવદાસ છકડા ય ત્યારે સ્નાન કરવા આવ્યા. જળ

ઉછાળતા ઉછાળતા તે આવ્યા એટલે કૃષ્ણદાસે તેમને કહ્યું, "તું કોણ છે ! છાંટા ઉડાડતો આવે છે ! થોડે દૂર સીધી રીતે નહાને ! "કૃષ્ણદાસના આ શબ્દો સાંભળતાં જ વાસુદેવદાસના ક્રોધનો પાર ન રહ્યો. બળનું અભિમાન તો હતું જ અને એમાં એક દુર્બલ દેખાતા માણસે એમનું અપમાન કર્યું ! તેમણે કૃષ્ણદાસને મારવા હાથ ઉગામ્યો અને કૃષ્ણદાસે એમના બંને હાથ પકડી લીધા. વાસુદેવદાસે ઘણું બળ અજમાવ્યું પણ તે પોતાના હાથને છોડાવી ન શકયા ! તેમને પરમ આશ્ચર્ય થયું. પોતાની હાર માનીને એમણે કૃષ્ણદાસનો પરિચય માગ્યો. કૃષ્ણદાસે પોતાનો નહીં પણ ગુરૂદેવ શ્રી મહાપ્રભુજીનો પ્રતાપ જણાવ્યો વલ્લભીય એવા કૃષ્ણદાસને પ્રતાપે વાસુદેવદાસ શ્રી મહાપ્રભુજીના અનન્ય સેવક બન્યા.

વાંસવાડાના ગોપાલદાસ એવા ભગવદીય હતા કે જેમના અલ્પ સંગથી પદ્મા રાવલ, માવજી પટેલ અને વિરજો આ ત્રણેને રાવલ ગોપાલદાસને ત્યાં આવ્યા. તેમને અને તેમના યજમાન માવજી પટેલને દ્વારિકાના રણછોડજીમાં ઘણી આસક્તિ. ત્રણે એમના દર્શન માટે ઉત્સુક હતા. શ્રી ગોપાલદાસે કહ્યું, "પ્રયોગ પાસે અડેલમાં બિરાજના શ્રી મહાપ્રભુજી શ્રી રણછોડજીનું જ પ્રાકટય છે. દ્વારિકાવાળા રણછોડજી તો તમારી સાથે બોલે ચાલે નહીં જ્યારે આ રણછોડજી તો પ્રકટ છે. "આ વાત સાંભળીને પદ્મા રાવલ, માવજી પટેલ અને એની પત્ની વિરજો ત્રણે અડેલ ચાલ્યા, આ ત્રણેને ત્યાં શ્રી યમુનાજીને સામે કિનારે શ્રી મહાપ્રભુજીના દર્શન થયાં. તેમનો શ્રી રણછોડજીમાં ભાવ હતો તેથી શ્રી આચાર્યજી એ તેમને શ્રી રણછોડજી રૂપે દર્શન આપ્યાં. આમ ભગવદીયના સંગથી તેઓનો ઉદ્ધાર થયો.

મણુંદના રાજા દુવે અને માધો દુવો પર પ્રસન્ન થઈને શ્રી મહાપ્રભુજીએ આ ઉદ્‌ગાર પ્રકટ કર્યા હતા. "અબ અપને ઘર જાય સેવા કરો. જાકોં નિરોધ ભયો, વાંકો બહુત બોલનો, દેસ ફિરનો નહીં. તાતે ઘર જાઊં. દૈવી જીવ આવે તિનકોં નામ દીજો. તુમકોં તો નિરોધ સિદ્ધ ભયો, ઔર જો તુમારો સંગ મન લગાય કે કરેગો, તાહુકોં નિરોધ સિદ્ધ હોયગો."

આનો અર્થ એ કે જેમના ચિત્તનો ભગવાનમાં નિરોધ થઈ ચૂકયો હોય, ભગવાનની સેવા સ્મરણ રૂપ ભક્તિમાં તરબોળ થઈ ચૂક્યા હોય એવા વૈષ્ણવનો સંગ, હૃદયપૂર્વક સંગ કરે જો કોઈ કરે તો તેનો પણ ભગવાનમાં નિરોધ સિદ્ધ થઈ જાય છે.

હરિજન સંગ છિનક જો હોઈ ।
કોટિ સ્વર્ગ સુખ, કોટિ મુક્તિ સુખ, તિહિ સમ લહૈ ન કોઈ ॥
ભૂરિ ભાગ્ય પુણ્યસંચિત ફલ, કૃષ્ણ કૃપા હ્વૈ જાકો ।
'સૂરદાસ' હરિજન પદ મહિમા, કો કહિ સકૈ તાકો ... ॥

'એક ઘડી આધી ઘડી આધીમેં પુનિ આધ' ઘડી, પળ માટે પણ કરેલો સત્સંગ મનુષ્યને તારે છે, ઉદ્ધારે છે કરોડ કરોડ સ્વર્ગમાં વસવા કરતાં, કરોડ કરોડ મુક્તિનું સુખ પામવા છતાં જે સુખ ભગવદીયના સંગમાં છે તે બીજે ક્યાંય નથી. સ્વર્ગ કે મુક્તિનું પરમસુખ પણ સત્સંગના પલવારના સુખની બરાબરી ન કરી શકે.

માનવીનો ભાગ્યોદય થવાનો કાળ આવ્યો હોય, એના પૂર્વ પુણ્યને ફલિત થવાનો સમય આવ્યો હોય અને તેના પર પૂર્ણ પુરૂષોત્તમ શ્રી કૃષ્ણની કૃપા ઉતરી હોય તેને જ સત્સંગ સાંપડે છે, તેને જ સત્સંગ સમજાય છે અને સત્સંગ જ અમોઘ બને છે.

સત્સંગ દુર્લભ છે, અગમ્ય છે અને અમોઘ છે. અહંકારથી સત્સંગ કરે તો તે ફલિત ન થાય. શ્રી સુબોધિનીના લહિયા, માધવભટ્ટ કાશ્મીરીના ગુરૂ કેશવભટ્ટ હતા. માધવ ભટ્ટ અને કેશવ ભટ્ટ બંને શ્રી મહાપ્રભુજીના મુખારવિંદથી કથા સાંભળવા આવતા. માધવ ભટ્ટને શ્રી મહાપ્રભુજીની ભક્તિ પ્રાપ્ત થઈ તેમને કથાના સિદ્ધાંતનું જ્ઞાન થયું. એક વૈષ્ણવે શ્રી આચાર્યજીને પૂછયું, "કેશવ ભટ્ટ અને માધવ ભટ્ટ બંને એ આપની કથા સાંભળી પણ માધવ ભટ્ટને જ્ઞાન થયું અને કેશવ ભટ્ટને ન થયું ! આમ કેમ ! "ત્યારે શ્રી મહાપ્રભુજીએ ઉત્તર આપ્યો કે, "કેસવ ભટ્ટને બરાબરી બૈઠિકે કથા સુની તાસોં બોધ ન ભયો ઔર માધવ ભટ્ટ દાસ ભાવસોં મન લગાય કે સુન્યો. તાતેં યાકોં બોધ ભયો." કેશવ ભટ્ટે સત્સંગ તો કર્યો કથા તો સાંભળી પરંતુ એમના હ્રદયમાં શ્રી મહાપ્રભુજી માટે દાસભાવ ન હતો તેથી તેમને જ્ઞાન ન થયું જ્યારે માધવ ભટ્ટે દાસભાવ રાખીને કથા શ્રવણ કર્યું. તેથી તેમને સ્વરૂપ અને સિધ્ધાંત બંનેનું જ્ઞાન થયું. દાસભાવ વિના સત્સંગ ફલિત નથી.

ભગવદીય મહિમા -

બ્રહ્માદિક વ્રજભક્તની પદરજ વંદે ગુણધામ,
દુર્વાસા ઋષિએ દીન થૈ કર્યો અંબરીષને પ્રણામ,
કર્યો પ્રણામ જ્યારે અથડાયા, વળી શબરિ પદજળ દ્વિજ નાહ્યા;
હરિજનથી મોટું નહિ કોય દુભવે તે દુઃખ પામે પત ખોય
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

ભગવદીયજનો સર્વથા સૌને વંદનીય છે. બ્રહ્માજીએ ભૃગુઋષિને કહેલું કે, " વ્રજવનિતા ગોપીઓની ચરણરજને પામવા માટે મેં સાઠ હજાર વર્ષ ઉગ્રતપ કર્યું હતું છતાં મને એમની ચરણરજ મળી તો નહીં જ." ઉદ્ધવજી વ્રજભક્તોની ચરણરજનો અભિષેક મળે એટલા માટે વૃંદાવનની વૃક્ષયોનિમાં જન્મ લેવાની અભિલાષા કરે છે.

ભગવદીય અપરાધ અક્ષમ્ય છે. ક્રોધમાં આવીને દુર્વાસાજીએ અમ્બરીષના ઉપર કૃત્યા તો છોડી દીધી પરંતુ એમની જ પાછળ પ્રભુનું સુદર્શન ચક્ર પડતાં ભારે દુઃખ પામ્યા. ઘણું ભટક્યા પરંતુ કોઈએ એમને આશ્રય ન આપ્યો જ્યારે એમણે અમ્બરીષ પાસે પ્રણામ કરીને ક્ષમા માંગી ત્યારે જ ચક્ર શાંત થયું. સમર્થને ય ક્ષમા નથી. ભગવાન રામ શબરીને ત્યાં પધાર્યા તે પછી ત્યાંના ઋષિઓએ શબરીના ચરણજળમાં સ્નાન કર્યું. આવો છે ભગવદ્ ભક્તનો મહિમા !

સંત સેવ્યે નારદ થયા, જુઓ દાસીસુત હરિભન,
તે સુરરુષિના સંગથી, શમી વ્યાસના ઉરની અગન;
અગન મટી સમજાવ્યા મર્મ, શ્રી ભાગવત રહ્યું છાંડીને કર્મ
ક્લેશ ટળે, કરે પ્રભુજન પ્રીત, દુભવેથી સાંતે સુક્રીત.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

ભગવન્માર્ગમાં ભગવાને સૌથી વધુ પ્રતિષ્ઠા ભક્તને આપી છે. સમાજની દ્રષ્ટિએ અતિ હીન કહેવાતા હોય એવાને અતિ ઉત્કૃષ્ટ પદની પ્રાપ્તિ આ ભગવન્માર્ગમાં જ થઈ શકે છે.

નારદ, આગલા જન્મમાં એક દાસીપુત્ર હતા. કોઈ જ યોગ્યતા ન હતી. છતાં એમને અનાયાસે મળેલા સત્સંગનું કેવું મહાન ફળ સાંપજ્યું ! એમની માતા સંતોની સેવા કરી, બાલકને ય અનાયાસે સંતદર્શન અને સત્સંગ, હરિકથાનો લાભ મળ્યો આનું પરિણામ એ આવ્યું કે શ્રીનારદ બીજા જન્મમાં બ્રહ્માના માનસ પુત્ર થઈ જન્મ્યા એટલું જ નહીં એ ભગવાનના અંશાવતાર ભગવાનના મનરૂપ થઈ શક્યા. જ્યારે વેદવ્યાસ જેવા મહાનુભાવને પોતાના જીવન-કાર્યમાં અકૃતાર્થતાનો અનુભવ થયો અને એ ઉદાસ થયા ત્યારે શ્રી નારદે એમને ભગવાનનો યશ ગાવાનો ઉપદેશ કર્યો. શ્રીમદ્ ભાગવતરૂપે ભગવાનની અવતાર લીલાઓનું યશોગાન કરીને વ્યાસજી સંતુષ્ટ થયા, ધન્ય થયા.

જે પ્રભુના પ્યારા એવા ભગવદીયો સાથે પ્રીતિ રાખે છે, એમનું સન્માન કરે છે, એમના સંગમાં રહીને એમની સેવા ટહેલ કરે છે. એ જીવના સર્વ ક્લેશ, આધિ, વ્યાધિ અને ઉપાધિ ટળે છે.

જો કોઈ માનવી ભગવદ્ ભક્તને દુઃખી કરશે તો પ્રભુ એને કદી ક્ષમા નહીં કરે. પ્રભુ પોતાના દ્રોહીને ક્ષમા કરી શકે છે પણ ભક્તદ્રોહીને ક્ષમા કરી શકતા નથી એ યાદ રાખવા જેવું છે. પણ કોઈ ભગવદીયનો અપરાધ થઈ જાય તો નિઃસંકોચ એમના ચરણમાં આળોટી પડવું. ભગવદીયો તો ભગવાનથી ય વધુ કૃપાળુ છે, એ તુરંત ક્ષમા કરી દેશે અને એ ક્ષમા કરશે તો જ પ્રભુનો રોષ શાંત થશે.

●

દુઃસંગ

દુષ્ટનો સંગ, ખરાબનો સંગ એટલે દુઃસંગ. દુષ્ટના ય ત્રણ પ્રકાર છે. આધિભૌતિક દુષ્ટ, આધ્યાત્મિક દુષ્ટ અને આધિદૈવિક દુષ્ટ. **દુષ્કર્મા કર્મદુષ્ટ : સ્યાત્** દુષ્ટકર્મ કરનાર 'કર્મદુષ્ટ' કહેવાય છે. તે આધિભૌતિક દુષ્ટ કહેવાય છે. આને સત્ક્રિયા અને વાણીથી સુધારી શકાય.

જ્ઞાનદુષ્ટોऽન્યથાદૃશિ : વિપરીત દ્રષ્ટિવાળો તે જ્ઞાન દુષ્ટ કહેવાય. જ્ઞાનદુષ્ટ એ આધ્યાત્મિક દુષ્ટ છે. તેઓ જ્ઞાનશૂન્ય, વિપરીત જ્ઞાનવાળા હોય છે. તેમને સુધારવા કષ્ટ દાયક છે. છતાં પ્રયત્ન કરતાં તત્વબોધ વડે ક્યારેક તેઓ નિર્દોષ બની શકે છે. પણ **પ્રીતિશૂન્યો ભક્તિદુષ્ટ:** ભક્તિદુષ્ટ, આધિદૈવિક દુષ્ટ સ્નેહરહિત - ભાવરહિત હોય છે. તેમને સુધારવાનો કોઈ ઉપાય નથી. આ નીરસ જીવ કથાશ્રવણ, સત્સંગ વિ.થી ય સુધરતો નથી. તેનો તો વહેલી તકે ત્યાગ કરી દેવો.

ભગવાનથી વિરૂદ્ધ હોય, વેદથી વિરૂદ્ધ હોય, પુષ્ટિમાર્ગથી, શ્રી મહાપ્રભુજી અથવા વૈષ્ણવથી વિરૂદ્ધ હોય તેવાનો સંગ દુઃસંગ કહેવાય. ભગવત્સ્વરૂપ, ભગવત્પ્રસાદ અને ભગવત્સેવાની નિંદા કરે તેનો સંગ દુઃસંગ કહેવાય. શ્રી ભાગવતશાસ્ત્ર, ભગવદ્ વાક્યો, શ્રી આચાર્યજીના ઉપદેશથી વિરૂદ્ધ આચરણ કરે, તેનો સંગ દુઃસંગ કહેવાય. આવા દુષ્ટ જીવનો સંગ કરવાથી વૈષ્ણવે કરેલું ઉત્તમ સાધન પણ નષ્ટ થઈ જાય છે.

મહા અધિકારી હોય તો ય તેણે દુઃસંગથી સાવધાન રહેવું જોઈએ. એક હરણના બચ્ચાના સંગથી ભરતજી જેવા મહામુનિને ય હરણની જાતમાં જન્મ લેવો પડ્યો તો હાલના વિષમ અને દુષ્ટ એવા કલિકાલમાં જીવ સાવધાની ન રાખે તો એની દુર્ગતિ જ થાય. જો દુષ્ટનું સાંનિધ્ય આવી જ પડે તો ધૈર્યપૂર્વક મૌન રાખીને રહેવું.

ભગવદીયનો સંગ મળે તો હર્ષપૂર્વક ભગવદ્ વાર્તા કરવી. દુષ્ટનો સંગ જ આવી પડે તો **તદ્ દુર્લભત્વે બાધિર્યં મૂકત્વં વા વરં મતમ્** બહેરા થવું કે મૂંગા થવું ઉત્તમ ! અધર્મીની સાથે કરેલો સત્સંગ પણ ફલદાયી નથી થતો. સત્સંગ પણ સ્વમાર્ગીય ભગવદીયો પાસે બેસીને જ કરવો જોઈએ.

ભગવત્પક્ષપાતિનો ભગવદ્ વિમુખૈ: સ્થિતિરનુચિતા

ભગવાનના પક્ષપાતીઓએ (ભક્તોએ) જેઓ ભગવાનથી વિમુખ હોય તેઓના સંગમાં રહેવું યોગ્ય નથી જ.

મનુસ્મૃતિનું વાક્ય છે કે, માતા, પિતા, સાધ્વી સ્ત્રી અને નાના સંતાનનું પોષણ ગમે તે

પ્રકારે પણ કરવું જ. **અપ્યન્યાય શતં કૃત્વા** ગમે તે કરવું પડે તોય સ્વજનોની સંભાળ લેવી એ ધર્મ છે. પરંતુ સ્વજનો ભગવાનની ભક્તિથી - ભગવત્સેવાથી - ભગવદ્ આશ્રયથી વિમુખ હોય, સ્વભાવે બહિર્મુખ હોય તો એમનો ત્યાગ કરવામાં કોઈ દોષ નથી. દુઃસંગનો ત્યાગ કરીને સંતોનો સમાગમ કરવો એજ બુદ્ધિમાનનું લક્ષણ છે. બહિર્મુખનો ત્યાગ કરવામાં ન આવે તો તેઓ સાથે રહીને ભક્તનેય-વૈષ્ણવને ય બહિર્મુખ બનાવી દે છે. વૈષ્ણવને શ્રી વલ્લભની આજ્ઞા છે. કે અવૈષ્ણવ સાથે સ્થિતિ ન કરવી.

અસત્સંગો ન કર્તવ્યઃ ભક્તિમાર્ગસ્ય બાધકઃ અસત્ નો સંગ ન કરવો. તે ભક્તિમાર્ગનો બાધક છે.

જેનો સંગ કરવાથી દુર્બુદ્ધિ ઉપજે અને ભગવદ્ ભજનમાં ભંગ પડે એનો સંગ દુઃસંગ કહેવાય. વૈષ્ણવે દુષ્ટને સુધારવાની ચેષ્ટામાં પણ સાવધાન રહેવું જોઈએ. સ્વયંને હાનિ ન થાય એવું ધ્યાન રાખીને દુષ્ટને સમજાવવાનો એકાદવાર પ્રયત્ન કરી દેવો. સજ્જન અને દુર્જનના સંગમાં દુર્જન દુષ્ટતા છોડે ને સુધરી જાય એના કરતાં સજ્જનને દુઃસંગથી હાનિ થવાની સંભાવના વધુ છે માટે સાવધાન રહેવું.

ભક્તિવર્ધિનીમાં શ્રી મહાપ્રભુજી અવ્યાવૃત્ત રહીને ભગાવનનું ભજન કરવાની આજ્ઞા કરે છે. અવ્યાવૃત્ત રહીને એટલે સંગ રહિત થઈને. અને સંગ રહિત એટલે કે ભગવાનના ભજનને અનુકૂળ ન હોય તેવાઓના સંગ વિના શ્રીકૃષ્ણનું ભજન કરવું.

અસત્સંગસ્ય ચ ત્યાગો ભાવ બાધકતા યતઃ ।

યથા વ્યાઘ્રો બાધકઃ સ્યાચ્છરીરાદેઃ શરીરિણઃ ॥

જેમ દેહધારીના દેહને વાઘ બાધક છે તેમ દુઃસંગ ભક્તોને બાધક છે. અસત્સંગથી ભગવદ્ ભાવનો નાશ થાય છે. ભગવદીયો માટે તો પોતાના દેહ, મન, વાણી, ઈત્યાદિના અધ્યાસ (મિથ્યા જ્ઞાન - મિથ્યા અનુસંધાન) પણ દુઃસંગ રૂપ છે. દેહ, ઈન્દ્રિયાદિ જો સ્વસુખ માટે પોષવામાં આવે, વિલાસ માટે જ ઉપયોગી હોય તો એનો સંગ બાધક છે. એમનો સંગ દુઃસંગ જ છે. દેહ, ચિત્ત વિ.નો ભગવત્કાર્ય, ભગવાન સંબંધી વ્યવહાર ને બદલે જો અન્ય સાથે સંબંધ થાય તો તે દુઃસંગ જ છે.

શ્રી હરિરાયજીએ દુઃસંગને ડાકણ સાથે સરખાવેલ છે. બાળકની સંભાળ લેતી માતા જેમ ડાકણથી ડરે છે અને બાળકની, એવી આસુરી શક્તિથી રક્ષા કરે છે. એમ વૈષ્ણવે ભગવદ્ ભાવની રક્ષા કરવા માટે દુઃસંગથી ડરતા રહેવું.

લૌકિક સંગ -

દુષ્ટનો સંગ એ તો દુઃસંગ છે જ. પરંતુ લૌકિક જીવનો સંગ પણ દુઃસંગ છે. લૌકિક જીવોના હૃદયમાં ભગવાન પધારતા નથી. લૌકિક જીવના લક્ષણો -

જેઓ લૌકિક કામના આવેશવાળા છે, ક્રોધાવિષ્ટ છે, સંસારની આસક્તિમાં જેઓ રચ્યાપચ્યા છે. લોભી છે અને ધન સંચયની પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહે છે. એમનામાં દયા હોતી નથી. તેમજ તેઓ સ્નેહ રહિત હોય છે. લૌકિક લાભ અને હાનિ ના હર્ષ-શોક માં તેઓ સદા વ્યાકુળ રહે છે. લૌકિક જીવો સદા અભિમાની, ક્રુર અને દુષ્ટપક્ષપાતી હોય છે. શુષ્ક તર્કવાદી અને ભગવાન શ્રી કૃષ્ણના સર્વોપરી માહાત્મ્યને જાણતા હોતા નથી. તેઓ સંસારમાં સન્મુખ અને ભગવાનથી વિમુખ રહે છે. ભગવાનની લીલાઓમાં ય એમને દોષ દેખાય છે. પ્રવૃત્તિમાં જડતાપૂર્વક વળગેલા રહે છે. શ્રી મહાપ્રભુજીના સ્વરૂપને તેઓ નથી જાણી શકતા અને તેથી સદા વિમુખ રહે છે.

આ લૌકિક જીવોના લક્ષણો છે અને એમના સંગમાં રહેવું પણ ભગવદ્‌ભાવનો નાશ કરનાર છે એમના સંગને દુઃસંગ સમજીને વૈષ્ણવે તેનાથી દૂર રહેવું.

સ્વધર્મ કે સ્વકર્તવ્ય બુદ્ધિથી પણ ભગવદીયે દુઃસંગ ન કરવો. દુઃસંગ સર્વથા અધર્મ જ છે. અધર્મીનો સંગ કરવો એ પણ આંશિકરૂપે અધર્મ જ છે. ભીષ્મ જેવા ભગવદીયને પણ **દુઃસંગ્રાઽન્નજદોષાભ્યામભૂદ્ ભીષ્મો બહિર્મુખઃ** દુઃસંગ અને દુષ્ટ અન્નરૂપી દોષના કારણે બહિર્મુખતા આવી ગઈ હતી. દુઃસંગ હળાહળ ઝેરરૂપ છે. કોઈ તેને પચાવી શકે નહીં. ઝેરનાં પારખાં ન થાય તેમ દુઃસંગને તો જરાય ચલાવી ન લેવાય.

દુષ્ટ વ્યક્તિનો સંગ જ દુઃસંગ છે જો ચિત્ત લૌકિકમાં ઓતપ્રોત થઈ જાય તો અલૌકિક ભાવ લુપ્ત થઈ જાય છે. વૈરાગ્ય અને સંતોષ - આ બે સાધનો ચિત્તને લૌકિકમાં જતું અટકાવવાના ઉત્તમ ઉપાય રૂપ છે. વૈરાગ્ય વડે લૌકિક વાસનાઓ ના દુષ્ટભાવથી બચી શકાશે તેમજ સંતોષ વડે લોભવૃત્તિનું નિવારણ થાય છે. ભક્તિમાર્ગમાં કામ અને લોભ બે મહા બાધકો છે. માટે વૈરાગ્યથી કામ અને સંતોષથી લોભને જીતવા.

દુઃખાન્તરં તુ જ્ઞાનેન ભક્તયા વાઽપિ નિવર્તતે ।
લૌકિકં વિષયપ્રાપ્ત્યા ન હિ દુઃસંગજં ક્વચિત્ ॥

દુઃખ જો કોઈ બીજા પ્રકારનું હોય તો તો જ્ઞાન કે ભક્તિ દ્વારા એનું નિવારણ થઈ શકે છે. જો દુઃખ લૌકિક વિષયો અંગેનું હોય તો તે વિષયભોગથી ટળે પરંતુ દુઃસંગથી ઉત્પન્ન થતું દુઃખ કદી પણ નિવૃત્ત થતું નથી.

પુષ્ટિભક્ત વૃત્રાસુરે ભગવાન પાસે માગ્યું છે કે પ્રભુ તમારી માયાના પ્રભાવથી પુત્ર, પત્ની, ગૃહ વિ.માં જે આસક્ત થઈને જીવી રહ્યા છે, જેમનાં ચિત્તમાં તમારૂં નહીં પરંતુ આ નશ્વર સંસારનું ચિંતન ચાલ્યા કરે છે. તેવાઓનો સંગ મને કદી ન થાવ. દુઃસંગથી ધર્મ, કામ,મોક્ષ સર્વ પુરૂષાર્થના ઉપાય અને ફલનો નાશ છે. આ એક દોષ સર્વનો નાશ કરી દે છે.

દુઃસંગના પરિણામે ભગવાનથી બહિર્મુખ થઈ જવાય છે. સહેજ પણ બહિર્મુખતા ન આવી જાય માટે વૈષ્ણવે અવશ્ય શ્રીમદ્ ભાગવતનો પાઠ કરવો. બહિર્મુખતા દૂર કરવાનો

શ્રેષ્ઠ ઉપાય શ્રીમદ્ ભાગવતજીનો નિત્યપાઠ છે.

બંગાળના નરહરદાસ ગોડિયાને નાનપણમાં શ્રી જગન્નાથજી માં ઘણી પ્રીતિ હતી. પુરીમાં દર્શન કરવા જાય તો વરસ વરસ સુધી રહે. એક દિવસ પિતાએ ઠપકો આપ્યો, " તું વારેવારે જગન્નાથજીના દર્શન માટે કેમ જાય છે ? જગન્નાથજી તને કાંઈ આપે છે.? એ કોઈને કાંઈ આપનારા નથી. એ જો આપનારા હોય તો બધાની પૂજા - ભેટ વિ. કેમ સ્વીકારે છે ? કોઈ દેવ આપનારો નથી. બધા જ લેનારા છે. હું તને ખર્ચો આપું છું, તો તું જગન્નાથજીના દર્શને જઈ શકે છે !"

પિતાનાં આવા વચન સાંભળીને નરહરદાસને બહુ ક્રોધ ચઢ્યો પિતાને કહ્યું કે તમે ભગવાનના નિંદક છો. હવે પછીથી તમારું ધન પણ નહીં સ્વીકારૂં અને તમારી સાથે પણ નહીં રહું." પિતાએ પશ્ચાતાપ કર્યો પરંતુ નરહરદાસ દૈવી જીવ હતા, એમનાથી શ્રી ઠાકોરજીની નિંદા સહન ન થઈ શકી તે પિતાનો ત્યાગ કરીને જગન્નાથજી આવી ગયા. શ્રી જગન્નાથપ્રભુજીએ એમને શ્રી મહાપ્રભુજીની પાસે મોકલ્યા. શ્રી મહાપ્રભુજીએ એમને આવકાર આપ્યો. એ દુષ્ટ પિતાનો સંગ છોડીને આવ્યા માટે એમને અભિનંદન આપતાં કહ્યું, " આવો નરહરદાસ ! તમારા જેવાને આવી ટેક જ શોભે ! તેં દુષ્ટ પિતાનો ત્યાગ કર્યો. આગળ પ્રહલાદજીએ પણ દુષ્ટપિતાની આજ્ઞા ન માની. તારૂં નરહરદાસ નામ યોગ્ય જ છે ! તું પરમ ઉત્તમ પુષ્ટિમાર્ગીય જીવ છે."

વિષ્ણુદાસ છીપા, ગોંવિદદાસ ભલ્લા જેવા ઘણા વૈષ્ણવોએ પોતાના પરિવારના સ્વજનોનો ય ત્યાગ કરી દીધો હતો કેમકે તે સ્વજનો ભગવદ્ ભાવ રહિત હતા. ધૃત્તરાષ્ટ્રે દુર્યોધન જેવાઓનો સંગ છોડી દીધો હોત અને ભીષ્મવિદૂર જેવા ભગવદીયોનો સંગ પહેલેથી કર્યો હોત તો તેની આટલી બધી દુર્દશા ન થઈ હોત.

શ્રી ગુંસાઈજીના સેવક વૈષ્ણવના સંગથી ૧૧ ઠગમાં ય વૈષ્ણવતા આવી. શ્રી ગુંસાઈજીએ એમને નામ - દીક્ષા આપી. વૈષ્ણવે એ ઠગોને ઘરે જવાની આજ્ઞા કરી ત્યારે ઠગોએ વિરોધ કર્યો. ઠગોએ કહ્યું કે, અમે અમારા ઘરે નહીં જઈએ, જઈશું તો દુ:સંગ લાગશે, દુ:સંગથી અમારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ જશે. માટે અમે આ જ ગામમાં રહીશું, અહીં જ અમારા નિર્વાહનું સાધન કરીશું. તમારા સંગથી અમારો ઉદ્ધાર થશે." દુષ્ટકર્મ કરનારા ઠગો પણ જાણતા હતા કે દુ:સંગથી બુદ્ધિ બગડે છે.

હરણના બચ્ચાના સંગથી ભરતજી દુર્ગતિ થઈ હતી. એ કથા સર્વવિદિત છે. છતાં ભક્તિમાર્ગના યાત્રીને માટે એટલું આશ્વાસન તો છે કે ' ભક્તિમાર્ગમેં દુ:સંગનેં ભ્રષ્ટ હૂ હોય જાય, પરંતુ ભક્તિબીજ જાય નાહીં. કબહૂ સત્સંગ પાય ફેરિ બઢે.' નિયમ એ છે કે ભક્તિમાર્ગમાં જીવને કદાચિત્ દુ:સંગ થઈ જાય તો જીવ પતિત થાય છે. ભ્રષ્ટ થાય છે. એમાં જરાય શંકા નથી પરંતુ એનું 'ભક્તિબીજ' કદી નષ્ટ થતું નથી. ક્યારેક જો ભગવદીયોનો સંગ, સત્સંગ મળે તો પાછી ભક્તિ વધે. ભરતજીને મૃગના સંગથી ત્રણ જન્મનો અંતરાય તો

થયો પણ પછીથી કૃતાર્થ થયા. ચિત્રકેતુને પાર્વતીના શાપથી આસુરીપણું મળ્યું તે વૃત્રાસુર થયો. આસુરી યોનિમાં તેનો જન્મ થવા છતાં ભક્તિનો નાશ ન થયો. માટે 'ભક્તિબીજ' મહાન છે. આ બીજને જો દુ:સંગથી રક્ષવા માં આવે અને સત્સંગઅમૃતથી સીંચવામાં આવે તો જીવનો સહજમાં જ ઉદ્ધાર થાય છે.

ત્યજ મન હરિવિમુખન કો સંગ

જાકે સંગ કુબુધિ ઉપજત હૈ, પરત ભજનમેં ભંગ...

કાગકું કહા કપૂર ચુગાવત, શ્વાન ન્હવાવત ગંગ

ખરકું કહા અરગજા લેપન, મર્કટ ભૂષન અંગ...

કહા ભયો પયપાન કરાવત, વિષ નહીં તજત ભુજંગ

'સૂરદાસ' ખલ કારી કામરી, ચઢત ન દૂજો રંગ...

દરેક ભક્ત પોતના મનને હરિવિમુખ - બહિર્મુખ જીવોનો સંગ છોડવાની આજ્ઞા કરે. જેનો સંગ કરવાથી કુબુદ્ધિ ઉપજે, ભગવદ્ ભજનમાં ભંગ પડે. ભક્તિમાં ભાવ ન રહે, ક્રિયા ન રહે. મનમાં સંશય આવવાથી શ્રદ્ધા ન રહે, ભગવાનમાં કુભાવ જાગે એવા પરિણામોથી બચવું હોય તો દરેકે દુ:સંગથી બચવું જોઈએ.

દુર્જ્ઞ - અતિદુષ્ટ જીવોને સત્સંગ મળે તો ય લાભ થતો નથી, ' પયઃપાનં ભુજંગાનાં કેવલં વિષવર્ધનમ્' સાપને દૂધ પીવરાવવાથી દૂધનું ય ઝેર જ થઈ જાય છે. જે ઉત્તમ વસ્તુનો અધિકારી નથી તેને ઉત્તમ વસ્તુ મળવી પણ વ્યર્થ છે. કાગડાને કપૂર જેવા સુંગધી પદાર્થો ખવરાવીને તો ય એ એને હીન વસ્તુ ખાવાનો સ્વભાવ નહીં છોડે, શ્વાનને ગંગા સ્નાન કરાવ્યા બાદ ચંદનાદિ દ્રવ્યોથી લેપ કરે તો ય જ્યાં સુધી ગદર્ભરાજ ધૂળમાં આળોટશે નહીં ત્યાં સુધી સુખી નહીં થાય. જે આ બધા પોતાનો સ્વભાવ, ઉત્તમ વસ્તુ પ્રાપ્ત થવા છતાં છોડી શકતા નથી તેમ ઉત્તમ સંગ થવા છતાં દુષ્ટ પોતાનો સ્વભાવ નહીં છોડે માટે ભગવદીયે તો દુષ્ટનો સંગ સર્વથા ત્યજવો.

ભક્ત મહિમા

યોગી તરે કદા એકલો, હરિજન તારે સહુ સંગી,

સિદ્ધ ઉદાસી રહે સદા, હોય સંત સુંદર રસરંગી,

રંગે રસીક સેવે ગુણ ગાય, પોતે પીએ સુધા સામાને પાય,

ભક્તસ્નેહી સૌનુ સારે કામ, દયાની સાથે કોઈનો નહિ કામ-

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

યોગી અને ભક્તમાં બહુ તફાવત છે. યોગી સાચો યોગી હોય તો એ ભવસમુદ્ર તરીને જરૂર પાર જશે પરંતુ ભક્તતો પોતે તરે છે અને પોતાની સાથે અનેકને તારે છે. દંભી, યોગી અને ભક્તની તુલના આ રીતે પણ કરવામાં આવી છે. દંભી પથ્થરરૂપ છે. એ ડૂબે અને પોતાની સાથે હોય એને ય ડૂબાડે, યોગી પાંદડા જેવો. પોતે પાણીમાં તરી શકે પરંતુ એનામાં અન્યને તારવાનીશક્તિ સ્હેજે નહીં - ભગવદીય તો કાષ્ઠની નૌકા છે એ સ્વયં તરે છે. અને કેટલાય ને તારે છે!

વળી યોગી - વૈરાગી સદા ઉદાસ રહે છે. તો ભગવદ્ભક્ત તો રસરૂપ પ્રભુના સાન્નિધ્યમાં રહેતો હોવાથી સદા રસમગ્ન રહે છે. એટલું જ નહીં પરંતુ એનો સંગ કરનારને ય હરિરસનું પાન કરાવે છે. ધ્યાન સમાધિમાર્ગમાં કેવળ પોતાનું સુખ છે જ્યારે ભક્તિમાર્ગ સ્વયં કૃતાર્થ થવાનો અને બીજાઓને કૃતાર્થ કરવાનો માર્ગ છે.

વૈષ્ણવનું કર્તવ્ય

સર્વ પ્રાણી ઉપર દયા, આણવો નહિં કોઈને દોષ;
વશ કરવી ઈંદ્રિય સહુ, યદ્રચ્છા, લાભ સંતોષ;
સંતોષ ધરિ વદવી સત્ય વાણી; દ્રઢ આશ્રય પ્રભુ દીનતા આણી,
દુષ્ટસંગથી રહેવું દૂર, વસવું સદા હરિજન હજુર;
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

ભગવદીયને ભગવત્માર્ગમાં આગળ વધવા ઉપયોગી એવા કેટલાક ભાગવત ધર્મોની ચર્ચા કરી છે. પ્રભુ સર્વકોઈમાં કોઈને કોઈ રૂપે બિરાજે છે. માટે કોઈની સાથે નિર્દય ન થવું. 'ના જાને કિસ બેષમેં નારાયણ મિલ જાય !' પ્રભુ ગમે ત્યારે ગમે તે રૂપમાં આપણી પાસે આવે અને આપણા વ્યવહારમાં સ્વાર્થ, કઠોરતા વિ. જુએ તો !

' આણવો નહીં કોઈનો દોષ' ભગવદીયે સર્વ જગતને નિર્દોષ દ્રષ્ટિથી જોવું. કોઈ આપણો અપરાધ કરે આપણને દુઃખ આપે તો એ દુષ્ટ છે માટે આપણને દુઃખ આપે છે, એમ ન માનવું પરંતુ આપણને આપણા જ કોઈ જન્મના દુષ્કૃત્યનું ફલ સાંપડી રહ્યું છે એમ સમજવું. મારૂં કરેલું હું ભોગવું છું એમાં કોઈનો શો દોષ ! વળી ભગવાને ઈચ્છેલું હશે તો જ કોઈ આપણને દુઃખ આપી શકશે. એની મરજી વગર એના ભક્તનો કોઈ વાળ પણ વાંકો જ કરી શકે.

વૈષ્ણવે જીતેન્દ્રિય થવું. ભગવદીયનું સ્વરૂપ સાંસારિક ભોગોને ભોગવવા માટે નથી પણ શ્રી હરિની સેવા માટે છે. તો તેણે પોતાના સ્વરૂપને, ઈન્દ્રિયોને વિષય પરાયણ ન થવા દેતાં ભક્તિ પરાયણ કરવી. ભોગ જન્મે જન્મે છે. પશુયોનિમાં ય છે. જ્યારે હરિભજન તો દુર્લભ છે. માટે ભોગ છોડીને ભજન કરવું.

જે કાંઈ મળી આવે. તેમાં રાજી રહેવું. તૃષ્ણાનો અંત નથી. અગ્નિમાં જેમ વધુને વધુ ઈંધણ નાખતા જઈએ તેમ તેમ એ વધુ તૃપ્ત થવાને બદલે વધુને વધુ ભભૂકવા માંડે છે. સંતોષી માનવીને અહીં જ સ્વર્ગ મળી જાય છે. સત્ય બોલવું, સત્યમાં હરિનો વાસ છે પરંતુ સત્ય, વચન કઠોરતાથી નહીં, મૃદુતાથી કહેવું. સત્યં બ્રૂયાત્ પ્રિયં બ્રૂયાત્.

શ્રી કૃષ્ણનો મન, વચન અને કર્મથી દ્રઢ આશ્રય કરીને રહેવું. ભગવાનથી વિમુખ થઈ જનારને કાળ ભક્ષણ કરી જાય છે.

પ્રભુને અહંકાર જરાય ખપતો નથી. એને દીનતાથી જ રાજી કરી શકાય છે. દુઃસંગ છોડવો અને ભગવદીયોના સંગમાં રહેવું. આ ભગવદીયના ધર્મ છે અને લક્ષણો ય છે.

સ્વાધ્યાય - ૩૨

અન્યાશ્રય

શ્રીમત્પ્રભુચરણ શ્રી ગુંસાઈએ વિજ્ઞપ્તિમાં કહ્યું છે કે, ' અન્ય સંબંધ ગંધોપિ કંધરામેવ બાધતે' ભગવદીયને માટે અન્ય સંબંધની ગંધ પણ ગળામાં ફાંસલા જેવી લાગે છે.

પુષ્ટિભક્તને માટે અન્યાશ્રય મહાબાધક છે. અન્યનો એટલે કે ભગવાન સિવાય કોઈનો ય આશ્રય ભક્તિમાર્ગમાં મહા બાધક બને છે. પુષ્ટિપ્રભુ કૃપાળુ છે છતાં જીવમાં અહંકાર અને અન્યાશ્રય જેવા દોષ જુએ છે તો તેને નિર્દોષ બનાવવા માટે કઠોર પણ થાય છે. તેના કલ્યાંણ માટે તેને કષ્ટ આપે છે.

દામોદરદાસ સંભલવાળાની પત્નીને શો મનોરથ છે, એમ શ્રી મહાપ્રભુજીએ પૂછયું તો તેણે બીજો તો કોઈ મનોરથ નથી. બસ એક પુત્રનો મનોરથ છે એમ કહ્યું, શ્રી મહાપ્રભુજીએ તેને પુત્ર થશે એમ વરદાન આપ્યું, થોડા સમય બાદ તે ગર્ભવતી થઈ. થોડા વખત પછી ગામમાં એક જોષ જોનારો આવ્યો. દામોદરદાસની પત્નીએ શ્રી મહાપ્રભુજી ના વચનમાં સંશય લાવીને પૂછ્યું કે મારે શું થશે ? પુત્ર કે પુત્રી ? આ આ અપરાધના પરિણામે અન્યાશ્રય દોષ થયો. તેને પુત્ર તો થયો પરંતુ તે મ્લેચ્છ થયો. માતાપિતાને ઘણો ક્લેશ આપનાર થયો.

અન્યાશ્રય મહા બાધક છે. માટે તેનાથી બીતાં રહેવું. જે પળે અન્યાશ્રય થયો એ પળે જ ચિત્ત બહિર્મુખ થઈ જશે એમ જાણવું.

અન્યાશ્રયસ્તદીયૈક પદાશ્રયવિરોધકૃત્ ।
પ્રભોરુદાસીનતાયા : કારણં ત્યજ્યતાં દ્રુતમ્ ॥

શ્રી કૃષ્ણના જ ચરણ કમલનો આશ્રય કરવો. ભગવદાશ્રયમાં બાધક અન્યાશ્રય છે. અન્યાશ્રય પ્રભુને અપ્રસન્ન કરી દે છે. વૈષ્ણવે અન્યાશ્રયનો વિના વિલંબ - તત્કાળ ત્યાગ કરવો. જો વૈષ્ણવ પોતાના અજ્ઞાનના કારણે કદાચ અન્યાશ્રયની બાધકતા'ને ન સમજે તો પ્રભુ કરૂણા કરીને પોતે જ પોતાના સેવકોના અન્યાશ્રયરૂપી દોષને છોડાવી દે છે. વ્રજવાસીઓ ઈન્દ્રનો યજ્ઞ કરીને અનાયાસે અન્યનો આશ્રય કરવા રૂપી ભૂલ જ કરતા હતા, પરંતુ પ્રભુએ સ્વયં તેઓને શ્રી ગિરિરાજ પૂજનની આજ્ઞા કરીને તેમને અનન્યતા તરફ વાળ્યા હતા. મુગ્ધ, અજ્ઞાની ભક્તોના કોઈ પણ દોષને ભગવાન સ્વયં નષ્ટ કરી - કરાવી દે છે. આવું એ એટલા માટે કરે છે કે એ કરૂણાના સાગર છે.

શ્રી હરિરાયજીની આજ્ઞા છે કે અન્યાશ્રય ન થાય એની સાવચેતી રાખીને - જેમતેમ કરીને લૌકિક વ્યવહાર પણ કરવો. આસક્તિપૂર્વક નહીં પરંતુ દેખાવ પૂરતો ય લૌકિક વ્યવહાર કરવો. જો એમ ન કરવામાં આવે તો અપકીર્તિ થાય અને અપકીર્તિ થતાં મન

ક્લેશ પામીને શિથિલ થઈ જાય એ સંભવિત છે.

ભગવાનના દ્રઢ આશ્રય વિના ભગવત્સંબંધ રહેતો નથી. ઉજ્જૈન પાસેના ગામમાં એક વૈષ્ણવ બાઈની વાર્તામાં તો ત્યાં સુધી વર્ણન છે કે સહેજ અન્યાશ્રય થતાં શ્રી ઠાકોરજી ય પધારી જાય છે. આ વૈષ્ણવબાઈને શ્રી ગુંસાઈએ નામ - નિવેદન કરાવેલું. કૃષ્ણ ભટ્ટના સંગથી એ બાઈ ભગવદ્‌ભાવ સંપન્ન પણ થઈ. પરમ દયાલ શ્રી ગુંસાઈજીએ એને માથે શ્રી ઠાકોરજી ય પધરાવી આવ્યા. સમય જતાં તે સ્નેહથી ભગવત્સેવા કરતી એટલે શ્રી નાથજી એને અનુભવ જણાવવા લાગ્યા. શ્રી ઠાકોરજી એની સાથે પ્રત્યક્ષ વાર્તાલાપ કરતા, જે જોઈએ તે એની પાસે માંગી લેતા. પ્રભુ એને ત્યાં પ્રસન્નતાથી બિરાજતા અને એની વસ્તુ સામગ્રી વિ.નો અંગીકાર પણ પ્રસન્નતાથી કરતા અરે ક્યારેક તો કૃષ્ણ ભટ્ટના ઠાકોરજી ય એની એની પાસેથી માંગી લેતા !

નિહાલચંદ જેવા ભગવદીયને, આમ છતાં શંકા હતી તે કૃષ્ણ ભટ્ટને કહેતા, ' ભટ્ટજી ! આ બાઈને વસ્તુ તો મોટી મળી છે. પણ પાત્ર નાનું છે, તેથી ઠરે ત્યારે જાણીયે.'

અને એમ જ થયું, થોડા દિવસો બાદ એક હાકેમ (અમલદાર) ગામની સનદ લઈને જમીનનો નિકાલ કરવા આવ્યો. પરિચય થતાં બાઈ એ પોતાના ઠાકોરજીના દર્શન કરાવ્યા. અમલદાર દેવીનો ભક્ત હતો. એના ઉપર બાઈની સારી છાપ પડી કે આ વૈષ્ણવ છે. જમીનની માપણી કરતી વેળાએ એ હાકેમે બાઈની થોડી વધુ જમીન બચાવી. તેણે પછીથી બાઈને કહ્યું કે, 'બાઈ, તું વૈષ્ણવ છે. તારી જમીન જાણીને તારા ઉપર આટલો ઉપકાર કર્યો છે."

બાઈએ જવાબ આપ્યો. " ઠીક કર્યું." મારે બીજું કોણ કરનારૂં હતું ?" બાઈના હૃદયમાં આ અન્યાશ્રય ભાવ આવતાની સાથે જ શ્રીઠાકોરજી એના ઘરેથી પધારી ગયા (એના ઘરનો ત્યાગ) કર્યો બાઈ રોતી રોતી કૃષ્ણ ભટ્ટ પાસે આવી. કૃષ્ણ ભટ્ટે ઠપકો આપ્યો અને સુંદર સિદ્ધાંત કહ્યો," બાઈ ! અમારા શ્રી ઠાકોરજી વણજ વેપાર નથી કરતા કે આવા લોકોને બતાવીએ અને એ લોકો આમ સમજીને ઉપકાર કરે તો વૈષ્ણવતા વેચાઈ. માટે હવે પ્રભુ તારી પાસે સેવા નહીં જ કરાવે ' તાતેં અબ તોસોં વે તો સેવા સર્વથા ન કરાવેંગેં યા જીવ કો અન્યાશ્રયતૈ યા પ્રકાર ડરપત રહેનો .' અન્યાશ્રય ના કરે ત્યારે વૈષ્ણવતા આવેને શ્રી ઠાકોરજી સેવા કરાવે.

અલીખાન અને તેની પુત્રીના મ્લેચ્છપણાનું કારણ પણ એમનો અન્યાશ્રય છે. તેઓ આગલા જન્મમાં કાવેરી રંગનાથપ્રભુની સેવામાં હતા. પિતા (અલીખાન) ભગવાનની શય્યા ઠીક કરતા હતા અને એની પુત્રી શ્રી ઠાકોરજીની સન્મુખ નૃત્ય કરતી હતી. શ્રી ઠાકોરજીના દ્વાર ખૂલ્યાં હતાં અને દર્શન થતાં હતાં, એટલામાં એક રાજા ભગવાનના દર્શને આવ્યો. રાજાના આગમનની ખબર થતાં જ તે ભગવાનની શય્યાની સેવા છોડીને રાજાના સ્વાગત માટે દોડ્યા. તેની દિકરી પણ શ્રી ઠાકોરજીની સન્મુખ નૃત્ય કરતી હતી તે છોડીને રાજા સામે

હાવભાવ કટાક્ષ કરવા લાગી. ભગવાનની સેવામાં રહેલ ભક્ત આવા કારણે ભગવાનથી બહિર્મુખ થઈ જાય એ પણ અન્યાશ્રય જ છે. માટે પિતા અને પુત્રી મ્લેચ્છ થયા. જો કે પ્રભુ દૈવી જીવને છોડતા નથી. માટે બીજા જન્મે શ્રી ગુસાંઈજીની કૃપાથી એમનો ઉદ્ધાર થયો. આ કથા એમ સૂચવે છે કે પ્રભુ કરતાં કોઈ ય વધુ મહત્વ આપવું એ અન્યાશ્રય દોષ છે. ભગવદીય ભગવાનને જ સર્વોપરી માને, પોતાના સર્વસુખ, સર્વ સંપદાના આધાર ભગવાનને જ માને એ જરૂરી છે. ભગવદાશ્રય હશે તો જીવને સઘળું સુખ સાંપડશે અને અન્યાશ્રય કરશે તો જે સુખ હાથમાં હશે એ ય નષ્ટ થઈ જશે.

અજ્ઞાનના કારણે જો અન્યાશ્રય થયો હશે તો પ્રભુ સ્વયં તે છોડાવશે પરંતુ જો અન્ય આસક્તિ કે અહંકારના કારણે અથવા સંશયના કારણે અન્યાશ્રય થયો હશે તો પ્રભુ કલેશ આપીને ય છોડાવશે. વ્રજવાસીઓ અજ્ઞાનના કારણે ઈન્દ્રની પૂજા કરતા હતા. આ અન્યાશ્રય દોષ છે એવી એમને ખબર પણ ન હતી. પ્રભુએ ગોવર્ધન પૂજા કરીને ઈન્દ્રનો ગર્વ પણ છોડાવ્યો અને વ્રજભક્તોના અન્યાશ્રય રૂપી દોષને ય છોડાવ્યો.

દેશ, કાળ અને દ્રવ્યનો આશ્રય લોકાશ્રય રૂપી અન્યાશ્રય છે. શ્રી કૃષ્ણાશ્રયના પ્રથમ ૩ શ્લોકો દ્વારા આ અન્યાશ્રયનું સ્વરૂપ સમજાવ્યું છે. કર્તા, મંત્ર અને કર્મ આ ત્રણનો આશ્રય (વેદ) ધર્માશ્રય છે. શ્રી કૃષ્ણાશ્રયના ૪ થી ૬ શ્લોકો દ્વારા આ અન્યાશ્રય પણ છોડાવ્યો છે. લોકધર્મ અને વેદધર્મનો આશ્રય અન્યાશ્રય છે કેમકે ભગવદીયોને માટે પરમ સાધનરૂપ પણ ભગવાનની સેવા છે અને પરમ ફલરૂપ ભગવાનનું સ્વરૂપ છે. ભગવાનની પ્રસન્તા જ એમનો પુરૂષાર્થ છે.

મેરો મન અનત કહાં સુખ પાવૈ ।
જૈસે ઉડિજહાજ કો પંછી, ફિરિ જહાજ પર આવૈ ... ॥
કમલનૈન કો છાંડિ મહાતમ, ઔર દેવ કો દયાવૈ ।
પરમ ગંગકો છાંડિ પિયાસૌ, દુરમતિ કૂપ ખનાવૈ ... ॥
જિહી મધુકર અંબુજરસ ચાખ્યો, ક્યોં કરીલ ફલ ભાવૈ ।
'સૂરદાસ' પ્રભુ કામધેનુ તજિ, છેરી કૌન દુહાવૈ ... ॥

હે હરિ, હે નાથ ! મારૂં મન તમને છોડીને અન્યત્ર, બીજે ક્યાં સુખ પામવાનું હતું ? જેવી રીતે જહાજમાં રહી ગયેલું પક્ષી, મધદરિયે જહાજને છોડીને વારંવાર ઉડે પરંતુ વિશાળ સમુદ્રમાં એને ક્યાંય આશ્રય ન મળે ત્યારે ફરી ફરીથી તે જ જહાજ પર આશ્રય લેવા આવી જાય છે એમ આપના સિવાય મારો અન્ય આશ્રય છે જ નહીં પછી હું જઉં જ ક્યાં ?

સંસારમાં ચોતરફ રઝળીને, લખચોર્યાસીના ફેરામાં ભટકતા જીવને બીજો આધાર છે જ ક્યાં ? અને જે મૂર્ખ વ્યક્તિ ભગવાનના ચરણને છોડીને અન્યત્ર ભટકે એના માટે તો શું કહેવું ? મહાનથી ય મહાન એવા કમલનયન શ્રી કૃષ્ણના ચરણારવિંદને છોડીને,

કોટિ-કલ્પતરૂસમા કૃષ્ણચરણ છોડીને અલ્પ, અંશરૂપ દેવોનું ધ્યાન, સ્મરણ કોણ કરે ? મહાન એવી ગંગાજીને છોડીને કોઈ કૂવો ખોદાવીને એનું જળ પીવા લાગે એને મૂર્ખ ન કહીયે તો શું કહીયે ?

શ્રી કૃષ્ણનો આશ્રય છોડીને અન્યનો આશ્રય કરવો એ ગંગાજીનો પરિત્યાગ કરીને કૂપજલના પાન કરવા બરાબર છે. કોઈ ભ્રમર એવો હોય કે જેણે કમળના પાન કર્યા પછી કેરડાંનો આસ્વાદ લેવાનો વિચાર કર્યો હોય ? કામધેનુ ને છોડીને બકરી દોહવાનું વિચારે એ જેટલો મૂર્ખ એટલો જ શ્રી કૃષ્ણનો, સર્વસમર્થ, પૂર્ણપરમાત્મા, પરબ્રહ્મ, પૂર્ણવતાર, સચ્ચિદાનંદરૂપ, દેવાધિદેવ, વિશ્વાત્મા, સર્વત્મા, ભક્તવત્સલ ભગવાન શ્રી કૃષ્ણનો આશ્રય તજીને તુચ્છ વસ્તુઓ, વ્યક્તિઓ કે દેવોનો આશ્રય કરનારો મૂર્ખ છે.

ભક્તિ પોષણ

વૈષ્ણવ-કર્તવ્ય

"દુષ્ટ સંગ તેને જાણીએ, જે ભૂલાવે ભગવંત,
સ્નેહ કરાવે શ્રી કૃષ્ણસું, તેને કહીએ સાચા સંત,
સંત સાચા તેની સંગત કરીએ, અસમર્પિત અન્યાશ્રયથી ડરીએ
હું હરિનો હરિ માહારા નાથ: એ નીશ્ચે કરવું મન સાથ
"સેવો શ્રી કૃષ્ણ કૃપાળ,"

દુ:સંગ છોડવાનું કહ્યું પણ દુ:સંગ એટલે શું ? જેના સંગમાં ભગવાન ભૂલાય એનો સંગ દુ:સંગ અને જેના સંગમાં શ્રી હરિની ભક્તિ મળી જાય, સેવા મળી જાય, સત્સંગ મળી જાય તેના સંગ તે સત્સંગ સાચા સંત, સાચા વૈષ્ણવજનનો સંગ દુર્લભ છે. ભગવાનની કૃપા થયા વિના વૈષ્ણવનો સંગ મળતો નથી અને સંગ મળે તો સંગ કરવાની ઈચ્છા ય થતી નથી. એટલે કે ભગવદીયના સંગનો લાભ પણ એ જ લઈ શકે છે જેના ઉપર ભગવત્કૃપા ઉતરી હોય, શ્રી વિદુરજીનો સંગ હોવા છતાં કૌરવો તેનો લાભ ન લઈ શકયા, કેવું દુર્ભાગ્ય !

વૈષ્ણવે અસમર્પિત (ભોગ) અને અન્યાશ્રય દોષથી દૂર રહેવું. પ્રભુ સાથેના સ્વામી સેવક સંબંધનું વારંવાર ચિંતન કરવું.

"અન્યાશ્રય અસમર્પિત એ બે મ્હોટા દુસ્તર રોગ,
સર્વ વસ્તુ શ્રી નાથને અરપી, ઉચ્છિષ્ટ કરવો ભોગ,
(ઉચ્છિષ્ટ) ભોગ કરવો હરિભક્તની સંગે, એકજ શ્રી કૃષ્ણ સેવવા રંગે
દ્રઢ આશ્રય ગુરુદેવનો ધરવો, ગોવત્સપદવત્ ભવદધી તરવો સેવો"
"સેવો શ્રી કૃષ્ણ કૃપાળ,"

શ્રી મહાપ્રભુજીની આજ્ઞા છે કે "અસમર્પિત વસ્તુનાં તસ્માદ્ વર્જન-માચરેત્". ભગવદીય વૈષ્ણવે દરેક વસ્તુ પ્રભુને સમર્પિત કરવી. વસ્તુના સમર્પણથી વસ્તુ નિર્દોષ બને છે, પ્રસાદી બનવાથી વૈષ્ણવને ઘણી મંગલકારી બને છે અને સમર્પણથી ભગવાન સાથે સ્વામી સેવક સંબંધની મર્યાદા ટકી રહે છે.

પ્રભુના ચરણ પકડ્યા પછી અશ્રદ્ધા હોય તો જ બીજે જવાનું મન થાય. મારા સકળ મનોરથ પ્રભુ સફળ કરશે એવો વિશ્વાસ રાખીને અનન્ય ભાવે ભજન કરવું. પ્રભુ કદાચ ભક્તની ઇચ્છા પૂરી ન ય કરે તો પણ ભક્તે અનન્ય ભાવે તેમને ભજતા રહેવું.

અન્યાશ્રય અને અસમર્પિત આ બે મહારોગથી જો વૈષ્ણવ બચે તો અને પ્રભુનો અનુભવ થતાં વાર લાગતી નથી. ભગવદીયોની વચ્ચે રહીને ભગવત્સેવા કરવામાં, ભગવદ્ ભજન કરવામાં, ભગવત્પ્રસાદી સેવામાં કેવો આનંદ છે એ ભગવદીયો જ જાણે, અનુભવીઓ જ જાણે

શ્રી કૃષ્ણમાં સર્વ દેવોનો વાસ છે એમ એમણે શ્રીમુખે કહેવું પણ છે અને ગીતાપ્રસંગે વિશ્વરૂપ દર્શન લીલામાં અર્જુનને દેખાડેલું પણ છે. અર્જુને ભગવાન શ્રી કૃષ્ણમાં સમસ્ત દેવો, ઋષિઓ, સર્વલોક અને સર્વ વસ્તુ જોઈ હતી. એનો અર્થ એ જ કે શ્રી કૃષ્ણમાં બધું જ છે. માટે શ્રી કૃષ્ણને જ ભાવપૂર્વક સેવવા.

આ ઉપરાંત, જો સદ્‌ગુરૂ શ્રી મહાપ્રભુજીમાં કોઈને દ્રઢ શરણભાવ, આશ્રયભાવ હશે તો સંસાર સાગરને સરળતાથી તરી જવાશે. ગોવત્સપદ એટલે કે વાછરડાના પગની ખરીથી પડેલા ખાડામાં જળ ભરાયું હોય એ જેટલી સરળતાથી ઓળંગી શકાય એટલી જ સરળતાથી સંસારસમુદ્ર પાર કરી શકાય છે.

સ્વાધ્યાય ૩૩

અનન્યતા

ઈશો હ્યનન્યૈવ સંતુષ્યતિ ઈશ્વર અનન્ય ભક્તિથી જ પ્રસન્ન થાય છે.

શ્રી ભગવાનની કૃપા દુર્લભ છે. બાકી ભગવાન પ્રસન્ન થાય ત્યારે કાંઈ પણ દુર્લભ નથી. ભગવાનના ભોગમાં જેમ કોઈ ખામી રહેતી નથી તેમ ભક્તના ભોગમાંય ખામી રહેતી નથી. આ કૃપા માટે **પરં અનન્ય દ્રષ્ટ્યા ભજનં કર્તવ્યમ્** પ્રભુને અનન્ય ભાવે ભજવા જોઈએ.

માયાને તરી જવા માટે સર્વશ્રેષ્ઠ ઉપાય એક જ છે અને તે અનન્યભાવે ભગવાનનું શરણ સ્વીકારવું. **મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે** ભગવાન ગીતાજીમાં કહે છે કે જેઓ મને જ પ્રપન્ન થાય છે તેઓ મારી દૈવી ગુણમયી દુસ્તર માયાને તરી જાય છે. અહીં **એવ** પદ મુકીને ભગવાને એક માત્ર શરણને જ સાધન બતાવ્યું છે તેમ જ શ્રી કૃષ્ણમાં અનન્યભાવે શરણ થવું જોઈએ એમ આજ્ઞા કરી છે. આ જ પ્રમાણે ઉપદેશના અંતમાં "મામેકં શરણં વ્રજ, એક માત્ર મારી શરણમાં આવ" એમ આજ્ઞા કરીને શરણાગતિમાં પણ અનન્યભાવને અતિ આવશ્યક ગણાવ્યો છે.

અનન્ય જીવ-અનન્ય ભક્ત એ જે કે જેને ભગવાન સિવાય અન્ય કોઈ સાધન જ નથી. **પરલોકાર્થ, ભગવત્કૃપાર્થ, અન્યાર્થ, ભક્તિવ્યતિરેકેણ ભગવદ્વ્યતિરેકેણ વા યેષાન્યન્નાસ્તિ તે અનન્યાઃ** જેઓને પરલોક માટે, ભગવાનની કૃપા માટે, બીજા અર્થ માટે, ભક્તિ સિવાય અથવા ભગવાન સિવાય કોઈ અન્ય સાધન નથી તેઓ અનન્ય કહેવાય છે.

ભગવત્ શાસ્ત્ર અનુસાર ભગવદીયને માટે ભગવાન જ સર્વરૂપ ભક્તને માટે પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ-આ બધું ભગવાન જ છે.

માનવજીવનમાં અનેક પ્રકારના દુઃખો તો આવવાનાં જ. ક્યારેક દુઃસંગના પરિણામે દુઃખ સર્જાય છે, ક્યારેક લૌકિક આવેશથી દુઃખ સંભવે છે, સત્સંગના અભાવનું દુઃખ પણ વૈષ્ણવને માટે મહા દુઃખ છે. ક્યારેક માર્ગની સ્થિતિ અંગે દુઃખ પણ થાય-આ બધાં દુઃખોનું નિવારણ અનન્યતાપૂર્વકનું ભજન છે. અનન્યભાવે જો શ્રી મહાપ્રભુજીના ચરણનો આશ્રય કરવામાં આવે અને તદાશ્રિત ભગવદીયોનો સંગ કરવામાં આવે તો ઉપર કહેલાં અને એ સિવાયનાં બધાં જ દુઃખો ક્ષણ માત્રમાં નિવૃત્ત થઈ જાય છે.

ભગવાન ગીતાજીમાં કહે છે, **"અનન્યાંશ્ચિન્તયન્તોમાં યે જનાઃ પર્યુપાસતે । તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥** જેઓ અનન્યભાવે મારૂં ચિંતન કરતા મને ઉત્તમ રીતે ઉપાસે છે તે નિત્યસંયુક્ત એવા ભક્તોના યોગ (અપ્રાપ્તની પ્રાપ્તિ) અને ક્ષેમ (પ્રાપ્તની

રક્ષા)નો ભાર હું ઉઠાવું છું.

ભક્તિની દ્રઢતા અને ઉત્તમતા અનન્યતામાં રહેલી છે. સ્વામી પ્રત્યે સેવકની અનન્ય ભક્તિ હોવી જોઈએ તો સેવક પ્રત્યે સ્વામીનાં અનન્ય સ્નેહ હોવો જોઈએ. એકવાર એક જીવને અપનાવ્યો પછી સ્વામી-સેવકનો સંબંધ અતૂટ અને અનન્ય રહે છે.

શરણે આવેલાનો શ્રી ગુસાંઈજી કદી ત્યાગ કરતા નથી, એવું જાણીને ગુલાબદાસને શ્રી ગુસાંઈજીના અંગીકારની પરીક્ષા કરવાનું મન થયું. શ્રી ગુસાંઈજી દ્વારા દીક્ષિત થયા બાદ એ જાણી જોઈને, પરીક્ષા કરવાને માટે જ ભ્રષ્ટ જીવન જીવવા લાગ્યો. મ્લેચ્છો સાથે ખાનપાન કરવું, વેશ્યાનો સંગ કરવો, અભક્ષ્યનું ભક્ષણ કરવું એમ અનેક રીતે તે દુષિત થયો. બધા તેને ગુલાબદાસને બદલે 'ગુલાબખાં' કહેતા ! થોડાં દિવસ બાદ શ્રી ગુસાંઈજીએ તેની પાસે એક વૈષ્ણવને મોકલ્યો અને કહેવરાવ્યું કે, "શ્રી ગુસાંઈજી તને યાદ કરે છે, તેમણે મને તારી પાસે મોકલ્યો છે." ગુલાબદાસે ત્રણ વાર પૂછ્યું, "હાં, હાં, શ્રી ગુસાંઈજી હજી પણ મને સંભારે છે ? " આમ કહીને તેણે દેહ છોડી દીધો !

અનન્ય ભક્તિ

ભગવાન કહે છે, "અનન્યચેતાઃ સતતં યો માં સ્મરતિ નિત્યશઃ । તસ્યાહં સુલભઃ પાર્થ નિત્યયુક્તસ્ય યોગિનઃ ॥ હે અર્જુન ! જે બીજામાં ચિત્ત ન રાખતો, નિરંતર, નિત્ય મારૂં સ્મરણ કરે છે, તે નિત્યયુક્ત યોગીને સુલભ થાઉં છું." ભક્તિમાર્ગમાં સાધના સંપન્નતા કરતાં ભાવ સંપન્નતાનું મહત્વ વિશેષ છે એ સ્પષ્ટ છે. ભગવાનનું અનન્યભાવે ભજન કરતા ભક્તો અકિંચન હોય તો ય ભગવાન તેમના પર રીઝે છે.

શ્રી ગુસાંઈજી જ્યારે ભાઈલા કોઠારીને ત્યાં બીરાજતા ત્યારે એક મા-દીકરી એમના દર્શને આવતાં. બંનેને દૈવી જાણીને આપશ્રીએ નામ-નિવેદન આપ્યાં. અને આજ્ઞા કરી કે તમે સેવા કરો. એમણે કહ્યું, "રાજ ! સેવા તે કઈ રીતે બને ? અમે તો અકિંચન છીએ." શ્રી ગુસાંઈજીએ કહવું. "ઘરમાં દાળ રોટલી તો કરો છોને ? એ દાળ રોટલીનો ભોગ ધરો, પણ ઠાકોરજીનો પધરાવો જ." બાઈએ વિનંતી કરી, મહારાજ ! મંગલામાં તથા ઉત્થાળનમાં બંટામાં ધરવા ક્યાંથી લાવું ?" શ્રી ગુસાંઈજી કહે, "તારી ઘરમાં બાજરી તો છે ને ? એમાંથી એકાદ બે મૂઠી બાજરી પલાળી રાખજે." બાઈએ કહવું, પણ વસ્ત્રો ક્યાંથી લાવું ?" ત્યારે આપશ્રીએ કહ્યું, "તું સાડી તો પહેરે છેને ? એમાંથી પહેરતાં પહેલાં, એક હાથ ફાડી લેવી અને એનાં વસ્ત્ર બનાવજે !" હવે બાઈ સંમત થઈ અને શ્રી ગુસાંઈજી એ એને ત્યાં શ્રી ઠાકોરજી પધરાવી આવ્યા.

આ ભગવદીય ખૂબ ભાવથી સેવા કરવા લાગ્યા. એક દિવસ ત્યાંથી પસાર થતાં શ્રી ગુસાંઈજી એમને ત્યાં પધાર્યા. પૂછ્યું," શું સમય છે ?" બાઈએ કહ્યું કે, "રાજ ! ઉત્થાપન ભોગ ધર્યો છે." આપશ્રીએ ત્યાં પધારીને જોવું તો શ્રી ઠાકોરજી બંને હાથે બાજરીના દાણા આરોગી રહ્યા છે. પ્રભુનો આવો અનુગ્રહ જોઈને એમનું હૃદય ભરાઈ આવ્યું.

પ્રસાદ લેવાના સમયે વૈષ્ણવોએ તો શ્રી ગુસાંઈજીને કહ્યું કે "અમારે એની સાથે (પ્રસાદ લેવાનો) વ્યવહાર નથી." ત્યારે શ્રી ગુસાંઈજી બોલ્યા, "અમારે તો વ્યવહાર છે !" એટલું જ નહીં પરંતુ સ્વયં એ બાજરીનાદાણાનો પ્રસાદ આરોગ્યા. પછી વૈષ્ણવોએ પણ એ માગીને લીધા. જો આવી સરળતા અને સહૃદયતા હોય તો પ્રભુ એ ભક્તને ત્યાં, ભક્ત સાધન સંપન્ન ન હોય તો ય પ્રસન્નતાથી બિરાજે છે. જે નિત્યયુક્ત યોગી છે એટલે કે સતત સેવા અને સ્મરણમાં પરોવાયેલો ભક્ત છે. તેને ભગવાન સર્વ પ્રકારે સુલભ છે.

જાકો મન લાગ્યો ગોપાલસો; તાહિ ઔર કૈસે ભાવૈ હોં ।
લે કર મીન દૂધમેં રાખો, જલ બિન સચુ નહીં પાવે હોં...
જ્યોં સૂરા રણધૂમ ચલત હૈ, પીર ન કાહૂ જનાવૈ
જ્યોં ગૂંગો ગુર ખાય રહત હૈ, સુખ-સ્વાદ નહીં બતાવૈ...
જૈસે સરિતા મિલિ સિંધુમેં, ઉલટ પ્રવાહ ન આવૈ
જૈસે 'સૂર' કમલમુખ નિરખત, ચિત્ત ઈતઉત ન ડુલાવૈ...

'મયિ ચાનન્યયોગેન ભક્તિરવ્યભિચારિણી' અનન્ય યોગથી ભગવાનમાં અસ્ખલિત ભક્તિ જ સાચી ભક્તિ છે. ભગવાનમાં મન લાગ્યા પછી મન જો બીજે ભટકવા જાય તો જાણવું કે મન ભગવાનમાં લાગ્યું જ ન હતું. જો ભગવાનમાં જ લાગ્યું જ હોત તો એને બીજે જવાની શી જરૂર રહે ?

જગતમાં જળ કરતાં દૂધને ઉત્તમ માનવામાં આવે છે. પરંતુ માછલીને માટે તો જળ માત્ર જળ નથી. એનું જીવન છે. જો માછલીને દૂધમાં રાખવામાં આવે તો એ તરફડીને મરી જ જશે. એને માટે જળ જીવન છે અને દૂધ (એટલે કે જળ સિવાયનું કાંઈ પણ) મૃત્યુરૂપ છે. એમ ભગવાનના અનન્ય ભક્તોને માટે ભગવાન અને ભાવનાના સંબંધી જ સુખરૂપ છે. બાકી બધું નકામું છે.

અનન્ય ભક્ત એની ભક્તિના ગાણાં નથી ગાતો. રણક્ષેત્રે શૂરવીરને યુદ્ધમાં ઘા પડે તો એ ઘા એના ઉત્સાહને વધારે છે. એ પોતાના ઘા અને પીડાને મહત્ત્વ જ આપતો નથી. ભક્તની વિરહપીડા અવ્યક્ત છે, પણ અનિર્વચનીય છે. અને જેમ પીડા અનિર્વચનીય છે. સંયોગ સુખ પણ અનિર્વચનીય છે. મૂંગા માણસને ગોળ ખવડાવીએ અને પછી પૂછીએ કે સ્વાદ કેવો લાગ્યો ? તો એ શું કહેશે ? એ સ્વાદને જાણી-માણી શકે છે પરંતુ એનું વર્ણન કરવાને માટે એની પાસે કોઈ શબ્દ નથી.

ભગવદીયની ગતિ ભગવાન તરફ જ હોય. જગતની કોઈ શક્તિ એ ગતિને રોકી કે ફેરવી ન શકે. જેમ સરિતાની ગતિ સાગર તરફ બહુ જ સહજ રીતે થતી રહે છે. તેમ ભક્તની ચિત્તવૃત્તિ અનન્યભાવે ભગવાન તરફ જ ગતિ કરે છે.

અનન્યભક્તિનું એક સુંદર પ્રતીક સૂર્ય અને કમળની પ્રીતિ રૂપે મુકાયું છે. સૂર્ય ઉદય થાય ત્યારે કમળ ખીલી ઉઠે છે. સૂર્યના આગમનનો પ્રભાવ કમળ પર જ પડે છે. આ અનન્ય ભાવ, સ્નેહ ભગવાન પર ભક્તો રાખે છે. અને એ જ ભક્તિનો પ્રાણ છે. ભાવ, ભક્તિનો આત્મા છે તો અનન્યતા એના પ્રાણ છે.

આ ત્રણ ધર્મનો ભગવદીયે કદી ત્યાગ ન કરવો. (૧) સ્વધર્માચરણ (૨) વિધર્મથી નિવર્તન (૩) ઈન્દ્રિય રૂપી અશ્વનો સર્વથા નિગ્રહ. એટલે કે સ્વધર્મનું શક્તિ પ્રમાણે આચરણ કરવું. ધર્મથી વિપરીત હોય એવા આચરણનો સર્વથા ત્યાગ કરવો, સંયમથી જીવન જીવવું.

ભરસભામાં પણ વૈષ્ણવે ભગવાનના ગુણો અને ભગવાનના નામોને આલાપ - ઉચ્ચાર કરતા રહેવું. આસુરી જીવો પાસે ય પરિણામની ચિંતા રાખ્યા વિના, કોઈપણ પ્રકારનો ભય રાખ્યા વિના પ્રભુનું ભજન કરવું, ભગવાનની નિંદા કરવી તો નહીં જ. સાંભળવી ય નહીં.

ભગવદ્ ભક્તે માલા, તિલક, આદિ અવશ્ય ધારણ કરવાં.

ભગવદ્ ભજનપૂર્વક એકાદશી તેમ જ જયંતિના વ્રત-ઉપવાસ વિ. અવશ્ય કરવા. દશમીથી વિદ્ધ એવી એકાદશીનું વ્રત ન કરવું. (આગલા દિવસે ૫૫ ઘડી દશમી હોય તો એકાદશી દશમી વિદ્ધા એકાદશી કહેવાય છે.)

વૈષ્ણવે વૃથા આલાપ (બોલવું), વૃથા ક્રિયા વૃથા અને વૃથા ધ્યાન (ચિંતન)નો ત્યાગ કરવો. વાણી, ક્રિયા તેમજ મનની પ્રવૃત્તિ ભગવાન સંબંધી ન હોય તો તે નિષ્ફળ છે, વૃથા છે. એમ સમજીને તે રોકવાં.

જલમાં અગ્નિ તેમજ અન્ય દેવતાઓનો વાસ છે તેથી જલમાં મલમૂત્રનો ત્યાગ કરવો નહિં, થૂંકવું નહીં, નગ્ન સ્નાન પણ ન કરવું.

ભક્ત - સ્વભાવ

ગુણની ઉપર ગુણ કરે, એ તો રીત જગતમાં પ્રકાશ;
(પણ) અવગુણ સામો ગુણ કરે, તે મ્હોટા હરિનાદાસ
દાસ દોષ સહુના સંતાડે, ગુણ હોય અલ્પ તે અધિક દેખાડે.
સાગર લાંછન વિષ શિવે પીધું. શશીયશ પ્રગટ લલાટે દીધું.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

ઉપકારની સામે કોઈ ઉપકાર કરે તો એ સાધુતા તો નથી જ. એ સામાન્ય વ્યવહાર છે. માણસની મોટાઈ તો એમાં છે કે એ બીજાના અપરાધની સામેય ઉપકાર કરે ! અસાધુની સાથે જે સાધુતા નિભાવી શકે એ જ સાચો સાધુ ! અહીં હરિભક્તના સ્વભાવમાં રહેલા આ મહાન ગુણની વાત કરાઈ છે. ભગવદીય પોતાની સાથે દ્વેષ રાખનારને, વૈર ભાવ રાખનાર માટે પણ અનુકંપા જ ધરાવે છે. વૈષ્ણવ અજાતશત્રુ હોય છે. એ બીજાના અલ્પ ગુણોને ય

અધિક કરીને પ્રકટ કરે છે, બીજાના દોષો મહાદોષો હોય તોય એને તુચ્છ માને છે. હરિના દાસ પણ હરિના જ જેવા સ્વભાવના હોય છે એમને અન્યના દોષ જોવા ગમતા જ નથી, બીજાનું હિત ન કરે ત્યાં સુધી એમને ચેન પડતું નથી. શિવજીની વૈષ્ણવતા જુઓ. સમુદ્રના દોષરૂપ જે વિષ નીકળ્યું એને એ પી ગયા (છુપાવી દીધું) અને સમુદ્રના ગુણરૂપ, શોભારૂપ જે ચંદ્ર પ્રકટ્યો એને એમણે મસ્તકે ધારણ કર્યો ! આવો છે ભગવદીયનો સ્વભાવ.

વિશ્વંભર વશ તેહને, જેનુ ચિત્ત સદા પ્રભુ પાસ;
હિત ઈચ્છે સહુ જગતનું, નવ ધરે કોઈની આશ,
આશ ધરે એક શ્રી ગોપાળ વ્યતીત કરે હરિ સેવામાં કાળ;
એવા ગુરૂનો લઈએ ઉપદેશ, ધરિયે સાચો વૈષ્ણવનો વેશ.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ

વૈષ્ણવ કોને કહેવો ?

જેનું ચિત્ત સદા શ્રી કૃષ્ણની પાસે જ રહે છે. જેમ જળ નીચે તરફ અને અગ્નિજ્યોત ઉપર તરફ સ્વભાવથી જ ગતિ કરે છે તેમ ભગવદીયનું ચિત્ત અનાયાસ, સ્વભાવથી જ ભગવાન તરફ ગતિ કરે છે.

વૈષ્ણવ વૈષ્ણવનો સાચો સ્વજન છે કેમ કે એ સૌનું હિત જ ઇચ્છે છે. સ્વપ્નમાં ય એ કોઈનું અહિત ન વિચારી શકે. એવું જોવામાં આવ્યું છે કે ક્રોધમાં આવીને દેવીદેવતાઓ શ્રાપ આપી દે છે, ઋષિમુનિયોગી તપસ્વી પણ કદી ક્રુદ્ધ થઈને શ્રાપ આપી બેસે છે પરંતુ કોઈપણ હરિભક્તે, ભાગવત પુરૂષે કદી કોઈને શ્રાપ આપ્યો નથી. પોતાની સાથે વૈર રાખનારાને દુ:ખી જુએ તો એ આકુળ વ્યાકુળ થઈ જાય છે.

વૈષ્ણવ કદી કોઈની આશા રાખતો નથી. 'જગત તણી છે આશ જ્યાં લગી, જગત ગુરૂ-તું દાસ' જે જગત પાસે સુખસંપત્તિની આશા સેવે છે તે જગતનો દાસ બની જાય છે. દુનિયા એને જેમ નચાવશે એણે નાચવું પડશે. જે આશા રાખે છે તેને નિરાશ થવું પડે છે. અને જગત સ્વયં દુ:ખી છે એની પાસે સુખની આશા રાખીને ય શો લાભ ? એને તો માત્ર શ્રી હરિના દર્શન, સેવાની જ અભિલાષ હોય છે.

ભગવદીયનો સમય બહુ મૂલ્યવાન છે. એ જાણે છે કે ક્ષણેક્ષણે આયુષ્ય ક્ષીણ થઈ રહ્યું છે, માનવજન્મ હરિભજન માટે લીધો છે માટે એ પોતાના સમયનો સાચે જ સદુપયોગ કરે છે. હરિ સેવા અને હરિકથામાં જ એનો સમય વ્યતીત થાય છે.

ગુરૂદેવના ઉપદેશનું પાલન, માલા, તિલક આદિ વૈષ્ણવ વેશને સન્માન પૂર્વક ધારણ કરવો એવા વૈષ્ણવી કર્તવ્યનું પાલન કરે તેવા ભગવદીયોના દર્શન કરનારો ય ધન્ય છે. તો એ ભગવદીયોની ધન્યતાનું તો શું કહેવું ?

સ્વાધ્યાય - ૩૪

જીવ સ્વભાવ.

સ્વભાવ વિજય : શૌર્યમ્ માનવીની સાચી શૂરવીરતા પોતાના સ્વભાવને જીતવામાં રહેલી છે.

બાલબોધ ગ્રંથમાં શ્રી વલ્લભે જીવોને દુષ્ટ કહ્યા છે. **જીવા : સ્વભાવતો દુષ્ટા :** જીવમાં સ્વભાવથી જ દોષ છે. અવિદ્યા-કામ અને કર્મથી ઉત્પન્ન થતી વાસના - એ જ દોષ છે. આ વાસના જીવમાં રહે છે માટે જીવ સ્વભાવથી જ દોષયુક્ત - દુષ્ટ છે.

જીવ એનો સ્વભાવ બદલે, તેના દોષ દૂર થાય ત્યારે જ તેનો ઉદ્ધાર થયો કહેવાય.

જો કે જીવ સ્વભાવથી દુષ્ટ ભલે હોય, સ્વરૂપથી દુષ્ટ નથી જ. સ્વરૂપથી તો જીવ ભગવદંશ છે. સ્વયં ભગવાન ગીતાજીમાં જીવને પોતાનો સનાતન અંશ કહે છે. દાસ્યભાવ ધારણ કરી પ્રભુને ભજે તો તે નિર્દોષ થાય.

જે બહિર્મુખ છે, વિષયાભિમુખ છે, ઈન્દ્રિયોની સન્મુખ છે. તે ભગવાનની સન્મુખ થઈ શકતો નથી. જેમ નાવમાં એક છિદ્ર પડે અને તે ભરી દેવામાં ન આવે તો નાવને ડુબાડે છે તેમ એક દોષ પણ દ્રઢતાથી જામી ગયો હોય તો તે સર્વનો નાશ કરી દે છે.

અધીરતા જીવના સ્વભાવમાં જ છે.

સ્વકીયાનામૈહિકં યદથવા પાર લૌકિકમ્ ।
અકરોત્ કુરુતે કર્તા પ્રભુરેવ ન સંશય : ॥

પોતાના ભક્તોનું જે - આ લોકનું અથવા તો પરલોકનું કાર્ય છે ભૂતકાળમાં એ બધું ભગવાને જ કરેલ છે. ભવિષ્યમાં પણ એ જ કરશે, એમાં કોઈ શંકા નથી. આમ છતાં જીવની બુદ્ધિ દૂષિત હોવાથી, પોતાના અજ્ઞાન ના કારણે પોતાના સાધન - અહંકારમાં રાચ્યા કરે છે. જીવ કૃતઘ્ન હોવાથી પ્રભુની કૃતિને જાણતો નથી. **ક્વ દોષરાશિર્જીવોયં ક્વ હરિર્ગુણ વારિધિ :** અનેક દોષયુક્ત જીવ ક્યાં અને ગુણસાગર શ્રી હરિક્યાં ?

સ્વભાવને વશ થઈને રહેવામાં સુખ નથી, સ્વભાવને વશ કરવામાં સુખ છે. 'મન કે મતે ન ચાલિયો, મન કે મત અનેક જો મન પર અસવાર હૈ, સો સાધુ કોઈ એક.' મનની દોરવણી પ્રમાણે, મનના મત પ્રમાણે ન ચાલવું. મનના મત તો ઘણા હોય છે. મન તો ગમે તે માંગે. ગમે ત્યાં જાય. માણસ ઘોડા પર સવાર હોય એ એની શોભા છે એમ મન પર આપણું આસન જોઈએ, આપણો અધિકાર જોઈએ.

શોક

સાંસારિક જીવનમાં દુઃખ થાય એવી ઘટનાઓ તો બનવાની જ. આવા પ્રસંગે વૈષ્ણવમાં

જેટલા વિવેક અને ધૈર્ય હશે એટલો એ શોકથી બચશે.

ભગવત્કૃતિ સંબંધી કેટલીક સમજણ પ્રત્યેકના જીવનમાં હોવી આવશ્યક છે.

વૈષ્ણવે પ્રથમ તો એ નિશ્ચય કરી લેવો જોઈએ કે **સર્વદા હિ ભગવાન્ ભક્તાનામેવ કલ્યાણમિષ્ટે'** ભગવાન સદા ભક્તનું જ કલ્યાણ ઈચ્છે છે.' એટલે ભગવાન એનું અનિષ્ટ કરશે એ આશંકા જ ન રહી.

શોક નિવૃત્ત થવા માટે વૈષ્ણવે બીજું એ સમજવું જોઈએ કે 'ભગવાન જ સર્વ વસ્તુ કરે છે. અને સર્વને નિયમમાં રાખે છે. એ કોઈના માટે ઈષ્ટરૂપ અને કોઈના માટે અનિષ્ટરૂપ એવા વિષમ નથી જ. ભગવાનની દરેક કૃતિમાં સ્વાર્થ અથવા પરમાર્થ એમ બેમાંથી એક અથવા બંને તત્ત્વો રહેલા હોય છે. સ સ્વાર્થ પરાર્થ વા કરોતિ ભગવાન એ કૃતિ પોતાને માટે ય કૃતિ કરે છે. અને બીજાને માટે ય કરે છે. એ જ્યારે પોતાને માટે કૃતિ કરે છે ત્યારે લીલા સિદ્ધ થાય છે. અને એ જ્યારે અન્યને માટે કૃતિ કરે છે ત્યારે તેમાં અન્યનું હિત સિદ્ધ થતું હોય છે.

ભગવાન જીવનું હિત કરતા હોય અને જીવ શોક કરે તો એ સાવ નિષિદ્ધ છે. જીવે શોક કરાય જ નહીં. આવા પ્રસંગે જો જીવ શોક કરે તો પ્રભુ અપ્રસન્ન થાય છે.

શોકનું કારણ જાણે એ જીવના સ્વભાવમાંથી વારંવાર શોકાતુર થઈ જવાની દુઃખદ પરંપરાનો અંત આવે છે. અજ્ઞાન અને આસક્તિ મનુષ્યને શોકના સમુદ્રમાં ડૂબાડી દે છે.

ત્રિસ્ના અગ્નિ પ્રલય કિયા, તૃપ્ત ન કબહૂ હોય ।

સુર નર મુનિ ઔર રંક સબ, ભસ્મ કરત હૈ સોય ॥

ત્રિસ્ના અગ્નિ શોકનું કારણ બને છે. તૃષ્ણાનો અગ્નિ જાણે પ્રલયનો અગ્નિ છે કદી તૃપ્ત ન થનારો અગ્નિ. આની જવાળાઓ એ સૌને દઝાડ્યા છે અરે ! મોટા મોટાના સુખને રાખ કરી નાખ્યા છે. દેવ, માનવ, રાજા-રંક, સંસારી કે સંન્યાસી આ સૌને એણે સતાવ્યા છે, નચાવ્યા છે.

માનવીના સ્વભાવમાં સંતોષ ઉતરે તો જાણો કે સ્વર્ગ ઉતર્યું. વિવેક ઉતરે તો સમજો કે વૈકુંઠ ઉતર્યું. ભક્તિ ઉતરે તો સમજો કે ભગવાન અવતર્યા !

મોહ.

કી ત્રિસ્ના હૈ ડાકિની, કી જીવન કા કાલ

ઔર ઔર નિસાદિન ચહૈ, જીવન કરે બહાલ

તૃષ્ણા એક પિશાચિણીનું નામ છે. તૃષ્ણા જીવનનો અંત જ છે. રાતદિવસ વધુને વધુ માંગ્યા જ કરે, માંગ્યા જ કરે. માનવીના જીવને બેહાલ કરી નાખનારી તૃષ્ણા નષ્ટ થવી જ જોઈએ.

માયા વડે જેનું ચિત્ત હરાઈ ગયું છે તે જીવો તુચ્છ કામના માટે ભગવાનના ચરણને ભજે છે. જેમ બાળક મુઠ્ઠી ભર ખાવાનું મળે એની લાલચે તેમાં બદલામાં ઘણું સુવર્ણ આપી દે છે. તે માયાથી મોહિત જીવ ભગવાનના ચરણને ક્ષણિક સુખ આપનારી વસ્તુઓની પ્રાપ્તિ માટે ભજે છે.

પોતાનું જેમાં અનિષ્ટ છે એવા સંસારમાં બંધાઈ જવાનો જીવનો સહજ સ્વભાવ છે. બંધાઈ ગયા પછી સંસારના અનેક ક્લેશનો અનુભવ કરવા છતાં નિજસ્વભાવના કારણે જીવ એ અનિષ્ટને ટાળી શકતો નથી. આ સ્થિતિમાં કરૂણાવશ પ્રભુ પોતે પ્રયત્ન કરીને સંસારને ભક્તથી અથવા ભક્તને સંસારથી દૂર કરે છે.

મોહાવિષ્ટ જીવ આ સારૂં કે આ ખરાબ એવો નિર્ણય સ્વયં કરી શકતો નથી. પોતાની બુદ્ધિ મલીન થઈ ગઈ હોવાથી એ અવિવેકી જીવ તો સ્વભાવવશ કર્મો કર્યે જ જાય છે. પ્રભુ જ્યારે કૃપા કરે છે. ત્યારે જીવની ઈચ્છા હોય કે ન હોય તો ય એને મોહનિવૃત્ત કરવા માટે સર્વજ્ઞ, સર્વશક્તિમાન પ્રભુ પોતાના પ્રમેયબળનો ઉપયોગ કરે છે. અને એ જીવને કલ્યાણમાર્ગે ચઢાવે છે.

જીવનું સામર્થ્ય કેટલું ? સ્વરૂપથી તો એ અણુમાત્ર છે. વળી તે પ્રભુની પ્રબલ અવિદ્યાથી ઘેરાયેલો છે. તેની બુદ્ધિ ભ્રમિત થયેલ છે. દુઃખરૂપ સંસારને એ સુખરૂપ માને છે. જ્યાં પ્રવૃત્ત થવું જોઈએ ત્યાં નિવૃત્ત રહે છે. અનાશ્રિત સ્થિતિમાં તો જીવ અનંત જન્મો સુધી મોહવશાત્ સંસાર ચક્રમાં ભમ્યા જ કરે છે, ભમ્યા જ કરે છે.

ભગવાદશ્રિત ભક્તની વાત જુદી છે. કદાચ તેની બુદ્ધિમાં મોહની ક્ષણો આવી ય જાય તો ય પ્રભુ એની રક્ષા કરે છે. જેમ કોઈ એક બાળક સર્પને હાથમાં લઈને એની સાથે રમવા ઈચ્છતો હોય પરંતુ માતા કે પિતા એને સર્પ સાથે રમવા તો નહીં જ દે. પરંતુ એને સર્પથી દૂર કરી દેશે. એમ સંસારના મોહથી પ્રભાવિત થનાર ભક્તને માટે સ્વયં ભગવાન એનું હિત વિચારશે.

ભય

અભય ઈચ્છનારા ભગવદીયે સર્વાત્મા ભગવાનને શ્રવણ કરવા, કીર્તન કરવા અને સ્મરણ કરવા.

જીવ અંશ છે. અલ્પ સામર્થ્યવાન છે. કાળ, કર્મ અને સ્વભાવના બળ આગળ તે પ્રાયઃ પરાભવ પામે છે. માયાની શક્તિ પણ અતિપ્રચંડ છે. શ્રી પ્રહ્લાદજીએ શ્રી નૃસિંહ ભગવાનની સ્તુતિમાં ગાયું હતું કે, આપનું સ્વરૂપ ભલે ભયાનક લાગતું હોય પરંતુ મને આપનો ભય નથી. મને તો આપની સુંદર, મોહક લાગતી માયાનો, સંસારરૂપી ચક્રમાં પીસાઈ જવાનો ભય મને સતાવે છે. પ્રભુ ભયાનક લાગે તો ય ભયાનક નથી, માયા રમણીય લાગે તો ય રમણીય નથી.

કામ - ક્રોધ - લોભ -

શ્રી ગીતાજીમાં કામ, ક્રોધ અને લોભને નરકના ત્રણ દ્વાર કહ્યા છે. નરક એટલે મહાદુઃખ. ભક્તિમાર્ગના ઉપાસકે જો આ મહાદુઃખ દ્વારથી બચવું હોય તો કામ, ક્રોધ, લોભથી બચવું. કામ મહા ખાઉધરો રાક્ષસ છે. ગમે તેટલા ભોગ ભોગવવામાં આવે તો ય તેને તૃપ્તિ થતી નથી. અગ્નિમાં જેમ જેમ વધુ લાકડાં ઉમેરવામાં આવે તેમ તેમ અગ્નિ વધુને વધુ ભભૂકે છે એમ ભોગથી કામ કદી તૃપ્ત થતો નથી. ક્રોધ મહાપાપી અસુર છે. કામથી થોડીક વાર તો અલ્પ સુખનો અનુભવ થાય છે. જ્યારે ક્રોધ તો જેને ક્રોધ થયો હોય તેને અને જેના પર ક્રોધ થયો હોય તેને પણ - બંનેને બાળે છે.

કામ અને ક્રોધ બંને કરતાં લોભ વધુ પીડા આપનારો દોષ છે. ક્રોધ કાયમને માટે દુઃખ આપતો નથી, કામને પણ તેની પોતાની અવસ્થા છે. અમુક વયમાં, અમુક સંજોગોમાં જ તે બાળે છે. જ્યારે લોભને કોઈ સીમા કોઈ મર્યાદા નથી.

કામરૂપી રાવણને ભગવાને એક જ શ્રીરામ અવતારમાં માર્યો. ક્રોધરૂપી શિશુપાલને ભગવાન શ્રી કૃષ્ણે માર્યો પરંતુ લોભના બે રૂપ હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ (હિરણ્યાક્ષ એટલે ભોગ અને હિરણ્યકશિપુ એટલે મોહ) ને મારવા માટે ભગવાને પણ બે અલગ અલગ શ્રી વરાહ અને શ્રી નૃસિંહ અવતારો લીધા છે. જન્મથી છેક મૃત્યુ સુધી લોભ જીવે છે.

કામને વૈરાગ્યથી, ક્રોધને સહનશીલતાથી તેમજ લોભને સંતોષથી નષ્ટ કરવા. ભક્તિમાર્ગમાં આ અસુરો મરશે તો જ સુખેથી ભગવાનનું ભજન થઈ શકશે.

જીવ એના સ્વભાવથી દુષ્ટ છે. એ વાત સાચી, એનમાં ઘણા દોષો છે એ વાત પણ સાચી પરંતુ ઉદ્ધારક જો એના દોષો જ જોયા કરે તો જીવનું શું થાય ? આ મુદ્દા પર એક હૃદયને આર્દ્ર કરી દે એવી સુંદર કથા છે.

શ્રી મહાપ્રભુના સેવક ભગવાનદાસ સાંચોરા બ્રાહ્મણની આ વાત છે. શ્રી ગુંસાઈજીએ એનને શ્રીનાથજીના ભિતરીયા તરીકે સેવા આપી. તે બાલભોગની સામગ્રી કરતા. એક દિવસ ભગવાનદાસે સામગ્રી કરી તે દાઝી ગઈ. તેમણે તે દાઝેલી સામગ્રી પ્રભુને ભોગમાં ધરી. પછી જ્યારે શ્રીગુંસાઈજી ભોગ સરાવવા પધાર્યા ત્યારે એમણે બગડેલી સામગ્રી ધરાયેલી જોઈ એટલે ભગવાનદાસના ઉપર ગુસ્સે થયા અને તેમને સેવામાંથી બહાર કર્યા. ભગવાનદાસ ખૂણામાં બેસીને રૂદન કરવા લાગ્યા કે હવે હું શું કરૂં ?

પછીથી ભગવાનદાસ ગોવિંદકુંડ પર અચ્યુતદાસ પાસે આવ્યા. સામગ્રી દાઝી જવાની અને પોતાને શ્રી ગુંસાઈએ સેવાથી બહાર કર્યાની વાત તેમણે અચ્યુતદાસને કહી. ત્યારે અચ્યુતદાસે કહ્યું," સામગ્રી સાવધાની થી કરીએ. હવે તમે ચિંતા ન કરો. શ્રી ગુંસાઈજી તો પરમ દયાલ છે. ફરીથી તમને સેવા દેશે. તમે ગોવિંદકુંડ જઈને બેસો. શ્રી ગુસાંઈજી મધ્યાહન સંધ્યા કરવા માટે કાયમ ગોવિંદકુંડે પધારતા વળી માનસી સેવા માં મગ્ન, અતિવૃદ્ધ એવા અચ્યુતદાસને દર્શન દેવા પણ પધારતા. વળી શ્રી ગુંસાઈજી જ્યારે અચ્યુતદાસને દર્શન

આપવા પધાર્યા તો તેમણે જોયું કે અચ્યુતદાસના નેત્રોમાંથી બહુ જલ વરસી રહ્યું છે. શ્રીગુંસાઈજીએ તેમને પૂછ્યું કે, "તમને એવું તો મોટું શું દુ:ખ છે, કે રડો છો ?" અચ્યુતદાસે જવાબ આપ્યો કે, મહારાજ ! શ્રીઆચાર્યજીને જીવ કોં તુમકોં સોંપે હૈં, સો આપ અભીતેં જીવકો દોષ દેખન લાગે, સો જીવ કો ઉદ્ધાર અબ કૈસે હોયગો ? શ્રીમહાપ્રભુજી એ દૈવી જીવો તમોને સોંપેલા છે તમારે તો ઘણા જીવોનો અંગીકાર કરવાનો છે, વળી જીવ તો દોષથી ભરેલા છે. હવે જો આપ અત્યારથી જ દોષો જોવા લાગ્યા તો જીવનો ઉદ્ધાર શી રીતે થશે ?"

શ્રીગુંસાઈજી અચ્યુતદાસને કહે, તમે ચિંતા ન કરો. મેં ભગવાનદાસને શિખામણ આપી છે, બોધપાઠ આપ્યો છે. એનો ત્યાગ કર્યો નથી વળી ' જીવના દોષ ન જોવાની આ વાત' તમારા દ્વારા શ્રીઆચાર્યજીએ જ મને કરી છે, માટે "આજ પાછેં કોઈ વૈષ્ણવ પર ન ખીજોંગો હવે કોઈ વૈષ્ણવ પર ક્યારે ય ખીજાઈશ નહીં." અને તે ભગવાનદાસનો હાથ પકડીને શ્રીનાથજીના મંદિરમાં લઈ ગયા. જીવ સ્વભાવ અને ભગવાનના સ્વભાવનું કેવું સુંદર નિરૂપણ છે !

જીવને માંગતા ન આવડે. કુંભનદાસની પત્નીએ માગ્યું કે "મહારાજ ! આપ મહાપુરુષ છો, મારે બેટા નથી, તેથી આપ કૃપા કરીને બેટા આપો" શ્રીઆચાર્યજીએ કૃપા કરી પ્રસન્ન થઈને કહ્યું કે "તારે સાત બેટા થશે." સ્ત્રી મનમાં બહુ પ્રસન્ન થઈ કુંભનદાસે પત્નીને ઠપકો આપ્યો, "આ તેં શું માગ્યું ? શ્રીઆચાર્યજી પ્રસન્ન થયા હતા તો શ્રીઠાકોરજી માંગતી તો તને શ્રીઠાકોરજી દેતા !" સ્ત્રીએ જવાબ આપ્યો, " મારે જે જોઈતું હતું તેમેં માંગ્યું અને તમારે જે જોઈતું હોય તે તમે માગી લો !"

જીવને માંગતા ન આવડે. બદ્રિનારાયણની યાત્રા સમયે કૃષ્ણદાસ મેઘને શિલા પડતી રોકી. શ્રી મહાપ્રભુજીએ તેની પરીક્ષા કરવા કહ્યું, "તું માંગ શું માગે છે ?" ત્યારે કૃષ્ણદાસે માર્ગનો સિદ્ધાંત હ્રદયારૂઢ થવાનું, મુખરતા દોષની નિવૃત્તિ અને પોતાના ગુરૂને ત્યાં પધારવાનું માંગ્યું. શ્રી આચાર્યજી એ ત્રીજી વસ્તુ ન આપી.

ઉત્તમશ્લોકદાસ શ્રી ગોવર્ધનનાથજીની રસોઈ કરતા. સેવકોને પ્રસાદ લેવરાવતા ત્યારે પોતાના દ્રવ્યનું ઘી મંગાવીને પીરસતા. શ્રી ગુંસાઈજીએ આનું કારણ પૂછ્યું તો કહે, "સેવક સેવા કરે એમાં એને શ્રમ ઘણો થાય છે. પર્વત પર ચઢે, ઉતરે વિ. શ્રમ થાય. સેવકનો પરિશ્રમ જોઈને શ્રી ઠાકોરજીને ય શ્રમ થાય. અધિક ઘી લેવાથી શરીરમાં બળ થાય તો સેવક સારી રીતે સેવા કરે. પ્રસન્ન થયેલા શ્રી ગુંસાઈજી કહે, "ઉત્તમશ્લોકદાસ ! હું તમારા ઉપર પ્રસન્ન થયો છું.તમે મારી પાસે કાંઈ માંગો !" ઉત્તમદાસે અદ્દ્ભુત વસ્તુ માંગી. એમણે કહ્યું કે, મહારાજ ! હું આપની ઉપર ક્યારે ય અપ્રસન્ન ન થાઉં. એ હું માંગુ છું." શ્રી ગુંસાઈજીએ એ વાત સ્વીકારી. ઉત્તમશ્લોકની વાતનો એ મર્મ એ હતો કે અત્યારે શ્રી ગુંસાઈજી પ્રસન્ન છે પણ કોઈક સમયે સેવામાં અપરાધ પડે તો અને અપ્રસન્ન પણ થાય. તે સમયે જીવસ્વભાવના કારણો મારૂં મન ન બગડે. મારી બુદ્ધિમાં દોષ ન આવી જાય એ વાત મહત્ત્વની છે.

જીવના સ્વભાવની આ નબળાઈ છે. એ જલ્દી બીજાના દોષ જુએ છે. બીજાના દોષ જલદી સ્વીકારી પણ લે છે. રામાનંદ પંડિતે પોતાની સ્ત્રીને કહ્યું, "જલદી છાણ ઉઠાવ નહીં તો વૈષ્ણવો ઉઠીને બધુ છાણ લઈ જશે !" શ્રી આચાર્યજીના પ્રાણપ્રિય વૈષ્ણવો માટે આવી હીન ભાવનાએ જીવનો સ્વભાવ દોષ જ છે ને !

જીવ તો અનેક દોષોથી ભરેલો છે જ. પણ એટલું આશ્વાસન પણ છે કે પ્રભુ એના દોષ સામું જોતા નથી. ભગવત્કૃપા ગુણનો વિચાર કરીને વધતી નથી અને દોષનો વિચાર કરીને ઘટતી નથી. ભગવાનની કૃપાને એ ભગવાનનો સ્વભાવ છે.

ગુરૂ મહિમા -

ધ્યાન મૂલ રૂપ શ્રીગુરૂપૂજન, પૂજનનું મૂળ ગુરૂ પાય;
મંત્ર મૂળ વાક્ય છે, મૂળ મોક્ષનું ગુરૂ કૃપાલ
ગુરૂકૃપા વાંછિત ફળ થાય. હરિ રૂઠે તો ગુરૂ કરે સ્હાય,
ગુરૂ કોપે કયાંઈ નહી ઠેકાણું, અધિક આચાર્યથી કો નવ જાણું
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

'ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિઃ પૂજા મૂલં ગુરોઃ પદમ્ મંત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા' સાધકની સર્વ સાધના અને સર્વ સાધનનું મૂળ - આધાર સદ્‌ગુરુ છે. ધ્યાન કરનારે પહેલાં ગુરુદેવના સ્વરૂપનું ધ્યાન કર્યા પછી ગોવિંદના સ્વરૂપનું ધ્યાન કરવું. પૂજા, ઉપાસના કરનારે પહેલાં ગુરૂચરણની ઉપાસના કરવી. ગુરૂવાક્ય એ જ પ્રથમ મંત્ર છે. અથવા મંત્ર ગુરૂમુખેથી દીક્ષાના રૂપમાં મળે તો જ ફળે અન્યથા ગમે તેટલા જાપ કરશો તો ય કાંઈ ન વળે. જન્મમૃત્યુમાંથી મુક્તિરૂપી મોક્ષ અથવા ભગવત્પ્રાપ્તિરૂપી મોક્ષ પણ ગુરૂકૃપાથી જ મળશે. ગુરૂના અવજ્ઞા અને અપરાધથી સદા બચવું. "હરૌ રૂષ્ટે ગુરૂસ્ત્રાતા, ગુરૌ રૂષ્ટે ન કશ્ચનઃ તસ્માત સર્વપ્રયત્નેન ગુરૂમેવ પ્રસાદયેત્." ગોવિંદ કરતાં ય ગુરુનું મહત્ત્વ વિશેષ છે. હરિ અપ્રસન્ન થયા હોય તો ગુરૂદેવ તેમને મનાવી લેશે પરંતુ ગુરૂનો રોષ પ્રકટ્યો તો કોઈ બચાવનાર નથી. ગુરૂદ્રોહીની ભગવાન ય રક્ષા કરતાં નથી. માટે સાવધાન રહેવું.

ક્રોધી ગુરુ તો નૃસિંહજી, કામી હોય તો શ્રી કૃષ્ણને કહિયે,
લોભ દાખે તો વામનજી, પણ હરિ સાચા એ લહિએ.
લહિએ એ પારખો દાખે જો દુષ્કૃત, તો પણ માનીએ તે થકી ગત્ય.
જેણે સોંપી આપ્યા જગદીશ, તેનો રૂણી સદા તે શિષ્ય.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

લૌકિક દ્રષ્ટિએ જોતાં કદાચ ગુરૂમાં દોષ દેખાય પણ ખરા. છતાં ગુરૂમાં દોષ દેખાય એ

શિષ્યની દ્રષ્ટિની ખામી છે. તેની અપરિપકવતા નું લક્ષણ છે. શિષ્યમાં સદ્દગુરૂ માટે સાચી શ્રદ્ધા હશે તો એને દોષને સ્થાને ગુણ જ દેખાશે. જોનારના દ્રષ્ટિબિંદુનું ઘણું મહત્ત્વ છે.

શ્રી નૃસિંહ અવતાર એ ભગવાનનો ક્રોધ સહિત અવતાર છે. સૌને ખબર છે કે કેટકેટલા દેવોની, ખુદ લક્ષ્મીજીની પ્રાર્થના છતાં નરસિંહપ્રભુનો ક્રોધ શાંત થયો ન હતો. આમ છતાં એ ભગવદ્ લીલા હોવાના કારણે આપણને ભગવાનના ક્રોધમાં દોષ દેખાતો નથી. આવી જ વિવેકદ્રષ્ટિ આપણે આપણા ગુરૂદેવના વિષયમાં અપનાવવાની છે. આપણા ગુરૂદેવના સ્વભાવમાં ક્રોધ દેખાતો હોય તો આપણે તેમનામાં નરસિંહ અવતારની ભાવના કરવી. સામાન્ય માણસોને શ્રીકૃષ્ણની લીલાઓમાં કામભાવ દેખાય પણ ભગવદીયો જાણે છે કે ભગવાનની સર્વ લીલાઓ નિર્દોષ છે, શ્રીકૃષ્ણ જેવા નિષ્કામ કોઈ નથી. કામ તો એમની લીલા છે, તે પણ અપ્રાકૃત કામ છે માટે ગુરૂદેવમાં પણ આ જ દ્રષ્ટિ કેળવવી. ગુરૂના વ્યવહારમાં લોભ દેખાય તો વામન ભગવાનની લીલાઓનું ચિંતન કરવું.

પોતાનું કલ્યાણ ઈચ્છતા શિષ્યે, ગુરૂદેવની તમામ બાબતોમાં આ અલૌકિક દ્રષ્ટિ કેળવવી. ગુરૂના દોષ જોવાથી કાંઈ નહીં મળે, ઉલટાની હાનિ જ થશે. ગુરૂદેવના ઉપકારોનું ચિંતન કરવું. જે ગુરૂમહારાજે આપણો ભગવાન સાથે સંબંધ કરાવી આપ્યો. જેમણે આપણને પ્રભુ આપ્યા તેનો આપણા પર કેટલો મોટો ઉપકાર છે ? શિષ્ય ગમે તે કરે તો ય તે ગુરૂ ના ઋણમાંથી મુક્ત થઈ શકવાનો નથી. ' સીસ દિયે પર ગુરૂ મિલે, તો ગુરૂ સસ્તા જાન' માથાસાટે ય જો સદ્દગુરૂ મળી જાય તો જાણવું કે આપણને સસ્તામાં મળ્યા. જીવનની દરેક સિદ્ધિ માટે તેણે ' ગુરૂકૃપા હિ કેવલમ્' ગુરૂકૃપા જ કારણભૂત માનવી. હું જેકાંઈ છું તે મારા ગુરૂદેવનો જ પ્રતાપ છે. એમ જ માનવું.

સ્વાધ્યાય - ૩૫

દાસ્ય

જીવા : સ્વભાવતો દાસા : જીવો સ્વભાવથી (ભગવાનના) દાસ છે.

યે કેચન જીવભાવં પ્રાપ્તાસ્તેષાં દાસ્યં પરમો ધર્મ :

જે કોઈ પણ જીવભાવ પામેલા છે તેઓનો દાસ્ય એ જ પરમધર્મ છે. બ્રહ્મભાવ થાય તે પહેલાં તો બધાનો જીવભાવ જ છે.

નિજેચ્છાથી જ પ્રભુ જીવનું દાસપણું સિદ્ધ કરે છે એટલે કે નિજેચ્છાથી જ પ્રભુ જીવને દાસપણે વરણ કરે છે.

સહજ દાસત્વ.

જીવનું દાસત્વ સહજ છે. જીવ દેવ, અસુર કે મનુષ્ય હોય પણ તે જીવ હોવાથી તેનો ભગવાન સાથેનો અંશાંશી ભાવ તો સહજ છે જ. જીવ જે હોય, જ્યાં હોય તે સર્વ કાળે અને સર્વ સ્થળે ભગવાનનો અંશ તો રહે છે. આ અંશાંશી સંબંધ સર્વ જીવોનો ભગવાન સાથે સનાતન સંબંધ છે માટે પ્રત્યેક જીવ ભગવાનનો સહજ દાસ છે. જો એ દાસ બનીને રહે તો તે સ્વધર્મસ્થ છે અને દાસત્વ ભૂલે તો તે સ્વધર્મભ્રષ્ટ છે પણ એટલું તો ચોક્કસ કે જીવ સહજ દાસ છે. શ્રી મહાપ્રભુજીએ પ્રત્યેક વૈષ્ણવને આ મુદ્દો સમજાવવાનો પ્રયાસ કર્યો છે. ૮૪,૨૫૨ ભગવદીયોમાં મોટાભાગના ભગવદીયોના નામ પાછળ 'દાસ' શબ્દ આ જ કારણે લાગ્યો છે.

ગોવિંદ સ્વામી પ્રથમ આંતી નામના ગામે રહેતા. ત્યાં એમના ઘણા શિષ્યો, સેવકો પણ હતા. તેથી તે ગોવિંદ 'સ્વામી' કહેવાતા. એમના સેવકો એ ગોકુલ આવીને એમને જ (ઓળખાણ ન પડવાથી) પૂછ્યું ગોવિંદસ્વામી છે ? ત્યારે એમણે કહેલું, " એમને મરી ગયે ઘણા દિવસ થઈ ગયા !" એટલે કે સ્વામીપણું હતું એ તો મર્યો હવે તો હું 'દાસ' છું.

સ્વામી લૌકિક સ્વામી નથી.

અંત :કરણ પ્રબોધ ગ્રંથમાં શ્રી મહાપ્રભુજી કહે છે કે **લૌકિક પ્રભુવત્કૃષ્ણો ન દ્રષ્ટવ્ય: કદાચન** લોકમાં સ્વામી કે પ્રભુ તરીકે લૌકિક-પ્રાકૃત જીવો હોય છે. એ સેવકના દુઃખ પ્રત્યે બેદરકાર રહી શકે, સેવકની ઉપેક્ષા કરી શકે. પરંતુ પુષ્ટિમાર્ગીય સમર્પિત જીવના પ્રભુ લૌકિક પ્રભુ નથી. અહીં તો પ્રભુ શ્રીકૃષ્ણ છે. કૃષ્ણ એટલે સદાનંદ ફલરૂપ પ્રભુ. એમણે કરેલો જીવનો અંગીકાર લૌકિક પ્રભુની જેમ અનિત્ય ન હોય. નિત્ય હોય, શાશ્વત હોય. અંગીકૃત જીવના અપરાધ સમૂહોને ક્ષમા આપવી એ તો એમનો વિનોદ છે એટલે કે એમાં એમને શ્રમ નથી.

દાસત્વની કામના.

માગવું તો તેનું દાસત્વ માંગવું.

દાસભાવાદતો નાન્યત્ કામ્યં ભવતિ કસ્યચિત્ કોઈએ પણ દાસ ભાવથી બીજું કાંઈપણ ઈચ્છવા યોગ્ય નથી.

પુષ્ટિભક્ત વૃત્રાસુરની કામનામાં તો ભારોભાર દૈન્ય છે. **દાસાનુદાસો ભવિતાસ્મિ ભૂયઃ"** પ્રભુ, મને જન્મજન્માંતર સુધી તમારા દાસનો ય દાસ બનાવો !" આ દાસત્વ પણ એક જન્મ માટે નહીં. ભગવદીયો તો મુક્તિ માંગતા જ નથી. પ્રાયઃ શરણે જનારા જીવો આર્ત હોય, જન્મ જન્માંતરના સંસાર દુઃખથી પીડિત હોય, માટે શરણે જાય છે. પરંતુ પુષ્ટિભક્તની ભૂમિકા જ જૂદી છે. એ તો ભગવાનના કે ભગવદીયના દાસત્વમાં જ સઘળું સુખ અનુભવે છે.

હરિદાસ થવું કે હરિના દાસાનુદાસ થવું પુરૂષાર્થરૂપ પણ છે. આ દાસત્વથી ભક્તોના ત્રિવિધ તાપની નિવૃત્તિ થાય છે. આધિભૌતિક (દેહ સંબંધી) આધ્યાત્મિક (અંતઃ કરણ સંબંધી અને આદિદૈવિક(યમ, રૂદ્ર વિ. દેવ સંબંધી) એવા ત્રિવિધ તાપના હરનારા ભગવાન છે. (તાપત્રયવિનાશાય શ્રીકૃષ્ણાય વયં નુમઃ) અને જીવને બંધન કરનારી. ક્લેશ આપનારી અવિદ્યા અહંતામમતારૂપા માયાને હરનારા (મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે) પણ ભગવાન છે માટે એ ' હરિ ' કહેવાય છે. શ્રી દયારામે ગાયું છે કે, "શું કરૂં શ્રીજી ! સાયુજ્ય પામી ?

એકતામાં તમો ના રહો સ્વામી, મારે દાસપણામાં શી ખામી ?

વ્રજ વ્હાલું રે વૈકુંઠ નહીં આવું...

દાસત્વમાં આનંદ છે. દાસને મુક્તિની કામના એટલા માટે જ રહેતી નથી જ્ઞાન વડે મુક્તિ મળે, જ્ઞાન તો ભગવાનનો સ્વરૂપગત ધર્મ છે. ધર્મ કરતાં ધર્મીનો આશ્રય ઉત્તમ માન્યો છે. ' એકતામાં તમો ના રહો સ્વામી' મુક્તિમાં સ્વામી-સેવકનો ભેદ નષ્ટ થઈ જાય છે. અહમ્ અને બ્રહ્મની એકતા એટલે જ સાયુજ્ય. પરંતુ ભક્તોને આવું સાયુજ્ય ખપતું નથી. માટે સેવ્યસેવકનો ભેદ બની રહે એટલા ખાતર ભક્તો ' અહમ્ ' ને સાચવી રાખે છે. પ્રભુમાં લીન થઈ જવા દેતા નથી. આ અહમ્ અભિમાન પણ ન બની જાય માટે તેની આગળ દાસભાવનું કવચ ચઢાવી દે છે ! ભક્તો પોતાના સ્વરૂપ વિશે ઝાઝું કાંઈ વિચારતા નથી. એમને તો 'દાસોહમ્ ' માં બધું જ સમજાઈ જાય છે. એમાં બધી જ કૃતાર્થતા આવી જાય છે.

ફલાત્મક દાસત્વ.

દાસત્વનું સુખ એવું તો આહ્‌લાદક છે કે ભક્તો તે ગુમાવવા સહેજ ય તૈયાર નથી. ચાહે સાયુજ્યનું સુખ ભલે ને ગુમાવવું પડે !

દાસ્યભાવ પ્રધાન સેવાભક્તિમાં અંબરિષ રાજાની રહેણી અને કરણી બંને નોંધપાત્ર છે. સર્વ ઈન્દ્રિયો તેમ જ સર્વ સંપત્તિ, વિષયો વિ.નો ભગવર્થ વિનિયોગ જ એ ઈન્દ્રિયો અને વિષયોની સાર્થકતા છે. પરમ ભગવદીય અંબરીષ રાજાએ સ વૈ મનઃ કૃષ્ણાપદારવિન્દયોઃ... મનનો પ્રભુના ચરણમાં, વાણીનો હરિગુણગાનમાં, હાથનો મંદિરની સ્વચ્છતા માટે, કાનનો પ્રભુની કથા શ્રવણ કરવામાં, નેત્રોનો ભગવાનની સ્વરૂપનું દર્શન કરવામાં, પોતાના અંગનો ભગવદ્ ભક્તોના ગાત્રસ્પર્શ કરવામાં, નાસિકાનો અર્પણ કરેલ તુલસી વિ. પ્રસાદીનો સ્વાદ લેવામાં, ચરણનો વિનિયોગ ભગવાનના મંદિરે જવામાં અને મસ્તકને પ્રભુના ચરણકમલમાં વંદન કરવામાં વિનિયોગ કર્યો હતો અને એ જ એમના દેહ, ઈન્દ્રિયાદિની સાર્થકતા હતી.

હરિદાસ્ય સર્વપુરૂષાર્થરૂપ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ સર્વ પુરૂષાર્થો હરિદાસ થવામાં કે હરિદાનુદાસ થવામાં સમાઈ જાય છે.

(૧) ધર્માધિકારરૂપ દાસ્ય-

દાસ્યભાવ યુક્ત ભગવત્ સ્મરણ થાય એ મનની ધર્મનિષ્ઠા છે. ભગવાનના ગુણગાન, દાસ્યભાવ સહિત ગવાય એ વાણીની ધર્મનિષ્ઠા છે. અને દાસ્યભાવપૂર્વક ભગવત્કાર્ય, સેવાપરિચર્યા વિ. થાય એ કાયાની ધર્મનિષ્ઠા છે આ ત્રણ ધર્મોમાં ય સેવારૂપધર્મનિષ્ઠા મહાન છે. કેમકે તેમાં સ્વાર્થ જરાય નથી. મનથી ભગવાનનું સ્મરણ કરવામાં જીવને સ્વસુખનો કિંચિત્ વિચાર પણ રહે છેજ. પ્રભુના ગુણગાન કરવામાં પણ પોતાને માટે પરમાનંદ અનુભવાય છે. સ્મરણ અને ગુણગાન દાસ્યધર્મ તો જ પરંતુ આ બે ધર્મમાં સ્વસુખનો વિચાર મુખ્ય છે જ્યારે સેવામાં તો સ્વામીનું સુખ જ વિચારાય છે. ' સેવા તુ યથા પ્રભુસુખં ભવતિ તથા ક્રિયતે ન તુ તત્રાણુમાત્રમપિ સ્વાર્થપરત્વમ્' સેવાધર્મમાં સેવક પોતાના સુખનો અણુમાત્ર સુખનો ય વિચાર ન કરી શકે. માટે દાસ્ય ઉત્તમ ધર્મપુરૂષાર્થ છે.

(૨) અર્થાધિકારરૂપ દાસ્ય.

વ્રજભક્તોએ કહ્યું હતું કે,' તન્નઃ પ્રસીદ વ્રજિનાર્દન તેંઘ્રિમૂલં, પ્રાપ્તા વિસૃજ્ય વસતીસ્વદુપાસનાશાઃ ' ભગવાન જ ભક્તોનો અર્થપુરૂષાર્થ છે. ભક્તો કહે છે. ' આ લોક અને પરલોક્ના સુખની ઈચ્છા, ભય અને ઘર વિ.નો ત્યાગ કરીને શ્રીકૃષ્ણના આ ચરણાવિંદ જ અમારી સંપદા છે, અમારૂં સર્વસ્વ છે. એમ અમે માનીએ છીએ. તમારી પ્રાપ્તિ અમારીસંપન્નતા છે અને તમારી અપ્રાપ્તિ અમારી અકિંચનતા છે." એટલે કે ભગવાનના ચરણના દાસ હોવું જ અર્થપુરૂષાર્થ છે. તદ્દારા પુરૂષાણાં ય ભવિષ્યતિ ન ચાન્યથા' આ દાસ્યરૂપ સમૃદ્ધિ ભગવદીયોના (ગોપીજનોના) અનુસને સાંપડી શકે અથવા અનુચરભાવથી (દાસ્ય ભાવથી) ગોપીજનોએ દર્શાવેલી સેવારીત પર અનુસરવાથી જ અન્ય કોઈને પ્રાપ્ત થઈ શકે છે. બીજો કોઈ પ્રકારે નહીં.

એટલે કે ભગવદીયોને ભગવાનના દાસ્યરૂપી જે સંપદા મળે છે તે ભગવદીયોના દાસ થવાથી જ આપણને મળી શકે. ભગવદીયોના ચરણમાં બેસવાથી, તેમની સેવાટહેલ કરવાથી,

તેમની ભક્તિ, સેવાસ્મરણ વિ.ને જીવનમાં ઉતારવાથી, તેમના દાસ થવાથી જ આ સંભવે છે. ભગવદીયો માટે પોતાના હૃદયમાં દાસભાવ રાખે તો સાચી વૈષ્ણવતા સિદ્ધ થાય.

(૩) કામ અધિકારરૂપ દાસ્ય.

રાસોત્સુક વ્રજભક્તોએ એ ગાયું કે, " તત્સુંદર સ્મિત નિરીક્ષણતીવ્ર કામતપ્તાત્મનાં પુરૂષભૂષણ દેહિ દાસ્યમ્ " હે દુઃખહર્તા ! આપના ચરણની સેવાની આશા કરીને અમે બધી ગોપીઓ પોતાના પતિ, પુત્ર આદિ સહિત ગૃહનો ત્યાગ કરીને તમારા ચરણકમળના મૂળમાં પ્રાપ્ત થયા છીએ. માટે હે પુરૂષભૂષણ ! આપના સુંદરમધુરસ્મિતનિરીક્ષણથી ઉત્પન્ન થયેલ દુઃસહ કામથી તપેલા મન વાળા અમે છીએ. હે પ્રભુ, અમારા ઉપર પ્રસન્ન થાવ અને અમને તમારા દાસ્યભાવનું દાન કરો."

કામાધિકારરૂપ દાસ્યભાવની કામના વ્રજભક્તોએ જ કરેલ છે. માટે વર્તમાન જીવને ય વ્રજભક્તોના દાસ થવાથી જ, વ્રજભક્તોની કૃપાથી જ આ દાસ્યભાવ સિદ્ધ થઈ શકે છે. અન્યથા કદાપિ નહીં.

'ગાવત શિવ શારદ મુનિ નારદ, કમલેકોશ વાસી ન ચખાયો
યદ્યપિ રમા રહત ચરનનતર નિગમન અગમ અગાધ બતાયો...
તરણિતનયાતટ બંસીધરનિકટ, વૃંદાવિપિન વીથન બહાયો
સો રસ રસિક'દાસપરમાનંદ' વૃષભાનુસુતા કુચ બીચ બસાયો...

પુરૂષભૂષણરૂપ શ્રીહરિમાં જે કામભાવાત્મક દાસ્યરૂપ પરમાનંદરસ છે તેનું વર્ણન તો શિવ, સરસ્વતી, નારદાદિ સનકાદિ મુનિઓ અને બ્રહ્મા જેવા કરે છે. પરંતુ એ રસ એમને ચાખવા મળ્યો નથી. અરે, ભગવાનના ચરણનો સતત આશ્રય કરી રહેનારી લક્ષ્મીજી ય એનો સ્વાદ જાણતાં નથી. વેદો પણ આ રસને અગમ અને અગાધ કહે છે તે રસ તે આનંદ પ્રભુએ વૃંદાવનની કુંજ, નિકુંજોમાં વહાવ્યો છે, એ ભગવદીયોના હૃદયમાં જ નિગૂઢ રસ છે. માટે ભક્તોના દાસને જ એ કાંઈક સાંપડે બીજાને નહીં.

(૪) મોક્ષ અધિકાર રૂપ દાસ્ય-

'પુષ્ટિમાર્ગે હિ મોક્ષો ભજનાનંદાનુભવઃ ' વેણુગીતમાં શ્રી ગોપીજનોએ ગાયું કે, " ઈન્દ્રિયવાળાઓને શ્રી કૃષ્ણના મુખારવિંદના દર્શન કરવા, એ જ પરમફલ છે. અમે શ્રુતિરૂપા ગોપીજનો આ બાબતમાં પ્રમાણરૂપ છીએ. જે મોક્ષને સૌ પરમ ફલ માને છે, તે પરમફલ નથી. પુષ્ટિમાર્ગમાં તો નિરંતર ' સંયોગવિપ્રયોગાત્મક રૂપે' સર્વદા ભજનાનંદનો અનુભવ કરવો એ જ મોક્ષ છે. આ અનુભવ સાયુજ્ય મુક્તિ પામેલો જીવ કદી કરી ન શકે. આ અનુભવ તો શરીરસ્થ જીવ એટલે કે દેહ, ઈન્દ્રિય, પ્રાણ અને અંતઃકરણ ધારી જીવ જ કરી શકે. (આ અનુભવ નિરાકાર બ્રહ્માનંદના અનુભવ જેવો નથી.) સર્વેન્દ્રિયથી ભગવદ્ ભજનના (સેવાના) આનંદનો અનુભવ ભગવાનના દાસ માટે જ સંભવે છે. ' વક્ષ :

શ્રિયૈકરમણં ચ ભવામ દાસ્ય :' ગોપીઓએ દાસભાવની જ કામના કરી છે. અને દાસ ભાવની જ પ્રસંશા કરી છે. પુષ્ટિમુક્તિનું સુખ દાસ કે દાસાનુદાસને જ મળે છે.

જગમેં સોઈ જીવ બડભાગી
શ્રી વલ્લભકી સરન આયકે, હરિ કી સેવા માંગી...
શ્રી ભાગવત રસ પાન કરત નિત, સતસંગત અનુરાગી
રાખત દયા સબૈ જીવન પર, લોક વાસના ત્યાગી...
ઔર બાત મનમેં નહીં આવે, હરિસું લગની લાગી
દાસકી વિનતી હરિપદપંકજ, પકરત સોઈ સુહાગી...

આ જગતમાં ભાગ્યશાળી કોને માનવો ? સૌ પોતપોતાની રીતે સદ્‌ભાગ્યની વ્યાખ્યા કરે છે. આપણે પુષ્ટિ બડભાગી જીવની વાત કરીએ. જેને શ્રી મહાપ્રભુજીનું શરણ મળ્યું એ બડભાગી. વલ્લભચરણ શરણ મળે પણ હરિ સેવા વિના બીજું માગે એ પણ મંદ ભાગ્ય જ ને ! જેણે હરિ સેવા માંગી એ બડભાગી.

જેને નિત્ય ભાગવત રસપાન કરવા મળે છે એ જીવ બડભાગી, જેને સત્સંગમાં અનુરાગ છે એ બડભાગી. જે સર્વ ઉપર દયા રાખી જાણે અને લૌકિક વૈદિક તૃષ્ણાઓનો ત્યાગ કર્યો એ જીવ બડભાગી. જેને શ્રીકૃષ્ણની લગની લાગી છે અને અન્ય કોઈપણ વાત એના મનમાં ન આવે. જે શ્રીહરિના ચરણ કમળને ગ્રહી શકે છે એ જીવ બડભાગી છે. ભગવાનના દાસના આ સૌભાગ્ય લક્ષણો છે. સાધારણ વ્યક્તિને ભગવાનનું દાસત્વ મળતું નથી. આ સૌભાગ્ય બડભાગીને જ સાંપડે છે. શ્રી વલ્લભાભિધાનસ્તનોતુ નિજદાસ્ય સૌભાગ્યમ્ ! નિજદાસ્ય સૌભાગ્યમ્ !!

વિશ્વંભરમાં વિશ્વાસ -

ભોજન વસનની ચિંતા કરી, વૈષ્ણવે ન થવું ઉદાસ;
વિશ્વંભર પૂરે વિશ્વને, તે કેમ ભૂલે નિજ દાસ ?
દાસ આશ પૂરે સહુ વણ માગે, વણ કહ્યે સદાય કરે અનુરાગે
હરિ ભજતાં કાંઈ નવ રહેખામી, નથી અજાણ્યા અંતરયામી
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

પાંડવગીતાનો શ્લોક છે એનો ભાવાનુવાદ શ્રી દયારામે આપ્યો છે, 'ભોજનાચ્છાદને ચિંતા, વૃથા કુર્વન્તિ વૈષ્ણવા : યો સૌ વિશ્વંભરો દેવ : સ ભક્તાન્ કિમુપેક્ષતે' પોતાના જીવનમાં આવશ્યક એવા યોગેક્ષમની ચિંતા હરિ ભક્તે કદી ન કરવી. લૌકિક જીવો કદાચ લૌકિકચિંતામાં ડૂબ્યા રહેતા હશે પરંતુ ભગવાનના ભક્તે એનું અનુકરણ કરવાની જરા ય

જરૂર નથી. ભક્તના હૃદયમાં એવો દ્રઢ વિશ્વાસ જાગવો જોઈએ કે, મારા ભગવાન તો વિશ્વંભર છે જે ભગવાન આખા વિશ્વનું ભરણપોષણ કરી શકે છે એ પોતાના ભક્તને જ ભૂલી જાય એમ ન બને. ભગવાન તો પોતાના સેવકની અપેક્ષા વણમાગે પૂર્ણ કરી દે છે. કેમ કે એ તો અંતર્યામી છે.

ભગવાન ભક્તની સંભાળ સ્નેહપૂર્વક લે છે. જેમ માતા પોતાના સંતાનની સંભાળ લે છે તેમ જ પ્રભુ પોતાના સેવક ભક્તના યોગક્ષેમ, અન્ન. વસ્ત્ર વિ.ની સંભાળ રાખે છે. ભક્તના હૃદયમાં ભગવાન તરફની આવી નિશ્ચિતતા પ્રકટવી જોઈએ. તો જ એ ઉત્તમ રીતે હરિભજન કરી શકશે.

અજબ ગુલમ્હેરી જળ વસે, પક્ષિણી રટે મુખ હરિનામ,
ખાનપાન માટે નવ કરે, છુટે મુખથી સુંદર શ્યામ,
શ્યામે વિચારી કર્યું તેહને સુખ, ચરણી ચરવા કર્યા મોરના મુખ,
પુંછ વદન કર્યું ઉંટની ગ્રીવા, શ્રીહરિ કરી જળ પીવા.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

નિજ આશ્રિતની પ્રભુ કેવી સંભાળ લે છે તે માટે અદ્‌ભૂત વિલક્ષણ દ્રષ્ટાંત આપ્યું છે. જીવનો ધર્મ છે શરણસ્થ હોવાનો, પ્રભુને પૂર્ણતયા સમર્પિત થઈને રહેવાનો. એ ધર્મ એણે પૂર્ણરૂપે પાળવો જોઈએ. જીવ જો સ્વધર્મનું પાલન કરશે તો શરણાગત પરિપાલનરૂપી સ્વધર્મને ભગવાન નિભાવશે જ.

જગતમાં એવા અસંખ્ય જીવો છે જેમનો નિર્વાહ એ સ્વયં કરી શકે એમ જ નથી. વિચારોને, જીવ નવ માસ માતાના ગર્ભમાં હોય છે. ત્યારે એની સંભાળ કોણ લે છે ? ગુલમહેરી નામનું એક અદ્‌ભૂત પક્ષી છે. એ સ્વમુખે સતત ભગવન્નામનો જપ કરે છે. ખાવાપીવા માટે પણ મોંનો ઉપયોગ કરવામાં ભગવન્નામ સંકીર્તન નો ભંગ થાય એ એને રૂચતું નથી તો પ્રભુએ એના માટે અદ્‌ભૂત વ્યવસ્થા કરી આપી છે. એના પગ આગળ મોરના જેવા મોં બનાવ્યા છે. તેનાથી એ દાણા ચણે છે. અને પૂંછડી પાસે ઊંટના આકારની ગરદન બનાવી છે તેના વડે એ જળ પી શકે છે. દ્રષ્ટાંત વિલક્ષણ છે, સિદ્ધાંત સ્પષ્ટ છે. પ્રસન્ન ભક્તની ભગવાન સંભાળી લે છે જ. તેને લૌકિકમાં કે અલૌકિકમાં જ્યારે જે વસ્તુની આવશ્યકતા હશે તે વણમાગે પ્રભુ સિદ્ધ કરશે જ. ભગવાનના કોઈપણ ભક્તનું કાર્ય હજી સુધી અટક્યું નથી. અને કદી અટકશે પણ નહીં.

દીનતા.

કૃષ્ણે સર્વાત્મકે નિત્યં સર્વથા દીનભાવના । અહંકારં ન કુર્વીત માનાપેક્ષાં વિવર્જયેત્ ॥ સર્વત્ર ભગવદ્ બુદ્ધિ રાખવી અને મનમાં પોતાની દીનતાની ભાવના કરવી. વૈષ્ણવે અહંકાર ન કરવો. માનની અપેક્ષા તો ખાસ ત્યજવી.

દૈન્યભાવથી ભગવાનને ભજવામાં પૂર્ણ સલામતી છે. કામભાવ (સખ્યભાવ) થી ભગવાન સાથે સંબંધ થયા પછી - એ સંબંધનો સ્વભાવ જ એવો છે કે ભગવાનની સાથે સરખાપણાનો - સમાનતાનો ભાવ કરાવે. આ સમાનભાવમાં અપરાધ થવાની પૂરી શક્યતા છે. જીવને મદ તેમજ માન થવાની સંભાવના રહે. આ ભાવમાં પતનની જ સંભાવના રહે જ્યારે દાસ્ય ભાવમાં મદ કે માન જેવા ભાવો પ્રકટ થવાની સંભાવના જ રહેતી નથી.

પશ્ચાત્તાપઃ સદા યત્ર તત્સમ્બન્ધિ કૃતાવપિ વૈષ્ણવ ભગવત્સેવા કરે, ભાવપૂર્વક ઉત્તમોત્તમ પ્રકારથી સેવા કરે છતાં એવી દીનતા અને ક્લેશ તો સતત રાખે કે મારાથી સેવા કાંઈ બનતી નથી, હું તો પ્રભુને પરિશ્રમ જ આપી રહ્યો છું.

દીનતા સાધનરૂપા પણ છે. અને ફલરૂપા પણ છે. ભગવાનના આવિર્ભાવ પહેલાં, દીનતા આવિર્ભાવનું સાધન છે માટે દીનતા સાધન પણ છે અને ભગવદ્ આવિર્ભાવ બાદ એ જ દીનતા ફલરૂપ બની જાય છે. ભગવાનના આવિર્ભાવ માટે દીનતા જ સાધન છે.

આવિર્ભાવે ન સાપેક્ષં દૈન્યં યત્ર હિ સાધનમ્ ।
ફલં વિયોગજં દૈન્યં પુષ્ટિમાર્ગઃ સ કથ્યતે ॥

પુષ્ટિમાર્ગમાં ભગવાનના પ્રકટ થવામાં અન્ય સાધનની અપેક્ષા નથી. માત્ર દૈન્ય જ સાધન બને છે. ભક્તના જ્ઞાન, કર્મ કે ભજનાદિક સાધનોથી પુષ્ટિપ્રભુ પ્રકટ થતા નથી કેમકે એ સાધનવશ નથી, સાધનસાધ્ય નથી. કોઈ પણ સાધનમાં એવું સામર્થ્ય પણ નથી કે એ ભગવાનને પ્રકટ થવા માટે વિવશ કરી શકે.

નિઃસાધન દશામાં ભક્ત હૃદયમાં પ્રકટતી એકમાત્ર દીનતા જ કરૂણાવાન કૃષ્ણને પ્રકટ થવા માટે વિવશ કરી દે છે.

પ્રભુને પ્રિયઃ દીનતા.

ન હિ સાધન સંપત્યા હરિસ્તુષ્યતિ કસ્યચિત્ ।
ભક્તાનાં દૈન્યમેવૈકં હરિતોષણ સાધનમ્ ॥

દીનતાને અને વિરહઅવસ્થાને ખાસ સંબંધ છે. ભગવાન ભક્તમાં દીનતા પ્રક્ટ કરવા માટે ઘણીવાર તેને વિયોગ અવસ્થામાં લાવી મુકે છે. આ તાપમાં પરમ દૈન્ય ભાવ પ્રક્ટ થાય

છે. વિરહાત્મક દીનતા ભક્તના અંતઃ કરણને શુદ્ધ કરે છે, જેમ અગ્નિ સુવર્ણમાંના દોષોને બાળીને તેને નિર્મલ બનાવે છે. તેમ વૈષ્ણવને વિરહાત્મક દીનતા અહંતા આદિ દોષોથી મુક્ત કરીને શુદ્ધ બનાવે છે.

દીનતા પૂર્વક ભાવના કરવી કે, " દયાના સાગર પ્રભુ મારા પણ દયા ક્યારે કરશે ? એ કરૂણા સાગર છે તો પછી મારી ઉપેક્ષા, અવગણના કેમ કરતા હશે ? પ્રભુને જ એક માત્ર શરણ માનનારો ભક્ત પ્રભુને છોડીને ક્યાં જાય ? હે નાથ ! આપ મને તરછોડશો તો આપની જ પ્રતિજ્ઞાનો ભંગ થશે. શરણે આવેલાના ગુણ-દોષ જોવાના ન હોય અમારા દોષ ગણવા બેસશો તો પ્રભુ આપ સર્વશક્તિમાન પણ થાકી જશો. આપના દર્શન, આપનો સ્પર્શ, આપની વેણુનું શ્રવણ ક્યારે થશે ?

હે ગોપીજનવલ્લભ ! હો ગોવિંદા ! હે વ્રજજનરંજન ! હે દામોદર ! હે ગિરિધર ! હે નટવર ! અમને દર્શન આપો ! દર્શન આપો !

દર્શન આપો !

પ્રભુ ભક્તના વિરહના તીર્વ તાપને સહન કરી નથી શકતા !

દીનતા રૂપી નમન.

નમન, વંદન, એ દીનતાનું ક્રિયાત્મક રૂપ છે.

નમનના ત્રણ પ્રકાર છે. લૌકિક, વૈદિક અને ભક્તિમાર્ગીય. ભગવાનના ચરણમાં રહેલા ઐશ્વર્ય વિગેરે ધર્મોને નમન કરવું. એ લૌકિક પ્રકાર. રૂપને નમન કરવું તે વૈદિક પ્રકાર અને ભગવાનના ચરણ સુસેવ્ય છે. એમ જાણીને સ્નેહથી ચરણારવિંદમાં નમન કરવું તે ભક્તિમાર્ગીય પ્રકારનું નમન છે.

माहात्म्यज्ञानंदुर्लभमिति तदर्थ प्रयासमकृत्वा, केवलं भगवते नमनं कर्तव्यम् માહાત્મ્ય જ્ઞાન માટે બહુ પ્રયાસ ન કરવો. કેમકે માહાત્મ્યજ્ઞાન તો દુર્લભ છે. ઉત્તમ તો એ છે કે માત્ર ભગવાનને નમન કરવું. ભગવાનને નિવેદન કરવું કે,

યાદશોऽસિ હરે કૃષ્ણ ! તાદશાય નમો નમ : ।
યાદશોऽસ્મિ હરે કૃષ્ણ ! તાદશં માં હિ પાલય ॥

" હે હરિ ! હે કૃષ્ણ ! તમે જેવા હો તેવા તમોને નમસ્કાર ! હે હરિ ! હે કૃષ્ણ ! હું જેવો છું તેવો, મારૂં પાલન કરો. "

દીનતા છૂટી જવી વૈષ્ણવને માટે પરમ બાધક છે. દૈવગતિથી વૈષ્ણવને કદાચિત સન્માન મળે તો પણ તેણે દીનતા ન છોડવી, ગર્વ ન કરવો. સન્માન મળવાની, પૂજાવાથી કોઈ મહત્તા નથી. ઉલટું તે બાધક છે.

મુક્તિની અવસ્થા ભગવદીયોને પ્રિય લાગતી નથી. એનું એક કારણ એ પણ છે કે

ભગવદીયોની દીનતા મુક્ત અવસ્થામાં નષ્ટ થઈ શકે છે. મુક્તિ બાદ, સર્વ સંસાર દુઃખોની નિવૃત્તિ થઈ ગયા બાદ એ ભાવ થવો દુર્લભ છે કે પ્રભુ કૃપાથી મારા દુઃખ નિવૃત્ત થયાં છે, હવે હું ભગવાનની કૃપાથી સુખી છું. મોક્ષમાં તો સ્વામી - સેવક ભાવ રહેવો જ દુર્લભ છે માટે ભક્તોને 'સોઽહમ્' પ્રિય નથી. એમને તો 'દાસોઽહમ્' પ્રિય છે. કુંતાજી એ ભગવાનને સ્તુતિમાં કહ્યું છે કે, 'હે હરિ ! મને અને મારા પરિવારને ઝેરથી, લાક્ષાગૃહના અગ્નિથી, નરભક્ષી રાક્ષસોથી, વનવાસનાં અનેક દુઃખોથી સંગ્રામમાં અનેક શસ્ત્રોથી, દુષ્ટોની સભામાં દુઃશાસનાદિથી, છેલ્લે બ્રહ્માસ્ત્ર વિ.થી આપે રક્ષા કરી છે. ચારે તરફથી રક્ષા કરી છે." પ્રત્યેક દુઃખ નિવૃત્તિ વેળાએ, સુખસંપ્રાપ્તિની વેળાએ ભક્ત દીનતાપૂર્વક એને ભગવાનની કૃપા જ માને છે, પોતાના ચાતુર્ય કે પરિશ્રમનું ફળ નહીં.

દીનતા માટે સાધન.

(૧) સ્વદોષ દર્શનઃ-

જીવ પોતાના સ્વભાવમાં વિ.માં રહેલા દોષનો વિચાર કરે તો તેના હૃદયમાં અહંકારનો નાશ તેમજ દીનતાનો ઉદ્ભવ થાય છે. જો કે સ્વદોષનું દર્શન કરવું ઘણું જ મુશ્કેલ છે. **स्वदोष परिज्ञानं भगवत्कृपयैव भवति, न स्वतः** પોતાના દોષનું જ્ઞાન ભગવાનની કૃપાથી જ થાય છે. આપમેળે થતું નથી.

(૨) નિઃસાધનતાઃ-

निःसाधनत्व सिद्धयर्थं सर्ववस्तु समर्पणम् ।
सर्वथा साधनाभावे दैन्यभावो भवेदिति ॥

સાચી દીનતા પ્રકટવામાં સમર્પણ - નિઃસાધનતા અને દીનતા એવો ક્રમ છે. સર્વ કાંઈ ભગવાનને સમર્પી દેવાથી નિઃસાધનતા આવે અને નિઃસાધનતા આવે અને નિઃસાધનતા આવે પછી જ દીનતા આવે છે.

(૩) સ્વરૂપ વિચાર

જીવ પોતાના સ્વરૂપનો ય વિચાર કરે તો દીનતા સ્વાભાવિક રીતે પ્રકટે. જીવ ભગવાનનો અંશ છે. ભગવાન પૂર્ણ છે, જીવ અપૂર્ણ છે, તિરોહિતાનંદ છે. તેના આનંદનું તિરોધાન થયેલ છે. માટે તે ભગવાનની સમાન હોવાનો વિચાર ય ન કરી શકે.પોતાના અંશપણાનો વિચાર કરતાં કરતાં દીનતાનો નિર્વાહ કરવો. શ્રીકૃષ્ણને પોતાના સખા માનનાર અર્જુને જ્યારે એમના વિરાટવિશ્વરૂપ - સ્વરૂપના દર્શન કર્યા ત્યારે તેનામાં અભૂતપૂર્વ દીનતા પ્રકટી છે વૈષ્ણવે વારંવાર ભગવાનની અનનંતા અને પોતાની અલ્પતા વિશે વિચારવું.

(૪) સામર્થ્ય વિચાર

આપણી ક્રિયાશક્તિઓ જ્ઞાનશક્તિનું સામર્થ્ય અતિ અલ્પ છે. ભગવાન સર્વ શક્તિમાન છે. જ્યારે જીવ સર્વથા અશક્ત છે. કાલ, કર્માદિ, પરિબળો તેને તૃણવત્ નચાવે છે. વળી

તેની જ્ઞાનશક્તિ પણ અલ્પ છે. પ્રભુ સર્વજ્ઞ છે જ્યારે જીવ અજ્ઞ, અલ્પજ્ઞ છે. ક્ષણ પછી શું થવાનું છે તે, એ જાણતોય નથી અને જે થનાર છે એને એ બદલી શકતોય નથી માટે પોતાના અસમર્થનપણાને વિચાર કરીને ય દીનતા જાળવી રાખવી.

(૫) સ્વભાવ વિચાર -

કામ, ક્રોધ, હર્ષ-શોક અને આવા અનેક સ્વભાવગત દોષો ને આધીન જીવ પોતાના સ્વભાવનો વિચાર કરીને દીનતાને પ્રાપ્ત થાય. ક્ષણે ક્ષણે આપણા સ્વભાવમાં વિકાર જાગે છે. ગુણો અલ્પ અને દોષો અનેક ! કેવો છે જીવ સ્વભાવ !પૃથુ રાજાએ સનકાદિ મુનિઓ સામે જે દીનતાનો ભાવ પ્રકટ કર્યો છે તે નોંધપાત્ર છે. તેમણે મુનિઓને કહ્યું હતું કે, " મારૂં રાજ્ય, આ શરીર, શરીર સાથે સંકળાયેલું બધું જ મહાનુભાવોનો પ્રસાદ માટે હું આપને શું ભેટ, દક્ષિણા સમર્પું ? પ્રાણ, સ્ત્રી, પુત્રો, વૈભવ ભરેલું આ ભવન, રાજ્ય, સૈન્ય, પૃથ્વી અને મારો ખજાનો - આ બધું મારૂં છે જ નહીં તેથી એની ભેટ કઈ રીતે કરૂં ? માટે જેમ ચાકર રાજાની જ વસ્તુ રાજાને નિવેદન કરે તેમ એ સઘળું આપના શ્રી ચરણોમાં નિવેદન કરૂં છું. "

દીનતાની મૂર્તિ હરિદાસ શ્રી પ્રહલાદજી કેવા સુંદર ભાવોને વ્યક્ત કરે છે." ઘોર અસુર જાતિમાં જન્મેલો હું આપની સ્તુતિ કેમ કરી શકું ? હે ભૂમન્ ! દેહાભિમાન વડે મૂંઝાતો હું સંસારમાં ભટકું છું. મને આપ દાસભાવ દાન ક્યારે કરશો ? આપના અનુગ્રહથી, આપનું નિત્ય દાસત્વ મળે એ જ ઉત્તમ છે. જીવની રક્ષા કોઈપણ કરતું હોય આખરે સાચા રક્ષક તો આપ જ છો. (દીનતાના ભાવની રક્ષા કરવા માટે સ્વદોષની પ્રતીતિ થવી બહુ જ જરૂરી છે.) હે વૈકુંઠનાથ ! હું પાપ વડે દૂષિત થયેલો, બહિર્મુખ, અસ્થિર, કામનાથી આતુર અને હર્ષ, શોક તથા ભય, તૃષ્ણા વિ.થી પીડા અનુભવી રહ્યો છું ! મારૂં મન તમારી કથામાં ય પ્રસન્ન થતું નથી તો હું દીન તમારી ગતિનો, સ્વરૂપનો વિચાર મારા મનમાં કેવી રીતે લાવી શકું ?

સૌભાગ્યની અવસ્થામાં, પ્રભુ કે ગુરૂ પાસેથી બહુમાન મળે ત્યારે ય સેવકે દીનતા ન છોડવી. એમાં જ એનું કલ્યાણ છે. શ્રાવણ શુકલ એકાદશીની મધ્યરાત્રિ એ શ્રી ગોકુલમાં ગોવિંદઘાટ પર ભગવાનનું પ્રાકટ્ય થયું. શ્રી મહાપ્રભુજીને આજ્ઞા કરી કે તમે જીવને બ્રહ્મસંબંધ (મારી સાથે સંબંધ) કરાવો. તમારા કારણે લઈને મને સમર્પિત કરો. તમે જે જીવને નામ (અષ્ટાક્ષરમંત્ર) આપશો તે નિર્દોષ થશે. તમે જે જીવોનો અંગીકાર કરો. શ્રીઠાકોરજીએ વચન આપ્યું કે તમે જેનો અંગીકાર કરાવશો તે જીવને હું કદી નહીં. છોડું !" શ્રીમહાપ્રભુજીએ સૂતરનું પવિત્રુ સિદ્ધ કરી રાખ્યું હતું તે પ્રભુને ધર્યું.

પછીથી શ્રીઆચાર્યાજીએ દામોદરદાસ જે થોડી દૂર સૂતા હતા એમને પૂછ્યું,"દમલા ! તેં કાંઈ સાંભળ્યું." ત્યારે દામોદરદાસજી એ ઉત્તર આપો." મહારાજ ! મૈંને શ્રીઠાકુરજી કે વચન સુને તો સહી. પરિ સમુજ્યો નાહીં." એટલે કે " મેં પ્રભુના વચનો સાંભળ્યા તો ખરા, પરંતુ હું એ સમજી શક્યો નહીં. "

આ સંવાદમાં દામોદરદાસજીની દીનતા સમજવા જેવી છે. ભગવાનના વચન આપમેળે કોઈને ન સમજાય. યથાર્થ ન સમજાય. જ્યારે ગુરૂકૃપા કરે ત્યારે સમજી શકાય. દામોદરદાસજી ભગવાનના દાસ નથી, દાસાનુદાસ છે. શ્રીઠાકોરજીનાં વચન એ સમજે તો એ શ્રીઠાકોરજીના સેવક થયા ગણાય. જ્યારે શ્રીઆચાર્યજીસમજાવે ત્યારે એ સમજે તો એ શ્રી આચાર્યજીના સેવક ગણાય. હૃદયમાં દ્રઢ જ્ઞાન તો ગુરૂકૃપાથી જ થાય છે. આ ઘટનામાં સ્વામીસેવક ભાવનાં પ્રકટ દર્શન છે. દામોદરદાસજી શ્રી મહાપ્રભુજીની બરાબરી કેમ કરી શકે ? જે વાત એમના શ્રી આચાર્યજી સમજ્યા તે એ કેમ સમજે ! આ વૈષ્ણવી દીનતા જ વૈષ્ણવના કલ્યાણ માટે કામ આવે છે.

વલ્લભ પ્રભુ અતિ દયાલ, દીજૈ દરસન કૃપાલ,

દીન જાન કીજે અપનો દોષ જિન વિચારો ।

હોંતો અપરાધ ભર્યો,ધર્મ સબે પરિહર્યો,

કિયો ન કછુ ભલો કાજ જાહિ ચિત્ત ધાર્યો ।

દૂરિ પરે પલપલ દુઃખ પાવત હોં પ્રાણનાથ,

તુમહીં તોં હોઈ હૈં પ્રભુ રસિક કો નિવારો ।

મેરો પકર્યો જુ હાથ, બાંધ્યો પદકમલ સાથ,

નાથ હૌં અનાથ તાહિ ભૂલ જિન વિસારો ॥

દીનતાના ઘણા સુંદર ભાવો આ પદમાં પ્રકટ થયા છે. દીનભક્ત આવી રીતે સ્વામીને કાલાવાલા કરે છે. હે વલ્લભપ્રભુ ! હે અતિ દયાલ! હે કૃપાળ! દર્શન આપો ! મારા દોષનો વિચાર ન કરશો અને મને દીન જાણીને તમારો બનાવો.

હે વલ્લભ! હું અનેક અપરાધોથી ભરપૂર છું. બધા જ ધર્મનો ત્યાગ કરી ચૂકેલ છું. કર્મહીન, ધર્મહીન એવો હું શું મોં લઈને તમારી પાસે આવું ? મેં એવું કોઈ સત્કાર્ય કર્યું નથી તેને તમે ચિત્તમાં રાખી શકો.

હે પ્રાણપ્રિય મહાપ્રભુજી ! હું તમારાથી દૂર દૂર પડ્યો છું. પળેપળ દુઃખને અનુભવી રહ્યો છું. અને મારા જેવાનો ઉદ્ધાર તમે જ કરી શકશો. અન્ય કોઈનું ગજું નથી, મારો ઉદ્ધાર કદી શકે ! આપ મારો હાથ પકડો અને એને આપના ચરણકમળ સાથે બાંધી જ દો. હું અનાથ છું તમારે મને અનાથ કરવાનો છે એ વાત જરાય વિસારશો નહીં.હે નાથ ! આ દીન પર દયા કરો ! તમારાથી એ સનાથ છે તમારા વિનાએ અનાથ છે માટે કૃપા કરો કૃપા કરો.

અજગરને અનાયાસ હરિ આપે, આહાર આનનમાં લાવી,
શક્કરખોરને સાકર સાગર, બેટમાં દે છે મીલાવી,
મેળવે ચાતકને જળ સ્વાતિ ગિરિશ્રુંગ વૃક્ષ પોકે કોઈ ભાતી
સ્ત્રીસ્તન પય કર્યું પોષવા બાળ તે તુને નહિ ભૂલ ભજ ગોપાળ
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

શ્રી દત્તાત્રેય ભગવાનના ૨૪ ગુરૂઓમાં એક ગુરુ અજગર પણ છે. અજગર અનાયાસે જે કાંઈ મળે છે તે ભક્ષણ કરીને સંતુષ્ટ થઈ જાય છે. ભગવાનના ભક્તે પણ ભગવાન પર વિશ્વાસ રાખવો જોઈએ. પ્રભુ યોગ્ય સમયે યોગ્ય સંપાદન કરશે જ. સમુદ્રના બેટમાં સક્કરખોર નામના પ્રાણીને સાકર જ તેનો આહાર હોવાથી પ્રભુ તેનો આહાર તેને લાવી આપે જ છે. ચાતક પક્ષીનો સંકલ્પ હોય છે કે સ્વાતિનક્ષત્રમાં જે જળ વરસે તે જ પીવું, તો પ્રભુને એને પીવા માટે સ્વાતિમાં જલવૃષ્ટિ કરે છે જ.

પર્વત પર પથ્થરો વચ્ચે પણ વૃક્ષ ઉગે છે પ્રભુ તેનું ય પોષણ કરે જ છે ને ! બાળકને જન્મવાનો સમય થાય ત્યારે માતાના સ્તનમાં આપોઆપ દૂધ ઉત્પન્ન થવા લાગે છે. આ બધી શું પ્રભુની વ્યવસ્થા નથી ? ઉપરોક્ત સિદ્ધાંતો માનવીને પ્રમાદી અને પુરૂષાર્થહીન બનાવવા માટે નથી માટે સાવધાન રહેવું. આ સિદ્ધાંતો તો ભક્તે ખોટી ચિંતામાંથી મુક્ત થવા માટે છે, યોગક્ષેમની ચિંતા કર્યા વિના ભગવાનનો ભક્ત તન્મયતાથી ભક્તિ કરે એ માટે છે.

ભક્ત મનોરથ સર્વે પૂરે પ્રભુ, કઠીન સરળ ગુરુ નાહાના,
પૂર્યા જેહના તેહનાં નામ કહું, તુ પૂછે કહોંના કહોના,
કહાન ગયા કૂબજાપતિ થાવા, પારથપત્ની થયા જળ પાવા,
પૂરી પુત્ર થઈ અદિતીની આશ પાંડવ કાર્ય કર્યા થઈ દાસ
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

ભગવાને ભક્તોના નાનામોટા કામ કર્યા છે અને નાનામોટાં મનોરથો પરિપૂર્ણ કર્યા છે. ભક્તની ઈચ્છા આગળ ભગવાને પોતાની ઈચ્છાનો ય ત્યાગ કર્યો છે. માટે તો એમને ભક્તપ્રતિપાલ અને ભક્ત પરાધીન કહ્યા છે.

કૂબજા કૂબડી હતી, ત્રણ અંગે વાંકી એટલે કે કુરૂપા હતી. તેની શ્રી કૃષ્ણ પ્રત્યેની આસક્તિ ય ઉચ્ચ પ્રકારની ન હતી. આમ છતાં હૃદયનો ભાવ જાણીને ભગવાને તેને અપનાવી. અર્જુનને તરસ લાગી હતી ત્યારે પ્રભુએ દ્રૌપદીનું રૂપ ધારણ કરી તેને જળ પીવરાવ્યું હતું. કશ્યપ ઋષિની પત્ની અદિતિની ઈચ્છા હતી કે ભગવાન મારા પુત્રો (દેવો)

ને માટે મારે ત્યાં અવતરે, તો ભગવાને વામન અવતાર લઈને તેની મનોકામના પૂરી કરી. ' પ્રેમ કે બસ અર્જુન રથ હાંક્યો, ભુલ ગયે ઠકુરાઈ' ભગવાને પાંડવોના તો કેટલાબધા કાર્યો કર્યા હતા. લાક્ષાગૃહમાં એમની રક્ષા કરી, રાજસૂય યજ્ઞમાં પતરાળી ઉપાડી, દ્રૌપદીના ચીર પૂર્યા, પાંડવો તરફથી સંધિ પ્રસ્તાવ લઈને કૌરવોની સભામાં ગયા, અર્જુનના સારથી બન્યા, આમ ભગવાને ભક્તોને આધીન થઈને, એમના મનોરથ પૂરા કરવા, એમના નાનામોટા કાર્યો પાર પાડવા તો અવતાર લીધો છે.

પ્રભુએ સ્નેહપૂર્વક બધું કર્યું છે. ભગવાનને ભક્તકાર્ય કરવામાં કદી પરિશ્રમ પડતો નથી. પોતાની મોટાઈનો વિચાર આવતો નથી અને ભક્તકાર્ય કરવામાં પ્રતિઉપકારની, બદલાની અપેક્ષા ય રાખતા નથી. માટે તો ભક્તોને ય ભગવાન વહાલા લાગે છે એવું કોઈ વહાલું લાગતું નથી.

સમર્પણ.

સાધનરૂપ સમર્પણ એ બ્રહ્મસંબંધ સમયનું સમર્પણ છે. તે સાધનરૂપ સમર્પણ છે. જ્યારે ભગવત્સેવામાં ભગવાનના સુખને માટે સમર્પિત કરવામાં આવતા તનુ-વિત્ત આદિ સમર્પણ એ ફલરૂપ સમર્પણ છે આપણે આ બંનેનો વિચાર કરીએ.

સાધનરૂપ સમર્પણ -

સંસારના પદાર્થો ભક્તને માટે ભક્તિમાં બાધક થાય છે. ત્યારે ક્યારેક ત્યાગ જેવા કિલષ્ટ સાધનને બદલે સમર્પણ જેવા ભાવાત્મક-રસાત્મક સાધનનો વિચાર વધુ યોગ્ય બને છે. શ્રી વલ્લભની આજ્ઞા છે કે, **ગૃહં સર્વાત્મના ત્યાજ્યં તચ્ચેત્યક્તું ન શક્યતે કૃષ્ણાર્થં તન્નિયુંજીત કૃષ્ણ: સંસાર મોચક :** વૈષ્ણવે ગૃહનો સર્વથા ત્યાગ કરવો. જો ત્યાગ સર્વથા થઈ ન શકે તો ભગવાનની સેવામાં તેનો વિનિયોગ કરવો. ઘર, પત્ની, પુત્રાદિ, વૈભવ વિ. સર્વને ભગવાનની સેવામાં યોજવા. આ બધાનો ત્યાગ કરવા કરતાં તે પ્રભુના કાર્યમાં યોજવાથી પ્રભુને પ્રસન્નતા થાય છે. તેમજ ભક્તને તેઓના પરની, સંસારરૂપી આસક્તિ દૂર થઈ જાય છે. જેમ જેમ સંસાર આસક્તિ દૂર થઈ જાય છે તેમ તેમ શ્રીકૃષ્ણમાં આસક્તિ વધતી જાય છે.

વ્યર્થ ત્યાગાપેક્ષયા ભગવતિ સમર્પણમુત્તમમ્ શ્રી મહાપ્રભુજી વર્ણન કરે છે કે વ્યર્થ ત્યાગ કરતાં ભગવાનને સમર્પણ કરવું ઉત્તમ છે.

નિર્દોષતાનું સાધન.

બ્રહ્મસંબંધ થતાં જીવના તે સમય સુધીના પાંચે દોષોની નિવૃત્તિ થઈ જાય છે. એ તો આપણે જોયું પરંતુ વૈષ્ણવના જીવનપર્યંતના દોષોની નિવૃત્તિનો નિત્ય લૌકિક-વૈદિક સમપર્ણથી જ સિદ્ધ થાય છે.

પોતાના માર્ગ પ્રમાણે વૈષ્ણવે સર્વ લૌકિક અને વૈદિકમાં સર્વ સમર્પણ કરતા રહેવું જોઈએ. પુત્ર વિ.ના લગ્ન પ્રસંગે કરેલું, પોતાના ભોજન વિ. માટે કરેલું એવું બધું લૌકિક તથા યજ્ઞ માટે તૈયાર કરેલા અન્ન વિ. વૈદિકનું સમર્પણ અવશ્ય થવું જોઈએ. એવી મર્યાદા (જેનું ઉલ્લંઘન થઈ ન શકે એવી આજ્ઞા) છે.

વસ્તુ માત્રનું નિવેદન આવશ્યક છે. પંરતુ સાથોસાથ એ વસ્તુ નિવેદન યોગ્ય, સમર્પણ યોગ્ય પણ હોવી જોઈએ. ભગવાનને માટે પ્રાપ્ત કરેલા પદાર્થોમાંથી અજ્ઞાનવશાત્ જો કોઈ એમાંથી ઉપયોગમાં લે તો બાકીનો પદાર્થ **સામિભુક્તમ્** અર્ધ ભોગવેલો થયો કહેવાય. એવો પદાર્થ દેવોના પણ દેવ-પૂર્ણપુરૂષોત્તમ પ્રભુને ધરાવવો યોગ્ય ન કહેવાય. આરંભમાં જ (પોતે ભોગ કર્યા પહેલાં જ) સર્વ પદાર્થોનું પ્રભુને સમર્પણ કરી દેવું.

પ્રભુને સમર્પી દીધેલી વસ્તુ ભોગવી શકાય ? અન્યમત કહે છે, "ના." જે ભગવાનને સમર્પિત થઈ ગયું એ આપણાથી કેવી રીતે ભોગવી શકાય ? પરંતુ ભક્તિમાર્ગ - વિશેષ કરીને પુષ્ટિભક્તિ માર્ગનું દ્રષ્ટિબિંદુ જુદું છે. ભક્તિમાર્ગમાં તો નિવેદન કરવાનું કહ્યું જ છે. નવધા ભક્તિમાં અંતિમ નવમી ભક્તિ આત્મનિવેદન ભક્તિ છે જ વળી **ઈષ્ટં દત્તં હુતં જપ્તં મદર્થ યદ્ વ્રતં તપઃ** યજ્ઞ, દાન, હોમ, જપ, વ્રત તથા તપ જે કાંઈ ભગવત્પ્રીત્યર્થે થાય તેનાથી ભક્તિ ઉત્પન્ન થાય એમ કહેવું. છે. ભક્તિમાર્ગમાં નિવેદન છે જ. - ભગવાન ગીતાજીમાં પણ ભક્ત દ્વારા, ભક્તિપૂર્વક સમર્પિત પત્ર, પુષ્પ, ફલ કે જલને પ્રીતિપૂર્વક ભોગવે છે. એમ કહે છે.

ભક્ત સેવક છે. અને સેવકે તો સ્વામીના ભોગ કરેલા - ભગવદ્ ઉચ્છિષ્ઠથી જ વ્યવહાર કરવાનો છે. **સેવકાનાં યથા લોકે વ્યવહાર : પ્રસિદ્ધયતિ** સેવકોનો લોકમાં આ જ વ્યવહાર છે.

અંતમાં, ભગવાનના ચરણમાંથી પ્રકટેલા ગંગાજીમાં પણ એવું સામર્થ્ય છે કે જે જલ વિ. તેને મળે તેને તે ગંગારૂપ બનાવી દે છે. પોતાની જેમ જ નિર્દોષ અને ઉત્તમ ગુણવાન બનાવી દે છે. જો ભગવાન ના ચરણ માંથી પ્રકટેલ ગંગાજીમાં આવું સામર્થ્ય હોય તો ભક્તિમાર્ગમાં તો ભક્તનો સાક્ષાત પૂર્ણપુરૂષોત્તમ સાથે સંબંધ થય છે ત્યાં જીવ નિર્દોષ બને, આત્મસમર્પણથી કૃતાર્થ બને એમાં શી નવાઈ ?

તદીયત્વનું સાધન.

સમર્પણેનાત્મનો હિ તદીયત્વં ભવેદ્ ધ્રુવમ્ (બાલબોધ) આત્મ સમર્પણથી, સર્વ પોતાનું મનાતું હોય તે સર્વનું પ્રભુને નિવેદન કરી દેવું. એ સમર્પણથી જીવને ભગવદીયત્વની પ્રાપ્તિ થાય છે.

મારૂં કાંઈ નથી, સર્વ કાંઈ પ્રભુનું છે એભાવ સમર્પણ ભાવ છે. સર્વનું સમર્પણ થતાં જીવની કોઈ સત્તા - સ્વામીત્વ ન રહ્યું.

જીવે શ્રવણ - કીર્તનાદિ જે સાધનો કરવાનાં છે તે પણ તેનો સમર્પણ ભાવ દ્રઢ થાય માટે જ કરવાનાં છે. શ્રવણ ભક્તિથી કીર્તનભક્તિ, કીર્તનથી સ્મરણ, તેના વડે પાદસેવન, પાદસેવન વડે અર્ચન - વંદન. એ થકી જ દાસ્યભક્તિ, સખ્ય ભક્તિ અને અંતે આત્મનિવેદન ભક્તિ સિદ્ધ થાય છે.

ફલરૂપ સમર્પણ

યદ્યદિષ્ટતમં લોકે યચ્ચાતિપ્રિયમાત્મનઃ । યેન સ્યાન્નિર્વૃતિશ્ચિત્તે તત્કૃષ્ણે સાધયેદ્ ધ્રુવમ્ લોકમાં જે જે વસ્તુ કિલષ્ટ નહીં પરંતુ ઈષ્ટ ગણાતી હોય, અત્યંત ઈષ્ટ ગણાતી હોય તે તે પ્રભુને સમર્પિત કરવી.

સ્વયંને (આત્માને) જે જે વસ્તુ કિલષ્ટ નહીં પરંતુ અતિપ્રિય લાગતી હોય (જેમકે, દૂધ સાકર વિ.) તે તે વસ્તુ પ્રભુને સમર્પિત કરવી. આ બધા પદાર્થો સન્માર્ગે પ્રાપ્ત કરેલા હોવા જરૂરી છે, અન્યથા પ્રભુ એનો અંગીકાર નહીં કરે.

અન્યના ભાગરૂપ થયેલા પદાર્થો પ્રભુને ન સમર્પવા.

જે પદાર્થો ચિત્તને ક્લેશ ઉત્પન્ન ન કરે પરંતુ "મારા પ્રાણપ્રિય પ્રભુને આ શ્રેષ્ઠ પદાર્થ - સામગ્રી હું ક્યારે અર્પણ કરું" એમ ચિરકાલના મનોરથરૂપે જેનું આપણા મનમાં ચિંતન થઈ રહ્યું હોય, જે અંતઃકરણને પ્રિય થઈ રહ્યા હોય, સર્વથા સુખતર, ઉત્તમ, આહ્લાદક, દેશ કાળને ધ્યાનમાં લઈને, સુખરૂપ હોય એવા પદાર્થો પ્રભુને સમર્પણ જોઈએ.

આ સમર્પણ આત્મનિવેદન રૂપ નવમી ભક્તિનું એક સ્વરૂપ પણ છે. ભક્ત પોતાના કર્મ, પોતાનું ધન આદિ સર્વસ્વ અને છેલ્લે પોતાની જાતને - આત્માને ય સમર્પણ કરી દે એ ભક્તિની પરાકાષ્ઠા છે. એટલે જ નવધા ભક્તિમાં અંતિમભક્તિ આત્મનિવેદન રૂપ ભક્તિ છે. ભગવદીયોને માટે આ ભાગવતધર્મ છે કે

कायेन-वाचा मनसेन्द्रियैर्वा बुध्याऽऽत्मना वानुसृत स्वभावात् ।

करोति यद्यत् सकलं परस्मै नारायणायेति समर्पयेत्तत् ॥

શરીર, વાણી, મન, ઈન્દ્રિયો, બુદ્ધિ કે અહંકારથી અનુસરાયેલા સ્વભાવથી મનુષ્ય જે જે કર્મ કરે તે તેણે શ્રી નારાયણ ભગવાનને સમર્પણ કરવું જોઈએ. અહીં સમર્પણનું કોઈપણ ફલ બતાવવામાં આવ્યું નથી. એનો અર્થ એ કે આ સમર્પણ ફલરૂપ સમર્પણ છે.

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।

तदहं भक्त्युपहृत मश्नामि प्रयतात्मनः ॥

શ્રીમદ્ ભગવદ્ગીતામાં તેમજ શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં ભગવાન સ્વમુખે સ્નેહ પૂર્વક કરાયેલા સમર્પણનો મહિમા ગાય છે. "જે મનુષ્ય પત્ર, પુષ્પ, ફળ કે જળ જે કંઈ પ્રેમભક્તિથી મને અર્પણ કરે છે. તેની એ ભક્તિથી અર્પણ કરેલી વસ્તુનો હું અંગીકાર કરૂં છું. હું આ અંગીકાર એટલા માટે કરું છું કે ભક્તિના કારણે ભક્તનું મન શુદ્ધ હોય છે. તેના સમર્પણમાં સ્વાર્થ નથી.

ભગવત્સેવામાં પ્રત્યક્ષ રીતે શૃંગાર ભોગ આદિ નિવેદન કરવામાં તેમજ ભાવાત્મક રીતે સ્ત્રીપુત્ર ગૃહ વિ.નું ભગવાનને સમર્પણ કરવામાં ભક્તે એક વાત તો ખ્યાલ રાખવાનો છે કે એ પ્રભુને અર્પણ કરીને એમના ઉપર ઉપકાર કરી રહ્યો નથી. **भजने यत्र सेव्यस्थ नोपकारकृतिः क्वचित्** મેં આટલી સેવા કરી, મેં આટલું સમર્પણ કર્યું એવો વિચાર થાય જ નહીં. વૈષ્ણવે દીનતાપૂર્વક એમ ભાવના કરવી જોઈએ કે પ્રભુ મારી સેવા સ્વીકારીને, મારી સમર્પિત સામગ્રીને મારા ભાવનું પોષણ કરી રહ્યા છે.

ભગવાનને સેવવાનો અને સમર્પણ કરવાનો અધિકાર એમના અનુગ્રહથી જ સાંપડે છે. અનેએ કૃપાળુ હોવાથી જ એ બધાનો અંગીકાર કરે છે. આત્મારામ અને અને આપ્તકામ એવા ભગવાનને પોતાના કોઈ કારણથી ભક્તની કોઈ ક્રિયા કે પદાર્થની આવશ્યકતા નથી જ. **સાધવો હિ મહત્કર્મ કૃત્વા સ્વયમેવ તુષ્યન્તિ, ન તુ પ્રત્યુપકાર મપેક્ષન્તે** મહાપુરૂષોનો સ્વભાવ છે. કે મહાન કાર્ય કરીને પોતે જ પ્રસન્ન થાય છે. પણ સામા ઉપકારની અપેક્ષા રાખતા નથી.

શ્રીદયારામે સુંદર સિદ્ધાંત વ્યક્ત કર્યો છે. દીનતાના પાત્રમાં મન મણિ મુકીને, ભેટ ભગવંતજીને ધરજો. ભગવાનને સમર્પણ યોગ્ય ઉત્તમ ભેટ મનરૂપી મણિ છે. પરંતુ આ ભેટને, અભિમાન ન થઈ જાય માટે દીનતાના પાત્રમાં પધરાવીએ તો વાંધો ન આવે.

ભગવાનને ભાવપૂર્વક સર્વનું સમર્પણ કરવું તો આવશ્યક છે જ પરંતુ તે સમર્પણનું નિત્ય સ્મરણ પણ આવશ્યક છે. નિવેદનં તુ સ્મર્તવ્યં તદીય- ભગવદીયોના સંગમાં રહીને સર્વથા સ્વયં કરેલા બ્રહ્મસંબંધરૂપી સમર્પણનું સ્મરણ કરવું. પુષ્ટિપથનું આજ સર્વોત્તમ સાધન છે.

નવરંગ લલન બિહારી મેરો કહે, જાડો મોહિ અધિક સતાય ।
પહેરિ કંવાઈ ઓઢિ લઈ ફ્લગુલ, તોહું સીત સતાવત આય ॥
અચરજ ભયે સુનિ વલ્લભ નંદન, કનક અગીઠી ધરી મંગાય ।
પુનિ જિય સોચિ મંગાઈ ઉઢાઈ, ભજિ ગઈ સીત હંસે જદુરાય ॥
ઐસે પરમકૃપાલ દયાનિધિ, જિસરત નહીં સુધિ કરત સહાય ।
'ત્રિપુરારી' ગિરિધારી કી બાતેં કહા જાને કોઉ દેઉ બતાય ॥

ભક્ત જે કાંઈ સ્નેહપૂર્વક સમર્પણ કરે છે તેને પ્રભુ અતિ સ્નેહથી અંગીકાર પણ કરે છે. ત્રિપુરદાસ કાયસ્થ દરવર્ષે શ્રીનાથજીને શિયાળામાં ધારણ કરવાના વસ્ત્ર(જડાવર) મોકલતા. તેઓ ખૂબ સુંદર ડગલો અંગીકાર કરાવતા અને શ્રી ગુંસાઈજી કાયમ ત્રિપુરદાસને ડગલો સુંદર હોવાથી પ્રથમ તે અંગીકાર કરવતા. ઘણા વર્ષો આ ક્રમ ચાલ્યો. એક વખતે ત્રિપુરદાસ ને દ્રવ્યનો સંકોચ આવી પડ્યો. તેમણે વિચાર્યું, દર વખતે તો પ્રભુને ઉત્તમ ડગલો મોકલતા હતો અને આ વખતે તો કાંઈ નથી. શું કરવું ? એક લખવાનો ખડિયો રહ્યો હતો. તેનું ઢાંકણું ચાંદીનું હતું. તેમણે તે ઢાકણું વેચીને એક રંગીન ખાદીનું થાન લઈ આવી શ્રીજીના ભેટિયાને આપ્યું.

પ્રબોધિનીના દિવસે શ્રી ગુંસાઈજીએ શ્રીનાથજીને ડગલા ઓઢાવ્યા ત્યારે શ્રીનાથજી કહે, " મને ઠંડી બહુ લાગે છે. બીજો ડગલો ઓઢાવ્યો ત્યારે ફરીથી પ્રભુએ કહ્યું મારી ઠંડી હજી ઓછી થઈ નથી. ઘણી લાગે છે. પ્રભુ ને બીજી અંગીઠી કરીને રજાઈ ઓઢાવી તો ય શ્રીનાથજી કહે " મને ઠંડી ઘણી લાગે ઠે " શ્રી ગુંસાઈજીએ વિચાર્યું કોઈ વૈષ્ણવની જડાવર

આવી લાગે છે. પરંતુ અંગીકાર થઈ લાગતી નથી. તપાસમાં જાણવા મળ્યું કે ત્રિપુરદાસની દર વર્ષે આવતી જડાવર આવી નથી પણ ખાદીનું થાન આવ્યું છે. તે ભંડારમાં મેલું ચૂંથાયેલું પડ્યું છે. શ્રી ગુંસાઈજી એ કહ્યું તે જલદીથી લાવો. દરજી પાસે જલદીથી તેની રજાઈ કરાવી અને પ્રભુને ઓઢાડી ત્યારે શ્રીનાથજીએ કહ્યું, "હવે મારી ઠંડી ગઈ. હવે હુંફ લાગે છે !" પછી તો તે શિયાળામાં પાંચ દસ વાર પ્રભુએ તે દુલાઈ (રજાઈ) અંગીકાર કરી. પ્રભુએ બતાવ્યું કે મારા ભક્તે પ્રીતિપૂર્વક કોઈ વસ્તુ સમર્પિત કરી હોય તો હું તે આ પ્રકારે અંગીકાર કરૂં છું. આમાં વસ્તુનો વિચાર નથી. ભક્તિ ભાવનો અંગીકાર છે.

આમ છતાં જ્યાં ઉત્તમતાનો વિચાર છે તો તે ય યોગ્ય છે. પ્રભુને ઉત્તમોત્તમ વસ્તુ અંગીકાર કરાવવી જોઈએ. એ જ ભક્તિમાર્ગનો સિદ્ધાંત છે. માટે તો શ્રી મહાપ્રભુજીને ચિંતા ઉપજી કે "ઉત્તમ વસ્તુ કો અંગીકાર કરાઈ સુખ લેય, પ્રીતમ કો મધ્યમ વસ્તુ, દોષ સહિત જીવ કૈસે અંગીકાર કરાઈએ ? યહ મારગ કી રીતિ હૈં" પુષ્ટિ જીવ દૈવી જીવ છે માટે તે ઉત્તમ પરંતુ તેનામાં તેના સ્વભાવમાં સહજ, દેશજ, કાલજ, સંયોગજ, સ્પર્શજ, જેવા દોષો આવ્યા હોવાથી તેના અધિકારમાં મધ્યમતા આવી છે. માર્ગનો સિદ્ધાંત તો એ જ છે કે પ્રભુને ઉત્તમ સામગ્રી અંગીકાર કરાવવી. આ ચિંતા દૂર કરવા જ શ્રી મહાપ્રભુજીને પ્રભુએ બ્રહ્મસંબંધનો સિદ્ધાંત બતાવ્યો. આપ જેને સમર્પણ કરશો તેનો હું અંગીકાર કરીશ. તે જીવ સમર્પણથી જ શુદ્ધ, ઉત્તમ થઈ જશે. એમ કૃપા થઈ.

ભગવત્સેવામાં વસ્તુની ઉત્તમતા વિચારવી જોઈએ. દામોદરદાસ સંભલવાળાને ત્યાં શ્રીમહાપ્રભુજીએ ભોગ સમર્પી, ભોગ સરાવી બીડાં ધરતી વખતે જોયું તો પાન લીલાં છે, કાચાં છે ! તેમણે સહેજ ખીજાઈને દામોદરદાસજીને કહ્યું, "લીલા પાન શ્રીઠાકોરજીને ન સમર્પિએ પીળાં પાકાં પાન પ્રભુને સમર્પિએ. ઉત્તમતે ઉત્તમ સામગ્રી વસ્તુ કે ભોક્તા હૈં.

"કે તો સમર્પન રાજા બલિને કર્યો. ઔર કે સમર્પણ માણેકચંદને કર્યો !" શ્રી ગુસાંઈજીના આ ઉદ્‌ગાર છે. આગ્રાના માણેકચંદ અને તેમની પત્નીએ શ્રી ગુસાંઈજીના દર્શન કર્યા. તેમને પૂર્ણ પુરૂષોત્તમ રૂપે સાક્ષાત દર્શન થયાં. તેઓએ શ્રી ગુસાંઈજીને સર્વ સમર્પણ કરી દીધું. બંને જણ એક એક વસ્ત્ર પહેરીને ઘરની બહાર ઉભા રહ્યા અને કહ્યું, "ઘરમાં જે કાંઈ છે તે શ્રી ગુસાંઈજીનું છે. બધું તમે લઈ જાવ. પોતાના ઘોડા, ઉંટ વિ. નું ય સમર્પણ કરી દીધું. શ્રી ગુસાંઈજીની આજ્ઞાથી એમાંથી ૧૦ હજાર લઈને વ્યવસાય કરીને ૧૨ હજારના તોડા સમર્પિત કર્યા. બલિરાજાનું સમર્પણ મર્યાદામાર્ગીય હતું. તેમાં પ્રભુએ દાન લીધું છે. દાનની વસ્તુ પાછી ન લઈ શકાય. જ્યારે અહીં માણેકચંદનું સર્વ સમર્પણ પુષ્ટિમાર્ગીય સમર્પણ હતું. પુષ્ટિમાર્ગીય સમર્પણમા દાન-દાતાની રીત નથી. સ્વામી-સેવકની રીત છે. 'સેવકનાં યથા લોકે વ્યવહાર : પ્રસિદ્ધતિ' સેવકનું સ્વામીને સ્નેહપૂર્વકનું સમર્પણ એ પુષ્ટિમાર્ગીય સમર્પણ.

શ્રી કૃષ્ણ શ્રી કૃષ્ણ મનમેં ગતિ જાનીયે

દેહ ઈન્દ્રિય પ્રાણ દારાગારદિ વિત્ત, આત્મા સકલ શ્રીકૃષ્ણ કે માનીયે....
કૃષ્ણ મમ સ્વામી હોં દાસ મન વચન કર્મ, કૃષ્ણ કરતા સકલ વિશ્વકે જાનીયે
કૃષ્ણદાસનિ નાથ લાલ ગિરિવરધરન, ચરનરજ વલ્લભાધીશ શિર સાનીયે.

શ્રી કૃષ્ણદાસના આ પદમાં સમર્પણનો ઉત્તમ ભાવ પ્રકટ થયેલ છે. ભગવદીયે મનમાં શ્રીકૃષ્ણનું જ સ્મરણ કરતા રહેવું. પ્રભુ જ સર્વના સ્વામી છે. આપણું સઘળું જ. દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, પત્ની, ઘર, સંપત્તિ અને પ્રભુને તે પાછું સમર્પિત કરી દેવાનું છે. આ સર્વ પદાર્થો પર અહંતા-મમતાનો ભાવ, જીવ પોતાના અજ્ઞાનના કારણે કરે છે. ભગવદીયનો એજ મનોરથ રહે છે કે શ્રીકૃષ્ણ મારા સ્વામી રહે, હું મનથી, વચનથી અને કર્મથી એમનો દાસ થઈને રહું.

ભગવાન શ્રીકૃષ્ણને સર્વ વિશ્વ સર્જનહાર જાણવા, એજ સર્વ કર્તા છે બધું એ જ કરે છે. એવો દ્રઢ વિશ્વાસ રાખવો. વિશ્વાસ અને સમર્પણ વચ્ચેનો સંબંધ અનેરો છે. જ્યાં વિશ્વાસ જન્મે છે. ત્યાં જ જીવ સમર્પણ કરે છે અને સમર્પિત થઈ ગયા પછી એ દ્રઢ વિશ્વાસ સહિત જીવે છે. પ્રભુ મારો કોઈ પણ કારણે, કોઈ પણ એ ક્ષણે ત્યાગ નહીં કરે એ વિશ્વાસ ભક્તિનો શ્વાસ છે.

શ્રી ગિરિવરધારી શ્રીનાથજી આપણા નાથ છે અને એ નાથની સાથે સંબંધ કરાવનારા શ્રી વલ્લભના ચરણાવિંદમાં મસ્તક નમાવીયે. શ્રી કૃષ્ણ જ ગતિ, શ્રી કૃષ્ણ જ આશ્રય, શ્રી કૃષ્ણને જ સમર્પણ.

ભક્તવત્સલ ભગવાન-

છડીદાર ઉગ્રસેનના થયા, દ્વારપાળ બળી ભૂપ,
નરસૈયાના બાપનું શ્રાદ્ધ સાર્યું, સેના માટે નાપિક રૂપ.
રૂપ મહાર દાસાજી સારુ નામાનું છાપરું, છાયું ચારૂં.
વારી વહ્યું ત્રિલોચન ઘેર, મીરાંબાઈનું પીધું ઝેર
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

દુષ્ટ કંસને મારીને ભગવાન મથુરાની રાજગાદી પર બેઠા નથી. કંસના પિતા ઉગ્રસેનને જ રાજા બનાવીને પોતે એના છડીદાર બન્યા હતા. 'પ્રેમ કે બસ નૃપ સેવા કીની, આપ બને હરિ નાઈ !' પ્રેમવશ પ્રભુ ભક્તની નાનામાં નાની સેવા કરવા તત્પર રહે છે. બલિરાજા પાસેથી ભગવાને સર્વસ્વ હરી તો લીધું. પરંતુ તેના બદલામાં પોતે બલિને આત્મસમર્પણ કરી દીધું. બલિને સુતલ લોકનો રાજા બનાવીને ભગવાન એના દ્વારપાલ થઈને રહ્યા હતા. એમણે, નરસિંહ મહેતા ભજનાનંદમાં બધું ભૂલ્યા ત્યારે નરસિંહ મહેતાનું રૂપ લઈને પિતાનું શ્રાદ્ધ કરી લીધું. સેના વાળંદ ઉપરની કૃપા તો જુઓ. તે ભગવદીયોની

ટહેલમાં રોકાયેલો હતો અને રાજાની હજામત કરવાનો સમય થઈ ગયો હતો તો ભક્તને ઠપકો ન મળે માટે ભગવાન એનું રૂપ ધારણ કરીને રાજા પાસે ગયા. દામાજી નામના મહારાજનું મહેસૂલ ભરવાનું હતું તે ભગવાન ભરી આવ્યા. નામા ભક્તનું છાપરું છાઈ આવા કેટકેટલા દ્રષ્ટાંતો ભગવાનની વત્સલતાને પુરવાર કરે છે.

ઈચ્છે રૂડું પ્રભુ જગતનું, કેમ કરે કુંડુ નિજ દાસ,

જે કરશે હરિ તે ભલું તાહરૂં તું ધર દ્રઢ વિશ્વાસ,

વિશ્વાસ રાખ કલ્પના મુક સેવા સ્મરણથી નવ ચૂક,

નહિ મળે ફરી અવસર આવો, હરિ ભજી લ્યો મનુષાદેહ લ્હાવો.

સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

ભગવાનની ભક્ત વત્સલતા અંગે અહીં એક સરસ તર્ક રજું કરવામાં આવેલ છે. એ તો સૌ જાણે છે કે ભગવાન આખા જગતનું હિત કરનારા છે. અરે, પોતાની સાથે વેર રાખનારા, દ્રોહ કરનારાઓની સાથે ય એમણે ઉદારતા દાખવી છે તો આવા કૃપાળુ પ્રભુ પોતાના ભક્તનું અહિત કરે જ કઈ રીતે ? ભક્તને એક નિશ્ચય તો એ જ થઈ જવો જોઈ કે ભગવાન મારૂં હિત જ કરે છે. એમની લીલા ન સમજાય, પ્રારંભમાં એમની કૃતિમાં આપણને નિષ્ઠુરતા ય દેખાય તો એનું કારણ આપણું અજ્ઞાન પ્રભુની ઈચ્છા શું છે. તે ન સમજાતું હોય, એમની કૃતિમાં વિપરીતતા લાગતી હોય તો એવા સમયે જ દ્રઢ વિશ્વાસની સૌથી વધુ જરૂર છે.

મન તો ચંચળ છે, જાત જાતની કલ્પનાઓ કરશે. ભગવાન અને ભક્તિમાર્ગની વિરૂદ્ધ વિચારો ય કરશે. દુઃખમાં, પરીક્ષાના સમયે ભગવાનના ભક્તે પોતાની ધૈર્ય અને વિશ્વાસને સંભાળી રાખવાની ખૂબ જ જરૂર છે. આવા સમયે તો પ્રભુની વધુને વધુ સેવા કરવી જોઈએ. સત્સંગમાં વધુ સમય ગાળવો જોઈએ. વિપત્તિમાં પ્રભુએ અનેક ભક્તોનાં કામ કર્યા છે. તો તે આપણાં કામ પણ પાર પાડશે જ.

સુખ દુઃખ તો આવે જાય. સંપત્તિ વિપત્તિની ઘટમાળ તો ચાલ્યા જ કરશે. પરંતુ આવો હરિ ભજવાનો લ્હાવો ફરીથી મળે કે ન મળે માટે પ્રમાદ, સંદેહ વિ. માં સમય બગાડવાને બદલે હરિને ભજી લે ! હરિને ભજી લે !

स्वाध्याय - ३८

शरणागति.

अस्माकं तु गतिर्नान्या 'श्रीकृष्ण : शरणं मम' अमारी अन्य कोई गति-अन्य आश्रय नथी ज. श्री कृष्ण ज मारुं शरण छे.

शरण मात्र साधन ज नथी परंतु मुख्य एवा भक्तिमार्गना विकल्प रूप ए मार्ग पण छे. मुख्य भक्तिमार्गमां जेने अधिकार नथी तेने माटे मुख्य भक्तिमार्गने अनुसरे एवो बीजो सर्वसुलभ एवो उपाय प्रपत्ति मार्ग छे. सर्व कोई जीव आ प्रपत्तिमार्गना अधिकारी छे.

प्रपत्तिमार्गमां भगवाननुं ब्रह्मास्त्र न्याये एक मात्र अनन्य द्रढ अवलंबन करवानुं आवश्यक छे. रावणनी सभामां पण राक्षसोए ब्रह्मास्त्रना प्रभावमां ज्यां सुधी अनन्य द्रढ विश्वास राख्यो त्यां सुधी सूत्रना (सूतरना) तारथी श्री हनुमानजी बंधाई रह्यां. परंतु जे क्षणे विश्वास आव्यो - ब्रह्मस्त्रमां अविश्वास आव्यो के आवा बळवान वानरने कांई दोरीथी बांधी न शकाय. अने लोखंडनी सांकळोथी बांधवो जोईए - आम अविश्वास थतां ज ब्रह्मास्त्रनो प्रभाव नष्ट थयो. प्रपत्ति मार्गमां बे बहु मोटा बाधक छे, अविश्वास अने अन्याश्रय. भगवानमां अविश्वास न राखवो. तेमज भगवान सिवाय अन्यनो आश्रय न करवो.

सर्व धर्मान्परित्यज्य मामेकं शरणं व्रज गीताजीना आ महावाक्यमां शरणस्थ थवानी आज्ञा तो छे ज परंतु माम् एकम् मारा 'एक' ना शरणे आव एम कहीने अन्याश्रयना त्यागनी आज्ञा पण छे. अनन्यता विना शरणागति सिद्ध थती नथी माटे ज आ एकना शरणनी आज्ञा छे.

श्री कृष्ण ज एक मात्र शरण छे. एमना अनुग्रहथी ज जीवनी रक्षा शक्य छे. श्री प्रह्लादजी दीनतापूर्वक निवेदन करे छे. के **बालस्य नेह शरणं पितरौ नृसिंह, नार्तस्य चागदमुदन्वति मज्जतो नौः** । बाळकने तेना मातापिता शरणरूप थई शकता नथी. केमके मातापितानुं स्नेहपूर्वक परिपालन होय तोय बाळकने दुःख होय छे. वळी रोगीने औषध शरणरूप थई शकतुं नथी केमके उपचार करवा छतांय रोगीनुं मृत्यु जोवामां आवे छे. ते ज प्रमाणे समुद्रमां डूबता मनुष्यने नौका पण शरणरूप थती नथी. केमके कोई वारतो नौकाय डूबे छे अने शरणे आवेलाने डूबाडे छे.

संसारना सुख, सुरक्षा अने स्वास्थ्यना साधनो भगवानना अनुग्रहथी ज फल आपे छे, सार्थक थाय छे. **तस्य तत्प्रतिविधिर्य ईशांजसेष्ट स्तावद् विभो तनुभृतां त्वदुपेक्षितानाम्** भगवान जो शरणे न ले, उपेक्षा ज करे तो सुखनां सर्वसाधनो अने प्रयासो व्यर्थ ज थई जाय ए स्पष्ट छे.

માયા સંતરણ

સ્વપ્નો જાગરણં ચૈવ યથા હ્યન્યોન્યવૈરિણૌ । વિદ્યાઽવિદ્યે તથા સ્યાતાં ન તુ સર્વાત્મના લયઃ ॥ સ્વપ્ન અને જાગૃતિ જેમ એકમેકની વિરોધી છે, તેમ વિદ્યા અને અવિદ્યા બંને એકમેકના વિરોધી છે. સત્વગુણનો ઉદય થયો હોય ત્યારે વિદ્યા અવિદ્યાને દબાવી છે અને તમો ગુણ પ્રબળ થાય ત્યારે અવિદ્યા ઉદય પામીને વિદ્યાને દબાવી દે છે. આ વિદ્યા અને અવિદ્યા એ બંને ભગવાનની મહાશક્તિ - મહામાયા નામની શક્તિની દાસીઓ છે.

જીવને સ્વપ્રયત્નથી જે જ્ઞાન મળે તેના વડે અવિદ્યાનો પૂર્ણ રીતે લય થતો જ નથી. **જ્ઞાનિનામપિ ચેતાંસિ દેવી ભગવતી હિ સા । બલાદાકૃષ્ય મોહાય મહામાયા પ્રયચ્છતિ ॥** આ મહામાયા જ્ઞાનીના ચિત્ત ને ય મોહમાં ફેંકી દે છે. માટે અવિદ્યાનો લય વિદ્યાથી થઈ શકતો નથી. તેનો લય કરવા માટે તો વિદ્યા-અવિદ્યા એ બંનેને પોતાના વશમાં રાખનારી મહામાયાને જીતવી જોઈએ. એ મહામાયાને જીતવાનો એક જ ઉપાય છે. **મામેય યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે** ભગવાનની શરણે ગયા વિના બીજો કોઈ ઉપાય નથી જ.

નિર્ભયતા -

જીવને અનેક દિશાએથી ભય હોય છે. કાળ, મૃત્યુ, શત્રુ, રોગ, રાજા અને દુષ્ટ જનો જેવા અનેક ભયકારક પરિબળોથી જીવ ભયભીત રહે છે. દૈવી સંકટ, ભૌતિક ઉપદ્રવો અને પોતાના કર્મથી, સ્વભાવથી ઉત્પન્ન કરેલા દુઃખોનો પણ તેને ભય રહે છે. આ ભયનું નિવારવા અનન્યભાવે ભગવાનનું શરણ સ્વીકારવું એ જ છે. શ્રી ઉદ્ધવજીને ઘણો ઉપદેશ આપ્યા પછી ભગવાન એમને અનન્ય શરણાગતિનો ઉપદેશ આપે છે.

મામેકમેવ શરણમાત્માનં સર્વદેહિનામ્ ।
યાહિ સર્વાત્મભાવેન મયા સ્યા હ્યકુતોભયઃ ॥

સર્વ પ્રાણીઓના આત્મા એવા ભગવાનને - એકમાત્ર ભગવાનને સર્વાત્મભાવે શરણે આવવાથી, એમના જ કારણે જીવ સર્વ તરફથી નિર્ભય થશે.

શરણે જવાથી ભગવાને ગજેન્દ્રને ગ્રાહથી દ્રૌપદીને દુષ્ટ કૌરવોથી, વ્રજભક્તોને ઈન્દ્રપ્રકોપથી અર્જુન ઉત્તરાને બ્રહ્માસ્ત્રથી અને પ્રહલાદ જેવા ભક્તોને અનેક વિપત્તિઓમાંથી રક્ષા કરી છે. તેમને નિર્ભય બનાવ્યા છે. એવા અનેક પ્રમાણો મળે જ છે.

સંસારના દુઃખી માત્ર જીવોને ભગવાનની કૃપા સાંપડતી નથી. **ભગવાન્ સ્વકૃપાં શરણાગતેષ્વેવાર્પિતવાન્** ભગવાને પોતાની કૃપા શરણે આવેલાને જ આપેલી છે. એટલે દીનમાત્ર ઉપર ભગવાનની કૃપા નથી પરંતુ દુઃખી હોય અને જો ભગવાનની શરણે

આવેલ હોય તો જ તેના ઉપર ભગવાનની કૃપા થાય છે.

માનવે સ્વજીવનની કોઈ પણ પ્રકારની કાર્યસિદ્ધિ માટે ભગવાનનું શરણ સ્વીકારવું જોઈએ. જો શરણભાવની બરાબર ભાવના કરતાં ન ફાવતું હોય તો વૈષ્ણવે સર્વાત્મભાવ પૂર્વક સર્વદા ' શ્રીકૃષ્ણ : શરણં મમ' એ અષ્ટાક્ષર મહામંત્રનો જાપ કરવો.

જીવનમાં સત્સંગ આદિ સાધનો ની અનુકૂળતા ન રહે ત્યારે શરણભાવ તો દઢ રાખવો જ. **અત એવાસ્તિ નૈશ્ચિંત્યં ઐહિકે પારલૌકિકે** શ્રી હરિ શરણ છે અને આ જ કારણે અમને આ લોકમાં અને પરલોકમાં નિશ્ચિંતતા છે.

સાધન અને સાધ્ય -

શરણભાવ અંગે શ્રી હરિરાયજીની અદ્ભૂત ભાવના !

અસ્માકં સાધનં સાધ્યં શ્રીકૃષ્ણ : શરણં મમ ।
સંપત્સ્વાપત્સ્વપિ સદા સ્વાચાર્યચરણોદિતમ્ ॥

આપણું તો સંપત્તિ તેમજ વિપત્તિ બંનેમાં સાધન તેમજ સાધ્ય બંને એક જ છે અને તે ' શ્રીકૃષ્ણ : શરણં મમ' - શરણભાવ ધરાવતો મહામંત્ર છે. એ જ આપણા આચાર્યચરણનું વચનામૃત છે.

સર્વ અધિકારી

શરણાગતિ એ માત્ર દુઃખી જીવનું સાધન છે, એમ નથી. 'સર્વોપાધિવિનિર્મુક્તોઽપિ હરિં શરણમાવ્રજેત્' સર્વ ઉપાધિથી મુક્ત હોય તેણે પણ હરિના શરણે જવું.

અસાધન : સાધનો વા ન સાધુઃ સાધુરેવ વા ।
શરણાદેવ નિખિલં ફલં પ્રાપ્નોત્યસંશયમ્ ॥

જીવ સાધન રહિત હોય કે સાધન કરનારો હોય, અસાધુ હોય કે સાધુ હોય એ ગમે તેવો હોય છતાં જો એ ભગવાનને શરણે જાય તો નિશ્ચિતપણે સર્વપ્રકારે ફળ પામે છે.

ભક્તિમાર્ગમાં શરણ જ સાધન છે અને શરણ જ ફલ છે માટે શરણ રૂપી સાધન થી શરણરૂપી મહાફલની પ્રાપ્તિ થાય છે. ભગવાનની અવતારદશામાં તો સાક્ષાત્ ભગવાનનું શરણ સંભવે જ છે પરંતુ ભગવાન પ્રત્યક્ષ ન બિરાજતા હોય તે કાળમાં મહાપુરૂષ-સદ્ગુરૂના શરણથી આ શરણ સિદ્ધ થઈ શકે છે. અરે, તાદશી ભગવદીયોની કૃપાથી ભગવાનનું શરણ સુલભ થઈ શકે છે. એમ શ્રી હરિરાયચરણનો દ્રઢ વિશ્વાસ છે. શ્રી મહાપ્રભુજીના ઉપદેશેલા સિદ્ધાંત અનુસાર જે જીવન જીવે, એક સાચા વૈષ્ણવ તરીકેનું જીવન ગાળે તેને ય શરણભાવ સિદ્ધ થાય છે.

શરણાગત પરિપાલન

ભગવાનના શરણે આવેલો જીવ પૂર્ણ વિશ્વાસથી શરણે આવે છે. શરણાગતનો અનાદ કરવો એ દોષ છે અને નિર્દોષ પ્રભુમાં એ દોષ પણ ક્યાં હોય ? 'નૂનં હયાર્યાઃ સાધવ ઉપશમ શીલાઃ કૃપણ સુહદ એવંવિધાર્થે સ્વાર્થાનપિ ગુરૂતરાનુપેક્ષન્તે' શરણાગતનો અનાદર કરવો એ દોષ છે. શાંત સ્વભાવના, દીનદયાળુ મહાત્મા પુરૂષો શરણાગત પરિપાલનરૂપી ધર્મને સાચવવામાં પોતાના મોટા મોટા સ્વાર્થનો નાશ થતો હોય તો ય એની પરવા કરતા નથી.

આર્તભાવે સંકટ સમયે દુઃખી જીવે સ્વીકારેલી શરણાગતિના કારણે પ્રભુ દ્રવિત થઈ જાય છે. દંડ દેવા તત્પર થયેલા ઉગ્ર પ્રભુ પણ પોતાની ઉગ્રતાનો ત્યાગ કરી દે છે. નાગદમન લીલાનું વર્ણન કરતી વેળાએ શ્રી સૂરદાસજીએ ભગવાનની શરણાગત વત્સલતા પર ઘણો ભાર મૂકયો છે. ભગવાનને આર્દ્ર બનાવી દેતી આ શક્તિ એ શરણશક્તિ છે.

જબ હિ શ્યામ તન અતિ વિસ્તાર્યો
ચટપટાત ટૂટત અંગ જાન્યો 'શરણ શરણ' અહિરાજ પુકાર્યો...
યહ વાણી સુનતહી કરૂણાનિધિ, તુરત ગયે સકુચાઈ
યહી વચન સુન દ્રુપદસુતાકે, દીનો ચીર બઢાઈ...
યહી વચન ગજરાજ પૂકાર્યો, ગરૂડ ત્યાગ તહાં ધાયે
યહી વચન સુન લક્ષાગૃહ મેં, પાંડવ જરત બચાયે...
યહી વાણી પ્રભુ સહ ન સકત હૈ, ઐસો પરમકૃપાલ
'સૂરદાસ' પ્રભુ અંગ સકોર્યો. વ્યાકુલ જાન્યો વ્યાલ....

ભગવાન નાગદમન લીલા કરી રહ્યા હતા. કાલીય નાગે કૃષ્ણને ભરડામાં લીધાં અને પ્રભુને ભીંસી નાખવા પ્રચંડ જોર વાપરવા લાગ્યો. ત્યાં તો પ્રભુએ પોતાના સ્વરૂપનો વિસ્તાર કરવા માંડ્યો. ચટાક ચટાક કરતા નાગના અંગ - આંકડા તૂટવા લાગ્યા અને અસહ્ય પીડાથી પીડિત નાગ 'શરણ ! શરણ' પોકારી ઉઠ્યો આ શબ્દો સાંભળતાંની સાથે જ પ્રભુ તત્કાળ સંકોચાઈ ગયા.

'શરણ ! શરણ' પીડિત પ્રપન્નના આ શબ્દોને સાંભળતા જ પ્રભુ બધું વિસારીને કૃપામય બની જાય છે. હસ્તિનાપુરથી સભામાં દુષ્ટ દુઃશાસન જ્યારે દ્રૌપદીના ચીર હરી રહ્યો હતો ત્યારે અસહાય દ્રૌપદી 'શરણ શરણ' પોકારી ઉઠી હતી. પ્રભુએ તુરંત તેની લાજ રક્ષવા ચીર પૂર્યા. ત્રિકુટ પર્વતનો ગજેન્દ્ર મગરના જડબામાં ફસાયો, સગાસંબંધીઓ તેને છોડીને બહાર જતા રહ્યાં. મરણાસન્ન, અસહાય, હિંમત હારી ચૂકેલો હાથી જ્યારે શ્રી હરિને શરણે ગયો ત્યારે પ્રભુ ગરૂડની ગતિ કરતાં ય વધુ ગતિમાન બનીને આવી પહોંચ્યા અને હાથીની રક્ષા કરી. લાક્ષાગૃહમાં આગ લાગતા આકુળવ્યાકુળ પાંડવો શ્રી હરિને શરણે ગયા. પાંડવોની

શરણાગતિના પરિણામે પ્રભુએ એમને બળતા બચાવ્યા.

પ્રભુ એટલા બધા કૃપાળુ છે કે ભક્તના આ શરણ ! શરણ ! પોકારને સહન કરી શકતા નથી. ભક્તનું દુઃખ ભગવાનને માટે અસહ્ય બની જાય છે. પોતાનું કષ્ટ ભૂલીને તે ભક્તના કષ્ટને કાપવા દોડી આવે છે, ઔગુન કિયે તો બહુ કિયે, કરત ન માની હાર ! ભાવૈ બંદા બકસિયે, ભાવૈ ગરદન માર.'

ભગવાનને શરણે આવતાં જીવ પ્રાર્થના કરે છે કે "પ્રભુ મેં અપરાધ તો અનેક કર્યા છે. હું દુષ્ટ છું. દુષ્કર્મ કરતી વેળાએ જરાય થાક્યો નથી પણ આવ્યો છું. આપના શરણે હવે ચાહો તો આપના સેવકને ક્ષમા બક્ષો કે પછી ચાહો તો તેને નષ્ટ કરી દો. ફેંસલો આપના હાથમાં છે અને આપ જેમાં રાજી છો એમાં હું પણ રાજી છું.

પ્રભુ પ્રત્યે શરણ ભાવ અને ભગવદીયો પ્રત્યે દીનતાનો ભાવ રાખે તેની સેવાથી પ્રભુ પ્રસન્ન થાય. ગોવિંદદાસ ભલ્લા ઘણો શ્રમ લઈને સેવા કરતા પરંતુ અહંકારથી કરતા, શરણ ભાવનો નિર્વાહ પણ ન થયો અને દીનતાભાવ પણ ન ટક્યો. પરિણામે સેવા છૂટી અને જીવનનો અંત કલેશપૂર્વક આવ્યો.

ચકઈ રી ! ચલ ચરનસરોવર, જહાં ન પ્રેમવિયોગ
જહં ભ્રમનિસા હોતિ નહીં કબહું, સોઈ સાયર સુખજોગ
જહાં સનક સિવ હંસ, મીનમુનિ, નખ રવિપ્રભા પ્રકાસ
પ્રફુલિત કમલ નિમિસ નહીં સસિડર, ગુંજન નિગમ સુવાસ
જિહિ સર સુભગ મુક્તિ મુક્તાફલ, સુકૃત અમૃતરસ પીજૈ
સો સર છાંડિ કુબુદ્ધિ વિહંગમ, ઈહાં કહા રહિ કીજૈ
લક્ષ્મી સહિત હોતિ નિત ક્રીડા, સોભિત 'સૂરજદાસ'
અબ ન સુહાત વિષયરસ છીલર, વા સમુદ્ર કી આસ

અલી ચકવી ! ચાલ ! મારી સાથે તું ભગવાનના ચરણસરોવર પર ચાલ ! ત્યાં પ્રેમીઓના પ્રેમનો વિયોગ કદી થતો નથી. ભક્ત અને ભગવાન સદાય સંલગ્ન રહે છે. ભગવાનના ચરણ સરોવરે કદી ભ્રમરૂપી રાત્રી થતી જ નથી. (રાત્રે ચકવાચકવીનો વિયોગ થતો હોય છે.) ભગવાનનના ચરણે આશ્રિત રહે, ચરણની શરણમાં રહે તેને કદી કોઈ ભ્રમ કે અજ્ઞાનનું અંધારું કદી નડતું નથી.

આપણા સંયોગના સુખનો અપાર સાગર ભગવાનના ચરણમાં છે. જેનું ભગવાનના ચરણ આશ્રયે મિલન થાય છે. તેને કદી વિયોગનું દુઃખ ભોગવવું પડતું નથી.

ભગવાનના ચરણનો મહિમા અપાર છે. તે ચરણ સરોવર પર સનકાદિ મુનિ, શિવજી જેવા (પરમ) હંસોનો નિત્ય નિવાસ છે. જેમ જળ માછલીનું જીવન છે. તેમ મુનિ જનોનું

જીવન જ ચરણ સરોવર છે. મુનિજનો જો ભગવાનના ચરણથી અળગા થાય તો તરફડીને મૃત્યુ જ પામે ને ! ચરણસરોવરે પ્રભુના નખરવિની કાંતિનો પ્રકાશ એટલે જ મિલન અને અંધકાર એટલે જ વિયોગ. ભક્તોની હૃદયકમળ ત્યાં સદા ખીલેલા રહે છે. તેમને ચંદ્રમાનો ડર લાગતો નથી. સૂર્ય જાય અને ચંદ્ર આવે તો કમળને બીડાવવું પડેને !

કમલ સુગંધે ભ્રમરો નિત્ય ગૂંજારવ કરતા રહે છે. એ ગુંજારવ વેદનો ધ્વનિ છે. પ્રભુના ચરણરૂપી સરોવરે મુક્તિરૂપી મુક્તા ફળો ચોતરફ અમૃતજળનું પાન એ જ કરી શકે કે જે પુણ્યાત્મા હોય. આવા ચરણકમળને છોડીને કોણ આમતેમ ભટકે ! મૂર્ખ હોય, મંદ ભાગ્યવાળો હોય એ જ આ અમૃતસરોવરનો ત્યાગ કરે. જ્યાં લક્ષ્મીજી સહિત સર્વ શક્તિઓ લીલા વિલાસ કરે છે. એ પરમઆનંદરૂપ અમૃતસરોવરને છોડીને વિષયરસના ખાબોચિયાના ગંધાતા જળની કામના કોણ કરે ?

પરિણામ વિચાર.

દુ:ખ થાયે હરિ સેવતાં, તે સુધા સમુ પ્રમાણો,
વિષય ભોગવતા સુખ છે. તે વિષ સરખું સહુ જાણો.
જાણો જેમ ખસ ખણતા મીઠી ક્ષણ પછી આગ ઉઠે અંગીઠી
ઓસડ પીતાં કટુ તર્ત લાગે રોગ ગયા પછી આનંદ જાગે.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

ભગવદ્ ભક્તિ કરનારને ઘણી વાર ભક્તિ કરતાં કરતાં દુ:ખો સહન કરવાં પડે છે. જેમ જેમ એની ભક્તિની માત્રા વધતી જાય તેમ તેમ દુ:ખો ય વધતાં જાય એમ પણ બને. આવા પ્રસંગે વૈષ્ણવે સ્વસ્થ રહેવું સાત્વિક સુખ શરૂઆતમાં ઝેર જેવું પણ પરિણામે અમૃત સમું હોય છે. અને રાજસ સુખ પ્રારંભમાં તો મધુર, અમૃતસમું લાગે છે. પરંતુ એનો અંત દુ:ખને કલેશથી જ ભરેલ હોય છે. વિવેકવાન માનવી દરેક બાબતને એના પરિણામની દ્રષ્ટિથી જ જુએ છે. આરંભ કે મધ્યનું બહુ મહત્ત્વ નથી, મહત્ત્વ પરિણામનું છે. ખસ, ખરજવા જેવા ચર્મરોગમાં ખંજવાળવાથી થોડીક ક્ષણ સુખનો આભાસ થાય છે. પરંતુ પછી અસહ્ય બળતરા ઉઠે છે. જાણે અંગારો ચાંપ્યો ન હોય.

એથી વિપરીત અનુભવ જોઈએ. જેને તાવ આવ્યો હોય એને સુદર્શન ચૂર્ણ પીવડાવવામાં આવે છે. આ ચૂર્ણ કડવું ઝેર જેવું હોય છે. પીનારનું મોં તીવ્ર કડવાશથી ભરાઈ જાય છે. પણ પરિણામે થોડા જ સમયમાં તાવ ઉતરી જાય છે અને માનવી પ્રસન્ન થઈ જાય છે. માટે વિવેકશીલ પરિણામ વિચારવું.

શ્રી ગિરિવરધર સેવતા ભય રાખવો ભૂપતિ સમાન.
બાળક સમ વાત્સલ્યતા, ધરવો સ્નેહ તે જાર સમાન,

જાર સમાન પ્રિય પ્રભુ લાગે, તેને દુ:ખ જન્મ જન્મનાં ભાગે.

પ્રેમ પિયુષ પીધું તે જાણે. નથી સ્વાદ કોઈ એહ પ્રમાણે.

સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

પ્રભુનું ભજન અનેક પ્રકારના ભાવે કરી શકાય છે. પરંતુ અનુભવીઓના મતે દરેક ભક્તે સેવા-ભાવનામાં દાસ્ય ભાવથી પ્રારંભ કરવો જોઈએ. દાસ્ય ભાવ એ ભક્તિમાર્ગનો પાયો છે. દાસ્યભાવ દ્રઢ ન થયો હોય તો આગળ જતાં સખ્યભાવ કે શૃંગાર, વાત્સલ્ય જેવા ભાવને અનુભવતાં ભગવાનનો અપરાધ થઈ જવાની સંભાવના રહે. ભગવાન સખાભાવનો અનુભવ કરાવે અને ભક્ત ભગવાનની બરોબરી કરે. ભગવાનને પોતાની સમાન માની લે તો અપરાધ જ થાય. માટે પ્રથમ તો દાસ્યભાવનો પાઠ જ ભણવો જોઈએ.

બીજા તબક્કે, ખાસ કરીને સ્વરૂપ સેવા પ્રાપ્ત થયા પછી 'સદા સર્વાત્મના સેવ્યો ભગવાન શ્રીગોકુલેશ્વરઃ' શ્રી ઠાકોરજીમાં બાલભાવ રાખવો. જેવા વાત્સલ્યથી શ્રી યશોદાજીએ, વ્રજભક્તોએ શ્રી બાલકૃષ્ણને લાડ લડાવ્યા હતા. એવા સ્નેહ, વાત્સલ્યથી પ્રભુને સેવવા. જેમ ભાવનામાં દાસ્યભાવ વધુ યોગ્ય છે. અનવસરમાં પ્રભુના સ્મરણ પ્રસંગે **'સ્મર્તવ્યો ગોપિકાવૃંદે ક્રીડન્ વૃંદાવને સ્થિતઃ'** જે ભાવથી વ્રજગોપિકાઓ પ્રભુનું નિત્ય સ્મરણ કરતી તે પ્રકારે કાંતભાવથી, સ્વામીભાવથી પ્રિયતમભાવથી સ્મરણ કરવું. ભગવાન જ્યારે ગોચારણ માટે વનમાં પધારતાં ત્યારે ગોપિકાઓ વિરહભાવનો અનુભવ કરતી અને વિરહિણી પ્રિયા જેમ પોતાના પ્રેમીનું સ્મરણ કરે તેમ ઉત્કટ ભાવથી પ્રભુને સ્મરતી. એમની ઉત્કટતા એટલી બધી હતી કે, **'ત્રુટિર્યુગાયતે ત્વામપશ્યતામ્'** ભગવાનના દર્શન વિનાની એક એક પળ એમને યુગ જેવી લાગતી હતી.

જાર ભાવમાં ઉત્કટતા કદી શાંત થતી નથી. પ્રેમીનું ચિત્ત નિરંતર પ્રિયમાં, પ્રિયના સ્વરૂપ, ચેષ્ટાઓ, ગુણો અને સંસ્મરણોમાં લાગેલું જ રહે છે. શ્રીકૃષ્ણમાં આવો અલૌકિક જારભાવ તો ભક્તિની પરાકાષ્ઠા છે. મહાભાગ્યવાનને આ ભાવનું પ્રદાન મળે છે. આ ભાવ પરમફલરૂપ છે.

સ્વાધ્યાય - ૩૯

ષડ્ વિધા શરણાગતિ

શરણાગતિના છ અંગ વિચારવામાં આવેલા છે. સંક્ષેપમાં આબધા જ અંગોનો પરિચય આપવો આવશ્યક છે.

આનુકૂલ્યસ્ય સંકલ્પઃ પ્રતિકૂલ વિસર્જનમ્ ।
રક્ષીષ્યતીતિ વિશ્વાસો ભર્તૃત્વે વરણં તથા ।
આત્મનૈવેદ્યકાર્પણ્યે ષડ્વિધા શરણાગતિઃ ॥

ભગવાનને અનુકૂળ થઈ રહેવાનો સંકલ્પ, એમને જે અનુકૂળ નથી એનો ત્યાગ, એ રક્ષા કરશે. એવો વિશ્વાસ, સ્વામી તરીકે સ્વીકાર, આત્મનિવેદન અને દીનતા-કાલાવાલા કરવા-આમ ૬ પ્રકારની શરણાગતિ છે.

આનુકૂલ્યસ્ય સંકલ્પઃ

ભગવાનને અનુકૂળ થઈ રહેવાનો સંકલ્પ-

ભગવદીયે ભગવદ્ ભાવમાં, ભગવત્સેવામાં અનુકૂળ સંકલ્પ કરવા. આ ભાવનામાં અનન્યતાનું બીજ સમાયેલ છે.

શ્રી કૃષ્ણના ઉપદેશને શ્રવણ કર્યા બાદ અર્જુને આ પ્રકારની શરણાગતિ સ્વીકારી છે. અર્જુને કહ્યું છે કે," કરિષ્યે વચનં તવ" "હે કૃષ્ણ ! હવે મારે પાપપુણ્ય, ધર્મઅધર્મ કે સ્વર્ગનર્કની પંચાતમાં પડવું નથી. તમે પરબ્રહ્મ છો માટે મારે કાંઈ વિચારવાનું રહેતું નથી. હવે તો તમે જે આજ્ઞા કરશો તે હું કરવા તૈયાર છું." ભક્તે ભગવાનની, શિષ્યે ગુરૂદેવની અને સેવકે સ્વામીની આજ્ઞાને અનુકૂળ થઈને રહેવું એ એનો સ્વધર્મ છે અને તો જ પ્રભુ, ગુરૂ સ્વામી પ્રસન્ન થાય છે.

"પતિ કહે સો કીજિયે, આપહિ તે બસ હોય" જેમ પત્ની પોતાના પતિને સર્વથા અનુકૂળ થઈને રહે છે. તો તેનો પતિ પણ સ્નેહવશ તેને આધીન થઈને રહે છે.

ભગવદીયનો ધર્મ છે કે ભગવાનને પ્રસન્ન કરવા માટે તેઓ જાણવું જોઈએ કે પ્રભુને શું અનુકૂળ છે અને શું અનુકૂળ નથી. પ્રભુ પાસે કોઈ પ્રાર્થના (માગણી) ન કરવી કોઈ પણ વિષયનો દુરાગ્રહ ન કરવો. પ્રભુ જે પરિસ્થિતિ ઉભી કરે તેમાં પોતાનું કલ્યાણ સમજવું. અનન્યભાવે ભક્તિ કરવી. શુદ્ધ ભાવ રાખવો, દુઃખીજનો પ્રત્યે દયા-કરૂણાનો ભાવ રાખવો. ગુરૂમાં નિષ્ઠા રાખવી વિ.થી પ્રસન્ન થાય છે.

પ્રતિકૂલ વિસર્જનમ્

ભગવાનને જે ન ગમે તેનો ભક્ત ત્યાગ કરે. ભગવાનને અધર્મ, અહંકાર, અસૂયા,

અન્યાશ્રય અને અન્યાસક્તિ ગમતાં નથી.

શ્રી મહાપ્રભુજીના વચનામૃત છે કે ભગવાનને ધૂમાડો અપ્રિય છે અને એથી ય અપ્રિય ભક્તનો દ્વેષી છે. શ્રદ્ધાપૂર્વક કોઈ મૂર્તિનું પૂજન કરે પરંતુ તે મનુષ્ય જો બીજાઓ પ્રત્યે દ્વેષભાવ રાખે તો તેણે કરેલી સેવા-પૂજા કદી સફળ થતી નથી. 'નાર્થદા પુરૂષદ્વિષામ્' બીજાઓ પ્રત્યે દ્વેષરહિત થઈને ભગવાનને પૂજે તો જ તેની પૂજા, સેવા, ભક્તિ સાર્થક થાય છે.

સમુદ્રમંથનના પ્રસંગે દૈત્યો એ પરિશ્રમ તો કર્યો જ, અમૃતસિદ્ધિ માટે પુરૂષાર્થતો કર્યો જ પરંતુ તેઓ ભગવાનથી વિમુખ હતા માટે તેમને અમૃત ન જ મળ્યું. ભગવાનથી પ્રતિકૂળ હોય એનો પુરૂષાર્થ પણ ક્લેશરૂપ જ થાય.

'મોહિ કપટ છલ છિદ્ર ન ભાવા' પ્રભુને કપટ, છળ, દોષ ગમતા નથી.

રક્ષીષ્યતીતિ વિશ્વાસઃ

ભગવાન મારી અવશ્ય રક્ષા કરશે જ. એવો દ્રઢ વિશ્વાસ ભક્તિનું અગત્યનું અંગ છે.

ભગવાને શરણાગતની રક્ષા કરવાનું વ્રત ધારણ કરેલ છે.

સકૃદેવ પ્રપન્નાય તવાસ્મિ ઈતિ યાચિતે અભયં સર્વભૂતેભ્યો દદામ્યેદ્દવતં મમ

કોઈ જીવ એકવાર શરણમાં આવે અને 'હું તમારો છું.' એમ પ્રાર્થના કરે તો તેને સર્વકોઈથી નિર્ભય બનાવું છું. એમારૂં વ્રત છે. પ્રભુના આ વ્રત પર વિશ્વાસ રાખીને ભક્તો નિશ્ચિંત રહે છે. ભગવાન સર્વત્ર અમારી રક્ષા કરશે એ વિશ્વાસ અંબરીષ, પ્રહ્લાદ જેવા ભગવદીયોના સુંદર ભક્તિમય ચરિત્રોથી સમજાય છે, અને દ્રઢ થાય છે.

ભગવાન મારી રક્ષા કરશે એવા દ્રઢ વિશ્વાસથી ભક્તને ભારે માનસિક બળ અને દઢ સંકલ્પની પ્રાપ્તિ થાય છે. જીવનપથ પર ડગલેને પગલે શંકાકુશંકા રહેશે તો માનવી સહેજમાં થાકી જશે. એ ક્યાંય ગતિ કરી નહીં શકે, એને જરાય શાંતિ નહીં મળે. આ વિશ્વાસ એને જીવનમાં અનેરૂં બળ અને સતત ઉત્સાહ આપે છે. અને સાચે જ, ભગવાન આ વિશ્વાસની રક્ષા પણ કરે જ છે. શ્રી ગિરિરાજ ધારણ કરતી વખતે ભગવાન બોલ્યા હતા કે તમે મારા છો, મારા પરિવારરૂપ છો માટે તમારી રક્ષા કરવી એતો મારૂં વ્રત છે. ભક્તરક્ષા એતો ભગવાનનું વ્રત છે. વળી ભગવાન સત્યવ્રત છે.માટેએ વ્રત નિભાવશે જ. કર્તુ અકર્તુ અન્યથા કર્તું સમર્થ પ્રભુ શરણાગતની રક્ષા કરે જ છે.

ભર્તૃત્વે વરણમ્

ભગવાન જ મારા સ્વામી - માલીક છે. એમનો મારા પર પૂરેપૂરો અધિકાર છે. એ ભાવ.

ભગવાનનું સ્વામીપણું એ ભક્તનું અભેદ્ય કવચ છે. ભક્ત આ કવચમાં સુરક્ષિત

રહીને, નિશ્ચિંત થઈને ભક્તિસાધનામાં નિમગ્ન રહે છે.'

હમારે વિઠ્ઠલનાથ ધની ।

ભવસાગરતેં કાઢે કૃપાનિધિ, રાખે શરન અપની...

રસના રટત રહત નિશિવાસર, શેષ સહસ્ર ફની

'છીત સ્વામી' ગિરિધરન શ્રી વિઠ્ઠલ, ત્રિભુવન મુકુટ મની...

ભર્તા તરીકે ભગવાનું જ વરણ કરવા જેવું છે કેમકે

यमंगीकुरुते कृष्णः सदोषमपि तं क्वचित् ।

न जहाति जनं नित्यस्वीकृतिः कृपयाप्लुतः ॥

શ્રી કૃષ્ણ જેનો અંગીકાર કરે છે. તે જીવ દોષયુક્ત હોય તો પણ એ નિજ જનનો કદાપિ ત્યાગ કરતા નથી. ભગવાનની સ્વીકૃતિ એ નિત્યસ્વીકૃતિ છે વળી ભગવાન પોતે કૃપાથી ભરપૂર છે.

આવા ભર્તા બીજે ક્યાં મળશે ? શરણમાર્ગમાં જ મળશે.

આત્મનૈવેદ્ય

આત્મનિવેદન કરવું એ શરણાગતિમાં જ છે. ભક્ત ભગવાનનું પૂર્ણ અવલંબન સ્વીકારે છે.

સ્વ નિવેદન અને સ્વકીય સર્વ નિવેદન એમ બેઉ રીતે ભગવાનને નિવેદન કરવું જોઈએ. શરીર, વાણી, મન, ઈન્દ્રિયો, બુદ્ધિ કે અહંકારથી અનુસરાયેલા સ્વભાવથી મનુષ્ય જે જે કર્મ કરે તે તેણે ભગવાનને નિવેદન કરવું.

'પ્રીત્યૈ સર્વં તદર્પણમ્' દેહઆદિ સર્વ ભગવાનની પ્રીતિ માટે ભગવાનને નિવેદન કરી દેવું. જાણે અજાણે પણ અમૃત પીએ તો તે અમર બને છે. એમ અજ્ઞાનથી, જ્ઞાનથી કે અનન્ય ભાવથી ભગવાનને સર્વસ્વ નિવેદન કરી દે તો તે ભગવાનનો બની જાય છે. જીવને થાકીહારીને ય આખરે તો ભગવાનને આત્મ નિવેદન કરી દેવું જ પડે છે. ' સર્વથા ભગ્નોપાય એવ ભગવત્પરો ભવતિ' જેના સર્વ ઉપાય નષ્ટ થઈ ગયો હોય તેને પ્રભુ પરાયણ થવું જ પડે.

यत्कर्तव्यं भगवतैव तच्चेत् क्रियेत – कृपया, स्वव्रत विचारेण, अस्मद्

भाग्येन, तस्यैव वा कार्यार्थम् – तदैव निस्तार, नान्यथा.

આત્મનિવેદી ભક્ત કહે છે કે," કૃપા વડે, ભગવાનનું શરણાગત રક્ષારૂપી વ્રત વિચારીને, અમારા ભાગ્યના કારણે કે પછી પ્રભુના કંઈક કાર્ય માટે - જે કાંઈ કરવાનું છે એ પ્રભુ જ પોતે કરે, તો જ આરો આવે. નહિં તો ન આવે.

કાર્પણ્ય

ભગવાનને પ્રાપ્ત કરવા માટે ભક્તે આર્દ્ર હૃદયે, દીનતાપૂર્વક, આતુરતાપૂર્વક કાલાવાલા કરવા પડે છે. એ કોઈને સરળતાથી, હસતા - રમતા જ મળી જતા નથી.

हँस हँस कंत न पाईया, जिन पाया तिन रोय જેણે એના વિરહમાં વર્ષો સુધી આંસુ સાર્યા છે. દર્શન માટે આંખો પાથરી રાખી છે અને ઉન્મત્ત બનીને પોકાર કર્યા છે એમને પ્રભુ મળ્યા છે.

ભક્તહૃદયમાં કેવું કાર્પણ્ય હોવું જોઈએ એનું નિરૂપણ શ્રી હરિરાયચરણે ખૂબ જ સુંદર રીતે કર્યું છે." નથી મારાથી ભગત્સેવા બનતી કે નથી મારાથી ભગવત્સેવા બનતી કે નથી ભગવત્કથાનું શ્રવણ થતું. નથી ભાવના, નથી આશ્રય, ચિત્ત સદા ઉદ્વેગવાળું રહે છે. સત્સંગ દુર્લભ છે અને મારી શી ગતિ થશે ?

"અમે દીન, દોષથી પુષ્ટ, ભાગ્યહીન, નિઃસાધન અને વિપરીત મતિવાળા છીએ. માટે **दयां कुरुं ! दयां करुं !!** દયા કરો ! દયા કરો !!"

જીવે વિનયપૂર્વક નિવેદન કરવું જોઈએ કે, "હું અપરાધોનો આશ્રય છું. અકિંચન અને અગતિક છું. ત્વમેવોપાયભૂતો મે ભવ ! હે પ્રભુ તમે જ મારા ઉપાયરૂપ બનો."

"હે કૃપણવત્સલ ! આ અસહ્ય અને ઉગ્ર એવા સંસારચક્રમાં પીસાઈ જવાના ભયથી મને અત્યંત ત્રાસ થઈ રહ્યો છે. વળી હું મેં કરેલા કેટલા કર્મોના બંધનમાં જકડાયેલો છું. એટલે સ્વતંત્ર પણ નથી. હે નાથ મને તમારા શરણમાં ક્યારે લેશો ?"

શરણાગત ભક્તે ભગવાન પાસે આવીને પોતાના દોષો પ્રકટ કરવા જોઈએ. દીનભાવ વિના શરણભાવ સિદ્ધ થતો નથી. પોતાના અહંકારને તોડવા માટે તેમજ પ્રભુની કૃપાલુતાને પામવા માટે જીવે સ્વદોષનું, સ્વઅપરાધનું અને સ્વસ્વરૂપનું દર્શન અને વર્ણન કરવું. એ શરણભાવ માટેની આવશ્યક પ્રક્રિયા છે.

मो सम कौन कुटिल खल कामी
तुमसों कहा छिपी करुनामय, सब के अंतरजामी...
जो तन दियौ ताहि बिसरायौ, ऐसो नोनहरामी
भरि भरिउदर विषैको धावत, जैसै सूकर ग्रामी...
सुनि सतसंग होत जिय आलस, विषयिनि संग बिसरामी
श्री हरिचरन छांडि विमुखन की, निसि दिन करत गुलामी...
पापी परम अधम अपराधी, सब पतितनमें नामी
'सूरदास' प्रभु अधम उद्दारन, सुनियै श्रीपति स्वामी...

શ્રી સૂરદાસજીએ એક ભગવદીયે કઈ રીતે ભગવાનની સન્મુખ દીનતા પ્રકટ કરવી એનું સુંદર ઉદાહરણ પ્રકટ કર્યું છે. એ કહે છે કે, 'હે કરૂણામય, કૃપાળુ પ્રભુ ! આ જગતમાં મારા જેવો કપટી, દુષ્ટ જીવ બીજો કોણ હશે ? મારા જેવો વિષયી જીવ કોઈ નહીં હોય. તમે તો સૌના અંતર્યામી છો, તમારાથી શું છુપું છે ?

મારા અપરાધો તો જુઓ ! જે ભગવાને આવું ઉત્તમ માનવ શરીર આપ્યું, હું એમને જ ભૂલી ગયો. કેવો કૃતઘ્ન છું હું ! જેમ ભૂંડ એના મનગમતા પદાર્થોમાં જ રાચે છે. એમ હું માત્ર પેટ ભરવામાં અને સંસારના સુખોની પાછળ દોડવામાં જ સમજ્યો છું, મને વિલાસની વાતોમાં, દુઃસંગમાં સુખ મળે છે. પણ સત્સંગની રૂચિ જ નથી. સત્કથામાં તો પ્રમાદી જ છું. કૃપા સાગર પ્રભુના ચરણ છોડી દઈને દુષ્ટ, બહિર્મુખ મનુષ્યોની ગુલામી કરી રહ્યો છું ! મારા જીવનની આ તે કેવી હીનતા ? કેવી દુર્દશા !

હું પાપી છું. પરમ અપરાધી છું. મારી ખ્યાતિ જ એક પતિત જીવ તરીકેની છે પણ હે કમલાપતિ ! આપે લક્ષ્મીજીનો ય સ્વીકાર કરેલો છે ને ! લક્ષ્મી ચંચળ પ્રકૃત્તિની છે. માનવીને અહંકારી બનાવે છે. છતાં આપે એને સ્વીકારી છે. તો પછી આપ જ્યારે કોઈ જીવનો ઉદ્ધાર કરવા ચાહો છો ત્યારે એના દોષ જોતા નથી. એ નક્કી જ છે હે કરૂણાનિધાન પ્રભુ ! મારો પણ ઉદ્ધાર કરો, કૃપા કરો, કૃપા કરો !'

જીવ દીનતાપૂર્વક શરણભાવ રાખે તો એને વિના પરિશ્રમે એ સિદ્ધિ આપે છે કે જે અતિ પરિશ્રમે પણ ન સાંપડે ઉજ્જૈનના પદ્મા રાવલ. શ્રી મહાપ્રભુજીના શરણે ગયો અને પ્રાર્થના કરી કે,'મહારાજાધિરાજ ! હું તો મૂર્ખ છું, ભણ્યો ગણ્યો કાંઈ નથી. કશું જાણતો સમજતો નથી. અમારી જ્ઞાતિના બ્રાહ્મણો ય કર્મ જડ સ્માર્ત છે. હું તમારે શરણે આવ્યો, તમારો સેવક થયો માટે મને દુઃખ પણ દે છે. શ્રી મહાપ્રભુજીએ પોતાના ચરણારવિંદનું પ્રસાદી ચંદન અને ચરણામૃત પદ્મા રાવલને આપ્યાં. તે મુખમાં મેલતાં જ બધા વેદ, પુરાણ અને શાસ્ત્રોનું તેને જ્ઞાન થઈ ગયું. મોટા મોટા પંડિતોને પણ તે પ્રત્યુત્તર આપીને હરાવી દેતા. મહાનના શરણથી કેવી મહાનતા મળે છે ?

વિષ્ણુદાસ છીપાની કથા પણ મનનીય છે. આગ્રા પાસેના એક ગામમાં રહેતા. પિતા વસ્ત્ર છાપે અને વિષ્ણુદાસ આગ્રામાં જઈને વેચે. એકવાર શ્રી આચાર્યજી આગરા પધાર્યા. સાથે કૃષ્ણદાસ પણ હતા. છીંટના વસ્ત્રો શ્રી મહાપ્રભુજીને સારા લાગ્યા. વિષ્ણુદાસે તે વસ્ત્રોની કિંમત ચારગણી કહી અને રૂપિયા ગણી દીધા. કાંઈ ન કહ્યું, આ ધર્મભાવના જોઈને વિષ્ણુદાસ શ્રી મહાપ્રભુજીના શરણે આવ્યા. તેમણે પ્રાર્થના કરી કે, 'મહારાજ ! હું મૂર્ખ છું ! તેથી કૃપા કરો કે શ્રી ભાગવત આદિ ગ્રંથોનું જ્ઞાન થાય. આપના માર્ગનો સિદ્ધાંત કાંઈક સમજી શકાય.' શ્રી આચાર્યજીએ સેવાફલ ગ્રંથ વિષ્ણુદાસને સંભળાવ્યો આ ગ્રંથનું શ્રવણ કરવાથી વિષ્ણુદાસને સર્વ શાસ્ત્રનું જ્ઞાન થયું તેણે પ્રાર્થના કરી કે, 'મહારાજ ! સેવાફલ ગ્રંથ કે સુને નેં સગરે શાસ્ત્ર પુરાણ કો જ્ઞાન ભયો. પરંતુ સેવાફલ ગ્રંથ કો અભિપ્રાય સમુઝિવે મેં નાહીં આયો' સેવાફલ ગ્રંથનું શ્રવણ કરવાથી સઘળાં શાસ્ત્રપુરાણોનું જ્ઞાન તો થઈ

ગયું પણ આ સેવાફલ ગ્રંથ મને ન સમજાયો. ત્યારે શ્રી મહાપ્રભુજી બોલ્યા સેવાફલ ગ્રંથ એવો જ કઠણ છે અઘરો છે.તેં પૂછ્યું તે સારું કર્યું ' પછી આપે સેવાફલની ટીકા કરીને સમજાવી અને ત્યારે પુષ્ટિમાર્ગનો સમગ્ર સિધ્ધાંત વિષ્ણુદાસને હૃદયારુઢ થયો. તે મગન થઈ ગયા. શ્રી વલ્લભશરણનોઆ પ્રતાપ છે.

રે સઠ, બિન ગોવિંદ સુખ નાહીં
તેરો દુખ દૂર કરિવૈકો, રિદ્ધિસિદ્ધ ફિરિફિરિ જાહીં......
સિવવિરંચિ સનકાદિક મુનિજન, ઈનકી ગતિ અવગાહી
જગત પિતા જગદીશ શરન બિનુ, સુખ તીનૌ પુર નાહીં.....
ઔર સકલ મૈં દેખે ઢૂંઢે, બાદર કી સી છાહીં
'સૂરદાસ' ભગવંત ભજન બિનુ, દુખ કબહુ નહિં જાહીં.....

હે શઠ જીવ ! તું ગોવિંદને ભજ કેમકે ગોવિંદ વિના સુખ નથી. જગતમાં ક્યાંય એમના વિના સુખ નથી. જો તને ભગવાનનું શરણ નહીં હોય, ભગવત્કૃપા નહીં હોય તો તારા દુખોને દૂર કરવા માટે રિધ્ધિ-સિધ્ધિ આવ્યા હશે તોય એ પાછાં ફરી જશે ! હાથમાં આવેલાં સુખ, સમૃધ્ધિ, સફળતા પાછાં સરી જશે.

મેં શિવ, બ્રહ્મા, સનકાદિ મુનિજનોના અભિપ્રાયને જાણ્યો. આ સૌની મનોવૃત્તિ ભગવાન શ્રીકૃષ્ણમાં જ છે. સૌ દેવ એમને ભજે છે. સૌનો આશ્રય છે એ જગતપિતા, જગન્નાથના શરણે ગયા સિવાય ત્રણે લોકમાં ક્યાંય સુખ નથી.

આ જગતમાં બીજા ઘણાં સુખો મેં શોધ્યા અને અનુભવ્યા પરંતુ મને તે બધાં જ સુખો વાદળાંની છાયા જેવા લાગ્યા. જેમ વાદળાની છાયા ક્ષણિક સુખ આપે છે તેમ સંસારના અન્ય સર્વ સુખો ક્ષણિક જ સુખ આપે છે. સૂરદાસજીનો મત તો એક જ છે કે, ભગવાનના ભજન વિના દુઃખોની આત્યંતિક નિવૃત્તિ કદી થતી નથી.

વિમુખ ત્યાગ

જે પ્રતિકુળ પ્રભુ સેવતાં, તેને તજીએ ના વળગીએ વ્યર્થ,
જનની જનક પતિ પુત્ર ભ્રાત, ગુરુ છોડવા જદપી સમર્થ,
સમર્થ તાત તજ્યો પ્રહ્લાદે, ભરત માત મૂકી હરિ સ્વાદે,
પતિ ઋષીપત્ની વિભીષણ ભ્રાત, ગુરુ ના ગણ્યા બળિએ સાક્ષાત
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

"નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીયે રે" નરસૈયાથી લઈને સૂર, તુલસી, મીરાં અનેક સંતો, ભક્તોએ હરિવિમુખનો સંગ છોડવાની આજ્ઞા કરી છે. હરિવિમુખ ગમે તેવા

નિકટનો સ્વજન હોય, માતા, પિતા, પતિ, પુત્ર, ભાઈ કે ગુરૂ હોય તો પણ તેનો તત્કાળ ત્યાગ કરવો. કૂળ કે કુટુંબ વિમુખ હોય તો એનો ય ત્યાગ કરી દેવો. ઉદાહરણ તરીકે અનેક ભગવદીયોના ચરિત્રો પ્રસિદ્ધ છે. હિરણ્યકશિપુ પિતા હતો સમર્થ રાજા હતો, તો ય ડર્યા વિના શ્રી પ્રહલાદજીએ તેની આજ્ઞા માની ન હતી.'માતૃદેવો ભવ' એ સૂત્ર સાચું પરંતુ માતા કૈકેયી હોય, એની આજ્ઞા ભગવાનને પરિશ્રમ આપનારી હોય તો એનો ત્યાગ જ ઉચિત છે. વ્રજલીલામાં, યજ્ઞ કરતા બ્રાહ્મણોની પ્રભુ પાસે ન જવાની આજ્ઞા તેમની પત્નીઓએ ન માની. પતિ આજ્ઞા નો ભંગ કરીને પ્રભુની પાસે ગઈ તો એમાં એને કોઈ દોષ ન લાગ્યો. ગુરૂ તો ગોવિંદ કરતાં ય અધિક છે. પણ ગુરૂ હરિવિમુખ હોય તો ગુરૂઆજ્ઞા પણ ન માનવી. જેમ બલિરાજાએ શુક્રાચાર્યની આજ્ઞા ન માની. પ્રભુના વિરોધી એ આપણા વિરોધી

શરણાગતિ

દેવ પિતૃ ને મનુષ રુણ, ત્યાં લગી માણસને કહેવાય,
જ્યાં લગી સર્વાત્મા ભાવે, શ્રી કૃષ્ણને શરણે ન જાય.
શરણે ગયે સર્વ ઋણ છુટે, ચિત્રગુપ્તનું લેખું ત્રૂટે,
કાળ કર્મનો ભય નહિં ત્હેને, શિષ ધણી સમર્થ હરિ જ્હેને.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ

શાસ્ત્ર કહે છે પ્રત્યેક માનવી ઉપર ત્રણ ઋણ તો ચઢેલાં જ હોય છે. દેવઋણ, પિતૃઋણ અને મનુષ્ય (ઋષિ) ઋણ. આ ત્રણ ન ઉતારે ત્યાં સુધી એ કરજદાર રહે છે તેનો ઉદ્ધાર થતો નથી. દેવપૂજા અને યજ્ઞયાગ કરવાથી દેવઋણમાંથી મુક્તિ મળે છે, શ્રાદ્ધ વિ. કરવાથી પિતૃઋણમાંથી મુક્તિ મળે અને સ્વાધ્યાય વિ. કરવાથી ઋષિઋણમાંથી મુક્તિ મળે છે. હવે સવાલ એ કે, પુષ્ટિમાર્ગીયે શું આ બધું કરવું જરૂરી છે ?

શ્રી દયારામ સુંદર સમાધાન આપે છે. જીવ સર્વાત્માભાવે જ્યાં સુધી ભગવાનના શરણે જતો નથી. ત્યાં સુધી આ બધું જ ઋણ એને માથે રહે છે. પરંતુ વિશ્વાત્મા, સર્વાત્મા, શ્રીકૃષ્ણના શરણમાં ગયા પછીએ બધાથી મુક્ત છે.શરણસ્થ ભક્ત તો કાળ અને યમના પ્રભાવમાંથી ય મુક્ત થઈ જાય છે. પાપ-પુણ્યરૂપી સઘળા કર્મો, કર્માનુબંધો, કર્મફળો વિ.નો હિસાબ રાખનારો ચિત્રગુપ્ત એના ચોપડામાંથી ભગવદીયના ખાતાનું પાનું જ ફાડી નાખે છે. જે જીવ કાળના ય કાળ, દેવાધિદેવ શ્રી કૃષ્ણના શરણમાં આવી ગયો તેનો કોઈ વાળ પણ વાંકો ન કરી શકે. ઘંટીમાં ઓરછામાં આવતા બધા દાણા ઘંટીના બંને પડની વચ્ચે પીસાઈ જાય છે. પણ જેટલા દાણા વચ્ચેના ખીલડાને વળગી રહે છે તે બચી જાય છે. એમ કાળની ચક્કીમાં દેવઅસુરમનુષ્ય બધા પીસાઈ જાય છે. પરંતુ જેણે ભગવદાશ્રય કરેલ છે. એ જીવોને કાળ, કર્મ કે સ્વભાવ કોઈ જ બાધ કરી શકતા નથી.

સ્વયં ભગવાન અર્જુનને કહે છે, તું સર્વધર્મનો પરિત્યાગ કરીને એકમાત્ર મારા શરણે

આવ.' મામેકં શરણં વ્રજ' હું તને સર્વ પાપમાંથી મુક્ત કરીશ. અહીં શરણાગતિનો મહિમા એકદમ સ્પષ્ટ થઈ જાય છે.

પૂર્ણબ્રહ્મ શ્રીકૃષ્ણના શરણે આવેલો જીવ સર્વ રીતે કૃતાર્થ છે. તેણે સર્વ કર્મ કરી લીધા છે તેણે સઘળું જ્ઞાન મેળવી લીધું છે, બધા તીર્થો સેવી લીધાં છે. અષ્ટાંગ યોગ સિદ્ધ કરેલ છે. તપ, સંયમ અને વૈરાગ્ય પણ સિદ્ધ કરી લીધેલ છે. તેણે સર્વ દેવને ભજી લીધા તેણે સર્વ શાસ્ત્ર ભણી લીધા અને તેણે સર્વ સિદ્ધિઓ મેળવી લીધી છે. શરણસ્થ સર્વથા કૃતાર્થ છે.

સ્વાધ્યાય - ૪૦

નિઃસાધનતા

સાધન - નિઃસાધનતા

લૌક્કિ, વૈદિક અન્ય સર્વ ગૌણ ધર્મ દુષ્કર હોય તે સ્થિતિમાં પણ પુષ્ટિમાર્ગમાં પુષ્ટિજીવ કૃપારૂપ મુખ્ય ભગવદ્ ધર્મના સામર્થ્યથી આવા કલિકાળમાં પણ સરળતાથી સંસાર પાર કરી શકે છે. નિઃસાધનજીવ પણ કૃપામાર્ગમાં સરળતાથી તરી શકે છે.

પુષ્ટિજીવનું બલ એ ભગવાનનું પ્રમેયબલ છે. ભગવાનનું એવું પ્રમેયબલ છે કે જેના કારણે તેઓ કાલ, કર્મ અને સ્વભાવ જેવા કારણોના પ્રભાવને હટાવીને પોતાના અંગીકૃત, શરણાગત જીવ પર કૃપા કરીને તેનો ઉદ્ધાર કરી દે છે. આવી ભગવત્કૃપાને લીધે જ **अह्न्यापृतं निशिशयानमतिश्रमेण लोकं विकुंठमुपेनष्यति गोकुलं स्वम् ।** રોજ દિવસે લૌક્કિ વ્યાપાર કરતા તથા તેથી અત્યંત શ્રમિત થઈને રાત્રે ગાઢ નિદ્રામાં પોઢી જતા એવા ગોકુલના જીવો છે. પરલોક સુધરવાના જે સાધનો છે તેથી તેઓ રાતદિવસ વંચિત જ છે. છતાંય ભગવાન એવા નિઃસાધન, શરણસ્થ ગોકુલને પરમ ફલનું દાન કરે છે.

ભગવાનનું કૃપાલુત્વ જ એવું છે કે સાધનરહિત એવા જીવોને પોતાને શરણે આવેલા જીવોને પોતે અંગીકાર કરે છે, પોતાના બનાવે છે. તેમજ તેમને ઉભય ફલનું દાન કરે છે. (ઉભયફલ એટલે દુઃખનો અભાવ તેમજ સુખની પ્રાપ્તિ)

अनुग्रहेणैव सिद्धिर्लौकिकी यत्र वैदिकी ।
न यत्नादन्यथा विघ्नः पुष्टिमार्गः स कथ्यते ॥

પુષ્ટિમાર્ગમાં લૌક્કિ અને વૈદિક સિદ્ધિઓ સર્વ પ્રકારના કાર્યો કોઈપણ સાધનની સહાયતા વિના હરિકૃપાથી જ થાય છે. જો આ સિદ્ધિઓ માટે જીવ દ્વારા યત્ન કરવામાં આવે તો ઉલટાનું વિઘ્ન થાય છે.

ભક્તની અભિલાષાને ભગવાન જ સિદ્ધ કરે છે. ભક્તના હૃદયમાં કામના ત્યારે જ થાય છે કે જ્યારે ભગવાને તે પહેલેથી જ સિદ્ધ કરી હોય. પ્રથમ ફલ સિદ્ધ થાય છે. પછી જ સાધન થાય છે. કૃપામાર્ગ સર્વોત્તમ માર્ગ છે કે કેમ અહીં બધું જ સફલ છે, ફલરૂપ છે.

કૃષ્ણભક્તિ અમોઘ સાધન

न द्रष्टः श्रुतपूर्वो वा भजन् कृष्णमनामयम् । न मुक्तः सर्वथा यस्माद् गोप्यो गावस्तथाऽभवन् ॥ કોઈપણ યોનિનો જીવ હોય પરંતુ જો તે ગુણાતીત એવા શ્રીકૃષ્ણનું ભજન કરે તો તે સર્વથા મુક્ત થાય છે જ. કૃષ્ણ ભક્તિરૂપ સાધન કરનારો જીવ દૈવી હોય, આસુરી હોય, પશુપક્ષી, સ્ત્રીપુરૂષ હોય બ્રાહ્મણ હોય કે શુદ્ર હોય ગમે તે હોય તેનો ઉદ્ધાર થાય જ છે. આજ સુધી એવું ઉદાહરણ જોવામાં આવ્યું નથી કે

કૃષ્ણભજન કરનારનો ઉદ્ધાર ન થયો હોય, એને મુક્તિ ન મળી હોય.

પશુપક્ષી, હાથી, રાક્ષસો એવા ઘણા બધા હીન કક્ષાના જીવો જે જ્ઞાનદ્રષ્ટિએ પોતાના સ્વરૂપને તેમજ ભગવાનની સ્વરૂપને જાણવા માટે સમર્થ ન હતા તેવા પણ ભગવાનના સંબંધ બલે મુક્ત થયા, શ્રીકૃષ્ણને પામ્યા છે.

આપણું શરણ પ્રભુનું વરણ.

કઠોપનિષદ્ અને મુંડકોપનિષદ્‌માં એક સુંદર મંત્ર છે. જીવની નિઃસાધનતાનું નિરૂપણ ત્યાં સ્પષ્ટ રૂપમાં નિરૂપિત કરવામાં આવેલ છે.

નાયમાત્મા પ્રવચનેન લભ્યો, ન મેધયા ન બહુના શ્રુતેન ।
યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ તસ્યૈષ આત્મા વિવૃણુતે તનું સ્વામ્ ॥

પ્રભુ કોઈને પ્રવચન, તીવ્ર બુદ્ધિ કે અત્યંત જ્ઞાનથી મળતા નથી. એ તો, એ જેનું વરણ કરે છે તેને મળે છે, તેની જ આગળ નિજ સ્વરૂપને પ્રકટ કરે છે.

ભગવદ્ પ્રાપ્તિમાં આપણી પાસે આમ તો કોઈ જ સાધન નથી, પ્રભુ કોઈ સાધન સાધ્ય હોઈ શકે પણ નહીં, જો એ સાધન સાધ્ય થાય તો એની પ્રભુતા-વિભુતા કુંઠિત જ થઈ જાય. ભગવાન કરતાં એ સાધનનો મહિમા વધી જાય !

એ ક્યારે મળશે અને કોને મળશે એ એની મુક્ત, સ્વચ્છંદ ઈચ્છા શક્તિનાં હાથમાં છે. અગણિત જીવોમાંથી એ કોઈક જીવનું પોતાના કૃપાપાત્ર તરીકે વરણ કરે છે અને એ જીવ ધન્ય બની જાય છે એના ઉપર આત્યંતિક સુખની વૃષ્ટિ થઈ જાય છે !

તો જીવે કાંઈ નહીં કરવાનું ? એનું કર્તવ્ય શું ? સાધન બલ તો ચાલશે નહીં પણ જીવને એક અવલંબન છે, શરણ.

અહંકાર તજીને, નમ્રભાવે પ્રભુની શરણગતિ સ્વીકારવી એ જેમ રાખે તેમ રહેવાની તૈયારી, એની કૃપાને ઝીલવાની તત્પરતા અને પુર્ણતયા સમર્પિતભાવ એ શરણાગત ભક્તનું લક્ષણ છે.

જો માધવના હાથમાં વરણ છે તો માનવના હાથમાં શરણ છે.

નિઃસાધનતા

સમર્થો ભગવાન્ સાધનાભાવેડપિ ફલં દાતુમ્ સાધન વિના (જીવે સાધન ન કર્યું હોય તો) પણ ફલનું દાન કરવા ભગવાન સમર્થ છે.

સાધનતા પણ ભગવાને જ કરેલી છે ને ! જીવે આ સાધન કરવું, આટલું સાધન કરવું વિ. નિયમો ભગવાને જ કરેલી છે અને એમણે કરેલા નિયમોને તોડવા બદલવા એ સમર્થ છે. જ માટે એ નિઃસાધન જીવને ય (તેણે સાધન કર્યું છે એમ માની લઈને) ફલનું દાન કરવા ધારે તો એ કરવા સમર્થ છે.

જ્ઞાનાદિ સાધનોનું અસાધનત્વ

જ્ઞાન આદિ સાધનો વડે ય ભગવાનને પૂર્ણતઃ જાણવા-પામવા સંભવ નથી શ્રુતિઓ સ્વયં કરે છે કે, **ઈહાસ્મિન્ સંસારે કો વા ભગવન્તં જાનાતિ ? યતો વયં શ્રુતયોઽપિ ન જાનીમઃ !** અહિં આ સંસારમાં ભગવાનને કોણ જાણી શકે છે ? કેમકે અમે શ્રુતિઓ પણ ભગવાનને જાણી શકતા નથી !

દુઃખ નિવારણ માટેના ઉપાયો પણ સાધનરૂપ નથી જ.

યથા હિ પુરુષો ભારં શિરસા ગુરુમુદ્વહન્ ।
તં સ્કન્ધેન સ આધત્તે તથા સર્વાઃ પ્રતિક્રિયાઃ ॥

જેમ કોઈ પુરૂષ માથા પરનો ભાર અસહ્ય લાગે ત્યારે તે ભાર ખભા પર લાવે છે, પણ તેમ કરવાથી તેના ભાર દૂર તો થઈ જતો નથી કે ઓછો પણ એવું જ છે. પોતાના ત્રિવિધ દુઃખોને દૂર કરવા માટે જીવ જે જે સાધન કરે છે તે બધાં આ રીતે વ્યર્થ છે.

નૈકાન્તતઃ પ્રતીકારઃ કર્મણાં કર્મ કેવલમ્ ભક્તિરહિત અથવા જ્ઞાન રહિત કર્મ વડે દુઃખોની નિવૃત્તિ સંભવતી જ નથી ઉપાયો કરી કરીને થાકેલા-હારેલા જીવે આખરે તો નિઃસાધનતા સ્વીકારવી જ પડે છે.

શ્રી નવરત્નમાં અજ્ઞાનાત્ અથવા જ્ઞાનાત્ એમ કહીને અજ્ઞાની તેમજ જ્ઞાની બંનેની કૃતિમાં સમતા નિરૂપિત કરી છે. ભગવાનના વિષયમાં તો આત્મજ્ઞાન કરતાં આત્મનિવેદન જ લેખે લાગે છે. જ્ઞાનથી મળે છે ય શું ? જ્યાં સાધનનો જ અભાવ હોય ત્યાં જ્ઞાનીને પણ શું ફળ થવાનું ?

નિઃસાધનના નાથ.

સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ

ચતુઃશ્લોકીમાં શ્રી મહાપ્રભુજીએ પ્રભુ માટે વ્રજાધિપ શબ્દ વાપર્યો છે. વ્રજના અધિપતિ ભગવાન એ વ્રજાધિપ છે. અહીં નિઃસાધનતા દર્શાવવા માટે વ્રજ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. પૂર્ણપુરૂષોત્તમ જ નિઃસાધન જીવોના પતિ હોઈ શકે.

ભગવાને સ્વયં ગોકુલનું નાથ - અધિપતિપણું સ્વીકારેલ છે. શ્રી ગિરિરાજજીને ધારણ કરતી વેળાએ **તસ્માત્ મચ્છરણં ગોષ્ઠં મન્નાથં મત્પરિગ્રહમ્ । ગોપાયે સ્વાત્મયોગેન સોયં મે વ્રત આહિતઃ"** માટે હું જ જેનો નાથ છું. તેમજ મેં જેનો સ્વકીય તરીકે સ્વીકાર કરેલો છે. એવા શ્રી ગોકુલનું હું મારા આત્મયોગથી રક્ષણ કરૂં છું. આ મારૂં વ્રત છે." એમ કહીને પ્રભુએ વ્રજને નિઃસાધન માનીને પોતે તેના અધિપતિ તરીકે રક્ષક બને છે.

નિઃસાધનતા જ સાધન

શ્રી હરિરાય ચરણ પુષ્ટિમાર્ગનું લક્ષણ વર્ણવે છે કે...

सर्वसाधन राहित्यं फलाप्तौ यत्र साधनम् ।

फल वा साधनं यत्र पुष्टिमार्ग : स कथ्यते ॥

જે માર્ગમાં સર્વ લૌક્કિ તથા અલૌક્કિ સાધનોનો અભાવ જ, પૂર્ણાનંદ શ્રી કૃષ્ણરૂપી - ફલની પ્રાપ્તિમાં સાધનરૂપ છે તે માર્ગ પુષ્ટિમાર્ગ કહેવાય છે.

કૃપામાર્ગમાં જીવની નિ:સાધનતા કોઈપણ પ્રકારે સિદ્ધ થવી જ જોઈએ. ભગવાનની લીલા અદ્‌ભૂત છે. પુષ્ટિમાર્ગીય જીવ સર્વ લૌક્કિ વૈદિક સાધનોનો ત્યાગ કરીને ભગવાનના શરણે જાય છે. તો ક્યારેક એ મર્યાદામાર્ગીય સાધનો જ આપમેળે એ જીવને છોડીને ચાલ્યા જાય છે !

ક્યારે પ્રભુ જીવને ક્લેશનો અનુભવ કરાવીને સાધન ત્યાગ કરાવે છે. તો ક્યારેક અતિ આનંદનો અનુભવ કરાવીને પણ સર્વ સાધનને છોડાવે છે.

નિ:સાધનતાનો વિચાર કરીને જ આશ્રય ભાવ વિચારવો સર્વની બુદ્ધિનો નાશ કરે એવો કઠિન કાળ છે, ડગલે પગલે દુ:સંગ આવે છે. કર્તવ્ય શું - અકર્તવ્ય શું એ સમજવું મુશ્કેલ થઈ રહ્યું છે. કાલદોષથી સાધન સિદ્ધ થતા નથી અને ઉદ્વેગ, પ્રતિબંધ અને લૌક્કિ ભોગ ઉત્પન્ન થતા જાય છે. આ બધું છે છતાં ય નિરાશ થવાનું કારણ નથી. જો શ્રીમદ્ વલ્લભના ચરણનો દ્રઢ આશ્રય છે તો પુષ્ટિમાર્ગીય સ્થિતિ પણ રહેશે અને પુષ્ટિમાર્ગીય ફલ પણ પ્રાપ્ત થશે.

લીલામાં શ્રીસ્વામિનીજીની સખી ‘ભદ્રા’ મહાવનની ક્ષત્રાણીરૂપે અવતરી. શ્રી મહાપ્રભુજી પાસે નામનિવેદન પામીને પોતાના કર્તવ્ય અંગે એણે આજ્ઞા માગી. શ્રી મહાપ્રભુજીએ ભગવત્સેવા કરવાની આજ્ઞા પામી ત્યારે તે બોલી, ‘મહારાજ ! લીલામાં સદા આપની સેવા કરી છે. (આપની સાક્ષાત્ સ્વામિનીરૂપે બિરાજતાં ત્યારે સેવા કરી છે.) અને હવે મને ભગવત્સેવાનું કહો છો ? ભગવત્સેવા તો ઘણા લોકો કરે છે. પરંતુ (સાક્ષાત્) ચરણારવિંદ મળવા મુશ્કેલ છે. સો સદા આપુ કે સંગ રહો. આપુ કે દરસન કરો. મોકોં એક આપુકે ચરણારવિંદ કો આશ્રય હૈ. મને સાધનમાં ન નાખો. મને તો આપના ચરણકમળનો આશ્રય છે. જેનો ફલાત્મક ભાવ સિદ્ધ થઈ જાય છે, સાચે જ, તેણે સાધનમાં પડવાની આવશ્યક્તા રહેતી જ નથી.

નિ:સાધન ભગવદીયના હ્રદયમાં જ્ઞાનને પ્રકટ થવા માટે ઉપદેશની જરૂર પણ રહેતી નથી. પ્રભુદાસ ભાટ તો નાનપણથી મહામુર્ખ હતા. જરાય ભણગણી શક્યા ન હતા. મથુરામાં શ્રી આચાર્યજીએ એમને સેવક કર્યા અને ભગવત્સેવા કરવાની આજ્ઞા કરી. પ્રભુદાસે કહ્યું, : ‘મહારાજ ! આ બધી આપની કૃપા. કેવલ પ્રમેય બલથી આપે મને અંગીકાર કર્યો. મારા જેવો દુ:ખી કોઈ ન હતો. છતાં ક્ષણમાં જ આપે મને સુખના સમુદ્રનો અનુભવ કરાવી દીધો હવે એ જ વિનંતી કે, મને ક્યારે ય દુ:સંગ ન રહે અને આપના ચરણોનો દ્રઢ વિશ્વાસ

રહે.(આ બે વિનંતીમાં પ્રભુદાસે ઘણી માર્મિક વાત કરી છે.જો દુઃસંગ ન રહેઅને શ્રીઆચાર્યજીના સદ્‌ગુરૂના, શ્રી ભાગવત વિ. નો દ્રઢ વિશ્વાસ રહે તો વૈષ્ણવે કાંઈ જ કરવાનું રહેતું નથી. પછી તો બધું પ્રભુ જ કરશે.) શ્રી મહાપ્રભુજીએ તેને કહ્યું કે," બધી રીત તને આપમેળે સ્ફુરશે !" પ્રસન્ન જીવને, નિઃસાધન ભક્તને કૃપા ફલિત થાય છે. ત્યારે આમ બધું આપમેળે જ પ્રકટે છે. સાચે જ. સાધનવાનને સાધન અનુસાર સાંપડે છે. જ્યારે નિઃસાધન દીન એવા સ્નેહને તો ભગવાનની કૃપાથી તેને અમાપ મળે છે.

આવા નિઃસાધન ભાવવાળા દ્રઢાશ્રયી જીવને તીર્થ વિ.નો આશ્રય પણ ન જ રૂચે એ સ્વાભાવિક છે. પ્રભુદાસે સેવા અને સત્સંગમાં જ જીવન વીતાવ્યું. બધું લૌકિક વૈદિક છોડી દીધું. એમ કરે એટલે વૈષ્ણવ વખાણે અને જ્ઞાતિના નિંદા કરે. પરંતુ પ્રભુદાસે કોઈ બાબત પર ધ્યાન ન આપ્યું. સમય જતાં તે વૃદ્ધ થયા. અંતકાળ પાસે આવ્યો અને એમણે દેહનું ભાન ગુમાવ્યું. જ્ઞાતિના બધા સ્વજનો તેમને ' પૃથોદક તીર્થ' લઈ ગયા. જ્યારે સહેજ ભાન આવ્યું અને આંખ ઉઘાડી તો 'પૃથોદક તીર્થ' જોયું. તેમણે સ્વજનોને ઠપકો આપ્યો, " યહ પૃથોદક તીર્થ કહા મોકોં કૃતાર્થ કરેગો? હોં તો શ્રી આચાર્ય મહાપ્રભુકો સેવક હો. વલ્લભના સેવકને તીર્થાશ્રય કરવાની જરૂર જ શી ? તમે મને વરસ સુધી અહીં રાખશો તો ય મારો દેહ નહીં છૂટે ! તમે મને સિંહનંદ લઈ ચાલો. ત્યાં હું શ્રી ઠાકોરજીના દર્શન કરીશ ત્યારે મારો દેહ છૂટશે. અને એમ જ થયું. ભગવદીયો કાયમ તેમના વખાણ કરતા કે, " પ્રભુદાસ ધન્ય હૈં. બડે ભગવદીય જો તીર્થ કો આશ્રય ન કીયે, શ્રી ઠાકોરજી કો આશ્રય કીયે."

ભગવદીયે ભગવદાશ્રય સિવાય કોઈની ચિંતા ન કરવી જોઈએ. કર્મદોષની નિવૃતિ માટે, સ્વભાવ પરિવર્તન માટે અને કલિકાલના પ્રભાવમાંથી મુક્ત રહેવાને માટે પણ તેણે કોઈ લૌકિકવૈદિક સાધન કરવાની જરૂર નથી.

જબ લગ યમુના ગાય ગોવર્ધન, જબ લગ ગોકુલ ગામ ગુંસાઈ
જબ લગ શ્રી ભાગવત કથા રસ, તબ લગ કલિયુગ નાહીં...
જલ લગ હૈ સેવારસ જગમે, નંદનંદન સોં પ્રીત બઢાઈ
'પરમાનંદ' તાસોં હરિ ક્રીડત, શ્રી વલ્લભ ચરણરેણુ જિન પાઈ...

આ બધા અલૌકિક સંબંધથી જ કલિનો પ્રભાવ દૂર રહે છે. ભગવદીયે આ યમુનાજી, ગાય, ગિરિરાજ શ્રી ગોવર્ધનનો આશ્રય છે, સંબંધ છે ત્યાં સુધી કલિયુગનો કોઈ પ્રભાવ ભક્તો પર પડશે નહીં. શ્રી ગોકુલ વાસ, વ્રજવાસ હોય, શ્રી વલ્લભ કે વલ્લભનંદનનો આશ્રય હોય, જ્યાં સુધી ભગવદીયોને ભાગવતકથા રસનું પાન કરવા મળે છે. ત્યાં સુધી તેમણે કલિયુગથી ડરવું નહીં. કલિયુગ કાંઈ કરી નહીં શકે.

આ પુષ્ટિસૃષ્ટિમાં, ભગવદીયોના ઘરમાં જ્યાં સુધી સેવારસ રહેલો છે. ભક્તોના હૃદયમાં નંદનંદન શ્રીકૃષ્ણ માટે પ્રીતિ છે, જેમને શ્રીવલ્લભની ચરણરજ સાંપડી છે કે ચરણનો દ્રઢ આશ્રય સાંપડ્યો છે તેના કલિદોષના નિવારણ ની વાતતો શું કરવી અરે ! તેની સાથે તો

પ્રભુ ખેલવા આવે છે. તેની સાથે બોલે, ચાલે, હરે ફરે છે આવા ઉત્તમ સુખની પ્રાપ્તિ ભગવદીયોને ભગવાનના આશ્રયથી કે ભગવાન સંબંધીના આશ્રયથી થશે.

શરણાગતિ નિઃસાધનતા છે, દીનતા નિઃસાધનતા છે, સાચો સ્નેહ નિઃસાધનતા છે.

પ્રભુને નિઃસાધનભક્તો અતિ પ્યારા છે.

પ્રભુ સર્વ સમર્થ

કર્તુ અકર્તુ અન્યથા કર્તુ સમર્થ શ્રી હરિરાય
ના થવાનો કરે પદાર્થ, થનારો મટી જાય,
મટિ ગયુ જો વસિષ્ટે વિચાર્યું તે સમે વન જે સમે રાજ ધાર્યું
બ્રહ્માના સુત એક ત્રિકાળની ઈચ્છાને વચન તેનું પણ હાની
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

પ્રભુ સર્વશક્તિમાન છે તે સર્વકાંઈ કરી શકે છે. કરવા જેવું કરે, કરવા જેવું ન પણ કરે. અને કરવા જેવુ હોય એનાથી ઉલટું ય કરે. પરમાત્માના આવા સામર્થ્યને જાણ્યા પછી ભક્ત ભાગ્યવાદી રહેતો નથી. એ જાને છે કે ભગવદીચ્છા જીવના પ્રારબ્ધ અને પુરૂષાર્થ બધાથી મહાન છે. માનવીની ધારણાથી બધું વિરૂદ્ધ થવા લાગે ત્યારે માણસે આ પરમ સત્યને સ્વીકાર્યા વિના છુટકો જ નથી.

વસિષ્ઠ મુનિ બ્રહ્માજીની પુત્ર હતા, ત્રિકાળ જ્ઞાની હતા અને શ્રી રામના રાજ્યાભિષેકનું મુર્હુત એમણે જ નિશ્ચિત કર્યું હતું. છતાં એ અનુસાર કાંઈ ન થયું ને જે થયું તે (રામવનવાસ) ભગવાનની ઈચ્છા પ્રમાણે જ થયું.

વૈષ્ણવે દરેક બાબતમાં અનાગ્રહી થવું જોઈએ. ભગવદીચ્છા પ્રમાણે જ થાય છે તે યોગ્ય જ છે. એમ વિચારવું જોઈએ. પ્રભુ સર્વ સમર્થ છે એમ સમજીને નિશ્ચિત થઈને રહેવું.

સહસ્ત્ર ભુજાપતી રાખશે. તેને કોઈ હણશે શું બે ભુજવાળો.
તેજ પુરુષ જ્યારે મારશે ત્યારે કોઈ નથી રખવાળો.
રખવાળો - રિપુ છે નહિ કોઈ, સઘળી વસ્તુ શ્રીકૃષ્ણથી હોઈ,
કર્તા હર્તા એક શ્રી વ્રજરાય, એના કર્યા વિના કાંઈ જ ન થાય.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

શ્રીહરિ રક્ષક છે. તો પછી તેના ભક્તે કોઈનાથી ય કરવાની જરૂર નથી. જો હજાર હાથવાળો રક્ષા કરી રહ્યો છે તો કાંઈ બે હાથવાળો મારી નહીં શકે. વૈષ્ણવે એક વિશ્વાસ તો દ્રઢ કરી જ લેવો જોઈએ કે તેનો વિરોધ કરનાર, તેની સાથે વેર કરનાર ગમે તેટલો મહાન હોય પણ તે ભગવાનથી વધુ શક્તિમાન નહીં જ હોય. પાંડવોની સામે ઘણાં શત્રુઓ હતા, તે શત્રુઓ પણ ઘણા સમર્થ હતા છતાં વિજય તો પાંડવોને જ થયો કેમકે તેમના સહાયક શ્રીકૃષ્ણ

હતા.

હજાર હાથવાળો જે ધારશે તે થશે એ બચાવવા ધારશે તો કોઈ મારી નહીં શકે અને એ જેને મારવા ધારશે એને કોઈપણ બચાવી નહીં શકે. સાચું કહીએ તો નથી કોઈ મિત્ર અને નથી કોઈ શત્રુ, નથી કોઈ સ્વ અને નથી કોઈ પર.. જે કાંઈ થાય છે તે ભગવદીચ્છાથી જ થાય છે. પ્રભુએ ધાર્યું હશે તો શત્રુઓ મિત્રો બની જશે અને એમણે ધાર્યું હશે તો ગાઢ મિત્રો ય શત્રુ બની જશે 'જે હિ જસ રઘુપતિ કરહિં જબ, સો તસ તે હિ છન હોઈ.' પ્રભુ જેને જ્યારે જેવો બનાવે છે ત્યારે તે તેવો બની જાય છે. માટે વૈષ્ણવે પ્રભુના કર્તૃત્વ પર દ્રઢ વિશ્વાસ રાખવો. કર્તા પણ એ જ છે અને હર્તા પણ એ જ છે. સ્થૂળ - સૂક્ષ્મ, જડ - ચેતન, દેવ - દાનવ, રાય - રંક, લઘુ - ગુરૂ, ઐહિક - પારલૌકિક એકે એક વસ્તુ પર એનું જ શાસન છે. માટે પ્રપન્ન ભક્ત ભગવાન પર દ્રઢ વિશ્વાસ રાખીને જીવે છે.

શ્રદ્ધા.

શ્રદ્ધા - વિશ્વાસ

વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં શ્રી વલ્લભ કહે છે

અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ ।
બ્રહ્માસ્ત્ર ચાતકૌ ભાવ્યૌ પ્રાપ્તં સેવત નિર્મમઃ ॥

વિશ્વાસ રાખે એને સર્વ સફળ છે, વિશ્વાસ ન રાખે એને કાંઈ ફળ નથી. માટે અવિશ્વાસ કદી ન કરવો ભગવાનમાં ભગવાનની કૃપાલુતામાં, શરણમાર્ગમાં વિ.માં કદી અવિશ્વાસ ન કરવો.

શરણાગતિમાં તો અવિશ્વાસ સર્વથા બાધક છે. ભગવાનને પ્રાપ્ત કરવામાં અનેક બાધકો છે પરંતુ સર્વ બાધકોમાં સૌથી વધુ પ્રબળ બાધક એ અવિશ્વાસ છે.

સૂતરના દોરામાં પણ બ્રહ્માસ્ત્રની ભાવનાથી શ્રી હનુમાનજી પોતે પકડાઈ રહ્યા હતા પણ રાવણને જ્યારે 'સૂતરના દોરાથી આ બળવાન યોદ્ધા નહીં પકડાય' એવો અવિશ્વાસ થતાં શ્રી હનુમાનજી એ બંધન તોડી નાખ્યા. અવિશ્વાસ ના કારણે તો બ્રહ્માસ્ત્રજેવું શસ્ત્ર પણ વ્યર્થ ગયું. અવિશ્વાસથી અન્ય ધર્મ સંબંધ થતાં શરણધર્મ નષ્ટ થઈ જાય છે.

વિશ્વાસમાં ચાતકની ભાવના કરવી. ચાતક પક્ષી સ્વાતિ નક્ષત્રનું જળ પીવું એવો નિશ્ચય કરીને બેસે છે અને એના એ નિશ્ચય ને ખાતર, એના 'વરસાદ પડશે' એવા વિશ્વાસના કારણે વરસાદ પડે જ છે માટે વિશ્વાસ રાખવો.

ભગવાન સર્વત્ર સર્વરક્ષક છે. યોગ્ય જ કહેવાયું છે કે, **સ રક્ષિતા રક્ષતિ યો હિ ગર્ભે** ભગવાન જે સર્વ કોઈની ગર્ભમાં રક્ષા કરે છે અને તે સર્વસ્થાને પણ રક્ષા કરે છે જ.

ભક્તે સ્વકૃત સમર્પણમાં તેમજ ભગવાનકૃત અંગીકારમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખવી જોઈએ. **યદંગી કૃતજીવાનાં ન દુઃખં લેશતોપિ હિ** જેઓનો પ્રભુએ અંગીકાર કર્યો છે તેમને લેશ માત્ર પણ દુઃખ હોય નહીં. પ્રભુ સદાનંદ છે. સ્વરૂપથી, સ્વભાવથી, સંબંધથી અને સર્વ કાર્યથી આનંદ રૂપ જ છે. એમનો સંબંધ થયા બાદ જીવને કલેશ ક્યાંથી રહે?

ચતુશ્લોકીમાં શ્રીમહાપ્રભુજીનું એવું મંતવ્ય છે કે ભક્તનું રક્ષણ અને ભક્તના પરમ ગોપનીય - સંરક્ષણીય ભાવનું પ્રભુ રક્ષણ કરશે જ. અર્થ (સંપત્તિ) તો સદા રક્ષણીય છે એમ એના સ્વરૂપનું પણ ભગવાન સદા રક્ષણ કરશે જ. આ વાત પ્રસિદ્ધ છે.

કર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ પ્રભુનું કર્તવ્ય પ્રભુ સારી રીતે કરશે જ. જીવે એવો વિશ્વાસ ધારણ કરવો જોઈ કે આપણાથી ભલે કદાચ સ્વધર્મના પરિપાલનમાં પ્રમાદ થઈ જાય પરંતુ પ્રભુ તો પોતાનું કર્તવ્ય અપ્રમત્ત થઈને કરે જ છે. આપણો ધર્મ એ છે કે આપણે

નિષ્ઠાપૂર્વક આપણો ધર્મ બજાવીને - બાકીનું શ્રદ્ધાપૂર્વક પ્રભુ પર જ છોડી દઈએ.

શ્રીમદ્ ભાગવતજીમાં એક સુંદર પ્રેરણા - રત્ન છે.

પથિચ્યુતં તિષ્ઠતિ દિષ્ટ રક્ષિતં, ગૃહે સ્થિતં તદ્વિહતં વિનશ્યતિ ।

જીવત્યનાથોऽપિ તદીક્ષિતો વને, ગૃહેऽપિ ગુપ્તોऽસ્ય હતો ન જીવતિ ॥

ઈશ્વરે જેનું રક્ષણ કરવા ધાર્યું છે એ વસ્તુ રસ્તામાં પડેલ હોય તો પણ તે તેમને તેમ (સુરક્ષિત) રહે છે. અને ઈશ્વર જેનો નાશ કરવા ધારે છે. તે વસ્તુ ઘરમાં સુરક્ષિત રાખેલ હોય તો ય તેનો નાશ થઈ જાય છે. આ જ પ્રમાણે ભગવાને જેના પર કૃપાદ્રષ્ટિ કરી છે. તે અનાથ માનવી હોય, વનમાં હોય તોય તે જીવી શકે છે, જ્યારે એમની કૃપા ન હોય એમણે જ જેને હણેલ છે, તે ઘરમાં સુરક્ષિત હોય તો ય તેનો નાશ થઈ જાય છે.

રક્ષણ માટેના કે સુખ માટેના બહારના ઉપાયો મુખ્ય નથી, મુખ્ય તો છે પ્રભુએ શું કરવા ધારે છે એ બાબત. માટે પ્રભુ યોગ્ય કરશે એ શ્રદ્ધા માનવ જીવનનું ઘણું જ મોટું પરિબળ છે.

ન પૂરયેત્ કિમુદરં સેવકાનાં કૃપાનિધિ ?

પ્રભુ મારા યોગક્ષેમનું વહન કરશે એ શ્રદ્ધા જ ભગવદીયોને ભગવાનની સન્મુખ અને સમર્પિત રાખી શકે છે. જેઓ ભગવાનના છે તેઓએ કેવળ ઉદર પરાયણ થવું યોગ્ય નથી. જેઓ પ્રભુના સેવકો છે. તેમનું ઉદર શું કૃપાનિધિ પ્રભુ નહીં પૂરે ? વિશ્વંભર ભગવાન પોતાના વિશ્વાસે રહેલા ભક્તનું ભરણપોષણ કરશે જ એવી શ્રદ્ધા જો નહીં હોય તો સાચે જ વૈષ્ણવે પ્રભુની સન્મુખ અને સમર્પિત રહેવું મુશ્કેલ બનશે જ.

વિશ્વાસ હશે તો બધું જ થશે. વિશ્વાસને સદ્ભાવ કહ્યો છે. આ સદ્ભાવ વડે બધું સિદ્ધ થશે. મારા પ્રભુમાં સર્વ કાંઈ કરવાનું સામર્થ્ય છે એવો વિશ્વાસ વૈષ્ણવની ભક્તિનો આધારસ્થંભ છે તપ, વ્રત, ધર્મ જેવા સાધન ન કરી શકતા વૈષ્ણવે પણ વિશ્વાસ રાખવો કે ભગવાન સર્વ શક્તિમાન હોવાના કારણે જીવકૃત સાધનની અપેક્ષા નથી રાખતા. જીવ પ્રભુ સુધી ગતિ ન કરી શકે તો પ્રભુ એના સુધી ગતિ કરશે. જીવ જ્ઞાનાદિ સાધન વડે સ્વયંનું ઉર્ધ્વીકરણ ન કરી શકે તો પ્રભુનું અવતરણ થાય છે અને ભક્ત - ભગવાનનું મિલન સર્જાય છે. માટે દ્રઢ વિશ્વાસ રાખવો.

ભગવાને કહેલ છે **'ન મે ભક્ત : પ્રણશ્યતિ'** મારા ભક્તનો હું નાશ થવા દેતો નથી. આ ભગવદ્ વાક્ય પર વૈષ્ણવે દ્રઢ વિશ્વાસ રાખવો જોઈએ. ભગવાનના ભક્ત રક્ષણ કરવાના સ્વભાવમાં સંદેહ થાય તો જીવના સ્વભાવનો દોષ જાણવો.

શ્રદ્ધા અશક્યને ય શક્ય બનાવે છે. જો ભગવાનના કે શ્રી મહાપ્રભુજીના ચરણનો દ્રઢ આશ્રય હોય, દુ:સંગ દોષથી મન શિથિલ થયું ન હોય, કાલ દોષથી મનમાં અવિશ્વાસ જન્મ્યો ન અને સ્વભાવ દોષથી ચિત્તમાં અહંકાર જો ઉત્પન્ન થયો ન હોય તો આપણને અશક્ય

લાગતું ય શક્ય બને.

અયમેવાઽસ્ય માર્ગસ્ય મૂલમાશ્રય સાધક:

પુષ્ટિભક્તિમાર્ગનું મૂળ વિશ્વાસ છે. જેમ વૃક્ષનો આધાર મૂળ છે. તેમ આ માર્ગનો આધાર પ્રભુ પરનો વિશ્વાસ છે. વિશ્વાસ શિથિલ હશે ભગવાન પ્રત્યેની આશ્રય બુદ્ધિ પણ શિથિલ જ રહે છે.

પ્રભુમાં શ્રદ્ધા - વિશ્વાસ ન હોવો એ પણ એક આસુરીપણાનું લક્ષણ છે. દુષ્ટનો સંગ કરવાથી ભગવાન પ્રત્યેની શ્રદ્ધા શિથિલ થાય છે. બુદ્ધિમાં ભ્રમ થાય છે. અને અંતે જીવમાં બહિર્મુખતા આવી જાય છે.

ભગવદ્ ભજનમાં શ્રદ્ધાનું ઘણું મહત્ત્વ છે. ઉપાસકોને ઉપાસ્ય સ્વરૂપ પસંદ કરવામાં કોઈ ચોક્કસ સ્વરૂપ માટે જ આગ્રહ હોતો નથી. ભગવાનનું જે સ્વરૂપ ભક્તને પ્રસન્નકર્તા લાગે તે પસંદ કરવું પણ શ્રદ્ધાપૂર્વક ભજન કરવું અનિવાર્ય છે. ભગવાને કહ્યું છેકે," જે જે ભક્તે જે જે સ્વરૂપને શ્રદ્ધાથી ભજવા ઈચ્છે છે તેની તે જ શ્રદ્ધા હું સ્થિર કરૂં છું." ભગવાન શ્રદ્ધાથી જ ફળ આપે છે. સાધકનાસાધનમાં ત્રુટિ રહી જશે તો એ ક્ષમ્ય છે પરંતુ એની શ્રદ્ધામાં જરાય ઉણપ ન આવવી જોઈએ.

'અદ્રઢં ચ હતં જ્ઞાનમ્ ' જ્ઞાનમાં દ્રઢતા ન હોય તો તે નષ્ટ થઈ જાય છે. શ્રવણ કરવામાં જો પ્રમાદ કર્યો હોય તો સાંભળેલું નષ્ટ થઈ જાય છે. 'સંદિગ્ધો હિ હતો મંત્રો' મંત્રનો ગમે તેટલો જાપ કરવામાં આવેલ હોય પરંતુ જો જપ કરનારના હૃદયમાં એની શક્તિ માટે શ્રદ્ધા, વિશ્વાસ ન હોય તો મંત્રજપ નષ્ટ થઈ જાય છે.

'વિશ્વાસો ગુરૂવાક્યેષુ' વૈષ્ણવને ગુરૂવાક્ય પર વિશ્વાસ હોવો જોઈએ. એને મન ગુરૂવાક્ય બ્રહ્મવાક્ય છે. શ્રી નારદ જેવા ગુરૂજન પર શ્રદ્ધા રાખીને ભક્ત પ્રહ્લાદે કેટકેટલા કષ્ટ સહન કર્યા હતા. પ્રહ્લાદજીને મારી નાખવા માટે તેના દુષ્ટ પિતા હિરણ્યકશિપુએ તેના પર દૈત્યોનો હુમલો કરાવ્યો, ઝેરી સર્પો કરડાવ્યા, કૃત્યા રાક્ષસી તેમના ઉપર છોડી દેવામાં આવી. તેમને પર્વતના શિખરો પરથી ગબડાવી મુકવામાં આવ્યા, શંબરાસુર પાસે માયાનો પ્રયોગ કરાવવામાં આવ્યો. અંધારી કોટડીમાં પૂરવામાં આવ્યા, ઝેર પીવરાવવામાં આવ્યું. ભૂખ્યા રાખવામાં આવ્યા. પ્રહ્લાદજીને જળમાં સખત ઠંડીમાં, વાયુમા, ધગધગતી આગમાં અને સમુદ્રમાં વારંવાર નાખવામાં આવ્યા, પરંતુ આમાંથી કોઈપણ ઉપાયથી પ્રહ્લાદજીને ડરાવી ન શક્યો. તેમની ભક્તિ છોડાવી ન શક્યો. તેમને મારી ન શક્યો. આ વિશ્વાસની શક્તિ છે.

ભગવાન કહે છે'શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્' શ્રદ્ધાવાન, તત્પર અને જીતેન્દ્રિય મનુષ્ય જ્ઞાન પ્રાપ્ત કરે છે. જ્ઞાન પ્રાપ્ત કરીને તત્કાળ પરમ શાંતિને પામે છે જે શાંત છે તેજ સુખી છે. અજ્ઞાની અને અશ્રદ્ધાળુ સંશયાત્માનો તો વિનાશ જ છે. સંશયાત્માને નથી આ લોક નથી પરલોક, કે નથી તેને કોઈ સુખ.

શ્રદ્ધાવિરહિત મનુષ્યના જીવનમાં વિવેકનો ઉદય થઈ શકતો નથી, તે જ્ઞાન અથવા ભક્તિરૂપ સાધન કરી શકતો નથી. તેના જીવનમાં કોઈ નિષ્ઠા, સ્થિરતા કે લક્ષ્ય હોતું નથી. અવિશ્વાસ તો અભિશાપ છે, વિશ્વાસ વરદાન છે.

એક દિવસ ખેરાળુના જગન્નાથ જોશીએ શ્રીઠાકોરજીને શૃંગાર ધરીને, વાગો પહેરાવીને, રાજભોગનો થાળ સાજીને ભોગ ધર્યો. બહાર આવ્યા બાદ એમના મનમાં એમ થયું કે શ્રીઠાકોરજી વાગો પહેરીને આરોગે છે. માટે થાળ છોવાઈ જશે. પ્રભુ તો અંતર્યામી છે. તેમણે જોશીના મનની આવી ભાવના જાણીને લાત મારીને થાળ ચોકીથી નીચે નાખી દીધો. જગન્નાથ જોશીને હવે શંકા થઈ કે મારાથી જરૂર મોટો અપરાધ બન્યો છે. નહીં તો શ્રીઠાકોરજી આમ ન કરે. એમના મનમાં બહુ આતુરતા અને દીનતા આવી ત્યારે પ્રભુએ કહ્યું કે, " તું થાળ છોવાવાથી ડરે છે તો મારી આગળ ધરે છે જ માટે ? " જગન્નાથ જોશીએ ખૂબ ખૂબ કાલાવાલા કર્યા ત્યારે પ્રભુએ ક્ષમા કરી. શ્રી ઠાકોરજીના સ્વરૂપમાં તેમજ લીલામાં અસંભાવના તેમજ વિપરીત ભાવના ન કરવી. ભગવાનના સામર્થ્યમાં અને માહાત્મ્યમાં હીન ભાવના કરવી. શંકાશીલ થવું એ અપરાધ છે.

ક્યારેક ક્યારેક ભગવદીયમાં શ્રદ્ધા જગાડવાને માટે માહાત્મ્ય પ્રકટ કરવું પણ પડે છે. ઉત્તમ ભગવદીય ને માટે આ જરૂરી નથી. પરંતુ સાધારણ ભક્તને માહાત્મ્યજ્ઞાન વિના શ્રદ્ધા વિશ્વાસ થતાં નથી. એવા પ્રસંગે શ્રી ઠાકોરજી, શ્રી મહાપ્રભુજી અથવા ભગવદીયોએ પોતાનું માહાત્મ્ય પ્રકટ કર્યું હોય એવા ઘણા પ્રસંગો છે.

રામદાસ મેવાડા, મેવાડમાં રહેતા. તે રણછોડજીના દર્શને પિતા સાથે ગયા હતા ત્યારે શ્રીમહાપ્રભુજીના પણ દર્શન થયા. રામદાસની ઈચ્છા શ્રી મહાપ્રભુજીના સેવક થવાની થઈ પરંતુ તેમના પિતામાં સેવક ભાવ ન જાગ્યો. તેણે કહ્યું કે, " એ બ્રાહ્મણ છે અને આપણે પણ બ્રાહ્મણ છીએ પછી સેવક કોના થઈએ ?" રામદાસ પિતાથી છાના શ્રી મહાપ્રભુજીને મળવા આવ્યા. " મહારાજ ! મને આપના સેવક થવાનું ઘણાનું મન છે. અને પિતા જો આપના સેવક થાય તો ઘરમાં ભગવદ્ધર્મ પણ બને અને ક્લેશ ન થાય. તો આપ મારા પિતાને કાંઈક એવું માહાત્મ્ય બતાવો કે એ આપના સેવક થાય. એ અજ્ઞાની જીવ છે. અને અહંકારી પણ છે માટે આપ આપનું કાંઈક માહાત્મ્ય બતાવો તો એ સેવક થાય."

શ્રી મહાપ્રભુજીએ કહ્યું, " તું દૈવી છે પણ તારો પિતા સાધારણ છે તે તારી પાછળ કૃતાર્થ થશે. તું જ તારા પિતાને માહાત્મ્ય બતાવજે. તું જે વાત કહીશ તે સાચી થશે."

થોડા વખત પછી પિતાને રસોઈ કરતાં હાથ દાઝી ગયો. રામદાસે શ્રી મહાપ્રભુજીમાં પિતાને શ્રદ્ધા થાય તે દ્રષ્ટિથી માહાત્મ્ય પ્રકટ કરવાની આ ઉત્તમ તક જાણી, તેમણે હાથમાં જળ લઈને કહ્યું, " શ્રી આચાર્યજી સાક્ષાત ભગવાન હોઈ તો યહ જલ તેં તિહારો હાથ આછો હોઈ જઈયો. જો ઓર ભાંતિ હોઈ તો તિહારો હાથ આછો ન હોઈયો. જો શ્રી મહાપ્રભુજી ભગવાન હોય તો આ જળથી તમારો હાથ સારો જ થઈ જાવ !" અને એમ જ થયું. છતાં

રામદાસનો પિતા ન માન્યો. તેણે તો કહ્યું, બેટા તું પાગલ થઈ ગયો છું! આ તો મારા કર્મ માં એમ જ લખ્યું હતું મારા પુણ્યથી હું સારો થયો છું !" હાથ સારો થઈ જાય તો સેવક થવું એમ પિતાએ વચન આપ્યું હતું છતાં તે ફરી ગયા એટલે રામદાસે ક્રોધિત થઈને કહ્યું, " તમે આટલામાં ફરી ગયા તો હવે આંખેથી અંધ થઈ જાવ !" પિતાને તરત જ બંને આંખમાં અંધત્વ આવીગયું. તે હવે શ્રી આચાર્યજી ના સેવક થવા તૈયાર થયા અને શ્રી મહાપ્રભુજીના ચરણામૃતથી ફરીથી દેખતા થયા. ચમત્કાર વિના નમસ્કાર નહીં એ આનું નામ. જો કે ઉત્તમ દૈવી જીવની ભગવાનમાં, ગુરૂમાં અને ભગવદીયોમાં સહજ પ્રીતિ હોય છે. તેમને માહાત્મ્યજ્ઞાનની અપેક્ષા હોતી નથી. ઉત્તમ કોટિના દૈવીજીવને ભગવાનની લીલામાં, ગુરૂદેવની કૃતિમાં અને ભગવદીયો ના આચરણમાં દોષબુદ્ધિ થતી જ નથી. " વૈષ્ણવ સોં કબહું હીન કાર્ય હોઈ નાહીં. ઔર કદાચિત ભગવદીયસોં ખોટો કામ કછૂ ભયો હોઈ તો મનમેં દોષબુદ્ધિ ન કરનોં. કયોં જો, ભગવદીય ઐસે કરે નાહીં. વામે ભગવત્કૃતિ જાનની ઔર જીવમાત્ર પર દયા રાખની.

ચરનશરન વ્રજરાજ કુંવર કે

હમ વિધિ-અવિધિ કછુ નહીં સમઝત, રહત ભરોસે શ્રી મુરલીધરકે

રહત આસરે વ્રજમંડલમેં, ભુજાછાંહ શ્રી ગિરિવરધરકે

પ્રભુ મુકુંદ માધો સુખદાયી, હાથ બિકાને શ્રી રાધાવરકે

ભગવદીયો ભગવાનમાં શરણ ભાવ રાખે એ જ એમની કૃતાર્થતા છે. શરણ ભાવમાં નિઃસાધનભાવ મુખ્ય છે. ભક્તો કહે કે, " અમે વિધિ-નિષેધમાં કાંઈ સમજતા નથી. ધર્મશાસ્ત્રના નિયમો કે આમ કરો અને આમ ન કરો માં અમે કાંઈ જાણતા નથી. અમે તો શ્રી મુરલીધરના ભરોસે એમના ઉપર વિશ્વાસ રાખીને, ચિંતામુક્ત થઈને જીવી રહ્યા છીએ.

શ્રી ગોવર્ધનધારીના વરદ, અભયપ્રદ શ્રી હસ્તની છત્રછાયામાં એમના આશ્રયે જ વ્રજમંડલમાં રહીએ છીએ. સર્વ સુખ નું પ્રદાન કરનારા માધવમુકુંદ શ્રી હરિના અમે તો શુલ્કદાસ છીએ. એમના હાથે ખરીદાયેલા છીએ, અમે એમના છીએ, એમના દાસ છીએ. એ જ અમારા જીવનની ધન્યતા છે.

કર્યું થાય શ્રી કૃષ્ણનું કોથી ઘટે નહિ લવલેશ.

તેજ પ્રમાણે સુખ દુઃખ, લાભાલાભ ન સંશય લેશ;

લેશ રહે નહી તે સમે શુદ્ધિ, જેવું હોનાર તેવી થાય બુદ્ધિ.

થનાર તે તો સ્હેજે પણ થાય, કર્તા નથી શીદ તું પસ્તાય

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

પ્રભુએ ભક્તને જે ફળ આપવાનો સંકલ્પ કર્યો છે. તેમાં કોઈ પણ લેશમાત્ર વધઘટ કરી શકનાર નથી. જીવનાં સુખ અને દુઃખ, લાભ અને હાનિ, બધું જ અખિલ વિશ્વના સ્વામી ભગવાનની ઈચ્છા અનુસાર થાય છે. જીવ નકામો સંશય કરીને દુઃખી થાય છે. પ્રભુએ નિજ ભક્તને માટે પણ બધું વિચારેલ છે. જીવની બુદ્ધિ પણ ભગવાન જેમ ફેરવે તેમ ફેરવાઈ જાય છે. જયવિજય, કંસ, કૈકેયી આ બધાની બુદ્ધિ ભગવદીચ્છાથી, ભગવાન જેવી લીલા કરવા ઈચ્છતા હોય તે પ્રમાણે બદલાઈ જાય છે. પ્રભુ જેની ઉન્નતિ ઈચ્છે છે તેની પાસે સારા કર્મો કરાવે છે. જેને પાડવા ઈચ્છે છે તેને અવળું જ સૂઝે છે.

જે અવશ્ય થનાર છે, એને જીવ રોકી શકવાનો નથી, જે નથી જ થવાનું એને જીવ કોઈપણ પ્રયાસે કરી શકવાનો નથી - માટે જ્યાં જ્યારે જે થાય તેમાં સદા ભગવદીચ્છા જાણવી. પરિણામે કર્તાપણાનું અભિમાન નહીં રહે. ફળના વિષયમાં ચિંતા નહીં રહે અને જીવ સાચા અર્થમાં સુખી થશે.

હરિ જંત્રી તું જંત્ર છે જેમ વાજે વજાડે તેમ,
કાષ્ટ પૂતલી નૃત્ય કરે, સુત્રધાર નચાવે જેમ,
તેમ વિધિનિષેધ સહુ હરિ હાથે તું ભુખ તાણી લે શીદ માથે,
વિચાર જો જીવનું કર્યું હોય, તો દુ:ખી જગતમાં થાય ન કોય.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

જીવનું કર્તૃત્વ છે જ ક્યાં ?

જ્યારે જ્યારે જીવ અહંકારપૂર્વક પોતાને કર્તા માનતો રહ્યો ત્યારે ત્યારે તે દુઃખી થયો છે. ભગવાને 'ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન નિષ્ઠતિ ભ્રામયન્સર્વભૂતાનિ યંત્રારૂઢાનિ માયયા' ઈશ્વર પ્રાણીમાત્રના હૃદયમાં બિરાજે છે. ચકડોળ પર બેઠેલાને, જેમ ચકડોળ ફેરવનાર જેમ જેમ ફેરવે તેમ તેમ ફરવું પડે છે.

સ્થૂળ રીતે ભલે એમ દર્શન થતું હોય કે માનવી કાર્ય કરે છે. પરંતુ વાસ્તવમાં કાર્ય ભગવાન જ કરે છે. ઉદાહરણ તરીકે કોઈ વાજીંત્ર સ્વયમેવ વાગતું નથી. એનામાં વાગવાની ક્ષમતા છે છતાં એ આપમેળે કદી વાગતું નથી. બજવૈયો વાદ્યને હાથમાં લે છે અને પોતાની ઈચ્છા પ્રમાણે સ્વર, રાગ, તાલ વિ.ને પ્રગટ કરે છે. જીવના કર્તૃત્વની બાબતમાંય એમ જ છે. લાગે છે કે જીવ કાર્ય કરી રહ્યો છે. પણ પ્રભુના હાથનું વાદ્ય છે, યંત્ર છે. પ્રભુ એને પોતાની ઇચ્છા પ્રમાણે રમાડે છે.

ઉપરોક્ત સિદ્ધાંતના તાદ્રશ દર્શન થાય છે. કઠપુતળીના ખેલમાં કઠપુતળી જાત જાતની ચેષ્ટા કરતાં કરતાં નૃત્ય કરે છે. તે નૃત્ય કરતી દેખાય છે. પરંતુ તેને નચાવનારો સૂત્રધાર કોઈને દેખાતો નથી. એમ પણ જગતનો સૂત્રધાર સૌથી સંતાઈને સર્વ જીવોને નચાવી રહ્યો છે. જીવ પાસે શું કરાવવું અને શું ન કરાવવાનું એ બધું પ્રભુના હાથમાં છે નાહક, જીવે એ બધું પોતાના માથે લઈ લઈ ફરવાનું ન હોય. નીપજે જો નરનું, તો કોઈ નવ રહે દુઃખી, શત્રુ મારીને સૌ મિત્ર રાખે, સંસારની બધી જો માનવીના હાથમાં જ હોત તો માનવી દુઃખી જ ન થાત. માણસની ઈચ્છા પ્રમાણે બધું થતું હોય તો માણસ શી માટે દુઃખી થાય ?

પ્રકૃતિના ગુણોમાં ગુણો વર્તી રહ્યા છે, પ્રેરણા અંતર્યામી આપી રહ્યા છે અને એ પ્રમાણે સઘળું ચાલી રહ્યું છે. ભગવદીચ્છા માનવીની કૃતિ દ્વારા વ્યક્ત થાય છે, માનવીની વર્તણુક દ્વારા જાણી શકાય છે કેમકે માનવી નિમિત્ત છે, નિમિત્ત માત્ર છે.

"નિમિત્તમાત્રં ભવ સવ્યસાચિન્ !"

स्वाध्याय-४२

विरह ताप क्लेश

तापक्लेशैरयं मार्गः श्रीमदाचार्यरूपितः श्री वल्लभ प्रणीत आ मार्ग ताप क्लेशनो मार्ग छे.

अतिक्लेश एव भगवदागमनं, न स्वास्थ्ये अतिशय दुःख होय त्यारे ज भगवाननुं आगमन थाय छे, स्वस्थतामां नहीं .

हँस हँस कंत न पाईया, जिन पाया तिन रोय ।
हाँसी खेले पिउ मिले, तो कौन दुहागिनि होय ?

भगवानना दर्शन माटे जेणे अश्रु वहाव्यां छे, विलाप कर्यो छे. तेमने ए मळ्या छे. प्रेम पंथ हसवा-खेलवानो पंथ नथी ज. हसता रमतां भगवान मळी जता होत तो सौ कोईने मळी गया होत. परंतु प्रीतमने पामवा माटे भक्ते भारे व्यथामांथी पसार थवुं पडे छे. आ विरह व्यथा सांसारिक दुःखो जेवी कडवी अने दुःखरूप नथी, व्यथा तो भारे छे परंतु मधुरी व्यथा छे, पीडा तो छे परंतु माणवा जेवी पीडा छे. संसारना मीठा लागता सुखो करतां भक्तिनुं आ दुःख भगवान पासे मांगवा जेवुं छे.

तापात्मक भक्ति

भावात्मक एवा श्री हरिनी सदैव विरहभावथी भावना करवी. श्री कृष्ण कृपाना निधि छे, एमनुं मुखारविंद-अग्निरूपे श्री वल्लभरूपे प्रकट थयेल छे. श्री महाप्रभुजी अग्निस्वरूप छे माटे आ मार्गमां शीतल भक्तिभाव उचित मान्यो नथी.

साधन

पुष्टिभक्ति तापात्मक होवाथी दुर्लभ छे. ए मर्यादा भक्तिनी जेम शीतल भक्ति नथी. शीतल चरणाम्बुज भक्तितो श्रवण कीर्तनादि साधनो वडे सिद्ध थई शके परंतु आ तापात्मक दुर्लभ भक्तितो एमना अपार अनुग्रहथी ज सुलभ छे. ' यस्मादधरामृत सेवनात् ' प्राणप्रिय प्रभुना अधरामृत पानथी, करुणापूर्ण कृपा कटाक्षथी ज सुलभ छे.

विरहतापात्मक भाव सिद्ध करवा माटे श्री महाप्रभुजीना चरणनो द्रढ आश्रय करवो जोईए. ए द्रढ आश्रय एमना वचनामृतमां श्रद्धा राखवाथी सिद्ध थशे. आवी श्रद्धानुं साधन तादृशीजनोनी सेवा छे. ज्यां सुधी तादृशी भगवदीयोनी सेवा नथी. त्यां सुधी श्री महाप्रभुजीना वचनामृत श्रवण करवामां आवे तो य श्रद्धा नहीं थाय. तादृशी भगवदीयो दुर्लभ होय तो श्री भागवतजीनुं सेवन अथवा दीनतापूर्वक श्री हरिनुं स्मरण करवुं.

विरह भक्ति

यत्र स्वतंत्रता भक्ते राविर्भावानपेक्षणात् ।
सर्वानुभवरुपत्वं पुष्टिमार्गः स कथ्यते ॥

આ માર્ગમાં વિયોગ અવસ્થામાં પ્રભુ પ્રાકટ્યની અપેક્ષા સિવાય, જીવને સ્વરૂપાનંદનું દાન કરવામાં ભગવદ્‌ગુણગાન ભક્તિની સમર્થતા છે. વળી પ્રેમપૂર્વક કરાતા શ્રવણ કીર્તનાદિ જ સર્વલીલાઓનો અનુભવ કરાવે છે.

તીવ્ર વિરહની દશામાં થનારી ભક્તિ-સ્વરૂપ આવિર્ભાવ નિરપેક્ષ સ્વતંત્ર ભક્તિ બની જાય છે.

ભક્તિના બે પ્રકાર. સંયોગભક્તિ અને વિરહભક્તિ. સંયોગ ભક્તિમાં ભગવાન પ્રકટરૂપે બહાર બીરાજે એવો આગ્રહ રહે છે. આ વાત ભગવાન અને ભક્ત બંનેને બંધનકર્તા છે, શ્રમરૂપ છે. પરંતુ વિરહભક્તમાં ભગવાનના પ્રકટ્ય-બાહ્યસ્થિતિ માટે દુરાગ્રહ નથી. વિરહ દશાની આ ભક્તિનો પ્રભાવ એવો છે કે ભગવાનની સમગ્ર લીલાઓનો અનુભવ થઈ શકે છે. જ્યારે સંયોગ ભક્તિમાં જે લીલા પ્રભુ કરતા હોય તેનો જ અનુભવ થાય છે.

આ સ્વતંત્ર ભક્તિ નિરોધાત્મક ભક્તિ છે અને તે દુર્લભ પણ છે. આ ભાવાત્મક ભક્તિમાં ભગવાન ભક્તના હૃદયમાં 'ભાવાત્મક નિવાસ' કરે છે. **नमामि हृदये शेषे लीलाक्षीराब्धिशायिनम्** હૃદયરૂપી શેષશય્યા પર બિરાજતા પ્રભુ અનંત લીલાઓ કરતા રહે છે. આ સ્વતંત્ર વિરહરૂપા ભક્તિમાં ભગવાનના પ્રાકટ્ય વિના જ હૃદયમાં સર્વલીલાઓ અનુભવાય છે.

આમ ય આ ભક્તિ ફલરૂપા જ છે છતાં સર્વાત્મભાવમાં તો એવી ફલરૂપ બની જાય છે કે સ ચાનપેક્ષિતારુપો યત્ર નાપેક્ષિતા હરેઃ ! એ ભક્તિભાવમાં અપેક્ષા ઈચ્છા જેવી કોઈ વસ્તુ જ નથી.

जेहि पाअे वैकुंठ अरु, हरि हू की नहीं चाहि ।
सोई अलौकिक, सुद्ध, सुभ, सरस सुप्रेम कहाहि ॥

શ્રી રસખાન વિશુદ્ધ પ્રેમની વ્યાખ્યાં પણ એવી જ કરે છે, કે પ્રેમને પ્રાપ્ત કર્યા પછી વૈકુંઠની તો ઠીક પણ ખુદ ભગવાનની ય કામના રહેતી નથી. તેને જ અલૌકિક, શુદ્ધ, મંગલમય, રસમય પ્રેમ કહે છે.

ભગવત્પ્રાપ્તિમાં વિરહતાપ જ સાધન બની શકે છે. કેમકે જ્ઞાન સકલ દોષોને બાળીને ભસ્મ તો કરી શકે છે, પરંતુ **तथापि न प्रभोः प्रादुर्भावे यत्प्रतिबंधकर्म्** પ્રભુના પ્રાદુર્ભાવમાં જે પ્રતિબંધ હોય છે તેનો નાશ કરી શકતું નથી. શ્રી મહાપ્રભુજીના સાન્નિધ્યથી અનુક્રમ શ્રીકૃષ્ણના દર્શનની ઈચ્છા, આર્તિ અને તાપ પ્રકટે છે. આ વિરહ તાપમાં દોષોના

સમૂહો એક ક્ષણમાં નષ્ટ થઈ જાય છે.

નિત્ય ભગવદ્‌લીલાનો અનુભવ થતો હોય એવા તાદૃશી-ભાવની ઉચ્ચભૂમિકાએ પહોંચેલા ભગવદીયને સતત તાપક્લેશ રહે છે. આ તાપક્લેશ માત્ર વિરહનું પરિણામ છે, એવું નથી એ તો ભક્તિની પરમ અવસ્થા છે. આ તાપક્લેશ સતત વિદ્યમાન રહેવાનું એક કારણ એ પણ છે કે ભક્તને અભિમાન ન જન્મે અને સતત દીનતાનો ભાવ સચવાઈ રહે.

શ્રી હરિરાય મહાપ્રભુજી તાપક્લેશના ય બે સ્વરૂપ માને છે. કામાત્મક અને સર્વાત્મભાવાત્મક તાપક્લેશ. કામભાવના તાપક્લેશમાં ભગવાનને તાપક્લેશને શાંત કરવા પધારે-પ્રકટે એવી અપેક્ષા રહે છે. આ તાપક્લેશ પ્રભુના દર્શન, સ્પર્શ, મધુર સંભાષણાદિ વડે શાંત થઈ જાય છે. જ્યારે સર્વાત્મભાવાત્મક તાપક્લેશ તો એક ફલાત્મક અવસ્થા હોવાથી તે સદા માટે રહે જ છે. ભગવાનના દર્શન, સ્પર્શ આદિથી તો ઉલટોએ બમણો અનુભવાય છે.

ફલાત્મક વિરહ

શ્રી હરિરાયજી મહાપ્રભુના મંતવ્યાનુસાર વિરહદશા જ ફલ દશા છે. સ્નેહની પ્રગાઢ દશામાં પ્રભવતો વિરહ જ પરમફલ છે. સામાન્ય રસદ્રષ્ટિમાં માન્યતા એવી છે કે સંયોગ એટલે સુખ અને વિયોગ એટલે વિરહનું દુઃખ. આ રસાત્મક ભક્તિમાં એવું નથી.

યત્ર વા સુખ સમ્બન્ધો વિયોગે સંગમાદપિ ।
સર્વલીલાનુભાવેન પુષ્ટિમાર્ગઃ સ કથ્યતે ॥

પુષ્ટિમાર્ગમાં વિરહાવસ્થામાં-ભગવલ્લીલાના સ્મરણમાત્રથી જ ભક્તને હૃદયમાં સમગ્ર ભગવલ્લીલાનો અનુભવ થાય છે અને તે અનુભવમાં સંયોગાવસ્થા કરતાં ય વિરહાવસ્થામાં વિશેષ સુખ રહેલું છે.

મારા સ્વામી, મારા પ્રભુ મને તેમના આનંદમય સ્વરૂપના દર્શન ક્યારે કરાવશે, એવી સ્વરૂપદર્શનની ઈચ્છા-ઉત્કટ કામના દરેક વૈષ્ણવે પોતાના હૃદયમાં સ્થાપવી. આનું નામ પ્રેમભાવ, સ્વરૂપ દર્શનની તાલાવેલી જેટલી વધુ તેટલો જ પ્રેમભાવ વધુ. આ પ્રેમભાવ આપણને અન્ય રાગ અન્યના સ્નેહમાંથી નિવૃત કરી દે છે. પછી તો દર્શનની આર્તિ વધુ ઉત્કટ બને છે.

જે તાપક્લેશમાં દેહ અને ગૃહ આદિના કાર્યો વિસરાઈ જાય, પ્રભુ માટે અધિક અને આર્તિ રહે તે આસક્તિભાવ છે.

આ આસક્તિભાવ વધુ તીવ્ર થતાં તાપાત્મક વ્યસનભાવ જાગે છેઃ સર્વ જગતની વિસ્મૃતિ કરાવે તેવો પરિતાપ ઉદ્‌ભવે છે.

આ ત્રિવિધ તાપાત્મક ભાવને માટે કોઈ જ સાધન નથી. કેવલ નિઃસાધનતા સિદ્ધ થાય પછી જ પ્રાપ્ત થાય છે.

સ્વાનંદ સિદ્ધયે રાતિ નિજાર્તિં દર્શનાદિષુ ભગવાન શ્રી કૃષ્ણ પોતાના સેવકને આનંદનું દાન કરવા વિચાર કરે તો જરૂર એઓ શ્રી પહેલાં તો સેવકના હૃદયમાં ભગવદ્ દર્શન માટેનો તાપ ઉત્પન્ન કરે છે. આમ, આ તાપક્લેશ ભક્ત હૃદયમાં ભગવદ્ ઈચ્છાથી જ પ્રકટે છે અને એ ભગવત્કૃપાનો પ્રથમ સંકેત છે.

શ્રી સ્વામિનીજીએ ભગવાનના વિરહમાં જે જે વચનો વારંવાર કહેલાં.....જેમકે **हा नाथ रमानाथ क्वासि क्वासि महाभुज !** એવા વચનો ચિત્તમાં ધારણ કરવા જોઈએ.

સેવા-સ્મરણ આદિ તમામ સાધનો પણ આર્તિપૂર્વક કરવો જોઈએ આતુરતાપૂર્વક કરવા જોઈએ. આ આર્તિ અને આતુરતા થકી જ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ છે.

પુષ્ટિમાર્ગીય ફલનો સંબં આર્તિ-આતુરતા સાથે એટલે બધો છે કે બંનેની માત્રાનો ય સંબંધ બતાવવામાં આવ્યો છે. આ માર્ગમાં જેટલી આર્તિ હશે એટલું ફલ નજીક આવશે.

પ્રેમી ભક્તના હૃદયનો વિરહ તાપ જ ભગવાનના આવિર્ભાવનું કારણ બને છે જે જીવોને સ્વયં પ્રભુએ અંગીકાર કર્યો છે તેમને પોતાના વિરહમાં સંતપ્ત જોઈને પ્રભુ વિસ્મય પામીને પોતે તુરંત પ્રકટ થાય છે. આ તાપની તીવ્રતા જેટલી હશે, ભગવાનનો આવિર્ભાવ એટલો જલદી થશે.

શ્રી મહાપ્રભુજી શ્રીમુખથી કહેતા, "દમલા ! આ માર્ગ તારા માટે પ્રકટ કર્યો છે. !" જો વૈષ્ણવના હૃદયમાં આ માર્ગ સ્થાપના કરે તો આગળ જતાં એ વૈષ્ણવોમાં પ્રસરે. એક પ્રસંગમાં શ્રી દામોદરદાસજીએ પુષ્ટિમાર્ગનું સ્વરૂપ નાનકડી વાતમાં જ સમજાવી દીધું હતું.

એક સમય શ્રી ગુસાંઈજી બેઠકમાં બિરાજ્યા હતા. કુંભનદાસ, ગોવિંદ દાસ જેવા કેટલાક વૈષ્ણવો એમની સાથે એકાંત હસવા ખેલવાનો માટે બેઠા હતા. તે સમયે દામોદરદાસ ત્યાં આવ્યા ત્યારે શ્રીગુસાંઈએ બહુ આદર સન્માન કર્યું. પછી દામોદરદાસજી ત્યાં આવીને દંડવત કરીને બેઠા. ત્યારે એમણે શ્રીગુસાંઈજીને કહ્યું, "મહારાજ ! અપનો માર્ગ નિશ્ચિતતા કો નાહીં યહ માર્ગ હૈ સો તો અત્યંત કષ્ટ આતુરતાનો છે. દુઃખ કો હૈ (આપણો માર્ગ નિશ્ચિતતાનો નથી. આ માર્ગ તો અત્યંત કષ્ટ, આતુરતાનો છે. દુઃખનો છે.) ત્યારે શ્રીગુંસાઈજી એ કહ્યું તમે ધન્ય છો. તમે સાચી વાત કહી પરંતુ અમને જ્યારે શ્રી આચાર્યજીની કૃપા થશે ત્યારે કષ્ટ આતુરતા થશે. આ માર્ગ તો શ્રીઆચાર્યજીના અનુગ્રહ વિના ન થાય.'

શ્રી દામોદરદાસજીના મુખથી શ્રી મહાપ્રભુજીના જ વચનામૃત પ્રકટ થયા છે. સ્વરૂપથી દામોદરદાસજી ભલે જુદા હોય પરંતુ તેમનામાં શ્રી મહાપ્રભુજીનો આવેશ અષ્ટ પ્રહર રહે છે. એટલે આ પુષ્ટિમાર્ગ વિરહનો માર્ગ છે. તાપ ક્લેશનો માર્ગ છે. એ સ્પષ્ટ જ છે. આ માર્ગમાં

વિરહથી જ શુદ્ધિ છે અને વિરહથી જ સિદ્ધિ છે. પ્રયાગમાં રહેતા આનંદદાસ અને વિશ્વભંરદાસ આ બંને ભાઈએ બાળપણથી જ વિરક્ત દશામાં રહેતા. જો માતાપિતા સુંદર વસ્ત્ર આપે તો પ્રયાગમાં ત્રિવેણીના કીચડમાં મેલું કરીને પહેરે. જો માતાપિતા ઘરેણાં પહેરાવે તો તે કોઈ બ્રાહ્મણને, સાધુને દઈ આવે. માતાપિતા ખીજાય. ગાળ દે પરંતુ તેઓ કાંઈ ન બોલે. થોડા સમય બાદ વિરક્તિના કારણે ઘર, માતાપિતાને ય છોડીને નીકળી ગયા. ક્યારેક યમુનાજીના કિનારે, જીવનની વ્યર્થતાના દુખિત વિચારોમાં બંને ભાઈ રૂદન કરતા કરતા મુર્ચ્છિત થઈને પડ્યા. અર્ધરાત્રિએ શ્રી ઠાકોરજી એ શ્રી મહાપ્રભુને કહ્યું કે, : "બે ક્ષત્રિય બાળક શ્રી યમુનાજીની પેલી પાર રેતીમાં પડ્યા છે. તેમને મારી માટે બહુ તાપ છે. તેથી આપ પધારીને તેમનો અંગીકાર કરો. નહીં તો થોડા દિવસમાં એમનું શરીર છુટી જશે.

શ્રી મહાપ્રભુજી કૃષ્ણદાસ મેઘન વિ. ને જગાડીને તે જ સમયે શ્રી યમુનાજીને સામે તીરે પધાર્યા શ્રી આચાર્યજીએ બંને શ્રી આચાર્યજીને શરણે આવીને કહેવા લાગ્યા 'મહારાજ ! અમને અંગીકાર કરો !" શ્રી મહાપ્રભુજીએ કહ્યું,'સવાર થશે એટલે નામ પમાડીશું,' તો તેઓ બોલ્યા, "મહારાજ ! સવાર સુધી દેહ રહે ન રહે. આ દેહનું શું પ્રમાણ છે ! અમે બંને જણાએ આજે કશું ખાનપાન કર્યું નથી તો આપ વિલંબ ન કરો. શ્રી ઠાકોરજીની કૃપાથી આપના દર્શન થયા. સવાર સુધીમાં શું જાણીએ કે બુદ્ધિ કેવી ય થઈ જાય ?"

શ્રી આચાર્યજીએ ઉત્તર આપ્યો, "તમારી બુદ્ધિ કદીય બગડશે નહીં તમે ઉત્તમ જીવ છો. વળી તમે ખાનપાન કર્યું હોય તો ય તમે (આ આતુરતા, ઉત્કટતાના કારણે) શુદ્ધ છો" પછી બન્નેને નામ સંભળાવી, બ્રહ્મ સંબંધ કરાવી, નાવ પર બેસાડીને પોતાના ઘરે લઈ ગયા.

માધવદાસની કૃપાથી જે વેશ્યાનો ઉદ્ધાર થયો તેણે ઘરમાં લાલજીની સેવા પધરાવેલી. અટકાવના દિવસોમાં ય તો સેવા ન છોડે. વૈષ્ણવોએ તેની સાથેનો વ્યવહાર છોડી દીધો. એકવાર શ્રીગુંસાઈએ તેને અટકાવમાં ય સેવા કેમ કરો છો એમ પૂછતાં તેઓ જવાબ આપ્યો, "મહારાજ ! માટે જેટલો રૂંવાડા છે તેટલા પતિ લૌકિકમાં થયેલા. આપની કૃપાથી એ બધાં સાથેનો સંબંધ તો તૂટયો હવે આપે જે અલૌક્કિ વર આપ્યો છે એના વિના કેમ રહી શકાય ? આપ તો અંતર્યામી છો. એક ક્ષણનાં ય અંતરાય સહન થઈ શકતો નથી." શ્રી ગુસાંઈજી એના વિરહ તાપ ક્લેશને જોઈને પ્રસન્ન થયા અને કહ્યું, "જેમ કરે છે તેમ જ કરતી રહેજે. જા જલદી, તારા ઠાકોરજી તારી માટે બેસી રહ્યા છે." બીજા વૈષ્ણવોને (શ્રી ગુસાંઈજીએ કહ્યું, "એ જે કરે છે તે કરવા દો. એને કાંઈ ન કહેતા અને બીજા કોઈ એની દેખાદેખી ન કરતા."

ભગવત્સ્વરૂપમાં અતિ તીવ્ર આસક્તિ અને તેના વિરહમાં તીવ્ર તાપના દ્રષ્ટાંતમાં ગજ્જધાવનનું દ્રષ્ટાંત ઉત્તમ દ્રષ્ટાંત છે. પોતાના માથે બીરાજતા શ્રી નવનીત પ્રિયજીના સ્વરૂપમાં એમને એટલી બધી પ્રીતિ વધી ગઈ કે સેવા કરવાની રીત પણ ભૂલાઈ જતી. પ્રભુની પ્રેરણાથી ગજ્જનધાવન શ્રી નવનીતપ્રીયાજીને લઈને શ્રી ગોકુલ પધાર્યા. તેઓ મંદિરમાં શ્રી ઠાકોરજીની સન્મુખ રહે. સેવા સમયમાં ય સન્મુખમાં રહે અને અનોસરમાં ય

મંદિરમાં રહે.

એકવાર બીડા માટે પાન ન હતા માટે શ્રી અક્કાજીએ તેમને પાન લેવા મોકલ્યા. ગુરૂઆજ્ઞા હોવાથી ગજ્જનધાવન પાન લેવા માટે ગયા તો ખરા પરંતુ મંદિરનીબહાર નીકળતાં જ એવો વિરહ ચડ્યો કે એક દુકાન પર પડી રહ્યા. આ તરફ શ્રી ઠાકોરજી કહે, " ગજ્જનધાવન આવે તો જ રાજભોગ આરોગું !" ગજ્જનધાવન આવ્યા ત્યારે જ પ્રભુ આરોગ્યા.

ભક્તને આવો વિરહ થાય તો ભગવાનને ય ભક્ત માટે વિરહ થાય જ ને !

જેની રચના જોઈને, ઘણો મોહ ઉપજે છે મન,
તે કર્તામાં કમી શી હશે. તું જોને વિચારી જન,
જન થશે પૂર્ણ મનોરથ તારો, ઘાટે શું મોહ્યો, તું જો ઘડનારો,
તેને મળેપૂર્ણાંનદ થાશે, ભવ વૈભવ તૃષ્ણા ટળી જાશે,
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

ભગવાનનું સર્જન મોહક છે. સુંદર છે, અને આકર્ષક છે. થોડો વિચાર કરવા જેવો છે કે જેનું સર્જન આટલું મોહ પમાડનારૂં છે તે સર્જક સ્વયં કેટલો મોહક, સુંદર અને આકર્ષક હશે.

જગતના સુંદર આદ્ભૂત પદાર્થોની રચના કરનારો પ્રભુ પૂર્ણ જ હોઈ શકે. પૂર્ણ ઐશ્વર્યવાન, પૂર્ણ આનંદરૂપ પરમાત્માં જ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. સર્જન કરતાં સર્જક વધુ મહાન હોય. જગતમાં આનંદનો આભાસ માત્ર છે, જીવમાં આનંદ તિરોહિત છે. સાચો આનંદ તો સંપૂર્ણ આનંદ તો ભગવાનમાં જ છે. ઘાટમાં આસક્તિ રાખવાને બદલે ઘડનારમાં પ્રીતિ રાખવી જોઈએ.

ભગવાનમાં પ્રેમ થયા પછી ભોગમાં પ્રેમ કરવો મુશ્કેલ છે. પ્રેમ માત્ર ભગવાન છે. સંપત્તિ અને સૌના વિપત્તિમાં સાથ આપે, બધી રીતે જીવનું કલ્યાણ વિચારે અને સૌના સર્જક, પોષક, સર્વના લક્ષ્ય પ્રભુને ભજવા.

કરવા પ્રસન્ન ચાહે કૃષ્ણને તો, અભિમાન અલગું નાખ.
શીઘ્ર દયા કેશવ તણી, ઈચ્છે તો દીનતા રાખ.
રાખ દીનતા એક જ કરીને, કરવા કૃપા મન થાશે હરિને,
બોતેર લક્ષ કોટીએ ના સર્યું કામ, દીનતાએ બંધાયા દામ
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

ઘણા બધા ઉપાયો કર્યા પછી ય, ઘણા સદ્ગુણો કેળવ્યા પછી ય ભગવાન મળતા કેમ

નથી ? કેમકે પ્રભુને પ્રસન્ન કરવા માટે જે સૌથી વધારે મહત્વની વાત છે. તેની જાણ જ નથી. જો તારે પ્રભુને પ્રસન્ન કરવા હોય તો અભિમાન ને અળગું રાખ. અભિમાનીને ભગવાન મળતા નથી. 'જબ મેં થા તબ હરિ નહીં અબ હરિ હૈ તો હમ નાહીં' જ્યાં સુધી દીનતા નહીં પ્રકટે ત્યાં સુધી પ્રભુ નહીં મળે. હૃદયના સિંહાસન પર 'હું અને હરિ' આ બે સાથે કદી બિરાજી ન શકે. 'પ્રેમગલી અતિ સાંકડી યા મેં દો ન સમાહી' પ્રેમની ગલી ખૂબ સાંકડી છે જેમ એક મ્યાનમાં બે તલવારો સમાતી નથી એમ અહંકાર છોડ્યા વિના હરિ દર્શન થતું નથી.

દીનતા, નમ્રતા, વિનય પ્રભુને ય પીગળાવી દે છે. પ્રભુના કઠોર સંકલ્પોને ય આર્દ્ર બનાવી મૂકે છે. વૈષ્ણવોને માટે અનુચિત વચન બોલેલા રામાનંદ પંડિતનો શ્રી મહાપ્રભુજીએ ત્યાગ કરી દીધો હતો. કોઈએ એમને પૂછ્યું કે આપ ક્યારે એનો અંગીકાર કરશો ? ત્યારે એમણે લાખ જન્મ પછી તેનો અંગીકાર કરાવાનું કહ્યું. પાછળથી કૃપા પરવશ બનીને શ્રીમદાચાર્યજી એ તેને આ જ જન્મમાં લાખ જન્મનો અનુભવ કરાવી દીધો અને એનો અંગીકાર કર્યો.

યશોદાજી નટખટ, માખણ ચોર કૃષ્ણને બાંધવાનો પ્રયત્ન કરતાં કરતાં કેટકેટલાં દોરડા લાવીને થાક્યા પરંતુ પ્રભુ ન જ બંધાયા મા જ્યારે હઠે ચઢીને હારી, માને ખૂબ પરિશ્રમ થયો, 'દ્રષ્ટવા પરિશ્રમં કૃષ્ણ કૃપયાસીત્ સ્વબંધને' પોતાની જનેતાને પરસેવે રેબઝેબ જોઈને, ખૂબ શ્રમિત જોઈને પ્રભુ બંધાઈ ગયા.

અહંતા મમતા રાખનારો હારી જાય છે. દીનતા યુક્ત વૈષ્ણવતા જ સાચી વૈષ્ણવતા છે.

स्वाध्याय - ४३

संयोग - विप्रयोग

ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ રસાત્મક છે. આ રસનો અનુભવ ભક્તોને બે રીતે થાય છે. સંયોગાનુભવ રૂપે અને વિરહાનુભવ રૂપે. ભગવાન જ્યારે ભક્તની પ્રત્યક્ષ, સૃષ્ટિમાં બહાર બીરાજે છે. ત્યારે તેને સંયોગ અવસ્થા કહે છે. અને જ્યારે ભગવાન બહાર અંતર્ધ્યાન થઈને ભક્તના હૃદયમાં પધારી જાય છે. ત્યારે તે વિયોગ અવસ્થા કહેવાય છે. સંયોગમાં પ્રભુ પ્રત્યક્ષ છે જ્યારે વિયોગમાં પરોક્ષ છે. સંયોગમાં બાહ્ય રમણ અને બાહ્ય સુખ છે. જ્યારે વિપ્રયોગમાં આંતરરમણ અને અંતઃસુખ છે.

સંયોગ અને વિયોગ - આ બંને અવસ્થામાં ભક્તનો ભગવાન સાથે સંબંધ તો રહે છે. ભક્ત-ભગવાનનો સંબંધ વિચ્છેદતો સંભવે જ કેમ ? સર્વ સ્થિતિમાં સંબંધ તો છે જ. માત્ર ભગવાનની ઉપસ્થિતિમાં ફરક પડે છે.

રસાત્મક સંબંધ -

सम्बन्धः साधनं यत्र फलं सम्बन्ध एव हि ।

सोऽपि कृष्णेच्छया जातः पुष्टिमार्गः स कथ्यते ॥

ભગવાનની સાથે દેહથી ઉત્પન્ન થયેલ સંબંધ તથા ભાવથી ઉત્પન્ન થયેલ સંબંધ જ સાધન છે અને આ સંબંધ પણ ભગવદીચ્છાથી થાય છે. ભગવાન સાથે સર્વેન્દ્રિયોનો સંબંધ થવો એ ફલ છે. અને આ ફલ પણ તેમની સાથે થતા દેહાત્મક-ભાવાત્મક સંબંધનું જ ફલ છે. માટે પ્રભુ સાથે આપણો કેવો સંબંધ સધાય છે. એ વાત ઘણા મહત્ત્વની છે.

જ્યારે પ્રભુ સ્વેચ્છાએ ભક્તને સંયોગ સુખ આપવા પધારે છે. ત્યારે ભક્ત-ભગવાન સાથે બધાનો સંબંધ દેહ સંબંધ છે. આ દેહસંબંધ પ્રભુને આધીન છે. અને તે અમુક કાલ પુરતો છે જ્યારે ભાવ સંબંધ નિત્ય છે. સ્વાધીન છે. ભગવાન સાક્ષાત્ હોય કે પરોક્ષ હોય તો ય ભાવ સંબંધમાં ફેરફાર - ન્યૂનાતિરેક થતો નથી.

रसो वै सः ઉપનિષદ બ્રહ્મને રસરૂપ કહે છે. વળી આ રસ બે પ્રકારનો છે. **संयोगोविरहस्तथा** સંયોગ અને વિયોગ આ જ રીતે રસાત્મક પુરૂષોત્તમના સ્વરૂપમાં ય બે પ્રકાર દ્વિદલ સિદ્ધ થાય છે. પૂર્વદલ એટલે કે સંયોગ રસ અને ઉત્તર દલ એટલે વિયોગ રસ.

રસરૂપ ભગવાનના પૂર્વદલાત્મક સ્વરૂપને - સંયોગ રસરૂપને લોકવેદમાં પ્રસિદ્ધ સ્વરૂપ માનવામાં આવે છે. આ સ્વરૂપ જગતના કારણરૂપ છે. એ વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ એમ ચાર વ્યૂહ સહિત છે, પરમ અદ્‌ભૂત છે.

વાસુદેવ વ્યૂહથી ભગવાન મુક્તિનું દાન કરે છે. મુક્તિની યોગ્યતા ન હોય એવા જીવને ય એ સ્વકૃપાથી મુક્તિનું દાન કરે છે. પરંતું વાસુદેવ વ્યૂહનું એથીય વધુ મહત્ત્વનું કાર્ય તો ઉત્તરદલાત્મક - ભાવસ્વરૂપ શ્રીકૃષ્ણ રસના આધારરૂપ થવાનું છે. વાસુદેવ વ્યૂહને શુદ્ધ સત્વાત્મક કહેલ છે. અને **शुद्धे सत्वे स्थितिर्हरिः** શુદ્ધ સત્વમાં જ ભાવરૂપ - રસરૂપ ભગવાન બિરાજે છે.

ભગવાનનું વિપ્રયોગાત્મક, ઉત્તરદલાત્મક, ભાવાત્મક સ્વરૂપ **भक्तैक हृदयस्थितः** ગૂઢભાવાત્મક હોવાથી તે ભક્તોના હૃદયમાં જ બિરાજે છે. તેને જાણવા માટે બીજા બધા પ્રમાણ નકામા છે. તેને અનુભૂતિથી જ જાણી શકાય છે. ભક્તનું હૃદય જ વાસુદેવ વ્યૂહ છે. શુદ્ધ સત્ત્વ એટલે ભક્તનું નિર્મળ હૃદય. અંતઃકરણ વિશુદ્ધ થતાં જ ભગવાનનો અનુભવ થવા લાગે છે.

અધિકાર અનુસાર પ્રભુ નિજભક્તોને વિરહનો અનુભવ કરાવે છે. વિરહ અનુભવ ક્યારેક સુખરૂપ (ફલાત્મક પણ અનુભવાય છે. તો ક્યારેક દુઃખરૂપ પણ અનુભવાય છે. જેમકે ભગવાનની તિરોધાન લીલાની વાત જાણ્યા પછી ય ઉદ્ધવજી જેવા મહાન ભક્તો પણ ભૂતળ પર (જીવતા) રહ્યા જ્યારે કુંતાજીએ ભગવાનના એ સમાચાર મળતાં પોતાના પ્રાણ છોડી દીધા ! વિરહાનુભવ તો આ બંનેને થયેલ છે. પરંતુ અધિકાર અનુસાર તેના પરિણામમાં ભેદ છે.

ફલાત્મક સંયોગ અને ફલાત્મક વિપ્રયોગ આ બંને ફલાત્મક હોવાથી ઉચ્ચ કોટિના ભક્તો જ ભગવત્કૃપાથી તેને અનુભવી શકે છે.

પ્રકટ રૂપ.

ભગવાનની રસાનુભૂતિ ભગવાનના સાક્ષાત પ્રકટ સ્વરૂપ વડે જ થાય છે. આમ તો ભગવાન અંતર્યામી પણ છે. અને સર્વત્ર વ્યાપક પણ છે. પરંતુ એમની અંતર્યામી તરીકે સ્ફુર્તિ થવાથી અથવા તે સર્વત્ર-સર્વવ્યાપી છે એવા જ્ઞાનના ઉપદેશથી એ પ્રકારના રસની અનુભૂતિ થતી નથી. કે જે સત્સંગથી અથવા બહાર પ્રકટ સાક્ષાત્ ભગવાનના સંબંધથી થાય છે. અંતર્યામી(ભગવાનનું હૃદયસ્થ સ્વરૂપ) અને સર્વવ્યાપી પ્રભુનો સંયોગાત્મક તેમજ વિપ્રયોગાત્મક અનુભવ થઈ શકતો નથી.

કોઈપણ ભોગ્યને માનસિક રીતે ભોગવવામાં અને વાસ્તવિક રીતે ભોગવવામાં ઘણો તફાવત છે. પ્રભુની સંયોગ - વિપ્રયોગરૂપી રસાત્મક અનુભૂતિ માટે તેમની બાહ્ય સ્થિતિ - બાહ્ય પ્રાકટ્ય અનિવાર્ય છે. **भिन्नतया बहिःस्थिति एव विषयो रसजनकः** ભિન્ન તરીકે બહાર રહેલો વિષય જ રસ ઉત્પન્ન કરે છે.

માટે જ યોગીઓ પરબ્રહ્મનું કૃષ્ણ સ્વરૂપે બહાર પ્રાકટ્ય થતાં જ સમાધિનો ત્યાગ

કરીને તેમના જ દર્શન કરે છે. ભગવાનની સ્વરૂપનું રસદર્શન સંભવ ન હોય ત્યારે જ તેઓ સમાધિસ્થ થાય છે.

પ્રકટ મળે સુખ થાય, શ્રી ગિરિધર પ્રકટ મળે સુખ થાય.
અંતરજામી અખિલમાં છે તેથી, કહો કોનું દુ:ખ જાય...?
તેલ વિના સ્ફૂટ તિલ પૂરેથી, દીપક કેમ પ્રકટાય ?
પ્રકટ પાવક વિના કાષ્ટને ભેટે, શી પેરે શીત સમાય..."
પૃથ્વી ચાટે તૃષા ટળે નહીં, અંતર્જલ શ્રુતિ ગાય.
દિવાસળી, પાષણ સ્પર્શથી કો કહે જવાળા જણાય..."
સુરભિ પેટમાં પય, તેમાં ઘૃત તેથી, પુષ્ટિ ન પામે ગાય.
દોહી મથી માખણ તાવે, સર્વભક્ષણ સુખદાય...!
વ્યાપકથી વાતો નવ થાય, તે વિના જીવ અકળાય.
રસિયાજન મનરંજન નટવર, 'દયા' પ્રીતમ વ્રજરાય...
પ્રકટ મળે સુખ થાય...

થોડાંક સુંદર અને સચોટ ઉદાહરણ આપીને શ્રી દયારામ ભક્તોની પ્રકટ સ્વરૂપ માટેની ભાવનાને વ્યક્ત કરે છે. જ્યાં સુધી ભગવાન ભક્તને પ્રકટ, વ્યક્ત રૂપે મળતા નથી ત્યાં સુધી ભક્તને ભક્તિનું ફલાત્મક સુખ સાંપડતું જ નથી. 'ઈશ્વર : સર્વભૂતાનાં હૃદ્દેશઙર્જુન તિષ્ઠતિ' ભગવાન અંતર્યામી રૂપે બધાના હૃદયમાં બિરાજે છે. અને એ આનંદદરૂપ પણ છે. છતાં એ આનંદરૂપ ભગવાન અંદર બિરાજતા હોવા છતાં જીવને એ આનંદની અનુભૂતિ કેમ નહીં ? એનું એકજ કારણ છે કે ભગવાન અંદર લીલાપુરૂષોત્તમ રૂપે નહીં પરંતુ અવ્યક્ત અંતર્યામીરૂપે બિરાજે છે.

અવ્યક્તનો કોઈ પ્રભાવ પડતો નથી. એ પ્રમાણિત કરવા માટે દયારામ થોડાંક સુંદર દ્રષ્ટાંત આપે છે. દીવાની વાટમાં તેલ પૂરવાથી દીવો પ્રકટાવી શકાય છે. પરંતુ જે તલમાંથી એ તેલ નીકળે છે. એ તલને દીવાની વાટમાં લગાડી રાખવાથી કાંઈ દીવો ન પ્રકટે. સૌ જાણે છે કે કાષ્ઠમાં અગ્નિ છે પણ એ અગ્નિ અવ્યક્ત હોય છે. અને એટલે જ કાષ્ટને ભેટવાથી કાંઈ ઠંડી ઉડે નહીં. ગરમીનો અનુભવ ન જ થાય. ત્યાં સુધી ઘર્ષણ દ્વારા કે બહારના અગ્નિ દ્વારા કાષ્ઠમાં રહેલા અગ્નિને કહેવા પુરતો જ છે. ભૂમિની અંતર્ગત જલ તો છે પરંતુ જ્યાં સુધી ભૂમિને ખોદીને એ જલ સુધી પહોંચવામાં ન આવે ત્યાં સુધી એ જલ કોઈની તૃષાને શાંત કરી ન શકે. ચકમક પથ્થરમાં ય અગ્નિ છે, દીવાસળીમાં ય જવાળા છુપાયેલી છે. પરંતુ એ અનુભવી ન જ શકાય.

અંતર્ગત અવ્યક્તનો ઉપસ્થિતિ બીન અસરકારક છે એ સમજાવવા વધુ એક સુંદર દ્રષ્ટાંત આપ્યું છે. ગાયના પેટમાં દૂધ છે. અને દૂધમાં માખણ પણ છુપાયેલું છે. માખણ પુષ્ટિકારક છે. હવે જો ગાયમાં જ દૂધ અને માખણ રહેલા છે તો ગાયને એનાથી જ પોષણ કેમ મળતું નથી ? ગાય ભૂખી કેમ થાય છે ? ગાયને પોષણ તો ત્યારે જ મળે જ્યારે એનું દૂધ કાઢવામાં આવે, એ દૂધનું મંથન દ્વારા માખણ તારવવામાં આવે અને એ માખણ પાછું ગાયને ખવરાવવામાં આવે.

જે અવ્યક્ત છે, નિરાકાર છે, સર્વ વ્યાપક છે તેની સાથે વાતો ન થઈ શકે. રમી ન શકાય. તે અવ્યવહાર્ય છે માટે ન તેનો સંયોગ અનુભવી શકાય અને ન તેનો વિરહ અનુભવી શકાય. આ જ કારણે ભક્તોને ભગવાનના પ્રકટ, વ્યક્ત અને સાકાર સ્વરૂપનો જ આગ્રહ અને આસક્તિ હોય છે.

ભગવદીયોને આવા સંયોગ અને વિપ્રયોગાત્મક સ્વરૂપનો અનુભવ કરાવવા માટે જ ભગવાનનું રસાત્મક સ્વરૂપ પ્રકટે છે.

ભગવાનના ત્રૈલોક્યસુભગ સ્વરૂપનાં દર્શન વિ. માટે ભક્તોને ઉત્કટ ઈચ્છા જાગે. ભક્તોના હૃદયમાં સ્વાર્થના કારણે નહીં પરંતુ સહજ સ્નેહના કારણે જે વિરહ દુઃખ ઉત્પન્ન થાય છે તે માટે ભગવાન અવતરે છે. શ્રી હરિરાયજી મહાપ્રભુજી અનુસાર 'ક્રિયાત્મકસ્તુ સંયોગો લોકવેદનિરૂપિતઃ વિપ્રયોગસ્તુ ભાવાત્મા કેવલાનુ ભવૈકદ્રફ્ ' સંયોગ રસ ક્રિયાત્મક છે અને એ લોકવેદમાં નિરૂપિત કરવામાં આવેલો છે. જ્યારે વિપ્રયોગ રસ ભાવાત્મક છે અને તે કેવળ અનુભવથી જ જાણી શકાય એમ છે.

આ ક્રિયાત્મક અને ભાવાત્મક રસનો અનુભવ કરાવવા માટે, શ્રુતિઓને અને અગ્નિકુમારોને ફલરૂપ મૂલ લીલાઓનો અનુભવ કરાવવાને માટે, પ્રભુએ એમને આપેલા ' રસાનુભૂતિ' માટેના વરદાનને માટે ભગવાન અવતર્યા છે.

વેદની શ્રુતિઓના હૃદયમાં સતત એવો ભાવ રહેલો કે આપણે પ્રભુના ' રસો વૈ સઃ' રસાત્મક સ્વરૂપનું વર્ણન તો વારંવાર કરીએ છીએ પરંતુ આપણે એનો અનુભવ જ ક્યાં છે ? આ બાબતનો એમના હૃદયમાં સતત તાપક્લેશ રહેતો અને એથી પ્રભુએ એમને પોતાના રસાત્મક સ્વરૂપના દર્શન કરાવ્યા. આમ છતાં શ્રુતિઓનો એક મનોરથ તો અપૂર્ણ જ રહ્યો કે આ રસાત્મક સ્વરૂપનો સર્વાત્મક અનુભવ કેવો હોય ? જેના દર્શન માત્રથી આટલું બધું સુખ થાય છે. તેનો સર્વાત્મક અનુભવ ક્યારે થાય ? પ્રભુએ કૃપા કરીને એમને વરદાન આપ્યું કે, " સારસ્વત કલ્પમાં તમો વ્રજગોપી થશો અને હું તમને સર્વ સુખનું દાન કરીશ. મારા સ્વરૂપથી થતા સંયોગરસની અને વિપ્રયોગરસની તમને પરમ અનુભૂતિ થશે. તમે આ ઉભય દલાત્મક સુખમાં તરબોળ થઈ જશો."

અગ્નિ કુમારિકાઓને ભગવાન શ્રી રામચંદ્રજીના દંડકારણ્ય માં દર્શન થયાં હતા તે વખતે તેઓ બ્રહ્માજીના માનસપુત્રો હતા. શ્રી રામચંદ્રજીના કોટિકન્દર્પલાવણ્યના દર્શન કરતાં

તેઓ મુગ્ધ થઈ ગયા. તેઓએ માગણી કરી કે ? પ્રભુ અમોને તમારી દાસી બનાવો ! અમોને ય તમારા સંયોગ વિયોગની શૃંગારરસાત્મક અનુભૂતિ કરાવો" પ્રભુએ એમને શ્રીકૃષ્ણાવતારમાં તેમના આ મનોરથને પરિપૂર્ણ કરવાનું વરદાન આપ્યું માટે આ પ્રકારના, ભક્તોના ભાવાત્મક અનુભવને માટે ભગવાનનું પ્રાકટ્ય છે.

દ્રષ્ટિ પરી જા દિવસ તેં લાલ, તબતેં રૂચે નહિં આન ।
રજની નીંદ ન આવહી મોહિ વિસર્યો ભોજન પાન હો ॥
દરસન કોં નયના તપે લાલ, વચન સુનન કોં કાન ।
મિલવે કો હિયરા તપે મેરે જિય કે જીવન પ્રાન હો ॥
મન અભિલાષા હ્વૈ રહી લાલ, લાગત નયન નિમેષ ।
ઈક ટક દેખું આવતે પ્યારો નાગર નટવરભેષ હો ॥
પૂરણ શીશમુખ દેખકે, ચિત ચોટ્યો વાહી ઓર ।
રૂપ સુધારસ પાન કે લાલ, સાદર કુમુદ ચકોર હો ॥
શ્રી ગોવર્ધનવાસી સાંવરે...

ભક્તોની દ્રષ્ટિમાં જ્યારથી ભગવાનનું રૂપ વસે છે, ત્યારથી તેમને અન્યના દર્શનની રૂચિ જ નષ્ટ થઈ જાય છે. ભગવાનના દર્શન બાદ ચિત્તમાં વિકલતા અને અસ્વસ્થતા આવી જાય છે. વિરહાતુર ભક્તને ભૂખતરસ લાગતાં નથી. અન્નજળની યાદ ય આવતી નથી. રાત્રે નિંદર પણ વેરણ થઈ જાય છે.

પ્રીતમના દર્શન માટે નેત્ર સંતપ્ત થઈ ઉઠે છે. પ્રીતમના વચન સાંભળવા માટે કાન તરસ્યા થઈ ઉઠે છે. એના મિલનને માટે હૈયું તપી ઉઠે છે. કેમકે પ્રભુ ભક્તજીવના પ્રાણ છે તેનું જીવન છે. પ્રભુના પુનઃક્યારે દર્શન થશે. એની અભિલાષા વધુને વધુ તીવ્ર થતી જાય છે. આંખના જાણે પલકારા ય પડતા નથી. એકટક, અપલક દ્રષ્ટિથી પ્યારા નટવરના, નાગરનંદકિશોરના દર્શન કરવાનું મન થાય છે.

પૂર્ણિમાના ચંદ્ર જેવું ભગવાનનું મુખારવિંદ નીહાળવા મળે તેમાં જ ભક્તોને સુખ છે. એકવાર આ મુખચંદ્રના દર્શન કરી લીધા બાદ ચિત્ત ત્યાંને ત્યાં વળગ્યું રહે છે. જેમ ચકોરને ચંદ્રના દર્શનમાં જ સુખ છે. જેમ કુમુદિનીને ચંદ્ર જ ખીલવે છે એમ ભક્તોના હૃદયમાં ભગવાન જ સુખ અને શીતળતાનો સંચાર કરે છે.

શ્રી દામોદરદાસજીને શ્રી આચાર્યજી દર ત્રીજે દિવસે દર્શન આપતા અને પુષ્ટિમાર્ગના સિદ્ધાંતની વાર્તા કહેતા. જો ક્વચિત્ ત્રીજે દિવસે દર્શન ન થતાં તો તે દિવસે શ્રી દામોદરદાસજીના પેટમાં ભારે પીડા થતી, તેઓ અત્યંત કષ્ટ પામતા. એટલે કે શ્રી

મહાપ્રભુજીના દર્શનથી ૩ દિવસ સુધી સંયોગરસનો આવેશ રહેતો અને તેઓ એ આવેશમાં મગ્ન રહેતા. ત્રીજા દિવસે દેહની સ્મૃતિ આવતી અને તેથી વિરહનું કષ્ટ થતું. ફરી દર્શન થતાં અને ફરી તે સ્વરૂપાનંદમાં મગ્ન થઈ જતા.

આ છે સ્વરૂપનો સંયોગ રસ અને વિયોગરસ.

શિલા બુદ્ધિ શાલિગ્રામમાં, હરિસ્વરૂપ તે ધાતુ પ્રમાણે,
મનુષ્ય લહે ગુરૂદેવને જાતિભાવ વૈષ્ણવમાં ન આણે,
ન આણે મહાપ્રસાદ પ્રતિ અન્ન, હરિચરણોદક ન પ્રીછે જન;
વર્ણાશ્રમ તજે ન લે હરિ નામ, ઈત્યાદીકનો નર્કમાં ઠામ
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

અલૌકિક બાબતોમાં લૌકિક ભાવ કરવો એ સાધારણ મનુષ્યને માટે અપરાધ છે તો વૈષ્ણવને માટે તો મહાઅપરાધ છે. શાલીગ્રામ ભગવાનમાં શિલાબુદ્ધિ ન રાખવી. શ્રી ઠાકોરજીના સ્વરૂપને સોનું, ચાંદી કે પીત્તળ એવા ધાતુ સ્વરૂપે ન જોવું. પોતાના ગુરૂ મહારાજને મનુષ્ય ન માનવા. ભગવત્ સ્વરૂપ જાણવો. વૈષ્ણવની વૈષ્ણવતા જોવી તેની નાત-જાત ન જોવી. મહાપ્રસાદને અન્ન સમજવાથી અપરાધ થાય છે. અને ભગવાનના ચરણામૃતને જળ ન સમજવું. ભગવાનના જેટલા નામ છે. તે નામ ક. ખ. ગ. જેવા સાધારણ અક્ષરોથી બનેલા નથી. ભગવાનના નામ પણ સ્વરૂપાત્મક હોય છે. અલૌકિક તત્વોમાં લૌકિક ભાવ કદી ન લાવવો. ભક્તિમાર્ગીય સૃષ્ટિમાં, ભગવાન સંબંધી પદાર્થોમાં લૌકિકતા હોતી જ નથી.

ભગવત્ સ્વરૂપમાં ભગવાન જ બિરાજે છે. સ્વરૂપના હસ્ત, ચરણ વિ. માં પ્રભુના હસ્તે, ચરણ વિ. જ હોય છે. અલૌકિક ભાવ રાખનારાને અલૌકિક અનુભવ થશે.

નિગમ ચાર ષટ શાસ્ત્ર, અષ્ટાદશ પુરાણ ચૌદ વિદ્યાય,
વ્યાકરણ નવ બત્રીશે લક્ષણ, જાણે ચોસઠ કળાય,
કળા રાગ છત્રીશે ગાય, વિશદ કીર્તિ ચક્રવર્તિ રાય,
પણ નથી ભક્તિ જો નંદકુમાર, તો ધૂળ મળ્યું ધિક્કાર
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

ભગવાનની ભક્તિ ન હોય અને બીજા અસંખ્ય ગુણો હોય, યોગ્યતા હોય તો એ બધું કશા જ કામનું નથી. ભલે કોઈએ ચાર વેદનું જ્ઞાન મેળવી લીધું હોય, સાંખ્ય અને યોગ, ન્યાય અને વૈશેષિક, મીમાંસા અને વેદાંત એ ષડ્દર્શનનો એ જ્ઞાતા ભલે હોય. ચૌદ વિદ્યાઓ, અઢાર પુરાણો, નવ વ્યાકરણો, બત્રીસ લક્ષણો ભલે ધરાવે, એને ચોસઠ કળાઓ

આવડતી હોય, અનેક રાગિણી ગાતાં આવડતું હોય ત્રણે લોકમાં કીર્તિ સાંપડી હોય, ચક્રવર્તી રાજ્ય મળી ગયું હોય અને આ સિવાયના ય અનેક ગુણો સંપન્ન કર્યા હોય, આ બધા એકડા વિનાના મીંડા છે.

તપસ્વિનો દાનપરા યશસ્વિનો મનસ્વિનો મંત્રવિદઃ સુમંગલા :
ક્ષેમં ન વિન્દન્તિ વિના યદર્પણં તસ્મૈ સુભદ્રશ્રવસે નમો નમઃ

શ્રી શુકદેવજીએ કહ્યું છે મોટા મોટા તપસ્વી, દાની, યશસ્વી, મનસ્વી, સદાચારી અને મંત્રવેત્તાઓ જ્યાં સુધી પોતાની સાધનાઓને તથા સ્વયંને ભગવાનના ચરણોમાં સમર્પિત કરી દેતા નથી ત્યાં સુધી એમને કલ્યાણ ની પ્રાપ્તિ થતી નથી.

જીવ યોગ, યજ્ઞ, તપ વિ. કાંઈ કરી દે તો એના ઉપર પ્રભુ પ્રસન્ન છે અને એણે હજારો યોગ્યતા મેળવી હોય છતાં ભક્તિભાવ ન હોય તો બધું જ નકામું છે.

સ્વાધ્યાય - ૪૪

ભાવ

ભગવદ્ ભાવ એ ભગવદીયનો નિધિ છે, ખજાનો છે, વૈષ્ણવની વૈષ્ણવતાની એજ સાચી સમૃદ્ધિ છે આ નિધિના અભાવમાં એ કંગાળ છે. માટે યત્નપૂર્વક આ નિધિ સાચવવો.

તત્વદીપનિબંધમાં શ્રી વલ્લભ નિરૂપણ કરે છે કે, **विशिष्टरुपं वेदार्थ: फलं प्रेम च साधनम्** પુષ્ટિભક્તોને પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ જ ફલરૂપ છે, અને તે ફલ પ્રાપ્ત કરવાનું સાધન પ્રેમ જ છે.

રસની પૂર્વ અવસ્થારૂપ એવા આનંદનું સુક્ષ્મરૂપ એટલે પ્રેમ, એટલે આસક્તિ. શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરવાનું સાધન જો પ્રેમ છે તો પ્રેમ નું સાધન નવધા ભક્તિ છે. શ્રવણકીર્તન આદિ ભક્તિના સંસ્કાર બલ વિના, માત્ર સંસ્કાર બલથી કે ફલકામનાથી જે પ્રીતિ પ્રકટે છે. તે મુખ્ય પ્રેમાત્મક સાધન નથી. માટે ભગવાનમાં ભાવ જાગે. પ્રેમ પ્રકટે માટે નવધા ભક્તિરૂપ સાધન આવશ્યક છે. શ્રીકૃષ્ણ ગીતાજીમાં કહે છે કે,

भक्त्यात्वनन्या शक्य: अहमेवंविधोऽर्जुन । ज्ञातुं द्रष्टुं च तत्वेन प्रवेष्टुं च परंतप ॥ હે અર્જુન ! આવા પ્રકારનું જે મારૂં સ્વરૂપ છે. તેનું યથાર્થ જ્ઞાન, તેના દર્શન તથા તેમાં પ્રવેશ પણ અનન્યભક્તિબળે થઈ શકે છે.

ભક્તિમાં ય સૌથી વધારે મહત્વ ભાવનું છે. ભાવ એ ભક્તિનો પ્રાણ છે. ભાવવિનાની ભક્તિ ભક્તિ જ નથી. ભાવ ગમે તે હોય, જો નિત્ય અને દ્રઢ ભાવ હોય તો કોઈપણ પ્રકારનો ભગવાનમાં સ્થપાયેલ ભાવ કલ્યાણકર્તા થાય છે.

જેમ ભક્તિથી ભગવાનમાં મન લગાડીને ઘણા ઉત્તમગતિને પામ્યા છે તેમ કામથી, દ્વેષથી. ભયથી કે સ્નેહથી પણ ભગવાનમાં મન લગાડીને અનેક જીવો ભગવાનની ગતિ પામ્યા છે જેમકે,

गोप्य : कामाद् भयात्कंसो द्वेषाच्चैद्यादयो नृपा: ।
संबंधात्वृष्णय: स्नेहाद् यूयं भक्तया वयं विभो ॥

ગોપિકાઓ કામનાથી (ઉત્કટ પ્રેમલક્ષણા ભક્તિથી) કંસ ભયથી શિશુપાલ વિ. રાજાઓ દ્વેષથી, યાદવો સંબંધથી, પાંડવો સ્નેહથી તથા નારદ વિ. ભક્તિથી ભગવાનને પામ્યા છે.

(બીજ) ભાવ - વૃદ્ધિ.

ભક્તિવર્ધિની ગ્રંથમાં શ્રી મહાપ્રભુજીએ બીજ ભાવ અને એની દ્રઢતાના ઉપાયોની ચર્ચા સરસ રીતે કરેલ છે. બીજનો ભાવ દ્રઢતા જ છે. તેમ બીજભાવ ભક્તિ દ્રઢ થાય છે. જેમ મૂળની દ્રઢતા એ વૃક્ષની દ્રઢતા જ છે. તેમ બીજભાવ ની દ્રઢતા એ ભક્તિની દ્રઢતા છે.

શુદ્ધ પુષ્ટિમાર્ગીય આચાર્યની કૃપા પ્રાપ્ત કરી પોતાના માર્ગમાં કહેલ પ્રકારનું ભગવાનને નિવેદન કર્યા પછી ભગવાન અંગીકાર કરે એ જ બીજભાવ. શ્રીમહાપ્રભુજીમાં સદા ભક્તિભાવ રાખીને એમના માર્ગમાં રહેવું. એમની આજ્ઞાઓનું પાલન કરવું એ જ બીજભાવની દ્રઢતા ભાવની દ્રઢતા તેમજ ભાવની વૃદ્ધિ માટે આ જ મુખ્ય સાધન છે.

અન્ય સાધનમાં - પુષ્ટિમાર્ગીય ન હોય એવા સાધનના ત્યાગ વડે તેમજ ભગવાનના ગુણોના શ્રવણકીર્તન વડે ભક્તિભાવની વૃદ્ધિ થાય છે.

પુષ્ટિમાર્ગના ભાવાત્મક બીજની દ્રઢતા માટે અવ્યાવૃત્ત રહીને બીજાનો સંગ કર્યા વિના પોતાના ધર્મ અનુસાર ઘરમાં રહેતા રહેતા. શ્રવણ વિ. સાધનો કરતાં કરતાં શ્રીકૃષ્ણને ભજવા. તેમજ વ્યાવૃત્ત સ્થિતિમાં એટલે કે લૌકિક સંગ થાય ત્યારે પણ શ્રી હરિમાં ચિત્ત રાખીને સદા શ્રવણ વિ. માટે પ્રયાસ કરવો.

આ ભાવની વૃદ્ધિમાં પ્રથમ પ્રેમ, પછી આસક્તિ અને ત્યાર બાદ વ્યસન અવસ્થા આવે છે.

સ્નેહાદ્રાગ વિનાશઃ સ્યાત્ સ્નેહ રૂપ પ્રથમ અવસ્થા સિદ્ધ થતાં જ ભગવાન સિવાયના બધામાં રહેલ રાગનો નાશ થાય છે.

આસક્ત્યા સ્યાદ્ ગૃહારુચિઃ ભગવાનમાં આસક્તિ થાય ત્યારે ઘરમાંની આસક્તિ જતી રહે છે. ઘરમાં રહેનારાઓમાં બાધકપણાની - આ બધા મારી ભક્તિમાં અંતરાય કરનારા છે એમ પ્રતીતિ થાય છે. અને તેઓ સાથે માત્ર દેહનો જ સંબંધ છે. આત્માનો નથી એમ સ્પષ્ટ થાય છે.

યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થ : સ્યાત્તદૈવ હિ જ્યારે શ્રીકૃષ્ણમાં વ્યસન થાય ત્યારે જ જીવ ખરેખર કૃતાર્થ થાય છે. શ્રીકૃષ્ણના દર્શન વિ. વિના નહીં રહી શકાય એવી સ્થિતિ - વ્યસન અવસ્થા કહેવાય છે.

વૈષ્ણવે શ્રીહરિના સ્થાનમાં થોડે દૂર અથવા જરા વધારે દૂર તદીય-ભગવદીયોની સાથે, જે પ્રકારે ચિત્તમાં દોષ ન આવે તે પ્રકારે, રહેવું. ત્યાગનું સ્વરૂપ સમજ્યા વિના ઘર છોડી દેવામાં આવે તો દુઃસંગ અને અન્નદોષ જેવા વિઘ્નો સર્જાઈ શકે છે.

જો ભગવત્ સેવામાં અને ભગવત્કથામાં વૈષ્ણવને જીવનપર્યંત દ્રઢ આસકિત થાય તો એનો નાશ ક્યાં ય અને ક્યારેય નથી.

ભાવાત્મનોહ્યનુભવઃ સર્વો ભાવેન નાન્યથા

શ્રીકૃષ્ણ ભાવાત્મા હોવાથી એમની પ્રાપ્તિ તેમજ એમના ભજન (સેવા - સ્મરણ)ની પ્રાપ્તિ ય ભાવ થકી જ થાય છે.

ભાવ ઉત્કટતા -

લોક વેદ ભયાભાવો યત્ર ભાવાતિરેકતઃ ।

સર્વ બાધકતા સ્ફુર્તિઃ પુષ્ટિમાર્ગઃ સ કથ્યતે ॥

જે માર્ગમાં પ્રભુ પ્રત્યેના ભાવમાં ઉત્કટતા આવતાં, લૌકિક અને વૈદિક બાબતમાં કદી, કશો, કોઈનો ભય રહેતો નથી. લોક અને પરલોકમાં અમુક પ્રકારની હાનિ થશે. એવો ભય જરાય રહેતો નથી. ઉલટાનું ભગવત્સંબંધરહિત હરકોઈ વસ્તુ બાધક, દુઃખજનક થઈ પડે છે. તે પુષ્ટિમાર્ગ કહેવાય છે.

શ્રીમહાપ્રભુજી કહે છે કે ચિત્તમાં ભગવત્પ્રેમ સંપાદન કરવો. પછી એ પ્રેમસભર ચિત્ત ભગવાનને સર્વત્ર ગ્રહણ કરશે. સર્વતઃ અનુભવશે જેમ જીભ વસ્તુમાં રહેલા રસોને પોતે જ અનુભવે છે. અને તે તે રસના પૂર્વજ્ઞાનની અપેક્ષા રાખતી નથી. તેમ ભક્તિવાળું ચિત્ત પોતે જ ભગવાનને ગ્રહણ કરે છે.

નિર્ગુણ ભક્તિનું લક્ષણ જ એ છે કે લોકવેદ ભયની નિવૃત્તિ થઈ જાય. **પર્વત ભેદનમપિ કૃત્વા યથા ગંગાંભોઽમ્બુધૌ ગચ્છતિ** જેમ ગંગાજી પર્વત વિગેરેને ભેદીને ય સાગરમાં જાય છે. તેમ લૌકિક, વૈદિક પ્રતિબંધોને દૂર કરીને ભગવાનમાં મનની જે અવિચ્છિન્ન ગતિ છે, તે જ નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ છે.

ભાવોઽત્રસાધનં માર્ગે પ્રમેયં ભગવાન હિ સઃ આ માર્ગમાં ભાવ એ સાધન છે અને સાધ્ય ભગવાન છે.

પુષ્ટિમાર્ગમાં જેનું વરણ કરાયેલ છે તેને જ આ ભાવ પ્રાપ્ત થશે. મર્યાદામાર્ગીય જીવને સાધનમાં નિષ્ઠા થાય છે. જ્યારે પુષ્ટિજીવને તેનું વરણ કૃપામાર્ગમાં થયું હોવાથી તેની દ્રષ્ટિ પ્રભુના અનુગ્રહમાં થાય છે.

ભગવદ્ ભાવમાં જેમ ઉત્કટતા આવશ્યક છે. તેમ ભાવનું ગોપન પણ આવશ્યક છે. વૈષ્ણવે નિજ ઉત્કટ ભાવને હંમેશા હૃદયમાં સ્થાપિત કરી રાખવો જોઈએ. અને તેને કોઈની આગળ પ્રકટ ન કરવો જોઈએ. આ વર્તમાન કાળમાં તો મનુષ્યો બહિર્મુખ થઈ ગયા છે. એમ હોવાથી આપણો દિવ્ય ભાવ પ્રકટ ન કરવો.

પ્રકટ કિયે રસ જાય

ભગવાન ભાવાત્મા.

ભગવાન ભાવસ્વરૂપ છે. એ ભાવસ્વરૂપે આપમા સૌના હૃદયમાં બિરાજે છે. સેવા અને સ્મરણ કરતાં હૃદયમાં અનુભવાતો 'ભાવ' એ ભગવાનનું જ સ્વરૂપ છે.

શૃંગારના પૂર્વદલરૂપ પ્રભુ લોક અને વેદમાં પ્રસિદ્ધ છે માટે તો એ પ્રભુને લોકવેદપ્રથિત કહે છે. આ પ્રભુ શ્રુતિમાં સિદ્ધ સમગ્ર બ્રહ્મધર્મના આધારરૂપ, વાસુદેવાદિ ચાર વ્યૂહસહિત તે સમગ્ર આશ્ચર્યના ધામરૂપ છે.

જ્યારે વિપ્રયોગ શૃંગારાત્મક પ્રભુ ભાવની ગૂઢતાને કારણે ભક્તોના હૃદયમાં 'ભાવ'

રૂપે સ્થિતિ કરે છે. આ સ્વરૂપને અનુભવથી જ જાણી શકાય છે. ભાવતત્વ અનિર્વચનીય છે.

ભગવદ્ ભાવથી ભાવિત ભગવદીયોને સર્વ ફલ સિદ્ધ થાય છે. **ઈતરેષાં કાલિકાનાં કાલેન નિખિલં ગતમ્** ભાવરહિત જીવો તો કાળને આધીન હોય છે. તેમના સઘળાં સાધનો કરાલકાલ ખાઈ જાય છે. જો કે કાલ ભગવાનની વિભૂતિ છે. એ ભગવાનનો મુખ્ય અધિકારી હોવા છતાં ભગવાનની ઈચ્છા શક્તિનું સ્વરૂપ છે. માટે પ્રભુનાં ભક્તિપરાયણ ભાવયુક્ત ભગવદીયો પર એનું બળ ચાલતું નથી. કાળ સર્પ જેવો છે અન્યને એ ઝેરથી મારી શકે છે. પરંતુ અમૃત પાન કરનારને એ મારી ન શકે તેમ જેણે ભક્તિરસામૃતનું પાન કરેલ છે. તેને કાળસર્પ કાંઈ કરી શકે તેમ નથી.

ભાવ બાધક -

ભગવદીયોએ ભગવદ્ભાવને બાધક એવી લૌકિક મતિ કદી કરવી જ નહીં. ભક્તનું આવશ્યક એવું લૌકિક, વૈદિક સાધન પ્રભુ પોતે જ સિદ્ધ કરી આપે છે.

ભાવ વૃદ્ધિ અને ભાવ સંરક્ષણમાં અહંકાર, અસમર્પિત, અન્યાશ્રય અને દુઃસંગ આ ચાર મહાબાધકો છે.

ભગવાન સાથે કપટ કરવું. ભાવભક્તિમાં ચતુરાઈ (કાપટ્ય) પણ બાધક છે.

શુદ્ધભાવ : પ્રભૌ સ્થાપ્યો ન ચાતુર્યં પ્રયોજકમ્ પ્રભુમાં શુદ્ધ ભાવ સ્થાપિત કરવો જોઈએ. એમાં ચતુરાઈ ન જ ચાલે. પ્રભુ તો સર્વાન્તર્યામી છે. એ સૌના મનમાં રહેલા ભાવોને જાણે છે.

ભાવ ઉત્પત્તિ.

ભાવની ઉત્પત્તિ ક્યારે થાય?

'ઉત્તમ ભક્ત કો સંગ કરે, શ્રી ભાગવત શ્રી સુબોધિનીજી આદિ ગ્રંથ કો અહર્નિશ અવગાહન કરે. તબ ભગવદ્ભાવ ઉત્પન્ન હોઈ' વૈષ્ણવે ઉત્તમભાવવાળા ભગવદીયનો સંગ કરવો જોઈએ. જેમ ભીંજાયેલા વસ્ત્રની બાજુમાં કોરૂં વસ્ત્ર રાખવામાં આવે છે. તો કોરૂં વસ્ત્ર પણ થોડું તો ભીંજાય છે એમ ઉત્તમ ભક્તના સાંનિધ્યમાં આપણને ય ભગવદ્ભાવની પ્રાપ્તિ થાય છે. વળી ભગવદીયોના હૃદયમાં ભગવાન સદાય વસે છે. ત્યાં એ સેવા વડે બંધાયેલા છે માટે જેમના હૃદયમાં પ્રભુ બિરાજે છે એવા ભગવદીયોના સંગમાં રહેવું.

ગજ્જનધાવન જ્યાં સુધી ના આવ્યા ત્યાં સુધી શ્રીઠાકોરજી રાજભોગ ન આરોગ્યા એ બતાવે છે કે પ્રભુ ભક્તની સાથે બંધાયેલા છે.

જે વૈષ્ણવ શ્રી ઠાકોરજીના સ્વરૂપના સ્વરૂપને જાણે છે તેનો સંગ કરવો. જેની દ્રષ્ટિ અલૌકિક હોય એને ભગવાનનું સ્વરૂપ સમજાય છે અથવા જેને ભગવાનની આજ્ઞા થાય છે. ભગવાન સ્વયં પોતાનું સ્વરૂપ સમજાવે છે તે જ એમના સ્વરૂપને જાણે છે. આવા ભગવદ્

ભાવ સંપન્ન ભગવદીયો જે કાંઈ કરે છે તે ભગવાનને માટે જ કરે છે. તેઓ શ્રી ઠાકોરજીને માટે વિહરતાપનો અનુભવ કર્યા કરે છે, પોતાના દોષોનો વિચાર કરે છે. પોતાના સ્વરૂપનો વિચાર કરે છે. કે, " હું કોણ છું ? પહેલા હું શું હતો ? મારા જેવાને વળી ભગવદ્સંબંધ ક્યાંથી ? હવે હું કોણ થયો અને મારૂં શું કર્તવ્ય છે ?" જે આવા વિચાર અહર્નિશ કર્યા કરે ત્યારે તેને પોતાનું સ્વરૂપ સમજાય છે. આવા ઉત્તમ ભગવદીયનો સંગ કરવાથી ભાવ ઉત્પન્ન થાય.

જો કે ભગવદ્ ભાવ ઉત્પન્ન થયા બાદ ભગવદીયે એનું પ્રદર્શન ન થઈ જાય એ માટે સાવધાન રહેવું જોઈએ. પુષ્ટિભક્તિનો બીજભાવ એટલો બધો ગોપનીય છે, કે એને અત્યંત સંભાળપૂર્વક હૃદયમાં છુપાવી રાખવો જોઈએ. જેની તેની આગળ તો એને પ્રકટ કરી જ ન શકાય.

કાશીના હરિવંશ પાઠક પટણા વ્યવહાર માટે ગયા હતા અને ડોલ ઉત્સવના દિવસો નજીક આવ્યા. શ્રીઠાકોરજીએ હરિવંશ પાઠકને જણાવ્યું, "તુ મને ડોલ નહીં ઝૂલાવે ?" હરિવંશ મનમાં વિચારે કે દિવસ તો થોડા રહ્યા જવું કઈ રીતે ? ચાલીને તો ન જ પહોંચાય. માટે ત્યાંના હાકેમની પાસે ઘોડા અને સહાયક માણસો માંગ્યા. તેમને હાકેમ સાથે સારો મેળ હતો. ઘણીવાર તે કહેતો કે, "તમે જે માગો તે આપું." ત્યારે હરિવંશી એમ કહેતા કે, ? કોઈ દિવસ કામ પડશે તો કહીશ."

હરિવંશ પાઠક ૩ દિવસમાં કાશી આવ્યા. શ્રીઠાકોરજીને ખૂબ ભાવથી ઝૂલાવ્યા. દસપંદર દિવસ કાશીમાં રહ્યા પછી પટણા પાછા આવ્યા છે. હાકેમને મળ્યા. ત્યારે તેણે પૂછ્યું કે ઘરમાં એવું શું જરૂરી કામ હતું કે આ માગ્યું ? એ ધનસંપત્તિ માંગી હોત તો લાખ રૂપિયાનું ઈનામ આપત !" હરિવંશ પાઠકે એમ ન જણાવ્યું કે શ્રીઠાકોરજીની આજ્ઞા થઈ માટે ઉત્સવ કરવા માટે ગયો હતો. એમણે તો કહ્યું કે, " અમે ગૃહસ્થ છીએ. ઘરના અનેક કામ હોય છે માટે ગયો હતો.!" આમ એમણે પોતાનો ભાવ અને ધર્મને ગૂઢ રાખ્યો. પ્રકટ ન કર્યો.

આ અલૌકિક માર્ગમાં ભગવત્સ્વરૂપ તો ભાવાત્મક છે. પણ તેમની સેવાનો પ્રકાર અને સેવોપયોગી સામગ્રી પણ ભાવરૂપ છે. ભાવ સભર વસ્તુ પ્રભુ અવશ્ય અંગીકાર કરે છે. અને તે પણ જેવો ભાવ હોય તેવી રીતે તેને અનુભવે છે. પદ્મનાભદાસને દ્રવ્યનો સંકોચ હતો માટે શ્રીઠાકોરજીતે છોલા-ચણા) તળીને સમર્પતા. પાતળમાં એક મૂઠી ખીરની. જુદાજુદા શાકની ભાવના કરી કરીને અલગ અલગ મૂઠી ધરતા. એવું નિત્ય કરતા. એક દિવસ શ્રીમહાપ્રભુજી પધાર્યા. પાતરમાં ચણાની અલગ અલગ ઢગલી જોઈને પૂછયું, " આ બધી ઢગલી અલગ અલગ કેમ છે ? ત્યારે પદ્મનાભદાસે કહ્યું, " આ દાળ છે, આ ભાત છે. આ ખીર છે. આ કઢી છે. આ બધા શાક છે." પદ્મનાભદાસના આવા ભાવને જોઈને શ્રી આચાર્યજીનું હૃદય ભરાઈ આવ્યું. ભગવદીય જે ભાવથી જે સામગ્રી ધરતા પ્રભુ તેને તે જ ભાવથી આરોગતા.

વૃંદાવન, ક્યો ન ભયે હમ મોર !
કરત નિવાસ ગોવર્ધન ઉપર, નિરખત નંદકિશોર....
ક્યોં ન ભયે બંસી કુલ સજની, અધર પીવત ઘનઘોર
ક્યોં ન ભયે ગુંજા બન બેલી, રહત શ્યામજુકી ઔર...
ક્યોં ન ભયે મકરાકૃત કુંડલ, સ્યામ શ્રવણ ઝકઝોર
"પરમાનંદદાસ" કો ઠાકુર, ગોપિન કે ચિતચોર...

ભક્તિ પોષણ

શ્રમ કરી સહુ વિદ્યા ભણ્યો, મહા પંડીત કહાવ્યો જગત,
પણ તેનો સાર સમજ્યો નહિ, ને થયો ભગવંત નો ભક્ત,
ભક્તિ વિના શ્રમ એફળ સાર, જેમ રાસભ વહે ચંદન ભાર
જેમ અહિ મણિ ધુતિ મેળવે આહાર, તેમ તે ઉદર ભરે ધિક્કાર
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

ભારે પરિશ્રમ કરીને કોઈ સૌ વિદ્યા મેળવી લે, આખા જગતમાં એને પંડિત તરીકે માન મળે. એ સઘળી વિદ્યાનો સાર ભગવાનની ભક્તિ છે. જો એ ભક્ત થાય તો અવશ્ય તેને શાસ્ત્રજ્ઞાન થયેલ છે. અને જો એ ભક્ત ન થયો તો તેને જ્ઞાન મળ્યું ખરૂં પણ ફળ્યું નહીં.

ગધેડા પર ચંદનના કાષ્ટનો ભારો રાખ્યો હોય તો ગધેડાને કોઈ આનંદ નથી. એને માટે તો ચંદન પણ ભારરૂપ છે. એમ જ્ઞાન, વિદ્યા, પાંડિત્ય વિ.નો સાચો આનંદ પણ ત્યારે જ સાંપડે છે જ્યારે બધું ભગવદીય બનવામાં કામ આવે. મણિધર નાગના મસ્તકે મણિ હોય છે. એ મણિ નાગની શોભા છે પરંતુ નાગ એ મણિનો ઉપયોગ આહાર શોધવા, ભક્ષણ કરવામાં જ કરે છે. એમ પંડિત જ્ઞાનનો ઉપયોગ કરે છે.

સ્પર્શ મણિના પુર વિષે, રહ્યું ચિંતામણીમય ધામ,
કલ્પવૃક્ષની વાડ ગાય ઘેર કામદુર્ગા જેનું નામ,
કામદુર્ગા અક્ષય પાત્ર અતૂલ, નવનિધિ અષ્ટમા'સિદ્ધિ અનુકૂળ
પણ નથી વલ્લભ શ્રીવ્રજનાથતો એટલું મળે ઘસવા હાથ.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

અભક્તનો જ્ઞાનવૈભવ જેમ વ્યર્થ છે તેમ અભક્તનો ધનવૈભવ પણ વ્યર્થ છે. ગમે તેટલી ઊંચી કક્ષાના ભૌતિક વૈભવને પ્રાપ્ત કરીનો પણ માનવી કૃતાર્થ નથી એ એણે સમજી

લેવું જોઈએ.

શ્રી દયારામે વૈભવની સર્વોચ્ચ ભૂમિકા રજુ કરી છે. ધારો કે તમોને પારસ મણિથી રચેલી નગરીમાં ચિંતામણિઓથી બનાવેલો મહેલ સાંપડે. એ મહેલની આજુબાજુની વાડ સામાન્ય વૃક્ષોની નહીં પરંતુ કલ્પવૃક્ષોની વાડ હોય અને તમારે ત્યાં કામધેનુ પાળેલી હોય. ધારો કે તમોને અક્ષય પાત્રની પ્રાપ્તિ થઈ ગઈ અને તમે અષ્ટમહાસિદ્ધિઓ. નવનિધિઓ પ્રાપ્ત કરી લીધા. તો આ બ્રહ્માંડમાં તમારા જેટલું ધનવાન, સમૃદ્ધ કોઈ જ નથી.

આટલો વૈભવ હોવા છતાં જો ભગવાન વહાલા નથી. જો ભગવાનની ભક્તિ સાંપડી નથી તો તમને કાયમનો પસ્તાવો થશે. અપાર વૈભવ માનવીને એ સુખ આપી શકતો નથી. જે સુખ એ શ્રીહરિના ભજનમાં સાંપડે છે.

અહો બત મમાનાત્મ્યં મંદભાગ્યસ્ય પશ્યત । ભવચ્છિદ : પાદમૂલં ગત્વાયાચે યદન્તવત્ ॥ ભગવાન પાસેથી વરદાનમાં ૩૬ હજાર વર્ષનું રાજ્ય ને અચલ ધ્રુવલોકમાં સ્થિતિ મેળવ્યા પછી ય ધ્રુવજીના મનને ખેદ થયો. મંદભાગ્યવાળો છું હું ! મારી મૂર્ખતા તો જુઓ ! સંસારપાશને છેદનારા ભગવાનના ચરણકમળને પામીને ય એમની પાસે નાશવાન વસ્તુની યાચના કરી ! સનકાદિ સિદ્ધજનો પણ જેમને સમાધિ દ્વારા અનેક જન્મો બાદ પ્રાપ્ત કરી શકે છે. ભગવચ્ચરણોની છત્રછાયા મને છ જ માસમાં મળી ગઈ ! પરંતુ ચિત્તમાં બીજી વાસના રહેવાના કારણે હું પાછો એ છત્રછાયા ગુમાવી બેઠો !"

બધું મળે પણ ભગવાનની ભક્તિ ન મળે, ભગવદાશ્રય ન મળે એને શ્રીમદ્ ભાગવત્ 'ભાગ્ય વિવર્જિત' કહે છે.

સ્વાધ્યાય - ૪૫

મોક્ષ.

અહંતા - મમતા ત્યાગ

શ્રીમહાપ્રભુજી બાલબોધ ગ્રંથમાં અહંતા - મમતાના ત્યાગની આવશ્યકતા સમજાવે છે કે,

અહંતા મમતા નાશે સર્વથા નિરહંકૃતૌ સ્વરૂપસ્થો યદા જીવઃ કૃતાર્થઃ નિગદ્યતે અહંતા - મમતાનો નાશ થઈને, ' હું કાંઈ કરતો નથી.એમ બધી રીતે અહંકારની નિવૃત્તિ થયે દેહાભિમાની જીવાત્મા જ્યારે પોતાના સ્વરૂપમાં એટલે આત્મજ્ઞાનમાં નિષ્ઠાવાળો થાય ત્યારે એ જીવાત્મા કૃતાર્થ(મુક્ત) થાય છે.

સ્થૂલ દેહ તેમજ લિંગ દેહમાં 'હું છું.' એ અજ્ઞાનનો નાશ. સાંખ્ય શાસ્ત્રના મને સ્થૂલ દેહ પંચભૂતથી બનેલો છે. તેમ જ સૂક્ષ્મ (લિંગ) દેહ ૧૧ ઈન્દ્રિયો, ૫ તન્માત્રા અને ૧ બુદ્ધિ એમ સત્તર તત્વથી બનેલ છે. આ દેહમાં રહેલી અહંતાને નિવૃત્ત કરવી જોઈએ. તેમજ ઘર, સંપત્તિ, પરિવાર વિ.માં 'આ બધું મારૂં છે' એવી મમતાને પણ ત્યાગ કરવો જોઈએ.

જનો વૈ એતસ્મિન્નાવિદ્યાકામકર્મભિઃ જીવને સંસારના બધા જ અનર્થનું મૂળ અહંકાર છે. આ જગતમાં પ્રથમ તો મનુષ્યને દેહાદિમાં અહંકાર અને દેહાદિસંબંધીમાં મમતા થાય છે. તે પછી વાસનાઓ પ્રકટે છે. તેને આધીન થઈને તે સારા ખોટા કર્મો કરે છે. અને તે કારણે ઉચ્ચનીચ ગતિઓ પામે છે. અને આ બધી જંજાળમાં તે પોતાના મૂળ સ્વરૂપને વિસરી જાય છે.

છિદ્રવાળા પાત્રમાંથી જેમ જળ વહી જાય છે તેમ માનવીનું આયુષ્ય વહી જાય છે. એને ખબર ય પડતી નથી. ભગવદીયે ક્ષણમાત્ર ના ય વિલંબ વિના ચિત્તને ભગવચ્ચરણમાં જોડી દેવું. દેહ તો નાશવંત છે દેહાદિ સાથેનો સંબંધ તો અવિદ્યાજનિત છે. અહંતામમતા રૂપ છે. સંસાર પણ એનાથી જ ઉત્પન્ન થયેલ છે. ઉત્તમ ભક્તે સાંસારિક સંબંધને સત્ય માની ન લેવો. અવિદ્યાજનિત સંબંધો અનિત્ય તેમજ દુઃખપ્રદ જ હોઈ શકે. આ સંબંધજનિત સુખદુઃખને ય સત્ય ન માનવું. આ બધા એટલે કે અવિદ્યા - અહંતામમતાત્મક સંસાર - સાંસારિક સંબંધો - સંબંધજનિત સુખદુઃખના અનુભવો આ બધાથી મુક્ત થવા માટે હરિં શરણમાવ્રજેત્' શ્રી હરિના શરણે જવું શ્રી હરિ સ્વભાવથી જ દુઃખ અને દુઃખોના કારણોનો નાશ કરશે.

સર્વત્ર ભગવાનના કર્તૃત્વનો વિચાર કરે તે અહંતા - મમતાને નિવારવાનો ઉપાય સરળતાથી કરી શકે છે. વિશ્વની સર્વ ઘટનાઓનું કર્તૃત્વ ભગવાનના હાથમાં છે, સુખદુઃખ, સર્વના સંયોગ - વિયોગ વિ. બધું જ એમની ઈચ્છાથી થાય છે.

नूनं भूतानि भगवान् युनक्ति वियुनक्ति च ।
वायुर्यथा धनानीकं तृणतूलं रजांसि च ॥
संयोज्याक्षिपते भूयस्तथा भूतानि भूतकृत् ॥

જેમ વાયુ વાદળાંઓના સમૂહને, ઘાસને, રૂ તેમ ધૂળને એકબીજા સાથે જોડી દઈને ફરી પાછાં વિખૂટા પાડે છે. તેમ પ્રાણીઓના સૃષ્ટા ભગવાન સર્વ પ્રાણીઓને એકબીજા સાથે જોડે છે. અને વિખૂટા પાડે છે. જો બધું ભગવાન જ કરી રહ્યા હોય તો જીવે અહંકાર કરવાનો આધાર જ ક્યાં રહ્યો.

સામાન્યતઃ જ્યાં સુધી ગુણોનું પરિણામ, તેમજ બુદ્ધિ, મન, ઈન્દ્રિય અને શબ્દાદિ વિષયોનો સંધાન એવો આ લિંગદેહ મોજૂદ છે ત્યાં સુધી જીવમાં સ્થૂલદેહના પ્રત્યે ' હું અને મારૂં (અહંતા-મમતા) નો ભાવ નષ્ટ થતો નથી.

મુક્તિ.

मुक्तिर्हित्वान्यथारूपं स्वरूपेण व्यवस्थितिः અન્યથા રૂપને છોડીને (એટલે કે પ્રકૃતિના બનેલા અહંતા-મમતા છોડીને) સ્વરૂપમાં રહેવું એ જ મુક્તિ.

જ્યારે પંચમહાભૂતો, ઈન્દ્રિયો, ઈન્દ્રિયોના વિષયો અને અંતઃકરણ એ સર્વથી રહિત પોતાના આત્માને ભગવાનની સાથે એકસ્વરૂપે જુએ છે. ત્યારે તે આત્મા મુક્ત થયેલો ગણાય.

જીવની સંસાર-નિવૃત્તિ એ જ મુક્તિ છે. સંસાર એક વસ્ત્ર એવી ભાવના કરીએ તો જેમ વસ્ત્ર તાણા અને વાણા એવા બે દોરાઓથી સર્જાય છે. એમ કર્મ અને વાસનારૂપી તાણાવાણા વડે સંસારવસ્ત્રનું નિર્માણ થાય છે.

હવે કર્મનો નાશ તો શક્ય નથી પરંતુ ભગવાની પ્રસન્નતા માટે કર્મ કરવામાં આવે તો સંસાર - નાશ થઈ જાય છે. અથવા વાસનાને ભગવાન તરફ વાળતાં તેનું રૂપાંતર ઉપાસના સ્વરૂપે થઈ જાય. શ્રીમુકુંદની ઉપાસના પણ જીવને મુક્તિનું દાન કરે છે.

ભક્તિમાર્ગમાં તો સર્વાત્મભાવથી ભગવાનના થઈને રહેવું એ જ મોક્ષ છે.

મુક્તિ નિરપેક્ષ.

સરિતા સાગરમાં મળી જાય એમ જીવ સ્વરૂપથી પણ ભગવાનમાં મળી જાય ભળી જાય તે મુક્તિ સાયુજ્ય મુક્તિ કહેવાય ચે. ભક્તો કદી મુક્તિ ચાહતા નથી કેમકે **ब्रह्मानंदे प्रविष्टानां न भक्तिविलासः** બ્રહ્માનંદ (મુક્તિ) ની સ્થિતિમાં પ્રવિષ્ટ થઈ ચૂકેલા જીવોને ભક્તિનું સુખ સુલભ થતું નથી.

અનુભવ કરવા માટે ભિન્નતા હોવી જરૂરી છે. **अनुभवरसो हि भिन्नतया**

સ્થિતૌ ભવતિ માટે ભક્તો ભગવાનથી થોડો ભેદ તો રાખવા ચાહે જ છે.

મુક્તિ અને ભક્તિ આ બંને ભવસાગરમાંથી છોડાવનાર છે એટલું સામ્ય તો છે. છતાં વિશેષતા તો એ છે કે મુક્તને મોક્ષમાં અક્ષર બ્રહ્મની અનુભૂતિ સાંપડે છે. અક્ષર તો અવ્યક્ત છે. ભક્તિમાર્ગમાં તો પરમાનંદના અનુભવની પ્રાપ્તિ છે. આ અનુભૂતિ વ્યક્ત છે. એટલે ભક્તો સદા ભક્તિની જ કામના કરે છે.

ભક્તિમાર્ગમાં મુક્તિ નહીં પરંતુ ભક્તિ જ પરમ પુરૂષાર્થ છે. મુક્તિ કરતાં ભક્તિ અધિક છે. માટે જ ચતુઃશ્લોકીમાં મોક્ષ પુરૂષાર્થના નિરૂપણમાં **સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્** સ્મરણ અને ભજનનો ત્યાગ ન કરવો એમ શ્રીવલ્લભનો મત છે. મુક્તિના સ્થાને સ્મરણ અને ભજનનું નિરૂપણ છે. એટલે કે વિપ્રયોગમાં ચિત્તમાં ભગવાનનું સ્મરણ કરવું અને સંયોગમાં નિરંતર સેવા કરવી એ જ ભગવદીયની મુક્તિ છે. આ બે અવસ્થા છે ત્યાં સુધી ભકિત છે માટે એણે આ બે કદી ન છોડવા.

અધિકારી.

સત્સેવારૂચિઃ ભગવત્સ્વરૂપજ્ઞાનેચ્છા શાસ્ત્રપરત્વાં ચાન્તિમજન્મ-જ્ઞાપકમ્ સંતોની સેવામાં રૂચિ, ભગવાનના સ્વરૂપના જ્ઞાનની ઈચ્છા અને શાસ્ત્ર પરાયણતા ત્રણ લક્ષણો અંતિમ જન્મના સૂચક છે. એટલે કે આ ત્રણ લક્ષણ ધરાવનારાનો પુનર્જન્મ થતો નથી.

સાંસારિક ચિંતન છોડે તો જ મુક્તિ મળે. જેમ સ્વપ્નમાં કોઈપણ પદાર્થ વિદ્યમાન નથી તો પણ જાગ્યા વિના સ્વપ્ન જનિત અનર્થની નિવૃત્તિ થતી નથી. એ જ પ્રમાણે સાંસારિક વસ્તુઓ કે જે માયારચિત છે. તો પણ અવિદ્યાવશજીવ એનું ચિંતન કરે છે. તેથી એનો જન્મમરણરૂપ સંસારથી છુટકારો થતો નથી.

ભગવાન કપિલ કહે છે કે, " જેઓ આલોક, પરલોક તેમજ સંપત્તિ, પશુ, ગૃહ વિગેરે બધાનો ત્યાગ કરીને એટલે કે લૌકિક, પરલૌકિક સંબંધી વસ્તુઓમાંથી સ્નેહ સંકેલી લઈને નિર્લેપ રહીને અનન્યભાવે મને ભજે છે તેને હું મૃત્યુની પેલે પાર લઈ જાઉં છું. એટલે કે સનકાદિમુનિઓની જેમ મુક્ત છતાં દેહધારી એવી અવસ્થા પ્રાપ્ત કરે છે.

ભગવાનથી મુક્તિ

જ્ઞાન અને ભક્તિનું પ્રતિપાદન કરનારા શાસ્ત્રો જેમ સાધનરૂપ છે. તેમ ભગવાનનું સ્વરૂપ પણ મુક્તિ માટે સાધનરૂપ છે. ભગવાને મુક્તિનું દાન કરવા અવતાર લીધો છે. (મુક્તિદાન પણ એક અવતાર હેતુ છે.) આ માટે જ પ્રભુ સચ્ચિદાનંદ રૂપથી પ્રકટ થયા છે. માટે 'કોઈપણ' જીવ 'ગમે તે' ઉપાયથી ભગવાન સાથે સંબંધ પ્રાપ્ત કરે. તે મુક્તિ પામે છે. ભલે તે જીવ પાસે જ્ઞાન કે ભકિતરૂપ મુક્તિ સાધન ન હોય.

જ્ઞાન અને ભક્તિનો તો ભગવાનના આવિર્ભાવ માટે જ ઉપયોગ છે. આ આવિર્ભાવ

જો બીજી રીતે સિદ્ધ હોય તો જ્ઞાન અને ભક્તિનો ઉપયોગ નથી.

ભગવાનનો આવિર્ભાવ ત્રણ રીતે અથવા ત્રણ કારણે થાય. નિજ ઈચ્છાથી જ્ઞાનથી અથવા ભક્તિથી. જ્યારે ભગવાનનો અવતાર થયેલ ન હોય ત્યારે જ્ઞાન અને ભક્તિ આ બેમાંથી એક મુક્તિનું સાધન બની શકે છે. પરંતુ જો ભગવાન પ્રકટ જ હોય તો - એટલે કે અવતાર કાલમાં (મુક્તિ માટે) જ્ઞાન અને ભક્તિનું પ્રયોજન રહેતું નથી. જેમકે, વર્ષાઋતુમાં જળ સર્વત્ર સુલભ હોય છે. ત્યારે કુવા કે નદીનું પ્રયોજન રહેતું નથી.

જેમ ભક્તિથી ભગવાનમાં મન લગાડીને ઘણા મનુષ્યો પરમાત્માની ગતિને પામ્યા છે. તેમ કામથી, દ્વેષથી, ભયથી તથા સ્નેહથી પણ ભગવાનમાં મન યોજીને અનેક મનુષ્યો તેમની ગતિને પામ્યા છે. ગોપિકાઓ કામના (સ્નેહ) થી, કંસ ભયથી, શિશુપાલ જેવાઓ દ્વેષથી, યાદવો સંબંધથી, પાંડવો સ્નેહથી તેમજ નારદાદિ મુનિઓ સ્નેહથી ભગવાનને પામ્યા છે.

ભગવાન કહે છે, "હું જ પ્રકૃતિ અને પુરૂષનો નિયામક છું. હું જ સર્વ પ્રાણીઓના આત્મારૂપ છું. મૃત્યુરૂપી તીવ્ર ભય મારા સિવાય બીજા કોઈથી નિવૃત્ત થતો નથી."

હરિ ભક્તનસું ગર્વ ન કરનો
યહ અપરાધ પરમ પદહુ તે ઉતર નરકમેં પરનો...
હું કુલિન ધનવાન યહ ભિક્ષુક, ઈતનો મનમેં નાહીં ધરનો
રાજસિંહાસન અશ્વ પાલખી તાસુ ભવસાગર નહીં તરનો...
ખાનપાન બનાયે ભલેજું વદનપસાર ફેરફૂ ભરનો
સૂરદાસ યહ સત્ય કહત હીં, ભક્તન કે સંગ ઉબરનો...

એકવાર કાશીના રાજાને મન થયું કે ચાલો શેઠ પુરૂષોત્તમદાસને મળું ! ગંગાપાર રહેનારો, તે રાજા વહેલી સવારે શેઠને મળવા આવ્યો. તે સમયે શેઠ નાની પોતડી પહેરીને છાણ એકઠું કરતા હતા. શેઠના માણસોઓ શેઠને કહ્યું કે, "તમને મળવા રાજા આવે છે. તો સારા વસ્ત્રો પહેરીને ગાદી પર બેસો" ત્યારે શેઠે કહ્યું કે, "ભલે ! રાજાને આવવા દો. રાજા આવે છે તો શું થયું ?" રાજા આવ્યો ત્યારે શેઠ છાણ ભરેલા હાથથી રાજાની આગળ આવ્યા. રાજા સમજુ હતો તેણે કહ્યું, "શેઠજી ! તમે ધન્ય છો. એક તમારી મોટાઈ સંસારમાં છુટી છે. શેઠેકહ્યું, "અમે ગૃહસ્થ છીએ. ઘરનું કામ પણ કરવું જોઈએ." રાજા પ્રસન્ન થઈને પાછો ગયો. શેઠને પ્રતિષ્ઠાની ચાહના જરાય ન હતી.

ભગવાનની ભક્તે કદી ગર્વ ન કરવો. ગર્વ કરવો અપરાધ છે. આ અપરાધ કરે તે ગમે તેવા પરમ પદ પર આરૂઢ હોય તે ત્યાંથી પતિત થઈને નરકમાં પડે .છે. જયવિજય વૈકુંઠમાં ભગવાનના દ્વારપાલ હતા પરંતુ અભિમાનના કારણે તે વૈકુંઠથી ય નીચે પડ્યા.

હું ઉચ્ચકુળમાં જન્મેલો છું, હું ધનવાન અને આ ભીખારી છે.એવા વિચારો મનમાં કદી ન લાવવા. બીજાની સંકટ દશામાં કદી રાજી ન થવું જે દુઃખ આજે બીજા પર પડી રહ્યું છે તે કદાચ કાલે આપણા ઉપર પણ આવી પડે ! જે ગર્વ કરે છે. તે દુઃખી થાય જ છે. સુખસમૃદ્ધિ અંતકાળે કશાય કામની નથી. રાજસિંહાસન પર ચઢીને કે, ઘોડા પાલખી પર આરૂઢ થઈને કોઈ ભવસાગર પાર કરી શક્યું નથી. કાળની આગળ રાજા અને રંક, જ્ઞાની અને અજ્ઞાની, બળવાન અને નિર્બળ બધા જ સરખા છે. માનવી જીવનમાં ગમે તેટલું ખાય પીવે, મેવા-પકવાન આરોગે ગમે તેટલા ઉચ્ચકોટિના ભોગ ને ભોગવે.પરંતુ અંતે તો એને મોં ફાડીને મરવાનું જ રહે છે. માનવી જો પોતાનો એ ઉદ્ધાર થાય એમ ઈચ્છતો હોય તો એણે ભગવદીયોના સંગમાં રહીને અહંતામમતાનો નાશ કરવો જોઈએ.

કહા કરૂં વૈકુંઠ હી જાઈ ?
જહાં નહિં નંદ જહાં ન જસોદા, જહાં ન ગોપી ગ્વાલ અરૂ ગાઈ
જહાં ન જલ જમુનાકો નિર્મલ, ઔર કદમન કી છાંઈ
'પરમાનંદ' પ્રભુ ચતુર ગ્વાલિની, વ્રજરસ તજિ મેરી જાય બલાઈ...

વ્રજ વ્હાલું વૈકુંઠ નહીં આવું ! ભગવદ્ ભક્તોએ કાયમ મોક્ષનો ઈન્કાર કર્યો છે જે સુખ હરિભજનમાં, ભગવદ્ દર્શનમાં મળે છે. સેવા અને સ્મરણમાં મળે છે. એ વૈકુંઠવાસમાં નથી મળતું. એ ભગવદીયોની અનુભવવાણી છે. સૂરદાસ, તુલસી, નરસિંહ, મીરાં, દયારામ જેવા કેટકેટલા ભક્તકવિઓએ મુક્તિનો અસ્વીકાર કર્યો છે.

મુક્તિ એટલે અપુનર્ભવ, પુનર્જન્મ ન થવો. જન્મમૃત્યુને જંજાળ માનીને જ્ઞાનીઓ, યોગીઓ એમાંથી મુક્ત થવા ઈચ્છતા હશે. જ્યારે ભક્તોએ તો વારંવાર ભગવાનની સેવા કરવા, સ્મરણ અને સત્સંગનો લ્હાવો લેવા માટે પુનઃપુનઃ જન્મ માગ્યો છે. 'હરિના જન તો મુક્તિ ન માંગે'

મુક્તિ એટલે ભગવાનમાં લય. ભક્તોને તો ભગવાનના દર્શન કરવા છે. લીલાના દર્શન કરવાં છે તેઓ ભગવાનના લીલા ધામમાં જ વાસ ઈચ્છે છે. જ્યાં શ્રી નંદરાયજી નથી જ્યાં વાત્સલ્યમયી શ્રી યશોદાજી નથી એ વૈકુંઠ શું કામનું ? નથી વૈકુંઠમાં વ્રજગોપીઓ નથી ભગવાનના અંતરંગ ગોપસખાઓ. વૈકુંઠમાં ગોપાલને વહાલી ગાયો પણ નથી.

જ્યાં શ્રી યમુનાજીનું નિર્મલ જલ નથી. કદંબવૃક્ષોની શીતળ છાયા નથી ત્યાં કોણ જવા ઈચ્છશે ? ચતુર ગોવાલણ તો એમ જ કહે છે કે, "આ વ્રજનું સુખ છોડીને જે મારી બલારાત હોય તે વૈકુંઠ જવાની વાત કરે."

ભગવાન શ્રીકૃષ્ણના સ્મરણ અંતે અહંતા મમતાનો ત્યાગ કરીને શ્રીકૃષ્ણને ભજે, એ જ એનો પરમ પુરૂષાર્થ છે.

વિમુખની વ્યર્થતા

કૃષ્ણ કીર્તન નહિ કર્ણમાં તે શ્રવણ રાફડા કહિએ
નિરખ્યા નહિ જેણે નેત્રે હરિ કેકીપીછ ચાંદલા તે લહીએ
લહિયે દાદુર જીવ્હા હરિ, નવ બોલે કરપદ સેવા રહિત શબતોલ
વૃક્ષ જીવન શ્વાસ ધમણ સમાન, ગ્રામશુક્ર સમ છે ખાનપાન.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

ભગવદીયનું સ્વરૂપ ભગવાનના સ્વરૂપ સાથે ભક્તિના સંબંધથી બંધાય છે, એ જ એની સાર્થકતા છે. જે કાનમાં કૃષ્ણકીર્તનનું શ્રવણ થતું નથી. તે કાન જાણે સર્પને રહેવાના રાફડા જ છે. જેમની આંખો ભગવદ્દર્શનમાં કામ આવતી નથી. તેમની આંખો દેખાવની જ આંખો છે. જાણે મોરપિચ્છમાંનો ચાંદલો ન હોય.

જે જીભ પ્રભુના ગુણગાન કરવામાં પ્રવૃત્ત નથી તે જીભ દેડકાની જીભ જેવી જાણવી. જેના હાથ-પગ હરિસેવામાં વપરાયા ન હોય તે મૃતદેહના હાથપગ જાણવા. સેવા રહિત માનવીના જીવનને વૃક્ષની જેમ જડતા, મૂઢતાયુક્ત જાણવું. તેના શ્વાસ ચાલે છે તો શું થયું હવાની અવરજવર તો લુહારની ચામડાની ધમણમાં ય થાય છે. આવા વિમુખના ખાન-પાન સાવ અધમ કોટીએ હોય છે. ગામમાં ભટકતા ભૂંડની જેવી દશા તેની દશા. એટલે કે જે વિમુખ છે. તેનું બધું વ્યર્થ છે અને જે સન્મુખ છે. તેનું બધું સાર્થક છે.

દ્રષ્ટિ તેવી સૃષ્ટિ

જગ દર્પણ જોનાર તું, સામું દીસે જેવું તુજ પાસે,
દુષ્ટને દુષ્ટ સાધુને સાધુ ભવ આ દ્રશ્યમાં ભાસે,
ભાસે તે સહુ નિજમાં છે જાણો, દોષ રહિત દુનિયા પરમાણે,
એવે વિવેક જો રહેવાય, રાગ દ્વેષ નહિ કો થકી થાય.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

દર્પણની પોતાની કોઈ છબી હોતી નથી. સામે જે આવે તેનું પ્રતિબિંબ દર્પણમાં ઝીલાય છે. આ જગત પણ દર્પણ છે. અને એમાં જોનારો તું છે. માનવી દર્પણમાં જુએ છે. તો જેવો એનો ચહેરો હોય છે. એવું એનું પ્રતિબિંબ ઝીલાય છે. માનવી સુંદર હશે તો દર્પણમાં એની સુંદરતા પ્રકટ થશે. માનવી કુરૂપ હશે તો દર્પણમાં એની કુરૂપતા જ પ્રતિબિંબ થશે.

જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ અને જેવું બિંબ એવું પ્રતિબિંબ એવો આ જગતમાંનો ન્યાય છે. દુષ્ટ સ્વભાવના માણસને બધા દુષ્ટ દેખાય છે. સારા માણસને જગતની આરસીમાં બધા સારા જ દેખાય છે. એટલે આપણને આપણા વિશે જાણવાનો એક જ રસ્તો છે કે

આપણને બીજા બધા કેવા દેખાય છે.

બીજામાં આપણને જે ગુણ કે દોષ દેખાય છે તે ગુણદોષ આપણામાં તો છે જ એમ જાણવું. કાયમ જગતરૂપી દર્પણ માં આપણું પ્રતિબિંબ નીહાળીએ છીએ.

માનવીની પાસે ચાર પ્રકારની દ્રષ્ટિ હોઈ શકે છે. ૧: દોષ દ્રષ્ટિ, ૨: ગુણદોષ દ્રષ્ટિ, ૩: ગુણદ્રષ્ટિ અને ૪: પ્રેમદ્રષ્ટિ પહેલી દોષદ્રષ્ટિ ધરાવનારને પોતાની ચારેબાજુ આખાય જગતમાં બધા જ માણસો દોષ ભરેલા ખરાબ જોવા મળશે. બીજી ગુણદોષ દ્રષ્ટિ ધરાવનારને જ્યાં ગુણો છે ત્યાં ગુણો અને દોષ છે ત્યાં દોષ દેખાય છે. ત્રીજી દ્રષ્ટિ ગુણદ્રષ્ટિ છે. માણસને સર્વત્ર સદ્દગુણો જ દેખાય. સજ્જનો જ દેખાય. બધું સારૂં સારૂં દેખાય તો સમજવું કે એની પાસે ગુણદ્રષ્ટિ છે ચોથી સૌથી ઉત્તમ પ્રેમદ્રષ્ટિ છે. આ દ્રષ્ટિ મળે પછી તો માનવી કૃતાર્થ જ થઈ જાય છે. એને સર્વત્ર પોતાના પરમાત્માનાં જ દર્શન થાય છે.

આપણે જો દ્રષ્ટિ વિવેક કેળવીએ તો આપણને કોઈની સાથે રાગ પણ ન રહે અને દ્વેષ પણ ન રહે.

ચિંતા - ચિંતાનિવૃત્તિ

ચિન્તાસન્તાનહંતારો યત્પાદામ્બુજરેણવ: ।
સ્વીયાનાં તાન્નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુ ॥

ચિંતા એટલે પ્રયત્ન સહિત સ્મરણ અથવા વિચાર. આવી સ્થિતિમાં મારૂં શું થશે? એ પ્રકારના વિચારો સેવા - ભક્તિમાં પ્રતિબંધક છે. એ ચિંતાના સંતાન (પરંપરા)નું નિવારણ શ્રીમહાપ્રભુજીની ચરણરજ છે. જ્યારે જ્યારે ચિંતા થાય ત્યારે ત્યારે એની નિવૃત્તિને માટે હું કાયાથી વાણીથી અને મનથી નમન કરૂં છું એમ શ્રીમત્પ્રભુચરણ વર્ણવે છે. માટે ભગવદીય માટે ચિંતાનિવૃત્તિના પ્રથમ સાધન તરીકે શ્રી મહાપ્રભુજીને કાયા, વાણી અને મનથી પ્રણામ કરવા એ જ છે.

ભગવદીયને ચિંતા કેમ થાય ? જેમણે નિવેદન કર્યું છે. તેમનો તો ધર્મ છે કે એમણે ચિંતા ન કરવી. ભગવદીયોને લૌકિક કારણોથી ચિંતા થાય પણ નહીં સર્વ પ્રભુને નિવેદન થયું તો પછી દેહાદિનો નિર્વાહ શાથી કરવો ? એમ ચિંતા થઈ શકે.

જેણે આત્મનિવેદન કર્યું છે તે તદીય થયો એટલે કે ભગવાનનો થયો, એનાં દેહ, ઈન્દ્રિયાદિ પણ ભગવાનનાં થયાં. આમ છતાં એમાં સ્વત્વનું અભિમાન આ દેહ વિ.મારા છે એવું ભાન દૂર થયું નથી. માટે સેવક પોતાના દેહાદિનો નિર્વાહ તદીય ભગવાનના પદાર્થથી કરે તો એમાં દોષ આવે.

જો દેહાદિના નિર્વાહની ચિંતા થાય તો પછી દેહાભિમાન નથી ગયું અને એજ ચિંતાનું મૂળ છે.

નિવેદન નું સ્વરૂપ.

આત્મનિવેદન કરનાર ભક્ત પણ જો આત્મનિવેદનનું સ્વરૂપ ન સમજે. ન સમજી શકે તો એ ચિંતાને આધીન થઈ જાય છે. નિવેદન એ દાન નથી.

પોતાની સત્તા છોડીને બીજાની સત્તા એ વસ્તુ પર સ્થાપવી એનું નામ દાન. દાન કર્યા પછી અપાયેલી વસ્તુનો ઉપયોગ ન કરી શકાય. એ વસ્તુ બીજાની થઈ જતાં પોતે એનો ઉપયોગ ન કરી શકે. ઉપયોગ કરે તો દત્તાપહાર નામનો દોષ થાય.

નિવેદન દાન નથી. સમર્પણ છે પોતે પ્રભુનો છે. એવા અનુસંધાનને નિવેદન કહે છે. નિવેદન વસ્તુથી નિર્વાહ થઈ શકે છે.

શ્રી મહાપ્રભુજી કહે છે. **ચિન્તા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિ: કદાપીતિ** જેણે પોતાનો આત્મા નિવેદિત કર્યો છે. તેણે કોઈ જાતની પણ ચિંતા ક્યારે ય ન કરવી. જીવ કૃપાયુક્ત છે. પુષ્ટિસ્થ છે. તે કૃપાને પામેલ છે. તેથી ભગવાન પણ તેના વૈરાગ્ય વિ.

વૈદિકાદિ સાધનના અભાવમાં ય તેની લૌકિક ગતિ નહીં કરે.

જીવે જેને નિવેદન કર્યું છે તે ભગવાન છે. ઐશ્વર્યવીર્યાદિ ધર્મવાન છે. માટે જીવમાં જે ખૂટતું હશે તે ભરી દઈને ય તેની લૌકિકી ગતિ નહીં થવા દે. માટે ચિંતા ન કરવી.

બીજું, જીવે નિવેદન કર્યું છે. હવે એનામાં કોઈ અહંતા મમતાની ગ્રંથિ નથી રહી માટે તેની લૌકિક ગતિ સંભવે નહીં માટે ય ચિંતાનું કારણ રહેતું નથી.

ચિંતા થવાનું મુખ્ય કારણ પ્રભુમાં અવિશ્વાસ છે. ભક્તે પ્રભુમાં અવિશ્વાસ તો ન જ રાખવો જોઈએ ને. પ્રભુએ મારો અંગીકાર કર્યો છે તો એ અંગીકાર માત્રથી જ સર્વ સિદ્ધ કરશે એવો પ્રભુમાં વિશ્વાસ રાખવો જોઈએ. બ્રહ્માસ્ત્ર ચાતક ન્યાયનો ખ્યાલ રાખીને ભક્તે ભગવાનમાં વિશ્વાસ રાખવો જોઈએ. પ્રભુમાં આટલો ય ભરોસો ન હોય તે નિવેદિતાત્મા ન જ કહેવાય.

ચિંતા કરનારા ભક્તે વિચારવું જોઈ કે તેણે નિવેદન રૂપી સ્વધર્મનું પાલન કર્યું છે તો ભગવાન પણ અંગીકૃતપાલન રૂપી ભગવદ્ધર્મનું પાલન કરશે જ.

અંગીકૃતપાલન.

અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે ।
તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥

ભગવાન કહે છે કે જેઓ અનન્યભાવે મારૂં ચિંતન કરતા ને નિષ્કામ ભાવથી ઉપાસે છે તે નિત્ય મારાથી યુક્ત એવા ભક્તોના યોગ (અપ્રાપ્તની પ્રાપ્તિ) અને ક્ષેમ (પ્રાપ્તની રક્ષા) નો ભાર હું ઉઠાવું છું.

પ્રભુ જેનો અંગીકાર કરે છે. તેના દોષ, અપૂર્ણતા વિ.નો વિચાર કરતા નથી અને એની ઉત્તમ ગતિ થાય એનો કાયમ ખ્યાલ રાખે છે.

પ્રહલાદ જેવા ભક્તની રક્ષા કરવાને માટે અદ્‌ભૂત એવું સ્વરૂપ ધારણ કરીને સ્તંભમાંથી પ્રકટ થઈને દૈત્યને મારવા જેવી લીલા, શ્રી ગોવર્ધન ધારણ કરવો. પાંડવોના કાર્યો કરવા. ગજેન્દ્રની રક્ષા કરવા દોડી આવવું. સુદામાની દરિદ્રતા દૂર કરવી એવા અનેક વિધ ઉદાહરણો દ્વારા ભગવાન અંગીકૃત સ્વકીય જીવના પરિપાલક છે એમ પ્રતીત થાય છે.

ભગવાન દુઃખહર્તા :-

યથા પ્રથમોદગતૈ : સૂર્યકિરણૈરવે સર્વતમોનાશઃ
સૂર્યસ્તુ તમઃ પશ્યત્યપિ ન, તથા ભગવાનભક્તાનામ્

જેમ સૂર્યના પ્રથમ કિરણોથી જ સર્વ અંધકારનો નાશ થાય છે. અને સૂર્ય તો અંધકારને જોતો જ નથી તેમ ભગવાન પણ ભક્તના દોષોનો નાશ કરે છે.

ભગવાન ઘણીવાર ફલનું દાન કરવામાં વિલંબ કરે છે. પણ તેનું કારણ તે કાંતો ભક્તની પરીક્ષા કરવા માટે એમ કરે છે. અથવા જો એના પ્રારબ્ધનો ભોગ કરાવી દેવા માટે એમ કરે છે. માટે જો ફળ પ્રાપ્તિમાં ય વિલંબ થતો લાગે તો ય ભક્તે ચિંતા ન કરવી. નવરત્ન ગ્રંથના આરંભના આ શ્લોક દ્વારા શ્રી મહાપ્રભુજી ભગવદીયને કોઈપણ વિષયમાં તેમજ કોઈપણ કાળે ચિંતા ન કરવાની આજ્ઞા કરે છે.

ગુણદોષ નિરપેક્ષ પાલન.

પુષ્ટિમાર્ગ કૃપામાર્ગ છે. મર્યાદામાર્ગમાં આવશ્યક માન્યા હોય એવા ગુણો એવું સાધન પુષ્ટિમાર્ગની અસાધારણ વિશેષતા છે. મર્યાદા માર્ગમાં આવશ્યક એના વૈરાગ્ય આદિ ધર્મો પુષ્ટિજીવમાં ન હોય તો પણ પ્રભુએ મહાપુરૂષ દ્વારા એમને સ્વીકાર્યા છે. એમની લૌકિક ગતિ થવા દીધી નથી. જેમકે નલકૂબર, મણિગ્રીવ વિષયાસક્ત હતા છતાં શ્રીનારદજીના વરદાનને સત્ય કરવા પ્રભુ એની પાસે પધાર્યા. એમના દોષ ન જોયા. પરંતુ શ્રીનારદજીના અનુગ્રહને જોયો. એથી સિદ્ધ થાય છે કે મહાપુરૂષના પક્ષપાતથી જીવના દોષ તરફ ન જોતાં એનું શ્રેય કરે છે. ભગવદીય જો આવી શ્રદ્ધા ધારણ કરે કે પ્રભુ મારી અપૂર્ણતાનો, ખામીઓનો વિચાર કર્યા વિના મારો ઉદ્ધાર કરશે તો ભક્તે ચિંતા કરવાનું કારણ રહેતું નથી. સૂરદાસજી એ ગાયું કે

હમારે પ્રભુ અવગુન ચિત ન ધરો
સમદરસી હૈ નામ તિહારો ચાહે તો પાર કરો

સ્પર્શ થતાં જ પારસમણિ લોખંડને સુવર્ણ બનાવી દે છે. પછી એ લોખંડ સેવાપૂજામાં વપરાતી છરી હોય કે કસાઈને ત્યાં પશુવધ માટે વપરાતી છરી હોય, પારસમણિ એને સુવર્ણ બનાવી દે છે. આનું જ નામ સમદર્શિતા.

ગંગામાં મળતા કોઈપણ પ્રકારના જળને ગંગાજી ગંગારૂપ બનાવી દે છે. મળી ગયા બાદ એ જળ અને ગંગાજળમાં જરાય ભેદ રહેતો નથી. આનું જ નામ સમદર્શિતા.

પ્રભુ પણ આવા જ સમદર્શી છે માટે ભક્તે પોતાના ગુણ કે દોષની ચિંતા કરવાને બદલે, પ્રભુ મારા જેવા અધમનો અંગીકાર કરશે કે નહીં કરે એવી ચિંતા કરવાને બદલે દ્રઢ શરણ ભાવ અને સમર્પિત ભાવને ધારણ કરી રાકવો.

સર્વેશ્વર સર્વાત્મા પ્રભુ.

ભક્ત ચિંતાતુર થાય એટલે પ્રાર્થના તરફ વળે છે. પ્રભુને પ્રાર્થના કરવા લાગે છે કે પ્રભુ મારા યોગક્ષેમને સંભાળજો પરંતુ એ ભૂલી જાય છે કે ભગવાન તો **સર્વેશ્વર** અને **સર્વાત્મા** છે. પ્રભુ સર્વ નિવેદિત આત્માના ઈશ્વર - સ્વામી છે. જેમ ભક્તે સર્વનું સમર્પણ કરીને પ્રભુને પોતાના બનાવ્યા છે. તેમ પ્રભુએ પણ કૃપા કરીને તે ભક્તના સ્વામીપણાને સ્વીકારેલ છે. પછી પ્રભુ ભક્તનું હિત કરે જ ને.!

વળી પ્રભુ સર્વ સમર્પિત ભક્તોના આત્મારૂપ તો છે જ. એ અંતર્યામી છે અને તેથી એ

સર્વના મનની વાત જાણે છે જો એમની ઈચ્છા હશે તો પ્રાર્થનાએ પણ કરશે અને જો એમની ઈચ્છા હશે તો ભક્ત પ્રાર્થના - વિનંતી વિ. નહીં કરે તો ય કાર્ય કરશે માટે ભક્તે નિશ્ચિત રહેવું.

ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્યદ્યત્ કરિષ્યતિ ।
તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્ ॥

અવશ્ય થનાર દુઃખનો પ્રતિકાર કે નિવારણ સંભવતાં નથી. જ્યાં દુઃખનું નિવારણ નથી ત્યાં ચિત્તનું સમાધાન કરી લેવું એ જ યોગ્ય ઉપાય છે. ભગવાની અભિપ્રાયને જાણવા જીવ અસમર્થ છે. પ્રભુ ક્યારેક લીલામાં માયાના પ્રભાવ દ્વારા જીવને ભ્રમમાં ય નાખે છે. યદુકુલ નાશ જેવીઅને ભગવાનની સ્વધામ ગમન કથા સાંભળતાં ભક્તને ઉદ્વેગ થાય એ સ્વાભાવિક છે પરંતુ આવા પ્રસંગે આ બધી પ્રભુની લીલા છે. એમ સમજવું પ્રભુને જે લીલા કરવી યોગ્ય લાગે તે ભલે કરે. એમ સમજીને ચિંતામુકત થઈ રહેવું . જેટલા વહેલા બને તેટલા સમયમાં ચિંતા ને ત્યજવી.

ચિત્તમાં ચિંતા બહુ કાળ સુધી રહે તો કાલ, કર્મ, સ્વભાવ વિ.નો પ્રભાવ વધે છે. આસુરાવેશરૂપ ઉપદ્રવ થાય છે. અને મુખ્ય ફલમાં કાંતો વિલંબ થાય છે. કાં તો પ્રતિબંધ થાય છે. માટે વહેલી તકે ચિંતા ત્યજવી.

ભગવત્ ભજનમાં વિઘ્ન ન આવે એમ લોકમાં સાક્ષીવત્ રહેવું.

ભગવાન શરણાગતના રક્ષક છે. જ્યારે જીવ સ્વપ્રયત્નથી ચિંતા અને એના કારણોને દૂર કરવા સમર્થનથી એમ જ્યારે પ્રભુ જુએ છે ત્યારે સ્વયં ભક્તનું કાર્ય સિદ્ધ કરી દે છે. માટે ભક્તે શરણાગતિનું સ્મરણ રાખવું . આ સ્મરણ રાખવા માટે, સર્વ ચિંતાઓથી મુક્ત થવા માટે તેણે **શ્રીકૃષ્ણઃ શરણં મમ** એ અષ્ટાક્ષર મંત્ર નો ઉચ્ચાર કરતા રહેવું. મુખેથી આ મહામંત્રનો ઉચ્ચાર કરતા રહેવું. અને ભગવત્સેવામાં તત્પર રહેવું. એ ભગવદીયનો પરમ ધર્મ છે.

ખેરાળુના ગોવિંદ દુવેને શ્રી મહાપ્રભુજીએ નામનિવેદન કરાવ્યું, તેમના ઘરે શ્રીઠાકોરજીનું સ્વરૂપ પધરાવી આપ્યું. ગોવિંદ દુવે સેવા કરવા તો લાગ્યા. પરંતુ ભગવદ્સેવામાં એમનું મન લાગે નહીં. ચિત્તમાં ઉદ્વેગ રહે. આખરે એમણે શ્રીઆચાર્યજીને એક પત્ર લખ્યો. તેમણે જણાવ્યું કે, "મહારાજ ! મારા મનમાં બહુ જ વ્યગ્રતા રહે છે. ભગવદ્સેવામાં ચિત્ત લાગતું નથી તો હું શું કરૂં ? "

આ પત્ર શ્રી મહાપ્રભુજી પાસે આવ્યો. તેમણે નવરત્ન ગ્રંથ રચિત ગોવિંદ દુવેને મોકલ્યો અને લખ્યું આ નવરત્ન ગ્રથંનો પાઠ કરવાથી તારા મનની વ્યગ્રતા મટશે. ત્યાર બાદ ગોવિંદ દુવે પ્રસન્ન થઈને નવરત્નનો પાઠ કરવા લાગ્યા. પાઠ કરતાં શ્રી આચાર્યજીની કૃપાથી મનની વ્યગ્રતા ચિંતા બધી મટી ગઈ અને ભગવત્સેવા કરવામાં મન લાગ્યું.

નવરત્ન ગ્રંથ દ્વારા શ્રીમહાપ્રભુજીએ જણાવે કે તારે કોઈ વ્રત, જપ, તપ, વિ. કરવાની જરૂર નથી. તું ચિંતા ન કર. ચિત્તના ઉદ્વેગને પ્રભુની લીલા જાણ. શ્રી ઠાકોરજીમાંથી મન બીજી જગ્યાએ જાય તો પણ તેને ભગવદીચ્છા જાણીને ચિંતા ન કરીશ. જેટલી અને તેટલી સેવા કરજે.

રાજનગરના મા-દીકરો આ બે ગુપ્તભાવે શ્રીગુંસાઈજીની સેવા કરતા. જે પ્રકારે સૌ ભગવદીયો શ્રીઠાકોરજીની સેવા કરતા એ જ પ્રકારે તે શ્રીગુંસાઈજીની સેવા કરતા તેમને સેવામાં અલૌકિક આનંદ આવતો. થોડા દિવસો બાદ પુત્ર દ્રવ્ય કમાવાને માટે પરદેશ ગયો. માતા પોતે એકલી પેલાની જેમ જ સેવા કરતી. એક દિવસ શાક સુધારતા માતાના મનમાં એમ થયું કે પુત્ર આવી જાય તો સેવામાં સહાયક થાય. પછી તેણે ભોગ સમર્પ્યા. તે દિવસે શ્રીગુંસાઈજી શાક ન આરોગ્યા. શ્રીગુંસાઈજીએ કહ્યું શાક સુધારતા તારૂં ચિત્ત ક્યાં હતું? તેણે જવાબ આપ્યો. ? પુત્રમાં હતું !" ત્યારે શ્રીગુંસાઈજીએ કહ્યું " મને લૌકિકમાં કેમ પરોવ્યું ? તેથી હું શાક નથી આરોગ્યો" જો મન સાધારણ કારણે લૌકિકમાં જતાં ય અપરાધ થાય છે તો પછી ઉદ્વેગ અને ચિંતાતુર મન રાખીને કોઈ ભગવાનની સેવા શી રીતે કરી શકે?

ચિત્તનું શીદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે,
સ્થાવર જંગમ જડ ચેતનમાં, માયાનું બલ ઠરે.
સ્મરણ કર શ્રી કૃષ્ણચંદ્રનું, જન્મ મરણ ભય હરે...કૃષ્ણને
નવમાસ પ્રાણી કૃષ્ણચંદ્રનું, ધ્યાન ગર્ભમાં ધરે.
માયાનું આવરણ કર્યું ત્યારે, લક્ષ ચોર્યાશી ફરે...કૃષ્ણને
તું અંતર ઉદ્વેગ કરે, તેથી કારજ શું સરે?
ધણીનો ધાર્યો મનસૂબો હર, બ્રહ્માથી નવ ફરે...કૃષ્ણને
દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે.
જેવો જંત્ર વગાડે જંત્રી, એવો સ્વર નીસરે...કૃષ્ણને
થનાર વસ્તુ થયા કરે જ્યમ, શ્રીફળ પાણી ભરે.
જનાર વસ્તુ એણીપેર જાય, જ્યમ ગજ કોઠું ગરે...કૃષ્ણને
જેવું જેટલું જે જ્યમ કાલે, તે તેને કર ઠરે.
એમાં ફેર પડે નહીં કોઈથી, શિદ કુટાઈ તું મરે...કૃષ્ણને.
તારૂં ધાર્યું થતું હોય તો, સુખ સંચે દુખ હરે.
આપ તણું અજ્ઞાનપણું તે ભૂખ વિચારો ખરે...કૃષ્ણને.

થાવાનું અણચિંતવ્યું થાશે, ઉપનિષદ ઉચરે.
રાખ ભરોસો રાધાવરનો 'દયા' શીદને ડરે...કૃષ્ણને.

અત્યંત સરળ રીતે શ્રી દયારામે ચિંતા નિવૃત્તિનો સંદેશ આ રચનામાં આપ્યો છે. ભગવાને જે કરવા ધાર્યું હશે તે કરશે. પછી હે ચિત્ત! તું ચિંતાશા માટે કરે છે? સ્થાવર જંગમ, જડચેતન બધા પદાર્થોમાં માયાની શક્તિ કામ કરી રહી છે. અને એટલે હરિસ્મરણથી સઘળું સારૂં થાય છે. આમ તો જીવને માતાના ગર્ભવાસ દરમ્યાન ભગવાનનું સ્મરણ થાય છે. પરંતુ જન્મ લેતાં જ માયાના આવરણમાં તે બધું જ ભૂલે છે અને તેનું લખચોર્યાસીનું ચક્ર ચાલુ થઈ જાય છે.

માનવી પોતાનું હૈયું બાળ્યા કરે ત્યારે તેને ક્લેશ સિવાય કશું જ મળતું નથી જગતના સ્વામીએ જે કરવા ધાર્યું છે. તેને શિવ કે બ્રહ્મા જેવા ય બદલી શકવાના નથી. કોઈ બદલી શકનાર નથી કેમકે સૌ એને આધીન છે જેમ કઠપૂતળીને નચાવનારો જેમ નચાવે છે તેમ તે પૂતળી નાચે છે. વાજીંત્ર ને કોઈ સ્વતંત્રતા હોતી નથી. બજવૈયો વાજીંત્રને જેમ વગાડે તેમ તે વાગે છે, જે જે રાગ વગાડવા ધારે તે રાગ વાગે છે.

જે થવાનું છે તે સહજ રીતે અનાયાસ થશે જ. જેમ શ્રીફળમાં કોઈ પાણી ભરવા જતું નથી પણ તે સહજ રીતે જ ભરાય છે. જે જવાનું છે તેને ગમે તેટલું સાચવી શું તોય હાથીએ ગળેલા કોઠાની જેમ તે જતું જ રહેશે.. તો પછી થનાર અને જનાર માટે ચિંતા શા માટે કરવી? જેને, જ્યારે જેવી રીતે જે મળવાનું છે તેને ત્યારે તે તે રીતે મળી જ જશે. માણસનું ધારેલું થતું હોત તો દરેક માણસ સુખનો જ સંગ્રહ કરતો રહેત અને દુઃખને દૂર કરી દેતો હોત પણ માનવીનું ધાર્યું ક્યાં થાય છે ? વૈષ્ણવે શ્રી રાધાવરનો ભરોસો રાખીને નિર્ભય થઈને રહેવું કૃષ્ણને કરવું હોય તે કરે !

નદી નાવ સંજોગ

જીવ સર્વ હરિ અંશ છે. તેના વિચિત્ર ભ્રાંતિ સ્વભાવ,
સર્વથી હળિમળિ ચાલીએ, એતો છે સંજોગ નદી-નાવ,
નાવ તરંગ નદી એમ જાણો કોથી ના બગાડીશ બે દિવસનો પરાણો
સહુને સદા એક સ્થળ નથી રહેવું કટુક વચન માટે ન કહેવું,
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

જગતના સર્વ જીવો ભગવાનના અંશ છે. ભલે એકમેકના સ્વભાવ ભિન્ન હોય છતાં આ બધા જીવો ભગવદંશ છે. એ દ્રષ્ટિ કેળવવી જોઈએ. 'સબ સે હિલમિલ ચલિયે નદીનાવ સંજોગ' જેમ નદીના પ્રવાહમાં નાવ પ્રવાહની દિશામાં ગતિ કરે તો કોઈ શ્રમ પડતો નથી. ઉલટી દિશામાં નાવ ચલાવવી હોય તો મહામુશ્કેલી, એમ ભગવદ્દભક્તે સૌ લોકો સાથેના

વ્યવહારમાં સરળતા અને અનુકૂળતા અપનાવવી. ભગવદીયને જગતમાં કોઈની સાથે જરાય વિરોધ હોતો નથી. એ અજાતશત્રુ હોય છે. એનામાં એટલી વિવેકબુદ્ધિ તો હોય જ છે, કે આપણે સૌ આ જગતમાં અલ્પ જીવન લઈને આવ્યા છીએ. સંસારને છોડીને જવાનું નક્કી જ છે કેમકે આપણે સૌ મહેમાન છીએ અને તે પણ બે દિવસના મહેમાન ! નાની જીંદગીમાં કેટકેટલા પરિવર્તનો આવે છે. જીવન થોડું છે અને પાણીના પરપોટા જેવું ક્ષણભંગુર છે માટે વિવેકપૂર્વક જીવવું.

જ્યાં માગણી, ત્યાં નથી લાગણી.

કાંઈ પ્રભુ પાસે ન માગીએ, માગે પસ્તાવો થાય,
ઉદાસી આવે નાથને, વ્યાપાર સરીખું જણાય,
જણાય એવું માટે રખે જાચો, સેવો શ્રીકૃષ્ણ ધરી સ્નેહ સાચો
વણ માગે સહુ આપે આ સ્વામી નથી અજાણ્યા અંતરજામી
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

ભક્તિ સકામ ન હોવી જોઈએ. ભગવાનની પાસે ભક્તે કાંઈ જ ન માગવું જોઈએ. સાચા વૈષ્ણવે તો ભગવાનની પાસે સાચે જ કાંઈ માગવું ન જોઈએ.

ભગવાનની પાસે કોઈ ભક્ત જ્યારે ભગવાન સિવાયનું એટલે કે લૌકિક સુખ માંગે છે ત્યારે જાણે અજાણે એ ભગવાનનો અનાદર જ કરી રહ્યો છે. ધન, પુત્ર, વિ. સુખ માગનારો ભગવાનને સુખનું સાધન બનાવે છે. અને ધનપુત્ર વિ. સુખ એનું સાધ્ય બને છે. લક્ષ્ય બને છે.

જે ભક્તિનું લક્ષ્ય ભગવાન નથી. તે ભક્તિ ને ભક્તિ કહેવી કે નહીં એ વિચારવા જેવું છે. વાસ્તવમાં તો એ વેપાર કહેવાશે. 'ન સ ભૃત્યઃ સ વૈ વણિક્' ભગવાનની પાસે તુચ્છ, લૌકિક કામનાઓ લઈને ભક્તિ કરનારો ભક્ત નથી. સેવક નથી એ તો એનો સ્નેહ નથી સ્વાર્થ છે.

આ જગતમાં પત્ની, પુત્ર વિ.ના સ્નેહ પાછળ પણ સ્વાર્થ દેખાય તો આપણને દુઃખ થાય છે. તેવું જ પ્રભુનું છે. પ્રભુની પાસે ક્ષણભંગુર નાશવંત પદાર્થોને માંગીને આપણે પ્રભુને ઉદાસ, અપ્રસન્ન બનાવીએ છીએ. ભગવાનને વિશુદ્ધ પ્રેમ જ ખપે છે.

વળી, જીવને જ્યારે જે વસ્તુની આવશ્યકતા હોય છે. ત્યારે તે વસ્તુ પ્રભુ તેને પૂરી પાડે જ છે. અંતર્યામી પ્રભુ જીવની એક એક વસ્તુથી પરિચિત છે. એમને ભક્ત ઉપર સ્નેહ પણ છે. ભક્તને આપવામાં એમનું કાંઈ ખૂટી જવાનું નથી પછી એ કેમ ન આપે.

યોગ્ય સમયે ભગવાન ભક્તને આપવા યોગ્ય વસ્તુ આપશે જ તો પછી માંગણી કરીને ભક્તિભાવને હીનતા શા માટે આપવી ?

સ્વાધ્યાય - ૪૭

અપરાધ

ભગવદ્ અપરાધ

ઈશ્વર ત્રણ પ્રકારે દંડ કરે છે. ન્યાય્ય, અધિક અને ન્યૂન. અપરાધ જેટલો જ દંડ કરવો એ ન્યાય દંડ, અપરાધ કરતાં વધારે દંડ કરવો તે અધિક અને અપરાધ મોટો હોય પરંતુ દંડ અલ્પ કરવામાં આવે તો ન્યૂન કહેવાય. ન્યાય દંડમાં મર્યાદા, અધિક દંડમાં ઈશ્વરત્વ અને ન્યૂન દંડમાં પ્રસન્નતા કારણરૂપ થાય.

શ્રી યશોદાજી સ્તનપાન કરી રહેલા શ્રી બાલકૃષ્ણને અતૃપ્ત છોડીને ઉભરાઈ જતું દૂધ બચાવવા દોડ્યા. પરિણામે પ્રભુએ ઘરમાં રહેલા દહીં, દૂધ વિ.ને ઢોળી નાખ્યા. માતાને ભગવાનની આ લીલામાં દોષબુદ્ધિ થઈ અને હાથમાં લાકડી લઈને ભગવાનને મારવા દોડી. તે પ્રસંગે શ્રીબાલકૃષ્ણ માતાના હાથમાં ન જ આવ્યા. ભગવાન કેમ ન પકડાયા તેનું કારણ સમજાવતા શ્રી મહાપ્રભુજી કહે છે કે, **भगवति दोषदर्शन भगवदीयोऽपि भगवन्तं न प्राप्नोति** ભગવાનમાં કે ભગવત્કૃતિમાં જે દોષ જુએ તો ભક્તને ય ભગવાન ન મળે.

અહંકાર, અન્યાશ્રય જવા દોષો ભક્તમાં જોવા મળે તો ભગવાન તેને દંડ કરે છે. શિક્ષા કરે છે. પરંતુ આ શિક્ષાય એમના અંગીકાર અને અનુગ્રહનું લક્ષણ છે, જેમ કોઈ પિતા દંડ દઈને પણ પોતાના પુત્રનું હિત જ કરે છે. તે પ્રભુ નિજ ભક્તનું હિત જ કરે છે. ભગવદીયોએ પ્રભુના રોષને ય કૃપા જ માનવી. જગતમાં પણ એવું જ જોવામાં આવે છે કે, **दंडदानं स्वकीयेषु परकीये ह्युपेक्षणम्** જેઓ પોતાના હોય છે. તેઓને જ શિક્ષા કરવામાં આવે છે. પારકાની તો ઉપેક્ષા, અવગણના જ કરવામાં આવે છે. શરણસ્થ નથી અને સંસાર પ્રવૃત્તિમાં નિમગ્ન છે, એવા જીવોની પ્રભુએ ઉપેક્ષા જ કરી છે. જ્યારે ભક્તમાં જરાય દોષ દેખાતાં, પ્રભુ કાળજીપૂર્વક તુરંત એ દોષનો નાશ કરી દે છે.

ભીષ્મ જેવા મહાભક્તને બાણશય્યા કેમ ?

भक्तोऽपि भगवद्द्रोहमाचन्नरकं व्रजेत् ।
ईति दर्शयितुं भीष्म शरपंजरसंस्थितिः ॥

ભક્તે ભગવદ્દ્રોહથી સાવધાન રહેવું. ભક્ત પણ ભગવદ્દ્રોહ કરે તો નરકગામી થાય છે. (એટલે કે દુઃખી થાય છે.) એ જણાવવા માટે ભીષ્મનું બાણશય્યા પર મરણ દર્શાવ્યું છે. વળી ભીષ્મ પિતામહે તો પાંડવો સામે યુદ્ધ કરીને ભગવાનના અંગીકૃત ભક્તોને ય પરિશ્રમ આપ્યો છે.ભીષ્મ સ્વયં પણ જ્ઞાની અને ભક્ત હતા માટે ભગવાને એમનો પરિત્યાગ તો કર્યો નથી. પરંતુ એમને કષ્ટ તો ભોગવવું પડ્યું જ છે.

જીવન વ્યવહારમાં ભગવાન કે ભગવદીયનો દ્રોહ ન થઈ જાય માટે વૈષ્ણવે સાવધાન રહેવું જોઈએ, એ પ્રમાણે સેવાધર્મનો નિર્વાહ કરવામાં પણ વૈષ્ણવે સાવધાન રહેવું.

રૂપો પોળિયો શ્રી ગોવર્ધનનાથજીના મંદિરમાં દ્વારપાલની સેવા કરતો. શ્રીનાથજી ભૂખ્યા હોય તો તેને રાત્રે ઉઠાડીને આજ્ઞા કરતા કે 'હું ભૂખ્યો છું.' રૂપા પોળિયા પર શ્રીનાથજી અનેક પ્રસંગો માં સાનુભાવ હતા. એકવાર ઠંડીના દિવસો હતા, તે શ્રી ગોવર્ધનનાથજીની આરતી ની વાટો (દિવેટો) કરતો હતો. બધી વાટો ભેગી થઈ ગઈ હતી. માટે તેણે ભંડારમાં જઈને ઘી ગરમ કરીને બધી વાટો હાથેથી ભીંજવી , માટી વડે હાથ ધોઈ નાખ્યા પણ અજાણતાં થોડુંક ઘી નખમાં ભરાઈ રહ્યું. હવે જ્યારે એ મહાપ્રસાદ લેવા બેઠો ત્યારે રસોઈયાએ ગરમ કઢી પીરસી. નખમાં ભરાઈ રહેલું ઘી ગરમ કઢીમાં પીગળીને પેટમાં ગયું આ અપરાધે તે શ્વાનયોનિ પામ્યો. વૈષ્ણવે વિચારીને વર્તવું. ઉજળા વસ્ત્રને તરત જ ડાઘ લાગે છે.

માધવ ભટ્ટ પોતાની શ્રીઠાકોરજીની શય્યા ફૂલથી સજાવતા. એક દિવસ ફૂલોમાં અજાણતા સોય રહી ગઈ. માધવ ભટ્ટને ખ્યાલ ન રહ્યો. તે સોય શ્રીઠાકોરજીના શ્રી અંગમાં લાગી આ ભગવદ્અપરાધના ફલ સ્વરૂપે તેમનો દેહાંત ચોરોનું તીર વાગવાથી થયો. જો કે એ ભગવદીય હતા. દેહ છૂટવાના સમયે ભગવદ્ નામ લેતાં લેતાં દેહ છુટ્યો હતો. એમની ગતિમાં કાંઈ પણ બાધક થયું નહીં કેમકે એ ભગવદીય હતા. ભગવાન ક્યારેક ભક્તને લઈને દંડ દેવાની લીલા પણ એટલી માટે કરે છે કે એનું ઉદાહરણ લઈને અન્ય જીવો સેવાધર્મમાં સાવધાનીને વરતે. શ્રીઠાકોરજી તો કરૂણાના સાગર છે. એ જીવના અનેક અપરાધો ને ક્ષમા બક્ષે છે. તો ભગવદીયના હાથે થયેલ, અજાણતા થયેલ એક અપરાધને ક્ષમા ન કરે? પરંતુ આ દંડ બીજાઓને બોધપાઠ આપવા માટે છે. માટે એને પ્રભુની નિર્દયતા ન જાણવી.

ભગવદીય અપરાધ-

ભગવાનનો એવો સ્વભાવ છે કે તે કોઈ જીવ પોતાનો અપરાધ કરે એને સહન કરી પણ લે છે. પરંતુ જો કોઈ એમના ભક્તનો અપરાધ કરશે તે જરાય સહન નહીં કરે.

હિરણ્યકશિપુના ત્રાસથી દુઃખી થયેલા દેવોને ભગવાને આશ્વાસન આપતા કહેલું, " કોઈપણ પ્રાણી જ્યારે દેવ, વેદ, ગાય, બ્રાહ્મણ, ભક્ત, ધર્મ અને ભગવાનનો દ્વેષ કરે છે. ત્યારે તે જોતજોતામાં નાશ પામે છે. ભગવાન ભક્તનું દુઃખ સહી શકતા નથી. એ જણાવવા એમણે કહ્યું કે " નિર્વેર શાંત અને મહાત્મા એવા પોતાનાં પુત્ર પ્રહલાદનો એ દ્રોહ કરશે ત્યારે હું સ્વયં એને હણીશ." પાપીતો કર્મના સિદ્ધાંત અનુસાર પાપનું ફળ ભોગવે જ છે પરંતુ ભક્ત દ્રોહીને ભગવાન સ્વયં હણે છે. ભગવાન તેની દુષ્ટતા સહન કરી શકતા નથી.

આજ કારણે અમ્બરીષના અપરાધને લીધે જ્યારે દુર્વાસાની પાછળ સુદર્શન પડ્યું હતું. ત્યારે દુર્વાસાને ભગવાને પોતાના શરણે આવ્યા હોવા છતાં ક્ષમા આપી ન હતી. તેમણે કહ્યું

હતું કે ભક્તો મારૂં હૃદય છે અને ભક્તોનું હૃદય હું છું. મારા વગર એ કાંઈ જાણતા નથી. અને હું પણ એના વગર બીજું કાંઈ જાણતો નથી. તેથી મારાથી તમારી રક્ષા ન થઈ શકે પણ હું તમને ઉપાય બતાવું છું તે સાંભળો. જ્યાંથી તમને આ દુઃખ થયું છે. તેની પાસે જ તમે પહોંચી જાવ. સાધુષુ પ્રહિતં તેજઃ પ્રહર્તુઃ કુરૂતેઽશિવમ્ ભગવદ્ભક્ત ઉપર જે પોતાનું તેજ અજમાવે તે અજમાવનારનું જ અનિષ્ટ કરે છે. અંબરીષથી જ તમારો આ ઉપદ્રવ મટશે. અને તમને શાંતિ થશે." ભગવાનના આ વિધાન અને વ્યવહારથી સ્પષ્ટ થાય છે કે ભગવાન પોતાના ભક્ત દ્રોહીને ક્ષમા કરતા નથી.

ભક્તદ્રોહીને દંડ દેવાની બાબતમાં ભગવાન 'રિપોઃ સુતાનામપિ તુલ્યદૃષ્ટે' શત્રુ અને પુત્ર આ બંનેમાં સમાન દૃષ્ટિ રાખનારા છે, એનું પ્રમાણ એ કે, જ્યારે બ્રહ્મઅપરાધ કરનારા યાદવ બાળકોને (જેમાં ભગવાનનો પુત્ર સાંબ પણ સામેલ હતો) કુલક્ષય કરનારો શાપ લાગ્યો ત્યારે ભગવાન એ શાપનું નિવારણ કરવા માટે સમર્થ હોવા છતાં એમણે શાપનિવૃત્તિ નથી કરી. એમ કરીને એમણે ધર્મ મર્યાદા સાચવી છે.

જે સમયે રહુગણ રાજાને જ્ઞાન થયું કે મારી પાલખી ઉચકનારા કોઈ સાધારણ વ્યક્તિ નથી પરંતુ મહાજ્ઞાની પરમહંસ પુરૂષ છે ત્યારે તેણે કહ્યું હતું કે, હું ઈન્દ્રના વજ્રથી ડરતો નથી. મહાદેવજીના ત્રિશુળથી, યમના દંડથી કે અગ્નિ, સૂર્ય, ચંદ્ર, વાયુ કે કુબેરના અસ્ત્રશસ્ત્રથી પણ ડરતો નથી. પરંતુ ડરૂં છું. તો માત્ર બ્રહ્મકુલ ના અપમાનથી. આપ ભગવાનના અનન્ય ભક્ત છે. અને દેહાધ્યાસ વિ.થી મુક્ત છે. સમદ્રષ્ટિવાળા છો માટે માન અપમાન વિ. વિકારોથી પર છે તો પણ એક મહાપુરૂષના અપરાધના કારણે, સાક્ષાત મહાદેવજીના જેવો કોઈ પ્રભાવશાળી હોય તો ય નષ્ટ થઈ જાય તો પછી જેવા તુચ્છ માનવીની તો વાત જ શી કરવી.

સપ્તરાત્ર મર્યાદા -

ઈન્દ્રે ભગવાનના ૬ ગુણો તેમજ ભગવાન એમ સાતની મર્યાદામાં રાહ જોવા સાત રાત્રી સુધી વૃષ્ટિ કરી. જો સાત રાત્રી કરતાં વધુ વૃષ્ટિ થઈ હોત તો ઈન્દ્રનો તેમજ મેઘોનો નાશ થાત. કેમકે આથી વધુ ભગવાન સહન કરતા નથી.

જે વિચારપૂર્વક ભગવદીયનો અપરાધ કરે, અપકાર કરે તે સાત રાત્રી સુધી રાહ જુવે છે, કે જો આટલા સમય સુધી પણ ભગવાન તેનું-પરિપાલન કરશે તો મારે આથી વધુ અપકાર ન કરવો જોઈએ. અને કરીશ તો મારો જ નાશ થશે.

અવિચારીપણે પણ ભગવદીયને ઉપદ્રવ કરનાર સાત રાત સુધી ઉપદ્રવ કરે અને જો ભગવાન તે ભક્તની રક્ષા કરે તો ઉપદ્રવ કરનારે શાંત થઈ જવું પડે છે. અને જો એમ ન કરે તો તેનો જ નાશ થાય છે. **એવં વ્યવસ્થા સર્વત્ર** આમ સર્વત્ર વ્યવસ્થા છે.

શ્રી પતિ દુખિત ભક્ત અપરાધે ।

જો ભક્તનકો દ્રોહ કરત હૈ, સકલ સિદ્ધહીતે મોહી આરાધે ॥
જો ભક્તન કો દ્રોહ કરત હૈ, સકલ કહું મન પાવત ખેદ ।
તિન પર કૃપા કરૂં કિસ વિધ, પાયકુ પૂજે કંઠ કુ છેદ
ભક્તસું વેરભાવ મોહીને મેરો નામ નિરંતર લેહે
'સૂરદાસ' ભગવંત વદત હૈ મોહે ભજે પર જમપુર જૈહે...

જે કોઈ ભગવદીયનો અપરાધ કરે છે તે ભગવાનનો ય અપરાધ કરે છેજ. પ્રભુ આવા ભક્ત અપરાધને કારણે દુઃખી થાય છે.

સર્વ સિદ્ધિ વડે પ્રભુને આરાધનારો, ગમે તેવો યોગી, તપસ્વી અને સિદ્ધ પુરૂષ હોય પણ તે જો ભક્તનો અપરાધ કરે છે તો પ્રભુને ક્લેશ આપનારો થાય છે. જયવિજય પ્રસંગમાં ભગવાને સનકાદિ મુનિઓને કહ્યું છે કે, " જો કોઈ આપના જેવા ભગવદીયનો સાથે વિપરીત આચરણ કરે તો તે મારો પોતાનો હાથ હોય તો ય એને છેદી નાખું !" પ્રભુ સર્વ વૈકુંઠવાસીઓને સંભળાવે છે કે, મારી ભક્તિ કરનારો ય જો ભક્ત દ્રોહી હોય તો હું એના ઉપર કેવી રીતે પ્રસન્ન થઉં? કોઈ કોઈના કંઠને છેદીને ચરણની પૂજા કરે તો શું એને વહાલો લાગે ? હું સત્ય જ કહું છું કે મારા અંતઃકરણમાં મને ઘણો ખેદ થાય છે.

ભગવાન સ્વમુખે કહે છે કે મારા નામનો નિરંતર જપ કરનારો જો ભક્ત અપરાધી હશે તો એ મારો ભક્ત હશે તો ય યમલોકમાં જશે "

બસો બાવન ભગવદીયોની વાર્તામાં બે વિરક્તની વાર્તામાં એ ચેતવણી ઉચ્ચારવામાં આવી છે કે કોઈના અંતઃ કરણની દુભવીને દ્રવ્ય લાવે તે શ્રીઠાકોરજી અંગીકાર ન કરે. કોઈના દિલને દૂભવીને લાવે. તેને ક્લેશ થાય, તેનું લોહી સુકાય, તેનું લોહીએ દ્રવ્યમાં આવે માટે એવું દ્રવ્ય શ્રી ઠાકોરજી અંગીકાર ના કરે. પુત્રીના દ્રવ્યથી બનેલી સામગ્રીમાં ભગવદીયને વિપરીત દર્શન થયા હતાં. પ્રભુ પ્રસન્ન હોવાને બદલે કોપેલા દેખાતા હતા.

તાદ્રશી વૈષ્ણવની આજ્ઞા ન માનવાની અપરાધ અને દૂષિત દ્રવ્ય થી મહાપ્રસાદ લેવાના અપરાધના પ્રાયશ્ચિત તરીકે શ્રીગુંસાઈએ એ વૈષ્ણવને આજ્ઞા કરી કે " છ માસ સુધી નિત્ય વિરહ તાપ કરે કે વૈષ્ણવોએ મારો બહિષ્કાર કર્યો છે અને મારા મનમાં આચાર્ય ધર્મ બરાબર નથી તે ઠીક કરૂં. તારો અપરાધ પ્રકટ કરે જેથી સર્વ કોઈ તારી નિંદા કરે ત્યાર પછી તું મારી પાસે આવજે."

૪૦ બાધકો

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનું કર્તવ્ય છે કે અમે શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદનો સદા આશ્રય કરવો. આ આશ્રયથી શ્રમ વિના સર્વ ફલની સિદ્ધિ થાય છ. પરંતુ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે નીચેના ૪૦ બાધકો થી દૂર રહેવું જોઈએ.

ધન અને ઘરમા આસક્તિ, લૌકિક - વૈદિક કાર્યોમાં પ્રતિષ્ઠા, કર્મકાંડ વિ.માં નિષ્ઠા, સ્વર્ગાદિ ફળની કામના, લૌકિક સુખોમાં પરમ પ્રીતિ હોવી, ભક્તિ વિરોધી વિષયોની કામના, અલૌકિકમાં બાધક હોય એવા વિષયોમાં આસકિત હોવી, વિકાર વધારે એવું અસાત્વિક ભોજન, દેહ - કુલ તેમજ જ્ઞાન વિ.નું અભિમાન, ભગવત્ સેવાના ભાવ વિનાનું દેહ પોષણ, દુષ્ટ જનોનો સંગ, શ્રીકૃષ્ણને સમર્પિત ન હોય એવું અન્નભક્ષણ, નિવેદન મંત્રના અનુસંધાન નો અભાવ, શ્રીકૃષ્ણની શરણાગતિ-ભાવનું વિસ્મરણ. અન્યાશ્રય, ફલેચ્છાથી અન્ય દેવને પ્રાર્થના, ભગવાનમાંથી ચિત્તને હટાવી દે એવી વ્યાવૃત્તિ લૌકિક આજીવિકા કરવી. ગુરૂનો દ્રોહ કરવો. દેહના અતિ સામર્થ્યના કારણે થતું અભિમાન, પરિવારમાં મનની રતિ અને ગતિ ભગવાનની ભક્તિ ન થઈ શકે એવા દેશમાં વાસ, લૌકિક લાભહાનિથી હર્ષ-શોકનો અનુભવ કરવો. 'હું સ્વતંત્ર છું,' એવી ભાવના જીવના સહજ સ્વભાવમાં રહી છે એવી હઠ, અધિકારપણું પાપમાં પ્રીતિ, દુષ્ટનો પક્ષપાત, ક્રૂરતા, દીનજનોની ઉપેક્ષા, ક્ષમાવૃત્તિનો અભાવ હોવાથી બદલો લેવાની વૃત્તિ જેવા અનેક બાધકો શ્રીહરિનું વિસ્મરણ કરાવનારા છે. આ બધાનો ત્યાગ કરવો. (૨૭મું શિક્ષાપત્ર)

અનન્યતા

દાસીના સુતના સહુ પિતા રાણી સુતનો તો એક રાય,
ભક્તિ અંશ શ્રીકૃષ્ણ જ સેવે, ને માયિક સર્વને ધાય,
ધાયે તો કર સાંહે ન કોય, કામ પડે ત્યારે અંતે રોય
આવાગમનમાં સદા અથડાય, કો કાળે હરિ વિના ગત્ય ન થાય
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

ભક્તિમાં અનન્યતા બહુ જ મહત્ત્વની છે.ભક્તિ મહારાણી છે. અને ભક્તિ મહારાણીના પુત્રો-ભક્તો એક જ દેવને, શ્રીકૃષ્ણને જ સેવે છે. જેને ભગવત્સ્વરૂપનું જ્ઞાન નથી થયું. જેની ચિત્તવૃત્તિ હજી સ્થિર નથી થઈ તેવો માયાપુત્ર એટલે કે વિષયી, સંસારી જીવ તો કોઈના માંય નિષ્ઠાવાળો નહીં હોય. એ તો જ્યાં ત્યાં દોડતો ભટકતો જ રહ્યા કરે છે.

આમ તેમ દોડનારાને ભટકનારાને કોઈ સહાય કરવા આવતું નથી. જેની જે દેવમાં નિષ્ઠા હશે તેને યાદ કરશે અને તે દેવ સહાયરૂપ થશે પરંતુ જેને કોઈ એક આશ્રય જ નથી. જે કોઈ એકના જ નથી એનું કોણ? એક સાધે સબ સધે સબ સાધે સબ જાય જે એકની એ સાધના કરે છે તેને બધું જ ગુમાવે છે. જ્યાં સુધી એ પૂર્ણાતાર શ્રીકૃષ્ણને ન ભજે ત્યાં સુધી બધું નકામું છે.

માયા

ન્હાનો પદાર્થ મોટો દેખાડે, ને પાકાને દાખે કાચો
ઉગ્ર હોય તેને શાંત બતાવે ને જુઠો મનાવે સાચો.
સાચો ભાસે એજ માયાનું રૂપ, એણે કીધા વશ રંકને ભૂપ
એને જીત્યાનો છે એક ઉપાય, સાચુ શરણ લ્યો વ્રજરાય
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

માયાના પ્રભાવમાંથી મુક્ત જ થઈ શકે જે માયા ના સ્વરૂપને જાણો. માયા કોઈપણ તત્વનું સાચું, સમ્યક્ જ્ઞાન થવા દેતી નથી. અજ્ઞાન ફેલાવવું અથવા જીવને અન્યથા જ્ઞાનમાં ફસાવવો એ જ માયાનું કાર્ય છે. એ જ એ શક્તિ છે.

માયા જીવને જાતજાતના ભ્રમમાં નાખે છે. નાનું હોય એને મોટું કરી દેખાડે, મોટાને નાનું કરી દેખાડે. કાચું હોય તે પાકું તો પાકું હોય એને કાચું, ઉગ્રને શાંત, જુઠાને સાચું અને સાચા ને મિથ્યા દેખાડે એવી માયાની વિવર્તલીલા છે.

માયા આવરણ શક્તિ અને વિક્ષેપ શક્તિ ધરાવે છે. કાં તો એ સત્યના દર્શન થવા દેતી જ નથી. અથવા તો એ સત્યને વિકૃતરૂપમાં જ રજુ કરે છે. જીવને બ્રહ્મ સ્વરૂપનો અનુભવ થવા દેવામાં આ માયાશક્તિ જ મોટી અડચણ છે.

જીવને અજ્ઞાન તેમજ અન્યથા જ્ઞાનના બંધનમાં નાખનારી માયા જીવને મોહ પણ પમાડનારી છે આ વ્યામોહિકા માયાના પ્રભાવથી કોઈ બચી ન શકે. રાજા-રંક દેવ-મનુષ્ય આ બધા જ માયાને વશ છે. ભગવાન કહે છે મમ માયા દુરત્યયા મારી માયા તરવી દુષ્કર છે. જીવ સ્વપ્રયત્નથી તરવા જાય તો દુષ્કર છે. પરંતુ સાચું શરણ લહો શ્રીવ્રજરાય શુદ્ધભાવે અને દ્રઢ ભાવે ભગવાન ને શરણે જનારને માયાનો ભય નથી.

કર્મ

"**तत्कर्म हरितोषं यत्** જેનાથી શ્રી હરિપ્રસન્ન થાય એ જ 'કર્મ'

પુષ્ટિધર્મ – શ્રી વલ્લભે ભગવદીયોને ત્રણ આવશ્યક ધર્મોનો બોધ કર્યો છે. **(૧) સ્વધર્માચરણં શક્ત્યા (૨) વિધર્માચ્ચ નિવર્તનમ્ (૩) ઈન્દ્રિયાશ્વવિનિગ્રાહ:**

(૧) સ્વધર્મનું શક્તિ પ્રમાણે આચરણ કરવું. ભગવદીયે પોતાના વર્ણ અને આશ્રમના ધર્મોને અનુરૂપ એવા દેહધર્મ વિ.નું શક્તિ અનુસાર પાલન કરવું. આપણાથી જે શક્ય હોય તે કરવું. એમ શાસ્ત્ર આજ્ઞા છે. વિનમ્રતાપૂર્વક વૈષ્ણવ જો સ્વધર્મનું પાલન કરે તો પૂરેપૂરી રીતે આચરણ ન થઈ શકે તોય પ્રભુ પ્રસન્ન થાય છે.

(૨) સ્વધર્મનું પાલન શક્તિ પ્રમાણે કરવું પરંતુ વિધર્મના ત્યાગમાં તો પુરેપૂરી રીતે તત્પર થવું. 'ધર્મબાધકો વિધર્મઃસ્યાત્' જે કર્મ કરવાથી સ્વધર્મને હાનિ થાય. સ્વધર્મ નષ્ટ થાય. તે વિધર્મ કહેવાય જ્યાં સુધી દેહાત્મા બુદ્ધિ (આ આત્મા દેહ છે.) છે ત્યાં સુધી વર્ણાશ્રમના ધર્મો સ્વધર્મ છે. પરંતુ જીવને સ્વરૂપનું જ્ઞાન થઈ જાય દેહા ધ્યાસની નિવૃત્તિ થઈ જાય પછી વર્ણાશ્રમ ધર્મો વિધર્મ બની જાય છે. અને ભગવદ્ ધર્મ જ સ્વધર્મ થઈ જાય છે. ભગવદ્ ભાવમાં લીન એવા ભક્તને માટે દાસ્યભાવ જ મુખ્ય ધર્મ બની જાય છે.

તે ઉપરાંત **પરધર્મ** – એક ને આજ્ઞા કરેલો ધર્મ બીજાને માટે પરધર્મ છે. બ્રાહ્મણનો ધર્મ ક્ષત્રિયને માટે પરધર્મ કહેવાય. **ઉપમા** એટલે પાખંડ, દંભ, તથા **છલ** શબ્દનો અન્યથા અર્થ કરવો અથવા નામનો ધર્મ, કહેવા પુરતો જ ધર્મ તે છલ **આભાસ** સ્વેચ્છાથી પોતાના આશ્રમથી ભિન્ન એવો ધર્મ તે આભાસ- આ બધાયનો ત્યાગ કરવો.

(૩) ઈન્દ્રિયો અશ્વો છે. એમનો અત્યંત નિગ્રહ જ ઈષ્ટ ફલ પ્રાપ્ત કરાવી શકે છે. ઘોડાને સારી રીતે કાબૂમાં રાખીને હંકારવામાં આવે તો એની સહાયતાથી પોતાના ધારેલા સ્થાને પહોંચી શકાય તે રીતે ભક્તિમાર્ગમાં પણ જો ઈન્દ્રિયરૂપી અશ્વને કાબૂમાં રાખવામાં આવે અને તેમનો ભગવાનની સેવા-ભક્તિ વિ.માં ઉપયોગ કરવામાં આવે તો મોટા મોટા પ્રતિબંધોને ઓળંગી જઈને ભગવદ્ પ્રાપ્તિ કરી શકાય છે.આ ત્રણ ધર્મનો કદી ત્યાગ ન કરવો.

કર્મ ગતિ :-

દરેક પ્રાણી કર્મ વડે ઉત્પન્ન થાય છે. કર્મ વડે નાશ પામે છે. કર્મ વડે જ સુખ, દુઃખ ભય અને કલ્યાણ ને પામે છે. કર્મ જ શત્રુ છે. કર્મ જ મિત્ર છે. કર્મ જ તટસ્થ છે. કર્મ જ ગુરુ અને ઈશ્વર છે.

કર્મની ગતિ ગહન છે. તે બ્રહ્માજીને પણ જાણવી મુશ્કેલ છે. ભગવાન પોતે જ કર્મ સ્વરૂપ થાય છે. કર્મ સ્વરૂપી ભગવાન સ્વેચ્છાથી 'સત્કર્મ' રૂપે પ્રકટ થાય છે. અને તેના દ્વારા શુભ ફલનું દાન કરે છે. વળી તે જ પ્રભુ દુષ્કૃતરૂપે પ્રકટ થઈ અશુભ ફલનું દાન કરે છે.

કર્મ અંગેનું ફલસંદિગ્ધ છે. તેમ જ દુર્લભ પણ છે. કર્મકાંડમાં જ રૂચિ ધરાવતા જીવોને અમુક જ નિયત ફલ પ્રાપ્ત થશે એ કહેવું મુશ્કેલ છે. કારણ કે કર્મનું ફલ કર્તાનો અધિકાર, સ્વભાવ હેતુ અને વિધિ-અનુસાર બદલાતું રહે છે. કર્તા જો સાત્વિક હોય, રાજસ હોય કે તામસ હોય અને તે સ્વભાવ અનુસાર કર્મ પણ સાત્વિક, રાજસ કે તામસ પ્રકારે કર્મ કરે તો તેને તે તે પ્રકારે સ્વર્ગ, ઈહલોક, નરક આદિ ફલરૂપે સાંપડે છે. ઉત્તમ કર્મમાં ય ફલમાં ભેદ પડે. દેવસ્વર્ગ, દૈત્યસ્વર્ગ, પિતૃલોક પ્રાપ્તિ જેવા ભેદ સંભવે.

સુખી થવા માટે કરેલા કર્મો માનવીને સુખ આપે છે. શ્રી વિદુરજીનું માનવું છે કે **સુખાય કર્માણિ કરોતિ લોકઃ ન તૈઃ સુખં વાન્યદુપારમં વા, વિન્દેત ભૂયસ્તત એવ દુઃખમ્** પ્રત્યેક મનુષ્ય સુખ માટે કર્મ કરે છે. પરંતુ તે કર્મો દ્વારા તેને સુખ પ્રાપ્ત થતું નથી. દુઃખની શાંતિ ય થતી નથી. ઉલટાનું તે કર્મોથી ફરીથી તેને દુઃખ જ મળે છે.

ઉપાસ્ય દેવની દ્રષ્ટિએ પણ કર્મમાર્ગમાં ભેદ છ. સાત્વિક જીવો દેવોનું, રાજસ જીવો યક્ષ-રાક્ષસોનું અને તામસ જીવો ભૂત-પ્રેતાદિનું યજન-પૂજન કરશે. કર્તા જેવો હશે તેવું કર્મ અને તેવા આરાધ્ય દેવ પસંદ કરશે. વળી ઉત્તમ નિર્ગુણ કોટિના ભક્તો તો પરબ્રહ્મ શ્રીકૃષ્ણને ભજે છે. કર્મમાર્ગમાં કર્મનું મહત્ત્વ છે. જ્યારે ભક્તિમાર્ગમાં ભગવદીચ્છા જ નિયામક છે. ભગવાન સ્વયં આજ્ઞા કરે ત્યારે ભક્તે કર્મ, અકર્મ કે વિકર્મના પૃથકકરણમાં પડવાની જરૂર નથી. અર્જુને પોતાના ગુરૂવડીલો દ્રોણ, ભીષ્મ વિ. અને કૌરવાદિ બાંધવોનો વધ, ભગવદીચ્છા ને અનુસરીને કર્યો જ હતો. આ સ્વજનોની હત્યા કરવી એ શાસ્ત્ર દ્રષ્ટિ, કર્મમાર્ગાનુસાર તો નિષિદ્ધ બાબત જ કહેવાય. પરંતુ ભગવાની આજ્ઞા થતાં વિધિ અથવા નિષેધનો પ્રશ્ન રહેતો જ નથી.

કર્મમાર્ગમાં (ભગવદીચ્છાથી વિરૂદ્ધ કર્મ હોય તો) અનિષ્ટ ફળ આપે અનિશ્ચિત ફલ પણ સાંપડી શકે.

કર્મકાંડમાં ક્યારેક તો અભિક્રમનો નાશ અથવા પ્રત્યવાય રૂપી દોષ પણ આવી જાય છે. અભિક્રમનો નાશ એટલે કર્મ અધુરૂં રહી જાય તો જેટલું કર્મ કર્યું છે, એટલો લાભ પણ ન મળે. થોડા કર્મનું થોડું ફલ પણ ન મળે. કર્મકાંડમાં આહૂતિ-મંત્ર વિ.ની નિશ્ચિત માત્રા, વિધિમાં જો ઓછું અથવા વધારે કર્મ થાય તો પણ પ્રત્યવાયદોષ લાગે છે.

નિષ્કામ કર્મયોગ કર્મનો ઉત્તમ પ્રકાર છે. કેવળ કર્તવ્ય બુદ્ધિથી કરવામાં આવતા નિષ્કામ કરવાનું ફલ ચિત્તશુદ્ધિ રૂપે મળે. કર્તાને કર્મફલનું જરાય બંધન લાગતું નથી.

કર્મમાર્ગ ભક્તિ માર્ગ-

સકામ કર્મ કરતા નિષ્કામ કર્મ ઉત્તમ છે. પરંતુ કર્મ સાથે જો ભક્તિનો સમન્વય કરવામાં આવે તો તે ઘણું ઉત્તમ. કર્મનું ભગવાનના ચરણે સમર્પણ કરી દેવું એ ભક્તિનું જ અંગ છે. કર્મમાર્ગનો અધિકારી જો ભગવાનને કર્મનું સમર્પણ કરી દે, તો તેને ભગવાનમાં દ્રઢ નિષ્કામયુક્ત ભક્તિ ઉદ્ભવે છે.

પુષ્ટિમાર્ગમાં અષ્ટ પ્રહર, નિત્ય ભગવત્સેવા જ મુખ્ય છે. આ મુખ્ય ધર્મનું આચરણ કરવામાં જો પ્રાતઃકાલિક સંધ્યા, અગ્નિહોત્રાદિ વૈદિકધર્મ રૂપી નિત્યકર્મનો કાલાતિક્રમ થઈ જાય તો કોઈ બાધ આવતો નથી. વૈદિકકર્મોને ભગવત્સેવાના અનવસરમાં ગૌણકાલે કરી લેવા.

સુતરામેવ કર્મમાર્ગો દુરત્યયઃ

કર્મમાર્ગ જટિલ તેમજ કિલષ્ટ છે. કર્મ (રૂપી ઈશ્વર) સ્વતંત્ર છે. એ પોતાની ઈચ્છા પ્રમાણે ક્યારેક દુષ્કર્મરૂપે પ્રકટ થઈને દુઃખરૂપ ફલનુંદાન કરે છે. તો ક્યારેક સત્કર્મરૂપે પ્રકટ થઈને સુખરૂપ ફલનું દાન કરે છે. એટલે કર્મની ગતિ અકળ બની જાય છે. **ગહના કર્મણો ગતિઃ** શાસ્ત્રના વિહિતકર્મો પણ ક્યારેક ભગવાનને શ્રમ આપનારા બની જાય છે. ભગવદ્ આજ્ઞા વિના જે જીવો અતિ ઉગ્ર તપસ્યા કરે છે. તેઓ વાસ્તવમાં તો દેહમાં અંતર્યામીરૂપે બીરાજતા ભગવાનને પીડા જ આપે છે. પ્રભુને એમના આ હઠપૂર્વકના તપથી શ્રમ જ થાય છે.

શાસ્ત્ર જેને નિષિદ્ધ કર્મ કહે છે. તે પણ ભગવાનની આજ્ઞાથી કર્તવ્ય બની જાય છે. સ્વજનો તેમજ ગુરૂજનોની હત્યા શાસ્ત્ર દ્રષ્ટિએ નિષિદ્ધ જ છે. છતાં અર્જુને તેમનો વધ ભગવાનની આજ્ઞાને માન આપીને કરે તો અર્જુનને કોઈ દોષ ન લાગ્યો.

માટે સાચે જ કર્મની ગતિ ગહન છે. **અતોઽપિ ભજતં કાર્યમ્** કર્મમાર્ગનો પાર પામી શકાય એમ નથી. માટે ભગવાનનું ભજન કરવું. ભક્તિમાં કર્મનો દોષ- કર્મમાર્ગની જટિલતા નથી જ.

ભજને નહિ તાદ્રશમ્ ભક્તિમાર્ગમાં કર્મમાર્ગના જેવું અનિષ્ટ પ્રાપ્ત થતું નથી. કર્મમાર્ગમાં ભગવદીચ્છા વિના કર્મ કરવામાં આવે તો તેનું અનિષ્ટ ફલ સાંપડે છે. પરંતુ ભક્તિમાર્ગમાં જો ભગવદીચ્છા વિના ભજન કરવામાં આવે તો અનિષ્ટ તો થતું નથી જ. વધુમાં વધુ એટલું થાય કે ભગવાનની ફળ આપવાની ઈચ્છા ન હોય તો ભક્તિમાં પ્રતિબંધ આવી પડે અને ઉત્તમ રીતે ભજન થઈ ન શકે. ભક્તિ કરનારનું અનિષ્ટ થાય એવી સંભાવના તો નથી જ. માટે કર્મમાર્ગ કરતાં ભક્તિમાર્ગ ઉત્તમ છે.

જે કર્મથી ધર્મ, વૈરાગ્ય અથવા ભક્તિ થાય તે જ ત્રણ પ્રકારનાં કર્મ સફલ કહેવાય છે. આવાં (ધર્મ, વૈરાગ્ય કે ભક્તિ પ્રકટ કરનારાં) કર્મો જે કરતો નથી. 'સ જીવન્નપિ મૃત એવ

એ જીવતો હોવા છતાં મરેલો છે. જીવંત અને મૃત એ ભેદતો કર્મ વડે જ થાય છે ને.

શાસ્ત્ર કહે છે કે મનુષ્યે કર્મ તો કરવું જ. **शास्त्रं च यच्छक्नुयात् तत्कुर्यादिति, फलं तु दैवाधीनम्** જે કરી શકાય તે (સાધન) કરવું. ફલ તો જો કે દૈવને આધીન છે પણ કર્મ તો કરવું જ.

કર્મ અને એના ફળોના સુંદરવર્ણનો માનવીને કર્મ કરવામાં રૂચિ જગાડવા માટે છે. કર્મફળ જ પરમ પુરૂષાર્થ નથી. પરમ પુરૂષાર્થ તો મુક્તિ અથવા ભક્તિ છે એમ જાણવું. બ્રહ્માજીએ વેદને ત્રણ વખત સારી રીતે સંપૂર્ણ જોઈ વિચારીને એ જ નિશ્ચય કર્યો કે જેનાથી ભગવાનમાં પ્રેમ થાય તે જ કર્મ કર્તવ્ય છે. એટલે કે અન્ય કોઈપણ હેતુ રાખીને કર્મ ન કરવો.

કર્મસાથી.

માનવી જે કર્મ કરે છે. તેને પરમાત્મા તો જાણે જ છે. પરંતુ અન્ય પણ દ્રષ્ટાઓ/સાક્ષીઓ છે. સૂર્ય, અગ્નિ, આકાશ, વાયુ, દેવતાઓ, ચંદ્ર, સંધ્યાકાળ, દિવસ, રાત્રિ, દિશાઓ, જળ, પૃથ્વી, કાળ અને ધર્મ. આ બધાં જીવાત્માના પાપપુણ્યરૂપ કર્મના સાક્ષીઓ છે. માનવીએ કરેલા કર્મો કદી ખાનગી રહેતા નથી. અનેક ચક્ષુઓ વડે પ્રભુ એને નિહાળે જ છે.

ભગવત્શાસ્ત્રનો મત તો એ છે કે **तत्कर्म हरितोषं यत्सा विद्या तन्मतिर्यया** તે કર્મ કર્મ કહેવાય જેનાથી શ્રી હરિ પ્રસન્ન થાય (એ વિદ્યા સાચી વિદ્યા જેનાથી શ્રીહરિમાં અચલ મતિ થાય.)

न कर्म वेदाविहितं फलं जनयति ध्रुवम् જે કર્મોને વેદમાં વિહિત કર્મો તરીકે કહેવાયા છે. તે કર્મો ય શાશ્વત ફળ આપી શકતાં નથી માટે શ્રીહરિનું ભજન જ શ્રેષ્ઠ કર્તવ્ય છે.

ભરી પાયા!

પ્રયાગના પતિ-પત્ની વૈષ્ણવ શ્રી ગુંસાઈજીના સેવક હતાં. હાકેમે એમનું બધું લુંટી લીધું. પતિ દ્રવ્ય કમાવાને માટે હીરાની ખાણ હતી ત્યાં ગયો. વર્ષ સુધી પરિશ્રમ કર્યો પણ વેપારીએ વિશ્વાસઘાત કર્યો. બીજા વેપારીએ આવકનં અડધું દ્રવ્ય આપ્યું. ઘરે પાછાં ફરતાં રસ્તામાં તેને અગિયાર ઠગ મળ્યા. એક ઠગ તેને મારવા તૈયાર થયો. તેણે ઈચ્છા વ્યક્ત કરી કે, સ્નાન કરી લઉં પછી મને મારજો વૈષ્ણવ તળાવમાં ઉભો રહીને શ્રીગુંસાઈજીનું સ્મરણ કરવા લાગ્યો. તેણે ઘણી આર્તિપૂર્વક વિનંતી કરી કે, "મહારાજ ! મારો શો અપરાધ છે કે ઘરે પણ પહોંચવા ન પામ્યો. શ્રીઠાકોરજીના ચરણસ્પર્શ પણ ન પામ્યો. દ્રવ્ય પણ પ્રભુને અંગીકાર ન થયું ! ઠગોના હાથે મારૂં મૃત્યુ થયું છે."

શ્રી ગુંસાઈજીએ ત્યાં પ્રકટ થઈને તેને કહ્યું કે, " વૈષ્ણવ ! તું દુઃખી ના થઈશ. ગયા

જન્મમાં તે આ અગિયારને માર્યા હતા. આ બધા અલગ અલગ જન્મમાં બદલો લેતા તો માટે પાપમાંથી મુક્ત થવા માટે અગિયાર જન્મ લેવા પડત. આ બધા ભેગા થઈને તને મારે છે માટે તું એક જ જન્મમાં છૂટે છે. ઠગોને આવો વ્યવહાર જોઈને આશ્ચર્ય થયું, ડર લાગ્યો. આણે જળમાં કોઈની સાથે વાતો કરી તે એમણે સાંભળેલું. એમણે બહુ આગ્રહ કર્યો ત્યારે વૈષ્ણવે બધી વાત કરી. ઠગોનું હૃદય પરિવર્તન થઈ ગયું. તેમણે વૈષ્ણવને ન મારવાનો નિશ્ચય કર્યો. તેણે ફરીથી તળાવમાં જઈને શ્રીગુંસાઈજીને વિનંતી કરી કે " મહારાજ, એ હવે મને મારવા તૈયાર નથી તો મારે શું કરવું ? શ્રીગુંસાઈજીએ કહ્યું, "એ ઠગો પ્રસન્નતાથી કહે કે અમારૂં વેર અમે ચૂકવી લીધું છે, એ કહે કે ભરી પાયા ! તો તું સુખેથી ઘેર જા. ઠગોએ એમ જ કહ્યું અને તે વૈષ્ણવના સંગના કારણે, તેની કૃપાના કારણે એ ઠગોને પણ શ્રીગુંસાઈજીનું શરણ મળ્યું.

દુષ્ટકર્મો અને દુઃસંગ છોડવાના સંકલ્પ સાથે એ ઠગોએ નવું વૈષ્ણવી જીવન જીવવું શરૂ કર્યું.

ભગવદીયનો સંગ દુષ્ટ કર્મ છોડાવે છે. અને દુષ્ટને નિર્દોષ બનાવે છે. એ સ્પષ્ટ છે વળી પ્રસન્નતાથી કોઈને ક્ષમા કરી દેવાથી અને ક્ષમા માગી લેવાથી પૂર્વના પાપ પણ નિવૃત થઈ જાય છે.એ સમજી શકાય એવું છે.

તુમ તજિ ઔર કોન પેં જાઉં
કાકે દ્વાર જાય સિર નાઉં, પરહથ કહાં વિકાઉં
ઐસો કો દાતા હૈ સમરથ, જાકે જિએ અઘાઉં
અંતકાલ તુમ્હરે સુમરણ બિન ઔર કહું નહીં ઠાઉં
રંક સુદામા કિયો અયાચી, દિયો અભેપદ ઠાઉં
કામધેનુ ચિંતામની દીની, કલ્પવૃક્ષતર છાઉં

ભક્ત ભગવાનના ચરણમાં દીનતાપૂર્વક પ્રાર્થના કરે છે કે, "પ્રભુ તમને છોડીને હું કોના શરણે જઉં ? તમારા સિવાય મારે કોના દરવાજે જઈને માથું નમાવવું. મારે મારી જાત વેચી દેવી છે. સમર્પિત કરી દેવી છે. પણ એ માટે બીજી કઈ બજારે જવું ? હું તો તમને જ વેચાયેલ છું એટલે કે તમારો મારા પર પૂર્ણ અધિકાર છે. તમારા સિવાય એવો કોઈ સમર્થ દાતા નથી કે જે મને તૃપ્ત કરી દે. અંતકાળે, જ્યારે સંસારની કોઈ વસ્તુનો સાથ નથી કે સંગ રહેતો નથી ત્યારે તમે જ આશ્રય છો. તમે જ વિશ્રામ છો !

જે પ્રભુએ રંક સુદામાને સાચા અર્થમાં જ અયાચક બનાવી દીધો. અભય પદનું દાન કરીને તેને ધન્ય બનાવી દીધો. અકિંચનને પ્રભુએ કેટલું બધું આપે છે. કામધેનુ અને ચિંતામણિ નું દાન કરી દે છે. તેને કલ્પવૃક્ષની શિતળ છાયા આપે છે. આવા કરૂણામય પ્રભુને છોડીને કર્મોની જંજાળમાં, જ્ઞાનની ભૂલભૂલામણીમાં અને યોગસાધનાના સંઘર્ષમાં કોણ પડે.

ભગવાનના ચરણના દ્રઢ આશ્રય વિના ભક્તને બીજું કાંઈ ન ખપે. બીજું કાંઈ ન રૂચે.

માયા સંહારે, હરિ સંભાળે !

માયા છે ઘંટી ખિલડો હરિ, ત્હેમાં જીવ ચરાચર અન્ન
જે પડ્યું તે પીસાય છે તું જોની પ્રગટ લોચન
લોચન જો એક બચે છે તેહ, ખીલ સમીપે રહે છે જેહ
જે અણું ત્યાંથી ખસ્યો કણ આઘો, તે તત્કાળ દળાવા લાગ્યો
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

ભગવાન નૃસિંહે પ્રહલાદને પૂછ્યું, " તને મારા આ ઉગ્ર સ્વરૂપને જોઈને ડર લાગતો નથી. ?" ભક્તવર્ય પ્રહલાદે ઉત્તર આપ્યો, આપ ભયાનક લાગો તો ય આપ ભયાનક ન હોઈ શકો. હે કૃપણવત્સલ ! દીન બંધુ મને તો આપના દુઃસહ, ઉગ્ર એવા સંસારચક્રમાં પીસાઈ જવાનો ભય લાગે છે !"

માયા સૌને રોળી નાખે છે. પીસી નાખે છે.ચર અચર, જડ ચેતન બધા જ તત્વો તેમાં પીસાઈ જાય છે. માયાની અહંતા-મમતાની ચકકીમાં જે પડે તે પીસાઈ જાય છે. જગતમાં ક્યારે ય કોઈ વસ્તુ એમની એમ રહેતી નથી. જન્મવું, અસ્તિત્વમાં આવું, વધવું પરિણામ પામવું, ક્ષીણ થવું અને નાશ પામવું અ ષડ વિકારોમાં આપણા દેહને ય ફસાવવું પડે છે. અપવાદ માત્ર એક જ છે. નિરંતર ફરતી ઘંટીમાં ઓરાઈ ગયેલા દાણાને ખીલડાનો આશ્રય મળે તો એ બચી જાય. આ ખીલડો શ્રીહરિ છે. ભગવાનથી વિખૂટો પડે તો પીસાય જ.

પરવારી સહુ કામથી કોઈ મૃત્યુ ન પામ્યો જન.
આ કીધું આ કરવું છે, એમ કરતાં આવશે અંત,
અંત આવ્યો હરિ ક્યારે ગાશે, ચેત ચેત નહી તો પસ્તાશે.
મર્ણ નહિ આવે કાનમાં કહીને જશે ઓચિંતુ અંધારૂં થઈને
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

સંસારની જંજાળ એવી છે કે આપણે જ એમાંથી મુક્ત થવું પડે, એ આપણને મુક્ત ન કરે. સંસાર કોઈને બાંધતો નથી. આપણે જ એમાં બંધાઈએ છીએ અને સંસાર કોઈને છોડતો નથી આપણે જ એને છોડવો પડે છે.

'ભોગા ન ભુક્તા વયમેવ ભુક્તા' આપણે ભોગને ભોગવતા નથી, ભોગો જ આપણને ભોગવી જાય છે. કામકાજનો, સંસારની જવાબદારીનો, પ્રવૃત્તિનો અંત કદી આવતો નથી હા ! આપણા આયુષ્યનો અંત અવશ્ય આવી જાય છે.

આજ કામ કાલ હી કામ પરસોં કામ કરના

પહેલે દિન બહોત કામ, વિમુખ ભયે ચરના...
જાગત કામ, સોવત કામ, કામ હી મેં પરિ મરના
છાંડી કામ, સુમહિ શ્યામ,'સૂર' પકરિ સરના...

લોભી વાણિયાને ઉપદેશ આપતાં શ્રી સૂરદાસજીયે ગાયું છે કે, કામની જંજાળનો આજે, કાલે અને પરમ દિવસે - રોજે રોજ દિવસ-રાત કાયમ રહેવાની છે જ. સંસારી માનવી, જાગતા. સૂતાં કામકાજમાં જ પરોવાયેલો રહે છે.

' અપશ્યતામાત્મતત્વં ગૃહેષુ ગૃહમેધિનામ્' ઉપદેશના પ્રરંભમાં શ્રી શુકદેવજી કહે છે કે " જે સંસારીઓ ઘરના કામકાજમાં પોતાની આજીવિકા વિ.માં રચ્યાપચ્યા રહે છે. તેઓ પોતાના સ્વરૂપને જાણી જ નથી શકતા. હજારો વસ્તુઓ કહેવાની કરવાની, વિચારવાની ઘટમાળમાં ફસાયેલો જીવ એમાંથી બહાર આવી શકતો નથી. તેની રાત નિદ્રા કે વિલાસમાં વીતે છે. અને દિવસ કુટુંબના ભરણ પોષણ વ્યવસાય વિ.માં વીતે છે. સ્વજનોના મિથ્યા મોહસંબંધમાં આસક્ત જીવ પ્રમાદી બની જાય છે. અને ક્ષણે ક્ષણે નિકટ આવતા મરણને જોવા છતાં જાણે કે જોઈ શકતો નથી.

માનવી જીવનના અંતકાળમાં ય ભગવાનને ભજશે નહીં તો ક્યારે ભજશે? ક્યારે અચાનક અંધારૂં થઈ જશે. માટે સાવધાન રહેવું.

સ્વાધ્યાય - ૪૯

વૈરાગ્ય

વૈરાગ્યં પરિતોષં ચ સર્વથા ન પરિત્યજેત્

જેમની શિક્ષાથી અમે વૈરાગ્ય અને સંતોષને પ્રાપ્ત થયા એ મધુકર અને સર્પને અમે ઉત્તમ ગુરૂ માનીએ છીએ. એવી અવધૂતવાણી છે. મધમાખનું ધન-મધ, નથી ભોગવવાના કામમાં આવતું નથી કોઈને આપવાના કામમાં આવતું મધની લાલસાથી મધમાખીનો જીવ જાય છે. સંતાનના સંબંધની આસક્તિથી કપોતનો જીવ જાય છે. શબ્દની આસક્તિથી હરણને, સ્પર્શ લાલસાના કારણે હાથીને રસલાલસાના કારણે માછલીને રૂપ લાલસના કારણે પતંગિયાને તેમજ સુંગધકમલ પ્રત્યેના મોહના કારણે ભ્રમરને મહાન હાનિ થાય છે તે સર્વ વિદિત છે માટે વૈષ્ણવે વિષયો પ્રત્યે વૈરાગ્ય રાખવો.

ભાગવત ધર્મમાં જ્ઞાન અને વૈરાગ્યનું સ્વતંત્ર મહત્ત્વ નથી. તેઓનો ભક્તિમાનની ભક્તિમાં અંતર્ભાવ થઈ જ જાય છે. ભગવાન કહે છે કે **તસ્માન્મદ્ભક્તિયુક્તસ્ય યોગિનો વૈ મદાત્મન : । ન જ્ઞાનં ન ચ વૈરાગ્યં પ્રાયઃ શ્રેયો ભેવોદિહ** જે મારી ભક્તિથી યુક્ત છે અને જેનો આત્મા મને પ્રાપ્ત થઈ ચુક્યો છે. એવા મારા ભક્તને ઘણું કરીને જ્ઞાન કે વૈરાય શ્રેયસ્કર થતાં નથી. તેઓના જ્ઞાન અને વૈરાયનું પ્રયોજન ભક્તિથી જ સરી જશે.

આમ છતાં.....

વૈરાગ્યની આવશ્યકતા-

લૌકિક ભોગના સંબંધમાં શ્રી વલ્લભાચાર્યજી વારંવાર આજ્ઞા કરે છે કે વિષયોમાં આસક્તિ ન રાખવી. **વિષયાક્રાન્તદેહાનાં નાવેશઃ સર્વથા હરે :** જેનું ચિત્ત વિષયાક્રાન્ત છે, તેમાં શ્રીહરિનો આવેશ કદી થતો નથી. ભગવદ્ આવેશ થતો નથી. એ તો ઠીક પરંતુ **લોકાર્થી ચેદ ભજેદ્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા** લૌકિક ભોગની ઈચ્છા રાખીને તો શ્રીકૃષ્ણની ભક્તિ કરે તો પરિણામે તેને ક્લેશ જ થાય છે. અહંતામમતાત્મક સંસારમાં લુબ્ધ બની ને ભોગની કામનાથી ભક્તિ કરે તો ભગવદ્ ભક્તિ પણ તેને આનંદનું દાન કરનારી થતી નથી. માટે પોતાના ભોગને માટે ઈન્દ્રિયોના કર્મોનો શરીરથી, વાણીથી અને મનથી ત્યાગ કરવો.

ગૃહ, પત્ની આદિના મોહથી દૂર રહેવા વૈષ્ણવે હરિના સ્થાનમાં પણ એવી રીતે રહેવું કે જેથી ચિત્તમાં કામ આદિનો પ્રવેશ ન થાય. સંસાર આવેશ થી દુષ્ટ થયેલી ઈન્દ્રિયોના કલ્યાણ માટે પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ માં જ તમામ ઈન્દ્રિયોને જોડવી.

અસક્ત્યા ભોગો હિ જ્ઞાનાવિરોધી ભોગમાં જો આસક્તિ ન હોય તો જ્ઞાનનો

વિરોધ થતો નથી.

વિષયાસક્તિ.

વિષયૈર્બુદ્ધિભ્રંશો ભવતિ વિષયોથી - તેમાં આસક્તિ થી બુદ્ધિનો નાશ થાય છે. બહુ પવનવાળા સ્થાનમાં જે દીપકની સ્થિરતા જેમ ન સંભવે તેમ વિષયો હોય ત્યાં 'અનુગ્રહ' પણ સ્થિર રહેતો નથી. શ્રીમદ્ભાગવતજીમાં દશમસ્કંધમાં શ્રી મહાપ્રભુજીના આ વચનામૃતો મનનીય છે.

શ્રી ગોવર્ધનધરણ પ્રભુ કહે છે કે હું જેના પર અનુગ્રહ કરૂં છું તેના વિષયો (પ્રત્યેની આસક્તિ) નો નાશ કરૂં છું તેનું કારણ આજ.

વિવેકી વૈષ્ણવોએ વિચારવું જોઈએ કે **તદ્વિચિન્તનમારભ્ય વિનાશાવધિ દુ:ખદં ધનમ્** ધન તેના ચિંતનથી લઈને વિનાશ પર્યંત - સર્વ અવસ્થામાં - દુ:ખ આપનારૂં છે.

ભજનમાં ય ક્લેશ

લોકાર્થી ચેત્ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા જો ભક્ત લોક સંબંધી પદાર્થોના પ્રયોજનવાળો થઈને શ્રી કૃષ્ણને ભજે તો બધી રીતે ક્લેશવાળો - દુ:ખી થાય છે. આ ભક્તને સેવામાં, સ્મરણમાં, પ્રભુને ભજવામાં આનંદ આવતો નથી. કેમકે એના ભજનનું પ્રયોજન લોક-લૌકિક છે. પુત્ર, પત્ની, મિત્ર વિ.ના સુખહેતુથી જે પ્રભુને ભજે એને ક્લેશ જ થાય.

આવી સહેતુક, અતિ અલ્પ હેતુક ભક્તિ નિર્ગુણ ભક્તિ નથી. ભક્તિમાં આનંદ ત્યારે જ ઉપજે કે જ્યારે ભક્તિ નિર્ગુણ હોય. લૌકિક આસક્તિ રાખીને ભગવાનને ભજે એને ક્લેશ એટલા માટે થાય છે કે એને પોતે ધારેલ લૌકિક સુખ મળતું નથી. પ્રભુ તો કહે છે કે હું જેના ઉપર અનુગ્રહ કરૂં છું. એના ધન (સુખસંપત્તિ)ને ધીરે ધીરે હરી લઉં છું.

કૃપાલુ પ્રભુ પ્રસન્ન થાય તેણે લૌકિક સુખ દેતા નથી. પણ અલૌકિક સુખનું પ્રદાન કરે છે.

ભગવાનના ભક્ત હૃદયમાં સ્થિતિ થતાં લોકવેદ સંબંધી સુખનું પ્રયોજન જ રહેતું નથી. ચતુશ્લોકી અનુસાર. **યદિ શ્રી ગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ । તતઃ કિમપરં બ્રૂહિ લૌકિકૈર્વૈદિકૈરપિ ॥** જો શ્રીગોકુલાધીશ સર્વાત્મભાવે હૃદયમાં ધારણ કરવામાં આવે તો પછી એની કરતાં લૌકિકથી અને વૈદિકથી પણ બીજું શું, કહોને !

ભક્તે ભગવાનને હૃદયમાં ધારણ કરવાના છે. બળજબરીથી ય તેમને ધારણ કરવાના છે. રાસલીલાના પ્રસંગમાં વ્રજભક્તોએ ભગવાનને આગ્રહપૂર્વક પુષ્ટિ અંગીકાર કરાવીને ધર્મી સ્વરૂપને હૃદયમાં ધારણ કર્યું છે. વિષયો પ્રત્યેનો એમનો વૈરાગ્યપૂર્વકનો ત્યાગ પણ સ્પષ્ટ છે. **સંત્યજ્ય સર્વ વિષયાંસ્તવ પાદમૂલમ્** અમે સર્વવિષયોનો વાસનાસહિત

ત્યાગ કરીને આપતા ચરણ મૂલમાં પ્રાપ્ત થાય છીએ એમ એમણે પ્રાર્થના કરી. આ ભગવદીયોના હૃદયમાં ય શ્રી ગોકુલધીશ સર્વાત્મ રીતે બિરાજ્યા અને તેથી એમને (પતિ. વિ.) લૌકિક અને (સ્વર્ગ વિ.) વૈદિકની જરાય સ્પૃહા ન રહી. વ્રજભક્તોનો આ લોકવેદ સંબંધી ફલનો પરિત્યાગ એ પુષ્ટિભક્તોનો વૈરાગ્ય જ છે.

समस्त विषयत्यागः सर्वभावेन यत्र वै ।
समर्पणं च देहादेः पुष्टिमार्गः स कथ्यते ॥

પુષ્ટિમાર્ગમાં સર્વભાવે સર્વલૌકિક વિષયોનો ત્યાગ છે તેમજ પ્રભુને સર્વભાવે દેહાદિનું નિવેદન છે. ભગવાનને સર્વ વિષયોનુ તેમજ અસમર્પિત વસ્તુ તેમજ સંબંધોનો ત્યાગ, ભગવત્સંબંધી એવા જ સુખોનો પ્રસાદી ભાવથી સ્વીકાર એ પુષ્ટિમાર્ગીય વૈરાગ્યનું સ્વરૂપ છે.

વૃત્રાસુરનો આ પુષ્ટિવૈરાગ્ય મનનીય છે. હે ભગવન્ ! આપના સંબંધથી રહિત એવા સ્વર્ગ, સત્યલોક, પૃથ્વીનું ચક્રવર્તી રાજ્ય. રસાતળનું સામ્રાજ્ય, યોગીની અણિમાદિ સિદ્ધિઓ આટલું જ નહીં પરંતુ મોક્ષ પણ હું ઈચ્છતો નથી.

ભક્તોએ ભગવાન પાસે વિરક્તિની ય કામના કરવી જોઈએ કેમકે ભક્તિની ઉત્પત્તિમાં ભક્તિના નિર્વાહમાં અને ભક્તિની નિર્મળતામાં વિરક્તિનું ઘણું જ યોગદાન છે. **कामादीनामशिथिलत्वे भक्तिर्नोत्पस्यते** શ્રી મહાપ્રભુજીનું વચનામૃત છે કે કામાદિ દોષો જ્યાં સુધી શિથિલ થતા નથી ત્યાં સુધી ભક્તિ પ્રકટતી નથી.

વૈરાગ્યનો ઉપાય -

ભગવાનની કાલશક્તિનું ચિંતન જીવને વૈરાગ્યનો બોધ થવા માટે ઘણું જ ઉપયોગી છે.

ભગવાનની કાલશક્તિ અનંત છે. પોતે અનંત છે પણ બીજાનો અંત કરે છે. આખું વિશ્વ ભગવાનની કાલશક્તિને આધીન છે. સૌ કોઈ ઈચ્છાથી કે અનિચ્છાથી પણ દોડે છે, વિનાશની તરફ જ !

પ્રત્યેક પદાર્થમાં આવતી વિકૃતિનું કારણ કાળ છે. તેનો પ્રભાવ અદ્ભૂત છે તે પ્રાણીઓમાં પ્રવેશ કરીને પ્રાણીઓ દ્વારા પ્રાણીઓનું ભક્ષણ કરે છે. એના પ્રભાવે પ્રાણીને પોતાના પ્રિય પ્રાણથી ય વંચિત થવું પડે છે. તો પછી સંપત્તિ વિ. પદાર્થો માટે તો શું જ કહેવું ?

ભૂખ્યો સર્પ અચાનક કોઈ ઉંદરને ઝડપી લે તેમ, કદી પ્રમાદ ન કરનાર કાલ સંસારસક્ત જીવને અચાનક ઝડપી લે છે. થોડીવાર પહેલાં સુવર્ણ રથમાં બેઠેલ કે ગજરાજ પર સવાર રાજાને આ મહાકાલ વિષ્ટા, કૃમિ કે ભસ્મના સ્વરૂપમાં લાવી દે છે. (મૃત્યુ બાદ દેહની ઉપરોક્ત ત્રણ જ ગતિ છે.)

यं यमर्थमुपादत्ते दुःखेन सुखहेतवे ।
तं तं धुनोति भगवान् पुमाञ्छोचति यत्कृते ॥

મનુષ્ય પોતાના સુખને માટે જે જે પદાર્થોને મહાકષ્ટથી સંપાદન કરે છે. મેળવે છે અને જેને માટે નિરંતર ચિંતા કર્યા કરે છે. તે તે પદાર્થોનો ભગવાન કાળ સ્વરૂપે નાશ કરી નાખે છે.

મોહ એવ હિ કારણમ્

સાંસારિક મોહ સતાવે તો વૈષ્ણવે ચિંતન કરવું જોઈએ કે પંચમહાભૂતોમાંથી બનેલુંજડ શરીર ક્યાં ? અને પ્રકૃતિથી પર એવો આત્મા ક્યાં ? કોણ કોનો પતિ કે પુત્ર છે ? આ સર્વમાં મોહ જ કારણ છે.

ઘર અને પરિવારની વાસનાને લીધે ચોતરફથી મોહ વડે વિક્ષિપ્ત મનવાળો મૂઢબુદ્ધિ મનુષ્ય વિષયોથી તૃપ્ત થતો નથી. અને તે વિષયો નું ધ્યાન કરતો કરતો મરણ પામીને ઘોર અંધકારમય ગતિ પામે છે.

ભગવદીયોનું મન ઘણે ભાગે ભોગમાં જતું જ નથી. છતાં ય જો જાય તો તેને બળપૂર્વક ભોગમાંથી હટાવવું **लीलातिरिक्त सृष्टौ हि निरानंदत्वनिश्चयात्** ભગવાનની લીલા સિવાયની સૃષ્ટિના પદાર્થોમાં તો આનંદનો અભાવ છે. આ સનાતન સત્ય નો નિશ્ચય થાય તો લૌકિક આસક્તિ તત્કાળ નિવૃત્ત થાય અને વિરક્તિ આવે.

વૈરાગ્યરૂપી સમૃદ્ધિ પ્રાપ્ત કરી ચુકેલા ભગવદ્ ભક્તો વૈભવના મદ માં ડૂબેલા ધનિકોની પરવા કરતા નથી. નિસ્પૃહી જીવનની મહત્તાનું શ્રીશુકદેવજીએ સુંદર નિરૂપણ કરેલ છે. સૂવાને માટે પૃથ્વી છે પછી શય્યાને માટે મહેનત શા માટે કરવી ? બે ભૂજાઓ છે તો ઓશીકાની શી જરૂર ? અંજલીરૂપી પાત્ર છે. પછી થાળી વાડકાનું શું કામ ? દેહને ઢાંક્વા દિશાઓ અથવા વલ્કલ વસ્ત્રો છે જ. પછી રેશમી ચીરનો મોહ શા માટે ? શું રસ્તે ફેંકી દેવાયેલા વસ્ત્રો મળતાં નથી. પરમાર્થ માટે દેહ ધારણ કરનારા વૃક્ષો શું ભિક્ષા આપતા નથી. ? તરસ લાગી હોય તો શું નદીઓ સુકાઈ ગઈ છે ? રહેવું હોય તો ગુફાઓ ક્યાં નથી ? બીજી કોઈ સહાય મળે કે ન મળે પરંતુ ભગવાન હજી ય શરણાગતની રક્ષા કરે જ છે. તો પછી બુદ્ધિમાન વિદ્વાન માણસો શા માટે ધન દુર્મદાંધ લોકો ને સેવે છે ?

ભગવાનનું ભજન ભક્તોની સમૃદ્ધિ છે. વિરક્તિ અને સંતોષ જ એમની સંપન્નતા છે ભગવદ્ ભજનમાં રમમાણ એવા આ વૈષ્ણવ જનો એવું સંતુષ્ટ અને નિઃસ્પૃહ જીવન જીવે છે. કે એમની પ્રતીભા આગળ રાજામહારાજાઓ ય ઝાંખા પડે. રાજા માનસિંહ કુંભનદાસને મળવા માટે એમના ખેતરે ગયા. માનસિંહના આવવાથી શ્રી ગોવર્ધનનાથજી કુંભનદાસને કંઈક કહેવા આવ્યા હતા તે દૂર ભાગી ગયા માટે કુંભનદાસે માનસિંહ સામે જોયું પણ નહીં. રાજા ખેતરમાં આવીને બેઠા.

કુંભનદાસજીએ તિલક કરવા માટે ભત્રીજી શ્વાસે આસન અને દર્પણ માગ્યા, ભત્રીજી ઘાસનું આસન અને કથરોટના જલરૂપી દર્પણ લાવી. ભગવદીયના જીવનની સરળ સાદગીથી પ્રભાવિત થવાને બદલે રાજા માનસિંહે તેમને નિર્ધન સમજીને તેમને પ્રસન્ન કરવા સોનાની

જડાઉ આરસી અર્પણ કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ કુંભનદાસે તે ન સ્વીકારી. રાજાએ હજાર સોનામહોરોની થેલી કુંભનદાસની સન્મુખ ધરી કે જેથી તેઓને જીવનનિર્વાહની ચિંતા ન રહે, પરંતુ કુંભનદાસે કહ્યું, "આ અમારી કામની નથી. અમારે તો એ ખેતી થાય છે. તેમાં જે અનાજ ઉગે છે તે અમે ખાઈએ છીએ. બીજું કાંઈ અમારે જોઈતું નથી. રાજાએ જમનાવતા ગામ (જ્યાં કુંભનદાસ રહેતા હતા) તે લખી આપવા કહ્યું તેનો ય તેમણે અસ્વીકાર કર્યો. છેવટે રાજાએ તમારા મોદી બતાવો એમ પ્રાર્થના કરી તો કુંભનદાસે પ્રત્યુત્તર આપ્યો કે, "જેવા અમે છીએ એવો જ અમારો મોદી છે. તેમણે કેરડા અને બોરનું વૃક્ષ બતાવીને કહ્યું કે ઉષ્ણકાળમાં કેરડા મોદી છે. તે ફલ ફૂલ, આપે છે. અને શિયાળામાં મોદી બોરડી છે તે ઘણાં બોર આપે છે. અને મારૂં કામ ચાલ્યા કરે છે." રાજા માનસિંહે કહેવું પડ્યું કે ધન્ય છે જેના વૃક્ષ મોદી છે ! મેં આજ સુધી ધરતી ઉપર ઘણા ત્યાગી વૈરાગી જોયા પણ આપના જેવા કોઈ નહીં ! " કુંભનદાસે, અંતમાં રાજા માનસિંહને એટલું જ કહ્યું, "આજ પછી અહીં આવતા નહીં અને અમને કાંઈ કહેતા નહીં !"

આપુન પૌ આપુન હી મૈં પાયૌ ।
શબ્દ હિ શબ્દ ભયૌ ઉજિયારૌ સતગુરૂ ભેદ બતાયૌ ॥
જ્યોં કુરંગનાભી કસ્તુરી, ઢૂંઢત ફિરત ભુલાયૌ ।
ફિરિ ચિતયૌ જબ ચેતન હવૈ કરિ, અપને હી તન છાયૌ ॥
રાજકુમારિ કંઠમનિભૂસન, ભ્રમ ભયૌ કહું ગંવાયૌ ।
દિયો બતાઈ ઔર સખિયન`તબ, તનુકૌ તાપ નસાયૌ ॥
સપને માંહિ નારિ કોં ભ્રમ ભયૌ, બાલક કહૂં હિરાયૌ ।
જાગિ લખ્યૌ, જ્યોં કો ત્યોંહી હૈ, ના કહૂં ગયૌ ન આયૌ ॥
'સૂરદાસ' સમુઝે કી યહ ગતિ મન હી મન મુસુકાયૌ
કહિ ન જાઈ યા સુખ કી મહિમા, જ્યોં ગૂંગૈં ગુર ખાયૌ

મારામાં જ મેં સ્વયંને પ્રાપ્ત કરી લીધો. મારામાં જ મને સાચો પરિચય થયો. નાદ શબ્દ દ્વારા મારા ઘટમાં જે પ્રકાશ થયો ત્યારે તેનો ભેદ શ્રી સદ્ગુરૂએ મને જણાવ્યો. એવા અનેક ઉદાહરણો છે કે જેમાં આપણે જેને શોધતા હોઈએ તે આપણી પાસે જ હોય છે. કસ્તુરી મૃગની નાભિમાં જ કસ્તુરી હોય છે. પણ એ કાયમ તેને શોધતું ફરે છે. ક્યારેક એ સભાનતાપણે વિચારે તો એને જ્ઞાન થાય છે કે સુગંધ એના પોતાના શરીરમાંથી જ આવે છે.

રાજકુમારીને પોતાના ગળામાં મણિના હાર માટે, હાર એના કંઠમાં હોવા છતાં એવો ભ્રમ થાય છે કે હાર ક્યાંક ખોવાઈ ગયો છે. ઘણું બધું શોધવા છતાં એને હાર મળતો નથી. સખીઓએ જ્યારે એને એના ગળામાં જ હાર બતાવી દીધો ત્યારે એની ફિકર મટી ગઈ. તેને

સમજાયું કે હું નાહક જ દુઃખી થતી હતી.

સ્વપ્નમાં નારીને એવું પ્રતીત થયું કે મારૂં બાળક ખોવાઈ ગયું ! સ્વપ્નમાં તે ઘણું ઘણું શોધવા પણ લાગી. સ્વપ્ન તૂટ્યું અને માતાને બાળક પોતાની સોડમાં જ સુતેલું મળ્યું. જો કે બાળક ક્યાં ય ગયું ય ન તું કે આવ્યું ય ન હતું.

સંસારના સુખને સાચું માનીને, મોહ જનિત રાગમાં માનવી ફસાય છે. જ્યાં સુધી એને અજ્ઞાન છે. ત્યાં સુધી રાગ છે. ભ્રમ છે અને દુઃખ છે. જ્યારે જ્ઞાન થાય છે. ત્યારે એ રાગ, ભ્રમ અને તેના પરિણામે થનાર દુઃખની પણ આપમેળે નિવૃત્તિ થઈ જાય છે. 'સમુઝે કી યહ ગતિ' જેણે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. તેની અવસ્થા આવી છે. એને અંતરનો આનંદ મળી જાય છે. એ અંદરને અંદર જ કૃતાર્થ થઈ જાય છે. રાગ અને ભોગનું સુખ ક્ષણિક છે સુખના આભાસરૂપ છે. જ્યારે વિવેક અને વિરાગની અવસ્થા પ્રાપ્ત કરેલ દૈવી જીવનો આલ્હાદ જ જુદો હોય છે. સુખ અનુભવી શકાય, એ કહી ન શકાય. વિવેક વિરાગનું સુખ અનિર્વચનીય છે.

પ્રસાદ એ જ પ્રમાણ

ઉત્તર વચન તે માનવું પૂર્વનું નહી પ્રમાણ,
છેલ્લું રચ્યું શ્રી ભાગવત, સહુ પહેલાં અન્ય પુરાણ,
પુરાણ પ્રથક પ્રથક કર્યા વ્યાસે તોયે રહેતું ઉર ભરિયું ઉદાસે
મર્મ બતાવ્યો નારદ મિત્ર, સુખ થાશે રચો ભક્તિ ચરિત્ર
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

શ્રી વેદ વ્યાસજીએ ૧૮ પુરાણ રચ્યાં, સમગ્ર વેદાર્થને મહાભારતમાં પ્રકટ કર્યો. વેદના ચાર વિભાગો કર્યા. પુરાણોમાં ય ઘણા ઘણા દેવી દેવતાઓના મહિમાનું ગાન કર્યું છે. તો આ બધામાં કોને પ્રમાણ માનવું ! આ ગૂંચનો ઉકેલ સરળ રીતે કરી આવ્યો છે.

કોઈપણ વ્યક્તિ આપણને બે આજ્ઞા કરે ને એ બેઉ જુદી જુદી વાત હોય તો આપણે એણે પહેલાં કહ્યું હોય એ નહીં પરંતુ આખરે જે કહ્યું હોય તેને સ્વીકારીએ છીએ. એમ અન્ય શાસ્ત્રો, ૧૭ પુરાણોમાં શ્રીવ્યાસજીએ ઘણું ઘણું વર્ણન કર્યું. પરંતુ એમને કશાથી સંતોષ ન થયો. એમનો શોક તો જ્યારે એમણે શ્રીમદ્ ભાગવતજીની રચના કરી ત્યારે દૂર થયો. વિવિધ ધર્મનિષ્ઠા, વિવિધ કર્તવ્યો, જ્ઞાન કર્મ, વૈરાગ્યની ચર્ચા કર્યા પછી ય કરી અને પરમસંતોષ ન થયો. ત્યારે એમણે શ્રી ભાગવતજીની રચના કરી અને પરમસંતોષ પામ્યા. ભગવાન, ભક્તો અને ભક્તિનો મહિમાં ગાવામાં જ પરમ કૃતાર્થતા માનવી.

શરણ પ્રકાર.

પુષ્ટિપંથ પ્રભુ શ્રીવલ્લભકુળ, જઈએ ત્હેને શરણ,
નામ નિવેદન મર્યાદા ધરી, સેવિયે શ્રી ગિરિધરણ,
શ્રી ગિરિધર ગુરૂ વૈષ્ણવ પ્યાર, ધરી ગતિ કરે માર્ગ અનુસાર
મનુષ્ય જન્મનો એ છે સાર, જે માને તે પામે પાર,
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

પુષ્ટિજીવે કેવા પ્રકારે પ્રસન્નતા હાંસલ કરવી તેની ચર્ચા પ્રસ્તુત છે. પુષ્ટિમાર્ગના પ્રસ્થાપક, આચાર્ય, ભગવદ્ વદનાવતાર શ્રી મહાપ્રભુજી અને વંશજો આજે વિદ્યામાન છે. ગુરૂદેવ અને ગુરૂદ્વાર સુલભ હોય ત્યારે વૈષ્ણવે સ્વસાધનની સિદ્ધિ માટે તેમજ બાધકની નિવૃત્તિ માટે મૂંઝાવાની જરૂર નથી.

જીવ પાસે સર્વોત્તમ સાધન શરણાગતિ છે. શ્રી ગુરૂદેવ શ્રી મહાપ્રભુજીના શરણે જઈ, નામ - નિવેદન દીક્ષા પ્રાપ્ત કરવી. બ્રહ્મસંબંધ દીક્ષા, વિધિ પૂર્વક આત્મનિવેદન કરનાર તે જ પુષ્ટિપુરૂષોત્તમની પુષ્ટિમાર્ગીય સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. અને તેને જ પુષ્ટિમાર્ગીય ફલ સાંપડે છે.

બ્રહ્મસંબંધ થવાથી વૈષ્ણવતા સિદ્ધ થાય છે. ભગવાનની સેવાનો અધિકાર (યોગ્યતા) સિદ્ધ થાય છે. પણ એટલા માત્રથી જ જીવની કૃતાર્થતા નથી. એણે સમર્પણની સંભાળ રાખવા માટે અસમર્પિત નો ત્યાગ કરવો પડે છે. વૈષ્ણવી સદાચારનું પાલન કરવું પડે છે. દુઃસંગ પરિત્યાગ પૂર્વક ભગવદીયોના સંગમાં રહેવું અને નિરંતર ભગવત્ સેવા-સ્મરણમાં પરોવવું જોઈએ. એને ગુરૂ અને વૈષ્ણવમાં પ્રીતિ જાગવી જોઈએ. અંતમાં દીનતાભાવ કદી છોડવો ન જોઈએ.

આટલું સિદ્ધ થઈ જાય પછી તે નિશ્ચિત છે. તેનો ઉદ્ધાર થઈ જ ચૂક્યો છે. જેને પ્રભુએ આત્મીય સમજીને અપનાવ્યો છે, તેને ઉપરના અધિકારો સિદ્ધ થાય છે.

સ્વાધ્યાય - ૫૦

વિવેક

સેવારૂપ ભગવદ્‌ધર્મનો નિર્વાહ કરવામાં વૈષ્ણવને માટે વિવેકની ઘણી આવશ્યકતા છે.

વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ શ્રી હરિ પોતાની ઈચ્છાથી બધું કરશે એ મત - એ નિષ્ઠાનું નામ છે વિવેક.

વિવેકધૈર્યાશ્રયમાં શ્રી મહાપ્રભુજીએ વિવેકનું સૂક્ષ્મ નિરૂપણ કરીને તેના નવ પ્રકારોનું નિરૂપણ કર્યું છે. તે જોઈએ.

(૧) પ્રથમ વિવેક એ છે દરેક વિષયમાં ભગવાનનું કર્તૃત્વ જાણવું ભગવાન હરિ છે. એ સઘળાં દુઃખોને હરનાર છે માટે તે ભક્તનું કાર્ય કરશે જ. સર્વ કાર્ય કરશે. સર્વ એટલે પોતાના પ્રયત્નથી મેળવવા લાયક યોગ અને ક્ષેમ (અપ્રાપ્તની પ્રાપ્તિ અને પ્રાપ્તની રક્ષા) ભગવાન જ સિદ્ધ કરશે. ભક્તના લૌકિક યોગક્ષેમ તેમજ ભગવાન સંબંધી અલૌકિક સર્વ કાંઈ શ્રીહરિ સિદ્ધ કરશે. એમ વિશ્વાસ રાખવો એ વિવેક છે.

પોતાના યોગક્ષેમ માટે સતત પ્રયત્નશીલ રહેવાથી બહિર્મુખ થઈ જવાય. ભગવાનના સેવા-સ્મરણમાં ય વિઘ્ન આવે.

(૨) બીજો વિવેક એ છે કે આપણા સુખો માટે યોગક્ષેમ માટે ભગવાનને પ્રાર્થના - માગણી ન કરવા. શ્રી મહાપ્રભુજી કહે છે **નિજેચ્છાતઃ કરિષ્યતિ** પ્રભુ જે કાંઈ કરવું હશે તે પોતાની ઈચ્છાથી કરશે.

એવી શંકા ન રાખવી કે આપણે પ્રાર્થના નહિ કરીએ તો પ્રભુ કેમ કરશે ? એ નિજ ઈચ્છાથી કરશે જ. પોતાના ભક્તો ના મનોરથો ને એ જાણે છે, ભક્તોની આવશ્યકતા તેમજ ભકતોની સતત સેવાપરાયણતા રાખતા નથી. માટે નિશ્ચિંત રહેવું.

નિજેચ્છાતઃના બે અર્થ થાય છે. (૧) ભક્તની ઈચ્છા વિકાર વાળી હશે (સંસારાસક્તિ વાળી હશે) તો પ્રભુ ભક્તની ઈચ્છા અનુસાર નહીં પરંતુ પોતાની (નિજ) ઈચ્છાથી સર્વ કાંઈ કરે. અને (૨) ભક્તિની ઈચ્છા જો પ્રભુ સંબંધી જ અને અવિકૃત હશે તો ભક્તેચ્છાપૂરક ભગવાન ભક્તની (નિજનાં) ઈચ્છા પ્રમાણે (ઈચ્છાતઃ) સર્વ કાંઈ કરે છે.

(૩) ત્રીજો વિવેક - કોઈપણ વસ્તુ મેળવવા માટે પ્રભુની પ્રાર્થના શા માટે ન કરવી ? એ શંકાના સમાધાનમાં શ્રી મહાપ્રભુજી કહે છે કે, **प्रार्थिते वा ततः स्यात् ?** પ્રાર્થના કરવાથી ય શું ? પ્રાર્થના કરવાથી સેવકના ધર્મને તો હાનિ જ છે. પ્રભુ જેમ રાખે તેમ પ્રસન્નતા થી રહેવું એ સેવકનો ધર્મ છે.

પ્રાર્થનાથી - યાચના કરવાથી એક બીજી પણ હાનિ છે. **स्वाम्यभिप्राय संशयात्**

કોઈપણ વિષયમાં સ્વામીનો (ભગવાનનો) શો અભિપ્રાય છે તે આપણે જાણતા નથી. આપણી ઈચ્છા અને એમની ઈચ્છામાં જો ભિન્નતા આવે તો એમને પરિશ્રમ જ થાય.

વૈષ્ણવે વિવેકપૂર્વક વિચારવું જોઈએ કે, ભગવાનની ભક્તને કાંઈ આપવાની ઈચ્છા હશે તો (વગર પ્રાર્થનાએ પણ) પોતાની ઈચ્છા પ્રમાણે આપશે જ અને જો એમની ઈચ્છા આપવાની નહીં હોય તો પ્રાર્થના કરવા છતાં ય નહીં આપે - તો પછી પ્રાર્થનાથી શું વળે ?

(૪) ચોથો વિવેક એ છે કે વિશ્વાસ રાખવો કે અસાધ્ય વસ્તુ ય જો ભગવાન આપવા ઈચ્છશે તો આપશે જ. કેમકે જીવને ઘણી વસ્તુ અસાધ્ય દુર્લભ હોઈ શકે છે. જ્યારે ભગવાનને તો 'સર્વત્ર તસ્ય સર્વં હિ' સર્વ વસ્તુ સર્વત્ર સિદ્ધ છે. આપણી ઈષ્ટ વસ્તુ તત્કાળ મેળવી આપવાનું એમની માટે સરળ અને સહજ છે.

અભિલષિત વસ્તુ માટે આપણને વસ્તુનો અભાવ નડે, વસ્તુ પ્રાપ્ત કરવામાં પ્રતિબંધ નડે, એની પ્રાપ્તિના સાધનમાં આપણું સામર્થ્ય ન હોય વિ. પરંતુ સર્વ કાંઈ ભગવાનને તો સિદ્ધ છે જ. માટે જો ભગવદીચ્છા હશે તો આપણને કોઈ પદાર્થ દુર્લભ નહીં રહે એમ જાણવું એ ચતુર્થ વિવેક છે.

વળી **સર્વ સામર્થ્યમેવ ચ** આપણે એ ભગવાનના શરણમાં છીએ કે જને સર્વ પ્રકારે સર્વ વસ્તુ પ્રાપ્ત કરવાનું સામર્થ્ય છે જ. પ્રભુ સર્વ સમર્થ છે. સર્વરૂપ છે. સઘળી વસ્તુઓ એમની જ છે.

જે જીવને ઈષ્ટ વસ્તુ છે તેને તે વસ્તુ પરોક્ષ રીતે પ્રભુ પુરી પાડે છે. પ્રભુ પરોક્ષથી પહોંચાડે છે. તેથી જીવ 'મેં આ મારા પુરૂષાર્થથી મેળવી' એમ અભિમાન કરે છે.

અંગીકાર પૂર્વે પણ પ્રભુએ મારાં કામ કરેલ છે. તો પછી હવે તો અંગીકાર બાદ મારી સંભાળ નહીં રાખે ? એવો વિશ્વાસ રાખીને પ્રભુ પાસે કોઈ વસ્તુની પ્રાર્થના - કામના ન કરવી.

(૫) પાંચમો વિવેક - **अभिमानस्तु संत्याज्यः स्वाम्यधीनत्वभावनात्** પોતાના દેહ આદિનું ભગવાનને નિવેદન કર્યા પછી એ દેહાધિકમાં આ દેહાદિ મારાં છે. એવું અભિમાન છોડી દેવું જોઈએ. અને એ બધું ભગવાનને આધીન છે એમ માનવું.

જો દેહ, ઈન્દ્રિય વિ.ને જુદા જુદા તે તે વિષયમાં અભિમાનને લીધે સ્વતંત્રતાથી લગાડીએ તો તેઓનો વિષયોમાં વિનિયોગ થયો કહેવાય. આ બાબતની ભક્તને માટે ઈષ્ટ છે. વાસના સહિત અભિમાનનો ત્યાગ અને એવા (સ્વામીને) પોતાની આધીનતાનું સતત સ્મરણ એ વિવેક છે.

(૬) સામાન્ય બાબત એ છે કે શ્રી મહાપ્રભુજીની આજ્ઞા અનુસાર વિવેકયુક્ત થઈને પ્રભુની સેવા કરવી. પરંતુ જો ભગવાનની આજ્ઞા શ્રીઆચાર્યજીની આજ્ઞાથી કાંઈક વિશેષરૂપે થાય તો પ્રભુની આજ્ઞા પ્રમાણે કરવું.

પ્રભુને શું ગમે છે. એવો ખ્યાલ આપતી આજ્ઞા - ભગવદાજ્ઞા થાય તો એ આજ્ઞા પ્રમાણે વ્યવહાર કરવો એ છઠ્ઠો વિવેક છે. જો ભગવાનને શું રૂચે છે, એ વિશેષ આજ્ઞાની રૂપમાં ન કહેવાય, તો શ્રી મહાપ્રભુજીની આજ્ઞા અનુસાર સેવા કરવી.

ક્યારેક ભગવદાજ્ઞા સ્વપ્ન, દ્વારા ક્યારેક ભક્તના અંતઃકરણમાં ભગવાનના પોતાના પ્રાકટ્ય દ્વારા થાય છે.

લૌકિક પ્રસંગોમાં લૌકિક કાર્યોમાં જો ભગવાનની વિશેષ આજ્ઞા થાય તો તદીયપણાનું અનુસંધાન રાખીને આવશ્યક એટલું કાર્ય લૌકિકમાં કરવું. એ વિવેક છે.

(૭) સાતમો વિવેક. **આપદ્ગત્યાદિકાર્યેષુ હઠસ્ત્યાજ્યશ્ચ સર્વથા** આપત્તિને વખતે ભગવાન સંબંધી જે કાર્યો કરવાનાં છે તે કરવા માટે 'ગમે તેમ કરીને કરૂં, કરજ કરીને પણ આ કાર્ય કરૂં' એવી હઠ ન કરવી. વિવેકી વૈષ્ણવ તો જ્યારે જે કાંઈ મળે તેમાં સંતોષ માનીને તે શ્રીઠાકોરજીને અર્પણ કરે.

અત્યંત ક્લેશપૂર્વક પ્રયત્નસાધ્ય વસ્તુનું પ્રભુને સમર્પણ ન કરવું. ભાવ તથા સ્નેહ સહિત આપણા તરફથી જે કાંઈ અર્પણ કરવામાં આવશે તેનો પ્રભુ સાક્ષાત્ અંગીકાર કરશે જ એમ સમજવું.

ભગવત્ કાર્યો માટે હઠ ન શોભે તો પછી લૌકિક કાર્યોમાં તો હઠાગ્રહી થવાય જ કેમ ? વૈષ્ણવોએ આ વિવેક કદી વિસરવો ન જોઈએ. ભગવદીય વાર્તાઓમાંથી આનાં ઘણાં ઉદાહરણ સાંપડે છે.

(૮) **અનાગ્રહશ્ચ સર્વત્ર** આઠમો વિવેક એ છે કે ભગવદીયે અનાગ્રહી થવું. સઘળાં સ્માર્ત અને શ્રોત (વૈદિક) કાર્યો કરવાં જોઈએ કેમકે વેદાજ્ઞા એ ય ભગવદાજ્ઞા જ છે. તો આવા ભગવદાજ્ઞાથી પ્રાપ્ત થયેલા કર્મો અવશ્ય કરવા. પરંતુ તે કર્મો ભગવત્સેવાથી ગૌણ સમજીને સેવા સિવાયના સમયમાં - અનવસરમાં કરી લેવા.

ભગવાન સાથે સંબંધ ન ધરાવતા કોઈપણ કાર્યો કરવા માટે વૈષ્ણવે આગ્રહી ન થવું.

(૯) અને નવમો વિવેક છે **ધર્માધર્માગ્રદર્શનમ્** વૈષ્ણવે પોતાના ધર્મ અને અધર્મ અંગે પણ ઊંડુ ચિંતન કરવું જોઈએ. તેણે શ્રૌત અને સ્માર્ત વિ. ધર્મો તથા (એ ધર્મો પ્રમાણે ન ચાલવાથી ઉત્પન્ન થયેલા) અધર્મો નું સૂક્ષ્મ અવલોકન કરવું જોઈએ. જેનાથી અધર્મ ઉત્પન્ન થતો હોય એવા કર્મ ન કરવા.

વૈષ્ણવે કર્મોની કક્ષા અંગે પણ વિચારવું. સ્માર્તકર્મો કરતાં શ્રૌત કર્મો ઉત્તમ છે. અને શ્રૌત કર્મો કરતાં ભગવદ્ ધર્મો ઉત્તમ છે. (સ્મૃતિ શાસ્ત્રોની આજ્ઞા અનુસાર કરવું એ સ્માર્ત ધર્મ, વેદની આજ્ઞા પ્રમાણે કર્મ તે શ્રૌત કર્મ અને ભગવત્ શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે સેવા, ભજન આદિ એ ભગવદ્ ધર્મ.)

શ્રૌત ધર્મોનું પાલન કરવાના પ્રસંગે જો સ્માર્ત ધર્મનો ત્યાગ કરવો પડે તો એ દોષરૂપ

નથી. તે જ પ્રમાણે જો ભગવદ ધર્મોનું પાલન કરવા માટે જરૂર પડે તો શ્રૌત અને સ્માર્ત ધર્મો પણ ત્યજવા પડે તો એમાં દોષ નથી. શ્રુતિ-સ્મૃતિ દ્વારા કથિત ધર્મો દેહ સંબંધી ધર્મો છે. ત્યારે ભગવદ્ધર્મ એ આત્મા સંબંધી ધર્મ છે.

એક ધર્મ અને બીજા ધર્મ વચ્ચે જ્યારે દ્વિધા ઉત્પન્ન થાય ત્યારે વૈષ્ણવે ઉપરોક્ત વિવેકને અપનાવીને નિર્ણય કરવો.

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે પોતાના જીવનમાં સેવા-સ્મરણાદિના તેમજ જીવન પ્રણાલીના સુયોગ્ય નિર્વાહ માટે આ નવે વિવેકનું જ્ઞાન હોવું અતિ આવશ્યક છે.

શ્રીગુંસાઈજી પાસે એકવાર ગુજરાતથી બે હજાર વૈષ્ણવોનો સંઘ આવ્યો. તે સંઘમાં એક શેઠ પણ હતા. શેઠ શ્રીગુંસાઈજીના સેવક અને ઘણા ધનવાન. શ્રીગુંસાઈજીને દશ હજાર રૂપિયાની ભેટ મોકલેલી. વૈષ્ણવોને ય ખરચી આપેલી. તેને ઘરે શ્રીઠાકોરજી ઘણી સામગ્રી આરોગતા અને ઘણા બધા વૈષ્ણવો પ્રસાદ લેતા.

સૌ વૈષ્ણવોએ શ્રીગુંસાઈજીની આગળ શેઠના ઘણા વખાણ કર્યા. વખાણ સાંભળીને શ્રીગુંસાઈજીએ આચાર્યજીની સામું જોઈને સ્મિત કર્યું કાંઈ બોલ્યા નહીં. ચાચાજીએ કહ્યું, "મહારાજ ! આ શેઠનો આપનો સેવક છે. તેને માટે આ વખાણ છે તે યોગ્ય નથી. અલૌકિકમાં અંતરાયરૂપ છે. આપ કાંઈ ન બોલ્યા અને ફક્ત સ્મિત કરીને અમારી તરફ કટાક્ષથી જોયું તેનું શું કારણ ?" શ્રીગુંસાઈજી બોલ્યા, "ભેટ મનોરથ ઘણા પ્રકારે થાય છે. જે દ્રવ્ય ને તુચ્છ સમજીને કાંઈ મનોરથ કરે છે. તેમને સંકોચ અને દીનતા ઘણી થાય છે. દીનતાના કારણે પ્રભુ ઝટ પ્રસન્ન થાય છે. કોઈ વળી દ્રવ્યને કાંઈક (મહત્ત્વનો) પદાર્થ જાણીને ભેટ કરે છે. તેમને દીનતા સિદ્ધ થતી નથી. એમને મનમાં પોતાની મહત્તા રહે છે. આવા મનોરથમાં ભગવત્સંબંધ નથી.

જીવનની સિદ્ધિ અને સફળતા આપણી મોટાઈને કારણે નહીં પણ સદગુરૂના અનુગ્રહથી અને કૃષ્ણકૃપાથી સાંપડે છે. એમ માનવું વિવેક છે. શ્રી નવનીતપ્રિયાજીના મંદિરે એક ચોર ચોરી કરવા ગયો. શ્રીગુંસાઈજીના આભૂષણો તેમજ ચાંદીના પાત્રોનું તેણે પોટલું બનાવ્યું પોટલું એટલું બધું ભારે થયું કે ચોરથી ઉપાડ્યું ઉપડ્યું નહીં ત્યારે શ્રીગુંસાઈજીએ પોતે તે પોટલી ચડાવી આપી અને કહ્યું, "તું ઝટ જતો રહે " થોડે દૂર ગયા પછી ચોરની બુદ્ધિ બદલાઈ ગઈ તે શ્રીગુંસાઈજીને શરણે આવ્યો. શ્રીગુંસાઈજીએ તેને 'દયા રાખજે અને સાચું બોલજે' એમ આજ્ઞા આપી.

બીજા સાધારણ મનુષ્યોને ત્યાં ચોરી કરવાં જતાં એને દયા આવી અને તેથી તે રાજાના મહેલમાં ચોરી કરવા ગયો. ચોરી કરવા જતાં અને ચોરી કરી આવ્યા બાદ તેણે દ્વારપાલને તેમજ દિવાને તેને પૂછતાં, તેણે હું ચોરી કરવા ગયો હતો અને રાજાને ત્યાં ચોરી કરી હતી. એમ સાચો જ જવાબ આપ્યો. ચોરને રાજાની સમક્ષ હાજર કરવામાં આવ્યો. ત્યારે રાજાને તેના માટે ઘણું માન થયું રાજાને થયું કે, જેનામાં આવી દયા અને સત્ય બોલવાની પ્રતિજ્ઞા હોય

તેને જ સર્વ સત્તા સોંપવી જોઈએ. રાજાએ તેને દીવાનથી ય ઉપરની પદવી આપી.

થોડા સમય બાદ એ શ્રીગુંસાઈજીને દંડવત્ કરવા ગયો. એનો વૈભવ એટલો બધો કે લોકોએ કહ્યું, "કોઈક રાજામહારાજા આવે છે." શ્રીગુંસાઈજી કહ્યું, "ના, દીવાન આવે છે." ચોરે શ્રીગુંસાઈજી પાસે આવીને દંડવત્ કરીને કહ્યું, "મહારાજ ! હું તો આપનો ચોર છું. આ દીવાનગીરી આપની આપેલી છે. !" પોતાની ઉન્નતિમાં મહત્ કૃપા જ સમજવી.

ઔર કોઊ સમજે સો સમજે, હમકુ ઈતની સમજ ભલી
ઠાકુર નંદકિશોર હમારે, ઠકુરાની વૃષભાન લલી
શ્રીદામા આદિ સખા સ્યામ કે, સ્યામાસંગ લલિતાદિ અલી
વ્રજપુરવાસ શૈલ વન વિહરત, કુંજન કુંજન રંગરલી
ઈન કે લાડ સહું સુખસેવા, ભાવવેલ રસફલન ફલી
કહિ ભગવાન હિત રામરામ પ્રભુ, સબન તેં ઈનકી કૃપા ભલી

સંસારના અન્ય લોકોને જે સમજવું હોય તે ભલે સમજે અમને તો આટલી સમજ સારી લાગે, કે અમારા ઠાકોર-સ્વામી શ્રીનંદકિશોર છે. અને સ્વામિની વૃષભાનુનંદિની શ્રીરાધાજી છે. આ યુગલ સ્વરૂપ અમારું આરાધ્ય છે. એમનું ભજન જ અમારા માટે સુખ છે. એમનું ધામ એ અમારૂં ધામ છે. અને એમની સૃષ્ટિ એ અમારી સૃષ્ટિ છે. અમારા શ્યામસુંદરના શ્રીદામા આદિ સખાઓ છે તો શ્રીરાધાજીની લલિતાજી વિ. સખીઓ છે.

વ્રજધામમાં શ્રીનંદગાંવ અને બરસાનામાં આ સ્વરૂપો વસે છે. એમની લીલાસૃષ્ટિ પરમ માધુરી, સુખદાયિની છે.. આ યુગલ સ્વરૂપ શ્રીગિરિરાજના શિખર, કંદરા વિ. માં, સંકેતવન, કામવન, મધુવન આદિ વનોમાં વનની કુંજગલીઓમાં મધુર લીલાઓ પ્રકટ કરતું વિહાર કરે છે. અમારી સમજણમાં એટલું જ છે કે આ શ્યામશ્યામાની આ રસબ્રહ્મના બે આવિર્ભૂત સ્વરૂપોની સ્નેહપૂર્વક સેવા કરવી. ભક્તના હૃદયમાં રહેલી ભાવવલ્લરીરૂપ કલ્પલતિકાને રસ (પરમ આનંદ) રૂપ ફલ ફલિત થાય છે.

અમારે વિશ્વમાં કોઈની કૃપાથી, મહેરબનાનીની આવશ્યકતા નથી. જેનામાં અલ્પસુખ છે. તે અલ્પ સુખ જ આવી શકે. અમારે તો આ યુગલ સ્વરૂપનો જ અનુગ્રહ ખપે.

હેતુ

મહામંદમતિ જીવ કલિના, સર્વ શાસ્ત્ર ક્યાં ખોળે ?
માટે સફળ સિદ્ધાંત સાર, તે શોધી કાઢ્યો છે ટોળે,
ટોળે કરાવ્યો પ્રભુ મતિ દિધી, નિજ જન જાણીને કરુણા કીધી,
ભક્તિપોષણ ધર્યું ગ્રંથનું નામ, કથે સુણે સરે સર્વનું કામ,
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

રચનાકારે પોતાની રચનાનો હેતુ સમજાવવો જોઈએ. ભગવદીય કવિ શ્રી દયારામ પોતાની આ રચનાનું પ્રયોજન સમજાવે છે. આ વિષમ કલિકાલના જીવો પાસે સર્વ શાસ્ત્રો, સર્વમત અને સર્વદર્શનનું દોહન કરી શકવાની ક્ષમતા ય નથી અને સમય પણ નથી. આજે જીવો ' મંદા સુમંદમતયો' દુર્બળ, મંદમતિવાળા થતા જાય છે. ત્યારે એમને સર્વસાર સરળ રીતે, સરસ રીતે સમજાવવાની ઘણી જરૂર છે માટે પ્રભુએ પ્રેરણા આપી, શક્તિ આપી, મને નિમિત્ત બનાવ્યો અને આ 'ભક્તિપોષણ'ની રચના થઈ.

ભગવદીયમાં ક્યારે ય કર્તાપણાનું અભિમાન આવતું નથી. પ્રભુ જ બોલાવે છે. પ્રભુ જ કરાવે છે. અને પ્રભુ જ રચાવે છે. વળી, આ પ્રભુપ્રેરિત રચના છે. માટે એના આશ્રયથી, ભક્તિપોષણના શ્રવણ - કીર્તનથી ભગવદીયોના સર્વ કાર્ય સિદ્ધ થાશે. એ પણ સુનિશ્ચિત છે. ભગવદીયોની વાણી પણ ભગવાનની વાણી જ છે ને !

એકસોને એક ચંદ્રાવળા, એ ગ્રંથ તણાં છે સાર,
પ્રતિપદ શુભ સિદ્ધાંત ભર્યું છે વાંચીને કરજો વિચાર
વિચારતાં વલ્લભ હરિ થાશે, સર્વ ક્લેશ સમૂળા જાશે.
આચરણ કરતાં આનંદ હેલી, ભક્તિ શ્રીકૃષ્ણની કરજો વ્હેલી,
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

આ ભક્તિ પોષણના ચંદ્રાવલા ૧૦૧ છે. એકેએક કડીમાં જાણે એક અનેક ગ્રંથોનો સાર ભરેલો છે. એકેએક શબ્દમાં વાક્યમાં શુભ, કલ્યાણકારી સિદ્ધાંતોનું નિરૂપણ કરવામાં આવેલ છે.

આ ગ્રંથ કેવળ વાંચી જવા માટે નથી. એના ઉપર ઊંડો વિચાર કરવાનો છે શ્રવણ પછી મન ન કરીએ તો શ્રવણ નો કાંઈ અર્થ ન સરે. જો મનનપૂર્વક, શ્રદ્ધા પૂર્વક આ ગ્રંથ વાંચવામાં આવશે તો એનું ફળ મહાન છે એના ઉપર શ્રીહરિની પ્રીતિ ઉતરશે. જેના પર સદાનંદ શ્રીકૃષ્ણની પ્રીતિ ઉતરે તેને કોઈપણ ક્લેશ ક્યાંથી ? શ્રીહરિની કૃપા એ સર્વ વિપત્તિ અને ક્લેશને અંત છે. જીવનમાં આનંદની હેલી થાશે. ભક્તિનું ફળ અનુપમ છે.

સ્વાધ્યાય - ૫૧

ધૈર્ય

ધૈર્ય સાચવવાના વિષયમાં શ્રીવલ્લભે ઘણાં સુંદર વચનામૃત કર્યા છે. **सर्व सहेत परुषं सर्वेषां कृष्ण भावनात्** ભગવદીયે કૃષ્ણભાવનાથી સર્વેના સર્વ કઠોર તેમજ નિષ્ઠુર વચનો સહન કરવા.

ભગવાનના આંતર તેમજ બહિર્ભજનને સારી રીતે સિદ્ધ કરવા માટે વૈષ્ણવે હૃદયને વ્યાકુળતાથી પર રાખવું જોઈએ. આમ તો નિયમ છે કે, કુટિલબુદ્ધિવાળા સ્વજનોના કઠોર વચનોથી હૃદય જેવું વિંધાય છે. તેવું તો શત્રુના લોહબાણોથી ય વિંધાતું નથી. શત્રુના બાણોથી વિંધાયેલો તો થોડો સમય પીડાઈ ને પ્રાણત્યાગ કરી દે છે. પીડામુક્ત થઈ જાય છે. પરંતુ સ્વજનોના કઠોર વચનોથી જેનું હૃદય વિંધાયેલું છે તે જીવ રાતદિવસ સંતાપ પામ્યા કરે છે.

જો વૈષ્ણવ ધીરજ ધારણ ન કરે તો આવા પ્રસંગોએ તેમનું ચિત્ત ક્ષુબ્ધ થાય કરે અને પ્રભુના આંતર્ ભજન - સ્મરણ, કથા વિ. થઈ ન શકે. માટે વૈષ્ણવે બધું સહન કરી લેવું. સહન કરવાના વિષયમાં ય કેવી સુંદર દ્રષ્ટિ આપી છે. કે, **सर्वेषां कृष्णभावनात्** કોઈ કઠોર શબ્દ કહે તો એવી ભાવના કરવી કે ભગવાન શ્રીકૃષ્ણ પોતે જ આપણને ઉપદેશ કરે છે. આપણે પ્રભુથી બહિર્મુખ ન થઈ જઈએ માટે આ ભાવના ખૂબ જરૂરી છે.

આંતર્ભજનસિદ્ધિ

આપણા મનમાં કોઈક ઘટનાના કારણે અસાધારણ ઉદ્વેગ થાય તો ભગવદ્ ભજનમાં અંતરાય આવે જ. વ્યક્તિમાં સહનશક્તિ જેટલી ઓછી એટલો એ અશાંત રહેવાનો અને જેનું ચિત્ત અશાંત હોય, વ્યગ્ર અને ઉદ્વિગ્ન હોય એ ભગવત્સેવા અને સ્મરણ પણ યોગ્ય રીતે ન કરી શકે.

ન ગમે એવી ઘટનાઓ માનવ જીવનમાં થતી તો રહેવાની જ. તો વ્યક્તિએ શું કરવું ? ત્યાં શ્રીમહાપ્રભુજી ધૈર્યની આવશ્યકતા સમજાવે છે.

त्रिदुःखसहनं धैर्यम् જીવનપર્યંત ચારે તરફથી સદા સર્વદા ત્રણે પ્રકારના દુઃખોને સહન કરવા એનું નામ ધૈર્ય દુઃખના પ્રકાર ત્રણ છે. આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક દેહ સંબંધી દુઃખો જેવા કે થાક, રોગ વૃદ્ધાવસ્થા વિ. દુઃખો આધિભૌતિક દુઃખો કહેવાય.

ઈન્દ્રિયો સંબંધી દુઃખો (કામ આદિથી ઉત્પન્ન થતા) આધ્યાત્મિક દુઃખો કહેવાય. અને ભક્તની કસોટી કરવા માટે અથવા તો પ્રારબ્ધના ભોગ માટે સ્વયં ભગવાને નિજ ભક્તને

કોઈપણ પ્રકારનું દુઃખ આપ્યું હોય તો તે આધિદૈવિક દુઃખ કહેવાય.

આ ત્રણે દુઃખોને સહન કરવા જોઈએ. જો સહન કરવામાં ન આવે તો ચિત્ત વ્યાકુળ રહે. અને ચિત્ત વ્યાકુળ રહે તો ચિત્તની ભગવાનમાં પરોવાઈ જવા રૂપ સ્નેહાત્મક સેવાભક્તિ ક્યાંથી થઈ શકે ? સેવક બન્યા પછી જો સેવકધર્મ નિભાવી ન શકાય તો સ્વધર્મની હાનિ જ છે.

ભગવાન શ્રીગીતાજીમાં પણ દુઃખોને સહન કરવાની આજ્ઞા આપે છે.

માત્રાસ્પર્શાસ્તુ કૌંતેય શીતોષ્ણસુખદુ:ખદા: ।
આગમાપાયિનોऽનિત્યાસ્તાંતિક્ષસ્વ ભારત ॥

અંતઃકરણ સહિત શબ્દ, સ્પર્શ વિ. ઈન્દ્રિયોની પોતપોતાના વિષયોની સાથેના સંબંધો અથવા શબ્દ, સ્પર્શ વિ. ભોગ્ય પદાર્થો ઠંડી-ગરમીની જેમ સુખદુઃખ આપનારા છે. (ઠંડી કે ગરમી અનુકૂળ હોય તો સુખ આપે અને પ્રતિકૂળ હોય તો દુઃખ આપે છે.) વળી આ બધા ઉત્પત્તિ અને નાશ પામવાના સ્વભાવ વાળા છે. વીજળીના ઝબકારાની જેમ એ અનિત્ય છે, ક્ષણિક છે. આ બધું હે અર્જુન ! તું સહન કર! વિવેક પૂર્વક એની ઉપેક્ષા કર. અને એમાં હર્ષ શોક ન કર. **પ્રતિક્રિયાચિન્તા વિષાદરાહિત્યેન પ્રાપ્તદુ:ખસહનં મુમુક્ષોરુત્તમો ધર્મ:** મહાનુભાવો કહે છે કે ભક્ત હોય કે મુમુક્ષુ હોય એનો ઉત્તમ ધર્મ એ છે કે એણે પ્રતિકાર, ચિંતા અને વિષાદ વિના પ્રારબ્ધવશાત્ અથવા ભગવદીચ્છાથી પ્રાપ્ત થનાર દુઃખોને સહન કરવા.

સહનશીલતા એજ વૈષ્ણવતા -

શ્રુતિ કહે છે કે **વૃક્ષ ઈવ તિષ્ઠાસેચ્છિદ્યમાનો ન કુપ્યેત્ ન કમ્પેત** વૃક્ષની જેમ રહેવું. કોઈ કાપે તો તેના પર તે કોપ કરતું નથી, કે ચલિત થતું નથી.

મન તુ વૃક્ષન કો મત લે
કાટે તાપર ક્રોધ ન કરહી, સિંચે નાહિ સનેહ...
જો કોઉ વાપે પથ્થર ચલાવે, તાહી કો ફલ દે
ધૂપ સહત હૈ અપને સિર પર, ઔરન કો છાયા દે...
ધન્ય એ જડ પરમ પરમારથ, વૃથા મનુષ્ય કી દેહ
'સૂરદાસ' મન કર્મ વચન કરી, સંતન કો મત એહ...

પુષ્ટિમાર્ગના જહાજ એવા શ્રી સૂરદાસજી પણ આપણને વૃક્ષ પાસેથી બોધ લેવાની પ્રેરણા

આપે છે. વૃક્ષ સહનશીલતાની મૂર્તિ છે. કાપનાર પર ક્રોધ ન કરવો અને સીંચનાર પ્રત્યે આસક્તિ ન રાખવી. પથ્થર મારનાર ને ય ફળ આપવું એ શું સાધારણ બાબત છે. ? પોતે તડકો સહન કરવો અને બીજાને છાંયડો આપવો એ પારમાર્થિક જીવન વૃક્ષ જીવી બતાવે છે.

વૃક્ષ વૈષ્ણવ છે અને તેથી એ આ તિતિક્ષારૂપ વૈષ્ણવધર્મનું પાલન કરે છે. વૈષ્ણવ તો સહનશીલતાની મૂર્તિ છે. પ્રતિકાર કરવા સમર્થ હોય છે. બદલો લેવાની શક્તિ હોય ત્યાં ય એ ચૂપચાપ સહન કરી લે છે.

सहनं सर्वदु:खानामप्रतिकारपूर्वकम् । चिंता विलापरहितं सा तितिक्षा निगद्यते ॥ સર્વ પ્રકારના દુઃખો પ્રતિકાર, ચિંતા કે વિલાપ (કોઈને ય જણાવ્યા વિના) સહન કરવાં તે તિતિક્ષા કહેવાય છે.

આ તિતિક્ષા એટલે કે સહનશીલતા માટે ઘણું ઘણું કહેવાયું છે. તિતિક્ષા મોક્ષનું દ્વાર છે.(શ્રીમદ્ ભગવાન) તિતિક્ષાનો અભાવ (ક્રોધ) નરકનું દ્વાર છે. (ગીતા) તિતિક્ષા જ્ઞાની તેમજ ભક્તનું આવશ્યક લક્ષણ છે.

તિતિક્ષાદેવી ધર્મ પત્ની છે. તે શંકર વગરે દેવોને, પરશુરામને વગેરે અવતારી પુરૂષોને તથા ઋષિઓ, તપસ્વીઓને મોહમાં નાખીને, અધિકારી પુરૂષના અભાવે ભગવાન વિષ્ણુના વક્ષસ્થળમાં ભૃગુપદ લાંછનરૂપે પ્રતિષ્ઠા પામેલી છે. પૃથ્વીરૂપે એ વિષ્ણુ પત્ની પણ છે. અને દત્ત ભગવાન દ્વારા ગુરૂપદે પણ બિરાજીને જગતને સહનશીલતાનો બોધ આપતી રહે છે.

શ્રીમદ્ આચાર્યજી ધૈર્યનું સતત રક્ષણ કરવાની આજ્ઞા કરે છે. જેનામાં ધૈર્ય છે તે ધીર. કવિ કાલીદાસે કુમારસંભવમાં ધીરની વ્યાખ્યા કરી છે કે **विकार हेतौ सति विक्रियन्ते येषां न चेतांसि त एव धीरा:** વિકાર ઉત્પન્ન થવાના કારણો હોવા છતાં જેનું ચિત્ત વિકાર પામતું નથી તે ધીર છે.

तक्रवद् देहवद् भाव्यम् દેહાભિમાન હોય તો દુઃખોનું સહન કરવું મુશ્કેલ બને. માટે દેહાભિમાન ત્યજવું. જેમ કે છાશ નિઃસાર હોય છે. અને એ તો ત્યાગ કરવા યોગ્ય છે. એમ આપણે માનતા હોઈએ છીએ અને એ ઢોળાઈ જાય તો આપણને ગ્લાનિ થતી નથી. જ્યારે માખણ તો સાર છે એમાં આપણને મમત્વ હોય છે. એનો નાશ થાય તો આપણને દુઃખ થાય છે. એટલે કે નિઃસારત્વ ધરાવનારા પદાર્થો નિઃસાર હોઈને એમાંથી મમત્વનો ત્યાગ કરવાનો .

જેમ છાશ પ્રત્યે નહીં પરંતુ માખણ પ્રત્યે મમત્વનો ભાવ રાખીએ છીએ. તેમ ભગવાન અને ભગવાનની સેવામાં ભગવદીયોને સુખ થશે. નહીં તો સેવા વિ. ધર્મમાં સહન કરવાની બાબતમાં ઉપરોક્ત ચિંતન કરવું અને આધ્યાત્મિક દુઃખને સહન કરવાના વિષયમાં જડભરતની ભાવના કરવી.

ભગવદીયની ઈન્દ્રિયો ભગવદ્ભાવથી યુક્ત હોય છે અને જો એ ભગવદ્ભાવથી ભરેલ હોય તો એને કામક્રોધાદિથી ઉત્પન્ન એવા ઈન્દ્રિયો સંબંધી દુઃખોનો અનુભવ જ થતો નથી.

વૈષ્ણવે ઈન્દ્રિયોનાં દુઃખો સહન કરીને ય સેવા કરવી. વિષય ભોગમાં ઈન્દ્રિયોને આવિષ્ટ ન થવા દેવી. ક્ષુદ્ર વિષયો ભરેલા હશે તો ભગવદ્ આવેશ નહીં સંભવે. માટે ભગવદ્ભાવથી જડભરત જેવા થવું.

આધિદૈવિક દુઃખો દૂર કરવા ગોપભાર્યા દ્રષ્ટાંત રૂપ છે. આપણા પ્રારબ્ધનો ભોગ પૂરો કરવા માટે, આપણી પરીક્ષા કરવા માટે પ્રભુ ફલનું દાન કરવામાં વિલંબ ય કરે. તે પ્રસંગે ગોપભાર્યાની ભાવના કરવી. રાસ પ્રસંગે અંતગૃહમાં રહેલા ગોપભાર્યાઓનો પ્રારબ્ધભોગ પૂરો કરવા માટે પ્રભુ તરફથી વિલંબ કરવામાં આવ્યો છે. એમને જેમ પ્રારબ્ધ ભોગ પૂરો થતાં ભગવદ્પ્રાપ્તિ થઈ તેમ મારો પ્રારબ્ધભોગ પૂરો થતાં મને ય ભગવાન મળશે. એમ સમજીને વૈષ્ણવે ધૈર્યપૂર્વક દુઃખ સહન કરવાં. છેક મરણ આવી જાય ત્યાં સુધ દુઃખો સહન કરવાં.

જો ભગવદીચ્છાથી પત્ની વિ. અનુકૂલ અથવા તટસ્થ હોય (સ્વધર્મમાં વિઘ્ન કરનારાં ન હોય) તો એમનો કે બીજાઓનો ત્યાગ કરવામાં આગ્રહી ન થવું.

પોતે કાયા, વાણી અને મન વડે ઈન્દ્રિયોના કાર્યોનો (લૌકિક વિષયોનો) ત્યાગ કરવો. અને એને અલૌકિક વિષયોમાં જોડવા. આમાં કાંઈક દુઃખ પડે તો એને ય સહન કરવું અને સેવામાં જોડવા. પોતાના સ્વભાવ અને ઈન્દ્રિયોને જીતવાનું સામર્થ્ય ન હોય તેણે પણ પોતાના અસમર્થપણાની ભાવના કરીને ઈન્દ્રિયોના કાર્યોનો ત્યાગ કરવો. એટલે કે ધીરે ધીરે કરીને ય ઈન્દ્રિયોને વિષયાસક્તિમાંથી બહાર કાઢવી. આ બધું જ અશક્ય લાગે તો અંતે ભગવાન જ મારૂં શરણ છે અને એમના સિવાય કોઈ મારૂં નથી એવી અનન્ય આશ્રયની ભાવના ભગવાનમાં કરવી. શ્રીવલ્લભનું આશ્વાસન છે કે 'અશક્યે હરિરેવાસ્તિ' અશક્ય વસ્તુમાં જીવની અસમર્થતાના વિષયમાં ભગવાનનું શરણ જ પરમ સાધન છે. શરણભાવથી ય ધૈર્યને સાચવી શકાય છે. દ્રઢ શરણાગતિવાળો ભક્ત ભગવાનમાં તેના અનન્ય વિશ્વાસના કારણે ગમે તેવા તીવ્ર અને ગમે તે પ્રકારના દુઃખથી વિચલિત થતો નથી.

શ્રી હરિ દુઃખહર્તા છે એ દુઃખ હરી લેશે એથવા દુઃખને સહન કરવા યોગ્ય ધૈર્યનું દાન કરશે એમ અવશ્ય માનવું જોઈએ.

લૌકિક ક્લેશનો સંબંધ પણ અંગીકારનું જ લક્ષણ છે એમ સમજવું.

દુઃખની વેળાએ ધ્રુવજીના માતાએ એમને બોધ આપ્યો હતો એ માનનીય છે. તેણે કહ્યું હતું કે, હે મારા બાળ ! તને કોઈ દુઃખ આપે એનું પણ અમંગલ ઈચ્છીશ નહીં. જે મનુષ્ય બીજાને દુઃખ દે છે તેને પોતાને જ તેનું ફલ ભોગવવું પડે છે.

વૈષ્ણવે એવો વિવેક ધારણ કરવો કે મેં પૂર્વે આ વ્યક્તિને દુઃખ આપ્યું હશે માટે મને એ અત્રે

દુઃખ આપે છે. એટલે કે કોઈ આપણને દુઃખ આપે એને એની દુષ્ટતા ન માનવી પરંતુ આપણું જ કર્મ ફલ માનવું અને એ વાત સાચી જ છે કે આપણે એ જ ભોગવીએ છીએ જે આપણે કરેલું હોય.

ભગવાન શ્રીહરિ સર્વ પ્રાણીઓમાં, સર્વભૂતમાં બિરાજે છે. એમ જાણીને સર્વજીવને યથા શક્તિ અનુકૂળ થવું. હૃદયપૂર્વક એને માન આપવું. ધન, સ્ત્રી, પશુપુત્રાદિ, ઘર, પૃથ્વી, હાથી,ઘોડા, ખજાના અને સર્વ સુખસમૃદ્ધિ ક્ષણવારમાં નાશ થાય એવાં છે, ચલિત છે. આ ક્ષણભંગુર આપણું હિત પણ શું કરી શકે. અને અહિત પણ શું કરી શકે ? ધૈર્યવાન થવા માટે માણસે વિચારવું કે જ્યારે મનુષ્યના દેહનો જ ભરોસો નથી તો પછી દેહથી ભિન્ન એવા પુત્ર, સ્ત્રી, ઘર ધનસંપત્તિ, રાજ્ય, ખજાના મંત્રી, નોકરચાકર અને અન્ય સ્વકીય કહેવાતા સ્વજનો અને પદાર્થો માટે તો શું જ કહેવું ?

સંસારને ચલાવનારી તૃષ્ણા છે તે તૃષ્ણા ઈચ્છાનુસાર ભોગો મળવા છતાં પણ પૂર્ણ થતી નથી. માનવી ક્ષીણ થઈ જાય છે. પણ એની તૃષ્ણા ક્ષીણ થતી નથી. અનેક જીવો સુખ પામવાનો અને દુઃખોને ટાળવાનો યત્ન કરે છે. છતાં એમને એમાં વિપરીત ફળ મળે છે.

સંસારમાં મોટા મોટાઓને દુઃખ પડ્યું છે સૌના દિવસો એક સરખા જતા નથી. ક્યારેક પૂર્વજન્મના જ સ્વભાવના પરિણામે આપણે દુઃખ ભોગવીએ છીએ. જીવનમાં ચડતી પડતી આવે, સ્વજનોના સંયોગ વિયોગની દરેક પરિસ્થિતિમાં વિચારવું કે મોટામોટાઓને ય જીવનમાં દુઃખ આવ્યાં છે.

પાંડવોને મહત્તા પણ સાંપડી હતી કે એમના રાજસૂય યજ્ઞમાં ભગવાને પણ સેવાકાર્ય કર્યું હતું. આ પાંડવોને દ્યૂતસભામાં કેવી કેવી હાનિ ભોગવવી પડી હતી. રાજા દ્રુપદની કન્યાને સભામાં ચીર હરણનો પ્રયાસ થયો. સીતાજીને વનવાસના દુઃખો, રાવણે આપેલા દુઃખો અને લોકનિંદારૂપ દુઃખ પણ ભોગવવા પડ્યા. સ્વયં ભગવાને પણ નિંદકની વાણી સહન કરવી પડી છે. ભીષ્મને બાણશય્યા, દશરથરાજાને પુત્રવિયોગ, ભક્ત પ્રહલાદને પિતાનો અત્યાચાર, વાસુદેવ દેવકીને ૬ પુત્રોનો વધ અને કારાવાસ, રાજા હરિશ્ચન્દ્રને ચાંડાલની સેવા કરવી પડી, મીરાંને વિષપાન કરવું પડ્યું, સૂરદાસજીને માતાપિતાનો અનાદર સહન કરવો પડ્યો તો નરસિંહ મહેતા, તુકારામ જેવાને પારિવારિક દુઃખો ભોગવવા પડ્યા હતાં.

સબૈ દિન એક સે નહિં જાત
સુમિરન ભજન કિયૌ કરિ હરિ કો, જબ લૌ તન કુસલાત
કબહુ કમલા ચપલ પાઈકે, ટેઢે ટેઢે જાત
કબહુ મગમગ ધુરિ બટોરત, ભોજન કો બિલખાત
યા દેહિકો ગરબ કરત, ધન-જોબન કે મદમાત

હૌ બડ, હૌ બડ, બહુત કહાવત, સૂંધે કહત ન જાત

બાદ બિબાદ સબૈ દિન બીતૈં ખોલત હી અરૂ ખાત

જોગ ન જુક્તિ. ધ્યાન નહીં પૂજા, બિરધ ભયેં પછિતાત

તાતેં કહત સંભારહિ રે નર, કાહેં કો ઈતરાત

'સૂરદાસ' ભગવંત ભજન બિનું, કહુ નાહિં સુખ ગાત

બધા દિવસો એક સરખા જતા નથી. માટે શરીર સારૂં છે. સ્વસ્થ છે. ત્યાં સુધી શ્રીહરિનું સ્મરણ અને ભજન કરતા રહેવું જોઈએ. પ્રભુની કૃપા છે ત્યાં સુધી જેટલું થાય એટલું ભજન કર લેવું.

ચંચળ લક્ષ્મીને મેળવીને માણસ વાંકો થઈ જાય છે. એટલે કે કોઈ સાથે ય સીધો વ્યવહાર કરતો નથી. તો ક્યારેક એવો દિવસ પાછા આવે છે કે એ માણસ ધૂળ ચાટતો થઈ જાય છે. બે મૂઠી અન્ન ખાવાના ય સાંસા થઈ પડે છે.

માનવી આ નશ્વર શરીરનો ગર્વ કરે છે. યૌવન મદમાં છકેલો રહે છે. 'હું મોટો છું, હું મોટો છું' એ બધા પાસે કહેવરાવે છે. કોઈની સાથે સીધી વાત ય કરતો નથી. લોકોની સાથે નિરર્થક ચર્ચાઓમાં, વાદવિવાદમાં, ખેલવામાં, ખાવામાં, જ એના દિવસો પસાર થઈ જાય છે. નથી યોગ સાધના, નથી ભગવાનના સ્વરૂપનું ધ્યાન કે નથી પૂજા. રોગ, ઘડપણ જેવા દુ:ખો વધતાં પસ્તાય છે.

માટે કહીએ છી કે તું તારી જાતને સંભાળ. તારા પોતાના માટે શા માટે આટલો ઘમંડ કરે છે ? સાચે જ, ભગવાનના ભજન, સ્મરણ વિના તારી કાયાને સુખ સાંપડવાનું નથી. એટલે કે તારો જન્મ સફળ થવાનો નથી.

ભક્તિ પોષણ

મહા નદી શ્રી નર્મદા તટે ચંડીપુર મહા ધામ,

જ્ઞાતી નાગર સાઠોદરો દ્વિજ ભટ દયાશંકર નામ,

નામ વલ્લભી વૈષ્ણવદાસ ગુરુ પ્રતાપે ગ્રંથ કર્યો પ્રકાશ,

શીખે સાંભળે જે જન ગાય, તેને મન વાંછિત ફળ થાય.

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

રચનાકાર શ્રી દયારામ પોતાનો વ્યાવહારિક પરિચય આપે છે. "પ્રભુ મતિ દીધી" એમ આગળ કહીને એમણે પોતાની દીનતા અને નિમિત્ત માત્ર હોવાની નમ્રતા તો પ્રકટ કરી દીધી

જ છે એટલે સર્જક તરીકે નો આ પરિચય વ્યવહારમાત્ર છે.

નદીઓમાં મહાન એવી નર્મદાનદીના તટે 'ચંડીપુરી' (હાલમાં ચાંદોદ) એવું નામ છે. ત્યાંના નિવાસી સાઠોદરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં કવિવર નો જન્મ થયેલ. એમનું નામ દયાશંકર (પાછળથી 'દયારામ' પણ કહેવાયા.) પોતાના ગુરૂ પરંપરાનો પણ પરિચય આપવો જરુરી હોવાથી હવે એ પરિચય આપે છે. શ્રીવલ્લભના સેવક, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ એવા શ્રીદયારામે નમ્રતાપૂર્વક આ રચનાને 'ગુરૂ-પ્રતાપ' તરીકે જ વર્ણવી છે એક સાચી વૈષ્ણવતાનું એમણે અહીં દર્શન કરાવ્યું છે. પુનઃ રચનાની ફલશ્રુતિ, જે આ 'ભક્તિ પોષણ' ગાય, શીખે ને સાંભળે તેને મનવાંછિત ફલ પ્રાપ્ત થશે. ભગવદીયો ને ભગવત્ સેવા, ગુરૂકૃપા અને ભગવદીયના સંગ સિવાય બીજું કશું મનોવાંછિત હોય જ ક્યાંથી ? માટે....

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ:

સ્વાધ્યાય - ૫૨

આશ્રય.

આભાસશ્ચ નિરોધશ્ચ યતશ્ચાધ્યવસીયતે ।

સ આશ્રયઃ પરં બ્રહ્મ પરમાત્મેતિ શબ્દ્યતે ॥

જેમનાથી જગતનું સર્જન અને વિલય જણાયછે. તેને આશ્રય કહે છે. અને તે જ તત્વ પરબ્રહ્મ કે પરમાત્મા જેવા બીજાં નામોથી ઓળખાય છે.

ભગવાન જ આશ્રયરૂપ છે.

શ્રી કૃષ્ણ પરમાનંદ સ્વરૂપ છે માટે આશ્રય કરવા યોગ્ય છે.

અમન્દપરમાનન્દો નિજાનન્દાશ્રયસ્થિતઃ ।

સ્વરૂપાનન્દ દાતા ચ સ કૃષ્ણઃશરણં મમ ॥

ભગવાન શ્રી કૃષ્ણતો નિરતિશય આનંદરૂપ છે, પરમાનંદ સ્વરૂપ છે તેથી જેઓ એના આનંદ સ્વરૂપનો આશ્રય કરીને રહેલા છે. તેમના એ આશ્રય સ્વરૂપ છે તેમજ એ સ્વરૂપાનંદ ના દાતા છે. એ કૃષ્ણ મારૂં શરણ છે.

ભગવદ્ આશ્રય.

શ્રીમદ્ આચાર્યજીએ વર્તમાન કલિકાલના વાતાવરણને ધ્યાનમાં લઈને જીવના ઉદ્ધાર માટે ભગવદ્ આશ્રયને જ એકંમાત્ર ઉપાય બતાવ્યો છે. કાલના બલને વશ થઈને વેદશાસ્ત્ર દ્વારા નિરૂપિત કરાયેલા સર્વ સાધનો અસાધક થયા છે.

(૧) કાલશુદ્ધિ : વૈદિકધર્મમાર્ગને આવશ્યક એવો જે શુદ્ધ કાલ જોઈને તે હવે રહ્યો જ નથી. આ કલિકાલ અંતર્દુષ્ટ, ખલધર્મ વાળો છે. આ કાલ માં પાખંડની પ્રચુરતા જ જોવા મળે છે. આ કારણે સર્વમાર્ગ નષ્ટ થયા છે.

(૨) દેશશુદ્ધિ : સર્વસ્થાન - સર્વ પ્રદેશો મ્લેચ્છ, યવનાદિથી ભરાઈ ગયા છે. હવે બધાં સ્થાન પાપનાં એકસ્થાન થઈ ગયા છે. વસતા લોકો પણ સ્વધર્મનિષ્ઠ સાધુ જીવોને પીડા કરવામાં વ્યગ્ર છે. અથવા સાધુજનોને પીડા થતી જોવા મળે છે. તેથી લોકો વ્યગ્ર છે. સ્થાનના બળે કોઈનો પણ ધર્મપુરૂષાર્થ સિદ્ધ થઈ શકે એમ નથી.

(૩) દ્રવ્યશુદ્ધિ : વૈદિકધર્મમાર્ગને આવશ્યક શુદ્ધ દ્રવ્યો પણ હવે પ્રાપ્ય નથી. શ્રીગંગાજી જેવા શ્રેષ્ઠ તીર્થો પણ દુષ્ટ જીવો અને દુષિત વસ્તુઓથી છોવાઈ રહ્યા છે. દુષ્ટોને પ્રતિબંધ કરે એવા તે તે તીર્થોના અધિદેવતાઓ - તીર્થ અધિષ્ઠાતા દેવો પણ તિરોહિત થઈ ગયા છે. શુદ્ધ દ્રવ્યના અભાવે ધર્મમાર્ગનું અનુષ્ઠાન સિદ્ધ ન જ થઈ શકે.

(૪) કર્તાશુદ્ધિ : કર્મધર્મમાર્ગને અનુરૂપ એવો ઉત્તમકર્તા પણ દુર્લભ છે. પ્રાયઃ સંતો

ગર્વથી વિમૂઢ થયેલા છે. પાપનુસારી થઈ ગયા છે. પારમાર્થિક કાર્યો પણ પ્રાયઃ લાભ અને પૂજા માટે થાય છે. કર્મમાર્ગની દ્રષ્ટિએ શુદ્ધ કર્તાનો અભાવ છે. આ કારણે જીવ પોતાના ઉદ્ધાર માટે અસમર્થ જ છે.

(૫) મંત્ર શુદ્ધિ : શાસ્ત્રોક્ત સાધન કરવા માટે આવશ્યક એવા વૈદિક તથા આગમોક્ત મંત્રો અંગેની શુદ્ધિ પણ રહી નથી. મંત્રોના તાત્પર્ય, ફલ તથા દેવતાના સ્વરૂપનું પરિજ્ઞાન પણ થતું ન હોવાથી એ મંત્રો નષ્ટ પ્રાય થઈ ગયા છે. મંત્રની સાધના કરનારા અધિકારીઓ બ્રહ્મચર્ય વિ. વ્રતોથી ય રહિત છે તેમજ તેઓનાં જીવ સંયમ, શુદ્ધિ વિનાના હોવાથી મંત્રોના અર્થ તેમજ દેવતાઓ તિરોહિત થઈ ગયા છે. આવી વ્યક્તિઓ આવા મંત્રો દ્વારા પોતાનો ઉદ્ધાર ન જ કરી શકે.

(૬) કર્મશુદ્ધિ : સોમયાગ આદિ કર્મો તથા વ્રતો વિ. કર્મો અનેક પ્રકારના વાદથી - મતમતાંતરથી નષ્ટ થઈ ગયા છે. જે કોઈ કર્મ થઈ રહ્યાં છે તે ય પાખંડવૃત્તિથી જ થઈ રહ્યા છે. માટે શાસ્ત્રોક્ત શ્રૌત-સ્માર્ત કર્મોના અવલંબનથી કોઈ જીવ પોતાનો ઉદ્ધાર કરી શકે નહીં.

શ્રી વલ્લભે સર્વસ્થિતિમાં ભગવદાશ્રયને દ્રઢતાથી ધારણ કરી રાખવાની આજ્ઞા કરી છે. જીવની અવસ્થા ગમે તે હોય તદીય કે અતદીય પરંતુ તેણે ભગવદાશ્રયને સ્થિર કરી રાખવો. **अतदीयतया चापि केवल श्चेत् समाश्रितः** આપશ્રીની એવી આજ્ઞા છે, કે પ્રભુને સર્વસ્વનું સમર્પણ કરી દેવાથી જીવમાં તદીયપણું આવે છે. (એટલે કે એ પ્રભુનો બને છે.) તદીયતાની સાથે સાથે ભગવાનનું પ્રિયત્વ પણ આવે છે. આમ છતાં ધારો કે સર્વ સમર્પણ ન થયું, તદીયત્વ અને પ્રભુનું પ્રિયત્વ ન થયું તો ય જીવે તદાશ્રય - ભગવદાશ્રય તો દ્રઢ રાખવો. સર્વપ્રકારથી પ્રભુ જ મારી રક્ષા કરનાર છે. બીજું કોઈ નથી એ વિશ્વાસ જ દ્રઢાશ્રય છે.

ક્લેશ નિવારણ :-

ભગવાનના ચરણાવિંદનો આશ્રય ભક્તના ક્લેશને દૂર કરે છે. ભક્તિ અને પ્રપત્તિ એવા બે ભેદથી ક્લેશ દૂર કરે છે. પ્રપન્ન ભક્તની ઉપર ભગવાનનું ચરણાવિંદ છત્રની જેમ રહે છે. ભક્ત ગમે ત્યાં જાય ત્યાં તે ચરણારવિંદ પણ તેના તાપને દૂર કરતું જાય છે. ભક્તને વશ રહેવાનો ભગવાનના ચરણનો ધર્મ (સ્વભાવ) છે.

મુક્તિદાન :-

મુક્તિના પણ બે પ્રકાર છે. સ્વાશ્રયા અને પરાશ્રયા.

સ્વાશ્રયમુક્તિ - જીવ પોતે જ બ્રહ્મ છે. એટલે મુક્તિ 'સ્વ' ને આધીન છે. પોતે બ્રહ્મરૂપ છે. એવી અનુભૂતિ જીવે સ્વયં કરવાની છે. આ મુક્તિની અવસ્થા દુઃખોની આત્યંતિક નિવૃત્તિરૂપ છે.

સ્વાશ્રયા મુક્તિનાં સાધન બે છે. સાંખ્ય અને યોગ.

પરાશ્રયા મુક્તિ - ભક્તિમાર્ગમાં મુક્તિ પરાશ્રયા છે તે પર(ભગવાન)ની ઈચ્છા - તેમની વરણેચ્છાને આધીન છે. આ મુક્તિ ઈષ્ટના અનુગ્રહથી સાંપડે છે. અહીં મુક્તિનું સ્વરૂપ જ વિશેષ છે. દુઃખોની આત્યંતિક નિવૃત્તિ તો છે જ પરંતુ ત્યાં અલૌકિક, અનંત એવા પરમાનંદની પ્રાપ્તિ પણ થાય છે. કૃપાળુ પ્રભુ ભક્તના સાધનનો વિચાર કરતા નથી. ભક્તના વિપરીત સાધનને સાધન માની લઈને ય તેને મુક્તિનું દાન કરી દે છે. કોઈને કોઈ પ્રકારે તેણે ભગવદ્ આશ્રય કરી રહેવાનું છે. ભગવાન સાથેના કોઈપણ પ્રકારના નિત્ય અને ગાઢ સંબંધના પરિણામે ભગવદ્ આશ્રય સિદ્ધ થાય છે અને જીવ મુક્ત થાય છે.

ભગવાન જ આશ્રય :-

સાધન તેમજ ફલના વિષયમાં બધું જ ભગવદીચ્છાને આધીન છે. કઠોપનિષદ કહે છે કે, **नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन । यमेवैष वृणुते तेन लभ्य तस्यैष आत्मा विवणुते तनूं स्वाम्** ભગવાન સાધન સાધ્ય નથી તે કોઈને પ્રવચનથી બુદ્ધિથી કે બહુશ્રુતથી સુલભ નથી જ. પરંતુ એ ભગવાન જેનું વરણ કરે છે. તેને માટે જ સુલભ છે.

આમ ભગવદ્ ભક્તિ, ભગવત્સેવા અને સ્વયં ભગવાન પણ તેમની વરણઈચ્છાને આધીન હોવાથી તે માટે અન્ય લોક-વેદના સાધન કરવાને બદલે ભગવદાશ્રય જ કર્તવ્ય છે.

શ્રી ગોવર્ધનને ધારણ કરતી વખતે શ્રી કૃષ્ણ બોલ્યા કે, 'હે વ્રજવાસીઓ ! હું તમારૂં શરણ છું' એ ઉચિત જ છે કેમકે વ્રજભક્તોને ન જ્ઞાનનો આશ્રય હતો, ન ભકિતનો આશ્રય હતો. એમને તો સ્વયં ભગવાનનો જ આશ્રય હતો- ભગવાન સ્વયં એમના આશ્રયરૂપ હતા. **नापि ज्ञानं नापि भक्तिः, अन्यथाऽवतारप्रयोजनं न स्यात् पुष्टिर्मार्गश्च न भवेत्** ભક્તોના આશ્રય થવું એ તો અવતાર - પ્રયોજન છે. સર્વ આશ્રય - અવલંબનથી રહિત ભક્તને માટે પ્રભુ જ આશ્રયરૂપ બને છે. એ જ પુષ્ટિમાર્ગ છે.

શ્રી વલ્લભ કહે છે. **सर्वामाश्रयतो भवेत्** સઘળું ભગવાન ના આશ્રયથી સિદ્ધ થાય છે. અશક્ય વસ્તુ પણ શક્ય થઈ જાય છે. જો ભગવદ્ આશ્રય ન હોય તો શક્ય વસ્તુ પણ અશક્ય બની જશે. સકલ કાર્યસિદ્ધિ માટે પ્રભુ નો જ આશ્રય લેવો.

આ લોક અને પરલોક સંબંધી સુખ મેળવવા માટે, દુઃખનો નાશ કરવામાં પાપને અટકાવવામાં, ભય આવી પડ્યો હોય ત્યારે ઈચ્છાઓ પૂર્ણ ન થાય તે સંજોગમાં શ્રી હરિ જ શરણ છે.

ભક્તનો દ્રોહ થઈ ગયો, ભક્તિ થઈ શકતી ન હોય, ભગવદ્ ભક્તોએ પોતાનો અતિક્રમ કર્યો હોય અહંકાર થયો હોય, પોષ્ય લોકના પોષણ અને રક્ષણ કરવા હોય, શિષ્ય-પુત્ર વિ. એ અનાદર કર્યો હોય સઘળી ઈન્દ્રિયોને અલૌકિક બનાવવી હોય, અલૌકિક

એવા સઘળા પદાર્થો મેળવવા હોય એવા સર્વ સંયોગમાં શ્રી હરિનો જ આશ્રય કરવો.

અશક્ય લાગતા કાર્યોમાં તેમજ સુશક્ય લાગતા કાર્યોમાં શ્રી હરિનો આશ્રય જ કર્તવ્ય છે.

સૌથી મોટો ભગવદાશ્રય.

માંગવાનો અવસર આવે ત્યારે જીવે એક જ વસ્તુ માંગવી અને તે ભગવાનનો દ્રઢ આશ્રય.

રામદાસ સાંચોરા શ્રીમહાપ્રભુજીને શરણે આવ્યા. શ્રી આચાર્યજીએ વિચાર્યું કે, જીવ દૈવી છે. પણ અવસ્થા નાની છે. જો આને પાસે નહીં રાખીએ તો સંસારમાં દુ:સંગ છે તેથી કાંઈક ખરાબ થઈ જશે. આને થોડા દિવસ સાથે રાખીને એને દ્રઢ વૈરાગ્ય થાય પછી છોડવો. ત્યારથી રામદાસને શ્રી આચાર્યજીનો આશ્રય મળ્યો.

શ્રી મહાપ્રભુજી દ્વારિકાથી આગળ ભૂતળ પરિક્રમાએ પધાર્યા ત્યારે રામદાસ પણ એમની સંગ ચાલ્યા. બધી રસોઈની પરચારગી તેમજ નાની મોટી ટહેલ તે કરતા. શ્રીઆચાર્યજી રામદાસની પરીક્ષા લેવા માટે કોઈ વાર થોડું આપે, કોઈવાર એકલી રોટી આપે, પરંતુ એ ભાગ્ય માનીને મહાપ્રસાદ લે. શ્રીમહાપ્રભુજી બહુ પ્રસન્ન રહેતા.

માર્ગમાં ચાલતાં રામદાસ કાંટાઓ દૂર કરતા જાય, જેથી શ્રી મહાપ્રભુજીને વાગે નહીં. એકવાર રામદાસના પગમાં મોટો કાંટો વાગ્યો, તેમણે વિચાર્યું કે, હું મારા પગમાંથી કાંટો કાઢવા રહીશ તો શ્રી આચાર્યજી મારા માટે ઉભા રહેશે. એ ઠીક ન કહેવાય, મારો ધર્મ જાય ! તેમણે પોતાના પગનો કાંટો ન કાઢ્યો અને માર્ગ સરખો કરતા આગળ ચાલતા રહ્યા. થોડેક દૂર જઈને શ્રીમહાપ્રભુજી ઉભા રહ્યા અને કહેવા લાગ્યા, "રામદાસ ! તું તારા પગનો કાંટો કાઢી લે. તારા ઉપર હું બહુ પ્રસન્ન છું. જે જોઈએ તે માંગ!" રામદાસે ઉત્તર આપ્યો, "મહારાજ ! આપ કી શરન મોકોં મિલી, અબ યાસોં અધિક કહા હૈ ? તાતેં યહ મોકોં કૃપા કરિકે દીજિયે, જો આપકો આશ્રય સદા દ્રઢ રહે ઐરકો ન હોઈ" આપનું શરણ મને મળ્યું એનાથી અધિક હવે શું જોઈએ તેથી મને એ કૃપા કરીને આપો કે, સદા આપનો આશ્રય દ્રઢ રહે. અન્યનો આશ્રય ન થાય" તાદ્રશી ભક્ત, સાચો વૈષ્ણવ આ જ માંગે.

સૂરદાસજી અંતિમ સમયે, પરાસોલીમાં અચેત થઈને પડ્યા છે. શ્રી ગુંસાઈજીના તેમજ શ્રી ગોવર્ધનનાથજીના સ્વરૂપમાં મન લગાડીને બોલવું છોડી દીધું છે. રાજભોગની આરતી કરીને શ્રીગુંસાઈજી ત્યાં પધાર્યા. સૂરદાસજીએ કહ્યું, "બાવા ! આવ્યા ! હું આપની જ રાહ જોતો હતો. આ સમયે આપે આવીને દર્શન દીધાં એ મહાન કૃપા કરી છે."

આ સમયે બધા વૈષ્ણવો શ્રીગુંસાઈજીની પાસે ઉભા હતા. એમાંથી ચતુર્ભુજદાસે કહ્યું, સૂરદાસજી પરમ ભગવદીય છે. વળી એમણે શ્રી ઠાકોરજીનાં લક્ષાવધિ પદો કર્યા છે. પરંતુ એમમે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો યશ વર્ણન કર્યો નથી." આ સાંભળીને સૂરદાસજી બોલ્યા, "મેં બધો યશ શ્રી આચાર્યજીનો જ વર્ણન કર્યો છે જો હું કાંઈ અલગ સમજતો તો અલગ

કરતો પરંતુ મને પૂછયું છે તો તમારી પાસે કહું છું, તે આ કીર્તન અનુસાર બધા કીર્તનો જાણજો.

ભરોસો દ્રઢ ઈન ચરન કેરો
શ્રીવલ્લભ નખચંદ્ર છટા બિનુ સબ જગમાંઝ અંધેરો
સાધન ઔર નહીં યા કલિમેં જાસોં હોત નિબેરો
'સૂર' કહા કહે દ્વિવિધ આંધરો, બિના મોલકો ચેરો....

આ કીર્તનમાં શ્રી સૂરદાસજીએ પોતાના હૃદયનો ભાવ ખોલી નાખ્યો છે. શ્રી મહાપ્રભુજીના ચરણના શરણનો દ્રઢ ભરોસો જ મારે માટે સર્વસ્વ છે. ચરણારવિંદના પ્રકાશ વિના બધે ત્રિલોકીમાં અંધારૂં જ દેખાય છે. આ અનુભૂતિ થાય ત્યારે જ ભરોસો દ્રઢ જાણવો. ચરણ આશ્રય સિવાય અન્ય ઉપાય જ નથી.

હું અલગ શું વર્ણન કરૂં ? શ્રીગોવર્ધનધરમાં અને શ્રી આચાર્યજીના સ્વરૂપમાં ભેદદ્રષ્ટિ મને દેખાતી નથી એ અર્થમાં હું આંધળો જ છું. જેમ શ્રી ઠાકોરજી અને શ્રી સ્વામિનીજીને ભિન્ન જાણે તે અજ્ઞાની છે.

તેમનો હું વિના મોલનો ચેરો છું. 'અશુલ્ક દાસિકા' વિના મોલ એટલે અલૌક્કિ જેનું મૂલ્ય નહીં. જે ભક્તિ કરીને પ્રભુથી સ્વાર્થ ચાહે તે બધા 'મૂલ્ય' ના દાસ કહેવાય તે ભક્તિ ઉત્તમ નથી. નિષ્કામ ભક્ત સર્વોપરી છે તે અમૂલ્યદાસ છે. આવા ભક્તો માટે ભગવાન પણ કહે છે કે, તમારા ભજનનો મારાથી બદલો ચૂકવી શકાય એમ નથી. હું સદા તમારો ઋણી રહીશ.

આવા તાદશી, તદીય, પૂર્ણપ્રેમમય ભગવદીયોને કોટિ કોટિ દંડવત્ કરીએ.

જય શ્રીકૃષ્ણ

પુષ્ટિ સ્વાધ્યાય પ્રશ્નાવલી

પ્રશ્નો તૈયાર કરનાર
પ્રા. ચંદ્રવદન શાં. પરીખ
રાજપીપલા

સ્વાધ્યાય-૧

'શ્રીકૃષ્ણ'

(૧) કૃષ્ણ નામનો અર્થ શું થાય ?
(૨) શ્રીકૃષ્ણનો અવતાર પૂર્ણ અવતાર શાથી કહેવાય છે ?
(૩) શ્રીકૃષ્ણ સ્વયં ભગવાન શાથી કહેવાય છે ?
(૪) શ્રીકૃષ્ણ અવતારના ચાર પ્રયોજનો (હેતુ) કયા કયા ?
(૫) શ્રીકૃષ્ણનું સ્વરૂપ કેવું છે ?
(૬) શ્રી જગન્નાથ ભગવાને શ્રી મહાપ્રભુજીના કયા મતને સંમતિ આપી ?
(૭) શ્રી દયારામ કૃત ભક્તિપોષણમાં કુલ કેટલા ચંદ્રાવળા છે ?
(૮) શ્રી દયારામે ભક્તિપોષણ પ્રારંભમાં ગુરૂવંદના શા માટે કરી છે ?
(૯) સાધનામાં સૌથી મોટી સાધના કઈ ?

સ્વાધ્યાય-૨

બ્રહ્મ

(૧) પરબ્રહ્મ પરમાત્માનું સ્વરૂપ કેવું છે ?
(૨) પરમાત્મા 'સર્વકર્તા' શાથી કહેવાય છે ?
(૩) ભગવાનની બે શક્તિઓ અને ભગવાન વચ્ચે કોઈ ભેદ નથી. આ બે શક્તિઓ જણાવો.
(૪) બ્રહ્મનાં ધર્મો કયા કયા ?
(૫) બ્રહ્મને નિર્ગુણ કેમ કહે છે ?
(૬) કડામાં રહેતા શ્રી ગદાધરદાસને પ્રયાગમાં શ્રીમહાપ્રભુજી મળ્યા ત્યારે તેમણે શ્રીમહાપ્રભુજીને કયો પ્રશ્ન કર્યો ?
(૭) શ્રી મહાપ્રભુજીએ પ્રશ્નનું સમાધાન કેવી રીતે કર્યું ?
(૮) 'રસો વૈ સઃ' વાક્યની સમજ આપો.
(૯) શ્રીકૃષ્ણ સર્વાધીશ કેમ કહેવાયા ?
(૧૦) શ્રીકૃષ્ણ જ ભજનીય શા માટે ?

સ્વાધ્યાય-૩

ભગવાન

(૧) 'ભગવાન' શબ્દના દરેક અક્ષરને છૂટો પાડી પ્રત્યેક અક્ષરનો અર્થ જણાવો.
(૨) ભગવાનને જાણવાનો એકમાત્ર ઉપાય કયો ?
(૩) ભગવાનને ભજનારા દૈવી જીવોના ઉત્કર્ષ માટે તથા તેમા સંસારનાશ માટે

ક્યો પ્રભાવ કામ કરે છે ?

(૪) શ્રી ગર્ગમુનિએ નંદબાબાને શું કહ્યું ?

(૫) ભગવાનને ઈશ્વર શા માટે કહેવામાં આપે છે ?

(૬) ભગવાનનું સામર્થ્ય કેવું છે ? ભગવાનની કલાઓ કઈ ?

(૭) ભગવાને પોતાના શરીર અને અંગોનો પરિચય આપ્યો છે તેનું સંક્ષિપ્ત વર્ણન કરો.

(૮) વ્રજગોપીઓએ શ્યામસુંદરની સુંદરતાનું વર્ણન કર્યું તેને તમારા શબ્દોમાં રજૂ કરો.

(૯) અલ્પ અન્યાશ્રય ન કરતાં જીવે કોનો આશ્રય કરવો જોઈએ ?

સ્વાધ્યાય-૪
ભગવદ્‌લીલા

(૧) લીલા એટલે શું ?

(૨) પ્રભુની લીલાઓમાં કેવા ભેદ વિચારવા ન જોઈએ ?

(૩) લીલાનું પ્રયોજન શું છે ?

(૪) ભગવાનનું રમણ શા માટે છે ?

(૫) શ્રી ભાગવતજીમાં વર્ણવેલી ભગવાનની દશવિધ લીલાઓ કઈ કઈ ?

(૬) શ્રી દયારામે ભક્તિપોષણમાં શ્રીજીના સ્વભાવનું જે વર્ણન કર્યું છે તે સંક્ષિપ્તમાં જણાવો.

સ્વાધ્યાય-૫
ભગવાનનો અનુભવ

(૧) ભગવદીયોને ભગવાનનો અનુભવ કેવા રૂપે થાય છે ?

(૨) શ્રીકૃષ્ણ ભગવાન ત્રણ ભેદ અનુસાર કયા રૂપે પ્રકટ્યા ?

(૩) ભગવાનના દર્શન માટે શ્રીમહાપ્રભુજીએ કયા બે સાધનો સૂચવ્યા ?

(૪) ભગવાને ઉદ્ધવજીને ભગવાનના દર્શનનો સૌથી સરળ ઉપાય દર્શાવ્યો તે કયો ઉપાય ?

(૫) ભગવાનનો અનુભવ શેના પર અવલંબે છે ?

(૬) જીવને સ્વ અધિકાર પ્રભુના સ્વરૂપનો કયા પાંચ પ્રકારે અનુભવ થાય છે ?

(૭) ભક્તિપોષણમાં શ્રી દયારામ જણાવે છે કે, 'ભક્તિ સર્વથા કલ્યાણકારી છે' - શા માટે ?

(૮) 'જેવું સાધ્ય તેવું સાધન' જેવું સાધન તેવું સાધ્ય' સમજાવો.

સ્વાધ્યાય-૬

ભગવદ્ અવતાર

(૧) અવતાર એટલે શું ?
(૨) અવતાર ભેદમાં જણાવેલ, ભગવાનના ત્રણ રૂપ કયા ?
(૩) શ્રીકૃષ્ણ અવતાર વિષે શું જાણો છો ?
(૪) અવતારનો હેતુ શો છે ? અંશાવતાર અને પૂર્ણાવતાર વચ્ચે શો ફરક છે ?
(૫) શ્રી દયારામના ભક્તિપોષણ અનુસાર ભક્તિના પ્રકાર વિષે સંક્ષિપ્તમાં જણાવો.
(૬) સાધનરૂપા ભક્તિના કેટલા અને કયા પ્રકાર ? એ દરેક પ્રકારની સાદી સમજ આપો ?

સ્વાધ્યાય-૭

ભગવદીચ્છા

(૧) ભગવાનની સર્વ શક્તિઓમાં ઉત્કૃષ્ટ શક્તિ કઈ ? શા માટે ?
(૨) ભગવાનની દરેક ઈચ્છામાં કોનું હિત સમાયેલું છે ?
(૩) જીવનું ભક્તિમાર્ગમાં વરણ કેવી રીતે થાય છે ?
(૪) શ્રવણ ભક્તિ અને કીર્તન ભક્તિનું શું મહત્વ ?

સ્વાધ્યાય-૮

ભગવાનનો સ્વભાવ

(૧) ભગવાનનો સ્વભાવ કેવો છે ?
(૨) ભગવાનના સ્વભાવમાં કઈ વિશેષતા છે ?
(૩) 'અકિલષ્ટ કર્મા'નો વિચાર સંક્ષિપ્તમાં સ્પષ્ટ કરો.
(૪) ભગવાન પોતાના સ્વભાવ અનુસાર ભક્તના કયા દોષોનું હરણ કરે છે ?
(૫) સૂરદાસજીના પ્રસંગમાં શ્રીનાથજીએ શ્રીસુરદાસજીની વ્યાકુળતા દૂર કરવા પોતાના સ્વભાવનો પરિચય કેવી રીતે આપ્યો ?
(૬) કલિયુગમાં કેવી રીતે ફલ પ્રાપ્ત થાય છે ?

સ્વાધ્યાય-૯

'શ્રી યમુનાજી'

(૧) શ્રી યમુના શબ્દનો અર્થ સ્પષ્ટ કરો.
(૨) શ્રી યમુનાજીનું બીજું નામ કયું ?

(૩) શ્રી યમુનાજીના સ્વરૂપ કેટલા ?
(૪) દરેક સ્વરૂપ વિષે ટૂંકમાં માહિતી આપો.
(૫) શ્રી યમુનાજી 'ચતુર્થપ્રિયા' શાથી કહેવાય છે ?
(૬) શ્રી યમુનાજી નિજ ભક્તોને કઈ આઠ સિદ્ધિઓનું દાન કરે છે ?
(૭) શ્રી યમુનાજી શ્રી ઠાકોરજીના પ્રાક્ટય પહેલા પધાર્યા. કેટલા વર્ષ પહેલાં પધાર્યા ?

સ્વાધ્યાય-૧૦

શ્રી મહાપ્રભુજી

(૧) શ્રી મહાપ્રભુજી રૂપે કોણ પ્રકટ થયું છે ?
(૨) શ્રી વલ્લભના પ્રાક્ટયનો ટૂંક ઈતિહાસ જણાવો.
(૩) શ્રી વલ્લભ 'અગ્નિસ્વરૂપ', 'વરહ સ્વરૂપે', 'સંયોગ સ્વરૂપ' કેમ કહેવાય છે ?
(૪) લીલામાં શ્રી મહાપ્રભુજી કયા કયા સ્વરૂપે બિરાજે છે ?
(૫) શ્રી મહાપ્રભુજી સાક્ષાત્ ભગવાન કેમ કહેવાય છે ?
(૬) શ્રી મહાપ્રભુજીએ કયા વાદને હરાવ્યો ? કયો વાદ પ્રકટ કર્યો ?
(૭) પુષ્ટિમાર્ગ એટલે શું ?
(૮) શ્રી વલ્લભની ત્રણ શ્રી કઈ કઈ ?
(૯) શ્રી મહાપ્રભુજી વૈરાગ્ય સ્વરૂપ શાથી કહેવાય છે ?
(૧૦) શ્રી વલ્લભ પુરૂષોત્તમ સ્વરૂપ હોવાનું પ્રમાણ કયું છે ?
(૧૧) ભગવાનના જમણા ચરણમાં અને ડાબા ચરણમાં કેટલા ચિન્હો છે ? કુલ ચિન્હોની સંખ્યા કેટલી ?
(૧૨) ભગવાનના પ્રત્યેક ચરણના ચિન્હોના નામ આપો.

સ્વાધ્યાય-૧૧

માયા

(૧) બ્રહ્મની પૂર્ણ શક્તિનું નામ શું છે ?
(૨) માયાના પ્રકાર જણાવો.
(૩) 'મોહ-ભ્રમ' માયાનો વિચાર સ્પષ્ટ કરો.
(૪) 'જગત ભ્રમ નથી, બ્રહ્મ છે.' આ વિચાર સ્પષ્ટ કરો.
(૫) વિદ્યા અને અવિદ્યા આ બે શક્તિઓને માયા સાથે શો સંબંધ છે ?
(૬) અવિદ્યા નિવારણના ઉપાય જણાવો.

સ્વાધ્યાય-૧૨

બ્રહ્મવાદ

(૧) જગત અને ઈશ્વર વચ્ચે કેવો સંબંધ માનેલ છે ?
(૨) શુદ્ધાદ્વૈતનો અર્થ જણાવો.
(૩) શ્રી મહાપ્રભુજીએ પોતાના મતનું કયું નામ આપ્યું ?
(૪) બ્રહ્મવાદ સિદ્ધાંતના મૂળ ત્રણ સૂત્રો કયા ?
(૫) બ્રહ્મવાદ બ્રહ્મને કેવું માને છે ?
(૬) સધર્મક એટલે શું ?
(૭) ભગવન્નામના મહિમાનું વર્ણન કરો.

સ્વાધ્યાય-૧૩

જીવ

(૧) જીવની ઉત્પત્તિનું કારણ જણાવો.
(૨) જીવના સ્વરૂપ વિષે શું જાણો છો ?
(૩) જીવ ભગવાનનો અંશ કે અંશી કહેવાય ?
(૪) જીવનો ધર્મ કેવો છે અને કયો છે ?
(૫) જીવમાં કયા અંશો છે ?
(૬) જીવમાં શેનો તિરોભાવ છે ?
(૭) શ્રીમદ્ ભગવદ્ગીતામાં કયા બે પ્રકારના જીવોના ભેદનો ઉલ્લેખ છે ?
(૮) દૈવી જીવોના બે ભેદના નામ આપો.
(૯) શુદ્ધપુષ્ટિ, પુષ્ટિપુષ્ટિ, પુષ્ટિમર્યાદા, પુષ્ટિપ્રવાહનો અર્થ જણાવો.

સ્વાધ્યાય-૧૪

જગત

(૧) જગત કોને કહે છે ?
(૨) પરબ્રહ્મે જગતરૂપ શા માટે ધારણ કર્યું ?
(૩) કયા તત્ત્વમાંથી જગતનો આવિર્ભાવ થાય છે ?
(૪) જગત મિથ્યા નથી. સાબિત કરો.
(૫) સંસાર અને જગત વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.
(૬) વિવર્ત અને વિકાર-પરિણામ એટલે શું ?
(૭) વંદન એટલે શું ? ક્રિયા કે ભાવના ?
(૮) પ્રભુને કરેલું વંદન અધુરૂં છે એમ ક્યારે કહેવાય ?

સ્વાધ્યાય-૧૫

ગુરુ

(૧) વ્રજના ગોપીજનો પુષ્ટિમાર્ગમાં ગુરૂસ્થાને કેમ કહેવાય છે ?
(૨) ગુરૂ 'બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને પરબ્રહ્મ' શાથી કહેવાય છે ?
(૩) ગુરૂની આવશ્યક્તા શા માટે છે ?
(૪) ગુરૂના લક્ષણ કયા કયા છે ?
(૫) ગુરૂ ભક્તિનું મહત્ત્વ શું છે ?
(૬) દાસ્ય ભક્તિ એટલે શું ?

સ્વાધ્યાય-૧૬

બ્રહ્મસંબંધ

(૧) બ્રહ્મસંબંધ એટલે શું ?
(૨) શરણમંત્ર કયો ?
(૩) શ્રીવલ્લભ પ્રભુને બ્રહ્મસંબંધની આજ્ઞા કોણે અને ક્યારે કરી ?
(૪) બ્રહ્મસંબંધથી કયા લાભ થાય છે ?
(૫) બ્રહ્મસંબંધથી જીવના પાંચ પ્રકારના દોષોના નાશ થાય છે તે કયા કયા ?
(૬) બ્રહ્મસંબંધથી પ્રભુ જીવને શેનું દાન કરે છે ?
(૭) શ્રી ઠાકોરજીએ શું વચન આપ્યું ?
(૮) શ્રીમહાપ્રભુજીને કેવા જીવો વહાલા છે ? તેમના કયા જીવોને બ્રહ્મસંબંધ કરાવ્યો ?

સ્વાધ્યાય-૧૭

વૈષ્ણવ

(૧) ભગવદીયો પોતે જ તીર્થરૂપ છે એમ શાથી કહેવાય છે ?
(૨) ભગવદીય કોને કહેવાય ?
(૩) ભગવદીય સ્વરૂપ અર્થાત્ પુષ્ટિભક્તના સ્વરૂપનું વર્ણન કરો.
(૪) વૈષ્ણવોના લક્ષણો કેટલા ? કયા કયા ?
(૫) ભગવદીયોનો ધર્મ કયો ?
(૬) આત્મનિવેદન ભક્તિમાં ભક્ત ભગવાનને શું સમર્પિત કરે છે ?

સ્વાધ્યાય-૧૮

કૃપા (પુષ્ટિ)

(૧) પુષ્ટિ એટલે શું ?
(૨) સાધારણ અનુગ્રહ, અસાધારણ અનુગ્રહના અર્થ સમજાવો.
(૩) ભગવાનનો પ્રિય ધર્મ કયો ?
(૪) કૃપા શા માટે અનિવાર્યપણે જરૂરી છે ?
(૫) કૃપાનું ફલ શું ?
(૬) પ્રેમના રૂપ કેટલા ? કયા કયા ?

સ્વાધ્યાય-૧૯

પુષ્ટિમાર્ગ

(૧) કૃપાથી ઉત્પન્ન થયેલો માર્ગ કયો ?
(૨) પુષ્ટિમાર્ગ અને વેદમાર્ગ વચ્ચે શો તફાવત છે ?
(૩) પુષ્ટિમાર્ગ કોને કહેવાય ?
(૪) શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ કોના માટે પ્રકટ કર્યો ?
(૫) પ્રભુ સૌથી વધુ કૃપા કોના પર કરે છે ?
(૬) પુષ્ટિપંથ ૧૦ ધર્મ કયા ?
(૭) આસક્તિ, વ્યસન, તન્મયતા કોને કહેવાય ?
(૮) સ્નેહ, આસક્તિ, વ્યસન અને તન્મયતાના લક્ષણો કયા કયા ?

સ્વાધ્યાય-૨૦

પુષ્ટિ પુરૂષાર્થ

(૧) પુષ્ટિમાર્ગમાં કયા ધર્મો પ્રતિપાદિત થયેલા છે ?
(૨) એ ધર્મોનું તાત્પર્ય કોણ છે ?
(૩) પુષ્ટિમાર્ગ સિદ્ધ કરવા માટે કયા અંગો કે ચરણે મહત્ત્વના છે ?
(૪) એ ચરણોનું આચરણ કરવાથી શું ફળ મળે છે ?

સ્વાધ્યાય-૨૧

ભક્તિ

(૧) શ્રીવલ્લભના મતે ભક્તિનો અર્થ શો થાય ?
(૨) ભક્તિને પરમ સાધન કેમ ગણાય છે ?
(૩) માનવીની ત્રણ મહેચ્છાઓ કઈ કઈ ?

(૪) ભક્તિ પ્રાપ્ર કરવા કયા સાધન કરવા પડે છે ?
(૫) જીવોનો ભક્તિમાર્ગમાં પ્રવેશ ક્યારે થાય ?
(૬) ભક્તિ કરવા માટે લાયકાત કઈ કઈ ?
(૭) ભક્તિનું ફલ શું ?
(૮) સંન્યાસ કરતા ભક્તિ શાથી મોટી છે ?

સ્વાધ્યાય-૨૨

પુષ્ટિભક્તિ

(૧) પુષ્ટિભક્તિની વ્યાખ્યા આપો.
(૨) સાધનથી પ્રાપ્ર થનારી ભક્તિ પુષ્ટિભક્તિ કહેવાય ?
(૩) સાચો પ્રેમ કોને કહેવાય ?
(૪) સકામ ભક્તિ કોને કહેવાય ?
(૫) અનુગ્રહ રૂપા ભક્તિ શું છે ?
(૬) મર્યાદા ભક્તિ અને પુષ્ટિ ભક્તિ વચ્ચેનો મહત્વનો ભેદ કયો ?

સ્વાધ્યાય-૨૩

સેવા

(૧) મુખ્ય પુષ્ટિધર્મ કયો ?
(૨) પુષ્ટિમાર્ગીય સેવા કોને કહેવાય ?
(૩) માનસી સેવા એટલે શું ?
(૪) સેવા કેટલી પ્રકારની ?
(૫) પૂજા અને સેવા વચ્ચે કયો ભેદ છે ?
(૬) ભગવાન શેને વશ થાય છે ? શક્તિને કે ભક્તિ ?

સ્વાધ્યાય-૨૪

સેવા

(૧) ભગવત્ સેવા શા માટે કરવી જોઈએ ?
(૨) સેવકની જીવન પદ્ધતિ કેવી હોવી જોઈએ ?
(૩) ભગવાનને પ્રસન્ન કરવા માટે વૈષ્ણવે કયા ચાર પ્રકારના વ્રતો કરવા જોઈએ ?
(૪) ભક્તિ મણિને જ્ઞાનદીપ શા માટે કહેવાય છે ?

સ્વાધ્યાય-૨૫

સેવાધર્મ

(૧) શા માટે કૃષ્ણની સેવા જીવનપર્યંત કરવી જોઈએ ?
(૨) વૈષ્ણવે કઈ કઈ વાતો હંમેશા યાદ રાખવી જોઈએ ?
(૩) સ્વરૂપ સેવા એટલે શું ?
(૪) ગૃહસેવા એટલે શું ?

સ્વાધ્યાય-૨૬

સેવાભાવનાઓ

(૧) પુષ્ટિમાર્ગ ભગવાનને ભજવાનો કેવો માર્ગ છે ?
(૨) આ માર્ગમાં ભગવાનનું સ્વરૂપ કેવું છે ?
(૩) આ માર્ગમાં કેવા સ્વરૂપનું જ્ઞાન થયું અત્યંત આવશ્યક છે ?
(૪) ભગવત્ સેવા માત્ર ક્રિયાત્મક બની જાય તો શું થાય ?
(૫) કઈ સેવા ભાવનાઓ હૃદયંગમ કરવા જેવી છે ?
(૬) ભાવ વિનાની ભક્તિ કેવી કહેવાય ?

સ્વાધ્યાય-૨૭

સેવાફલ

(૧) શ્રીમહાપ્રભુજીના મતે પુષ્ટિમાર્ગમાં સેવા ફલ કયું ?
(૨) સેવાફલ પ્રાપ્ત કરવા માટેના સાધન કયા ?
(૩) ભગવત્ સેવા શા માટે આવશ્યક છે ?
(૪) ભગવત્ સેવા નિત્ય શા માટે કરવી જોઈએ ?
(૫) જીવનો આનંદ શેમાં છે ?
(૬) તનુ-વિત્તથી સેવા કરનારને કયા બે ફલ પ્રાપ્ત થાય છે ?
(૭) શ્રી હરિરાયચરણના મત અનુસાર પુષ્ટિમાર્ગીય પ્રક્રિયાનો ક્રમ જણાવો ?
(૮) શ્રીમહાપ્રભુજીએ કયા ગ્રન્થમાં સેવાના ફલનું સ્વરૂપ સમજાવ્યું છે ?
(૯) ભગવત્ સેવાનું સર્વોત્તમ ફલ કયું ?
(૧૦) સેવાના ત્રિવિધ ફલમાં મધ્યમ ફલ કયું અને સાધારણ ફલ કયું ?
(૧૧) સત્સંગનો મહિમા જણાવો.

સ્વાધ્યાય-૨૮

કથા

(૧) ભગવદ કથા શા માટે કરવી જોઈએ ?
(૨) કથા શ્રવણ ક્યારે ફળે છે ?
(૩) કયા જીવમાં ભક્તિ, જ્ઞાન, વગેરનું ફલ ટકતું નથી.

સ્વાધ્યાય-૨૯

શ્રીમદ્ ભાગવત્

(૧) શ્રીમદ્ભાગવત્ શેનું સ્વરૂપ છે ?
(૨) પ્રસ્થાનત્રયી કયા ? શ્રી મહાપ્રભુજીએ તેમાં કોનો ઉમેરો કરી પ્રમાણમ્ ચતુષ્ટયમ્ ની વાત કરી ?
(૩) શ્રીમદ્ ભાગવતના ૧૨ સ્કંધ એ ભગવાનના કયા બાર અંગો છે ?
(૪) ભાગવતજીનો સંબંધ થતાં જીવને કઈ પાંચ સિદ્ધિઓ સાંપડે છે ?
(૫) ભગવદીયોનો સંગ શા માટે કરવો જોઈએ ?

સ્વાધ્યાય-૩૦

સત્સંગ

(૧) સત્સંગ એટલે શું ?
(૨) સત્સંગ અને શ્રી ભાગવત એ ભગવાનના કયા ચરણ છે ?
(૩) તૃતીય શિક્ષાપત્રમાં શ્રી હરિરાયજીએ સત્સંગની ઉપયોગિતા વિષે શું જણાવ્યું છે ?
(૪) શ્રી દયારામે વૈષ્ણવ માટે શું કહ્યું ?

સ્વાધ્યાય-૩૧

દુ:સંગ

(૧) દુ:સંગ કોને કહેવાય ? દુ:સંગના પ્રકાર કેટલા ?
(૨) લૌકિક જીવોના હૃદયમાં ભગવાન કેમ પધારતા નથી ?
(૩) લૌકિક જીવોના લક્ષણો જણાવો.
(૪) ભક્ત કવિ દયારામના મતે વૈષ્ણવનું કર્તવ્ય જણાવો.

સ્વાધ્યાય-૩૨

અન્યાશ્રય

(૧) અન્યાશ્રયનો અર્થ સમજાવો ?

(૨) અન્યાશ્રય ન થાય તે માટે શ્રીહરિરાયજીએ શી આજ્ઞા કરી છે ?
(૩) પુષ્ટિભક્તને માટે અન્યાશ્રય શા માટે મહાબાધક છે ?
(૪) અન્યાશ્રય ન થાય તે માટે શ્રી હરિરાયજીએ શી આજ્ઞા કરી છે ?
(૫) દુઃસંગ એટલે શું ?
(૬) વૈષ્ણવે કયા દોષોથી દૂર રહેવું જોઈએ ?

સ્વાધ્યાય-૩૩

અનન્યતા

(૧) ઈશ્વર કેવી ભક્તિથી પ્રસન્ન થાય છે ?
(૨) માયાને તરી જવા માટે સર્વશ્રેષ્ઠ ઉપાય કયો ?
(૩) અનન્ય ભક્તિ કોને કહેવાય ?
(૪) વૈષ્ણવ કોને કહેવાય ?
(૫) કેવા ભગવદીયોના દર્શન કરવાથી ધન્યતા અનુભવાય છે ?

સ્વાધ્યાય-૩૪

જીવ સ્વભાવ

(૧) માનવીની સાચી શૂરવીરતા શેમાં રહેલી છે ?
(૨) ભગવાનની સન્મુખ કયો જીવ થઈ શક્તો નથી ?
(૩) વૈષ્ણવે શોકથી બચવા શું કરવું જોઈએ ?
(૪) શોકનું કારણ કયું ?
(૫) અભય ઈચ્છનાર ભગવદીયે શું કરવું જોઈએ ?
(૬) શ્રી ગીતાજીમાં નરકના ત્રણ દ્વાર ગણાવ્યા છે. તે કયા કયા ?
(૭) ગુરૂમાં દોષ દેખાય તો તેમાં કોની ખામી છે ?

સ્વાધ્યાય-૩૫

દાસ્ય

(૧) જીવો સ્વભાવથી કેવા છે ?
(૨) જીવભાવ પામેલાનો પરધર્મ કયો ?
(૩) પ્રભુજીવનું દાસપણું કેવી રીતે સિદ્ધ કરે છે ?
(૪) અંતઃકરણ પ્રબોધ ગ્રન્થમાં શ્રી મહાપ્રભુજી શી આજ્ઞા કરે છે ?
(૫) દાસત્વની કામના કેવી હોવી જોઈએ ?
(૬) દાસ્યભાવ પ્રધાન સેવાભક્તિનું ઉદાહરણ આપો.

(૭) અર્થ સ્પષ્ટ કરો :

(૧) ધર્માધિકારરૂપ દાસ્ય (૨) અર્થાધિકારરૂપ દાસ્ય

(૩) કામ અધિકારરૂપ દાસ્ય (૪) મોક્ષ અધિકારરૂપ દાસ્ય

સ્વાધ્યાય-૩૬

દીનતા

(૧) વૈષ્ણવે કેવી ભાવના રાખવી જોઈએ ? અને શેનો ત્યાગ કરવો જોઈએ ?

(૨) દીનતા કેવી છે ?

(૩) પુષ્ટિમાર્ગમાં ભગવાનના પ્રકટ થવામાં સાધન શું બને છે ?

(૪) પ્રભુને શું પ્રિય છે ?

(૫) નમન અને વંદન શું છે ? નમનમાં પ્રકાર કેટલા અને કયા કયા ?

(૬) દીનતા પ્રાપ્ત કરવા માટેના સાધનો કયા છે ?

સ્વાધ્યાય-૩૭

સમર્પણ

(૧) સાધનરૂપ સમર્પણ એ કયું સમર્પણ કહેવાય ?

(૨) વૈષ્ણવના જીવન પર્યંતના દોષોની નિવૃત્તિ કેવી રીતે થાય ?

(૩) જીવને ભગવદીયતત્ત્વની પ્રાપ્તિ કેવી રીતે થાય ?

(૪) ફલરૂપ સમર્પણ એટલે શું ?

સ્વાધ્યાય-૩૮

શરણાગતિ

(૧) જીવોને કોનું શરણું છે ?

(૨) ગીતાજીના કયા મહાવાક્યમાં શરણસ્થ થવાની આજ્ઞા છે ?

(૩) પ્રહ્લાદજીનું દ્રષ્ટાંત શું સૂચવે છે ?

(૪) જીવે કયા પરિબળોનો ભય હોય છે ?

(૫) પ્રભુ કોની સેવાથી પ્રસન્ન થાય ?

સ્વાધ્યાય-૩૯

ષડ્વિધા શરણાગતિ

(૧) શરણાગતિના અંગો કેટલા છે ?

(૨) આ અંગોનો સંક્ષિપ્ત પરિચય આપો.

(૩) ભગવાનને પ્રાપ્ત કરવા માટે ભક્તે શું કરવું પડે છે ?

(૪) શાસ્ત્રના કથન પ્રમાણે પ્રત્યેક માનવી પર કયા કયા ઋણ ચઢેલા છે ?

સ્વાધ્યાય-૪૦

નિઃસાધનતા

(૧) પુષ્ટિમાર્ગમાં પુષ્ટિજીવ કલિકાલમાં કેવી રીતે સંસાર સરળતાથી પાર કરી શકે ?
(૨) પુષ્ટિજીવનું બલ શું છે ?
(૩) ભગવાનના પ્રમેયબલનો મહિમા કયો છે ?
(૪) પ્રભુ કેવી રીતે મળે ?
(૫) વ્રજાધિપ શબ્દનો અર્થ શો છે ?
(૬) પ્રભુ જીવને સાધન ત્યાગ કેવી રીતે કરાવે છે ?
(૭) પ્રભુ સર્વશક્તિમાન છે એમ શાથી કહેવાય છે ?

સ્વાધ્યાય-૪૧

શ્રદ્ધા

(૧) શ્રદ્ધા માટે વિવેકધૈર્ય આશ્રયમાં શ્રી વલ્લભ શી આજ્ઞા કરે છે ?
(૨) વૈષ્ણવને શેમાં વિશ્વાસ હોવો જોઈયે ?
(૩) ભગવદીયોની કૃતાર્થતા કઈ ?

સ્વાધ્યાય-૪૨

વિરહ તાપ ક્લેશ

(૧) પુષ્ટિમાર્ગ કયો છે ?
(૨) પુષ્ટિમાર્ગમાં શીતલ ભક્તિભાવ ઉચિત કેમ માન્યો નથી ?
(૩) કયા ભાવથી શ્રીહરિની સદૈવ ભાવના કરવી ? શા માટે ?
(૪) પુષ્ટિમાર્ગ શા માટે દુર્લભ છે ?
(૫) ભક્તિના પ્રકાર કેટલા ? કયા કયા ?
(૬) ફલાત્મક વિરહ એટલે શું ?
(૭) ભગવાનમાં પ્રીતિ શા માટે રાખવી જોઈએ ?

સ્વાધ્યાય-૪૩

સંયોગ-વિપ્રયોગ

(૧) ભગવાન શ્રીકૃષ્ણના રસાત્મક સ્વરૂપનો અનુભવ કેટલી રીતે થાય છે ?
(૨) પ્રભુ સાથે દેહસંબંધ અને ભાવસંબંધ વિષે સ્પષ્ટતા કરો.
(૩) ભગવાનની રસાનુભૂતિ કેવી રીતે થાય ?
(૪) ભગવાનનું રસાત્મક સ્વરૂપ કયા હેતુથી પ્રકટે છે ?

સ્વાધ્યાય-૪૪
ભાવ

(૧) ભગવદ્ ભાવ શું છે ?
(૨) ફલરૂપ શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરવાનું સાધન કયું ?
(૩) ભક્તિમાં સૌથી વધરે મહત્વ શેનું છે ?
(૪) ભક્તિવર્ધિની ગ્રન્થમાં શ્રી મહાપ્રભુજીએ શેની ચર્ચા કરી છે ?
(૫) ભાવની વૃદ્ધિની અવસ્થા કેટલી ? કેવી રીતે થાય ?
(૬) ભાવની ઉત્પત્તિ ક્યારે થાય ?

સ્વાધ્યાય-૪૫
મોક્ષ

(૧) શ્રીમહાપ્રભુજી બાલબોધ ગ્રન્થમાં શેની આવશ્યક્તા સમજાવે છે ?
(૨) મુક્તિ એટલે શું ?
(૩) અંતિમ જન્મના ત્રણ સૂચક લક્ષણો જણાવો.
(૪) જીવ મુક્તિ ક્યારે પામે છે ?
(૫) ગર્વ કરવાથી શું નુકસાન થાય છે ?

સ્વાધ્યાય-૪૬
ચિંતા-ચિંતાનિવૃત્તિ

(૧) ચિંતા એટલે શું ?
(૨) ચિંતાનું નિવારણ શું ?
(૩) ભગવદીયને ચિંતા કેમ થાય ?
(૪) આત્મનિવેદન કરનાર ભક્ત કેવી રીતે ચિંતાને આધીન થાય છે ?
(૫) નિવેદન એટલે શું ?
(૬) જેણે પોતાનો આત્મા નિવેદિત કર્યો છે તેના માટે શ્રીમહાપ્રભુજી શી આજ્ઞા કરે છે ?
(૭) ચિંતા ત્યજવા માટે ભગવદીયે કેવી શ્રદ્ધા રાખવી જોઈએ ?
(૮) સમદર્શિતા એટલે શું ?
(૯) 'જ્યાં માંગણી, ત્યાં નથી લાગણી' સમજાવો.

સ્વાધ્યાય-૪૭
અપરાધ

(૧) ઈશ્વર કેટલા પ્રકારે દંડે છે ?
(૨) 'ભગવાનનો અપરાધ કોઈ જીવ કરે તો ભગવાન સહન કરે છે, પરંતુ એમના ભક્તનો અપરાધ સહન કરતા નથી.'
(૩) પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે કયા કયા બાધકોથી દૂર રહેવું જોઈએ ?

સ્વાધ્યાય-૪૮

કર્મ

(૧) કર્મ કોને કહેવાય ?
(૨) શ્રીવલ્લભે ભગવદીયોને કયા ત્રણ આવશ્યક ધર્મોનો બોધ કયો ?
(૩) ભગવદ્ ઈચ્છાથી વિરૂદ્ધ કર્મ હોય તો કર્મ માર્ગમાં કેવું ફળ મળે છે ?
(૪) કર્મમાર્ગ કેવો છે ?

સ્વાધ્યાય-૪૯

વૈરાગ્ય

(૧) લૌકિક ભોગના સંબંધમાં શ્રીમહાપ્રભુજીની શી આજ્ઞા છે ?
(૨) કેવા ચિત્તમાં શ્રીહરિનો આવેશ થતો નથી ?
(૩) ભજનમાં કલેશ શાથી થાય ?
(૪) વૈરાગ્યનો બોધ કેવી રીતે થાય ?

સ્વાધ્યાય-૫૦

વિવેક

(૧) વિવેક કોને કહેવાય ?
(૨) વિવેકના નવ પ્રકાર જણાવો ?

સ્વાધ્યાય-૫૧

ધૈર્ય

(૧) ધૈર્ય ધારણ કરવા માટે 'ત્રિદુઃખ સહનમ્' છે તે કયા કયા ?
(૨) સહનશીલતાનું મહત્ત્વ શું છે ?
(૩) અશાંત, વ્યગ્ર અને ઉદ્વેગી ચિત્ત ભગવત્ સેવા સ્મરણ કરી શકે ?
(૪) તિતિક્ષા શું છે ?

સ્વાધ્યાય-૫૨

આશ્રય

(૧) આશ્રય કોને કહેવાય ?
(૨) જીવના ઉદ્ધાર માટે એકમાત્ર ઉપાય કયો ?
(૩) 'કાલના બલને વશ થઈને વેદશાસ્ત્ર દ્વારા જણાવેલા સર્વ સાધનો અસાધક થયા છે.' આ સાધનો કયા કયા ?
(૪) ભગવદ્ આશ્રય સૌથી મોટો આશ્રય શા માટે છે ?

|| શ્રી હરિ: ||

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ-ગુજરાત પ્રદેશ

વૈષ્ણવ પરિષદની પ્રગતિના સોપાન

વધુ- વ્યાપક સેવાકીય કાર્યો માટે સંગઠનને સંગીન બનાવીએ

શ્રીમદ્ વલ્લભાચાર્યજી દ્વારા પ્રસ્થાપિત પુષ્ટિમાર્ગ સંપ્રદાય એક અનોખો અને વિશિષ્ટ પ્રકારનો સુંદર-ઉત્કૃષ્ટ માર્ગ છે. લગભગ પાંચસો વર્ષથી ચાલી આવતા સંપ્રદાય ક્રમે ક્રમે ક્ષીણ થવા લાગ્યો. વૈષ્ણવો છિન્નભિન્ન બનવા લાગ્યા અને ગંભીર પડકારો આવી ગયા. સંપ્રદાયમાંથી અન્ય સંપ્રદાય ઊભા થયા. તેથી સંપ્રદાયના પ્રચાર-પ્રસાર સંરક્ષણ સંવર્ધનના શુભ આશયથી પૂ.ગો. આચાર્યશ્રીઓ, પૂ. શાસ્ત્રીઓ અને વિદ્વાન વૈષ્ણવોના પ્રયાસથી ૧૯૦૬માં પુષ્ટિમાર્ગ વૈષ્ણવ પરિષદની રચના થઈ- ક્રમે ક્રમે કાર્ય કરતી આ સંસ્થા ૧૯૫૪માં અખીલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ બની- પાઠ શાળા સત્સંગ- સેવાકીય કાર્યોને લઈને તે ગતિમાન થતી રહી.

પ્રથમ પીઠાધીશ્વર ની.લી. પૂ. પાદ ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રી એ આ પરિષદમાં પ્રાણ પૂર્યા- તેના પ્રચાર અધ્યક્ષ તરીકે તેઓએ વૈષ્ણવોની સૃષ્ટિમાં વ્યાપક પ્રયાસ કર્યો- રાજકોટ ખાતે યોજાયેલા સોમયજ્ઞના ટાણે દૂર સદૂરના પ્રદેશના વૈષ્ણવોના સંપર્ક બની રહે અને અનેક વિધ સેવા-કીય કાર્યો કરવા માટે આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની રચના ૧૯૮૦માં કરવામાં આવી. ગુજરાતના એક અદના સૈનિક દ્વારા તેનો ઠરાવ ઘડવામાં આવ્યો અને તેમના દ્વારા એક લાખ વૈષ્ણવોની ઉપસ્થિતિમાં અને લગભગ ૪૦ પૂ.ગો. આચાર્યશ્રીઓના સાંનિધ્યમાં ઠરાવ રજૂ કરવામાં આવ્યો ત્યારે સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિએ અનેરા આનંદ-ઉલ્લાસથી વધાવી લીધો.

ગુજરાતમાં આં.પુ.વૈ.પ.ની રચના થયા પછી ક્રમે ક્રમે તે ખૂબ સક્રિય કાર્યરત બની- પ્રભુની કૃપા- પૂ.ગો. આચાર્યશ્રીઓના આશિર્વાદ અને સક્રિય સહયોગ અને વૈષ્ણવોના સહકારથી પરિષદનું કાર્ય વધુ ગતિમાન થયું. લગભગ એકસો શાખાઓ કરતા વધારે શાખાઓ કાર્યરત બની- નવિન અભિગમોને લઈને પરિષદ વૈષ્ણવ સમાજમાં વધુ પરિચિત બની. વળી વૈષ્ણવ સમાજની લાગણી-સહકાર મમતા રહ્યા- આજે વૈષ્ણવ પરિષદ- ગુજરાતમાં એક માત્ર સંસ્થા કાર્યરત છે. વૈષ્ણવ સમાજમાં તેનું કામ છે અને નામ પણ છે. વિભિન્ન પ્રકારનાં આયોજનો (૧) માનવ સેવાના કાર્યો (૨) સસ્તું-સારૂં સુંદર ઉપોયગી સાહિત્ય પ્રકાશન (૩) સત્સંગ સ્વાધ્યાયની પ્રવૃત્તિઓ (૪) સાંપ્રદાયિક પ્રશ્નો અંગે સરકાર સમક્ષ રજૂઆત (૫) યુવાનો-મહિલાઓની પ્રવૃત્તિઓ (૬) કાયમી આયોજનો (૭) સંગઠનાત્મક કાર્યો- વિગેરેને લઈને વૈષ્ણવ સમાજમાં પરિષદ આસ્થા-શ્રદ્ધાનું કેન્દ્ર બની છે. તેની સ્થાપ્નાને લગભગ ૯૦ વર્ષ પૂરા કરી ૯૧માં વર્ષમાં પ્રવેશ કરી ચૂકી છે. તેથી તેની શતાબ્દીના દશ વર્ષ (દશાબ્દી) ઉજવવા માટે આવો- ચાલો આપણે સૌ એક સૈનિકની જેમ કાર્યરત બનીએ- તેના માટેના કાર્યક્રમોને સક્ષમ બનાવવા આપણે સૌ કટીબદ્ધ બની વૈષ્ણવ પરિષદના સંગઠનનો વ્યાપ વધારવાના કાર્યમાં સક્રિય સહભાગી બનીએ. વૈષ્ણવ પરિષદના ઉદ્દેશો થયેલા કાર્યક્રમો અને ભાવિ આયોજનોની આછી ઝલક.